Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

श्री सिद्ध परमात्माने नमः।
श्री सद्गुरुदेवाय नमः।
श्री निजशुद्धात्माने नमः।

# કલશામૃત ભાગ – ૭

શ્રી કલશટીકા – સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ઉપરના પરમોપકારી આધ્યાત્મિક સત્પુરુષ પરમ પૂજ્ય કાનજી સ્વામીના સ્વાનુભવ મુદ્રિત પ્રવચનો.

પ્રકાશન
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫. પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ – ૩૬૦૦૦૧.
ટેલી નં. — ૨૨૩૧૦૭૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૯ | ૨૫૩૫ | ૨૦૬૫ | ૨૦૦૯ |

**પ્રકાશન**

શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિર–રાજકોટ પ્રતિષ્ઠા
મહોત્સવ પ્રસંગે તા. ૧૦-૦૫-૨૦૦૯

પડતર કિંમત – ૧૪૦/–
વેચાણ કિંમત – ૪૦/–

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
૫. પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ – ૩૬૦૦૦૧.
ટેલી નં. — ૨૨૩૧૦૭૩

લેસર ટાઈપ સેટિંગ
**પૂજા ઇમ્પ્રેશન્સ**
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

જેકેટ અને મલ્ટીકલર ફોટા
ડોટ એડ
રાજકોટ
ફોન નં. – ૬૬૨૬૦૭૩

મુદ્રક
ચંદ્રકાંત આર. મહેતા
૨૨૦, લેન્ડ માર્ક, મહાવીરસ્વામી ચોક
એસ્ટ્રોન સીનેમા સામે
રાજકોટ – ૩૬૦૦૦૧.
ફોન નં. – ૨૪૭૬૧૩૨

# Thanks & our Request

The Gujarati version of Kalashamrut - Part 7 has been donated by Shree Digamber Jain Swadhyay Mandir Trust, 5 Panchnath Plot, Shree Kanjiswami Marg, Rajkot, India who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of the Gujarati Kalashamrut - Part 7 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 18 October 2009 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રકાશકીય નિવેદન

વર્તમાન તીર્થના નાયક ચરમ તીર્થંકર શ્રી મહાવીરભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં દ્વિતિય શ્રુતસ્કંધની રચના થઈ. આશરે ૨૦૦૦ વર્ષ પૂર્વે શ્રીમદ્ ‘કુંદકુંદઆચાર્ય’ થયા, જેમનું સ્થાન જૈન પરંપરામાં સર્વોત્કૃષ્ટ છે. તેઓશ્રીએ સદેહે વિદેહક્ષેત્રની જાત્રા કરી, શ્રી ‘સીમંધર’ ભગવાનના સાક્ષાત્ દર્શન કરી, તેઓશ્રીની વાણી સાંભળી. ત્યાંથી પાછા આવી વર્તમાનમાં ઉપલબ્ધ શાસ્ત્રોમાંનું સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર શ્રી ‘સમયસારજી’ની રચના કરી.

આશરે ૧૦૦૦ વર્ષ પૂર્વે શ્રીમદ્ ‘અમૃતચંદ્રઆચાર્ય’ નામના પ્રખર આચાર્ય થયા. તેઓશ્રીએ શ્રી ‘સમયસારજી’ શાસ્ત્રની ટીકા કરી તથા મંદિર પર શોભીત કળશની જેમ ટીકા પર કળશરૂપી શ્લોકોની રચના કરી.

કાળક્રમે જેમ જેમ જીવોનો ક્ષયોપશમ ઘટતો ગયો તેમ આચાર્ય ભગવંતોના ભાવો જીવોને સમજવા કઠીન લાગતા, ‘શ્રી રાજમલ્લજી પાંડે’એ ‘અમૃતચંદ્રઆચાર્ય’ના કળશો ઉપર સાદી દેશભાષામાં ટીકા કરી. આ ટીકામાં તેઓશ્રીએ શ્લોકના શબ્દોના સીધા અર્થો કરવા કરતાં તેના અનુભવગર્ભિત સારરૂપ ભાવાર્થ સહિત ટીકાની રચના કરી.

શ્રી ‘સમયસારજી’ શાસ્ત્ર ઉપર ઘણાં આચાર્યો તથા જ્ઞાની પંડિતોએ ટીકા કરી છે. પરંતુ ‘અમૃતચંદ્રાચાર્ય’ના કળશ ઉપર પંડિત શ્રી ‘રાજમલ્લજી’ની ટીકા પૂજ્ય ‘ગુરુદેવશ્રી’ને એટલી પસંદ પડી ગઈ કે તેઓશ્રીએ તેનો અનુવાદ કરવાની પ્રેરણા આપી તેના ઉપર સાદી ભાષામાં ભાવવાહી પ્રવચનો આપ્યા.

આ પ્રવચનો પૈકી કલશામૃત ભાગ ૧થી૬ આ સંસ્થા તરફથી પ્રકાશિત થઈ ચૂક્યા છે. તેનો જ ભાગ – ૭ પ્રકાશિત કરતાં સંસ્થા હર્ષનો અનુભવ કરે છે. અગાઉના ૪ ભાગોમાં પૂજ્ય ‘ગુરુદેવશ્રી’ના પ્રવચનો સંકલિત કરીને પ્રકાશિત થયા હતા. પાંચમાં, છઠ્ઠા તથા સાતમાં ભાગમાં પૂજ્ય ‘ગુરુદેવશ્રી’ના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કર્યા છે. જેથી મુમુક્ષુઓને પ્રવચનોની ટેપ સાંભળતી વખતે સાથે રાખી શકાશે.

આ ભાગમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારના થોડા કળશો ઉપરના પ્રવચનો પ્રકાશિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કરવામાં આવ્યા છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં તેનું સ્વરૂપ સારી રીતે સ્પષ્ટ કરી, પોતાનો ત્રિકાળી શુદ્ધાત્મા બતાવવાનો જ આચાર્ય ભગવંતોથી લઈ પૂજ્ય 'ગુરુદેવશ્રી' સુધીના દરેક ધર્માત્માનો આશય હોય છે. તે આશયને સમજી આપણે પણ શુદ્ધાત્મદ્રવ્યની દૃષ્ટિ પ્રગટ કરીએ એ જ ભાવના.

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની સ્વાનુભવમયી વાણી જીવોને પંચમકાળના છેડા સુધી સ્વાનુભવમાં નિમિત્ત થવાની છે. તે પરંપરામાં જ આ પ્રકાશન એક કડી છે. આ પ્રવચનોના અર્થોનો મર્મ જીવો જ્યારે તેનું અધ્યયન કરશે ત્યારે જ ખ્યાલ આવશે. તેથી તે સંબંધી વિશેષ વિસ્તાર ન કરતાં, મુમુક્ષુઓ આનો ઊંડાણથી અભ્યાસ કરે એવી અપેક્ષા રાખીએ છીએ.

આ પ્રવચનોને અક્ષરશઃ ઉતારી તથા તેનું પ્રુફરિડીંગ કરવામાં જે જે સાધર્મી આત્માર્થી ભાઈઓનો સહકાર મળેલ છે તેનો સંસ્થા અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

આ 'કલશામૃત' ભાગ–૭ પેટે આવેલ દાનરાશિની યાદી પાછળના Page પર આપવામાં આવેલ છે. 'કલશામૃત ભાગ–૭' સ્વ. નિલમબેન રમણીકલાલ ઘડીયાળી – મોરબીના સ્મરણાર્થે પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમના તરફથી રૂ. ૫૧,૦૦૦/ની દાનરાશિ પ્રાપ્ત થયેલ છે તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
રાજકોટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | કળશ નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૪૪-A | ૨૧૯ | ૦૭/૧૧/'૬૫ | ૦૦૨ |
| ૨૪૪-B | ૨૧૯,૨૨૦ | ૦૮/૧૧/'૬૫ | ૦૧૬ |
| ૨૪૪-C | ૨૨૦ | ૦૯/૧૧/'૬૫ | ૦૩૨ |
| ૨૪૪-D | ૨૨૦,૨૨૧ | ૧૦/૧૧/'૬૫ | ૦૪૪ |
| ૨૪૪-E | ૨૨૧,૨૨૨ | ૧૧/૧૧/'૬૫ | ૫૯ |
| ૨૪૪-F | ૨૨૨ | ૧૨/૧૧/'૬૫ | ૭૫ |
| ૨૪૪-G | ૨૨૨ | ૧૩/૧૧/'૬૫ | ૮૮ |
| ૨૪૪-H | ૨૨૩ | ૧૪/૧૧/'૬૫ | ૧૦૨ |
| ૨૪૪-I | ૨૨૩,૨૨૪ | ૧૫/૧૧/'૬૫ | ૧૧૪ |
| ૨૪૪-J | ૨૨૪,૨૨૫ | ૧૬/૧૧/'૬૫ | ૧૨૮ |
| ૨૪૪-K | ૨૨૫.,૨૨૬ | ૧૭/૧૧/'૬૫ | ૧૪૨ |
| ૨૪૪-L | ૨૨૬ | ૧૮/૧૧/'૬૫ | ૧૫૪ |
| ૨૪૪-M | ૨૨૭ | ૧૯/૧૧/'૬૫ | ૧૬૬ |
| ૨૪૫ | ૨૨૭,૨૨૮ | ૨૦/૧૧/'૬૫ | ૧૮૦ |
| ૨૪૬ | ૨૨૯ | ૨૧/૧૧/'૬૫ | ૧૯૪ |
| ૨૪૭ | ૨૩૦ | ૨૨/૧૧/'૬૫ | ૨૦૮ |
| ૨૪૮ | ૨૩૧,૨૩૨ | ૨૩/૧૧/'૬૫ | ૨૨૧ |
| ૨૪૯ | ૨૩૨,૨૩૩ | ૨૪/૧૧/'૬૫ | ૨૩૫ |
| ૨૫૦ | ૨૩૩,૨૩૪ | ૨૫/૧૧/'૬૫ | ૨૪૯ |
| ૨૫૧ | ૨૩૪,૨૩૫ | ૨૬/૧૧/'૬૫ | ૨૬૩ |
| ૨૫૨ | ૨૩૫, ૨૩૬ | ૨૭/૧૧/'૬૫ | ૨૭૮ |
| ૨૫૩ | ૨૩૭ થી૨૩૯ | ૨૮/૧૧/'૬૫ | ૨૯૧ |
| ૨૫૪ | ૨૩૯,૨૪૦ | ૨૯/૧૧/'૬૫ | ૩૦૬ |
| ૨૫૫ | ૨૪૦,૨૪૧ | ૩૦/૧૧/'૬૫ | ૩૨૦ |
| ૨૫૬ | ૨૪૧થી૨૪૩ | ૦૧/૧૨/'૬૫ | ૩૩૫ |

| કળશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૫૭ | ૨૪૩, ૨૪૪ | ૦૨/૧૨/'૬૫ | ૩૫૧ |
| ૨૫૮ | ૨૪૪થી૨૪૬ | ૦૩/૧૨/'૬૫ | ૩૬૪ |
| નાટક સમયસારના પદ | | | ૩૭૯ |

પ્રશ્ન :- જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ પણ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે. તે બન્નેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે ?

ઉત્તર :- જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે આત્મા લક્ષમાં છે અને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થાય છે. સ્વસન્મુખ જીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી. આત્મા લક્ષમાં આવ્યો નથી. પણ જ્ઞાનમાં ઓઘે-ઓઘે (ધારણાથી) જાણ્યો છે. પ્રત્યક્ષ થયો નથી. વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે-ઓઘે થયું છે તેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છૂટીને નિર્વિકલ્પતા થાય છે. (એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્માને જાણ્યો છે અને સ્વસન્મુખવાળાએ ઓઘેઓઘે-આનંદના વેદન વિના આત્માને જાણ્યો છે.)

(પરમાગમસાર–૨૯૩)

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# જિનજીની વાણી

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
        જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર–સમય શિરતાજ રે,
        જિનજીની વાણી ભલી રે... સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
        જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
        જિનજીની વાણી ભલી રે... સીમંધર.
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
        જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
        જિનજીની વાણી ભલી રે... સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
        જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
        જિનજીની વાણી ભલી રે... સીમંધર.

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

## કલશામૃત ભાગ–૭માં આવેલી દાનરાશિની યાદી

| | | |
|---|---|---|
| ૦૧ | નિલમબેન રમણીકલાલ ઘડીયાળી–મોરબી | ૫૧૦૦૦/- |
| ૦૨ | ડૉ. શ્રી ચંદુભાઈ કામદાર તથા ડૉ. શ્રી ઈશ્વરભાઈ કામદાર | ૩૪,૦૦૦/- |
| ૦૩ | ભૈરવીબેન | ૧૧,૫૦૦/- |
| ૦૪ | રાજેશભાઈ ગાંધી | ૧૦,૦૦૦/- |
| ૦૫ | નિરવભાઈ મોદીના લગ્ન પ્રસંગની ખુશાલીમાં, | |
| | હ. જતીનભાઈ મોદી | ૫,૦૦૦/- |
| ૦૬ | રતીલાલ મોહનલાલ ઘીયા પરિવાર | ૫,૦૦૦/- |
| ૦૭ | શ્રી મોહનભાઈ વી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| ૦૮ | શ્રેયા ભવિ સંઘવી, હ. ડૉ. શ્રુતિ સંઘવી, સાંતાક્રુઝ | ૨,૦૦૧/- |
| ૦૯ | ગુણવંતીબેન ભોગીલાલ સંઘવી, વડોદરા | ૨,૦૦૦/- |
| ૧૦ | નાઈરોબી મુમુક્ષુ મંડળ | ૨,૦૦૦/- |
| ૧૧ | હેમલતાબેન જયંતીલાલ દોશી | ૧૧૦૦/- |
| ૧૨ | અરૂણાબેન સુરેશભાઈ તુરખીયા | ૧૧૦૦/- |
| ૧૩ | વર્ષાબેન જીતેન્દ્રભાઈ શાહ | ૧૧૦૦/- |
| ૧૪ | રાજેશભાઈ નંદાણી | ૧૧૦૦/- |
| ૧૫ | ચંદ્રીકાબેન નંદાણી | ૧૧૦૦/- |
| ૧૬ | આર્જવ ઓજસભાઈ શેઠ, હ. કલાબેન શેઠ, જામનગર | ૧૦૦૧/- |
| ૧૭ | મિલન સોહમ શેઠ, હ. કલાબેન શેઠ, જામનગર | ૧૦૦૧/- |
| ૧૮ | જ્યોતિબેન દિનેશભાઈ વારિયા | ૧૦૦૧/- |
| ૧૯ | નીતાબેન પટેલ | ૧૦૦૧/- |
| ૨૦ | સ્વ. મુક્તાબેન જમનાદાસભાઈ સંઘવી | ૧૦૦૧/- |
| ૨૧ | સ્વ. કલ્પનાબેન રમેશભાઈ પંચાલી, હ. મનન તથા જિજ્ઞા | ૧૦૦૧/- |
| ૨૨ | મુક્તાબેન કિશનલાલ પારેખ | ૧૦૦૧/- |
| ૨૩ | ભોગીભાઈ જમનાદાસભાઈ સંઘવી | ૧૦૦૦/- |
| ૨૪ | દેવીબેન ભોગીભાઈ સંઘવી | ૧૦૦૦/- |
| ૨૫ | ડૉ. કાજલબેન કેતનભાઈ સંઘવી | ૧૦૦૦/- |
| ૨૬ | કેતનભાઈ ભોગીભાઈ સંઘવી | ૧૦૦૦/- |
| ૨૭ | પ્રતીક ભોગીભાઈ સંઘવી | ૧૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૨૮ | એક મુમુક્ષુભાઈ બોરીવલી | ૧૦૦૦/- |
| ૨૯ | નવીનભાઈ શાહ તથા શોભનાબેન શાહ | ૫૦૧/- |
| ૩૦ | સ્વ. ગોદાવરીબેન હંસરાજભાઈ શાહ, હ. દિનેશભાઈ શાહ | ૫૦૦/- |
| ૩૧ | કિશોરીબેન ઉદયભાઈ શેઠ, બેંગલોર | ૫૦૦/- |
| ૩૨ | એક મુમુક્ષુ | ૫૦૦/- |
| ૩૩ | સ્વ. વિજય ચીમનલાલ દોમળીયા. હ. દોમળીયા પરિવાર | ૨૫૧/- |
| | | ૧,૪૫,૭૬૦/- |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# કલશામૃત

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર-કળશ' ઉપર પ્રવચન)

(ભાગ–૭)

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

(શાલિની)

रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया
नान्यद्रव्यं वीक्ष्यते किंचनापि।
सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति
व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।।२७-२१९)

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે, કોઈ એમ માને છે કે જીવનો સ્વભાવ રાગ–દ્વેષરૂપે પરિણમવાનો નથી, પરદ્રવ્ય–જ્ઞાનાવરણાદિ કર્મ તથા શરીર–સંસાર–ભોગસામગ્રી–બલાત્કારે જીવને રાગદ્વેષરૂપ પરિણમાવે છે. પરંતુ એમ તો નથી, જીવની વિભાવપરિણામશક્તિ જીવમાં છે, તેથી મિથ્યાત્વના ભ્રમરૂપે પરિણમતું થકું રાગ–દ્વેષરૂપે જીવદ્રવ્ય પોતે પરિણમે છે, પરદ્રવ્યનો કાંઈ સહારો નથી. તે કહે છે–'किञ्चन अपि अन्यद्रव्यं तत्त्वदृष्टया रागद्वेषोत्पादकं न वीक्ष्यते' (किञ्चन अपि अन्यद्रव्य)' આઠ કર્મરૂપ અથવા શરીર, મન, વચન–નોકર્મરૂપ અથવા બાહ્ય ભોગસામગ્રી ઇત્યાદિરૂપ છે જેટલું પરદ્રવ્ય તે, (तत्त्वदृष्टया) દ્રવ્યનું સ્વરૂપ જોતાં સાચી દૃષ્ટિથી (रागद्वेषोत्पादकं) અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ–દ્વેષપરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તેમને ઉપજાવવા સમર્થ (न वीक्ष्यते) જોવામાં આવતું નથી; [કહેલો અર્થ ગાઢો–દ્રઢ કરે છે– 'यस्मात् सर्वद्रव्योत्पत्तिः स्वस्वभावेना अन्तश्चकास्ति' (यस्मात्) કારણ કે (सर्वद्रव्य) જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશના (उत्पत्तिः) અખંડધારારૂપ પરિણામ (स्वस्वभावेन) પોતપોતાના સ્વરૂપે છે, (अन्तः चकास्ति) એવું જ અનુભવમાં નિશ્ચિત થાય છે અને એમ જ વસ્તુ સધાય છે, અન્યથા વિપરીત છે, કેવી છે પરિણતિ ? 'अत्यन्तं व्यक्ता' અતિશય પ્રગટ છે. ૨૭–૨૧૯.

---

## કારતક સુદ ૧૩, રવિવાર તા. ૦૭-૧૧-૧૯૬૫.
## કળશ–૨૧૯ પ્રવચન–૨૪૪-A

(આ પ્રવચન હિન્દીમાં છે તેનું ગુજરાતી ભાષાંતર કરેલ છે.)

૨૭ મો કળશ (છે).

रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया
नान्यद्द्रव्यं वीक्ष्यते किंचनापि।
सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति
व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।।२७-२१९।।

જુઓ! શું કહે છે ? 'ભાવાર્થ આમ છે કે, કોઈ એમ માને છે કે જીવનો સ્વભાવ રાગ-દ્વેષરૂપે પરિણમવાનો નથી,...' આ આત્મા છે, આત્મા, એ શરીર જડ, અંદર કર્મ જડ એનાથી ચૈતન્ય અરૂપી આનંદ, જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા જુદી ચીજ છે. એ ચીજ અનાદિથી અણકરાયેલી છે, કોઈની કરી નથી, છે એને કોણ કરે? છે એને કોણ કરે? એવો જે આત્મા કોઈ એમ માને કે એનામાં જે આ વિકાર થાય છે ને? રખડવાના ભાવ–રાગ-દ્વેષ અને મોહ, પરમાં સુખ છે, ઇષ્ટ પદાર્થમાં પ્રેમ, અનિષ્ટમાં દ્વેષ એવા રાગ-દ્વેષ અને મોહ છે. જો ન હોય તો વસ્તુ સ્વભાવ કંઈ દુઃખરૂપ ને આકુળતા ન હોય. ન હોય તો અતીન્દ્રિય આત્માનો આનંદ છે તેનો પ્રગટ–વ્યક્ત અનુભવ હોવો જોઈએ. જુઓ! આગળ કહેશે, વિકાર વ્યક્ત–પ્રગટ છે. સમજાણું કાંઈ?

વસ્તુ પોતે આત્મા સચ્ચિદાનંદ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનું રૂપ (છે). એની વર્તમાન દશામાં જો વિકાર ન હોય તો એને દુઃખ ન હોય, દુઃખ ન હોય તો એને આનંદનો અનુભવ હોવો જોઈએ.

ધૂળમાંય આનંદ નથી. કે દિ' આનંદ હતો? આ પૈસા ભાળે એટલે આનંદ અને પૈસા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન હોય તો દુઃખ, એમ (નથી). મૂરખ છે. 'વલ્લભદાસભાઈ'! ક્યા આનંદ હતો? આનંદ તો અંતર અતીન્દ્રિય આનંદ જેને પરપદાર્થની અપેક્ષાની જરૂર નથી. એવો આત્માનો નિરપેક્ષ આનંદ, એને આનંદ કહીએ. સમજાય છે કાંઈ? આ બાયડી, છોકરા, ધૂળધમાહા બહારના, એમાં મને ઠીક, એ તો દુઃખદશા છે, એ તો પરની અપેક્ષાવાળો ભાવ છે, એ નિરપેક્ષ આનંદભાવ નથી. પરની અપેક્ષાવાળો (ભાવ) એ દુઃખદાયક અને આકુળતા છે. અપેક્ષાવાળો, હોં! પરથી ઉત્પન્ન કરેલો, એમ નહિ. સમજાણું કાંઈ?

વસ્તુ છે ચૈતન્ય શાશ્વત તત્ત્વ ભગવાનઆત્મા, એ આત્માના–વસ્તુના સ્વભાવને છોડીને અનાદિથી એનામાં મોહ ને રાગ-દ્વેષના વિકારી આકુળતાના પરિણામ થાય છે. ન થાય તો આ પરવસ્તુને ગોતે છે કે, આ હોય તો ઠીક પડે અને આ હોય તો ઠીક ન પડે, એવી આકુળતા (હોય) ક્યાંથી? અને એ આકુળતા છે તો કોઈ એમ માને કે એ આકુળતાને ઉત્પન્ન કરનારા પરદ્રવ્ય છે. એ માન્યતા એની ખોટી છે. સમજાય છે કાંઈ? એ આકુળતા એટલે રાગ-દ્વેષ અને મોહના ભાવ થાય એ કોઈ પરચીજ કરાવે છે એમ કોઈ માને તો એ વસ્તુ તદ્દન ભ્રમ અને અજ્ઞાન છે. એ વાત અહીંયાં કહેવા માગે છે. વાત સમજાય છે?

વસ્તુ જે આત્મા છે એ તો અણકરાયેલો અનાદિઅનંત સ્વભાવી ચીજ–વસ્તુ (છે). એની શક્તિઓનો પિંડ પણ અણકારાયેલો અનાદિઅનંત (છે). હવે એની અંદર જે આ વિકાર થાય, રાગ-દ્વેષ અને મોહ, મોહ એટલે મિથ્યા પરિણામ, મિથ્યા પરિણામ એટલે આ પરમાં મને આનંદ થાય છે, અનુકૂળ હોય તો ઠીક પડે, પ્રતિકૂળ હોય તો ઠીક પડતું નથી, એવો જે મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષનો ભાવ એ જીવની પર્યાયનું, પરિણમનશક્તિનું સત્ત્વ છે, કે કોઈએ કરાવેલું છે? કહો, સમજાણું કાંઈ?

'ભાવાર્થ આમ છે...' જુઓ! પહેલેથી જ ભાવાર્થ નાખ્યો. મથાળું જ એવું બાંધ્યું કે, અહીં અમારે એ કહેવું છે કે, એમ. ભાવાર્થ એટલે આમાં ભાવ એ છે કે, 'કોઈ એમ માને છે કે (આ) જીવનો સ્વભાવ...' સ્વભાવ એટલે પર્યાય–અવસ્થામાં 'રાગ-દ્વેષરૂપે પરિણમવાનો નથી,...' એ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, વિકારી અવસ્થા થવાનો પર્યાયનો, વિભાવમાં (થવાનો) પર્યાયનો સ્વભાવ નથી. 'શશીભાઈ'!

મુમુક્ષુ :– આવરણ-ફાવરણ ન હોય.

ઉત્તર :– ઇ જ કહે છે. આવરણ-ફાવરણ એને ઘરે રહ્યું. આવરણ કોણ કરાવતું હતું? 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા' પોતે કોણ છે એના ભાન વિના હેરાનની દશા એણે ઉત્પન્ન કરી છે. બહુ સરસ (છે), આખો શ્લોક જ એવો સરસ છે.

જીવનો સ્વભાવ. સ્વભાવ શબ્દે પર્યાયમાં–વર્તમાન અવસ્થાનો ધર્મ 'રાગ-દ્વેષરૂપે પરિણમવાનો નથી,...' એનામાં રાગ-દ્વેષ, વાસના, ભ્રમણા એવું થવાની વર્તમાન વિભાવશક્તિ જ એનામાં નથી એટલે કે એનામાં એ લાયકાત જ નથી, પરદ્રવ્ય એને આ વિકાર કરાવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. સમજાય છે કાંઈ? 'જ્ઞાનાવરણાદિ કર્મ...' જુઓ! આઠ કર્મ જે જડ માટી છે એ આને જ્ઞાનની હિનતા અને રાગ-દ્વેષાદિ ભાવ કરાવે છે. એમ કોઈ કહેતું હોય તો એ મૂંઢ છે. એને વર્તમાન વિકારની અવસ્થાની સ્વતંત્રતાની થયેલી અવસ્થાની પણ એને ખબર નથી. તોપણ ત્રિકાળ આનંદકંદ સચ્ચિદાનંદ અનંત આનંદનો કંદ એવું દ્રવ્ય તેની તો શ્રદ્ધા તેને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એમ કહે છે. સાચી વાત શું? જુઓ! સાંભળો, લ્યો, વાંચો અંદર.

'જ્ઞાનાવરણાદિ કર્મ તથા શરીર...' આ શરીર રાગ-દ્વેષ કરાવે છે. મૂંઢ છો, કહે છે માળા. કોને માથે નાખ્યું તેં આ? એમાં લખ્યું છે કે નહિ? કહે છે કે, ભૂલની દશા કરે પોતે અને ભૂલને ટાળે પોતે. એમાં પરને લઈને ભૂલ થાય અને પર હોય તો ભૂલ ટળે એવું સ્વરૂપમાં નથી. આહા..! એવા લાકડાં (ખોસ્યા છે). વિચાર્યું છે કે દિ' ન્યાં? એમ ને એમ ગાંડાપણે, પાગલપણે જિંદગી ગાળે. આ રળવું ને ખાવું ને પીવું, ધૂળ-ધાણી, શેઠાઈ. મરી ગયો એમાં અનંતકાળથી. એમાં ખોવાઈ ગયો, ઇ વાત સાચી છે.

આખી ચિદાનંદ ચૈતન્ય વસ્તુ, અરૂપી કંદ આત્મતત્ત્વ અનાદિઅનંત (છે). પણ જ્યાં વસ્તુ છે એની તો નજર ન મળે. નજર પરમાં નાખીને રાગ-દ્વેષ અને મોહ પોતે ઊભા કરે અને કહે કે, મને આ નડ્યા, ભઈ! કર્મ અમને નડે, બાપા! આકરા કર્મ (છે). કહે છે, પરવસ્તુ જે જ્ઞાનાવરણીય આત્માને જ્ઞાનની હિણી દશા કરે. દર્શનાવરણી દર્શનની (પર્યાય) હિણી કરે, મોહનીય મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરાવે, આયુષ્ય એની સ્થિતિને ઓછી કરાવે કે અમૂર્તપણું, નામકર્મ આદિ એ કોઈ પરકર્મ આત્માની દશાને કરે એ વાત તદ્દન ખોટી અને જૂઠી છે.

હવે, બીજું શરીર. આ શરીર અમને રાગ-દ્વેષ કરાવે. ભઈ! શરીરમાં રોગ થાય. .. અંદર દ્વેષ થયા વિના રહે નહિ. આ તો માટી જડ છે. જડને ભાન છે કે હું આને દ્વેષ કરાવું? પોતે મૂઢ થઈને પ્રતિકૂળતાને માને છે, આને પ્રતિકૂળ માને, માનીને દ્વેષ પોતે પોતામાં પોતાને કારણે ઊભો કરે છે. શરીરને કારણે દ્વેષ નહિ, શરીરને કારણે રાગ નહિ, આ શરીરને કારણે મિથ્યા–વિપરીત ભાવ નહિ. સમજાણું કાંઈ? કહો!

ત્રીજી વાત. 'ભોગસામગ્રી...' અંદર લીધું જડ દ્રવ્યકર્મ, બાહ્ય લીધું નોકર્મ શરીર અહીંયાં અને બહારની બધી નિમિત્ત સામગ્રી. ભોગસામગ્રી. આમ કપાટ, પૈસા, ધૂળધાણી, આ બધા દસ-દસ લાખના બંગલા, વીસ-વીસ લાખના બંગલા. આમ.. ઓ..હો..હો...! આ બધી ભોગસામગ્રી ભાઈ! આત્માને રાગ-દ્વેષ કરાવે. સમજાણું કાંઈ? ભોગની સામગ્રી કરવાનું મન થઈ જાય, લ્યો! અને કેરી સુગંધી આવે અહીં તો સાધારણ, પેલી કેરી આવતી આમ.. વીસ-વીસ, પચીસ મણ પડી હોય તો એવી સુગંધ (આવે), દસ દુકાન સુધી સોડમ આવે સોડમ. કહો, એ કેરી રાગને ઉત્પન્ન કરાવે છે કે નહિ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :– ..

ઉત્તર :– ધૂળમાંય નથી. એને ઘરે કેરી પડી છે, ઇ તો ન્યાં છે. પોતે પ્રેમ કરીને રાગ કરે છે. એ રાગ પરવસ્તુ કરાવતી નથી. કહો, ભોગસામગ્રીમાં પાંચે (લઈ લેવા), હોં! આબરુના શબ્દો કાને પડ્યા. બહુ ભાઈ! આ તો ડાહ્યો માણસ. એને થયો રાગ, એ શબ્દોથી રાગ થયો છે? અને કોઈએ સરખાઈને ગાળ્યું દીધી. સરખાઈની એટલે ઊંચો થાય એવી. એ ગાળ છે એ તો જડ માટીનો અવાજ છે. એ અવાજે એને દ્વેષ કરાવ્યો છે? સમજાય છે કે નહિ?

ભગવાન ચૈતન્યપ્રભુ પોતાને ભૂલી અને પરમાં રાગ-દ્વેષ અને પ્રેમ–મોહ પોતે કરે છે. પરને કારણે રાગ-દ્વેષ, મોહ ત્રણકાળમાં છે નહિ. મોટા પંડિતો અત્યારે ગોથા ખાય છે. ભણ્યા, ગણ્યા.. સમજાય છે? ગણ્યા નથી. ભણ્યા શું શબ્દો શીખ્યા. અહીં જુઓ! હજી તો આવશે.

કહે છે, 'બલાત્કારે જીવને...' જુઓ! ભાષા. ભઈ! જોર કરીને, (જોર) ન હોય તો ટાંગો ન ચાલે તો આમ દ્વેષ ઉં..હું.. (થાય). આમ સ્ત્રી રૂપાળી દેખે (તો) બળાત્કારે રાગ થાય. જૂઠ છે, હોં! જૂઠમૂઠ ઊભો કરેલો તારો દ્વેષ છે, રાગ છે. પરવસ્તુ તને કાંઈ રાગ કરાવતી નથી. આંખમાં રૂપ, શબ્દ. બરાબર તૃષા લાગી હોય અને ઠંડું મોસંબી પાણી (મળે) અને મોસંબીમાં પાછો થોડો બરફ નાખ્યો (હોય). હા..શ..! એ ચીજ ભોગસામગ્રી રાગ કરાવે છે. 'મૂળચંદભાઈ'! શું હશે? એક જણો કહેતો હતો કે, આ બહુ ભૂખ લાગી હોય (તો ખાધા પછી) શાંતિ થાય છે, હા..શ.. એમ થાય છે. પણ તને ભાન ક્યાં થાય છે? હાશ એટલે શું? શાંતિ એટલે શું? ઇ ચીજ એટલે શું? તને કાંઈ ખબર છે? ઇ તો જડ છે. જડ તો અંદર ચૈતન્યને અડ્યું પણ નથી. આ કંઠને જડ અડ્યું નથી તો કંઠ ક્યાં આત્માને અડતો હતો? આ તો માટી છે, અંદર અરૂપી જ્ઞાન ભગવાન ચૈતન્ય છે. આહાહા..! કહે છે કે, એ રસ એને રાગ ઉત્પન્ન કરતું નથી. અને એમાં રસની અંદરમાં કાંઈક લાડવો ખાતો હોય અને એમાં જો કાંકરી આવી હોય સરખાઈની, ચિરોળીની સાકરને ઠેકાણે વચમાં, ત્યાં દ્વેષ થાય. એ એને લઈને દ્વેષ છે? ભોગસામગ્રીથી દ્વેષ છે? સમજાણું કે નહિ?

એમ સ્પર્શ. સુગંધ, દુર્ગંધ. એ સોડમ આમ સુગંધ આવે. બાગ-બગીચા, .. ઓ..હો..હો...! મગજ તર-તર થઈ જાય. મગજ તરે એટલે શું પણ? શું ચીજ છે? આ મગજ તો માટી–ધૂળ છે. એને તો ખબર પણ નથી કે આમાં તર શું ને ફર શું? પણ સુગંધને લઈને એવા... ફૂલ-ઝાડ હોય ને? ફૂલ-ઝાડ. જોડેથી નીકળે, વાડમાંથી નીકળે તો આ..હા...! (થઈ જાય). ભોગસામગ્રી આ ગંધ મને રાગ ઉપજાવે. જૂઠ વાત છે. એમાં કોઈ સડેલાં મીંદડા પડ્યા હોય, ખાયમાં ગંધાતા.. આમ.. એ ચીજ દ્વેષ કરાવે છે. તારી વાત ખોટી છે. પરવસ્તુ રાગ-દ્વેષ કરાવે એવી તાકાત નથી. એનામાં એ શક્તિ નથી. આહા..હા...! તું ઊંધો પડીને કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, એમ અહીં તો કહે છે. શું (કહ્યું)? કહે છે કે, ભાઈ! તું ઊંધો પડીને રાગ-દ્વેષ જાતે કરે છે, એમ કહે છે.

'બલાત્કારે જીવને...' શું કહે છે બળાત્કાર? ત્રણ બળાત્કાર લેવા. એક તો જ્ઞાનાવરણાદિ આઠ કર્મનો ઉદય. બળાત્કાર–બળાત્કાર આત્માને રાગ-દ્વેષ, મોહ કરાવે. મૂઢ છો. શરીરમાં રોગાદિ (થાય). હેં? બળાત્કાર–ઉદય આવે એટલે કરવું જ પડે, એના પ્રમાણમાં ડિગ્રી ટુ ડિગ્રી કરવું પડે. શરીરમાં તાવ આવે (અને થર્મોમીટર) નાખે તો થર્મોમીટરમાં એના પ્રમાણમાં એનું માપ બરાબર આવે. એમ કોઈ મૂંઢ એમ કહે કે, કર્મનો જેટલો ઉદય આવે એટલા પ્રમાણમાં વિકાર કરવો જ પડે. એ કર્મનો બળાત્કાર માનનારા મૂંઢ જીવ અજ્ઞાની છે. એને વિકાર કેમ થાય એની પણ ખબર નથી. આહાહા..! 'ભીખાભાઈ'! આ બધા મૂંઢ જ હશે ઘણા?

કહે છે, એ કર્મ બળાત્કારે રાગ-દ્વેષ કરાવે. શરીર બળાત્કારે રાગ-દ્વેષ કરાવે. શરીર સુંદર આમ.. આમ.. આ..હા..! નાક-બાક આમ.. સમજ્યા ને? ગરુડ જેવા કાન, કુંડળ જેવા.. હરણની આંખ્યું જેવી આંખ્યું, મોઢું આમ ચંદ્રમા જેવું ગોળ ચક્કર આમ ફર્સ્ટક્લાસ. હવે એ રાગ થયા વિના રહે? સવારમાં આમ અરીસામાં દેખે. સવારમાં નાહીને દેખે ને? વાંદરા જેવો. જોયું છે? શું છે પણ? આ તો માટી–ધૂળ છે, જડ છે. આ તો દાળ, ભાત, રોટલી અહીં ખડકાણી છે અને આની પછી રાખ થવાની છે. એ તો જડ છે. અંદર ચૈતન્ય જાણનાર ભગવાન એ જડને દેખીને રાગ-દ્વેષ પોતે પોતાથી કરે છે. એ જડ કરાવતા નથી. આ..હા..! કેમ હશે આ?

ભોગની સામગ્રી. એટલે સ્પર્શ આવે આમ સ્પર્શ. સુંવાળા માખણ જેવા રેશમી ગાદલા, એમાં જ્યાં ફરતો હોય, ગરમી લાગી હોય તો આમ આમ ફરે. ઓ..હો..! એ રાગ કોણ કરાવે છે? રેશમી ગાદલા કરાવતા હશે? અને એમાં જો સરખાઈના કાંટા નાખ્યા હોય, શું કહેવાય આ? ગોખરું. ઉપર પાતળો મલમલ પાથર્યો હોય એમાં નાખ્યા હોય ગોખરું અને એમાં એને સરખાઈનો સુવડાવ્યો હોય. ગોખરુને લઈને અંદર દ્વેષ થાય છે? દુઃખ થાય છે? આહાહા..! અરે..! આ શું કહે છે? શું હશે આ તે બધું? સમજાણું કાંઈ? ગોખરુ તો જડ ચીજ છે. એનો અહીં સ્પર્શ પણ અડતો નથી અને તું રાડ (નાખે), આનાથી દુઃખ થાય. શેને લઈને? પરદ્રવ્યને લઈને છે? દુઃખ કહો કે વિકાર કહો, એ પરદ્રવ્યને લઈને છે? 'પોપટભાઈ'! હજી એને દુઃખનો વિકાર થાય એ ક્યાં થાય? કોણ કરાવે એની ખબર ન મળે. પેલો દુઃખ વિનાનો અંદર આનંદકંદ પ્રભુ, શુદ્ધ ચિદાનંદની મૂર્તિ આનંદ કોણ છે એની તો ખબર ક્યાંથી હોય? આમ કહે છે.

'જીવને રાગ-દ્વેષરૂપ પરિણમાવે છે.' બળાત્કાર કર્મ રાગ-દ્વેષને પરિણમાવે, બળાત્કાર શરીર રાગ-દ્વેષને કરાવે, ભોગસામગ્રી, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ બળાત્કાર જીવને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગરૂપે પરિણમાવે છે 'પરંતુ એમ તો નથી,...' ભાઈ! એવું સ્વરૂપ છે નહિ. વસ્તુમાં એવી સ્થિતિની શક્તિ છે નહિ. પરમાં શક્તિ નથી કે તને રાગ-દ્વેષ અને વિકાર કરાવે.

ત્યારે, 'જીવની વિભાવપરિણામશક્તિ જીવમાં છે,...' જીવમાં પર્યાયમાં વિકારપણે પરિણમવું એવી એની શક્તિ એના પોતામાં છે. સમજાણું કાંઈ? આ ઘણે બધે ઠેકાણે આવ્યું છે. ૯૨ પાને આવ્યું છે, ૧૫૫, ૧૫૬, ૧૮૧ ઘણે ઠેકાણે આવ્યું છે. કહો, સમજાણું આમાં? ઓહોહો...! હજી તો અહીંયાં ચૈતન્યવસ્તુ જે છે, શુદ્ધ આનંદમૂર્તિ જ્ઞાનનો સૂર્ય અનાદિઅનંત (છે), એ તો એકબાજુ રહી, પણ એમાં અહીંયાં દુઃખ, રાગ-દ્વેષ ને કલ્પના થાય છે એ વિકાર કોણ કરાવે છે એટલું અસ્તિત્વ સિદ્ધ કરે છે. એની પર્યાયનું–અવસ્થાનું વિકારનું હોવાપણું સિદ્ધ કરે છે. 'પ્રવીણભાઈ'! શું (કહ્યું)? નિર્વિકારી વસ્તુ તો ત્રિકાળ છે. નિર્વિકારી સત્ નિર્દોષ સ્વભાવ આનંદમૂર્તિ ત્રિકાળ એ આત્મા તો ત્રિકાળ છે, પણ એનામાં વિકારની હયાતીનું હોવાપણું કોને લઈને છે એટલું અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ વિકારપણાની ત્રિકાળ સ્વભાવમાં શક્તિ નથી. પણ પરને લઈને વિકાર થાય એમ નથી. ભાઈ! અહીંયાં પર્યાયની વાત કરે છે, જુઓ ! ધ્યાન રાખજો.

ભગવાનઆત્મા વસ્તુનો સ્વભાવ, અંતર સ્વભાવ વિકાર કરાવે એવો એનો કોઈ સ્વભાવ નથી. તેમ પરવસ્તુ વિકાર કરાવે એવી પરદ્રવ્યમાં શક્તિ નથી. સમજાણું કાંઈ? આહા..હા...! એની વર્તમાન દશામાં વિકાર થવાની, પરિણમવાની એની લાયકાત એના અંશમાં પોતે ઊભી કરે છે. એવી એની યોગ્યતા શક્તિ છે. આહાહા..! શું કહ્યું? સવારે તો એ નહોતું આવ્યું? કે, જીવ–શુદ્ધ જીવ છે વિકાર કરતો નથી, કર્મ બાંધતો નથી. એ બધું એમ આવ્યું હતું. ઇ વસ્તુની વાત છે, ઇ વસ્તુની વાત છે. ચૈતન્ય શુદ્ધ ચૈતન્યવસ્તુ જે આત્મા છે, પદાર્થ જે છે, આત્મા જે છે એની વાત હતી. અહીં તો અંદર પેલો જે વિકાર ઊભો થાય એની વાત છે. એ વિકારનું હોવાપણું કોને લઈને છે? ત્રિકાળ સ્વભાવને લઈને છે? કે, કર્મ સામગ્રી, શરીર, ભોગને લઈને છે? હોવાપણું કેમ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

કહે છે કે, કોઈ એમ માને કે, એ વિકાર (કરવાની) અમારી શક્તિ નથી, વિકાર તો બધો આ કરાવે. એ પ્રશ્ન આવે છે ને ઘણા? વસ્તુ તો શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, તો વિકાર ક્યાંથી આવ્યો? બસ! નક્કી થઈ ગયું વિકાર કર્મથી આવ્યો. પણ કર્મમાં વિકાર કરાવવાની શક્તિ નથી, એ તો જડ છે. શરીરમાં શક્તિ નથી, એ તો માટી–ધૂળ છે. ભોગસામગ્રી તે માટી, અજીવ બહારના તત્ત્વો છે. એમાં તારા દોષને કરાવવાની શક્તિ એનામાં નથી. તેમ વસ્તુનો સ્વભાવ દોષને ઉત્પન્ન કરે, વિભાવ ઉત્પન્ન કરે ને કર્મ ઉત્પન્ન કરે એવું વસ્તુના સ્વભાવમાં નથી. આ..હાહા...! અહીં તો એની પર્યાયનું અસ્તિત્વ વિપરીતપણું ભ્રમથી ઉત્પન્ન કરે એ એની યોગ્યતાથી શક્તિ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સમય સમયની પર્યાય શક્તિ ભિન્ન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :– એની શક્તિ ભિન્ન સ્વતંત્ર છે. એ અસ્તિત્વ છે. છે કે નહિ પણ? દુઃખ છે કે નહિ? આ ઠીક પડતું નથી, આ ઠીક પડે છે, આ ઠીક પડતું નથી, આ ઠીક પડે છે એ વિકલ્પ ઊઠે છે કે નહિ? એ વૃત્તિઓ ઊઠે, વિકાર છે, દુઃખ છે. એ રાગ-દ્વેષના પરિણામ કોણે ઉત્પન્ન કર્યા? કઈ પર્યાયમાં કોનામાં એ અસ્તિત્વ છે? એ વિકારી અવસ્થા કર્મે કરાવી? શરીરે કરાવી? પાંચ ઇન્દ્રિયના ભોગની અનુકૂળતા-પ્રતિકૂળતાએ કરાવી? ના. કોણે કીધું તને આવું? ક્યાંથી લાવ્યો આવું? ઉઠાવગીર તું પર્યાયમાં વિકાર, રાગ-દ્વેષ તારાથી કર અને નાખે છે પરને માથે! 'શશીભાઈ'!

મુમુક્ષુ :– પર્યાય દ્રવ્યને અનુસરતી નથી.

ઉત્તર :– દ્રવ્યને અનુસરતી નથી એ એનો દોષ પોતાનો છે, એમ કહે છે. સ્વભાવને અનુસરતી નથી અને નિમિત્તને અનુસરે છે. નિમિત્ત પ્રમાણે નહીં પણ નિમિત્ત તરફ અનુસરે એવી વિભાવ થવાની એનામાં યોગ્યતા પર્યાયધર્મમાં છે, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જો એ વિકાર થવાની યોગ્યતા ન હોય શક્તિ તો પરદ્રવ્ય જેનામાં શક્તિ નથી એ ઉત્પન્ન કરાવી શકે નહિ. અને શક્તિ જેની યોગ્યતા છે તો પરદ્રવ્યની એમાં અપેક્ષા રહેતી નથી. આહાહા..! ભારે વાત!

ઘડાને કુંભાર ઉત્પન્ન કરી શકતો નથી, એમ કહે છે. એ માટી છે તે ઘડાની પર્યાયપણે પરિણમીને થાય છે. કુંભાર પરદ્રવ્યના પરિણામને–ઘડાને કરે એવું એના પર્યાયધર્મમાં નથી. અને કુંભારનો હાથ અને એની પર્યાયમાં તાકાત નથી કે ઘટની પર્યાય કરે. આહાહા..! એ..ઇ..! શું હશે આ? સમજાણું કાંઈ?

કહે છે કે, 'જીવની વિભાવપરિણામશક્તિ જીવમાં છે,...' એના અસ્તિત્વમાં એ પર્યાયનું અસ્તિત્વ વિકારપણે પરિણમવાની લાયકાત એની છે. આહાહા..! પેલા ખોવાય તો કહે, ભગવાને કરાવ્યું, ભાઈ! ભગવાન રખડાવે. થઈ રહ્યું, જાઓ! રખડો. ભગવાને અમને આવી બુદ્ધિ આપી, ભગવાને રખડવાની બુદ્ધિ આપી! કહો, આવા ભગવાન તારા? અમને રખડવાની બુદ્ધિ આપી, મરી ગયા રખડી રખડીને. હવે ભગવાન રખડાવવું બંધ કરે ત્યારે થાય. તો ભગવાનનો દોષ, તારો તો કાંઈ દોષ જ નહિ. તું તો ધોયેલ મૂળા જેવો.

કોણ માગતો હતો સદબુદ્ધો? સત્ સ્વભાવ જેનામાં પડ્યો છે, એ સત્ સ્વભાવ તરફ બુદ્ધિ કરે તો સદ્‌બુદ્ધિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

'જીવની વિભાવપરિણામશક્તિ...' યોગ્યતા અસ્તિત્વ એની પર્યાયમાં વિકાર થવાની લાયકાત છે. આહાહા..! તત્ત્વ તે તત્ત્વને કરે છે ને સિદ્ધ! એનામાં જો વિકાર થવાની લાયકાત ન હોય તો પરદ્રવ્ય શું કરે? અને લાયકાત છે તો પરદ્રવ્યની અપેક્ષાનું તારે કામ શું છે? આહાહા...! એ રાડ પાડતા'તા. નિરપેક્ષ વિકાર થાય છે ? નહિ. એ રાડ નાખતા. પ્રશ્ન ઉઠ્યો ને (સંવત) ૨૦૧૩ની સાલમાં? ક્યાં? 'સમ્મેદશીખર'. અરે..! 'સમ્મેદશીખર' જેવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ ભૂલ ટળવાનું મળ્યું નહિ. અરે...! એમ કરીને તે દયા ખાતા'તા. ભગવાન! સાંભળ તો ખરો, તને ખબર ન મળે. જો ઇ એટલું થોડું સમજી જાત ને તો ઘણો લાભ થાત. સમજાણું કાંઈ? મોટા ભણ્યા-ગણ્યાના મોટા પંડ્યા કહેવાય ઇ.

અહીં તો કહે છે, કે જે વસ્તુસ્વરૂપ છે, વસ્તુ-દ્રવ્ય અને ગુણ સ્વભાવસ્વરૂપ ત્રિકાળ એ તો અકૃત્રિમ અણકરાયેલી ચીજ (છે). એમ જગતના પદાર્થો દ્રવ્યાદિ છે એ તો અણકરાયેલી ચીજ (છે). હવે એનું પરિણમન જે છે, એની પર્યાય છે એ કોનાથી થઈ છે? કે જે દ્રવ્યનો પ્રવાહ ઉત્પાદ્નો ચાલે તેનાથી થઈ છે. અને તારામાં વિકાર છે એ કોનાથી થયો છે? એ પર્યાયની યોગ્યતા વિભાવરૂપે થવાને કારણે ઉત્પાદ થયો છે. આહાહા...! સમજાણું કાંઈ?

'જીવની વિભાવપરિણામશક્તિ...' પરિણમવાની યોગ્યતા જીવમાં છે. પલટો, વિકારરૂપ થવાની યોગ્યતા જીવમાં પર્યાયમાં છે. 'તેથી મિથ્યાત્વના ભ્રમરૂપે પરિણમતું...' જુઓ! ભગવાન પોતાના આનંદ અને જ્ઞાનને ભૂલી અને રાગાદિમાં પોતાપણે માની ભ્રમથી, મિથ્યાત્વથી પરિણમી અસત્યરૂપે પરિણમી, મિથ્યાત્વરૂપી ભ્રમણા (રૂપે) પરિણમતા એ અવસ્થારૂપે થયો થકો, પર્યાયના અંશમાં વિપરીત મિથ્યાત્વરૂપે થયો થકો 'રાગ-દ્વેષરૂપે જીવદ્રવ્ય પોતે પરિણમે છે,...' એ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, શુભાશુભભાવરૂપે 'જીવદ્રવ્ય પોતે પરિણમે છે,...' જીવદ્રવ્ય વિકારી પર્યાયપણે પોતે થાય છે. 'શશીભાઈ'! ઓહોહો..!

'પરદ્રવ્યનો કાંઈ સહારો નથી.' અનેકાંત કર્યું. પરદ્રવ્યની બિલકુલ સહાય નથી. બિલકુલ એની સહાયથી વિકાર થાય એમ નહિ. પરદ્રવ્યનો સહારો-આધાર બિલકુલ નહિ. આહાહા..! 'છોટાભાઈ'! આ બધા રાડ પાડે છે, લ્યો! તે દિ' 'ઇડર'માં કહે, સિદ્ધને કર્મ નથી માટે વિકાર થતો નથી. 'ઇડર'માં ... છે. કર્મ હોય તો વિકાર થાય. પેલો હતો ને? 'વિકાસ..વિકાસ' શું નામ? એ કહે, હેય કર્મ હોય તો ન થાય. ઠીક, ભાઈ, ચાલો હાંકો. અરે..! ભાઈ! એ વસ્તુનો સ્વભાવ-દ્રવ્ય સ્વભાવ જે શુદ્ધ ચિદાનંદ છે એમાં વિકાર થવાનો કોઈ ગુણ નથી. તેમ તે પરદ્રવ્ય એને વિકાર કરાવે એવો એનો પર્યાયધર્મ પણ પરમાં નથી. પર્યાયધર્મ નથી, દ્રવ્ય-ગુણમાં તો નથી પણ એની પર્યાયમાં એવી લાયકાત નથી. ફક્ત વર્તમાન તારી પર્યાયમાં ભ્રમરૂપે પરિણમવાની યોગ્યતાની શક્તિ તારાથી છે. 'શશીભાઈ'! આહા..! અરે..! આ પણ વાત. પણ એલા શુદ્ધ તે અશુદ્ધપણે કેમ પરિણમે? પણ સાંભળને! શુદ્ધ તો એનો ત્રિકાળી ચિદ્ઘન સ્વભાવ છે પણ એની વર્તમાન દશામાં ભૂલ કરે એ તો પોતે પોતાની શક્તિથી કરે છે. ઊંધો પડ્યે ભ્રમ કરે અને સવળો પડ્યે ભગવાન થાય. બાકી એમાં કોઈ પરદ્રવ્યની અપેક્ષા છે નહિ. આહાહા..! શું કરે? જગતને સત્ય શું છે એ સમજવા મળે નહિ, સાંભળવા મળે નહિ એ વિચાર કે દિ' કરે? એમ ને એમ અનંતકાળથી જિંદગી જાય. આહાહા..!

મુમુક્ષુ :- કરવું શું પણ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :- કરવું એ કે, વિકાર તું કરે છે માટે સ્વભાવ ઉપર દૃષ્ટિ દે અને વિકાર ટાળ. એમ કરવું. ઇ પર્યાયની દૃષ્ટિમાં અંશના સ્વીકારમાં, રાગ-દ્વેષના સ્વીકારમાં કર્મના નિમિત્તે થયેલો વિકાર, તારા નૈમિત્તિકભાવમાં, એનો તું કર્તા, એની શક્તિ તારી, પર્યાયમાં એમ નક્કી કર કે, વસ્તુ સ્વભાવ ઉપર દૃષ્ટિ આપતાં એ શક્તિમાં પર્યાયની છે તેનો નાશ થઈ જશે. એમ પર્યાયમાં નહિ અને આને લઈને છે તો વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ દઈને... પેલો તો કરાવશે, પરદ્રવ્ય તો કરાવશે હવે તું આમ કેમ દઈશ? પણ તું પોતે પર્યાયમાં સ્વતંત્રપણે કર્તા થઈને કરતો હો તો સ્વતંત્રપણે થઈને સ્વભાવ ઉપર દૃષ્ટિ કરીને ટાળી શક. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભૂલ કરનાર પોતે છે.

ઉત્તર :- હા, ભૂલ જેણે જોડી એ તોડે. આ તો વાંક નાખે કાં ઈશ્વરનો કાં કર્મનો, આ બાયડી, છોકરા હેરાન કરી નાખ્યા, મારી નાખ્યા. હેરાન.. હેરાન.. થઈ ગયા. એનો વાંક શું છે? તારો વાંક છે ને નાખ કો'કને? હેં? નથી કહેતા? ઝાઝા છોકરા, ઝાઝા થોરડા, ઝાઝા ખોરડા. શું કહે છે કાંઈક? ઝાઝા દોરડા. દોરડા એટલે દેણું. ઝાઝા દોરડા, ઝાઝા થોરડા અને ઝાઝા ખોરડા. ઝાઝા મકાન, ઝાઝા છોકરા, ઝાઝું દેણું મારી નાખે છે. મારતું નથી, સાંભળને હવે. આવું ક્યાંથી લાવ્યો? કહે છે. હેં? ઝાઝી લક્ષ્મી. ભાઈ! જેટલી ઝાઝી લક્ષ્મી એટલી મમતા. કોણે કીધું એવું તને? લક્ષ્મીને લઈને મમતા છે? એણે મમતા કરાવી છે? એ તો માટી-ધૂળ છે, જડ છે.

અહીં તો તેથી ત્રણે બોલ લીધા. કોઈ એમ કહે કે, ના, ના એ નોકર્મની વાત છે. કર્મ, શરીર અને ભોગસામગ્રી. તારી વાત બિલકુલ ખોટી છે કે, બીજા કરાવે છે. તારો મિથ્યાત્વભાવ, અહીં તો મિથ્યાત્વથી જ રાગ-દ્વેષ છે અને સમ્યગ્દર્શનથી આત્માની શાંતિ છે, બસ! એક જ વાત છે. મિથ્યાત્વથી ભ્રમ છે અને સમ્યક્ત્વથી ભગવાન છે. સમજાણું કાંઈ?

'પરદ્રવ્યનો કાંઈ સહારો નથી.' કંઈ મદદ નહિ, પરદ્રવ્યનો ટેકો કાંઈ નથી. એમ અહીં તો કહે છે. પરવસ્તુનો ટેકો.. ટેકો.. થોડો ટેકો જરી અંગીકાર કરું. ના. એમ નથી. કહો,'ભીખાભાઈ'! 'હીરાભાઈ' આમ બોલે, ભાઈ.. ભાઈ.. ભાઈ! (ત્યારે) અંદર કાંઈક થઈ જાય કે નહિ? એને લઈને રાગ થાતો હશે કે નહિ? નહિ? પણ કહ્યાગરા છોકરા હોય, કહ્યાગરી બાયડી હોય, કહ્યાગરી ભેંસો હોય, ભેંસો-કહ્યાગરા ઢોર હોય. 'ન્યાલભાઈ' એને લઈને રાગ થાય કે નહિ? એને ઘરે રહ્યા ઇ. તેં કર્યા ત્યારે થયા છે, એણે ક્યાં કરાવ્યા છે? છોકરા અણરળાઉ થાય અને ઘરમાં બાયડી ગાંડી થાય, અણરળાઉ છોકરા અને ઢોર આવે ઇ ખોડવાળા.. ખોડવાળા, મકાન ગોતે ઇ જીર્ણ થાય એ બધા દુઃખદાયક ખરા કે નહિ? ઇ તમને ખબર. ઇ એની અંદર પૂછે છે. એને માટે તો આ વાત ચાલે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન! તું જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ આમ જાણનાર-દેખનાર એકલો ચૈતન્યસૂર્ય (છો). એને ભૂલીને આ પરમાં મને ઠીક-અઠીક એ તેં ઊભો કરેલો વિકાર તારો છે. પરનો નહિ અને (એ) સ્વભાવ દ્રવ્યમાં નહિ. એમ અહીંયાં સિદ્ધ કરવું છે. અહીં તો પર્યાયમાં એટલી યોગ્યતા સિદ્ધ કરવી છે. પેલાની જેમ નથી કે, ના, ના. એ તો ભ્રમ છે, કાંઈ નહિ, કાંઈ નહિ. નહિ, ભ્રમનું અસ્તિત્વ છે. સમજાણું કાંઈ?

'પરદ્રવ્યનો કાંઈ સહારો નથી.' આટલું કરવું પડે શું કરીએ? ભાઈ! છોકરા નાના, બાયડી મરી ગઈ, હાથે રોટલા કરવા, ગરીબ માણસ. અમારે પરને લઈને રોકાવું પડે. તું તારી દશામાં વિકાર તું ઊભો કર, અને આવા સંયોગને કારણે તું માને? આ ક્યાંથી લાવ્યો તું? સંયોગ કહો કે સામગ્રી કહો. સમજાણું કાંઈ? રેળો આવે ત્યારે ખબર પડે. ઇ માથે આવે તો ખબર પડે. માથે એટલે શું પણ? માથે એટલે શું? બહાર સામગ્રી ભજે એમાં તારે માથે ક્યાંથી આવી ગઈ?

'તે કહે છે–' 'किञ्चन अपि अन्यद्रव्यं तत्त्वद्दष्टया रागद्वेषोत्पादकं न वीक्ष्यते' (किञ्चन अपि अन्यद्रव्यं) 'આઠ કર્મરૂપ અથવા શરીર, મન, વચન–નોકર્મરૂપ...' જુઓ! હવે ખુલાસો વધારે કર્યો. શરીર, મન અને વચન એ નોકર્મ. આ શરીર, આ વાણી ઊઠે ઇ જડ વાણી, અને અહીં જડ મન છે, છાતીમાં જડ મન છે. જેમ આ કોડો છે ને? એવું એક મન અહીં જડ છે. આત્મા વિચાર કરે ત્યારે જડ મન નિમિત્ત છે. આત્મા જાણે ત્યારે આ કાળોધોળો જડ કોડો નિમિત્ત છે. એવું એક અંદર મન છે, અહીં છાતીમાં (છે). ઝીણું જડ માટીનું (છે). આ વાણી–ધ્વનિ ઊઠે એ જડ છે. આ શરીર જડ (છે).

'શરીર, મન,વચન–નોકર્મરૂપ અથવા બાહ્ય ભોગસામગ્રી ઇત્યાદિરૂપ...' લ્યો! બાહ્યના શબ્દો, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. અનુકૂળ અને પ્રતિકૂળ. સમજાણું? અરે..! ભાઈ! હમણા તો ભીડામાં છીએ. પાંચ-પચાસ લાખની પૂંજી હોય અને વેપાર ને ધંધો ને દુકાને–થડે બેઠો હોય. આમ ચારે કોરના ઘરાક, નવરો ન હોય. મોસંબીનો... પેલો શું કહેવાય? મોસમ.. મોસમનો બરાબર કાળ હોય. 'વલ્લભદાસભાઈ'! રળવામાં સોનાના પૂર ચાલતા હોય. એક-એક દિ'ના બસ્સો-બસ્સો, પાંચસો-પાંચસો, હજાર-હજાર રૂપિયા, બે-બે હજાર, પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારની પેદાશ. બાપા! ઇ ભીડામાં લોભ થયા વિના રહે નહિ. હેં? કહે છે કે, હરામી છો! આવું તેં ક્યાંથી કાઢ્યું? એ ભીડો તો પરમાં છે, તને ક્યાં અંદરથી ગરી ગયું? એણે કે દિ' તને રાગ-દ્વેષ કરાવ્યા છે? સમજાણું? સલવાય છે તું અને કહે છે આ મને સલવાડે છે.

આઠ કર્મ, શરીર, મન, વચનને નોકર્મ કહેવા અથવા 'બાહ્ય ભોગસામગ્રી ઇત્યાદિરૂપ...' આદિ જેટલી સામગ્રી દુકાન, બધા બાયડી, છોકરા, કુંવારી કન્યાઓ ઘરમાં પાંચ-પાંચ, છ-છ મોટી થઈ હોય અને અંદરથી કાળજા ખાતા હોય. સમજાય છે? એક હોય બાવીસની,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એક હોય વીસની, એક હોય અઢારની ને એક હોય સોળની. ભાન નથી તને હખ અને ઊંઘ કેમ આવે છે? લીલા સાઠાં... ઘરે આ એક એક બાવીસ, વીસ, સોળની મોટી (થઈ), પાછા આપણા ઘરના ખાણા-પીણા, સાંઢડા જેવી થઈ, શું કરો છો તમે? ઊંઘ કેમ આવે છે તમને? હેં? પણ ઇ સામગ્રી તો જડ ભાષા છે. ઇ સામગ્રની લઈને અહીં ક્યાં તને દુઃખ થાય છે? આહાહા..!

મુમુક્ષુ :– બાપને ચિંતા ન થાય પણ મા ને થાય?

ઉત્તર :– પણ મા-બાપ હતો કે દિ'? કોનો (હતો)? આહાહા...! કહો, 'રતિભાઈ'! આ બધી જગતની વીતેલી છે કે નહિ સૌને? ઇ જાણે કે, એને લઈને મને આ છે. બાપા! આમ પીડા. પીડા.. (ખાય છે). આ ઘરે બાયડી કહે ઇ તો સાંભળ્યું જાતું નથી. શું કહે? બાપા! બહુ દુઃખ છે. કોને લઈને? એને લઈને હશે. મૂર્ખાઈથી ઉભા કરેલા વિકાર તું સામગ્રીને માથે નાખે એ ટાળવાના અવસર તારે નહિ રહે. સમજાણું કાંઈ? 'જયંતીભાઈ'! આ બધા વેપાર-બેપારમાં બધું ચાલતું હશે કે નહિ? આહાહા..!

'જેટલું પરદ્રવ્ય...' જેટલું પરદ્રવ્ય. હવે શું બાકી રહ્યું? રજકણમાત્રથી પરદ્રવ્ય, એક આત્મા બીજું કોઈ પણ. (तत्त्वदृष्टया) જુઓ! શું કહે છે? તત્ત્વદૃષ્ટિથી જોઈએ તો 'દ્રવ્યનું સ્વરૂપ જોતાં...' એટલે કે 'સાચી દૃષ્ટિથી...' જોઈએ (તો). એમ. તત્ત્વદૃષ્ટિથી જોઈએ, વસ્તુદૃષ્ટિથી જોઈએ એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો (रागद्वेषोत्पादकं) 'અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષપરિણામ...' પુણ્ય-પાપના મલિન પરિણામ 'તેમને ઉપજાવા સમર્થ જોવામાં આવતું નથી;...' કોઈ પરવસ્તુ આત્માને રાગ-દ્વેષ કરાવે, વિકાર કરાવે એ ત્રણકાળમાં તત્ત્વદૃષ્ટિથી દેખવામાં આવતું નથી. લ્યો, અહીં તો આ કહે છે. પેલો કહે, ના, ના. એ કર્મ દેખાડે, બાપા! એ નિદ્ધત અને નિકાચીત કર્મ આમ અંદરથી મારી નાખે. આહાહા..! આ ઊંધા પડે છે કે નહિ? ભાંગા બહુ પાડે પાછા. એક નિદ્ધત હતું અને એક નિકાચીત કર્મ કહેવાય ને આકરું કર્મ. ભાઈ! આકરા કર્મ તો ભોગવવા જ પડે. તીર્થંકરોને ભોગવવા પડ્યા. ત્રણ જ્ઞાન લઈને માતાના પેટમાં આવ્યા હતા. એને પરણવું પડ્યું. ભોગાવલી કર્મને લઈને (ભોગવી). 'જયંતીભાઈ'! આવા ગોળા મારે છે કે નહિ? ધૂળમાંય નથી. કોણે કીધું તને એવું? ભોગાવલી કર્મ એટલે શું? ક્યું કર્મ એવું છે કે તને ભોગમાં રાગ-દ્વેષ કરાવે એવું કર્મ ક્યું છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– નવમું થોપ્યું..

ઉત્તર :– નવમું થોપ્યું? આઠ છે, એક નવમું. અહીં કહે છે કે, ભોગનો રાગ. દ્વેષનો ભાવ. પ્રતિકૂળતા હોય એ વખતે હાય...! નિર્ધન. નિર્ધન.. કાંઈ નથી, બાપા! ક્યાંય નજર નાખે પડતી નથી. એ તમને ખબર પડે, બાપા! આવા આવ્યા હોય ત્યારે. હવે તો જીવન ખારા, ખાટા લાગે છે. હવે જીવવું ખારું લાગે છે. તો શું કરવું છે? હેં? આહા..! કહો, 'રતિભાઈ'!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા..!

એણે સમજવાનું રહ્યું કે, મારી ભૂલ કરનાર હું ક્ષણે ક્ષણે મારા સ્વભાવને ભૂલી, ચિદાનંદને ભૂલીને મેં ભૂલ કરી છે, એમ કરવું. બસ! એમ કરનાર નક્કી કરે તો ચિદાનંદ સ્વભાવ મારો છે એની દૃષ્ટિ કરે તો એ ભૂલ ટળી જાય. એક જ વાત છે, બીજી વાત છે નહિ. સમજાણું કાંઈ?

આ શેની વાત ચાલે છે આ? વિકાર કરે છે તો દુઃખી થાય છે. નિર્વિકારી સ્વભાવની દૃષ્ટિ કરે તો દુઃખ ટળી જાય છે. એની માટે તો વાત ચાલે છે. શેને માટે ચાલે છે? આ સામગ્રી અનુકૂળ થાય તો દુઃખ ટળી જાય એમ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? અરે...! આવા કામ તમને ખબર પડે. નિવૃત્તિ મળે નહિ. તે દિ' એની પાસે પચાસ-સાંઈઠ લાખ રૂપિયા હતા, પછી આઠ-દસ કરોડ થઈ ગયા. ... શું તમને કાંઈ વખત મળે? વખત ક્યાંથી મળે? આવું અમારા જેવું હોય તો વખત કોઈને મળે. ઓ..હો..! શું પ્યાલો ફાટ્યો છે! કીધું. શું ફાટ્યો છે પ્યાલો આ? પછી ચોપડી સરખાઈની, હોં! પચાસ-સાંઈઠ લાખ રૂપિયા હશે. પણ ઇ (સંવત) ૧૯૯૨ની સાલની વાત છે. પછી એના છોકરા પાસે આઠ-દસ કરોડ છે. આટલા લાખ રૂપિયા હોય તો નવરાશ કેમ મળે ઇ ખબર પડે. શું કહો છો કીધું આ. શેના ફાટ્યા છે પ્યાલા આવા? સામગ્રી તમને રોકે છે? તમારો રાગ, પ્રેમમાં ખૂંચી ગયો માટે રોકાણા છો, અને કહો છો, સામગ્રી અમને રોકે છે. 'ભીખાભાઈ'!

કઈ દુકાને આવીને તું વાત કરે છે? માળા. આ દુકાને આવી વાત કરે છે? દુકાનની તને ખબર પડતી નથી. હેં? ઇ તો વળી બીજાને કીધું હતું, પેલા શેઠને. ઇ અહીં આવ્યા હતા. 'જન્મભૂમિ'વાળા. કાંઈ બોલે નહિ. (ઇ કહે), હું કાંઈ ધર્મને માનતો નથી. ... કઈ દુકાને આવ્યા છો? અમે તમને ધર્મનું પૂછીએ છીએ? પૂછ્યું હોય અને તમે બોલો તો (ઠીક છે). અહીંયાં આવીને તમે આ બોલો છો? શું તમને આ થઈ ગયું? કીધું. પ્યાલા શેના ઊંધા ફાટ્યા? અમે તમને પૂછતા હોય કે, કાંઈ ધર્મ કરો છો? તો બોલો તો ઠીક. હજી તો અહીં આવ્યા અને પાધરા અમે કાંઈ ધર્મને માનતા નથી. ઓહોહો..! શું પ્યાલા છે આ ઊંધા? દુનિયા ડાહ્યા કરીને મારી નાખશે, અહીં નહિ ચાલે આ કીધું. 'પોપટભાઈ'! ઊંધાઈ કરીને (કહે), અમે ધર્મ માનતા નથી. ત્યારે શું તું અધર્મ માને છે? અધર્મ માને છે તો અહીં આવ્યો શું કરવા? અને તે પણ અમે પૂછતા નથી અને પાધરો બોલે છે કે, અમે ધર્મને માનતા નથી. શું એનો અર્થ? આટલા બધા (પ્યાલા ફાટ્યા)? કઈ દુકાને આવ્યો? તું શું બોલે છે આ? 'વલ્લભદાસભાઈ'!

અહીં કહે છે કે, માળા! અધર્મની ઊંધાઈ તું કરે છો અને (કહે છે) અમારે ધર્મ સમજવો નથી. અમારે ધર્મ કાંઈ છે નહિ. નથી, નથી તું તારે ઘરે રહે. તને કોણ કહે છે તું અહીં સાંભળવા આવ. સમજાણું કાંઈ? એમ આત્માને પાવર ઊંધા ચડી જાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને! અહીં કહે છે કે, ચડાવનાર તું પોતે છો. કોઈ સંયોગ-ફંયોગ ને સામગ્રી વધી ગઈ, પ્રતિકૂળતા થઈ ગઈ માટે છે નહિ.

'દ્રવ્યનું સ્વરૂપ જોતાં...' ઓહોહો..! આ જુઓને! વસ્તુની સ્થિતિની મર્યાદા જોતાં. સાચી દૃષ્ટિથી જોતાં ભગવાનઆત્મામાં અશુદ્ધચેતના પુણ્ય અને પાપ વિકારભાવ, એમાં મને મજા પડે છે, એવો દુઃખ મિથ્યાત્વભાવ 'તેમને ઉપજાવવા સમર્થ જોવામાં આવતું નથી;...' આચાર્ય ભગવાન કહે છે કે, વિકાર કરવામાં બીજું દ્રવ્ય અમને દેખાતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિથી આમ જોઈએ તો એ દોષનો કરનાર અમને બીજો દેખવામાં આવતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? કર્મ કર્તા.. આવે છે ને? 'અપ્પા કત્તાય, વિકત્તાય, દોહાણિ, સોહાણિ' અહીં તો એમ કીધું, આત્મા રાગ-દ્વેષનો કર્તા છે. સમજાણું? ઇ તો પર્યાયની અપેક્ષા સિદ્ધ કરવી છે.

અહીં તો કહે છે, પર્યાયની અપેક્ષામાં વિકારનું કરવું, દોષનું ઊભું કરવું, દુઃખની દશાનું ઊભું કરવું એ ઘાલમેલ, વિકલ્પની ઝાળ ઊભી કરવી એ તારાથી તેં કરી છે. અમે તત્ત્વદષ્ટિએ વસ્તુને જોતા, વસ્તુને જોતા બીજી ચીજને લઈને દોષ થાય એવું વસ્તુને જોતાં અમે દેખતા નથી. આહાહા..! જૈનમાં આવીને આ કર્મને માથે નાખે. ન્યાં વળી જડ ભગવાન થઈ ગયો. હેં?

મુમુક્ષુ :– કર્મવાદ છે.

ઉત્તર :– કર્મવાદનો ધર્મ છે કે આ આત્મવાદ છે? જડવાદનો ધર્મ હશે આ? વીતરાગ સ્વભાવ ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એનો આ ધર્મ છે. એ ધર્મને ન સમજે અને ઊંધાઈ કરે તોપણ તું તારાથી કરે છે. એમ સિદ્ધ કરે છે. સ્વતંત્રતા છે. એમ છે, ભાઈ! અમે તત્ત્વથી જોઈએ, વસ્તુની સ્થિતિની મર્યાદાથી જોઈએ તો મિથ્યા ભ્રમ અને રાગ-દ્વેષ કોઈ બીજા દ્રવ્યથી થાય એમ વસ્તુમાં દેખતા નથી. આહાહા..! આની માટે તો પંડિતોની સાથે મોટા વાંધા. હેં? આહાહા..! એની સાથે વાંધા. નહિ, કર્મને લઈને થાય, આને લઈને થાય. લખાણ જ્યાં-ત્યાં ઇ આવે ત્યારે બધું અંદર નાખે. સમજાણું?

(સંવત) ૨૦૦૬ની સાલમાં 'પાલીતાણા'માં એમ થયું હતું ને? ત્રણલોકના નાથ પરમઉપકારી જિનેશ્વર એમ કહે છે કે, કર્મને લઈને રખડ્યો અને તમે કહો છો કે પોતાની ભૂલને (લઈને), વિકારને, ભાવકર્મને લઈને રખડ્યો. મોટા માથાવાળા, હોં! ખોટા. અરે..! ભગવાન! તેં સાંભળ્યું નથી. વીતરાગમાર્ગ શું છે, આત્મસ્વભાવ શું છે એ તો સાંભળ્યો નથી પણ એનામાં પર્યાયનો ધર્મ, અસ્તિત્વ સ્વતંત્ર છે એને સાંભળ્યો નથી. આહાહા..! એક સમયમાં અખંડાનંદ ભગવાન સચ્ચિદાનંદમૂર્તિ એ કોણ છે? એને તો તેં સાંભળ્યો નથી પણ એના એક સમયના અસ્તિત્વની ભૂલ કેમ થાય તે અસ્તિત્વને તેં જાણ્યું નથી. આહાહા..! હેં? સમજાણું કાંઈ? જુઓ!

'તત્ત્વદૃષ્ટયા'ના બે અર્થ કર્યા. 'દ્રવ્યનું સ્વરૂપ જોતાં...' એટલે પર્યાયથી અને 'સાચી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિથી..' એટલે સત્યપણે જોતાં 'रागद्वेषोत्पादकं' એ વિકારનો ભાવ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ, ક્રોધ વગેરે એ ભાવને બીજો કરાવે એમ અમે દેખતા નથી. ઉત્પન્ન કરવામાં સમર્થ જોતા નથી. 'ઉપજાવવા સમર્થ જોવામાં આવતું નથી;...' બીજામાં તાકાત અમે તો દેખતા નથી. આહાહા..! કર્મને લઈને તાકાત ખરી કે નહિ? 'વલ્લભભાઈ'! આ બધા તમારા કહે છે. છાપેલું વાંચતા નથી. છાપેલામાં શું કહ્યું? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો દ્રવ્ય સ્વતંત્ર ક્યાં રહ્યું પણ? છાપેલામાં એમ નથી કહેતા. સમજાય છે? કર્મને લઈને થયું એ તો નિમિત્તપણું બતાવ્યું છે. દોષ તું કરે ત્યારે ચીજ કોણ હતી એનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે. એણે કરાવ્યું છે એ કહેવા માટે એ વાત છે નહિ. સમજાણું કાંઈ?

અરે..! દોષની સ્વતંત્રતાના અંશના અસ્તિત્વની પણ જેને ખબરું નથી એને નિર્દોષ ભગવાન જે અવ્યક્ત તત્ત્વ પર્યાયમાં આખો આવતો નથી, એવો અવ્યક્ત ચિદાનંદ ભગવાન, એની શ્રદ્ધા અને જ્ઞાન એને કેમ થાય? સમજાણું કાંઈ? અમે તો દેખતા નથી. તારા દોષને બીજો કોઈ કરાવે એવું અમે તો ક્યાંય દેખતા નથી. શું લઈને બેઠો આ તું? સમજાણું કાંઈ?

'(રહેલો અર્થ ગાઢો-દૃઢ કરે છે-)' ભાષા જુઓ એની! કહેલા ભાવને, કહેલા ભાવને ગાઢો-દૃઢ કરે છે. કહેલા ભાવને પાકો દૃઢ કરે છે. 'यस्मात् सर्वद्रव्योत्पत्तिः स्वस्वभावेन अन्तश्चकास्ति' જુઓ! આ બધા શબ્દો. અલૌકિક વાત! આ શબ્દો છે ઇ. 'यस्मात्' 'કારણ કે...' હવે આવું જ્યારે નક્કી થયું (તો) તે કારણે 'सर्वद्रव्योत्पत्तिः' જુઓ! પર્યાયની ઉત્પત્તિ. સર્વ દ્રવ્યની, વિકાર કે અવિકારની. 'स्वस्वभावेन' પોતાની યોગ્યતાને કારણે, એના ભાવને કારણે 'अन्त' એની પર્યાયથી 'श्चकास्ति' નામ અમને દેખાય છે. સમજાણું કાંઈ ? આહાહા..! એવો 'ચકાસ્તે' અનુભવમાં તો આમ આવે છે.

'કારણ કે...' 'सर्वद्रव्य' સર્વદ્રવ્ય આવ્યા ને? તો કયુ બાકી રહ્યું? જુઓ! આમાં બધા આવ્યા. ઘડાની પર્યાયને કુંભાર કરે એવી એની ઉત્પત્તિ (અમે જોતા નથી). કેમકે માટીનો પર્યાયનો પ્રવાહ આમ ને આમ ચાલે છે એ ચાલવામાં બીજો કરે એવું અમે ત્રણકાળમાં દેખતા નથી. આહાહા..! આત્મામાં જે પર્યાયપ્રવાહ ચાલે છે, ઉત્પત્તિ પર્યાય (થાય છે) એમાં પરદ્રવ્ય એને કરે છે એવું અમે દેખતા નથી. પુદ્ગલમાં આ શરીરનો પર્યાય એના પરમાણુની ધારા પ્રમાણે, પરમાણુમાં પ્રવાહરૂપે પર્યાય થાય છે. એક પછી એક, એ પર્યાયમાં બીજું દ્રવ્ય કરે છે એમ અમે ભાળતા નથી. આ કર્મને લઈને શરીરમાં રોગ થાય એમ અમે ભાળતા નથી, એમ કહે છે. સર્વદ્રવ્ય આવ્યું કે નહિ? હેં? આહાહા..! સર્વદ્રવ્ય છે ને?

કોઈ દ્રવ્ય એની અખંડ ધારાની પર્યાયની ઉત્પત્તિ.. અખંડ ધારા ચાલે છે ને? દ્રવ્ય-ગુણ કાયમ રહ્યા. એનો પર્યાય આમ અખંડ ધારા, ધારાવાહી પર્યાય અખંડ ચાલે છે. એ પર્યાય-અવસ્થાને બીજું દ્રવ્ય કરે, એમ અમારે અનુભવમાં આવતું નથી. એ અનુભવમાં છે નહિ. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કારતક સુદ ૧૪, સોમવાર તા. ૦૮-૧૧-૧૯૬૫.
## કળશ–૨૧૯, ૨૨૦ પ્રવચન–૨૪૪-B

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર', 'કળશટીકા'. ૨૭ મો કળશ છે. '(કહેલો અર્થ ગાઢો–દઢ કરે છે–)' એમ કહ્યું કે, આ આત્મા છે એમાં મોહ અને મિથ્યાત્વભાવ કે રાગ-દ્વેષભાવ ઉત્પન્ન થાય છે એમાં પરપદાર્થનો કાંઈ દોષ નથી. કારણ કે એની પર્યાયમાં પરિણમન થવું એ તો પોતાના સ્વતંત્ર કારણે (થાય) છે. એટલે કોઈ એમ કહે કે, આત્મામાં મોહનો, મિથ્યાત્વભાવનો કે રાગ-દ્વેષનો વિકાર થાય એ કર્મનું કે ભોગસામગ્રીનું.. સમજાય છે? કે શરીરનું કાંઈ કારણ છે માટે થાય છે એ વાત સાચી નથી. કહો, સમજાણું આમાં? કેમ?

'यस्मात् सर्वद्रव्योत्पत्तिः स्वस्वभावेन अन्तश्चकास्ति' જુઓ! આ મહાસિદ્ધાંત. જે કારણથી બધા દ્રવ્યો. દેખો! અનંત આત્માઓ–નિગોદથી માંડીને બધા, સિદ્ધ આદિ બધા. આ તો એક સિદ્ધાંત સિદ્ધ કરે છે, હોં! પુદ્ગલ–એક એક પરમાણુ કે અનંત પરમાણુનો પિંડ–સ્કંધ. ધર્માસ્તિકાય–ચૌદ બ્રહ્માંડમાં રહેલું એક તત્ત્વ. અધર્માસ્તિકાય–એ પણ એક રહેલું તત્ત્વ. અસંખ્ય કાળાણુ અને એક આકાશ. આ છ વસ્તુ (છે). એની 'उत्पत्तिः' જુઓ! ઉત્પત્તિની વ્યાખ્યા. 'અખંડ ધારારૂપ પરિણામ...' દરેક વસ્તુનો પર્યાય અખંડ ધારાપ્રવાહે એમાં ચાલ્યો જાય છે. કોઈ પરવસ્તુને લઈને એનો પરિણામ–પર્યાય થાય એવું વસ્તુના સ્વરૂપમાં નથી.

મુમુક્ષુ :– તો શેમાં છે?

ઉત્તર :– મૂંઢની માન્યતામાં છે. માન્યતા એણે ઊંધી કરી છે. અરે..! અમને આ વિકાર, આ દોષ કર્મ છે તો થાય છે. એ કર્મ છે તો એનો વિકારનો પર્યાય થાય છે એવું જરીયે છે નહિ. સમજાણું કાંઈ? કહે છે...

મુમુક્ષુ :– ડિગ્રી ટુ ડિગ્રીનું શું થયું?

ઉત્તર :– એ ડિગ્રી ટુ ડિગ્રીનું શું થયું? એ ડિગ્રી એના ઘરે રહી. પરમાણુ અને આત્મા અનંત જેટલા છે, એટલા આત્માઓ, નિગોદનો આત્મા, હોં! અહીંયાં બધા લેવા છે ને? અહીં તો સિદ્ધ પણ (લેવા છે). અહીં ભલે રાગ-દ્વેષની વાત સિદ્ધ કરવા એક સિદ્ધાંત આખો સિદ્ધ કરે છે. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપનો ભાવ કે ભ્રમણા, પરમાં સુખ છે, રાગમાં સુખ છે, પુણ્યમાં મજા છે, પાપમાં ઠીક છે એવો જે મિથ્યાદષ્ટિનો મિથ્યાત્વભાવ અને ઇષ્ટમાં રાગ અને અનિષ્ટમાં દ્વેષ એ જીવની પર્યાય ધારામાં ચાલે છે. એનો પર્યાયનો કાળ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમાં ચાલે છે. અહીં અખંડ પ્રવાહ લે છે. અખંડ પ્રવાહનો અર્થ અખંડ ધારારૂપ પરિણામ, એમ. જે વસ્તુમાં પરિણમન નામ પર્યાય છે, અવસ્થા થાય છે, એમ ધારાવાહી અવસ્થા ચાલે જ છે. એક પછી એક, એક પછી એક ધારા (ચાલે જ છે). વિકાર થાય છે એ વાત પહેલી સિદ્ધ કરી કે, પરથી નહિ. હવે અહીં તો મહાસિદ્ધાંત સિદ્ધ કરે છે.

એક એક પરમાણુ જે છે એનો પણ પર્યાય અખંડ ધારા–પહેલો, બીજો, ત્રીજો એમ ધારાવાહી પરિણામ ચાલે છે. એમાં એક રજકણના પર્યાયમાં અંખડ–ખંડ ન પડે, પ્રવાહમાં શું ખંડ પડે? પ્રવાહ.. પ્રવાહ.. પ્રવાહ.. એક પછી એક, એક પછી એક, એક પછી એક, જુઓ! એક પછી એકનો અર્થ થઈ ગયો કે, જે થવાનો હોય તે થાય એ. સમજાણું કાંઈ? એ પરમાણુ એક એક રજકણ, આમ અવસ્થા.. અવસ્થા.. અવસ્થા.. અવસ્થા.. અવસ્થા.. અવસ્થા.. અવસ્થા.. અખંડ ખંડ ન પડે એવો ધારાપ્રવાહ. ગંગાની ધારા પડે છે ને જેમ એક કુંડમાં? (એમાં) ક્યાંય ખંડ પડે છે? હેં? પેલું આપણે નહોતું જોયું? 'જોગફોલ'! ૮૦૦ ફૂટથી આમ મોટી ધારા પડે છે. હેં? વચ્ચે પાણીનો પ્રવાહ ક્યાંય તૂટતો હશે કે નહિ? ચાલ્યો જાય છે. સમજ્યા ને? અને આનો ધારાવાહી અહીં જુઓ તો પાલેજમાં નદી છે. એ પણ ઉપર ૫૦ ફૂટથી લગભગ પડે છે. એ તો નદીમાં જ તે. ધારાવાહી પાણી ચાલે છે, ધારાવાહી, ધારાવાહી. અહીં જુઓ..!

પર્યાય ઉત્પત્તિની વાત કરી છે. વસ્તુ છે એમાં જે પર્યાય–પરિણામ ઉત્પન્ન થાય એ એક પછી એક, એક પછી એક, એક પછી એક ધારા અખંડ – ખંડ ન પડે કે આ પર્યાય ઉત્પન્ન થઈ પછી વિરહ ખાધો, બીજા અવસ્થા ઉત્પન્ન થવામાં વિરહ પડ્યો, વિસામો લીધો. એમ હશે? આહા..! હેં?

મુમુક્ષુ :– એને ધારાવાહી કહેવાય નહિ.

ઉત્તર :– એ ધારાવાહી કહેવાય નહિ. ધારાવાહી. આ પરમાણુમાં પણ ધારાવાહી પરિણામ ચાલે છે. એ આત્માને લઈને નહિ, આત્માની ઇચ્છાને લઈને નહિ, આત્માના જ્ઞાનને લઈને નહિ. એ પર્યાય ધારાવાહી ક્રમે.. ક્રમે.. ક્રમે જે થવાનો છે તે ધારાવાહી થયા કરે છે. એ આત્માને લઈને થાય તો એ દ્રવ્યનું દ્રવ્યત્વ–દ્રવવું.. દ્રવવું જે ઉત્પન્ન થવું પર્યાયનું ધારાવાહી રહેતું નથી. સમજાણું કાંઈ?

એમ આત્મામાં પરિણામ એટલે પર્યાય–અવસ્થાનું અખંડપણું–ખંડ ન પડે, ધારાવાહી એમ ને એમ પ્રવાહ ચાલ્યો જાય છે. હવે પોતાના પરિણામને કાળે જ એ પરિણામ ધારાવાહી થાય, એમાં પરને લઈને થયું ક્યાં આવ્યું? આહા..! સમજાણું કાંઈ? પેલા દાખલો આપે કે, અમે શાંત બેઠા હતા. એમાં એક જણાએ આવીને ગાળ દીધી. જુઓ! ફટ... પરિણામ બદલ્યા કે નહિ? પણ બદલ્યા એ તો એ પરિણામની ધારામાં એ પર્યાય થવાનો છે. (અજ્ઞાની) એમ કહે, જુઓ! કોઈ કહે કે, નિમિત્તથી નથી થતું, ધારા પલટતી નથી (તો એ વાત ખોટી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે). સાંભળને હવે! સમજાણું?

અમે બેઠા હતા, અમારે ક્યાં ક્રોધ કરવો હતો? એમાં એક માણસે આવીને ગાળ્યું દીધી ને! બધા ધર્મના પૂંછડાઓ બેઠા છે ને વાતું કરે છે. અમને ક્રોધ આવી ગયો. લ્યો, ઇ ક્રોધ કરવો હતો? પણ એ પરિણામ પછી એ જ પરિણામ, એ જ પરિણામ ધારાવાહી થવાના હતા તે થયા છે. સમજાણું કાંઈ? એને લઈને અહીં પ્રવાહ ફર્યો છે (એમ નથી). એમ કહે, જુઓ! આ પાણી ચાલે છે. આમ પાણીનો પ્રવાહ ચાલે છે. ઇ આમ કરી નાખ્યો. જુઓ! ફર્યું કે નહિ? પણ શું ફર્યું પણ? એ પ્રવાહ એમ જ વળવાનો ધારાવાહી પ્રવાહ છે. આહા..! નિમિત્ત વડે થતું નથી, એમ અહીં કહે છે. એ માટે તો આ વાત સિદ્ધ કરે છે. નિમિત્ત એને ઘરે પ્રવાહી પરિણામ કરે છે. એ તો અહીં સિદ્ધ કરવું છે. નિમિત્ત શું કરે એને? દરેક દ્રવ્ય પોતાના પરિણામથી પર્યાયપણે પરિણમી ધારાવાહી થાય છે, એમાં કરે શું બીજો એમાં? આહાહા..! સમજાણું? આ શું લીધું?

'સર્વદ્રવ્ય' 'જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ...' છ નામ છે? તો છ દ્રવ્યમાં કયું બાકી રહી ગયું? 'उत्पत्तिः' એની વર્તમાન દશાની ઉત્પત્તિ, પરિણામની ઉત્પત્તિ, અવસ્થાની ઉત્પત્તિ 'અખંડ...' નામ ખંડ ન પડે એ રીતે 'ધારારૂપ પરિણામ...' ધારારૂપ પરિણામ કોને કહીએ? એક પછી એક, એક પછી એક, એનો પરિણામ છે એ રૂપે પરિણમી જાય છે. સમજાણું કાંઈ? નિમિત્ત પણ એક પદાર્થ છે કે નહિ? એનો પરિણામ પણ ધારાવાહી પરિણમે છે, આનો પરિણામ પણ ધારાવાહી પરિણમે છે. એમાં આને આણે શું કર્યું? અને આણે એને શું કર્યું? હાય.. હાય...! ભારે ગજબ પણ. ઊંધી તે દૃષ્ટિ. સમજાણું કાંઈ?

શરીરમાં પણ પરમાણુની જે અવસ્થા અખંડ-ખંડ ન પડે એ રીતે, ધારાવાહી-ધારાપ્રવાહ, ધારાપ્રવાહ થયા જ કરે છે, એને કારણે, આત્માને કારણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ દવાને કારણે અહીં ફરે નહિ, એમ કહે છે. એમાં આવ્યું કે નહિ? 'ચંદુભાઈ'!

પોતાની પર્યાય પોતાથી ધારા પ્રવાહ(રૂપે પરિણમે છે). પરિણમન વિનાનું દ્રવ્ય છે? પર્યાય વિનાનું દ્રવ્ય છે? એ તો એમ ને એમ પર્યાય ધારા ચાલે જ છે. અનાદિઅનંત જે દ્રવ્ય વસ્તુ ટકતી, એમાં પરિણામની ધારા ચાલે છે. એ પરિણામને બીજો કરે શી રીતે? પરિણામ વિનાનું એ દ્રવ્ય રહે છે? પર્યાયનું ધારાવાહી કાર્ય વિના દ્રવ્ય રહે છે કે જે કાર્ય બીજું આવે તો થાય?

મુમુક્ષુ :- નિમિત્તનો પ્રભાવ પડે?

ઉત્તર :- શેનો પ્રભાવ પણ? પ્રભાવની વ્યાખ્યા શું? પ્રભાવની વ્યાખ્યા શું?

મુમુક્ષુ :- ભલું-ભૂંડું કરે ઇ.

ઉત્તર :- પણ ભલા-ભૂંડાની વ્યાખ્યા શી? જે પદાર્થ પોતાની ધારાવાહી પરિણતિને કારણે આમ પ્રવાહ વહ્યા કરે, વહે છે, એક પછી એક અવસ્થા વહે છે. ધારા પ્રમાણે વહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અખંડિત ધારા પ્રમાણે ધારાવાહી એની વ્યાખ્યા શું? અખંડ ધારાવાહી પ્રમાણે ધારા પ્રમાણે અખંડ વહે જ છે, પર્યાય ચાલે જ છે. કહો, સમજાય છે કાંઈ આમાં?

ભગવાનઆત્મા કે એક એક પરમાણુઓ, એ અનંત રજકણો અને અનંત આત્મા, નિગોદનો આત્મા પણ એમ (પરિણમે છે). અનંત આત્માઓ એક શરીરમાં નિગોદમાં પડ્યા (છે) એના પર્યાય ધારાવાહી થયા કરે છે. એક પછી એક ધારાવાહી, ધાર-ધાર પડે આમ પ્રવાહની જેમ એમ પરિણામ વહ્યા કરે છે. એમાં બીજો કરે શું? અહીં અટકે તો કરે ને? અટકે ક્યાંથી પણ? પરિણામ તો અખંડ ધારાએ ચાલે જ છે. તો શું હશે? 'ભીખાભાઈ'!

અહીં તો કહે છે, અહીં તો છએ દ્રવ્યની વાત છે. અહીં તો રાગ-દ્વેષ માટે તો આ દૃષ્ટાંત હજી આપ્યો. રાગ-દ્વેષ થાય છે એને માટે તો આ સિદ્ધાંત કહે છે. આ છએની વાતનો સિદ્ધાંત છે. જેમ સિદ્ધ ભગવાન પરમાત્મા થયા એનો પણ પર્યાય ધારાવાહી ચાલ્યો જાય છે. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિગોદના જીવની પર્યાય પણ ધારાવાહી મિથ્યાત્વ, રાગ-દ્વેષ, મિથ્યાત્વ, રાગ-દ્વેષ પરિણામ ક્રમસર ધારાવાહી ચાલ્યા જ જાય છે. સમજાય છે કાંઈ? એમ સાધકજીવમાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થઈ એ પણ ધારાવાહી એમ એમ ચાલી જાય છે. સાથે થોડો રાગ બાકી છે એ પણ ધારાવાહી ચાલ્યો જાય છે.

તેથી તો કીધું ને? જ્ઞાનધારા અને કર્મધારા. સમજાય છે કાંઈ? કર્મ એટલે પેલા રાગના પરિણામ થાય છે એ કર્મધારા. અને અહીં જેટલી જ્ઞાનની નિર્મળતા થઈ (તે). બેય ધારા ચાલી જાય છે. સિદ્ધને પૂર્ણ ધારા ચાલી જાય છે, સાધકને બે (ધારા ચાલે છે), આ અજ્ઞાનીને એકલી વિકાર ધારા ચાલી જાય છે. અરે.. અરે...! નિમિત્તે શું કર્યું? પણ નિમિત્ત વિના શું થયું? નિમિત્ત વિના થયું એમ કહે છે. સમજાણું? નિમિત્ત તો એક પદાર્થ છે કે નહિ? નિમિત્ત બીજો પદાર્થ છે કે નહિ? તો એ પદાર્થમાં પણ અખંડ ધારાવાહી પરિણામ થાય છે કે નહિ? એ પરિણામ એના કરે કે બીજાના કરવા જાય? સમજાણું કાંઈ? દુનિયાને વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલા તત્ત્વોનું શું સ્વરૂપ છે, વાસ્તવિક વ્યવસ્થાની એને ખબર નહિ (એટલે) ગોટા.. ગોટા.. ગોટા (ઉભા કરે). કહો, સમજાણું?

આત્મામાં સમ્યગ્દર્શન થવામાં રોકનાર દર્શનમોહનો ઉદય (છે). ભગવાન પાસે ગયા, નિમિત્ત તો સારું હતું પણ કેમ ન થયું? જો નિમિત્તથી થાતું હોય તો. ત્યારે કહે, ન્યાં એને દર્શનમોહનો ઉદય નિમિત્ત હતો. પણ અહીં પરિણામની ધારા પોતાથી વહે એમ દર્શનમોહની ધારાનો એનો પરિણામ વહે છે. આહાહા..! દર્શનમોહના એ તો રજકણો, પરમાણુઓ છે. એની પણ સમયે સમયે પર્યાય વહે છે. એ પર્યાય એમાં વહે છે, આની પર્યાય આમાં વહે છે. એમાં આણે આને કર્યું અને આને આણે કર્યું છે ક્યાં? આહાહા..!

આ તો સિદ્ધ તો એમ કરવું છે કે, અજ્ઞાનીને સ્વભાવમાં નથી અને ભ્રાંતિ ને રાગ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્વેષ થાય છે માટે પરથી થાય છે કે નહિ? કે ના. એ પણ પોતાથી, કિંચિત્ (પણ) પરને લઈને નહિ. એને માટે આખો સિદ્ધાંત સિદ્ધ કર્યો. સર્વદ્રવ્ય 'उत्पत्तिः स्वस्वभावेन अन्तः' એની પર્યાયમાં 'એવું જ અનુભવમાં નિશ્ચિત થાય છે અને એમ જ વસ્તુ સધાય છે,...' 'अन्तः चकास्ति'. એના પરિણામમાં અંતર એ પ્રકારે ધારા વહે છે એ રીતે વસ્તુ સાધી શકાય છે. નહિંતર વસ્તુ સાધી શકાતી નથી. આહાહા..! પેલામાં લખ્યું છે ને? જુઓ! અહીંની કોઈ અધ્યાત્મની વાત માટે પૈસા દીધા. લખ્યું છે. પેલા ભાઈ.. 'પ્રકાશચંદજી'. આ ધર્મમાં કૂટનીતિ આવી ક્યાંથી આવી? કોઈને સત્ય વાત અહીંની બેસે એટલે (કહે) અહીંથી પૈસા આપ્યા છે. અહીં 'રામજીભાઈ' પાસે લાખ, કરોડ પૈસા પડ્યા હશે. કહો, હેં? 'મલૂકચંદભાઈ' પાસે છે તો એના છોકરા પૈસા પડ્યા છે. મમતા. કહો, સમજાણું કાંઈ? આરે.. આરે..!

ભગવાનઆત્મા, અનંતા આત્માઓ, જુઓ! આ નિગોદના જીવને પણ કહે છે, હોં! કોઈ એમ કહે કે, નિગોદના જીવ તો અસંજ્ઞી છે, એને મન નથી, પાંચ ઇન્દ્રિયો નથી, શું કરે? એક જ ઇન્દ્રિય છે. માટે કર્મને કારણે એના વિકારના પર્યાયો થાય છે. ના. સમજાણું કાંઈ? એ પણ જીવનો પર્યાયનો પ્રવાહ અવસ્થા ધારાવાહી થયા જ કરે છે, અખંડ ધારા પોતાને કારણે (થાય છે), બીજાને કારણે નહિ. આહાહા..! આ વાત સાંભળી ન હોય એટલે (રાડ નાખે), એ.. કર્મને ઉડાવ્યા. પણ આ કહે ભગવાન પાસે જઈને. ભગવાન તો કહે છે કે, એની પર્યાય એને કારણે ચાલે છે. ભગવાન કહે છે, અમે તો એમ (જોઈએ છીએ). જુઓ! અહીં તો કહેશે કે, 'અનુભવમાં નિશ્ચિત થાય છે...' જ્ઞાન એમ નક્કી કરી શકે છે. એનામાં આવું અસ્તિત્વ છે એમ જ્ઞાન નક્કી કરી શકે છે. જ્ઞાનમાં એ રીતે આવે છે, બીજી રીતે આવતું નથી. આહાહા..! સમજાણું?

બધા દ્રવ્યો- અનંત આત્માઓ નિગોદથી (માંડી) એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય બધા આત્માઓ પોતાની પર્યાયમાં. પરમાણુ પોતાની પર્યાયમાં. આકાશ એની પર્યાયમાં. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ. એની વર્તમાન પર્યાય અને ભૂતની ધારાવાહી.. ધારાવાહી.. આયત લાંબી દોડતી એક પછી એક, એક પછી એક, એક પછી એક પરિણમનની પર્યાય દ્રવ્યમાં વહે છે. એમાં બીજો કરે શું એને? કહો, સમજાણું આમાં? કહો, આ પૈસા જોડે છે તો નિવૃત્તિ લઈને અહીં બેસાય છે, એ વાત સાચી છે? 'સુમનભાઈ'!

ઘણા એમ કહે છે, ન્યાં તો બધા પૈસાવાળા બેસે. હમણાં કોઈક કહેતું હતું. નવરા અને પૈસાવાળા બે ન્યાં જાય છે. કો'ક આવ્યો હતો. સાચી વાત છે. 'પ્રફુલ્લભાઈ' ઉપર કાગળ (આવ્યો હતો). નહિ? 'પ્રફુલ્લભાઈ' ઉપર. તમે ક્યાં ન્યાં સલવાણા? ન્યાં તો નવરા માણસ હોય અને કોઈ પૈસાવાળા હોય તો ત્યાં જાય નવરા. આ બધા કામગરા! દુનિયા તો ગાંડી છે ને! ગાંડાના ગામ કાંઈ જુદા હોય છે? કોરા પાગલ માળા! નવરો જ છો, પરદ્રવ્યને અને તારે કાંઈ સંબંધ છે જ નહિ ને! તારા દ્રવ્ય-ગુણ તો કાયમ રહેનારા છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય અખંડ ધારાએ વહે છે. હવે તારે શું છે? પરથી નવરો જ છો. આહાહા..! સમજાય છે કાંઈ? દુકાન ન્યાં બેઠા વિના, થડે બેઠા વિના ચાલતી હશે? એલા.. ! દુકાનના રજકણો છે કે નહિ? પૈસાના રજકણો છે કે નહિ? માલના રજકણો છે કે નહિ? એની પર્યાય પ્રવાહ ધારાવાહી ચાલે છે કે નહિ? કે તારાથી ન્યાં ચાલતી હશે? ન્યાં ક્યાં ધણીપતું થઈ ગયું તને? સમજાણું કાંઈ?

આ જડ માટી શરીર માટીના રજકણો (છે). એની પર્યાય ધારાવાહી ચાલે છે. એમાં આત્મા ઇચ્છા અને જ્ઞાન પણ એની ધારાવાહી પર્યાયમાં આવે છે. આના ધારાવાહી પર્યાયમાં આ આવે છે. એમાં આનાથી આ અને આનાથી આ (થાય) એમ છે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ?

'उत्पत्तिः सर्वद्रव्य उत्पत्तिः' શબ્દમાં એમણે આખો અર્થ કર્યો. ઉત્પત્તિનો અર્થ ઉત્પન્ન થાય, ઉત્પન્ન થાય આમ ધારાવાહી. ઉત્પાદ.. ઉત્પાદ.. ઉત્પાદ.. ઉત્પાદ.. ઉત્પાદ.. દ્રવ્ય ઉત્પાદ વિનાનું નથી. એટલે કોઈપણ પદાર્થ ઉત્પાદ એટલે પર્યાય વિનાનો નથી. એટલે પર્યાય વિનાનું નથી એ પર્યાય અખંડ ધારાપણે ઉત્પન્ન થાય છે, એમ અર્થ કર્યો. વાત તો ... શું કરે? આ તો ઉત્પત્તિમાં અખંડ ધારારૂપ પરિણામની વ્યાખ્યા કરી, એમ. દ્રવ્યઉત્પત્તિ, દ્રવ્યઉત્પત્તિ એટલે કે પર્યાય. ધારાવાહી ચાલે છે, બસ! તે કઈ રીતે?

'પોતપોતાના સ્વરૂપે...' એ દરેક દ્રવ્યનો પર્યાય પોતાની જાતની જાતનો સ્વરૂપથી ઉત્પન્ન થાય છે. વિકાર કે અવિકાર એના સ્વરૂપથી ઉત્પન્ન થયેલો છે. પરના સ્વરૂપથી ઉત્પન્ન થયેલો નથી. કહો, આમાં ના પાડે છે કે, કર્મના ઉદયથી અહીં અમને ભ્રમણા થાય છે, અમને ભાન રહેતું નથી, એમ ના પાડે છે. હેં? ભાઈ! અમારે ઘણું સારું કરવું છે, ભાઈ! પણ કર્મ એવા નિકાચિત બાંધેલા છે ને. ક્યાં જોયા તેં કર્મ?

મુમુક્ષુ :– શાસ્ત્રમાં

ઉત્તર :– શાસ્ત્રમાં લખ્યું છે. કર્મનો પર્યાય કર્મમાં છે એમ અહીં લખ્યું છે. શાસ્ત્રમાં તો એમ અહીં લખ્યું છે કે, કર્મનો પર્યાય કર્મમાં વહે છે, એમ લખ્યું છે. એનો પર્યાય તારામાં આવી જાય છે અને તારો (પર્યાય) એને લઈને થાય છે એ શાસ્ત્રમાં ક્યાં લખ્યું છે? સમજાણું કાંઈ? પણ ન્યાં લખ્યું છે ને કે, જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું. જ્ઞાનાવરણીય કોને કહેવું? જ્ઞાનાવરણીય નામ છે, દેખો! અને ચાર કર્મનું ઘાતિકર્મ નામ છે. ઘાતિ નામ છે, એ કોને ઘાતે? પોતાને? પરને ઘાતે. એ તો કર્મની પર્યાયનું નામ એવું છે. એ રજકણોની પર્યાયોનું એવું એક નામ છે. એ નામને લઈને અહીં આત્માની પર્યાય ઘાતે એમ કોણે કહ્યું? આહાહા..! સમજાણું કાંઈ? ચાર ઘાતિકર્મ એ નામ કોના? દ્રવ્યના, ગુણના છે? આત્માની પર્યાયના છે? એ તો પુદ્ગલની કર્મરૂપે પર્યાય થઈ એનું નામ ઘાતિકર્મ છે. એની પર્યાયનું નામ ઘાતિકર્મ છે. અહીં પર્યાયનો ઘાત કર્યો એમ એમાં ક્યાંથી આવ્યું? ભારે વાંધા, ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'ન્યાલભાઈ'! શું કરવું આમાં?

ચાર ઘાતિકર્મ નથી આવતું? ઘાતિકર્મ. જ્ઞાનાવરણીયે જ્ઞાનને ઘાત્યું, દર્શનાવરણીયે દર્શનને ઘાત્યું. તો કહે છે, દર્શનાવરણી, જ્ઞાનાવરણીય પરમાણુનો પર્યાય છે કે નહિ? એ પરમાણુનો પર્યાય એમાં સમયે સમયે વહે છે કે નહિ? અને અહીં આત્મા જોડે છે તો એનો પર્યાય પોતાથી વહે છે કે નહિ? એણે ઘાત્યું એવું આવ્યું ક્યાંથી? આહાહા..! ભારે પણ વાંધા ઉઠ્યા. પેલો કહે, કર્મ ઈશ્વર. અને આ કહે, કર્મ.. કર્મ.. કર્મ.. નહિતર કર્મ સિદ્ધ નહિ થાય. કર્મ તો એના દ્રવ્ય, ગુણ અને પર્યાયથી સિદ્ધ થશે કે કર્મ કોઈ વિકાર કરે તો સિદ્ધ થશે? સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુને સિદ્ધ કરવી હોય તો કાયમ રહેનારો શક્તિવાન, એની શક્તિ અને એની વર્તમાન ધારા, બસ! એનાથી વસ્તુ સિદ્ધ થાય. પરને કાંઈક કરે તો વસ્તુ સિદ્ધ થાય એવું ઇ ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? ભારે પણ, ભાઈ!

પરમાણુમાં ભાષાનો પર્યાય આવે છે કે ભાષાની પર્યાયમાં પ્રવાહ છે તે પ્રમાણે ચાલે છે, આત્માને લઈને નહિ. એ દ્રવ્ય છે કે નહિ? એ અસ્તિ છે કે નહિ? સત્તાવાન પદાર્થ છે કે નહિ? સત્તાવાન છે તો પર્યાય છે કે નહિ? પર્યાયનો કાળ અખંડ છે કે નહિ? કે પર્યાય ક્યાંય ખંડ થાય? બસ! એની પર્યાય એને કારણે ચાલી જાય છે.

'स्वस्वभावेन' એ સ્વ નામ 'પોતપોતાના સ્વરૂપે...' એમ. પછી વિકાર હો કે અવિકાર હો, પોતપોતાના સ્વરૂપે ઉત્પત્તિ (થાય છે). પોતાના સ્વ-રૂપથી એટલે પોતાના રૂપથી પોતાના ભાવથી તે ઉત્પત્તિ થાય છે. 'એવું જ...' દેખો! 'अन्तः' એનો અર્થ કે 'એમ જ વસ્તુ સાધ્ય થાય છે,...' એમ જ 'चकास्ति' એમ. 'એવું જ અનુભવમાં નિશ્ચિત થાય છે...' જ્ઞાનમાં પણ એ રીતે સિદ્ધ થાય છે. જડને તો કાંઈ ખબર નથી એટલે અનુભવસિદ્ધ એમ કર્યું. તારો જ્ઞાનપર્યાય પણ એમ નક્કી કરે છે કે, પર્યાય સમયે સમયે થાય છે. એની પર્યાય એનામાં થાય છે. 'એમ જ વસ્તુ સધાય છે,...' પરમાણુ અને આત્મા આ રીતે વસ્તુ સિદ્ધ થાય છે. 'એમ જ વસ્તુ સધાય છે,...' (એમાં) શું કીધું? એનો પર્યાય એનાથી ધારાપ્રવાહ થાય એમ એ વસ્તુ સધાય છે. તારો પર્યાય તારાથી થાય એમ એ વસ્તુ સધાય છે, એમ કીધું. કો'કને કારણે થાય તો વસ્તુ સધાય તો ખબર પડે, એમ કીધું છે?

'અન્યથા વિપરીત છે.' દેખો! 'અન્યથા વિપરીત છે.' દરેક આત્મા અને પરમાણુની પર્યાય પરથી થાય, ધારા તૂટે, પરથી થાય ને ધારા તૂટે એ વિપરીત છે. ઓહોહો..! ભારે વાંધા ઉઠ્યા. લાકડું એની મેળાએ ચાલશે? (એમ કહે છે). લાકડાની પર્યાયનો ધારાનો પ્રવાહ નથી? એને કારણે એનો પર્યાય ઊંચો-નીચો એના પર્યાયથી ધારાવાહી ઉત્પત્તિ થાય છે.

મુમુક્ષુ :- હાથ લગાવ્યો છે ને!

ઉત્તર :- હાથ લગાવ્યો છે કોણે? કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- કઠણ પડે..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :– કઠણ પડે, પણ ઇ તો કહે છે, આંખ્યું તો ઉઘાડ. 'અનુભવમાં નિશ્ચિત થાય છે...' એમ તો કહે છે. તારા જ્ઞાનથી જો કે એ વસ્તુ છે કે નહિ? આ છે કે નહિ? લે, ચાલો. આંગળા, પછી આ છે કે નહિ? ઇ છે તો દ્રવ્ય-ગુણરૂપે તો કાયમ છે. તો એનો પર્યાય એમાં છે કે નહિ? કે પર્યાય વિનાનું છે? તો પર્યાયની ધારા એમાં ક્રમસર ચાલી જાય છે. એમ જ્ઞાનમાં આવે છે. એમાં આણે પર્યાય કરી એ આવ્યું ક્યાંથી? ઓહોહો..! કહો, સમજાણું આમાં?

'અન્યથા વિપરીત છે.' એટલે? આ કર્મની પર્યાયથી આત્મામાં વિકાર થાય એ વિપરીત છે. આ કર્મનો અભાવ થાય તો અહીં સમ્યગ્દર્શનનો પર્યાય થાય એ વિપરીત છે. આત્માએ ઇચ્છા કરી માટે આ હાથ ઊંચો થયો, એ પર્યાય આમાં એ કાળે થઈ એ વિપરીત છે. એ..ઇ...! શું થયું આ? સાચી વાત હશે આ? લૌકિકમાં આવે છે તારે? ન્યાં શું ગપમાં આવે? હેં? કહો, શેઠ! સમજાય છે આ? આહાહા..!

છે કે નહિ? વસ્તુ છે કે નહિ? એમ કહે છે. છે. છે તો એ પરિણમનવાળી છે? પરિણમનવાળી છે, બદલવાવાળી છે? કે બદલ્યા વિનાની છે? તો બદલવું થાય એ એની ધારાએ થયા કરે છે. છે, ઇ પલટે છે. છે એ બદલાઈને ધારાવાહી પ્રવહે છે. હવે એમાં તારે કરવું છે શું એમાં અહીંનું ન્યાં? એ 'અન્યથા વિપરીત છે.' માણસ રેલમાં ચાલતો હોય, ડબ્બામાં, આમ રેલ ચાલી જાય છે. એમાંથી ધક્કો મારે એટલે ડબ્બામાં પાછો વળે તો પર્યાય ફરી ગઈ કે નહિ? હેં? અરે..! પણ તું શું કહે છે આ? હેં? એનો પર્યાયના કાળની ધારા ચાલે છે કે નહિ? આડી થઈ કે આ થઈ, આમ થઈ ને આમ થઈ ઇ આવ્યું ક્યાંથી પણ? કહે છે. આહાહા...! 'પોપટભાઈ'! ભારે વાત, ભાઈ!

એને આ નક્કી થાય તો એની પર્યાયનું કાર્ય દ્રવ્ય કરે. તો દ્રવ્ય શું છે? જ્ઞાયક ચિદાનંદમૂર્તિ છું એવી દૃષ્ટિ કરવાનો અધિકાર પણ તારો છે. એમાં કોઈનું ત્યાં કામ નથી. એમ કહેવું છે. એ નિર્મળ પર્યાય કરવામાં પણ ધારાવાહીનું કાર્ય તારું છે. વિકારી પર્યાય કરવાનું પણ પરિણમન તારું છે. સમજાણું આમાં?

હા, હા. ઇ પર્યાય પ્રગટી. પર્યાય પ્રગટી, ધારાવાહી પ્રગટી. એમાં શું કીધું? પર્યાય પોતાની વર્તમાનમાં અજ્ઞાનભાવે (હતી) એનો અભાવ કર્યો હતો. પેલી પર્યાય બીજી હતી, પેલી પર્યાય બીજી થઈ એના પ્રવાહ પ્રમાણે. પરથી ઉત્પન્ન થઈ એમ ત્યાં નથી કીધું. એમ કે, ન્યાં આ બધાની પર્યાય આ ચાર ગતિના દુઃખ, વિભાવ, ઇન્દ્રિય અને મન, કર્મથી ઉત્પન્ન થયા. એટલે શું પણ? કે દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવથી ઉત્પન્ન થયેલા નથી. એના પર્યાયના ખંડમાં મિથ્યા રાગ ને દ્વેષની ધારાથી ઉત્પન્ન થયા. એનાથી થયા એટલે કર્મ થયું, એનાથી થયું એટલે થયું તો તે તારાથી. અહીં વસ્તુ–દ્રવ્યને સિદ્ધ કરવી છે અને અહીં કર્મ સિદ્ધ (કરવું છે), એટલે આનાથી થયા, તારા દ્રવ્યથી નહિ. પર્યાયથી થયેલા ભાવ તારાથી નહિ એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બતાવીને કર્મથી થયા એમ કીધું છે, બાકી થઈ તો છે એ પર્યાય તારાથી. આહાહા..!

અશુદ્ધનિશ્ચયથી તારા પરિણામ ખંડ ખંડ તેં ઊભા કર્યા છે. એ આત્મદ્રવ્યે નહિ, વસ્તુનો સ્વભાવ નથી એમ ત્યાં બતાવવું છે. સમજાણું કાંઈ? આહા..! પર્યાયસ્વભાવ. અશુદ્ધિ એ જાતનું સ્વરૂપ જ ક્યાં છે? એ અપેક્ષાએ ત્યાં બતાવવું છે. અહીં તો એની ધારા જે ચાલે છે એ પોતાથી ચાલે છે, બસ! એ પરથી છે નહિ, પરની ધારા તારાથી નથી. સમજાણું?

'કેવી છે પરિણતિ?' જુઓ! 'अत्यन्तं व्यक्ता' એ પર્યાયધારા પ્રગટ છે એમ અહીં તો કહે છે. શું કીધું? આત્મામાં જે ક્રમસર પર્યાય ચાલે, પરમાણુમાં પર્યાય ક્રમસર (ચાલે) એ અત્યંત પ્રગટ છે. એ કંઈ દ્રવ્ય અને ગુણરૂપ નથી. 'अत्यन्तं व्यक्ता' 'અતિશય પ્રગટ છે.' વસ્તુની પર્યાય રાગ-દ્વેષપણે થવી, મિથ્યાત્વપણે થવી, સમ્યક્‌પણે થવી એ અત્યંત ધારાવાહીમાં અત્યંત પ્રગટ જ છે, એમ કહે છે. સમજાણું? એ ૨૭ શ્લોક (પૂરો) થયો.

એ છેલ્લો શબ્દ બહુ સરસ છે. સમજાણું? 'सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्' એટલાનો અર્થ થયો, લ્યો! બે પદ. સમજાણું? 'यस्मात्' ત્યાંથી લીધું હતું. 'यस्मात् सर्वद्रव्योत्पत्तिः स्वस्वभावेन अन्तश्चकास्ति व्यक्तात्यन्तं स्वस्वभावेन' લ્યો! સમજાણું કાંઈ? આહાહા..! ન્યાં બાંધ્યા વિનાના આ ચોપડા થાતા હશે? બાઈન્ડીંગ શું કહેવાય આ? બાઈન્ડીંગ ને આ બધા થતા હશે?

મુમુક્ષુ :– એ સ્કંધ છે.

ઉત્તર :– એ સ્કંધ દ્રવ્ય નથી? એ દ્રવ્ય છે સત્તાવાળું છે કે અભાવ છે? અભાવ હોય એ દ્રવ્ય જ ન કહેવાય. તો છે એનો ધારાવાહી પર્યાય છે કે નહિ? બસ! એના ધારાવાહી પર્યાયથી આ થયું છે. જોડેવાળા જીવ કહે કે, મેં કર્યું છે, તો એ મૂર્ખાઈના ભાવને સેવે છે. એ પણ એની પર્યાયમાં આવ્યો છે. સમજાણું કાંઈ? એ..ઇ...! શું કરવું આમાં? કોણે ચોપડીઓ કરી આ બધી? નોવેલ-ફોવેલ. આહા..! એ પરમાણુઓ દ્રવ્ય છે કે નહિ? એને કારણે પ્રવાહ એનો પર્યાય ચાલ્યા જાય છે. આહાહા..! આ તે કાંઈ જગતની વાત! 'अत्यन्तं व्यक्ता' છે ને? પ્રગટ જ છે ને! અત્યંત એટલે અતિશય પ્રગટ જ છે ને! એનો પર્યાય ધારાવાહી એનાથી છે, એ તો પ્રગટ જ છે ને! આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(માલિની)

यदिह भवति रागद्वेषदोषप्रसूतिः
कतरदपि परेषां दूषणं नास्ति तत्र।
स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो
भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः ।।२८-२२०।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય સંસારઅવસ્થામાં રાગ–દ્વેષ–મોહ–અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે તે, વસ્તુનું સ્વરૂપ વિચારતાં, જીવનો દોષ છે, પુદ્ગલદ્રવ્યનો દોષ કાંઈ નથી; કારણ કે જીવદ્રવ્ય પોતાના વિભાવ–મિથ્યાત્વરૂપ પરિણમતું થકું પોતાના અજ્ઞાનપણાને લીધે રાગ–દ્વેષ–મોહરૂપ પોતે પરિણમે છે. જો કદી શુદ્ધ પરિણતિરૂપ થઈને શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે, રાગ–દ્વેષ–મોહરૂપ ન પરિણમે, તો પુદ્ગલદ્રવ્યનો શો ઇલાજ ચાલે ? તે જ કહે છે– 'इह यत् रागद्वेषदोषप्रसूतिः भवति तत्र कतरत् अपि परेषां दूषणं नास्ति' (इह) અશુદ્ધ અવસ્થામાં (यत्) જે કાંઈ (रागद्वेषदोषप्रसूतिः भवति) રાગાદિ અશુદ્ધ પરિણતિ થાય છે (तत्र) તે અશુદ્ધ પરિણતિ થવામાં (कतरत् अपि) અત્યંત થોડું પણ, (परेषां दूषणं नास्ति) જેટલી સામગ્રી છે–જ્ઞાનાવરણાદિ કર્મનો ઉદય અથવા શરીર–મન–વચન અથવા પંચેન્દ્રિય ભોગસામગ્રી ઇત્યાદિ ઘણી સામગ્રી છે–તેમાં કોઈનું દૂષણ તો નથી. તો શું છે ? 'अयम् स्वयम् अपराधी तत्र अबाधः सर्पति' (अयम्) સંસારી જીવ (स्वयम् अपराधी) પોતે મિથ્યાત્વરૂપે પરિણમતો થકો શુદ્ધ સ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે; કર્મના ઉદયથી થયો છે અશુદ્ધ ભાવ, તેને પોતારૂપ જાણે છે; (तत्र) એ રીતે અજ્ઞાનનો અધિકાર હોતાં (अबोधः सर्पति) રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધ પરિણતિ થાય છે. ભાવાર્થ આમ છે કે જીવ પોતે મિથ્યાદ્રષ્ટિ થતો થકો પરદ્રવ્યને પોતારૂપ જાણીને અનુભવે ત્યાં રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધ પરિણતિનું થવું કોણ રોકે ? તેથી પુદ્ગલકર્મનો શો દોષ ? 'विदितं भवतु' એમ જ વિદિત હો કે રાગાદિ અશુદ્ધ પરિણતિરૂપે જીવ પરિણમે છે તે જીવનો દોષ છે, પુદ્ગલદ્રવ્યનો દોષ નથી. હવે આગળનો વિચાર કંઈ છે કે નથી ? ઉત્તર આમ છે–આગળનો આ વિચાર છે કે 'अबोधः अस्तं यातु' (अबोधः) મોહ–રાગ–દોષરૂપ છે જે અશુદ્ધ પરિણતિ તેનો (अस्तं यातु) વિનાશ હો. તેનો વિનાશ થવાથી 'बोधः अस्मि' હું શુદ્ધ, ચિદ્રૂપ, અવિનશ્વર, અનાદિનિધન, જેવો છું તેવો વિદ્યમાન જ છું. ભાવાર્થ આમ છે કે–જીવદ્રવ્ય શુદ્ધસ્વરૂપ છે; તેમાં મોહ–રાગ–દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ થાય છે; તે અશુદ્ધ પરિણતિને મટાડવાનો ઉપાય આ છે કે સહજ જ દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમે તો અશુદ્ધ પરિણતિ મટે; બીજું તો કોઈ કરતૂત–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપાય નથી. તે અશુદ્ધ પરિણતિ મટતાં જીવદ્રવ્ય જેવું છે તેવું છે, કાંઈ ઘટવધ તો નથી. ૨૮-૨૨૦.

---

હવે ૨૮ (કળશ).

यदिह भवति रागद्वेषदोषप्रसूतिः
कतरदपि परेषां दूषणं नास्ति तत्र।
स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो
भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः ।।२८-२२०।।

'ભાવાર્થ...' કીધા પહેલાં પાધરો ભાવાર્થ. એમ કે, હવે આ કહેવું છે કે, એમ. ભાવ-અર્થ એટલે આમાં ભાવ, ભાવ ભરેલો આમ કહેવું છે. 'આમ છે કે જીવદ્રવ્ય સંસારઅવસ્થામાં...' હવે અહીં આ લેવું છે. સંસારદશામાં નિગોદથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધી જ્યાં જ્યાં જે પર્યાય મેલી હોય એટલી. જ્યાં જ્યાં રાગ-દ્વેષ, મોહ હોય ત્યાં. રાગ-દ્વેષ મોહ. કંપન મલિન હોય ત્યાં કંપન. સમજાણું? અહીં તો ખરેખર તો રાગ-દ્વેષની ઉત્પત્તિ મિથ્યાત્વમાંથી થાય છે એમ અહીંયાં બતાવવું છે. પછી થાય છે એ તો એનો જ્ઞાતા છે.

'સંસાર અવસ્થામાં રાગ-દ્વેષ-મોહ...' એ પ્રીતિ-અપ્રીતિનો રાગ-દ્વેષ અને મોહ નામ પરમાં એકત્વબુદ્ધિ. સમજાણું કાંઈ? મારો આનંદ રાગમાં છે, પુણ્યના ભાવમાં છે, પુણ્યની સામગ્રીમાં છે એવો મિથ્યાત્વભાવ અને તે પદાર્થના લક્ષે પ્રીતિ-અપ્રીતિનો ભાવ. એ 'અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે...' સમજાણું કાંઈ? કોણ? જીવ. જીવદ્રવ્ય-જીવવસ્તુ જીવ નામનો પદાર્થ સંસારદશામાં, સંસારરૂપી અવસ્થામાં સ્વરૂપમાંથી ખસેલો એવી અવસ્થામાં 'રાગ-દ્વેષ-મોહ-અશુદ્ધ ચેતનારૂપ...' ભાષા જુઓ! એ ચેતનાના અશુદ્ધ પરિણામ છે. 'અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે...' રાગ-દ્વેષ-મોહરૂપે અશુદ્ધચેતના-મલિનભાવ-મેલભાવ. ઓહો..! આવી સીધી સાદી વાતમાં મોટી તકરારો કરે. મોટી તકરારો. પાછો વળી કહે, રાગથી ધર્મ થાય. એ વળી મોટા વાંધા. આમાં એ ત્રણેનો નિકાલ છે. નિમિત્તથી અહીં થાય, વ્યવહારથી અહીં થાય, કર્મ બદલી જાય બધી વાત ખોટી. સમજાણું કાંઈ? સંસારદશામાં અશુદ્ધરૂપે પરિણમે છે. 'તે, વસ્તુનું સ્વરૂપ વિચારતાં,...' પદાર્થની હાલત અને સ્વભાવના સ્વરૂપનો વિચાર કરવાથી 'જીવનો દોષ છે,...' જીવનો દોષ છે. સમજાણું?

અરે..! કોઈએ ટાણે મને કહ્યું નહિ, હોં! મારે નિમિત્ત હોય નહિ કોઈ. છે ને માળો! પર ઉપર બધું નાખે છે ને? કોઈ સલાહકાર મળ્યો નહિ. ટાંગા-બાંગા રહી ગયા ને? મને કોઈ સલાહકાર મળ્યો નહિ. .... ત્યારે. એ..ઇ...! એક અમારે છે. એ કહે, પૈસા છે, બાયડી-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાયડો બે જ છે. અરે..રે..! ટાણે કોઈ મને સલાહકાર મળ્યું નહિ, હોં! પણ તમને સલાહ તો કહેતા હતા. પણ આ હવે મફતના હેરાન થઈને મરી જાઓ છો મફતના કો'કને માટે રાગ ને દ્વેષ ને મોહ (કરે છો). અરે...! અમને સલાહકાર મળ્યા નહિ. હવે તમે છોડી દ્યો. કોણ કહેતું હતું ગધેડા જેવાને. ઉપાડને ગધેડા જેવા ભાર, કોણ તને ના પાડે છે? 'પોપટભાઈ'! છોકરા કહે. અરે..! ટાણે છોકરાએ કહ્યું નહિ. અરે..! બાપા! હવે છોડી દ્યો, છોડી દ્યો. છોકરાએ કહ્યું નહિ, ભાગીદારે કહ્યું નહિ. આણે કહ્યું નહિ. હવે બાપા! તમારે પચાસ-પચાસ વર્ષ થઈ ગયા, સાંઈઠ-સાંઈઠ થઈ ગયા. હવે રહેવા દ્યો. ઘણું કર્યું.

મુમુક્ષુ :– બાપા તો કહે ને મારા અનુભવનો લાભ આપું.

ઉત્તર :– લાભ આપું, એમ કહે. એના અનુભવનો લાભ આપે. પાછો રખડવાનો.

મુમુક્ષુ :– ...બાપને ગમતું ન હોય ને!

ઉત્તર :– એની વાત જ ઇ છે. એને કીધા વિના એને હખ ન આવે. એ કાંઈક બગાડશે તો? ધંધો નહિ આવડે તો? ફલાણું નહિ આવડે તો? એ.. તું આમ કરજે, હોં! એ.. તું આમ કરજે, હોં! આહાહા..! હેં?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ મફતની અડી છે ને? ન્યાં એને ક્યાં ભાન હતું? આમ કરજે, હોં! એ આમ કરજે, હોં! બા આમ કરીશ. બહુ પ્રેમથી બોલાવે તો બા કહે. નહિતર એ..ઇ..! એમ કહે. શું છે પણ તારે? તારા પરિણામ તારા અને એના પરિણામ એના. એને લઈને તારામાં ક્યાં? અને તારે લઈને એનામાં ક્યાં? ભારે પણ અંદર લઈને બેઠી છે ને! આત્માની શક્તિ, ઊંધી પર્યાય. આહાહા..!

એ 'જીવનો દોષ છે,...' સમજાણું કાંઈ? એ 'પુદ્ગલદ્રવ્યનો દોષ કાંઈ નથી;...' એ કર્મનો જરીયે દોષ નથી. આવી વાત! નિમિત્ત કહેવું એનો અર્થ કે, બીજી ચીજ કોણ છે એનું જ્ઞાન કરવા માટે છે. હેં? એક બીજી ચીજ (છે). હાજર, હાજર (છે). વળી પેલા કહે, હાજર છે. હાજર એટલે છે એક બીજી ચીજ. હાજરનો અર્થ શું? એક બીજી ચીજ છે, એ તો જ્ઞાન કરવા માટે છે, પણ એનાથી થાય છે એમ છે નહિ. જરીયે પુદ્ગલનો દોષ નથી, કર્મનો જરીયે દોષ નથી.

'કારણ કે જીવદ્રવ્ય પોતાના વિભાવ–મિથ્યાત્વરૂપ પરિણમતું થકું...' અહીં તો ઇ ખુલાસો એટલે લીધો. જીવ આત્મા પોતે પોતાની પર્યાયમાં વિકારરૂપ, મિથ્યાત્વરૂપ, ભ્રમરૂપ (પરિણમે છે). આ હું કરું, આ કરું તો ઠીક થાય, આ કરું તો સરાડે ચડે, આમ ન કરું તો ન થાય એવી મિથ્યાત્વની, અજ્ઞાની પરિણતિ પોતાથી ઊભી કરે છે. સમજાણું કાંઈ? 'મિથ્યાત્વરૂપ પરિણમતું થકું...' 'પોતાના વિભાવ-મિથ્યાત્વરૂપ પરિણમતું થકું...' એમ. ઇ અહીં લેવું છે. વિકારી મિથ્યાશ્રદ્ધારૂપ પર્યાયમાં પરિણમતો થકો 'પોતાના અજ્ઞાનપણાને લીધે...' પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપના અભાનમાં. સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ ભગવાન જ્ઞાનાનંદના અજ્ઞાનપણાને કારણે. સમજાય છે? 'અજ્ઞાનપણાને લીધે રાગ-દ્વેષ-મોહરૂપ પોતે પરિણમે છે.' પોતે પોતાના અજ્ઞાનને કારણે. 'વિભાવ–મિથ્યાત્વરૂપ પરિણમતું થકું પોતાના અજ્ઞાનપણાને લીધે રાગ-દ્વેષ-મોહરૂપ પોતે પરિણમે છે.' કેમ? કેમ કહે છે કહીએ છીએ. કેમ?

'જો કદી શુદ્ધ પરિણતિરૂપ થઈને...' પરિણમે તો કોણ એને રોકે છે? એમ કહે છે. પુદ્ગલનો દોષ નથી એમ બતાવવું છે શું કરવા? પણ તું પોતે જ મિથ્યાભ્રાંતિપણે આ રાગ ને આ ને આ.. પરવસ્તુને દેખીને રાગ, દ્વેષ, મિથ્યાભ્રમ એ રૂપે તું જ જીવ મિથ્યા વિભાવરૂપ પરિણામ અજ્ઞાનપણાને કારણે થાય છે. કેમ? કે, પોતે 'કદી શુદ્ધ પરિણતિરૂપ થઈને...' દેખો! તું સ્વભાવ ઉપર દૃષ્ટિ કરીને શુદ્ધ પરિણતિરૂપ પરિણમ તો કોણ તને રોકે છે? એમ અહીં કહે છે. વિકારમાં પણ તને કોઈ કરાવતું નથી અને શુદ્ધ પરિણતિ કરવામાં તને રોકે છે કોણ? આહાહા..! સમજાણું કાંઈ?

'જો કદી શુદ્ધ પરિણતિરૂપ થઈને...' પરિણતિ એટલે શુદ્ધ સ્વભાવનું પરિણમન. હું નિર્મળ જ્ઞાનાનંદ છું, એવું પરિણમન કરવામાં પરિણતિ કરવામાં તને રોકે છે કોણ ? અશુદ્ધ પરિણતિ તું કરે છો અને શુદ્ધ પરિણતિ કર તો તું કરી શકે છે, એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શું ન્યાય ન મળ્યો? તારો દોષ છે ઇ ન્યાય મળ્યો એને. આહાહા..! ભાઈ! તું જ રાગ અને દ્વેષ અને ભ્રમણાપણે થા અને કદી તું ગુલાંટ ખા. ઇ પરિણમન તું કર, એને રોકે છે કોણ? દોષ તું કરતો હતો, આમ પરિણતિ તું કર, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? અરે..! હું તો જ્ઞાતા-દૃષ્ટા (છું). મારી ચીજ તો નિર્મળાનંદ સચ્ચિદાનંદ શુદ્ધસ્વરૂપ છે. એવી શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન કર તે પણ તારું કર્તવ્ય છે માટે દોષ પણ તારો છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કોણ તને રોકે છે? કર્મ રોકે છે. કોણે કીધું તને? દોષમાં કર્મ નથી તો શુદ્ધ પરિણતિમાં કર્મનો અભાવ થાય (તો થાય) કોણ તને કહે છે એવું? એમ અહીં કહે છે. સમજાણું કાંઈ?

એક જણો કહેતો હતો, અમે મરી ગયાને મારી નહિ, હોં! આઠ-આઠ, દસ-દસ દીકરીઓ, એને પરણાવી. અમે મરી ગયેલા છીએ. ઠીક! સાત-સાત દીકરી, એક દીકરો સાધારણ નાનો, હજી તો બે વર્ષનો (છે). સાત-સાત છોડીયું. લોઢા જેવી. એક બાવીસ ને એક વીસ ને અઢાર ને સોળ ને કરવું શું આમાં? ચાર મોટી છે અને ત્રણ હજી નાની છે. અમે મરી ગયા છીએ, ભાઈ! એ.. 'મલૂકચંદભાઈ'! આ બધા શબ્દો અમારે કાને આવેલા ને! અમારા કામમાં જરી સોંઘું-મોંઘું બહુ કરશો નહિ, હોં! અમે મરી ગયેલા. લે.. ભારે ભાઈ! હેં? ઇ તો કહે, અમારે માથે વાળ જેટલા દેણા છે, ભાઈ! લે! વાળ.. શું કહે છે? માથાના વાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેટલા.. શું કહે છે? એટલું દેણું છે. માળો પણ ભારે ભાઈ! માથાના વાળ જેટલા દેણા. દસ-દસ છોકરીઓ એટલે...! તમારે 'હિંમત'ને નવ હતી કેટલી હતી? નવ. 'હિંમતભાઈ'ની સાળીઓ. પણ શું છે પણ? એ તો પરદ્રવ્ય છે, એની પર્યાય (છે). (તારામાં) ગરી ગઈ ક્યાં? ક્યાંથી માની મારે સાત ને મારે દસ? હેં! 'જમુભાઈ'! તમે જ સાત ને ત્રણ દસ છો ને? આહાહા..! ચોંટ્યો પણ ક્યાંનો ક્યાં!

કહે છે કે, ઇ દોષ તું કરે છો કેમ? કે, દોષ ફેરવીને સ્વભાવમાં દૃષ્ટિ કર તો તારી પરિણતિને રોકે છે કોણ? હું દોષ કરું છું અને દોષ મેં ટાળ્યા. કહો, બરાબર છે? હેં? એકપક્ષી જ વાત વાત છે આમાં. એક જ આત્માનો ન્યાય ઉતાર્યો. થોડોઘણો ન્યાય તો બીજાને આપો. આ 'ન્યાલભાઈ' બેઠા જોડે, ન્યાય તો એક ઠેકાણે ઉતરે કે ક્યાં ઉતરે?

કેવા? તારો પૂરો વાંક. એ લોકો એમ કહે છે, બે વિના (દોષ ન થાય). તારો દોષ અને તારો પણ દોષ, એમ અહીં નથી. બે વિના તાળી ન પડે. બે વિના દોષ ન થાય કજિયો. ઇ ખોટી વાત છે. હેં? બાપુ! તારો વિકારનો ક્લેશ તેં ઊભો કર્યો છે. આહાહા..! અરે..! ભગવાન ચિદાનંદ સત્તા સ્વભાવને સાંભળ્યા, સમજ્યા વિના, સંભાળ્યા વિના એ ન સંભાળ્યો પણ તેં અને સંભાળ તો પણ તું. બેયમાં તું સ્વતંત્ર છો, ભાઈ! આહા..! ઓહોહો..!

રોકે પોતે અજ્ઞાન. કોણ રોકે? ધૂળ. ઇ તો કીધું આ. તું કરે છો ઇ રોકે છે. રોકે કોણ? અરે..! પહેલા તો બે બોલ લીધા. 'વિભાવ-મિથ્યાત્વરૂપ પરિણમતું થકું...' એમ. ઊંધી શ્રદ્ધાપણે થયો થકો 'પોતાના અજ્ઞાનપણાને લીધે રાગ-દ્વેષ-મોહરૂપ પોતે પરિણમે છે.' શ્રદ્ધા ઊંધી અને ભાન ન મળે. રાગ-દ્વેષ થયા. ત્રણે દોષ ભેગા થઈ ગયા. મિથ્યાત્વરૂપ પરિણમતો અજ્ઞાનપણાને કારણે મોહ ને રાગ-દ્વેષ પરિણમે. ભાઈ! ત્રણે લઈ લીધું. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. ત્રણે એમાં સમાડી દીધા. આહાહા..! સમજાણું કાંઈ? 'એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે' બાપુ! જંજીરે તું કેદમાં બંધાણો છો. વિકારના ભાવે. છોડ! તું છોડી શકે છે. તારી તાકાત છે. ચૈતન્યદ્રવ્યમાં નજર કર, ભગવાન પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ (છે). તારી પરિણતિ ફરી જાય. કહો, સમજાણું?

'જો કદી શુદ્ધ પરિણતિરૂપ થઈને શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે,...' તું જો આમ કર, એમ. 'શુદ્ધ પરિણતિરૂપ થઈને...' જ્ઞાનાનંદ ચૈતન્યદ્રવ્ય. અનાકુળ આનંદ, અનાકુળ આનંદ, શાંત એ હું છું. એવી શ્રદ્ધા, એવું જ્ઞાન, એવી જ પરિણતિ અવસ્થા. 'શુદ્ધ પરિણતિરૂપ થઈને શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે,...' લ્યો! શુદ્ધ પરિણતિરૂપ થઈને, એમ. શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ પરિણમે. સમજાણું? શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્માના અનુભવરૂપે, એ શુદ્ધ સ્વરૂપના સત્કારરૂપે, શુદ્ધ સ્વરૂપના અંતર આદરરૂપે પરિણમ તો રાગ-દ્વેષ-મોહરૂપ ન પરિણમે. તો રાગ-દ્વેષ-મોહ થાય નહિ. આમ થાય તો આ થાય નહિ. માટે 'પુદ્ગલદ્રવ્યનો શો ઇલાજ ચાલે?' માટે કર્મનો એમાં ઇલાજ શું છે? કહો, એમાં કર્મનો ઇલાજ શું કરવો છે તારે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભાઈ! કર્મ કાંઈક મંદ પડે તો મને શુભભાવ થાય. શુભભાવ થાય તો શુદ્ધ કરવાનો અવસર આવે. એમ છે ક્યાં? એમ અહીં કહે છે. શાસ્ત્રમાં તો એવું લખાણ આવે, હોં! ... સાંભળને! તારો પુરુષાર્થ તારો છે. ગુલાંટ ખા તો તું અને ઊંધો પડ તોપણ તું. ઓહોહો..! કેટલાક તો કહે, નાખી નજરું પડતી નથી, ભાઈ! સમજાય છે? સંસાર દુઃખરૂપ અને સંસારને ટાળવો એ ક્યાંય અવકાશ દેખાતો નથી. લે! ટાળવાનો ભાવ થાય અને અવકાશ દેખાતો નથી એનો શું અર્થ થયો? સમજાણું કાંઈ?

'પુદ્ગલદ્રવ્યનો શો ઇલાજ ચાલે?' પુદ્ગલદ્રવ્યનો તારામાં ઇલાજ-ઉપાય શું? એને લઈને કાંઈ છે નહિ. 'તે જ કહે છે-' 'इह यत् रागद्वेषदोषप्रसूतिः भवति तत्र कतरत् अपि परेषां दूषणं नास्ति' જુઓ! 'कतरत्' શબ્દ પડ્યો છે. થોડો રાખો, થોડો. કહે. કર્મના દોકડા રાખો ૪૯ અને આત્માના પુરુષાર્થના ૫૧. કાં ૫૦ દોકડા પોતે પુરુષાર્થના ઊંધાઈથી કરે અને ૫૦ દોકડા નિમિત્તને લઈને થાય. એમ રાખો, બે ભાગ પાડો. હેં? કહો, સમજાણું આમાં?

આ અમારે ઘણા વર્ષ પહેલા બહુ વાંધા ઉઠતા. કેટલા? અઢાર ને ચાલીસ વર્ષ પહેલા. થોડો રાખો, થોડો. (સંવત) ૧૯૭૬ની સાલ, ૧૯૭૧ ની સાલથી. ૨૯ અને ૨૨, ૫૧ વર્ષ થયા. અડધો સૈકો. એમ નહિ, એમ રહેવા દો. એકાંત રહેવા દો, કાંઈક ન્યાય આપો, તમે કહો છો એમ. તમારા જ કહેતા હતા. બહુ કરો તો તમે એમ કરો, તમને આત્માનું બહુ જોર હોય તો ૫૧ દોકડા પુરુષાર્થના, ૪૯ દોકડા કર્મના એમ બે રાખો. પણ કર્મ જ કાંઈ ન કરાવે? શાસ્ત્રમાં આવે છે કે, દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ. લ્યો, આ પ્રશ્ન મોટો ચાલ્યો હતો. '....' 'ધીરુભાઈ' છે ને? 'ધીરુભાઈ' કેવા? 'તુરખીયા'. એ વીસ છોકરા લઈને ૧૯૮૩ માં આવેલા. આ તો ૧૯૭૬ની સાલમાં ... ભાઈઓ! કેમ છે? દ્રવ્યકર્મને લઈને ભાવકર્મ ને? તો કહે, હા. ભાવકર્મને લઈને દ્રવ્યકર્મ ને? તો કહે. એલા..! શું હા પાડો છો? આ ઉઠા ભણાવે છે, કીધું. હેં?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે છે...

ઉત્તર :- આવે છે ખરું પણ શું આવે છે? એ તો કહે છે કે, તું દોષ કર તો દ્રવ્યકર્મ ત્યાં નિમિત્ત છે. સમજાય છે? અને તું દોષ કર તો નવા કર્મનું પરિણમન ત્યાં એને કારણે થાય છે. એમ સિદ્ધ કરે છે. અહીંથી આ થાય ને અહીંથી આ થાય, એમ ક્યાં કહે છે? આહાહા..! સમજાણું? આમાં પણ આવે છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે, દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ. ઇ તો કહે છે કે, તારો સંબંધ નિમિત્ત ઉપર ગયો છે. માટે તને દોષ તારાથી થયો છે. એ દોષમાં નિમિત્ત ઇ પૂર્વનું કર્મ થયું. વળી એ દોષ નવા કર્મને નિમિત્ત થયું. બસ! આ રીતે દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ કીધું. સમજાણું કાંઈ? જડ કર્મનો ઉદય, તું દોષના પર્યાયમાં જોડા તો એને નિમિત્ત કીધું. દ્રવ્યકર્મથી ભાવકર્મ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કહેવામાં આવ્યું. નિમિત્ત-નિમિત્તિ સંબંધ કીધો. અને ભાવકર્મ વિકાર તેં કર્યો તો કર્મની નવા રજકણોની પર્યાય થઈ. એને આ નિમિત્ત પડ્યું. એટલે દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ આ રીતે કીધું છે. આ છે માટે આ છે અને આ છે માટે નવું થાય છે એમ ક્યાં છે? કહો! 'ભીખાભાઈ'! તમે ત્યાં શું શીખ્યા હતા?

અહીં પણ ચાલતું નહોતું? (સંવત) ૨૦૦૧ની સાલમાં 'જીવણધર' આવ્યા નહિ? અમારા પ્રશ્નનો ઉત્તર દઈ શક્યા નથી. હજી લખે છે. 'જીવણધર' છે ને એ તો ! અહીં કહે, નહિ. ૫૦ દોકડા ઉપાદાનના અને ૫૦ દોકડા નિમિત્તના. લો! અહીં કહે છે, ૧૦૦ દોકડા આત્મામાં આત્માના પરિણામના અને ૧૦૦ દોકડા નિમિત્તમાં નિમિત્તના પરિણામમાં. આહાહા..! અરે..! એ.. ધર્માસ્તિકાયના અભાવે સિદ્ધ નીચે ન આવ્યા. લાવો જવાબ. આહાહા..! અરે..! ભગવાન! શું કરવું છે તારે? સિદ્ધના પરિણામની પર્યાય નિમિત્તને લઈને અટકી? ધર્માસ્તિકાય નથી માટે? એના પરિણામની ધારાવાહી ચાલે એને રોકે કોણ? અહીં તો વાત આવી. આહાહા..! ભારે ગજબ પણ થયો છે ને! સમજાણું? હેં?

ખોટા આશ્વાસન? જૂઠા. મરી ગયો, આશ્વાસન આપો. જીવતો છે તો જીવતો જ રાખો. સમજાય છે? એ તો સમજી જાય પેલો કે, જીવતો નથી. 'રામજીભાઈ'નો એક છોકરો મરી ગયો હતો ને? ... ડૉક્ટર આવ્યા. પાણીમાં તણાણો હતો. દસ ગાવે નીકળ્યો. 'હીરાલાલ'. 'રામજીભાઈ' આવ્યા એટલે પેલા કહે, 'ગોપાળજીભાઈ' ને બધા સામા ગયા. તપાસ કરીએ છીએ. આ સમજી ગયા કે, નથી આવ્યા. એમ કે, પેલો તણાણો છે એને શોધીએ છીએ, ગોતીએ છીએ. ફાનસ કાઢ્યા, ફાનસ. મડદું ગોતવા. મડદું નીકળ્યું. 'ગઢડા' દેહ પડી ગયો નીકળ્યું '...' ત્યાં ... અરે..! શેના આશ્વાસન? સમજી ગયા કે, આ અમસ્તુ બોલે છે. સમજાણું? આમાં કાંઈ ન મળે. શેના આશ્વાસન? ખોટા. અહીં કહે છે, તું તારા દોષનો કરનાર 'कतरत् अपि' કોઈ પરદ્રવ્ય જરીયે કરે એ વાત ત્રણકાળમાં બનતી નથી. એનો વિસ્તાર કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કારતક સુદ ૧૫, મંગળવાર તા. ૦૯-૧૧-૧૯૬૫.**
**કળશ-૨૨૦ પ્રવચન-૨૪૪-C**

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' કળશ ૨૮ મો ચાલે છે. જુઓ! શું ચાલે છે? ઘણી વાત આ ગાથાઓમાં આવી ગઈ. કારણ કે અનાદિથી એ દોષ કરે પોતે અને દોષ નાખે પરમાં. એવી એને અનાદિની ટેવ છે. કર્મની વાત શાસ્ત્રમાં આવે (કે), જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું, દર્શનાવરણીયે દર્શનને રોક્યું, મોહનીયે આત્મામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરાવ્યો એમ જ્યાં આવે ત્યાં માની લે કે આ વાત બરાબર છે. એથી કરણસિદ્ધાંતમાં એવા કથનો ઘણા આવે. પણ એનો અર્થ એવો નથી કે એને એણે રોક્યું અને કર્મે એને દોષ ઉપજાવ્યો એવું નથી. એ માટે આ વાતને આચાર્ય ઘણા કળશ દ્વારા ઘણી સાચી દઢ વાત કરે છે.

'તે જ કહે છે–' 'इह यत् रागद्वेषदोषप्रसूतिः भवति तत्र कतरत् अपि परेषां दूषणं नास्ति' આ 'અશુદ્ધ અવસ્થામાં...' (દશામાં) આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ અંતર હોવા છતાં અનાદિથી એની વર્તમાન દશા મલિન, અશુદ્ધ, ભ્રાંતિ અને રાગ-દ્વેષરૂપે છે. એવી દશામાં 'જે કાંઈ...' 'જે કાંઈ' એમ શબ્દ છે ને? 'यत्' એટલે 'જે કાંઈ...' જે કાંઈ. 'रागद्वेषदोषप्रसूतिः भवति' જોયું? રાગ-દ્વેષનો પ્રસવ થાય છે. સમજાય છે કાંઈ? આત્મામાં રાગ, પ્રીતિ, દ્વેષ, અપ્રીતિ અને મિથ્યાશ્રદ્ધા એવો જે આત્માની અંદર એની પર્યાયમાં પરિણતિ–'રાગાદિ અશુદ્ધ પરિણતિ થાય છે...' ઇ ભાષા એટલી થઈ.

'रागद्वेषदोषप्रसूतिः भवति' આત્માની દશામાં જેટલા રાગ અને દ્વેષ જે પ્રકારે... 'यत्' છે ને? (એટલે) 'જે કાંઈ..' જે પ્રકારે જે કંઈ પણ મિથ્યાત્વભાવ કે રાગ-દ્વેષભાવ જે કાંઈ થાય છે 'તે અશુદ્ધ પરિણતિ થવામાં...' એ આત્માની વિકારી દશામાં જ્ઞાનનું હિણાપણું થવું, દર્શનનું હિણાપણું થવું, મિથ્યાત્વનું વિપરીત માન્યતાપણે થવું, રાગ-દ્વેષની વાસનાની ઉત્પત્તિ થવી, વીર્યનું નબળાપણું થવું વગેરે જે આત્માની દશામાં થાય એમાં 'અશુદ્ધ પરિણતિ થવામાં...' મલિન દશામાં થવામાં 'कतरत् अपि' 'અત્યંત થોડું પણ...' કોઈ પણ એમ કહે છે. 'यत्' અને 'कतरत् अपि'. જે કાંઈ રાગ-દ્વેષ, વિકાર થાય એમાં કોઈ પણ, જરી પણ કર્મનો દોષ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'कतरत् अपि' 'અત્યંત થોડું પણ,...' થોડો, થોડો. કર્મ છે તો કર્મ કાંઈ કરાવે કે નહિ? જૈનમાં તો કર્મને લઈને બધું છે એમ જગત કહે છે. કાંઈ કર્મ છે તો કર્મનું કાર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો કરે કે નહિ? તો કહે છે કે, ભાઈ! આપણે તો જૈનમાં કર્મ બધું કરાવે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, અજ્ઞાન, જ્ઞાન, સુવાડવું-જગાડવું બધું કર્મ કરાવે, આપણે શું કરીએ? કહે છે કે, જરી પણ તારા દોષમાં પર કર્મનો અવકાશ થોડો પણ નથી. જરીયે કરતું હોય, જરીયે કરતું હોય એ વાત છે નહિ. લ્યો, હવે આટલું ... કહો, સમજાણું કાંઈ? છે કે નહિ પુસ્તક? એ..ઇ...! ન્યાં શું ચાલતું હશે? ‘કુચામણ’માં બધા..

જે કાંઈ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ, ક્રોધ, દયા, દાન, વ્રત કે મિથ્યાશ્રદ્ધા રાગાદિ મલિન અવસ્થા થાય એ અવસ્થામાં.. અહીં અવસ્થાની વાત છે ને? તેથી તો પહેલી અશુદ્ધ અવસ્થા લીધી છે. એમાં કોઈ પણ થોડો પણ ‘જ્ઞાનાવરણાદિ કર્મનો ઉદય...’ દેખો! જ્ઞાનાવરણીય કર્મ મતિજ્ઞાનાવરણીય કર્મ છે એનો ઉદય આત્માને જરી પણ જ્ઞાનની હિણી દશા કરે એવું જરી પણ નથી. કહો, હવે આનું શું કહેવું છે? એ..ઇ...! આ કહે કે નહિ. જ્ઞાનાવરણીય કર્મ જેટલા પ્રકારે ઉદયમાં આવે તેટલા પ્રકારે જ્ઞાનની હિણી દશા થાય. જ્ઞાનનો ક્ષયોપશમ થાય એ પ્રમાણે આત્મામાં ઉઘાડ થાય. અહીં ભગવાન કહે છે કે, એ વાત તારી સોળે સોળ ટકા ખોટી છે. સોળ ટકા એટલે રૂપિયો અથવા સોળ ટકા એટલે આખું.

થોડો પણ જ્ઞાનાવરણીયનો ઉદય જ્ઞાનની હિણી દશાને કરે તે કાંઈ પણ જ્ઞાનાવરણીયનો જરીયે દોષ નથી. બરાબર છે? તો બધાની બુદ્ધિ કેમ સરખી નથી? કહો. કો’કની થોડી બુદ્ધિ અને કો’કની ઘણી (છે). પોતાને પણ હિણી કરવાનો ભાવ કોઈને હોય? પણ સમયે સમયે છે ને? જે પોતાનો પર્યાય જે રીતે ઉત્પન્ન (થવાનો હોય) એ ઉત્પન્ન જ થાય પોતાથી. અહીં પ્રસૂતિ કીધી ને? પ્રસૂતિ એટલે ઉત્પન્ન થવું. જે પ્રકારે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભાવ થાય તે પ્રકારે પોતામાં પોતે કરે એમાં જ્ઞાનાવરણીય આદિ, દર્શનાવરણીયનો જરીયે દોષ નથી, એમ અહીં તો કીધું. જુઓ! છે ને આઠે કર્મ?

‘જ્ઞાનાવરણાદિ કર્મનો ઉદય...’ જ્ઞાનારવણીય કર્મે... ભાઈ! આપણને અહીંયાં અવધિજ્ઞાન કેમ થતું નથી? અવધિજ્ઞાનાવરણીય કર્મને કારણે. એમ છે જ નહિ. જ્ઞાનાવરણીય કર્મ જરીયે તને દોષ કરે, હિણી દશા કરે કે ઉગ્ર દશા ઉત્પન્ન થવા ન દે એમાં જરીયે કર્મનો દોષ નથી. આ વાત કેટલી સ્પષ્ટ મૂકી છે, લ્યો! રાડેરાડ પાડે.. એ..ઇ..! ‘સોનગઢ’વાળા એકાંત કહે છે, કર્મથી કાંઈ થાય નહિ, કર્મથી કાંઈ થાય નહિ. સિદ્ધાંતમાં કહે છે કે, કર્મને લઈને થાય, કર્મને લઈને થાય. લ્યો, ઇ માળા આમ પોકાર કરે છે. અહીં સિદ્ધાંત ના પાડે છે. ‘છોટાભાઈ’!

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય લ્યો! એ વેદનીય કર્મ આત્માના અવ્યાબાધ ગુણને જરીયે રોકે એમ છે નહિ. પરદ્રવ્ય શું કરે પણ? મોહનીય કર્મ આત્માને હાસ્ય કરાવે, શોક કરાવે, રતિ ઊપજાવે, અરતિ ઊપજાવે, ઘેલછા – આ ગાંડપણું જીવને થાય છે, ગાંડા થાય છે એ કર્મના ઉદય વિના થાય? એક જણાએ એક દાખલો આપ્યો, જુઓ! આ દારૂ પીવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે કેમ મતિ હણાય છે? એમ કર્મના ઉદયથી હણાય છે. હણાતી નથી દારૂને લઈને સાંભળને! દારૂ તો નોકર્મ છે. અહીં તો કર્મ નથી કરતું તો વળી નોકર્મ (કરે કેમ)? સમજાણું? મોહનીય આમ કરાવે. ઘેલછા ઊપજાવે. મોહનું એવું જોર છે. માણસ ગાંડા થઈ જાય આમ બુદ્ધિમાં ભ્રષ્ટ થઈ જાય. અહીં તો ના પાડે છે. હરામ છે તારી વાત એકેય દોકડો સાચી હોય તો. મોહકર્મને લઈને ગાંડો (થાય). એ સમજાણું કે નહિ 'જેચંદભાઈ'? ... શું કરવા થાય છે? એને પોતાના દોષને કારણે થાય છે, એમ કહે છે.

મુમુક્ષુ :– શરીરને લઈને દોષ થાય છે ?

ઉત્તર :– ધૂળમાંય નથી. શરીર તો માટી (છે), એની તો વાતેય નથી. એ તો નોકર્મ છે. આ તો જેની સાથે નિમિત્ત-નિમિત્ત ખરો સંબંધ છે એ પણ એને કાંઈ કરતું નથી એમ વાત લેવી છે. આની (–નોકર્મની) સાથે તો ક્યાં એને ખરો સંબંધ છે? સમજાણું? આયુષ્યને કારણે અહીં આત્મા રોકાય છે, આત્માની પર્યાય રોકાય છે એમ પણ જરીયે કરતું નથી.

મુમુક્ષુ :– .. શાસ્ત્ર વાંચ્યા પછી કાઢ્યું.

ઉત્તર :– શાસ્ત્ર વાંચ્યા પછી કાઢ્યું. પહેલા તો કાઢ્યું'તું. શાસ્ત્રો વાંચ્યા તો શાસ્ત્રોમાં તને આ બતાવ્યું? શાસ્ત્ર વાંચીને શીખ્યો સ્વચ્છંદ. કર્મના ઉદયને લઈને થાય, ફલાણાને લઈને થાય. સમજ્યા ને? વાસના. એ તો કર્મનો ઉદય થાય તો વાસના થાય. 'શ્રીમદ્'માં નથી લખ્યું? કર્મ કેમ છે? વેદનો કરવાનો ભાવ નથી અને ફટ પાંચ સેકંડે થાય. પણ એ તો કર્મ સિદ્ધ કરે છે કે તું બીજે સમયે વિકાર કરે છો તો બીજા ઉપર તારું લક્ષ જાય છે. એમ સિદ્ધ કરે છે. પણ એને લઈને આત્મામાં કાંઈ થાય (એમ નથી). કહો, સમજાણું કાંઈ? પણ માણસ કહે છે ને, બુદ્ધિ કર્માનુસારિણી. એવું સાંભળ્યું છે કે નહિ? બુદ્ધિ કર્માનુસારિણી સાંભળ્યું છે કે નહિ? 'સુજાનમલજી' તમારે હિન્દુસ્તાનમાં ચાલે છે? અહીં ના પાડે છે. 'પોપટભાઈ'! બધું ઊંધું હશે આ?

'જ્ઞાનાવરણાદિ કર્મનો ઉદય...' એટલે આઠે કર્મ થઈ ગયા ને? નામ, ગોત્ર, અંતરાય વગેરે. એ અંતરાય કર્મનો ઉદય. શું કરીએ અમારે દાન દેવાનો ભાવ થતો નથી. દાનાંતરાય કર્મનો ઉદય દાન દેવાને રોકે, ભાવમાં ક્ષયોપશમ થવાને (રોકે). લ્યો! અહીં કહે છે કે, હરામ એ વાત છે નહિ. અમારે વીર્યની સ્ફુરણા ઘણી કરવી છે. ચારિત્ર લેવું હોય પણ અંદર ચારિત્રમોહનો ઉદય રોકે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી આવતું? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એવું આવે છે. એ તો નિમિત્ત બતાવે છે. શું એને લઈને થાય છે? સમજાણું કાંઈ? ભારે પણ શાસ્ત્રોના અર્થો એવી પોતાની દૃષ્ટિએ કરે. એવા લખાણ.. એવા લખાણ..(કરે). ઢંઢેરો પીટે. ઓહો...! એ.. આમ થયું, એ.. આમ થયું. કર્મને માનતા નથી. નિમિત્ત એક માનો ને, નિમિત્ત એટલે શું? નિમિત્ત માનો એટલે ઇ, તમે એનાથી દોષ થાય એમ માનો. બસ! થઈ રહ્યું, પતી ગયું. સમજાણું? આઠેય કર્મનો ઉદય જીવને કાંઈ નુકસાન કરે, થોડો પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે, જરી પણ કરે એવું ભગવાન કહેતા નથી અને વસ્તુમાં એમ હોતું નથી.

'શરીર-મન-વચન...' એ બોલ પહેલા શ્લોકમાં આવી ગયા છે. શરીર, મન અને વચન. પહેલા શરીર આવ્યું હતું, પછી શરીર-મન અને વચન આવ્યું હતું. (એમ) ત્રણ વાર આવ્યું. સમજાય છે? પહેલા ત્રીજી લીટીમાં શરીર આવ્યું હતું અને આગળમાં આવ્યું હતું, શરીર, મન, વચન એમ ત્રણ (વાર) આવ્યું હતું. ૧૯૭ પાને આવ્યું હતું. સમજાણું કાંઈ? પહેલું શરીર પછી મન, વચન (આવેલું). બીજું શરીર પછી આગળની લીટીમાં શરીર, મન અને વચન. આઠમી લીટી. કહો, સમજાણું કાંઈ?

કહે છે, એ શરીર. એ શરીર જરીયે આત્માને ખેદ કરાવે એ ખોટી વાત છે, શરીર જરીયે ખેદ કરાવતું નથી. 'જેચંદભાઈ'! એમ કહે છે. આ શરીર જરીયે આત્માને દુઃખ ઉપજાવે, ખેદ ઉપજાવે, કંટાળો ઉપજાવે (એમ) ત્રણકાળમાં થોડી પણ શરીરમાં તાકાત નથી, એમ કહે છે. માળો, કરે પોતે અને નાખે પરમાં. સમજાણું? એમ મન.. મન. મન સરખું રહેતું નથી. મનમાં કંઈકના કંઈક ઘોડા દોડે છે. નથી (કહેતા)? નારકીનું આયુષ્ય બંધાઈ ગયું હશે? એક જણો એમ કહેતો હતો. આ મારા પરિણામ કેમ સુધરતા નથી? .... વળી પાછું સરખું થયું તો કહે, હવે પરિણામ સારા થઈ ગયા. કહો, સમજાણું? આપણા 'મોહનભાઈ' ઇ પહેલા કહેતા હતા, નરકનું આયુષ્ય બંધાઈ ગયું હશે? પછી જ્યારે મહિનો સાથે રહ્યા બધા પરિણામ (સરખા થઈ ગયા). હવે મૂકને પડતી. પરિણામ કર્મ કોણ કરાવતો હતો? છોકરો એને ઘરે રહ્યો.

આત્મા પોતાના પરિણામ બગાડે ત્યારે બીજી ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. તો જ નિમિત્ત કહેવાય. બગાડે તો નિમિત્ત ક્યાં રહ્યું? તો તો ઉપાદાન થઈ ગયું. એણે અહીં કાર્ય કર્યું. નિમિત્ત જ ત્યારે કહેવાય. પોતે કાર્ય કરે ત્યારે સામી ચીજ હોય એને નિમિત્ત કહેવામાં આવે છે. મન અને વાણી. કહો, વાણી. આકરા શબ્દો કહે, લોઢાના બાણ જેવી ગાળ્યું દે અને ક્ષમા રહે? ક્રોધ થયા વિના રહે? એ..ઇ...! છોકરા છોકરા એવી ગાળ્યું દે, બાયડી બાયડીમાં એવા ટોણા મારે, ટોણા. વીંછીના ડંખ જેવા. પેલી થોડું બોલે તો એથી વધારે બોલે, એકબીજા ક્યાંય કોઈ ક્લેશમાં હિણા ન પડી જાય. તો એને લઈને થાતું હશે કે નહિ? બિલકુલ નહિ. વાણી દ્વારા, વાણીને કારણે આત્મામાં કાંઈ પણ દોષ થાય (એમ છે નહિ). સમજાણું કાંઈ? આ વાણીને કારણે જ્ઞાન હિણું થાય કે વાણીને કારણે જ્ઞાનનો ઉઘાડ થાય એવું કાંઈપણ પરમાં છે નહિ. એમ અહીં કહે છે.

ઇ મફતનો ... મફતનો. વાણી શું (કરે)? વાણી તો જડ છે. વાણી ક્યાં કીધું હતું કે, તું આમ કર. વચન-બચનથી કાંઈ થાતું નથી. ટાણે વચન કીધાં હતા ને, સગા બે ભાઈ એમાં જો ટોણું માર્યું હોય જરી. ઇ મૂંઢ તું છો માટે તને ગાળ લાગી. ગાળ ક્યાં ન્યાં ચોંટી ગઈ હતી? એ તો વાણી જડ છે. એને લઈને કાંઈ દોષ થયો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'પંચેન્દ્રિય ભોગસામગ્રી...' લ્યો! અહીં એવું કહ્યું. પાંચે ઇન્દ્રિયના ભોગની સામગ્રી કાંઈ દોષ ઉપજાવતી નથી. સુંદર રૂપના ઢગલા સામે દેખાય તો એ તને ખેંચે છે કે રાગ કરાવે છે, (એમ) ત્રણકાળમાં કાંઈ છે નહિ. એમ ગંધના ઢગલા સામે પડ્યા હોય. ફૂલ-ઝાડના બગીચા (હોય) આમ સુવાસ (આવતી હોય).. રાગ થયા વિના રહે? એને લઈને થાતો હશે? હેં? બાગમાં બેઠો હોય ને એમાં ખુરશી હોય ને એમાં બાયડી સામે બેઠી હોય ને છોકરા આમ બરાબર બેઠા હોય. અને એ વખતે આમ શ્રીખંડ ને પૂરી ખાતો હોય. કહો, એને લઈને રાગ થાય કે નહિ? એને લઈને અનુકૂળ ન હોય તો દ્વેષ થાય કે નહિ? એ વખતે ખરેખર આમ પાંચ-પચીસ માણસ બેઠા હોય, એમાં વેવાઈ હોય ને વેવાઈ જરી કડક હોય. અને એ પત્તરવેલિયા શેકીને આમ લાલ કરી નાખ્યા હોય, શ્રીખંડ બગાડી નાખ્યો હોય હવે એને દ્વેષ થાય કે નહિ? ભોગસામગ્રીથી થાય કે નહિ? એમ કહે છે.

ઘરનો જમાઈ એવો આકરો આવ્યો હોય, બરાબર, એમાં ભાણું સરખું ન હોય તો એને લઈને એને દ્વેષ થાય કે નહિ? ઉઠી જાય, ચાલ્યો જાય, એક જણાએ સગપણ તોડી નાખ્યું. એલા..! પહેલાવહેલા જ હજી સગપણ કર્યું ને હું પહેલીવાર આવ્યો ને રૂપિયા મૂક્યા નહિ. પચીસ કે જે કાંઈ મૂકાતા હશે ને? શું કહેવાય છે ઇ? કાંઈક મૂકતા હશે. શું કહેવાય? એ..ઇ...! 'જગજીવનભાઈ'! આ ... સંસ્થાના બહુ ડાહ્યા (કહેવાય).

કહે છે કે, ભોગસામગ્રી એને અનુકૂળ ન મળી માટે દ્વેષ થયો કે અનુકૂળ મળ્યું તો સમાધાન થઈ ગયું. પછી મગ મૂક્યા, લાપશી પીરસીને ઘી સરખું નાખ્યું. 'પોપટભાઈ'! મૂઢ તું રાગ-દ્વેષ કરે અને નાખે સામગ્રી ઉપર. શબ્દ, રૂપ, શબ્દ હો, રૂપ હોય. ગંધ, રસ અને સ્પર્શ આમ સુંવાળા.. સુંવાળા. એ 'ભોગસામગ્રી ઇત્યાદિ ઘણી સામગ્રી છે–' લ્યો, એમાં ઘણું ઘણું છે ને? કહે છે. રાજા, વાજા અનેક પ્રકારે ગધેડા અવાજ કરતા હોય, કોઈ કાગડા કરતા હોય, કોઈ ફોનોગ્રામ ચાલતા હોય. એકમાં સાંભળીને દ્વેષ કરે અને એકને સાંભળીને આહા..! ભારે ... (એમ રાગ કરે). એ રાગ-દ્વેષ તને થાય એમાં જરીયે પરનો દોષ નથી. એટલે કર્મ અને નોકર્મ બેય લઈ લીધા.

'તેમાં કોઈનું દૂષણ તો નથી.' કોઈનો કાંઈ પણ અત્યંત થોડું પણ. એમ છે ને? દૂષણ તો નથી. તો શું છે? તો શું છે? 'अयम् स्वयम् अपराधी तत्र अबोधः सर्पति' સંસારી જીવ પોતાના આનંદ સ્વરૂપને ભૂલી, મારો આનંદ મારી પાસે છે, હું અતીન્દ્રિય આનંદનો કંદ છું, જ્ઞાનનો સમુદ્ર છું એવા સ્વભાવને–આનંદની અધિકતાને ભૂલીને પરના લક્ષથી 'अयम् स्वयम्' દેખો! 'अयम् स्वयम्' આ 'સંસારી જીવ...' સ્વયં 'પોતે મિથ્યાત્વરૂપે પરિણમતો થકો...' સ્વયં અપરાધી (છે), જરીયે પરનો દોષ નહિ. આવું?

પહેલા એક પંડિત આવ્યો હતો. (સંવત) ૨૦૦૧ની સાલમાં. આ અપરાધ કર્યો. એક ગાથા આવી હતી. (ઇ કહે), નહિ. આ ક્યાં આવું ચાલ્યું છે. (મેં કીધું), જુઓ પાઠ. હવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ કહે, ઉત્તર દેતા આવડ્યા નથી. માળા પણ જબરા લાગે છે ને! કહે છે કે, આત્મામાં કંઈ પણ રાગ-દ્વેષ, વાસના, મિથ્યાભ્રમ, અજ્ઞાન થાય એ આ સ્વયં અપરાધી, સ્વયં અપરાધી થઈને. એટલે? 'મિથ્યાત્વરૂપે પરિણમતો થકો...' અહીં તો મિથ્યાત્વની વાત છે. આનંદને ભૂલી જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય પ્રભુને ભૂલીને પોતે જ ભૂલો પડ્યો, ભૂલને ઉભી કરે છે.

'શુદ્ધ સ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે;...' લ્યો! શુદ્ધ ભગવાનઆત્મા જ્ઞાન ને શાંત અનાકુળ આનંદસ્વરૂપ આત્મા છે. એનાથી ભ્રષ્ટ છે. 'કર્મના ઉદયથી થયો છે અશુદ્ધ ભાવ,...' શું કહે છે? હવે જરી કહે છે. અહીં બીજી વાત કહેવી છે. શુદ્ધ ભાવ છે ને? એ એનું સ્વરૂપ છે. અશુદ્ધ છે એ નિમિત્તને આધીન કરેલા તેં છે. એ 'ઉદયથી થયો છે અશુદ્ધ ભાવ,...' અહીં નાખે, જુઓ! અહીં આવ્યું કે નહિ? અહીંયાં બીજી વાત કહે છે. જે શુદ્ધતા ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે એને તું તારું ન માનતા જે અશુદ્ધ પરિણામ તારાથી નિમિત્તાધીન થઈને થયા એને મારા માને એ મિથ્યાત્વભાવ તેં ઉભો કર્યો છે. એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ?

'કર્મના ઉદયથી થયો છે અશુદ્ધ ભાવ...' અહીં ઉદયથી આવ્યું એ બીજી વાત કહે છે. એનાથી તો ના પાડે છે, જરીયે નહિ. અહીં તો કહે છે, શુદ્ધ સ્વરૂપ છો, પ્રભુ! તું તો જ્ઞાન ને આનંદવાળું તત્ત્વ છો ને! અનાદિઅનંત સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ, ચૈતન્ય ત્રણકાળ ત્રણલોકના ભાવોને સ્વમાં જાણતા જાણનાર તારું તત્ત્વ, એવા સ્વભાવથી ભ્રષ્ટ થયેલો, એ કર્મના નિમિત્તથી અશુદ્ધતાને પોતામાં માને છે. એ પોતામાં માને છે તે મિથ્યાત્વનો દોષ તારો છે. આહાહા..! સમજાણું કાંઈ? હેં?

પોતે અપરાધી થયો થકો એટલે 'મિથ્યાત્વરૂપ પરિણમતો થકો...' એમ. 'શુદ્ધ સ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે;...' 'પરિણમતો થકો...' એક વાત કરી. એટલે કે શુદ્ધ સ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે. પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એની શ્રદ્ધા-જ્ઞાનથી ભ્રષ્ટ છે. આ હું જ્ઞાયક ચૈતન્યમૂર્તિ અનાકુળ આનંદનો કંદ પ્રભુ આત્મા (છું) એવી શ્રદ્ધાથી ભ્રષ્ટ પરિણમેલો એ અનુભવથી ભ્રષ્ટ છે. એ કર્મના ઉદયથી થયેલા પુણ્ય-પાપના (ભાવ). જુઓ! અશુદ્ધ એટલે પુણ્ય-પાપ ભાવ બેય. દયા, દાન, વ્રત, ભક્તિ શુભ પણ અશુદ્ધ છે. હિંસા, જૂઠું, ચોરી એ પણ અશુભ અશુદ્ધ છે. બેય અશુદ્ધ છે. શુભ અને અશુભ બેય અશુદ્ધ છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન શુદ્ધ છે. એ શુદ્ધ સ્વરૂપના ભાનને ભૂલ્યો, અનુભવથી ભ્રષ્ટ (થયો) અને મિથ્યાત્વરૂપે ઊંધી માન્યતાથી થયો.

એ અશુદ્ધ પરિણમનને.. સમજાય છે? 'તેને પોતારૂપ જાણે છે;...' અહીં ત્યાં સુધી વાત લીધી. જોયું? બીજી વાત તો ક્યાં ગઈ કહે છે. અહીં તો માન્યતાની જ વાત લેવી છે. ઓહોહો..! પાછો એનો અર્થ ઇ નથી, હોં! કેટલાક એવો (અર્થ) કરે છે, કર્મના ઉદયથી વિકાર તો થવાનો થાશે જ પણ એને પોતાના માનવા એ દોષ (છે). એમ નહિ. એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલેથી કીધું. પત્રો પણ એવા છે, હોં! કર્મના ઉદયથી થાય એ તો થાય જ. પણ એ થાય એનાથી વાત નથી લીધી. સ્વભાવથી શુદ્ધ થવું જોઈએ એમ ન થઈને આનાથી અશુદ્ધ તેં કર્યું એને તું સ્વભાવમાં ખતવે છે એ તારો દોષ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

એને ખબર જ નથી, ખબર જ નથી. શું થાય છે? અને શું કરું છું એવો એણે મંથનથી નિર્ણય કર્યો જ નથી. એ તો એમ ઓઘે ઓઘે ચાલ્યું જાય છે. શાસ્ત્રમાં કહ્યું કે, કર્મથી થાય. કર્મથી થાય. જુઓ! ભાઈ! કર્મ કર્મનું કાર્ય તો કરે ને? પણ એ કાર્ય વખતે પોતાના માનવા નહિ. પણ એણે કરાવ્યું પછી પોતાના માનવાનો પ્રશ્ન ક્યાં રહ્યો? સમજાણું? કર્મના સંગમાં તેં વિકાર પોતે કર્યો અને તું કહે છે કે એણે કરાવ્યો. એણે કરાવ્યો તો બે દ્રવ્ય તો એક થઈ ગયા.

અહીં તો એને કહે છે કે, ભાઈ! તારું સ્વરૂપ તો ચૈતન્ય જ્ઞાન, આનંદ, શાંત સ્વરૂપ છે ને પ્રભુ! એ શુદ્ધમાંથી અશુદ્ધતા કેમ પ્રસવે? પણ તેં વિકારની દશા પ્રસવી છે એ સ્વભાવને આધીનની નહિ. એ કર્મના આધીનની તેં કરેલી દશા (છે), તારો દોષ (છે), પરનો કાંઈ નહિ. એવા દોષને તું સ્વભાવ સાથે મેળવે છો (કે), એ મારા, એ તારી મિથ્યાત્વની મોટી ભૂલ ઇ બતાવવી છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? થોડું થોડું સમજાય છે ને? ભાઈ! ગુજરાતી ભાષા છે. પુસ્તક છે ને?

આ આત્મા.. જુઓ! અત્યારે ઘણું ઊંધું ચાલે છે. કર્મને લઈને આમ થાય, કર્મને લઈને આમ થાય. આ લખ્યું, કે જુઓ! પણ પહેલી ના પાડી કે કાંઈ પણ પરનો દોષ નથી. પણ હવે અહીં જે કહેવું છે એ બીજી વાત કહેવી છે કે, શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવ તારો, એને ભૂલીને ભ્રષ્ટ થઈને જે નિમિત્તને આધીન તારા પરિણામ થયા એને ત્રિકાળી સ્વભાવમાં મારા છે એમ માન્યા એ તારી ભૂલ છે. સમજાણું કાંઈ? 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે ને? આહાહા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનના તેજ પ્રભુ, શુદ્ધતાના પ્રકાશની મૂર્તિ પ્રભુ આત્મા, એવા શુદ્ધતાના ચૈતન્યના શાંતરસના અનુભવથી ભ્રષ્ટ થયેલો, નિમિત્તના લક્ષે ઉત્પન્ન કરેલા તારા તારાથી (થયેલા) ભાવને ત્રિકાળ સાથે એકપણું માને છો એ તારી મિથ્યાત્વની મોટી ભૂલ છે. સમજાણું કાંઈ? એમાં છે કે નહિ? બહાર શું સંભળાય છે?

જુઓ! 'કર્મના ઉદયથી થયા છે...' આવ્યું કે નહિ? કથંચિત્ એમ કહો, કથંચિત્ એમ કહો. એમ નથી. એ તો પહેલા 'कतरत् अपि' ના પાડી છે. પરને કારણે થોડો પણ દોષ નથી. પણ તારે કારણે થયેલો દોષ એ ત્રિકાળ શુદ્ધ સ્વભાવની સાથે તું ખતવે છો, કે આ મારા છે એ તારો મિથ્યાત્વનો દોષ છે. સર્વ શુદ્ધ જ્ઞાનાનંદમાં ભૂલીને થયેલા ભાવને ત્રિકાળ સ્વભાવમાં એને માને છો એ તારી મિથ્યાત્વની ભૂલ છે, ઇ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! અશુદ્ધ, શુદ્ધ, શુભ-અશુભભાવ. પેલા કહે, શુભભાવથી આ થાય. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મના ઉદયથી થયેલા ભાવને તું પોતાના જાણે છે 'એ રીતે અજ્ઞાનનો અધિકાર હોતાં...' જુઓ! એ પ્રકારે અજ્ઞાનનો અધિકાર થયો, ચિદાનંદ અધિકાર ન રહ્યો. સ્વરૂપના ભાન વિના ઉત્પન્ન કરેલા અનુભવથી ભ્રષ્ટની જ અહીં વાત છે. સમ્યગ્દષ્ટિને જે થાય એ તો નબળાઈનું જ્ઞાતા-દૃષ્ટામાં જ્ઞાન કરે છે. સમજાય છે? આહાહા..! ચૈતન્ય મહાપ્રભુ અનાકુળ આનંદના રસનું ધામ, એવો આત્મા. એને આત્મા કહીએ ને? એમ અહીંયાં કહે છે ને? સર્વવિશુદ્ધજ્ઞાન એ આત્મા. એ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી અવસ્થાના અંશમાં.. ત્યાંથી ઉપાડ્યું છે ને? સંસાર અવસ્થામાં એ જેટલો દોષ કરે છે એમાં પરનો કાંઈ વાંક નથી. એક વાત. અને એ દોષ કરે છે એને તું માને છો એમાં પણ પરનો કાંઈ દોષ નથી. એ દોષને ત્રિકાળી જ્ઞાયકભાવમાં તું મારા છે, એમ માને છો એ પણ તારો દોષ છે. એ દર્શનમોહનો જરીયે દોષ નથી એ તો પહેલા કહેતા આવ્યા છે. હેં? આહા..! સમજાણું કાંઈ?

'અજ્ઞાનનો અધિકાર હોતાં...' એ સર્વવિશુદ્ધજ્ઞાનનો અધિકાર ન રહ્યો. 'अबोधः सर्पति' લ્યો! એ 'રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિ...' 'सर्पति' પ્રગટ થાય છે. બસ! રાગ-દ્વેષ-મોહરૂપ 'सर्पति' ઉત્પન્ન થાય છે. લ્યો! આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. એને ભૂલીને કરેલા ભાવ–પુણ્ય-પાપ, કામ, ક્રોધ, વિકારને ત્રિકાળી શુદ્ધ ચૈતન્યની સાથે આ મારા એમ માન્યા એ તારો અજ્ઞાનનો અધિકાર છે. સમજાણું કાંઈ? ઓહોહો..! ('अबोधः सर्पति') એ અબોધ અજ્ઞાન જ ઉત્પન્ન થયેલી પરિણતિ છે. અજ્ઞાનની ઉત્પન્ન થયેલી પરિણતિ છે, સ્વભાવની એ છે નહિ.

'ભાવાર્થ આમ છે કે જીવ પોતે મિથ્યાદૃષ્ટિ થતો થકો...' દેખો! આત્મા પોતે પોતાના સ્વરૂપને ભૂલી મિથ્યા અસત્ય દૃષ્ટિ કરતો થકો 'પોતે મિથ્યાદૃષ્ટિ કરતો થતો થકો...' દર્શનમોહને કારણે નહિ, મોહને કારણે નહિ. 'પરદ્રવ્યને પોતારૂપ જાણીને અનુભવે...' એ શરીર મારું, શરીર મને દુઃખદાયક, શરીર મને સુખદાયક, પૈસા મારા, પૈસા મને સુખદાયક, આ નિર્ધનતા મને દુઃખદાયક એમ પરને પોતાનું માનીને મિથ્યાદૃષ્ટિપણું ઉત્પન્ન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'મિથ્યાદૃષ્ટિ થતો થકો પરદ્રવ્યને પોતારૂપ જાણીને અનુભવે ત્યાં રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિનું થવું કોણ રોકે?' એક એક ચીજ તારાથી જુદી (છે). આ મારી બાયડી. કે દિ' હતી ત્રણકાળમાં? આ મારો દીકરો. લ્યો! મારો એટલે શું? એ પરદ્રવ્ય મારું થઈ જાય? આ મારા પૈસા, આ મારું મકાન, આ મારી નોટું. આ મારી આવી નોટું, કહે. એ આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ પોતાનું છે એને મિથ્યાત્વરૂપી પરિણમન કરીને જે ચીજ એની એનામાં નથી એને (પોતાની) માનીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! 'રતિભાઈ'! શું હશે આ? શરીર તો પોતાનું ખરું કે નહિ થોડું? રહે ત્યાં સુધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખરું કે નહિ? નહિ? અહીં રહે ત્યાં સુધી આત્માનું નહિ? અહીં રહે ત્યાં સુધી. આહાહા..! અને એમાં સાબુએ કરીને સાફ કર્યું હોય, આમ મખમલની ટોપલી ને મખમલના.. શું નામ? લવિંગીયા લટકતા હોય. આમ ને આમ. મડદાને શણગારે એમ ... દાગીના. કાચમાં જોવે. મારું શરીર બહુ સારું. ભગવાન! તારું ક્યાં છે?

જે એના અસ્તિત્વમાં એની પર્યાયથી એનું પરિણમન ક્ષણે ક્ષણે એનામાં એનાથી થયું એને તું એમ માને કે, આ પરિણમન–આ અવસ્થા મને સારી લાગી, એ મારી માની. ભાઈ! એ શરીર ક્યાં તારું છે? આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, એ તારી મિથ્યા માન્યતા.. આહાહા..! 'પરદ્રવ્યને પોતારૂપ જાણીને અનુભવે...' અનુભવે એટલે? પરદ્રવ્યને અનુભવતો નથી. પરદ્રવ્ય મારા એમ મિથ્યાત્વમાં તું જાણી રહ્યો છો. આહાહા..! આ જેટલો કાળ મા-બાપ રહે એટલો કાળ મા-બાપ એના ખરા કે નહિ? જેટલો કાળ એના ઘરમાં રહે એટલું ઘર એનું (ખરું કે નહિ)? પછી યાદ આવે કે, આહાહા....! અમે જે ઘરમાં રહ્યા એ ઘર વેંચાઈ ગયું. કોઈ રીતે પણ એ ઘર લ્યો. પચીસ, પચાસ હજાર, લાખ આપીને (લ્યો). જે ઘરમાં રહેતા બાપા! એમાં આમ વૃત્તિ બંધાઈ ગયેલી. એ બારી, આ.. આ.. આ.. હેં? માળો પણ. તે તારી ઊંધી માન્યતાને લઈને આ મારા એમ માન્યું. એ તારા છે નહિ ત્રણકાળમાં. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, વસ્તુના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને મારું જાણવું ભૂલી જઈ.. સમજાણું? ચૈતન્ય બાદશાહ પરમાત્મા સચ્ચિદાનંદ મૂર્તિ પ્રભુ આત્મા એ હું એમ ભૂલી જઈ અને મિથ્યા અસત્ય માન્યતાની શ્રદ્ધાએ ચડ્યો. કોઈપણ ચીજ મારી છે એ માન્યા વિના રહ્યો નથી. આહાહા..! સૂવામાં પડખું આમ સરખું ફરતું હોય તો મારા શરીરે મને કામ ઠીક આપ્યું. કોને કામ આપે? પણ શું છે? અને આમ પડખું ફરે અને અહીં પરસેવા થયા હોય, પરસેવાથી રેબઝેબ.. શું કહેવાય? ઓછાડ પલડેલો હોય. એમાં તાવ આવ્યો હોય તો પેલું પાણી ઊનું થઈ જાય, અને ફરવાની શક્તિ રહી ન હોય. ઉંહકારા કરે. કેટલી વાર? ઉં.. હું.. હું.. બહુ જાણે નબળાઈ પડી ગઈ હોય. શું છે? એ ફરતા પર્યાય ન ફરી એ તેં મારી છે એમ માની, અને એ પ્રમાણે ધાર્યા પ્રમાણે નથી થતું તો ઉં..હું.. મિથ્યાત્વનો ભાવ ઉભો કરે છે, એમ અહીં તો કહે છે. હેં? આહાહા..! કહો! આ શેના માટે કહે છે? શેની માટે આ વાત કરે છે? આ ખોટો છે માટે સમજીને સાચો થા, એ માટે તો વાત ચાલે છે. 'ન્યાલભાઈ'!

કહે છે, અરે..! 'પોતે મિથ્યાદૃષ્ટિ થતો થકો...' પોતે જાતે સત્‌ને ચૂકતો. ભગવાન જ્ઞાનમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા એવા ભાવને ભૂલતો 'પરદ્રવ્યને પોતારૂપ જાણીને...' જ્યાં જ્યાં દેખાય, સંગમાં આવે (તો) આ મારા, આ મારા, આ મારા એમ અનુભવે એટલે કે એમ માને અને જાણે. 'ત્યાં રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિનું થવું કોણ રોકે?' ત્યાં તો મોહ–મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થયા વિના રહે જ નહિ. આહાહા..! સમજાણું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરદ્રવ્યનું હું કરું એનો અર્થ જ થયો કે, એને પોતાનું માન્યું. પરદ્રવ્યને સુધારું એનો અર્થ ઇ કે એ પરને પોતાનું માન્યું. પર બગડતું દેખીને (એમ થાય કે) અરે..રે..! એને સુધારતા મને ન આવડ્યું એ પણ પરને પોતાનું માન્યું. સરખું જ્યાં પથ્ય, આહારાદિથી રહ્યું તો મેં બહુ ધ્યાન રાખ્યું માટે આ રોગાદિ આવતા નથી. એ પણ પરને પોતાનું જ માન્યું છે એમાં. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લૌકિક વિદ્યા છે બધી.

ઉત્તર :- લૌકિક વિદ્યા જ બધી અજ્ઞાન છે. આહાહા..! ભાઈ! તારું તત્ત્વ તે પણ મલિન પરિણામથી પણ ભિન્ન. અહીં તો એમ કહેવું છે ને? એવું સર્વવિશુદ્ધ ચૈતન્યજ્યોત તારી ચીજ. આ તારી ચીજમાં એ નથી અને એમાં તું નથી. છતાં મારા કર્મ, મારા કર્મ, મારા કર્મ (માને છે). મેં બાંધ્યા કર્મ એવા મારે ભોગવવા રહ્યા. અરે..! કર્મ પણ ચીજ તારી નથી અને એના ફળ તરીકે અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી પણ તારી નથી. આહાહા..! એને મારા તરીકે માનીને રાગ-દ્વેષને અનુભવવા એ તારી પોતાની ભૂલ છે. કહો, ઝાઝા પૈસા હોય તો વાપરવા માટેની હૂંફ રહે કે નહિ? 'ન્યાલભાઈ'! એમના છોકરાની વાત કરી.પાંચ-પાંચ લાખની, દસ-દસ લાખની પેદાશ હોય. એ..ઇ..! 'પ્રાણભાઈ'! આહાહા..!

જ્યારે જરૂર પડે ને હોય પૈસા તો કામ આવે, એમ નથી કહેતા? ભાઈ! હોય તો કામ આવે, ન હોય તો શું? ગુંજામાં થોડા નાખવા જોઈએ, હોં! હોય તો કામ આવે. સમજાણું? પણ શું કામ આવે? તારા છે તો કામ આવે? આરે.. આરે..! પણ ભ્રમણા. હેં? છેવટે કાંઈ ન હોય તો એક કંદોરો પહેરતા જાજો, હોં! અને ગુંજામાં પણ રાખજો. કદાચ કાંઈક ખોવાઈ જાય તો એના તો પૈસા રહેશે. એટલા તો રહે. એ માટે કહ્યું. ... બે તો રહે. કદાચ બધું જાય તો કોઈની દુકાને (જઈને કહે), મારે બધું ખોવાઈ ગયું. હેં?

અહીં કહે છે કે, ભાઈ! એ ચીજ તેં મારી માની. મેં રાખી ને? તો મને હવે સગવડતા થઈ. મેં ન રાખી હોત તો મને સગવડતા ન રહેત. ઇ કહે છે કે, તેં માની, પરને મારી (મારી) એ તારી ભૂલ છે. માળા, શેની સગવડતા તું કહે છે? એમ અહીં કહે છે. આહાહા..! ભાઈ! ગુંજામાં પચીસ પડ્યા હતા તો ખરે ટાણે કામ આવ્યા, લ્યો! સમજાણું? આ જોઈતું હોય ત્યારે પૈસા મારા હતા તે કાઢ્યા. બાયડી પેલામાં રાખતી? ખબર છે? પેલી .. હોય ને? અત્યારે ક્યાં છે હવે? .... પેલા હોય ને દોણા બધા જૂના થઈ ગયેલા? એક ... હોય એના ઉપર ખડકે એ ખાનગી મૂડી ત્યાં રાખે. ત્યાં કોણ લેવા જાય? હેં? આ બધી ખબર છે. બધું જોયેલું, બધું નજરે કરેલું જોયેલું. એમાં કાંઈ આ વાત પેલાની વાત નથી. સાંભળેલી પણ નહિ, જોયેલી આબેહૂબ બધી. સમજાણું? 'જેચંદભાઈ'! ઇ એમ છે કે, આને લઈને મને આ ઠીક પડતું નથી. એટલે એને પોતાનું માન્યું એની ભ્રમણા ઉભી કરી. 'મોહનભાઈ'! આહાહા..! ત્રણકાળમાં સ્વપ્ને પણ તારા નથી. ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ જગતની ચીજો તે સ્વપ્ને એક કે અનંત કે દિ' તારી હોય? તારી હોય એ જુદી હોય? અને જુદી હોય એ તારી થાય? આહાહા..! શેના ઓરતા? અરે..! દીકરાને પાળ્યા-પોષ્યા અને ખરે ટાણે માળા ખસી ગયા. એમ કહે છે ને? ખરે ટાણે ખસ્યા. સાંઈઠ વર્ષની ઉંમર .. કોને કહે છે તું? કોને પાળ્યા? તારા હતા? તેં પાળ્યા? ખસી ગયા કોણ? તારા હતા તે ખસી ગયા? શેનો મંડ્યો છે મફતનો? સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :– અનંતકાળમાં ...

ઉત્તર :– એણે નથી લીધી. આ ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ છું. આહાહા..! કોનો કોણ? અને કોનું ક્યાં કરે? શું કરે? ચૌદ બ્રહ્માંડની પાટની અંદર એકલો ચૈતન્યબ્રહ્મ આત્મા ખેલી રહ્યો છે. એને ઠેકાણે તું બીજા ખેલમાં મારા માને છો. 'છોટાભાઈ'! આ મૂળ દોષ બતાવે છે. પછીના રાગ-દ્વેષ અસ્થિર થાય એ કાંઈ વસ્તુ નથી. એ તો ગાંઠ ગળી ગઈ, થઈ રહ્યું. હેં?

મૂળ દોષ મિથ્યાત્વ છે ઇ અહીં કહે છે. સંસારને દઢ કરવાના તારા મૂળિયાં પાકા છે. આહાહા..! હવે એને દઢ કર અને કહે કે અમને રાગ-દ્વેષ કેમ ઘટતા નથી? સમજાણું કાંઈ? અને અમારા ભવ કેમ ઘટતા નથી? પણ ભવના ભાવમાં સંયોગી ચીજને તું (પોતાની) માન એમાં ભવ ઘટે ક્યાં? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, શું કહે છે? ભાષા જુઓ! 'પરદ્રવ્યને પોતારૂપ જાણીને અનુભવે ત્યાં...' એને મિથ્યાત્વ ને રાગ-દ્વેષ અશુદ્ધ અવસ્થા થતી 'કોણ રોકે?' પણ પોતે કરે એમાં રોકે કોણ? એમ કહે છે. પરનું માનીને કરે એમાં રોકે કોણ? કરનાર પોતે છે એને રોકે કોણ? આહાહા..! સમજાણું કાંઈ? કોઈ રોકે નહિ, ઇ રોકે એમ કહે છે. કરતા કોણ રોકે? એમ કહે છે. કરે છે પોતે એમાં રોકે કોણ? એમ કહે છે. આહાહા..!

'તેથી પુદ્ગલકર્મનો શો દોષ?' કર્મનો શું વાંક એમાં જરીયે? કે પર અમને પોતાનું મનાવે છે. એમાં કર્મનો શું દોષ? તું જ તારી ચીજને ભૂલીને પરને પોતાની માને એ તારી ભૂલ પોતે ભ્રમણા કોણ રોકે? ભ્રમણા કર અને રોકે કોણ? સમજાણું? એમાં પુદ્ગલનો જરીયે દોષ નથી. કર્મનો જરીયે દોષ નથી. ઓહોહો...! 'विदितं भवतु' પોકાર કરે છે. 'એમ જ વિદિત હો...' પરદ્રવ્ય કર્મ આદિ બિલકુલ મને દોષ કરતું નથી. પોતાના સ્વરૂપનો અજ્ઞાનભાવ એ દોષની ઉત્પત્તિ કરે છે. (એમ) વિદિત થાઓ, આ જ્ઞાન આ રીતે પ્રસિદ્ધ થાઓ. 'રાગાદિ અશુદ્ધ પરિણતિરૂપે જીવ પરિણમે છે તે જીવનો દોષ છે,...' શું (કહ્યું)? વિદિત હો કે પુણ્ય-પાપ, કામ, ક્રોધને મારા માની અશુદ્ધ અવસ્થારૂપે જીવ થાય છે તે જીવનો દોષ છે, પુદ્ગલદ્રવ્યનો દોષ જરીયે નથી, જરીયે નથી. ઓહોહો..! સમજાણું?

'હવે આગળનો વિચાર કંઈ છે કે નથી?' એ વાત કરે છે. હવે આગળનો વિચાર કાંઈ છે કે નથી? 'ઉત્તર આમ છે–આગળનો આ વિચાર છે કે...' શું? આટલું થયું એટલું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ બસ હવે? વિદિત થાઓ કે અજ્ઞાનથી પ્રસરીને વિકાર થાય છે. હવે એટલું રાખવું છે કે પછી કાંઈક છે? એ સમજાવવા પૂરતું એટલું નથી. આહાહા..! કહો, 'પોપટભાઈ'! ઇ એમ કહે છે. ઇ સમજાવવા તારો દોષ તારાથી થાય, તારો દોષ તારાથી થાય એટલી વાત નથી. તારું તારાથી થાય એમ જાણીને હવે અજ્ઞાન બંધ કર. કેમકે તેં તારા સ્વભાવને ભૂલીને તેં કર્યું એને કોણ રોકે? અને હવે વિદિત થાઓ કે એ દોષ મિથ્યાત્વનો–પરને મારા (માનવાનો) મેં કર્યો છે, અજ્ઞાન છે. એ અજ્ઞાન નાશ થઈ જાઓ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'अबोधः अस्तं यातु' 'મોહ-રાગ-દ્વેષરૂપ છે જે અશુદ્ધ પરિણતિ તેનો વિનાશ હો.' અહીં તો બે વાત સિદ્ધ કરી છે કે, એક તો એ પરને પોતાનું માનવું એ તારી ભ્રમણાને કારણે તેં ઊભું કર્યું છે. હવે એ નાશ થાઓ. સ્વભાવ પ્રગટ થાઓ. પાછો કર્મનો અભાવ થાય તો નાશ થાય એ પ્રશ્ન પણ અહીંયાં નથી. કારણ કે તેં કર્યો હવે પ્રશ્ન શું છે? આત્મા ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ, શુદ્ધ સ્વભાવને ભૂલીને ભ્રષ્ટ થઈને પરને પોતાના માનીને ભાવ ઉભો કર્યો એ વિદિત થાઓ, એ ઉત્પત્તિનો ભાવ તારો (છે) એ વિદિત–જ્ઞાનમાં આવો. એટલેથી પણ હવે નથી અટકવું. 'अबोधः अस्तं यातु' (અર્થાત્) એ અજ્ઞાન અસ્ત થઈ જાઓ. મારા શુદ્ધ સ્વરૂપમાં એ નથી એમ ભાન કરીને અસ્ત થઈ જાઓ, આથમી જાઓ, આથમી જાઓ. સમજાણું કાંઈ? આહાહા..! એકમાં બેય વાત કરી છે, જોયું? હેં?

'अबोधः' 'મોહ-રાગ-દ્વેષરૂપ જે અશુદ્ધ પરિણતિ...' એ અબોધ ભાવ, અબોધ ભાવ. અબોધ ભાવ–અજ્ઞાન ભાવ. ચિદાનંદ શુદ્ધ જ્ઞાનઘનથી ઊલટો રાગ-દ્વેષ-મિથ્યાત્વભાવ એ બધો અબોધ ભાવ, અજ્ઞાન ભાવ, મિથ્યા ભાવ (છે). સત્ ચિદાનંદમૂર્તિમાં એ વસ્તુ નથી. એવું જે અજ્ઞાન 'अस्तं यातु' 'અશુદ્ધ પરિણતિ તેનો વિનાશ હો.' વિનાશ હો. 'તેનો વિનાશ થવાથી...' 'बोधः अस्मि' જુઓ! હું તો 'बोधः अस्मि'. હું અબોધ નહિ, અજ્ઞાન-રાગ-દ્વેષ-મોહ નહિ. હું મોહ-રાગ-દ્વેષ નહિ. હું 'बोधः अस्मि'. ચૈતન્યના તેજ જ્ઞાનમૂર્તિ ભગવાન તે હું છું. સમજાણું કાંઈ? આહાહા..! સર્વવિશુદ્ધજ્ઞાન છે ને? એટલે અહીંયાં બોધ કીધું.

'बोधः अस्मि' 'હું શુદ્ધ, ચિદ્રૂપ, અવિનશ્વર, અનાદિનિધન, જેવો છું તેવો વિદ્યમાન જ છું.' હું તો 'बोधः अस्मि'. જ્ઞાનઘન જ્ઞાનઘન, વિજ્ઞાનઘન ચૈતન્યરસ તે હું છું. તે અનાદિનો એમ જ છું. સમજાણું કાંઈ? આહાહા..! આટલી વાત સ્પષ્ટ બે ને બે ચાર જેવી છે. એમાંય વાંધા ઉઠાવે. એ.. આમ થાય, એ.. આમ થાય. મોહ ક્ષયે ચારિત્ર યથાખ્યાત થાય. જ્ઞાનાવરણ ક્ષયે કેવળજ્ઞાન થાય. આ 'ઉમાસ્વામી' લખે છે. .... પુરુષાર્થ પોતે કર્યો અને થયું તો પેલો એની મેળાએ નાશ થઈ જાય છે. એની અહીં તો વાત પણ અત્યારે નથી. કર્મને લઈને થયું નથી, સ્વભાવના ભાનના અભાવે થયું. હું ભાન છું, (એમ થતાં) નાશ થઈ જાય. સમાઈ જાઓ. એની વાત. કર્મનું સમાવું એ વાત પણ અહીં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

હું ચૈતન્યના તેજ બોધ, ચિદ્રૂપો અહં. હું તો જ્ઞાનનું રૂપ મારું છે, જ્ઞાનસ્વરૂપ છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ જ્ઞાનસ્વરૂપમાં આ અબોધ ક્યાંથી આવ્યું? એ અંશનો ભાવ જે અજ્ઞાનનો હતો, સ્વભાવ હું છું (એમ થતાં) નાશ થઈ જાઓ. અજ્ઞાન નાશ થઈ જાઓ, એવી શૈલીએ આચાર્યે જગતને સમજાવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? 'बोधः अस्मि' હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યશક્તિ રસ, એ ચૈતન્યશક્તિ સત્ત્વ, ચેતન સત્ત્વ તે હું છું. હું છું એ તો એક વિકલ્પથી કથન કરે છે. આ સ્વરૂપનો સ્વનો બોધ ... પ્રભુને ભૂલી જે પરદ્રવ્ય મારા એક સમયમાં પણ નથી. એને માનીને એક સમયનો અજ્ઞાનભાવ ઉભો કર્યો, વિદિત થાઓ દોષ મારો (છે). વિદિત થઈ હું બોધ છું, જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ છું, અસ્ત થઈ જાઓ. ઉત્પન્ન થવું અસ્ત થઈ જાઓ એમ કહે છે. ઇ જાગ્યો. હું તો આત્મા, હું ચિદ્‌ઘન, આનંદકંદ એવી ચીજ તે હું છું. એમ જાણતા જે વસ્તુ છે.. કેવી?

હું તો 'શુદ્ધ, ચિદ્રૂપ,...' જ્ઞાનરૂપ, જ્ઞાનરૂપ, જ્ઞાનરૂપ. અબોધ એવો જે અજ્ઞાન ને મોહ-રાગ-દ્વેષ એ મારું સ્વરૂપ જ નથી. 'અવિનશ્વર...' – હું તો નાશ ન થાઉં એવો અનાદિઅનંત (છું). 'અનાદિનિધન...' આદિ નહિ, અંત નહિ. નિધન એટલે અનય. અણઆદિ અને અનિધન. આદિ નહિ અને અનિધન. નિધન એટલે મૃત્યુ નહિ, અંત નહિ. હું આદિ અને અંત વિનાની ચીજ છું. 'જેવો છું તેવો વિદ્યમાન જ છે.' લ્યો! આહાહા..! 'જેવો છું તેવો વિદ્યમાન જ છું.' કોઈ દિ' કાંઈ એમાં થયું જ નહોતું. આહાહા..! એવો સચ્ચિદાનંદ પ્રભુ હું છું. જેવો હતો એવો જ વિદ્યમાન એવો ને એવો છું. સમજાણું કાંઈ? અંતરમાં આવી અનુભવ દૃષ્ટિ થવી એનું નામ શુદ્ધ ચિદ્રૂપને પોતાનો માન્યો કહેવાય. સમજાણું કાંઈ? આમ માન્યું એમ નહિ. ઇ વસ્તુ શુદ્ધ જ્ઞાયક રાગના ઉત્પત્તિના અંશના ભાવથી રહિત, અબોધથી રહિત બોધ છે. એ હું અનાદિ અવિનશ્વર એવો ને એવો, એમ ને એમ છું. એમાં મારી વિદ્યમાનતામાં કાંઈ ઓછપ આવી નથી. થઈ નથી. વિપરીતતા થતી નથી. એવો હું છું. આ એવા ચૈતન્યના અંતર દૃષ્ટિમાં આત્માને લેવો એનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન કહેવાય છે. એનો ભાવાર્થ લેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ ૧, બુધવાર તા. ૧૦-૧૧-૧૯૬૫.
## કળશ–૨૨૦, ૨૨૧. પ્રવચન–૨૪૪-D

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર', 'કળશટીકા'. અહીંયાં ૨૮ મો કળશ છે. ભાવાર્થ. ભાવાર્થ એટલે કે આમાં ભાવનું પ્રયોજન એ છે કે 'જીવદ્રવ્ય શુદ્ધસ્વરૂપ છે;...' વસ્તુ, વસ્તુ દ્રવ્ય વસ્તુ એ શુદ્ધ સ્વરૂપ છે. ચૈતન્ય જ્ઞાયકભાવ તદ્દન શુદ્ધ વસ્તુ (છે). તેમાં મોહ-રાગ-દ્વેષરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અશુદ્ધ પરિણતિ થાય છે. એમાં (એટલે) પર્યાયમાં, પર્યાયમાં. આ શુદ્ધ દ્રવ્ય, દ્રવ્ય જીવ શુદ્ધ સ્વરૂપ છે, વસ્તુ દ્રવ્ય શુદ્ધ સ્વરૂપ છે. દ્રવ્ય એટલે વસ્તુ, પરંતુ તેમાં–પર્યાયમાં મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ અવસ્થા થાય છે. કહો, સમજાણું? દ્રવ્ય શુદ્ધ છે. એની પર્યાયમાં 'અશુદ્ધ મોહ-રાગ-દ્વેષરૂપ...' મલિન–અશુદ્ધ 'પરિણતિ થાય છે;...' અશુદ્ધ પર્યાય થાય છે.

'તે અશુદ્ધ પરિણતિને મટાડવાનો ઉપાય આ છે કે...' હવે અહીં કહે છે. પેલું અસ્ત થાઓ એમ કહ્યું હતું ને? વસ્તુ શુદ્ધ ચૈતન્ય હોવા છતાં પર્યાયમાં એનો અશુદ્ધપણાનો એનો અપરાધ છે, બીજાનો નથી એમ અહીંયાં સિદ્ધ કર્યું. મિથ્યાત્વભાવ કે રાગ-દ્વેષભાવ (થાય તેમાં) બીજા કોઈ પરદ્રવ્યનું કારણ નથી. એનો પોતાનો જ એ પર્યાયનો દોષ દ્રવ્યમાં નથી. એમ બે વાત સિદ્ધ કરી. પર્યાયમાં એનું અશુદ્ધ પરિણમન (થાય છે તે) એનો પોતાનો દોષ છે. કોઈ પરદ્રવ્ય, કર્મ, શરીર, વાણી કોઈનો દોષ નથી. ત્યારે કહે, એવું જ્ઞાન થાય કે મારો જ પર્યાયનો અપરાધ છે, એવો ખ્યાલ થઈને હવે શું કરવું? એ અજ્ઞાન અસ્ત થાઓ. હું જ્ઞાનસ્વરૂપ છું, એમાં એ અજ્ઞાન પર્યાયની ઉત્પત્તિની મારા દ્રવ્ય સ્વભાવમાં યોગ્યતા નથી, હું બોધસ્વરૂપ છું, ચૈતન્યમૂર્તિ છું. એમ એને મટાડવાનો આ ઉપાય છે. કોઈ બહારની ચીજ દૂર કરવાનો ઉપાય નથી, એમ કહે છે.

એ મલિનતા મટાડવાનો ઉપાય શું? કરી પોતે દશા, પોતાને કારણે, પર નહિ, દ્રવ્યમાં નહિ. પર્યાયમાં ભ્રમ ઉત્પન્ન કરીને અશુદ્ધ પરિણતિ કરી એ દ્રવ્યમાં નહિ, પરને કારણે નહિ, ત્યારે હવે એને મટાડવાનો ઉપાય શું? પર કારણ નથી એટલે પર દૂર હટે એટલે એ હટી જાય એમ છે નહિ. કહો, બરાબર છે આ? ભ્રમ કરીને દુઃખ ઉત્પન્ન કર્યું. એ શરીરને છોડી દ્યે તો એ ભ્રમ મટે કે નહિ? દુઃખ મટે કે નહિ? હેં?

શરીરને દુઃખ ક્યાં છે? શરીરને કારણે નથી. શરીરને નથી, શરીરમાં નથી. 'જેચંદભાઈ'! દુઃખ શરીરને કારણે નથી, દુઃખ શરીરમાં નથી. તેથી શરીર છૂટ્યે દુઃખ મટી જાય એમ છે નહિ, એમ કહે છે. આહાહા..!

મોહ-રાગ-દ્વેષ પરિણામ મટવાનો ઉપાય એ છે કે, 'સહજ જ દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમે...' દેખો! પર્યાય એટલે અવસ્થામાં વર્તમાન હાલતના અંશમાં જે સ્વભાવ ચિદાનંદ જ્ઞાયકને ભૂલી વર્તમાનમાં ભ્રમ ઉત્પન્ન કરી અને દુઃખપણું એણે ઉત્પન્ન કર્યું એ વસ્તુથી નહિ તેથી વસ્તુને દૂર કર્યે તે દૂર થાય એમ નથી. સમજાણું કાંઈ? 'તે અશુદ્ધ પરિણતિને...' ખૂબી શું છે? કે, વસ્તુ જ આખી જ્યાં (શુદ્ધ છે). પહેલેથી શું ઉપાડ્યું? કે, જીવદ્રવ્ય શુદ્ધ સ્વરૂપ છે, વસ્તુ શુદ્ધ સ્વરૂપ છે. પર્યાયમાં મલિનતા ઊભી કરી છે, એ રૂપે પરિણમ્યો છે પર્યાયમાં. પરને કારણે નહિ, દ્રવ્યને કારણે નહિ. વર્તમાનમાં ભ્રમથી ઊભું કરેલું દુઃખ એ સ્વભાવના આશ્રયે તે દુઃખની પરિણતિ ટળે. એક જ ઉપાય (છે), બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'અશુદ્ધ પરિણતિને મટાડવાનો ઉપાય...' અર્થાત્ દુઃખદશાના ભાવ, ભ્રમણાના અને રાગ-દ્વેષના ભાવ મટાડવાનો ઉપાય 'આ છે કે સહજ જ દ્રવ્ય...' વસ્તુ જે છે એ પરના લક્ષે વિકારના પરિણમને પોતે પરિણમતી હતી એ સહજ જ દ્રવ્ય શુદ્ધ સ્વરૂપ પરિણમે. ચિદાનંદ જ્ઞાયક હું છું એ રીતે એની પરિણતિ ઊભી કરે તો 'અશુદ્ધ પરિણતિ મટે;...'. લ્યો! આ તો ઘણા બોલો એમાં આવી ગયા. કહો, સમજાણું આમાં? કોઈ ઉપાય નહિ? કે, વસ્તુ છો કે નહિ? પદાર્થ છે કે નહિ? વસ્તુ ત્રિકાળ રહેનારી ચીજ છે કે નહિ? કે, દ્રવ્ય વસ્તુ તે તો શુદ્ધ અનંત ગુણનો પિંડ તે શુદ્ધ (સ્વરૂપ છે). હવે એની અવસ્થામાં ભૂલ છે કે નહિ? ભૂલ છે કે નહિ? એ ભૂલ તે ભ્રમ અને રાગ-દ્વેષના પરિણામ કોણે કર્યા? અવસ્થાએ ઊભા કર્યા. પરે નહિ, દ્રવ્યમાં નહિ. આહાહા..! એની વર્તમાન સ્વરૂપના અજ્ઞાનથી, સ્વરૂપના ભાનથી ભ્રષ્ટ થયેલો, સ્વરૂપના અજ્ઞાનથી ઊભું કરેલું (છે). પોતે આવી ચીજ છે, શુદ્ધ વસ્તુ છે, પરમાનંદની મૂર્તિ છે એના અજ્ઞાનથી ઉત્પન્ન કરેલો પર્યાયમાં વિકાર એ એના ભાન દ્વારા ટળે, બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..! કહો, સમજાણું હવે? હવે આ ઉપાય ન લે અને બીજા ઉપાય લે.

વધે, સાચી વાત છે. ઠામુકા દુઃખના સંયોગો વધે અને દુઃખનો ભાવ (વધે). કર્મને હટાવું. કર્મ તો પરદ્રવ્ય છે. એનાથી કાંઈ દોષ થયો નથી તે એને હટાવ. સંયોગોને હટાવું. પ્રતિકૂળ સંયોગને દૂર કરું તો મારું ભ્રમણાનું દુઃખ મટે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ મટે. એ કાંઈ એનાથી ઉત્પન્ન થયા નથી. તેં તારા સ્વભાવના અભાને ઉભા કર્યા તે સ્વભાવના ભાન દ્વારા ટાળ, બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..!

'અશુદ્ધ પરિણતિને મટાડવાનો ઉપાય...' પરિણતિ એટલે જે મલિન પર્યાય, એને મટાડવાનો ઉપાય 'આ છે કે સહજ જ દ્રવ્ય...' પેલો કૃત્રિમ વિકાર હતો. હવે સહજ જ દ્રવ્ય, સ્વભાવિક દ્રવ્ય, વસ્તુ સ્વભાવ 'શુદ્ધત્વરૂપ પરિણમે...' શુદ્ધપણારૂપે, શુદ્ધસ્વરૂપપણે પરિણમે, શુદ્ધત્વરૂપ પરિણમે. જુઓ! શુદ્ધત્વરૂપ પરિણમે. પેલી અશુદ્ધ પરિણતિ હતી. એ પોતે અંતર શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું, દ્રવ્ય શુદ્ધ છે એવી અંતર દૃષ્ટિ કરવાથી એનું શુદ્ધત્વ પરિણમન થાય તો અશુદ્ધ પરિણમન મટે. અશુદ્ધ પરિણમનનો વ્યય થાય, શુદ્ધ પરિણમનનો ઉત્પાદ થાય, ધ્રુવ તો એમ ને એમ રહે. કહો, સમજાય છે આમાં? એની ને એની વાત એમાં ને એમાં કરીને એમાં સમાડી.

વસ્તુ જે ધ્રુવ શુદ્ધ દ્રવ્ય છે એને ભૂલ્યો તે વર્તમાનમાં ભ્રમણા, રાગ ને દ્વેષની પર્યાય ઉત્પન્ન કરી. એ પર્યાય તે દુઃખરૂપ દશા છે, વિકૃત છે, ક્ષણિક ઉપાધિ મલિન છે. એ મલિન દ્રવ્યમાંથી આવી નથી, વસ્તુ કોઈ કર્મ ને પરદ્રવ્યે કરી નથી. તારા વર્તમાન ભાવમાં અંશમાં બુદ્ધિ રાખવાથી, અંશી ત્રિકાળીને છોડી દઈને, અંશમાં રોકાઈને રાગ-દ્વેષ, ભ્રમણા કરી હતી એ પરિણતિ શુદ્ધ સહજ દ્રવ્ય સ્વભાવ, એનું પરિણમન કરતાં એટલે શુદ્ધ ચૈતન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યની અંતર દૃષ્ટિ આપતાં એ દ્રવ્ય શુદ્ધપણે પર્યાય ઉત્પન્ન થાય એટલે અશુદ્ધ પર્યાયનો વ્યય થાય. આ પાછા અંદર પુણ્ય પરિણામ કરવાથી અશુદ્ધ પરિણતિ મટે એમેય નહિ, એમ કીધું. પર(ને) કારણે તો મટે નહિ.

જે મિથ્યાત્વ અને પુણ્ય-પાપના ભાવ જે અશુદ્ધ પરિણતિ છે તે કેમ મટે? એ દ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિની અંતરમાં એકાકાર થતાં શુદ્ધત્વરૂપ પરિણમન થાય, શુદ્ધત્વરૂપ પરિણમન થાય એ શુદ્ધત્વરૂપ પરિણમનના ઉત્પાદમાં એ શુદ્ધ પરિણામનો ઉદય થાય. પુણ્ય પરિણામને ઉત્પન્ન કરતાં એ અશુદ્ધ પરિણામ મંદ પડે કે ઘટે એમ નથી. સમજાણું કાંઈ? કહો, 'ન્યાલભાઈ'!

ઠીક કહે છે ઇ. આ પૈસા-બૈસા મળ્યા અને અનુકૂળતા હોય તો કાંઈક સોંઘું પડે એમ છે નહિ. કહો! બાપા! જાઓ તમતમારે ('સોનગઢ') રહો હવે. જાઓ, છોકરાઓ કહે, બાપા! તમને જોઈએ તેટલું આપશું. અમે તો તમારા દીકરા છીએ. ભત્રીજાના દીકરા છીએ. સમજ્યા ને? એને લઈને કાંઈ અનુકૂળતા ખરી કે નહિ? નહિ? આહાહા..! આ પ્રતિકૂળતાને લઈને કાંઈ અટકે એવું (ખરું) કે નહિ? નહિ? ભઈ! સાતમી નરકની પ્રતિકૂળતા રૌવ રૌવ નરકમાં પડ્યો (હોય). એ પ્રતિકૂળતાને લઈને કાંઈક અટકવું પડે એમ ખરું? ભાઈએ કીધું એમ, ન્યાલભાઈએ, પૈસા મળ્યા, પચાસ લાખ (મળ્યા). બાપા! તમને બસો-બસો રૂપિયા જોઈએ તેમ માગજો. કાંઈ સંકોચ કરશો નહિ. જેટલો ખર્ચ થાઓ, અમે તો તમારા જ છીએ. અમે તમારા દીકરા, આ તમારી ચીજ છે. હવે એને ધર્મ પામવાની અનુકૂળતા ખરી કે નહિ? એ 'ન્યાલભાઈ'એ પ્રશ્ન કર્યો. એ.. 'મલૂકચંદભાઈ'!

મુમુક્ષુ :- સાંભળ્યું તો ખરું ને!

ઉત્તર :- સાંભળવું એ પ્રશ્ન શું છે? એ તો વિકલ્પ છે. સાંભળવું એ વિકલ્પ અશુદ્ધ પરિણતિ ઊભી થઈ. કહો! અરે..! ભારે વાત આ તો. આટલા બધા પૈસા. (છોકરાઓ) એમ કહે, બાપા! જાઓ તમે કરજો. ભલે દુકાનમાંથી થોડો ભાગ મળતો હોય પણ તમારે મારી પાસે માંગી લેવું. એટલી સગવડતા ખરી કે નહિ? હવે એમાં નાખ્યું, પાછું ઉપાડ્યું. એટલી સગવડતા નહિ? ... હું બધાને આપું છું. તમારે જોઈતું હોય તો માંગી લેજો! હજાર-બે હજાર જોઈતા હોય તો માગી લેજો. તમારે ખાવું કેટલું? એટલી તો સગવડતા ધર્મને માટે થાય કે નહિ?

મુમુક્ષુ :- હજાર બે હજાર ને!

ઉત્તર :- હજાર, બે હજાર એટલા બધા ક્યાંથી આપી દ્યે. જુદા કર્યા હોય ને! એ..'જેચંદભાઈ'!

કહે છે કે, શરીરમાં રોગ (હોય), મોઢામાં ઇયળ (પડી હોય), પૈસાની નિર્ધનતા, દીકરાનો અભાવ, બાયડીનો અભાવ, નારકીમાં અવતાર (થયા હોય). હવે ઇ કાંઈ આત્માને અશુદ્ધપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરાવે? અને એ આટલી પ્રતિકૂળતા (છે) માટે અશુદ્ધતા ન ટળે એમ ખરું? 'પોપટભાઈ'!

હવે, બીજો બોલ (લઈએ). છોકરા ખમા.. ખમા (કરતા હોય). બાપા! શું છે? કહો! આ પૈસા તમારે જોઈએ તેટલા (માગી લેજો). ચિઠ્ઠી લખો એટલે તમારો પ્રમાદ. તમે ત્યાં નિરાંતે ધર્મ કરજો. તમે ચિઠ્ઠી લખો, લખવામાં વાર લગાડો એટલો તમારો પ્રમાદ. બાકી લખો એટલે અમે તૈયાર છીએ, સ્વીકાર છે. તમે કહો તો એક માણસ કરી દ્યે. બે માણસ, એક રાંધનારી બાઈ, એક માણસ ચાકરી કરનારો. અને તમે કહો એટલે મહિનાના પાંચસો રૂપિયા, હજાર રૂપિયા તમે કહો તેટલા (આપી દઈએ). કહો, એટલી સગવડતાથી કાંઈ અશુદ્ધતા ઘટે ખરી?

મુમુક્ષુ :- એનાથી વધે નહિ.

ઉત્તર :- ના વધે નહિ એનાથી. કહો, સમજાણું કાંઈ? એ તો પોતે ખૂંપે તો ભાવ કરે, ઇ ચીજ નહિ. ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં ક્ષાયિક સમકિતી હોય, એને અંદરને કારણે અશુદ્ધતા નથી અને એના સંયોગને કારણે ત્યાં અશુદ્ધતા આવી છે એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો મિથ્યાત્વની અશુદ્ધતા લેવી છે. ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો એને મિથ્યાત્વની અશુદ્ધતા એ કારણે થઈ હતી એમ નહિ. અને ટળી છે એ સગવડતા છે માટે ટળી છે એમ નથી. વસ્તુ સહજ, વસ્તુ સહજ, વસ્તુ ધ્રુવ પિંડ સ્થંભ અનાદિ ધ્રુવ પડી છે એના ઉપર (દૃષ્ટિ કરી), ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. પર્યાય પણ નહિ. પર્યાય નહિ, રાગ નહિ, જેમાં પર્યાય પણ નથી, જેમાં પર્યાય નથી. એ જ પોતે જે આશ્રય કરવા લાયક નથી, એ જ પર્યાય દ્રવ્યનો આશ્રય લે (તો) શુદ્ધરૂપે પરિણમે. આહાહા..! સમજાણું કાંઈ? કહો!

'અશુદ્ધ પરિણતિ મટે;...' 'સહજ જ દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમે...' ૯૬ હજાર (સ્ત્રીના) વૃંદમાં સમકિતી જ્ઞાની પડ્યો (હોય). પોતે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું એમ અંદરમાં મીટ માંડીને પરિણમન કર્યું છે. એ ચીજો એમ હો કે ઘટો કે વધો કે ઓછી થાઓ એની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? કેટલીક નિવૃત્તિ લઈને બેસે, નવરો થાય તો એને અનુકૂળતા પડે. એમ હશે કે નહિ? માણસો એમ બોલે છે ખરા, હોં! હેં? કોઈ બાહ્યથી ત્યાગ કરે, બાયડી, છોકરા, પરિવાર ન હોય, ઘર ન હોય, ફલાણું ન હોય એકલો બેઠો છે (એટલે) એને અનુકૂળ પડે. એમ જરીયે હશે? એમ કહે છે. ના. એ અંદરના અશુદ્ધ પરિણમનમાંથી નિવૃત્ત થા અને શુદ્ધમાં જા એટલે શુદ્ધનું પરિણમન થાય, બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં?

એકના છોકરા પાસે પૈસા થયા હશે એટલે એનો બાપ વારંવાર બોલ્યા કરે. ઓ..હો..! સગવડતા ઘણી છે, હોં! ઉપયોગ થઈ શકતો નથી, ઉપયોગ થઈ શકતો નથી એમ કર્યા કરે. એમ કરીને મલાવા (બોલે). પૈસા ઘણા, સગવડતા તો ઘણી છે, સગવડતા તો ઘણી છે. વારંવાર કહ્યા કરે. પણ સદુપયોગ થઈ શકતો નથી. શેનો પણ ઉપયોગ? વાત કરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઇ બતાવવું હોય કે અમારા દીકરા પાસે પૈસા છે, આ છે, સદ્દુપયોગ થઈ શકતો નથી. વારંવાર કહે, હોં! કીધું, શું આ ગાંડા કાઢે છે. શું કહેવું છે આને? શરીર ઠીક છે, છોકરાઓ ઠીક છે, પૈસા પણ ધાર્યાથી વધારે થઈ ગયા. છોકરાઓ પણ કહે, બાપા! આમ કરજો. સગડવતા પ્રમાણે સગડવતા ઘણી, પણ સદ્દુપયોગ થઈ શકતો નથી. 'પોપટભાઈ'! કેટલો દોકડો સાચો હશે એમાં? તે દિ' તો દસેક લાખ રૂપિયા હતા. પણ એ વખતે આમ બોલતા. સદ્દુપયોગ થઈ શકતો નથી. શું છે આને? ઢંઢેરો શું પીટવો છે? છોકરા પાસે પૈસા ઘણા, પૈસા ઘણા, પૈસા ઘણા. મકાન મોટા, પચાસ-સાંઈઠ હજારના મકાન, પૈસા ઘણા એટલે ઘણી સગડવતા, બધી સગવડતા. છોકરાઓ કહે, આમ કરો, આમ કરો. બાપા! જોઈએ તે માગજો, હોં! સદ્દુપયોગ થઈ શકતો નથી. એ..ઇ...!

કહે છે કે, તારી મૂર્ખાઈથી તેં અશુદ્ધપણાના ભાવ ઉત્પન્ન કર્યા છે. એ અશુદ્ધપણું મટવાનો ઉપાય એક જ છે, ત્યાંથી રુચિ ફેરવીને દ્રવ્યનું શુદ્ધપણે પરિણમન કર. બીજી તૃણમાત્ર કિંચિત્માત્ર કોઈ ચીજનો સહારો અશુદ્ધ પરિણમનમાં પણ નથી અને શુદ્ધ પરિણમનમાં પણ બીજાનો સહારો તો નથી પણ કષાયની મંદતાના કારણે શુદ્ધનું પરિણમન થાય એ પણ સહારો નથી. કહો, સમજાણું?

તમારે થોડું થોડું લાગુ પડે કે નહિ? ન લાગુ પડે? તમે તો ક્યાં હાથ અડવા દ્યો છો? છોકરાને હાથ અડાડવા દેતા નથી, નહિ, હું તો મારું કરીશ. આ તો બધા 'હીરાભાઈ'ના છોકરા માગે, અનુકૂળ કહે. કહો, સમજાણું આમાં? કહો, 'શીવલાલભાઈ'! કેમ હશે આમાં હવે? એને પણ એમ કહે, બાપા! ભાઈ! તમે અમારું કર્યું હવે તમારે કાંઈ ચિંતા ન કરવી, ન્યાં રહો હવે. કહો, એટલી નિવૃત્તિ હોય તો આત્માને શુદ્ધ પરિણમનને માટે અવકાશ મળે કે નહિ? હેં? 'શૈલેશ'! તારા બાપે તારા ભાઈને બહુ અનુકૂળતા કરી દીધી. તમારે કાંઈ ચિંતા ન કરવી. મા-બાપે બધું કર્યું હવે અહીં રહો, બસ! એ..ઇ..! શેની રાડ્યું પાડતા હતા સવારમાં? સવારમાં (કહે), એવો કંટાળો, એવો કંટાળો (આવી ગયો છે). આંખમાંથી આંસુ આવવાની તૈયારી થઈ ગઈ. શું છે પણ હવે? દુનિયા દેખે. દુનિયા તો બધું દેખે, એમાં શું છે પણ? એમ કે, આમ પડી જવાય, આમ થઈ જાય, આમ થઈ જાય. પગલું ચડે નહિ. એ તો જડની પર્યાય છે તો બધું થાય. તું દેખે એવું એ દુનિયા દેખે. એમાં વાંધો શું આવ્યો પણ? હેં? આહાહા..! અરે...! જે મોઢે નાગરવેલના પાન ચાવ્યા હોય એમાં મોળપ દેખાડવી. હડકમદાર દેખશે. શેની પણ હડકમદાર? જડને લઈને. આહાહા..! કહે છે કે, ભગવાન! તું મૂળમાંથી ભૂલ્યો છો. એ ભૂલ્યો તારા સ્વભાવને માટે ભૂલમાંથી ભગવાનને ભૂલ્યો અને ભૂલ તેં ઊભી કરી છે. કિંચિત્માત્ર કોઈ પરતત્ત્વનો અંદર લેશમાત્ર, એ તો માથે કીધું હતું, 'कतर् अपि' 'અત્યંત થોડું પણ,...' 'જેટલી સામગ્રી છે-જ્ઞાનાવરણાદિ કર્મનો ઉદય અથવા શરીર-મન-વચન અથવા પંચેન્દ્રિય ભોગસામગ્રી ઇત્યાદિ...' બધું આવ્યું હતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહો, સમજાણું કે નહિ આમાં? આહાહા..!

'શુદ્ધત્વરૂપ પરિણમે તો અશુદ્ધ પરિણતિ મટે; બીજું તો કોઈ કરતૂત-ઉપાય નથી.' દેખો! આ ભાષા. શું કીધું? 'બીજું તો કોઈ કરતૂત-ઉપાય નથી.' શરીર સારું હોય, શરીર નબળું હોય, સંયોગો અનુકૂળ હોય, પ્રતિકૂળ હોય. ઓહોહો..! એક માગે અને પચીસ આવે, લ્યો, બાપા! શું મોઢું માગે છે? ખીર, પૂરી, મોઢા હલવા દાઢ વિનાનું. અને રાગની મંદતા ઘણી કરી હોય, લ્યો ને! રાગની મંદતા અંદરમાં કરી હોય. 'બીજું તો કોઈ કરતૂત-ઉપાય નથી.' એ કોઈ કર્તવ્ય તેના શુદ્ધત્વ પરિણમન માટે કોઈ ઉપાય છે નહિ. આહાહા..! કહો, સમજાણું? કોઈ કરતૂત એટલે પુણ્ય પરિણામ, રાગની મંદતા એ પણ શુદ્ધત્વ પરિણમનમાં કોઈ ઉપાય છે નહિ. બીજું તો કોઈ કર્તવ્ય નામ પરથી નિવૃત્તિ મળી કે રાગની મંદતા કરી એ કોઈ શુદ્ધત્વ પરિણમનમાં ઉપાય છે જ નહિ. આહાહા..! એ ભગવાન સામે જોતાં શુદ્ધ પરિણમન થાય એ એક જ ઉપાય છે. સમજાણું કાંઈ?

'બીજું તો કોઈ કરતૂત...' એટલે કોઈ કાર્ય. કોઈ કાર્યમાં બધા આવ્યા. હવે નવરા થઈને બેસી ગયા, હવે કોઈ મળતું નથી, કોઈ બોલાવે એવું નથી. ઘરના બધા કામ સરાડે ચડી ગયા છે. હેં? એ..ઇ...! બાયુંને એમ હોય વહુરુ હવે કામ કરે છે. અમારા વિના કાંઈ ચાલે એવું નથી એમ નહિ. ઇ તો કહે છે, જાઓ, બાપા, જાઓ. એટલા કર્તવ્ય થયા માટે આત્માનું શુદ્ધ પરિણમન અને ધર્મ થાય (એમ નથી). એ કોઈ કરતૂતીથી ધર્મનું પરિણમન છે જ નહિ. આહાહા..! એ ભગવાન શુદ્ધ ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ.. ચૈતન્યધાતુ આનંદધાતુને ધરીને આખો અખંડ પ્રભુ પડ્યો (છે), બસ! એ શુદ્ધત્વનું પરિણમન જ અશુદ્ધતાના પરિણમનને મટાડવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? ટીકા પણ કેવી કરી છે ને, જુઓ!

'તે અશુદ્ધ પરિણતિ મટતાં જીવદ્રવ્ય જેવું છે...' હવે જુઓ! મટતાં. એ 'અશુદ્ધ પરિણતિ મટતાં જીવદ્રવ્ય જેવું છે તેવું છે,...' વસ્તુ તો જેવી છે એવી છે. એમાં 'કાંઈ ઘટવધ તો નથી.' વધઘટ કાંઈ થયું જ નથી. પર્યાયમાં તેં ગમે ઇ કર્યું, વસ્તુમાં કાંઈ છે નહિ. ભઈ! રાગ હતો તો વસ્તુ અલ્પ હતી, આ ઘટ્યો અને ગયો તો વસ્તુમાં કોઈ ખૂબ પુષ્ટિ થઈ. એમ છે કાંઈ? હેં? જેવી છે તેવી છે.

પહેલા ઓળખાણ કરે તો આ ધ્રુવ વસ્તુના ઉત્પાદ-વ્યય પર્યાયનું લક્ષ છોડી, રાગ, પરનું લક્ષ (છોડી), આ પરિણમનનું લક્ષ છોડીને એમાં જાવું. એ પરિણમે છે પર્યાય એને ત્યાં લઈ જવી, આમ. ધ્રુવની સાથે એકાકાર થા તો શુદ્ધત્વ પરિણમન થાય, બીજી કોઈ રીત ત્રણકાળમાં છે જ નહિ.

બીજી શું હોય પણ? એના દ્રવ્યમાં ઊંધું ડાકલું કાં આમ વગાડે ને કાં આમ વગાડે. સમજાણું કે નહિ? આ શું કહેવાય? નોરતામાં નથી આવતું પેલું? દોરી એને એક જ હોય, હોં! બે દોરી ન હોય. ગાંઠ વાળી હોય. આમ વાગે તો આમ વાગે ને આમ વાગે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ વગાડે. આ ઊંધો પડ તો અજ્ઞાનભાવે સ્વભાવના ભાન વિના મિથ્યા અને અશુદ્ધપણે પરિણમ. આ દ્રવ્યની દૃષ્ટિ કર તો શુદ્ધપણે પરિણમ. આ એક જ વાત છે, બીજી કોઈ વાત છે નહિ. આહાહા..!

જુઓને! પેલા કહે, ઝેર પીને મરી જાય. પેલા કહે આમ થઈ જઈએ. ક્યાં જાશો પણ? તમારી પરિણતિ તો ત્યાં મિથ્યાત્વરૂપે પડી છે, હવે તમારે જાવું છે ક્યાં? એ દશા તો સાથે ને સાથે છે. શું તેં છોડ્યું? અને એ છૂટવાથી તને શું ત્યાં ઠીક રહ્યું? એ છૂટવાથી આ બધા દેખે એમાંથી ખસી જઈએ. કોઈ અજાણ્યા હોય તો વાંધો નહિ. પછી આ ઢોરમાં જઈને પછી ભલે દુઃખી થઈએ. આરે.. આરે...! પણ જે દશા છે એ તો તારી પાસે છે જ. વસ્તુના ભાન વિનાની ભ્રમણા અને રાગ-દ્વેષ તો તારી પાસે જ છે. ક્યાં જઈશ તું? ક્ષેત્ર ફર્યું એટલે ભાવ ફરી જશે? અહીંથી ચાલ્યો ગયો, ભાવ ફર્યો? ભાવ તો તારી પાસે છે. આહાહા..! એવી ખબરું ન મળે. અને એને ટાળવાનો શું ઉપાય એની પણ ખબર ન મળે. એમ ને એમ દુઃખી ચોરાશીમાં થાય છે.

સવારમાં આજે એક કૂતરો.. કૂતરો. હંમેશાં જાતો હતો. કોણ જાણે શું અથડામણ થઈ હશે કૂતરો આમ મરી ગયો હતો. રાતનો ગંધાતો હતો. સડક ઉપર. ક્યાં અંદર .. શરીર સારું હતું. કઈ વૃત્તિ હશે? આમ જાવું કે આમ જાવું? વાસના ઘણી ને! દોડાદોડ કરતા હશે. એમાં મરી (ગયો). કોઈ લાગ્યું હશે. મોટરનો ટપ્પો (લાગ્યો હશે), કચરાણું નથી. ધડ ઊડી ગયું હતું, જોડે પડ્યું હતું. મરી ગયેલો. ગંધ મારે. જુઓ! આ દશા. જુઓ! આ આત્મભગવાન! આહાહા..! એને સડેલા શરીર અને તાજા (સાથે) આત્માને કાંઈ સંબંધ નથી. છે? એ તો રજકણ કો'કના જડના હતા. આહાહા..! એને અંદરમાં વાસનામાં દોડાદોડ કરતા હતા. 'કૂત્તા કાટિક માંસકા..' આવે છે ને? ઓહોહો..! અરે..! એને ખબર નથી કે હું આત્મા, આ શરીર, શરીર. એ દુઃખની પરિણતિ ઊભી કરે અને એમાં શરીર છૂટે ત્યારે દુઃખની પરિણતિ તો સાથે ઊભી છે. સમજાણું કાંઈ?

એ મટતાં 'કાંઈ ઘટવધ તો નથી.' ભગવાન વસ્તુ છે. એવી ને એવી વસ્તુ છે. એવી વસ્તુ પર્યાયમાં શુદ્ધપણે પરિણમી. વસ્તુ તો જેમ છે તેમ છે. સમજાણું કાંઈ? એ ૨૨૦ થયો. હવે ૨૯ મો, સળંગ ૨૨૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(રથોદ્ધતા)

रागजन्मनि निमित्ततां पर-
द्रव्यमेव कलयन्ति ये तु ते।
उत्तरन्ति न हि मोहवाहिनीं
शुद्धबोधविधुरान्धबुद्धयः।।२९-२२१।।

ખંડાન્વય સહિત અર્થ :– કહેલા અર્થને ગાઢો–દ્દઢ કરે છે–'ते मोहवाहिनीं न हि उत्तरन्ति' (ते) એવો મિથ્યાદ્રષ્ટિ જીવરાશિ (मोहवाहिनी) મોહ–રાગ–દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ એવી જે શત્રુની સેના તેને (न हि उत्तरन्ति) મટાડી શકતો નથી. કેવા છે તે મિથ્યાદ્રષ્ટિ જીવો ? 'शुद्धबोधविधुरान्धबुद्धयः' (शुद्ध) સકળ ઉપાધિથી રહિત જીવવસ્તુના (बोध) પ્રત્યક્ષ અનુભવથી (विधुर) રહિત હોવાથી (अन्ध) સમ્યક્ત્વથી શૂન્ય છે (बुद्धयः) જ્ઞાનસર્વસ્વ જેમનું, એવા છે. તેમનો અપરાધ શો ? ઉત્તર–અપરાધ આવો છે; તે જ કહે છે : 'ये रागजन्मनि परद्रव्यं निमित्ततां एव कलयन्ति' (ये) જે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ એવા છે–'(रागजन्मनि) રાગ–દ્વેષ–મોહ અશુદ્ધ પરિણતિરૂપ પરિણમતા જીવદ્રવ્યના વિષયમાં (परद्रव्यं) આઠ કર્મ, શરીર આદિ નોકર્મ તથા બાહ્ય ભોગસામગ્રીરૂપ (निमित्ततां कलयन्ति) પુદ્ગલદ્રવ્યનું નિમિત્ત પામીને જીવ રાગાદિ અશુદ્ધરૂપ પરિણમે છે' એવી શ્રદ્ધા કરે છે જે કોઈ જીવરાશિ તે મિથ્યાદ્રષ્ટિ છે, અનંત સંસારી છે, જેથી એવો વિચાર છે કે સંસારી જીવને રાગાદિ અશુદ્ધ પરિણમનશક્તિ નથી, પુદ્ગલકર્મ બલાત્કારે જ પરિણમાવે છે. જો એમ છે તો પુદ્ગલકર્મ તો સર્વ કાળ વિદ્યમાન જ છે, જીવને શુદ્ધ પરિણામનો અવસર કયો ? અર્થાત્ કોઈ અવસર નહિ. ૨૯–૨૨૧.

---

रागजन्मनि निमित्ततां पर-
द्रव्यमेव कलयन्ति ये तु ते।
उत्तरन्ति न हि मोहवाहिनीं
शुद्धबोधविधुरान्धबुद्धयः।।२९-२२१।।

હે શુદ્ધ બોધથી રાંડેલા! એમ કહે છે. વિધુર થયો, વિધુર. 'કહેલા અર્થને ગાઢો–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દઢ કરે છે–' જુઓ! વળી કહેલા અર્થને ગાઢો–દઢ કરે છે. કહેલાને વિશેષ દઢ કરે છે. સમજ્યા ને? આહાહા..! 'ते मोहवाहिनीं न हि उत्तरन्ति' 'એવો મિથ્યાદષ્ટિ જીવરાશિ...' કોણ? એવો મિથ્યાદષ્ટિ જીવરાશિ. જેની મિથ્યાદષ્ટિ છે એવી જીવની રાશિ–જીવનો ઢગલો. નિગોદથી માંડીને બધા જ્યાં મિથ્યાદષ્ટિ છે તે. 'मोहवाहिनीं' 'મોહ-રાગ-દ્વેષ અશુદ્ધ પરિણતિ...' વાહિની. એ મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ 'એવી જે શત્રુની સેના...' એ બધી સેના છે. આહાહા..! મિથ્યા ભ્રમણા, રાગ-દ્વેષના ભાવ એ શત્રુની સેના છે. સજ્જન પ્રભુ પરમાત્માની એ સેના નહિ. સમજાણું કાંઈ? ભગવાનની સેના, શુદ્ધ વસ્તુની સેના,... કહો, સમજાણું આમાં?

વસ્તુ, એ વસ્તુ શુદ્ધ દ્રવ્ય. એવા શુદ્ધ દ્રવ્યમાં.. અહીં શુદ્ધ દ્રવ્ય પહેલું કહેવું છે. પરિણતિ તો સેના કહેશે. શુદ્ધ દ્રવ્યની સેના તો અનંત જ્ઞાન, આનંદની સજ્જનની સેના તો એ છે. વસ્તુ ભગવાનઆત્મા, વસ્તુ જે છે એક સમયની વિકૃત અવસ્થા વિનાની જે ચીજ છે એ તો અનંત અનંત બેહદ જ્ઞાન, દર્શન, આનંદ.. સમજાણું? એવો સમાજ, એવી સેનાથી ભરેલો એ ભગવાન છે. એનો વિરોધ થઈને પરમાં સુખ, પરમાં દુઃખ, પરને લઈને આ મને થાય એવો મિથ્યાત્વભાવ અને એ મિથ્યાત્વભાવની સાથે રહેલો રાગ-દ્વેષભાવ એ અશુદ્ધ શત્રુની સેના છે, એ શત્રુની સેના છે, ભગવાનઆત્માથી વિરુદ્ધ ભાવરૂપ સેના છે. આહાહા..!

'તેને..' 'न हि उत्तरन्ति' 'મટાડી શકતો નથી.' મિથ્યાદષ્ટિ જીવ આવી સેનાને પાર નહિ કરી શકે. કેમ? એ વિકાર પરથી થાય એમ માનનારા છે. સમજાણું કાંઈ? આહાહા..! 'કેવા છે તે મિથ્યાદષ્ટિ જીવો?' 'शुद्धबोधविधुरान्धबुद्धयः' 'शुद्ध' 'સકળ ઉપાધિથી રહિત જીવવસ્તુ...' ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ સમાજનું–સેનાનું આખું તત્ત્વ એવો ભગવાન સકળ ઉપાધિથી રહિત 'જીવવસ્તુના...' 'बोध' 'પ્રત્યક્ષ અનુભવથી...' 'विधुर' 'રહિત...' એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું, જ્ઞાનનું જ્ઞાન કરીને આ વસ્તુ પ્રત્યક્ષ જ્ઞાનમૂર્તિ છે, એવા પ્રત્યક્ષ જ્ઞાનથી રાંડેલા–વિધુર થઈ ગયેલા છે. કોણ? જે પરને કારણે મને વિકાર થાય એમ માનનારા એના જ્ઞાનના સ્વભાવથી ભ્રષ્ટ થયા છે એથી મિથ્યાદષ્ટિપણું આ રીતે સેવી રહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વિધુર એટલે?

ઉત્તર :– રહિત. વિધુર એટલે રહિત. આ પત્ની રહિત એ વિધુર. એમ આ શુદ્ધ બોધ રહિત. પત્ની હોય તો વિધવા કહેવાય, આ કહેવાય વિધુર. શુદ્ધ પરિણતિથી રાંડેલો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'સકળ ઉપાધિથી રહિત જીવવસ્તુ...' ભગવાનઆત્મા, એનો પ્રત્યક્ષ અનુભવ. બોધની વ્યાખ્યા જ આ (છે). વસ્તુનો બોધ એટલે વસ્તુ અખંડ જ્ઞાનમૂર્તિ એનો બોધ એટલે? એનો બોધ, વસ્તુનો બોધ. એટલે કે વસ્તુ પ્રત્યક્ષ રાગરહિતનું જ્ઞાન, અંતર પ્રત્યક્ષ છું એનું નામ બોધ. સમજાણું કાંઈ? કેમકે રાગ અને વિકારને પર કારણ માને છે ત્યારે એને વિકારરહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ પ્રત્યક્ષની ખબર નથી એટલે વિકાર પરને કારણે માને છે, એમ અજ્ઞાની માની રહ્યા છે. સમજાણું કાંઈ?

વસ્તુ એક સમયમાં ચિદાનંદ વસ્તુ, જ્ઞાનવસ્તુ, ચૈતન્યબોધ વસ્તુ એ ચૈતન્યનો બોધ. એટલે કે તેનું જ્ઞાનમાં આ આત્મા એમ પ્રત્યક્ષ થવું. એવા પ્રત્યક્ષના અનુભવથી રહિત હોવાથી. કહો, સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! વિધુરનો અર્થ રહિત. અમસ્તા પણ દુનિયામાં નથી કહેતા, આ વિધુર છે. બાયડી મરી જાય તો વિધુર કહે. ધણી મરી જાય તો વિધવા કહે. એમ કહે છે ને? ઘરમાં આ વિધુર છે. ઘરમાં છ આદમીમાં ત્રણ તો વિધુર છે અને ત્રણને બાયડી છે, એમ કહે છે ને? સમજાણું આમાં? એમ ભગવાનઆત્મા, કહે છે કે, પરને કારણે દુઃખ થાય છે, વિકાર થાય છે (એમ) કેમ માને છે? સ્વરૂપની ખબર નથી કે સ્વતંત્ર પ્રત્યક્ષ આ વસ્તુ છે. એમ જો ભાન હોય તો વિકાર પરને કારણે થાય ઈ માને નહિ. હું જ પોતે મારા પ્રત્યક્ષ જ્ઞાનના અભાવે હું આ કરી રહ્યો છું. સમજાણું કાંઈ?

'પ્રત્યક્ષ અનુભવથી રહિત...' થયેલા 'अन्ध'. 'अन्ध'ની વ્યાખ્યા કરી. બોધની વ્યાખ્યા પ્રત્યક્ષ અનુભવ. આંધળાની વ્યાખ્યા 'સમ્યક્ત્વથી શૂન્ય...' આ વસ્તુસ્વરૂપ આ સ્વતંત્ર છે એમ જે જ્ઞાનથી પ્રત્યક્ષ થવું જોઈએ અને એને પ્રતીતમાં આ જ આત્મા છે એ સ્વતંત્ર શુદ્ધ (છે) એવી પ્રતીતિ છે એ બોધથી રહિત અને સમકિતથી આંધળા, સમકિતથી શૂન્ય. 'बुद्धयः' 'જ્ઞાનસર્વસ્વ જેમનું,...' દેખો! એનું જ્ઞાન બધું એવું થઈ ગયું છે. 'જેમનું, એવા છે.' એ સર્વ મિથ્યાદૃષ્ટિ આવા છે, એમ કહે છે. હવે 'તેમનો અપરાધ શો?' સમજાણું કાંઈ? ઓહો..! આ તો મુદ્દાની રકમની વાત છે ને એટલે જરી (સ્પષ્ટ કરે છે). આ દેહાદિ તો પર છે. હવે આમાં ક્યાં એને કારણે આવ્યા, એને કારણે રહે અને એને કારણે જાય. આત્માને કાંઈ લેવાદેવા છે નહિ. કર્મની વાત ન કરી સવારમાં? કે, કર્મ છે એ અસદ્ભૂત જૂઠી નયે એને સંબંધ છે. આ શરીર તો સાથે રહેતું નથી, આત્મા જાય તો કર્મ સાથે જાય. સાથે ને સાથે (જાય). એથી એકક્ષેત્રાવગાહ ગણીને એને અનુપચાર જૂઠી નયે સંબંધ કીધો. આ તો કાંઈ આની સાથે (ન જાય). આ તો (આત્મા) નીકળ્યો એટલે ઠપ્પ થઈ (જાય). પેલા કર્મ તો સાથે ને સાથે (રહે). એ પોતાને કારણે, હોં! કર્મ કર્મને કારણે. પણ બેનો આમ સંબંધ કહેવો એ આમ નજીક ક્ષેત્રાવગાહથી અનુપચાર કીધો. બાકી છે નિમિત્ત. જૂઠી નયે અસદ્ભૂત. નિમિત્તથી સંબંધથી એને સંબંધ કહેવામાં આવે છે. આની સાથે તો કાંઈ ન મળે. આ તો કાંઈ લેવાદેવા નથી. એનો થઈ ગયો ધણી.

કહે છે, પરથી ભિન્ન એવા પોતાના જ્ઞાનથી રાંડેલા અને સમકિતથી આંધળા એટલે સમકિતથી શૂન્ય. વસ્તુ સ્વતંત્ર ચૈતન્યમૂર્તિ (છે). એ સ્વતંત્ર શુદ્ધ છે એવું જો ભાન હોય તો એને પરથી વિકાર થાય એ વાત એને રહી શકે નહિ. કારણ કે હું સ્વતંત્ર વિકાર કરનાર આમ હતો, આમ થયો એટલે મારાથી મને ભાન થયું છે. એટલે વિકાર પરથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે એ વાત એને રહેતી નથી. સમજાણું કાંઈ? સમકિતથી શૂન્ય, પ્રત્યક્ષ જ્ઞાનના અનુભવથી રહિત એવું જેનું જ્ઞાન છે. એટલે કે એવું જેનું સર્વસ્વ છે. બસ! સર્વસ્વ એમ માન્યું છે. અમે આ રાગ, વિકાર છીએ. જ્યાં લગી કર્મ ત્યાં લગી વિકાર. સમજાણું?

'તેમનો અપરાધ શો? ઉત્તર–અપરાધ આવો છે;...' અપરાધ એવો છે 'તે જ કહે છે :' 'ये रागजन्मनि परद्रव्यं निमित्ततां एव कलयन्ति' 'જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવા છે–રાગ-દ્વેષ-મોહ (મિથ્યાત્વ) અશુદ્ધ પરિણતિરૂપ પરિણમતા જીવદ્રવ્યના વિષયમાં...' શું કહે છે? 'रागजन्मनि' એટલે મિથ્યાત્વ, રાગની ઉત્પત્તિ. 'जन्मनि' એટલે ઉત્પત્તિ. આત્માની વર્તમાન દશામાં મિથ્યાત્વ, રાગ-દ્વેષનો જન્મ થવો. વસ્તુમાં નથી. પર્યાયનું ઉત્પન્ન થવું એ અશુદ્ધ પરિણતિરૂપ. જુઓ! અશુદ્ધ–મલિન. 'પરિણમતા જીવદ્રવ્યના વિષયમાં...' પરિણમતું જીવદ્રવ્ય. એ મિથ્યાત્વ અને  રાગ-દ્વેષના પર્યાયમાં પરિણમવાવાળું જીવદ્રવ્ય. એનો અપરાધ શું? ઇ શું માને છે? 'જીવદ્રવ્યના વિષયમાં આઠ કર્મ, શરીર આદિ નોકર્મ તથા બાહ્ય ભોગસામગ્રીરૂપ પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્ત પામીને...' દેખો! એનું 'નિમિત્ત પામીને જીવ રાગાદિ અશુદ્ધરૂપ પરિણમે છે એવી શ્રદ્ધા કરે છે...' કોણ કરે છે? જીવરાશિ. હેં? નિમિત્ત પામીને વિકાર થાય, નિમિત્ત પામીને વિકાર થાય એટલે જાણે નિમિત્ત છે માટે વિકાર થાય. 'છોટાભાઈ'!

સ્વરૂપના જ્ઞાનથી તો ભ્રષ્ટ છે, સમકિતથી શૂન્ય છે, સર્વસ્વ જેનું જ્ઞાન ઊંધું પરિણમ્યું છે. એનો શું અપરાધ છે? કેવો અપરાધ છે? કે, જીવદ્રવ્ય અશુદ્ધ મિથ્યાત્વ, રાગ-દ્વેષ અને ભ્રમણાપણે પરિણમે છે એ વિષય સંબંધીમાં, એવી પરિણતિના સંબંધમાં એમ એ અજ્ઞાની માને છે કે, 'આઠ કર્મ...' ભાઈ! આઠ કર્મ છે તો આપણને અશુદ્ધ પરિણતિ છે. એ જ્ઞાનાવરણીય છે તો જ્ઞાનની હિનતા છે. એમ આંધળા સમકિતથી શૂન્ય સર્વસ્વ જેનું જ્ઞાન ઊંધું છે એ (એમ શ્રદ્ધે છે કે), જ્ઞાનાવરણીય છે તો જ્ઞાનની હિનતા છે. દર્શનાવરણીય છે તો દર્શનની હિનતા છે, મોહનીય છે તો રાગ-દ્વેષ છે, મિથ્યાત્વ છે. આ જુઓ નિમિત્ત. આહાહા..! ભાષા પણ કેવી છે! 'નિમિત્ત પામીને...' એમ શબ્દ છે ને? જેવી ભાષા લોકો કહે છે એવી ભાષા છે. આહાહા..! 'નિમિત્ત પામીને' એમ શબ્દ છે. બોલે છે, ન્યાં પણ એમ બોલતા હતા, નિમિત્ત પામીને થાય છે, નિમિત્ત પામીને થાય છે. આહાહા..! ત્યારે એણે નિમિત્ત માન્યું કહેવાય. એ વિકાર થાય એમાં આ હોય તો થાય તો એણે નિમિત્ત માન્યું કહેવાય, એમ કહે છે. પણ તું કર તો થાય ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! આખી દૃષ્ટિ ફેર. ઇ ન્યાંથી લ્યે છે.

એ અપરાધ એવો છે કે, એ મિથ્યાદૃષ્ટિ જીવની રાશિ. રાશિ એટલે બધા ઢગલા, હોં! એકેન્દ્રિયથી માંડીને બધા. નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ થઈને પણ ગયો. એને તો આટલી મોટી વિપરીતતા ન હોય. ઊંડે ઊંડે એને રાગનું વેદન હોય એને માને. એટલું હોય. અત્યારે તો બહુ સ્થૂળ વિપરીત દૃષ્ટિ. અત્યારે તો ધમધોકાર (ચાલે છે). નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામીને થાય છે, નિમિત્ત પામીને થાય છે. નિમિત્ત પામીને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે, એમ પોકાર કરે છે. આહાહા..! જાણે કે પરદ્રવ્ય પ્રાપ્ત થાય તો સ્વદ્રવ્યમાં વિકાર થાય. પરદ્રવ્ય હોય, સ્વ-પર દ્રવ્ય હોય તો વિકાર હોય એટલે પરદ્રવ્ય હોય તો વિકાર હોય. પણ ઇ ક્યાં વાત છે? ભાવબંધ જે કરે છે એ પોતે પોતાને કારણે ઊભો કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આઠ કર્મ. કહો! આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન નથી, શ્રદ્ધા નથી અને સર્વસ્વ જેનું જ્ઞાન ખોટું થઈ ગયું છે. એવા ખોટા જ્ઞાનવાળાનો શું અપરાધ? કે આ જે દોષ થાય છે એ આઠ કર્મ છે તો દોષ થાય છે. છે તો થાય છે, છે તો થાય છે. પણ છે તો એના અસ્તિત્વમાં છે. અહીં થાય છે એ તારા અસ્તિત્વમાં થાય છે. એ છે તો થાય છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત. ઝીણી નથી. એને કહે છે, બાપુ! તું પણ તારા અસ્તિત્વમાં અશુદ્ધ પરિણતિ ઊભી થઈ એ સત્ છે કે નહિ? ઇ સત્નો અંશ છે કે નહિ? એથી તો સવારમાં કહ્યું હતું-અશુદ્ધનિશ્ચય. નિશ્ચય એટલે ઇ સત્નો અંશ છે, સત્ છે. પણ અશુદ્ધ છે એટલે અશુદ્ધનિશ્ચયનય કહ્યો. છે ને ઇ? ઇ છે કે નહિ? કે સસલાના શિંગડા છે? અને એ છે તો કર્મ છે તો ઇ છે? આહાહા..! સમજાણું કાંઈ? મોટો વાંધો. એક નિમિત્ત માની લ્યો તો કાંઈ નહિ. એટલે શું? કે, નિમિત્ત છે તો અહીં થાય એટલું માની લ્યો તો બધું છૂટી જાય. આહાહા..! મોટી ભ્રમણા. સમજાણું કાંઈ?

આ ગુણની ઊલટી અવસ્થાનો ઉત્પાદ, એ ઉત્પાદ છે એ આ કર્મનો ઉત્પાદ પર્યાય છે તો અહીં ઉત્પાદ છે એનો અર્થ શું? સમજાણું કાંઈ? એ આઠ કર્મનો ઉદય પાક્યો. પાક્યો, હોં! સત્તામાંથી. પાક છે. એ પાક છે તો અહીં અશુદ્ધતા છે. એ મિથ્યાદૃષ્ટિ જીવરાશિનો મોટો અપરાધ છે. એ મોહની સેનાને પાર પાડી શકશે નહિ. મિથ્યાત્વરૂપી નદીને (પાર) ઇ નહિ ઉતરી શકે. આહાહા..! એ.. 'સોમલચંદજી'! શું છે ન્યાં?

અર્થ કેવો કર્યો છે? 'रागजन्मनि' એટલે મિથ્યાત્વ ને રાગ-દ્વેષની પરિણતિના સંબંધમાં. એમ. સમજાણું? રાગ-દ્વેષ એટલે રાગ-દ્વેષ, મોહની પરિણતિ(રૂપ) પરિણમનારા જીવના વિષયના સંબંધમાં. એ સંબંધમાં મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ એમ માને છે કે, આઠ કર્મની સામગ્રી છે, સામગ્રી છે, પુદ્ગલદ્રવ્યનું નિમિત્ત છે, છે તેથી અહીં (વિકાર) થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો આમાં છે ને? આમાં બહુ નાખ્યું છે, ઇ જ નાખ્યું છે ને? 'रागजन्मनि' લ્યો, ઇ શ્લોક નીકળ્યો. કીધું, ક્યા પાને હશે? ગોતતા ઇ આવ્યું. 'रागजन्मनि' છે ને? 'ઇહિવિધિ જો વિપરીત પખ,...' ('સમયસાર નાટક'). આમાં આવ્યું હતું ને? 'यदिह भवति रागद्वेषदोषप्रसूतिः'

કોઊ મૂરખ યૌં કહૈ, રાગ દોષ પરિનામ,
પુદ્ગલકી જોરાવરી, વરતૈ આતમરામ. ૬૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યૌં જ્યૌં પુદ્ગલ બલ કરૈ, ધરિધરિ કર્મજ ભેષ,
રાગદોષકૌ પરિનમન, ત્યૌં ત્યૌં હોઇ વિશેષ. ૬૩.
ઇહિવિધિ જો વિપરીત પખ, ગહૈ સદ્દહૈ કોઈ,
રો નર રાગ વિરોધસૌં, કબહૂં ભિન્ન ન હોઈ. ૬૪.
સુગુરુ કહૈ જગમૈં રહૈ, પુદ્ગલ સંગ સદીવ,
સહજ સુદ્ધ પરિણમનિકૌ, ઔસર લહૈ ન જીવ. ૬૫.
તાતૈં ચિદભાવનિ વિષૈ, સમરથ ચેતન રાઉ,
રાગ વિરોધ મિથ્યાતમૈં, સમકિતમૈં સિવ ભાઉ. ૬૬.

ઊલટી માન્યતામાં રાગ-દ્વેષની ઉત્પત્તિ તારાથી, સુલટી માન્યતામાં ભગવાન ચૈતન્યની જાગૃતિ. આહાહા..! સમજાણું કાંઈ? એના પહેલા આવ્યું હતું ને?

કોઊ સિષ્ય કહૈ સ્વામી રાગ દોષ પરિનામ,
તાકૌ મૂલ પ્રેરક કહહુ તુમ કૌન હૈ.
પુગ્ગલ કરમ જોગ કિંધૌં ઇંદ્રિનિકૌ ભોગ,
કિંધૌં ધન કિંધૌં પરિજન કિંધૌં ભૌન હૈ.
ગુરુ કહૈ છહૌં દર્વ અપને અપને રૂપ,
સબનિકૌ સદા અસહાઈ પરિનૌન હૈ.
કોઉ દરબ કાહૂકૌ ન પ્રેરક કદાચિ તાતૈં,
રાગ દોષ મોહ મૃષા મદિરા અચૌન હૈ. ૬૧.

એ મિથ્યામદિરાનું પીવું એને લઈને રાગ-દ્વેષ અને અજ્ઞાન ઊભું કરે છે. બીજું કોઈ કારણ-ફારણ નથી, કહે છે. આહાહા..! એ નિમિત્તકારણનો અર્થ જ કારણ નથી, ભાઈ એમ. એ આ છે તો કરે છે, એનો અર્થ શું થયો? એ તો ઉપચારિત કારણ થયું, સાચું કારણ ન થયું. સમજાણું કાંઈ? એક જ કારણ છે. બીજું તો ઉપચારિત નિમિત્તને કહેવામાં આવે છે. જુઓને! કેટલી વાત લખી, લ્યો! (તો કહે), એ નહિ, એ નહિ, એ નહિ. એ પંડિત(નું છે). પંડિત પણ આ પાઠમાં છે એ પ્રમાણે તો કહે છે. આ કળશ કોનો છે? પોતાનું જ્યાં પોષણ મળે એવો અર્થ કરે. આહા..! 'જન્મઅંધનો દોષ નહિ આકરો, એ નહિ જાણે અર્થ પણ મિથ્યાદષ્ટિ તેથી આકરો, કરે અર્થના અનર્થ.' આહાહા..! શું થાય? એની સજાવેલી તરવાર કોની કોર ફેરવવી... આમ ફેરવે કે આમ ફેરવે, એના હાથમાં છે. ભગવાનઆત્મા..! આ..હા..હા...! શું શ્લોકો સ્પષ્ટ છે! આટલી આટલી સ્પષ્ટતા છતાં હજી હઠ મૂકે નહિ. નહિ, નહિ, નહિ.

મુમુક્ષુ :- હઠ તો મૂકે નહિ પણ બીજાને મૂકાવે.

ઉત્તર :- ઇ તો એમ જ કહે ને! તમે આમ માનો. અને આવું માનતા હોય કે, કર્મથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકાર ન થાય એને મિથ્યાદૃષ્ટિ મૂઢ માનો. આહાહા..! શું જ્ઞાનાવરણીય વિના જ્ઞાનની હિનાધિકતા થાય? થાય છે ક્યારેય? જગતને ડૂબાડી દેશે. આહાહા..! અરે..! ભગવાન! બાપુ! તને ખબર નથી, ભાઈ! મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નિમિત્તની અપેક્ષા વિના સ્વતંત્ર કરે છે. નિમિત્તની અપેક્ષા તો વ્યવહારથી આવે છે. અહીં તો વ્યવહારથી વાત છે. નિશ્ચયથી તો નિરપેક્ષ તારો પર્યાય તારાથી પરિણમે છે. આહાહા..! અરે..! એટલા દોષના પણ યથાર્થપણે સ્વીકાર નહિ. એને નિર્દોષ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કેમ જાય? અંશના વર્તમાન પરિણતિની સ્વતંત્રતાના દોષના અંશનો પણ ખ્યાલ સ્વતંત્રતાનો ન આવે, એનું ત્રિકાળી અનંત ગુણનો દરિયો ભગવાનઆત્મા, એ દૃષ્ટિમાં કેમ આવે? આહાહા..! સમજાણું કાંઈ? આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. પણ આત્મા જ્ઞાતા ક્યાંથી આવ્યો? કર્મને લઈને, નિમિત્તને લઈને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરે એમાં જ્ઞાતા-દૃષ્ટા રહ્યો ક્યાં? આમ માને કે, આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, 'આઠ કર્મ, શરીર,...' શરીર.. શરીર. એ આ શરીર. આ શરીર કંટાળો ઉપજાવે છે. કહે છે કે, એવા મૂઢ જીવો મિથ્યાત્વના, રાગ-દ્વેષના પારને નહિ પામી શકે. સમજાણું કાંઈ? શરીર. 'આદિ નોકર્મ...' લ્યો! વાણી. ભાઈ! આકરા શબ્દો પડે ને, આમ બાણ જેવા પડે ને દ્વેષ થયા વિના રહે નહિ. મૂઢ છો, કોણે કહ્યું તને? એવું વસ્તુના સ્વરૂપમાં તો નથી. 'તથા બાહ્ય ભોગસામગ્રી...' લ્યો! એ બાહ્ય ભોગસામગ્રી. પાંચ ઇન્દ્રિયના અનુકૂળ અને પ્રતિકૂળના ઢગલા. એ 'निमित्ततां कलयन्ति' શું કહે છે? 'પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્ત પામીને જીવ રાગાદિ અશુદ્ધરૂપ પરિણમે છે...' 'कलयन्ति' એટલે પરિણમે છે. એ 'નિમિત્ત પામીને...' 'निमित्ततां कलयन्ति' નિમિત્તતા. નિમિત્ત છે તો અહીં રાગ-દ્વેષનું મિથ્યાત્વનું પરિણમન થાય છે. 'निमित्ततां कलयन्ति' એનો અર્થ છે. ભાઈ! આ કર્મ, શરીર, સામગ્રી નિમિત્તો છે તો 'कलयन्ति' તો મિથ્યાત્વપણે પરિણમે છે, દ્વેષપણે પરિણમે છે. એમ જે માને છે... 'પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્ત પામીને જીવ રાગાદિ અશુદ્ધરૂપ પરિણમે છે એવી શ્રદ્ધા કરે છે...' કોણ? મિથ્યાદૃષ્ટિ જીવરાશિ. 'જે કોઈ જીવરાશિ...' જે કોઈ જીવરાશિ 'તે મિથ્યાદૃષ્ટિ છે, અનંત સંસારી છે,...' સમજાણું કાંઈ? હવે એનું શું છે એની વ્યાખ્યા કરશે. એ કેમ થયું? પર્યાયની શક્તિ... (વિશેષ કહેશે...) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારતક વદ ૨, ગુરુવાર તા. ૧૧-૧૧-૧૯૬૫.
કળશ–૨૨૧, ૨૨૨. પ્રવચન–૨૪૪-E

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર', 'કળશટીકા' ૨૯ મો (શ્લોક) ચાલે છે. શું કહે છે? જુઓ! આચાર્ય મહારાજ અહીંયાં એ સિદ્ધ કરવા માગે છે કે, જે આ આત્મા છે એ આત્માનો સ્વભાવ જ્ઞાન, આનંદાદિ શુદ્ધ છે, અનાદિથી શુદ્ધ છે. વસ્તુ સ્વભાવ જે છે એ જ્ઞાન, આનંદ, દર્શન, વીર્ય, શાંતિ, ચારિત્ર વગેરે શુદ્ધ તત્ત્વથી ભરેલો જ એ આત્મા છે. તત્ત્વ એટલે ભાવ. શુદ્ધભાવસ્વરૂપ ભગવાનઆત્મા (છે). એ જે વિકાર કરે છે એ કોણ કરાવે છે? એ પ્રશ્ન છે. અજ્ઞાની એમ માને છે કે અમને આ વિકાર થાય છે એ આઠ કર્મ છે એને લઈને થાય છે. સમજાણું કાંઈ?

આત્મામાં મલિનતા–પુણ્ય-પાપના ભાવ કે મિથ્યાત્વભાવ (થાય છે), પૈસામાં–ધૂળમાં સુખ છે, સ્ત્રી-કુટુંબમાં સુખ છે, શરીરમાં સુખ છે, પ્રતિકૂળતામાં દુઃખ છે, મિથ્યાત્વીની એવી માન્યતા–મિથ્યાત્વ કોણ ઉત્પન્ન કરે છે? અજ્ઞાની કહે છે કે, એ તો કર્મના કારણે અમને એવી ભ્રમણા થાય છે. કાં શરીરમાં રોગ અને નિરોગતા આવે એને કારણે અમને એવો ભાવ શરીરને કારણે થાય છે અને કાં પાંચ ઇન્દ્રિયના ભોગની સામગ્રીઓ જે છે–શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને કારણે અમને મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભાવ થાય છે. કહો, સમજાણું કાંઈ? એમ અજ્ઞાનીનું કહેવું અને માન્યતા છે.

એ કહે છે, 'જે કોઈ જીવરાશિ...' એટલે અનંતા જીવો. અનાદિકાળના આ રીતે માને છે જે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ. 'આઠ કર્મ, શરીર આદિ નોકર્મ તથા બાહ્ય ભોગસામગ્રીરૂપ પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્ત પામીને...' એ પુદ્‌ગલનું નિમિત્ત નામ સંયોગને પ્રાપ્ત થઈને જીવ રાગ-દ્વેષ અશુદ્ધરૂપે થાય છે. આત્મા મલિન પુણ્ય-પાપના ભાવ બાહ્ય પદાર્થ–સામગ્રીને પામીને થાય છે. અંતર સામગ્રી કર્મ અને બાહ્ય સામગ્રી શરીર ને ભોગ આદિ. આવી શ્રદ્ધા જે જીવરાશિ કરે છે, 'જે કોઈ જીવરાશિ તે મિથ્યાદૃષ્ટિ છે, અનંત સંસારી છે.' સમજાય છે કાંઈ આમાં?

આત્મા સિદ્ધ સમાન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ (છે). એની અંદરમાં આ વિકાર કોણ કરાવે છે? કે, અંતરમાં કર્મ પડ્યા (છે) એને લઈને અમને વિકાર થાય છે અને કાં શરીરના કારણે અમને વિકાર થાય છે અને કાં શબ્દ, રૂપ, રસ, ગંધને સાંભળવાથી, અનુકૂળતાને સાંભળવાથી અમને એ રાગ કરાવે છે અને પ્રતિકૂળતાને કારણે અમને દ્વેષ થાય છે. આમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જીવરાશિ અનંત જીવના ઢગલા પડ્યા છે એવું જે આ માને એ મિથ્યાદષ્ટિ અનંત સંસારી જીવ છે. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ અને મિથ્યાભાવ કરે પોતે અને નાખે કે પરને લઈને મને થાય છે. એટલે એની ભ્રમણા શ્રદ્ધા તો ઊંધી અનાદિની છે પણ એમાં પાછા વિકાર પણ પર કરાવે એવી માન્યતા (રાખે) એટલે એ તો મિથ્યાદષ્ટિ અનંત સંસારી છે. સમજાણું કાંઈ? શું હશે આમાં? 'પોપટભાઈ'!

અનુકૂળ સામગ્રી હોય તો રાગ થાય કે નહિ પણ? આ ધૂળ પાંચ-પચીસ લાખ મળી હોય, લ્યો ને! એ રાગ કરાવે કે નહિ? પૈસા રાગ કરાવે કે નહિ? ભગવાન કહે છે કે, જે એમ માને કે આ પૈસા રાગ કરાવે છે એ મૂઢ અનંત સંસારી જીવ છે. એ જડ માટી–ધૂળ છે, એ માટી કંઈ તને રાગ કરાવતી નથી. આહાહા..! કેમ હશે? આ શરીરમાં રોગ આવે એ જીવને દ્વેષ કરાવે કે નહિ?

મુમુક્ષુ :– દ્વેષ ન કરાવે દુઃખ કરાવે.

ઉત્તર :– તો દુઃખનો અર્થ શું થયો? 'જેચંદભાઈ'!

મુમુક્ષુ :– રોગ થાય.

ઉત્તર :– હા, ઇ. શરીરમાં રોગ થાય અને શરીરને કારણે દુઃખ થાય, ભગવાન કહે છે કે, મૂઢ મિથ્યાદષ્ટિ અનંત સંસારમાં રખડનારો એ જીવ છે. મિથ્યાદષ્ટિમાં પણ એનો અનંત સંસાર છે, એમ (કહે છે). ઘણો સંસાર છે. કારણ કે સ્વભાવમાં વિભાવ કરે છે એ વિભાવ પરથી થાય એમ માને, એનું ઠેકાણું (ક્યારે પડે?) સ્વભાવમાં વિભાવ નથી એ તો ક્યાં રહ્યું એની પાસે? શું કીધું સમજાણું?

જ્ઞાનાનંદ પ્રભુ આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે, સર્વજ્ઞ પરમાત્મા જેવા થયા એવો જ એનો આત્માનો સ્વભાવ છે. અનાદિઅનંત ચિદાનંદ જ્ઞાનાનંદ નિર્દોષ વીતરાગ આત્મતત્ત્વ છે. એવા તત્ત્વને તો એ જાણતો નથી, માનતો નથી પણ વિપરીત માન્યતા કરે છે પોતે જાતે અને કહે છે કે કર્મને લઈને મને મિથ્યાત્વ થાય છે. લોકો નથી કહેતા કે, બુદ્ધિ કર્માનુસારિણી? એમ મૂઢ લોકો બોલે છે. સમજાણું કાંઈ? કર્મનો જેવો ઉદય આવે એવી બુદ્ધિ થાય. આચાર્યદેવ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવનું કહેલું કહે છે કે, જે વિકાર પોતે કરે છે અને નાખે છે કર્મને કારણે થાય છે એ સ્વભાવને તો ભૂલ્યા છે પણ વિકાર પરથી થાય એટલી બધી બેવડી ભૂલ કરે છે. શું કીધું?

મુમુક્ષુ :– આમાં સાચું શું છે?

ઉત્તર :– આ શું કહેવાય છે ને? આ શું કહેવાય છે આ? 'જેચંદભાઈ'! આ શું કહેવાય છે? બાપા! આ કહે છે કે, આ રાડ નાખે છે. અરે..! આ કંટાળ્યા શરીરને કારણે દુઃખ થાય છે. કહે છે કે, મૂઢ છો, અનંત સંસારમાં રખડવું છે તારે? આવા ને આવા દુઃખમાં. એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :- મરી જાય તો?

ઉત્તર :- ક્યાં મરી જાય? ન્યાં માસીબા બેઠી છે? અહીં દુઃખનો ભાવ પોતે કરે છે અને શરીરમાં પ્રતિકૂળતાને કારણે થાય છે એમ માનનારા શરીર છોડીને જાશે ક્યાં? લાવો હવે મરી જઈએ. ન્યાં ક્યાંય માસીબા બેઠી છે? આત્મા તો એમ ને એમ અનાદિ છે. દુઃખથી અહીંયાં ઉત્પન્ન કરેલો ભાવ લઈને તો ત્યાં જાય છે. જાઈશ ક્યાં તું? સમજાણું કાંઈ? આહાહા..!

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથ, જેણે એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રિકાળ જાણ્યું, ઇ ફરમાવે છે એવું સંતોએ ફરમાવ્યું છે અને એ રીતે છે. કે ભગવાનઆત્મા જ્ઞાનાનંદ અને આનંદની મૂર્તિ આત્મા છે. એનામાં તો અતીન્દ્રિય આનંદ ને એકલું જ્ઞાન ને વીર્ય જ ભર્યું છે. એનું ભાન ભૂલે છે અને મિથ્યાશ્રદ્ધા (કરે છે). આ પુણ્યના ભાવ થાય તો મને મજા પડે, આ પુણ્યના ફળ અનુકૂળ મળે તો મને ઠીક પડે, ભાવમાં આ પાપ થાય છે એ મને ઠીક થાય છે, પાપના ફળ મને મળે એ અઠીક થાય છે. એવી જે માન્યતા મૂઢ જીવ પોતાના સ્વભાવને ભૂલી કરે અને નાખે કે કર્મ ને શરીરને કારણે આ વિકાર થાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે, એ જીવરાશિ મિથ્યાદષ્ટિ છે. એની વ્યાખ્યા કરી. મિથ્યાદષ્ટિ એટલે કે અનંત સંસારી, એમ. લીટી કરી છે ને? સમજાણું કાંઈ ? આહાહા..! ભૂલની તને ખબર નથી. તારી ભૂલ તું કરે છો કોઈ શરીર નહિ, કર્મ નહિ, દેહ નહિ, પૈસા, બાયડી, છોકરા ત્રણકાળમાં કોઈ તારા દોષને કરતા નથી. એનામાં તને દોષ કરે એવી શક્તિ નથી અને તારામાં એનાથી દોષ થાય એવી તારામાં શક્તિ નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં-અવસ્થામાં શુદ્ધ જ્ઞાનઘન જ્ઞાતા ચિદાનંદમૂર્તિ પ્રભુઆત્મા છે એના તરફના લક્ષને ભૂલી પોતે પરના લક્ષે મિથ્યાભ્રમ અને રાગ-દ્વેષ કરે અને માને કે અમને તો આ કરાવે, ભાઈ! સમજાણું? એ અનંત સંસારી છે. એ અનંત દુઃખમાં રળવળવાના અને ટળવળવાના છે, એમ કહે છે. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- કઈ રીતે રોકાય?

ઉત્તર :- આ કીધું ને એ (રીતે) મટે. ભૂલ મારી મારાથી છે. એ ભગવાનઆત્માની દષ્ટિ કરતા ભૂલ નથી. એ તો પહેલું આવી ગયું છે. વિદિત થાઓ કે મારી ભૂલ-દોષ મારાથી મારામાં છે અને એ ભૂલનું ભાન થયે અને મારા સ્વરૂપમાં એ ભૂલ નથી એમ સ્વભાવનું ભાન કર તો દુઃખ મટવાનો ઉપાય છે, બાકી કોઈ ઉપાય છે નહિ. કહો, સમજાણું આમાં? પણ કોઈ દિ' ક્યાં દરકાર (કરી છે)? હોળી (સળગે છે), આખો દિ' ને રાત આ રળ્યું ને આ ખાધું ને આ પીધું ને આ કર્યું ને ધૂળ કરી ને ધાણી કરી. હરામ પરનું કાંઈ કરતો (હોય તો). અંદર વિકલ્પના થોકડા કર્યા કરે. રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ. અને કહે કે, શું કહીએ? અમારે કરવા પડે, પરવસ્તુને લઈને અમારે કરવા પડે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ? બાયડી, છોકરા ગળે વળગ્યા તો કરવું પડે કે નહિ?

તમારી માટે તો આ વાત કરીએ છીએ. દુકાન મોટી માંડી હવે એનો નભાવ કરવો પડે કે નહિ? ક્યાં જાવું અમારે? દેવાળું કાઢવું? શેની પણ (દુકાન)? દુકાન-બુકાન જડની પરવસ્તુ છે. તેં ક્યાં માંડી હતી? એ તો જડ છે, પર છે. તું તો આત્મા છો. તારી દશામાં રાગ-દ્વેષ કર, પરનું કરી શકે છે? અને પરનું કરવાનું માને છે એ પણ એમ કહે છે કે, પરને લઈને આ મારી માન્યતા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ખોટો થઈને અને ખોટો થઈને ઉભો રહે અને કહે કે, ખોટું શું કહીએ? ભાઈ! સંયોગો એવા આવે તો આપણને ખોટું ઉભું થાય જ. બહુ સારું, દોષ કરવામાં તું ધોયેલ મૂળા જેવો હોઈશ. દોષ પરને લઈને થતા હશે? 'જેચંદભાઈ'! જુઓ! આ રાડ નાખવા જેવું છે. હોં! એમાં અનંતુ પાપ બાંધે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

શરીર માટી છે, ધૂળ છે, ભગવાનઆત્મા ચૈતન્ય ભિન્ન છે. કર્મ જડ માટી, ઝીણા રજકણ, અંદર ઝીણી ધૂળ કર્મ છે. એ કર્મ જડ છે, ભગવાનઆત્મા ચૈતન્ય ભિન્ન છે. એ કર્મ જીવને વિકાર દુઃખ કરાવે કે કર્મ આત્માને સુખની કલ્પના કરાવે અને શરીર દુઃખનું કારણ થાય અને શરીર આત્માને સુખ અનુકૂળ (રહે) એટલે સુખી. મૂઢ છો, સુખ તો તારી કલ્પનાએ કર્યું. ન્યાં ધૂળમાં ક્યાં હતું? આ તો માટી છે. સમજાય છે કાંઈ? આહાહા..! આમ જ્યાં સારા સારા શબ્દો માથે પડે, ખમા અન્નદાતા! તમે તો આવા કામ કર્યા, આવા કામ કર્યા. ફૂલાઈને અંદર દોઢો થઈ જાય. સારા મૂઢ છો. સારો તો અંદર સ્વભાવ છે એનું ભાન કર તો સારો થાય. દુનિયા વખાણે પછી એને (એમ થઈ જાય કે), અમારા જેવા કોઈ નથી, અમારા જેવા કોઈ નથી. એવા ભ્રમણાના અજ્ઞાનભાવને સેવ અને (કહે કે), ભાઈ એવા સંયોગમાં એવા ભાવ આવ્યા વિના રહે નહિ. એ એને કારણે આવે. (એવું માનનાર) મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી જીવ છે. એવા ને એવા દુઃખના ખદબદાટમાં એણે અનંતકાળ રહેવું પડશે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'જેથી એવો વિચાર છે કે સંસારી જીવને રાગાદિ અશુદ્ધ પરિણમનશક્તિ નથી,...' દેખો! અજ્ઞાની એમ માને છે, હવે અહીં જરી ખૂબી આમાં છે કે, આત્મા વસ્તુ તરીકે સ્વભાવ તો શુદ્ધ આનંદ છે પણ પર્યાયમાં વિકાર થવાની શક્તિ જ નથી એમ અજ્ઞાની માને છે. સમજાણું આમાં? વસ્તુ તો વસ્તુ શુદ્ધ ચિદાનંદ દ્રવ્ય વસ્તુ છે પણ પર્યાયમાં અંશમાં એને વિકાર થવાની યોગ્યતા અને શક્તિ પોતાની નથી. એ બધો વિકાર પર 'પુદ્ગલની જોરાવરીએ વર્તે આતમરામ'. એમ અજ્ઞાની મૂઢ જીવ વસ્તુના સ્વભાવના તો અજાણ (છે), પણ વિકારના પણ અજાણ (છે), વિકાર કેમ થાય છે એના અજાણ (છે). સમજાણું કાંઈ આમાં? વસ્તુ જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ અનાદિઅનંત ચૈતન્ય છે. એવી વસ્તુના તો અજાણ, પણ વિકાર કરવાની પર્યાયની એના અંશમાં શક્તિ છે એના પણ અજાણ, એમ કહે છે. કહો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બરાબર હશે?

હૂંફ ચડી જાય, હોં! બે-પાંચ કરોડ રૂપિયા થઈ જાય તો હૂંફ ચડે કે નહિ એને લઈને? અને એમાં જ્યાં એને ધક્કો લાગે (તો) હાય.. હાય...! જીવન અમારા ખારા થઈ ગયા. શું કરવું? પીવો સોમલ. ક્યાં જાશો? ક્યાં જાશો પણ મરીને? તમારું તત્ત્વ શાશ્વત છે. અખંડાનંદ તત્ત્વ તો ધ્રુવ આત્મા છે, કોઈ દિ' નાશ થાય એવો નથી. ક્યાં જાવું છે તારે? આહાહા..! ભાઈ! એવી મૂંઝવણ આવે ત્યારે જીવન ખારા લાગે, તમને એવા આવ્યા નથી. વળી એમ બોલે. એવા પ્રતિકૂળતાના ભીડામાં આવીએ અને એવો ભાવ એને કારણે થયા વિના રહે નહિ. મૂઢ (છો). કહે છે કે, તારા સ્વભાવનું તો તને ભાન નથી પણ તારા અંશની શક્તિમાં વિકાર કરવાની તારી જ લાયકાત અને યોગ્યતા છે. એવા અંશમાં મિથ્યાત્વની શક્તિની પરિણમવાની યોગ્યતા તારી છે એની પણ તને ખબર નથી, એમ અહીં કહે છે. શું કીધું આમાં? 'જમુભાઈ'!

વસ્તુ ભગવાનઆત્મા ચૈતન્ય જ્ઞાનાનંદ વસ્તુ સ્વભાવ (છે). એની તો તને ખબર નથી પણ તારી વર્તમાન દશામાં દોષની ઉત્પત્તિ થવી એ તારી યોગ્યતાના પરિણમનને કારણે છે એની તને ખબર નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ ઇ તો ભાષા રહી, બેસે છે ક્યાં એને? દોષે બંધન નહિ, એ દોષ છે એ તું કરે છો, એમ. એ દોષ તું કરે છો, એ દોષની કરવાની તારી પર્યાયમાં-અવસ્થામાં શક્તિની યોગ્યતા છે, એમ કહે છે. એ દુઃખની યોગ્યતા કર્મને કારણે નહિ, શરીરને કારણે નહિ, પરને કારણે નહિ. દ્રવ્યના સ્વભાવને કારણે તો નહિ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા સચ્ચિદાનંદ મૂર્તિ જ્ઞાનાનંદ સત્ શાશ્વત, એવા સ્વભાવમાં તો વિકાર કરવાની એની એક સમયમાં પણ યોગ્યતા નથી અને પરપદાર્થમાં પણ યોગ્યતા નથી કે જીવને વિકાર કરાવે એક સમયમાં. તારી એક સમયની પર્યાયમાં અંશમાં વિકૃત કરવાની, પરિણમવાની, થવાની, દોષરૂપે થવાની એક સમયની યોગ્યતા તારી, તારામાં, તારે લઈને છે.

એમ ન માનતા 'પુદ્ગલકર્મ બળાત્કારે જ પરિણમાવે છે.' એ શરીરનો રોગ જ અમને દુઃખ ઉપજાવે છે, ચારિત્રમોહનો ઉદય અમને દુઃખ ઉપજાવે છે, દર્શનમોહનો ઉદય અમને ભ્રમણા કરાવે છે એમ જે માને છે એ મૂઢ (છે). (તેને) નથી સ્વભાવનું ભાન, નથી તેની એક સમયની વિકૃત કરવાની મિથ્યાત્વની યોગ્યતાનું ભાન. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભાન તો છે.

ઉત્તર :- શું ભાન છે? મફતનો ગાંડાપણે બોલે છે. શું (કહ્યું)? પાગલની પેઠે બોલે કે આ.. આ.. આ... આ લ્યો, ભાઈ! દોષ તો આત્માનો હશે ને? આત્માનો હશે હજી, આત્મા છે એમ ક્યાં છે? ન પણ હોય. પેલો ન્યાય આવે એટલે ન હોય ઇ હા પાડવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પડે. સામો ઉત્તર મળે નહિ. એમ નહિ.

ભગવાનઆત્મા પોતાના અખંડાનંદ પ્રભુને જોતો નથી અંતર જાણતો નથી, માનતો નથી એ તારો પર્યાયનો દોષ છે. સમજાણું કાંઈ? જોવું, જાણવું, અનુભવવું એ તો સ્વભાવની શક્તિ છે. આહાહા..! સમજાણું આમાં? ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય છું એવી શ્રદ્ધા, એનો આનંદનો અનુભવ અને તેનું સ્વનું જ્ઞાન, એ તો એના સ્વભાવની લાયકાતની શક્તિ એવી છે. પણ એની પર્યાયમાં એણે આ જોઉં, આ દેખું ને આ રમવું એમ નહિ. આહાહા..! પોતાના સામાન્યને ન જોતાં, સ્વભાવને ન જોતા વિકારના ક્ષણિક વિકૃતની દશાના અંશને જ પોતાનો માની અને પોતાની યોગ્યતાથી તે વિકાર કરે છે એને પણ એ અજ્ઞાની સ્વીકારતો નથી. સમજાણું કાંઈ? આ મોટી ભૂલ છે. અનાદિથી માને છે.

જૈનમાં રહ્યા છો ને. કેટલાક નથી કહેતા? ભાઈ! કર્મનો ઉદય છે. પાધરો જવાબ આપી દે. ક્રોધ આવ્યો. કર્મનો ઉદય (છે). બહુ સારી વાત છે. 'ગોમ્મટસાર'માં લખ્યું છે, ચારિત્રમોહનો ઉદય હોય તો ક્રોધ થાય. શું ઉદય હોય તો થાય? એ તો તું કર ત્યારે ઉદય કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? એવા પ્રસંગ આવી પડે, ન હોય તોપણ વિકાર કરવો પડે. એ પ્રસંગ કરાવે છે, પ્રસંગ બળાત્કારે કરાવે છે. એમ જે માને છે એને ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ કહે છે કે, એ જીવરાશિ અનંત સંસારી છે. એને અનંત દુઃખમાં રઝળવું છે માટે આમ માને છે. કહો, 'પોપટભાઈ'! આહાહા..! અવળો ભાવ થવો એ પણ તારા કારણે છે. સમજાણું? કોઈ બીજાને કારણે નથી. સવળું સ્વરૂપ તો તારું સ્વરૂપ છે. એ તો શુદ્ધ ચિદાનંદ મૂર્તિ અખંડાનંદ છે.

આ છૂટ્યો ને. એને ક્યાં કરવું હતું? પર કરાવે એટલી વાત છે. છૂટવું શું એને હતું? એ જ કહે છે. પર કરાવે, તો પર હોય ત્યાં સુધી થયા કરે. એટલે તારે સ્વભાવની શુદ્ધિ કરવાનો અવસર રહે નહિ, ધર્મ કરવાનો (અવસર રહે નહિ). હું શુદ્ધ ચિદાનંદ આત્મા છું, જ્ઞાતા-દૃષ્ટા એવી શ્રદ્ધા ને અનુભવ કરવાનો એને અવસર રહેતો નથી. કહો, સમજાણું?

'જેથી એવો વિચાર છે કે સંસારી જીવ...' અનાદિ નિગોદથી માંડીને જે અનંત જીવ છે. એ રાગ ને દ્વેષ ને મિથ્યાત્વરૂપ 'અશુદ્ધ પરિણમનશક્તિ નથી,...' એની દશામાં વિકાર થવાની શક્તિ નથી એમ માને છે. આમ કહેવું છે. વિકાર કરવાની પણ એની દશામાં શક્તિ પોતાને કારણે છે, કર્મને કારણે, શરીરને કારણે, ભોગસામગ્રીને કારણે નથી. 'જો એમ છે તો પુદ્ગલકર્મ તો સર્વ કાળ વિદ્યમાન છે જ,...' દેખો! કર્મ, શરીર ને ભોગસામગ્રી સદાય છે તો સદાય તને વિકાર કરવાની યોગ્યતા રહ્યા જ કરશે, કોઈ દિ' ટાળવાનું રહેશે નહિ.

'જીવને શુદ્ધ પરિણમવાનો અવસર ક્યો?' ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે એવું સમ્યગ્દર્શન કરવાનો તને અવસર તો રહેતો નથી. કારણ કે કર્મ વિકાર કરાવે, કર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકાર કરાવે, શરીર વિકાર કરાવે, ભોગસામગ્રી વિકાર કરાવે. ખલાસ થઈ ગયું, એ સામગ્રી સદાય છે. સદાય છે તો સદાય તારે વિકાર રહ્યા કરશે. સદાય છે, સદાય સંગમાં છે. સદાય કર્યા કરશે. શુદ્ધ સ્વભાવ પોતે પોતાથી વિકાર મિથ્યાત્વ, અજ્ઞાન કરે છે એમ માને તો પુરુષાર્થથી સ્વભાવ કરીને ટાળી શકે, પણ વિકાર પુરુષાર્થથી થાય એમ ન માને એને પુરુષાર્થથી વિકાર ટાળવાનું રહેતું નથી. સમજાણું કાંઈ? પોતામાં મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષ પરિણામ પોતાથી પુરુષાર્થથી થાય, ઊંધા પુરુષાર્થથી થાય, એવી મારી શક્તિથી થાય એમ જે માને તે સવળા પુરુષાર્થથી આત્માની દૃષ્ટિ કરે. સમજાણું કાંઈ?

'જો એમ છે તો પુદ્‌ગલકર્મ તો સર્વ કાળ વિદ્યમાન જ છે,...' એ સામગ્રી તો સદાય છે. જગતના રજકણો કે દિ' નાશ થાય એવા છે? 'જીવને શુદ્ધ પરિણામનો અવસર ક્યો?' ભગવાનઆત્મા જો પરપદાર્થને લઈને જ વિકાર હોય (તો) પરપદાર્થની હયાતી તો ત્રિકાળ રહેશે. વસ્તુ કે દિ' નાશ થશે? જ્ઞાનમૂર્તિ આત્મા (છું) એવું સમ્યગ્દર્શન કરવાને શુદ્ધ ચૈતન્યની પ્રતીત કરવાનો અવસર રહેશે નહિ. કહો, સમજાણું આમાં? આહાહા..! એકેય વિચાર્યું છે કે દિ'? આંધળે આંધળા ચાલ્યા જાય છે. શું હશે ભૂલ? ને કોણ હશે અંદર ભગવાનઆત્માનો સ્વભાવ? કોણ હશે કર્મ? એમ ને એમ આંધળે આંધળા (ચાલ્યા જાય છે). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એની પાત્રતા ન હોય તો બાપા! એવા ન મળે, ભાઈ! સમજાણું કાંઈ? પાત્ર હોય તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ હાજર છે. આહા..! ભગવાન નથી બિરાજતા? મહાવિદેહ ક્ષેત્રમાં પરમાત્મા બિરાજે છે. તીર્થંકરદેવ 'સીમંધર' પ્રભુ સાક્ષાત્ બિરાજે છે, લાખો કેવળી બિરાજે છે. એની પાત્રતા હોય તો ઇ ત્યાં અવતર્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? અને જ્યાં જ્યાં ધર્માત્મા હોય ત્યાં ત્યાં પણ એની જો યોગ્યતા હોય તો આવ્યા વિના રહે નહિ. અને યોગ્યતા ન હોય તો આવે તોપણ ઊંધું લઈને જાય. એમાં એની પોતાની યોગ્યતા ન મળે ત્યાં શું કરે? લ્યો, આ તો કહે છે કે, દોષ કર્મને લઈને થાય. આપણે તો જૈનમાં અત્યાર સુધી એવું સાંભળ્યું છે. જ્ઞાનાવરણીય કર્મને લઈને જ્ઞાન રોકાય. એવું ચોખ્ખું સાંભળ્યું છે. જ્ઞાનાવરણીય કર્મ નામ શું કરવા પાડ્યું? આવું તો અમે સાંભળ્યું (છે) અને આ કહે કે, ના, ના. જ્ઞાનાવરણીયથી જ્ઞાન ન રોકાય. આ શું થયું? કેમ 'છોટાભાઈ'! આહા..!

અમે તો એમ સાંભળ્યું હતું કે, જ્ઞાનાવરણીય કર્મ છે એ જેવો ઉદય આવે તો જ્ઞાનને રોકે. આ ચોખ્ખી વાત (છે). જ્ઞાનાવરણીયનો અર્થ કરો. જ્ઞાનાવરણીય કર્મ એટલે શું? આત્માના જ્ઞાનને ઢાંકે એનું નામ જ્ઞાનાવરણીય. હવે આવો ચોખ્ખો અર્થ છે અને આ કહે છે, ભગવાન કહે છે કે, ના, ના. જ્ઞાનાવરણીયથી તારું જ્ઞાન ઢંકાય નહિ. આ તારા જ્ઞાનની ઊંધી દશા તું કર ત્યારે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા વાત કરી છે. ઘાતિકર્મ નામ પાડ્યું, લ્યો! ઘાતિ, ઘનઘાતિ શાસ્ત્રમાં આવે. ચાર ઘનઘાતિ કર્મ આવે છે કે નહિ? જ્ઞાનાવરણીય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય ચાર ઘનઘાતિ અને ચાર અઘાતિ. ઘનઘાતિ કર્મ ત્યારે આત્મામાં ઘણ મારતું હશે કે નહિ? અરે..! ભગવાન! સાંભળ તો ખરો! પરદ્રવ્ય તે આત્માને શું કરે? ધૂળમાંય નથી આવતું.

એ તો કહે છે કે, તું જ્યારે ઊંધી શ્રદ્ધા, ઊંધા જ્ઞાન તારાથી કર ત્યારે તે સામે નિમિત્ત ચીજ છે એને ઘાતિ કહેવામાં આવે છે. તું કર તો એને ઘાતિ નામ પડે. ન કર તો ઉદય આવીને ટળી જાય છે. એવા ઊંધા લાકડા પકડ્યા હોય છે ને! ભૂલ કરે તોપણ કર્મને માથે નાખે. ગુણ તો ક્યાં છે એની તો ખબર નથી. સમજાણું કાંઈ? પણ ઇ ક્યાં વિચાર કરવા છે ન્યાં? એ તો આ કરો, ધર્મ કરો. શેમાં ધર્મ થાતા હશે? ધર્મ કોને કહેવો? સમજાણું કાંઈ?

'જીવને શુદ્ધ પરિણામનો અવસર ક્યો? અર્થાત્ કોઈ અવસર નહિ.' જો પરપદાર્થ જ આત્માને દોષ કરાવે તો પરપદાર્થની હયાતી તો ત્રિકાળ છે. એટલે ત્રિકાળ તારે આત્માનો ધર્મ શુદ્ધ ચિદાનંદ જ્ઞાન છે એવી શ્રદ્ધા કરવાનો, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો તારે અવસર છે નહિ. એટલે મિથ્યાદષ્ટિ રહીને કાયમ રખડવું પડશે. સમજાણું કાંઈ? એ ૨૯ શ્લોક પૂરો થયો.

---

(શાર્દૂલવિક્રીડિત)

पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधा न बोध्यादयं
यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।
तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणा एते किमज्ञानिनो
रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।।३०-२२२।।

ખંડાન્વય સહિત અર્થ :- ભાવાર્થ આમ છે કે, કોઈ મિથ્યાદષ્ટિ જીવ એવી આશંકા કરશે કે જીવદ્રવ્ય જ્ઞાયક છે, સમસ્ત જ્ઞેયને જાણે છે, તેથી પરદ્રવ્યને જાણતાં કાંઈક થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે ? ઉત્તર આમ છે કે પરદ્રવ્યને જાણતાં તો એક નિરંશમાત્ર પણ નથી, પોતાની વિભાવપરિણતિ કરતાં વિકાર છે, પોતાની શુદ્ધ પરિણતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોતાં નિર્વિકાર છે. એમ કહે છે–'एते अज्ञानिनः किं रागद्वेषमयीभवन्ति, सहजां उदासीनतां किं मुञ्चंति' (एते अज्ञानिनः) વિદ્યમાન છે જે મિથ્યાદ્રષ્ટિ જીવો તે (किं रागद्वेषमयीभवन्ति) રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધ પરિણતિમાં મગ્ન કેમ થાય છે ? તથા (सहजां उदासीनतां किं मुञ्चंति) સહજ જ છે સકળ પરદ્રવ્યથી ભિન્નપણું–એવી પ્રતીતિને કેમ છોડે છે ? ભાવાર્થ આમ છે કે–વસ્તુનું સ્વરૂપ તો પ્રગટ છે, તેઓ વિચલિત થાય છે તે પૂરો અચંબો છે. કેવા છે અજ્ઞાની જીવો ? 'तद्वस्तुस्थितिबोधबन्ध्यधिषणाः' (तद्वस्तु) શુદ્ધ જીવદ્રવ્યની (स्थिति) સ્થિતિ અર્થાત્ સ્વભાવની મર્યાદા, તેના (बोध) અનુભવથી (बन्ध्य) શૂન્ય છે (धिषणाः) બુદ્ધિ જેમની, એવા છે. 'अयं बोधा' વિદ્યમાન છે જે ચેતનામાત્ર જીવદ્રવ્ય તે 'बोध्यात्' સમસ્ત જ્ઞેયને જાણે છે તેના દ્વારા 'कामपि विक्रियां न यायात्' રાગ–દ્વેષ–મોહરૂપ કોઈ પણ વિક્રિયારૂપે પરિણમતું નથી. કેવું છે જીવદ્રવ્ય ? 'पूर्णैकाच्युतशुद्धबोधमहिमा' (पूर्ण) જેનો ખંડ નથી એવો, (एक) સમસ્ત વિકલ્પથી રહિત, (अच्युत) અનંત કાળ પર્યન્ત સ્વરૂપથી ચળતો નથી એવો, (शुद्ध) દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મથી રહિત એવો જે (बोध) જ્ઞાનગુણ તે જ છે (महिमा) સર્વસ્વ જેનું, એવું છે. દ્રષ્ટાન્ત કહે છે–'ततः इतः प्रकाश्यात् दीपः इव' (ततः इतः) ડાબે–જમણે, ઉપર–નીચે, આગળ–પાછળ (प्रकाश्यात्) દીવાના પ્રકાશથી જોવામાં આવે છે ઘડો, કપડું ઇત્યાદિ, તેના દ્વારા (दीपः इव) જેમ દીવામાં કોઈ વિકાર ઊપજતો નથી. ભાવાર્થ આમ છે કે–જેવી રીતે દીપક પ્રકાશસ્વરૂપ છે, ઘટ–પટાદિ અનેક વસ્તુઓને પ્રકાશે છે, પ્રકાશતો થકો જે પોતાનું પ્રકાશમાત્ર સ્વરૂપ હતું તેવું જ છે, વિકાર તો કાંઈ જોવામાં આવતો નથી; તેવી જ રીતે જીવદ્રવ્ય જ્ઞાનસ્વરૂપ છે, સમસ્ત જ્ઞેયને જાણે છે, જાણતું થકું જે પોતાનું જ્ઞાનમાત્ર સ્વરૂપ હતું તેવું જ છે, જ્ઞેયને જાણતાં વિકાર કાંઈ નથી. આવું વસ્તુનું સ્વરૂપ જેમને ભાસતું નથી તેઓ મિથ્યાદ્રષ્ટિ છે. ૩૦–૨૨૨.

---

पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधा न बोध्यादयं
यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।
तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणा एते किमज्ञानिनो
रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।।३०-२२२।।

ભાવાર્થ :– જરી વાત એણે સમજણમાં સાચી વાત કોઈ દિ' લીધી નથી અને લેવાની દરકાર કરી નથી. સાધુ નામ ધરાવે અને આમ માને. સમજાણું કાંઈ? આ રાગ-દ્વેષ થાય, કર્મ હોય ત્યાં સુધી રાગ-દ્વેષ થાય. સામાને એમ કહે. રાગ-દ્વેષ થાય, બાપા! સાધુ થયા પણ કાંઈ વીતરાગ થઈ ગયા છીએ? સરાગ છે. માટે રાગ કર્મ હોય ત્યાં સુધી થાય. મૂઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છો. મિથ્યાદૃષ્ટિ છો. દૃષ્ટિમાં તારા ઠેકાણા નથી. શેના તને ત્યાગ અને સાધુપણા કોને કહેવા? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પ્રભુ સર્વજ્ઞે પૂર્ણ જોયો. એમ કહે છે.

'કોઈ મિથ્યાદૃષ્ટિ એવી આશંકા કરશે કે જીવદ્રવ્ય જ્ઞાયક છે,...' દેખો! વળી એમ કહે છે. આ આત્મા તો જાણનાર છે, જાણનાર ચૈતન્ય છે. 'સમસ્ત જ્ઞેયને જાણે છે,...' પરને જાણે. 'તેથી પરદ્રવ્યને જાણતાં કાંઈક થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે?' શું કહે છે? આત્મા તો જાણનાર છે. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. જાણવું-દેખવું. અને એ પરદ્રવ્યને જાણતાં એને થોડો ઘણો તો રાગ-દ્વેષ થતો હશે, હોં! હવે આ જાણવાની વાતમાં લ્યે છે. સમજાણું કાંઈ?

જીવ ભગવાનઆત્મા તો ચૈતન્ય જાણન તત્ત્વ છે. એને જ્ઞેયને જાણતા કહે છે, બધા જ્ઞેયને જાણે. પરદ્રવ્યને જાણતા કાંઈક થોડો ઘણો, થોડો ઘણો પણ રાગ-દ્વેષ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે. સમજાણું કાંઈ? એમ મિથ્યાદૃષ્ટિ સમજવા માટે આશંકા કરે છે. અહીં તો આશંકા લીધી છે ને!

'ઉત્તર આમ છે કે પરદ્રવ્યને જાણતાં તોએક નિરંશમાત્ર પણ નથી, પોતાની વિભાવપરિણતિ કરતાં વિકાર છે,...' એમ ભેગું લખ્યું છે. શું કીધું? આત્મા જાણનાર-દેખનાર છે. એ જાણનાર-દેખનાર પરને જાણતાં દેખે કે શરીરમાં રોગ છે. આ કર્મનો ઉદય આવ્યો એ જ્ઞાનમાં જાણે. આ સામગ્રી આવી છે એમ જાણે. જ્ઞાન એને જાણતાં કાંઈક થોડો ઘણો વિકાર થાતો હશે કે નહિ? બિલકુલ નહિ. જ્ઞાનમાં પરને લઈને વિકાર થાય એવી આત્મામાં શક્તિ નથી અને પર એને વિકાર ઉપજાવે એવી એનામાં શક્તિ નથી.

બીજી રીતે (લઈએ) કે, જ્ઞાન આત્મા છે એ શરીરાદિને જાણે તો પરદ્રવ્ય વડે પર્યાયમાં વિકાર થાય એવી પરમાં તાકાત નથી અને આત્મા પરને વિકાર ઉપજાવી શકે અથવા પરને ફેરફાર કરી શકે અને પરદ્રવ્ય આત્માને ફેરફાર કરાવી શકે (એવી એનામાં તાકાત નથી). સમજાણું કાંઈ? પરવસ્તુ વડે ઉપજવું કે પરને ઉપજાવવું એવું આત્મામાં છે નહિ. કર્મને લઈને ને શરીરને લઈને વિકાર ઉપજવું એવું આત્મામાં નથી અને આત્મા પરને જાણતાં કે પરને જાણે એટલે એમાં પરમાં વિક્રિયા થઈ જાય એમ નથી અને એને લઈને અહીં વિક્રિયા થઈ જાય એમ બન્નેમાં નથી. જાણવાનો સ્વભાવ (છે). જાણનાર જાણે, જ્ઞેયમાં જ્ઞેયપણું રહે. સમજાણું કાંઈ?

ભાઈ! આમ બોકડા કપાતા હોય અને નજર કરે તો અંદર કષાયભાવ આવ્યા વિના રહે? ના, ના. એમ અહીં કહે છે. જાણવાનો જ્ઞાનનો સ્વભાવ, જ્ઞેયનો જણાવાનો સ્વભાવ. જણાવાના સ્વભાવમાં જાણવાના સ્વભાવનારને વિકાર કરાવી દે અને જીવમાં વિકાર પરને લઈને થાય એવી આત્મામાં શક્તિ નથી. વિકાર પરને લઈને થાય એવી શક્તિ નથી અને પર એને વિકાર ઉપજાવે એવી પરમાં શક્તિ નથી. સમજાણું કાંઈ? કેટલી વાત દૃઢ કરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે આ વાત. હવે આવી વાત છે તોપણ (વિરોધ કરે). ત્રિકાળ સત્ય. વસ્તુ સત્ય હોય તો કહે કે બીજી અસત્ય હોય? જ્યાં હોય ત્યાં ઇ.

પેલાને ઈશ્વર કરાવે, કર્તા ઈશ્વર. ઈશ્વર કરાવે. ઈશ્વર વિના કાંઈ પાંદડું ફરે? તને પાપ પણ ઈશ્વર કરાવતો હશે? ભોગ-વાસના, લડાઈ, ક્રોધ, માન, માયા ઈશ્વર કરાવતો હશે? આ જૈન નામ ધરાવે અને કહે, કર્મ કરાવે. પેલાને વળી ઈશ્વર ચૈતન્ય કરાવે અને આને જડ કરાવે. ઇ વધારે આગળ વધ્યો. સમજાણું કાંઈ? આવે છે કે નહિ? તમારે આવે છે કે, ઈશ્વર વિના પાંદડું ફરે નહિ. મેં સાંભળ્યું છે ને, કાનોકાન એક ફેરી. ગઢડામાં શીખવે ને. એક ફેરી સ્વામીનારાયણના મંદિરમાં (સંવત) ૧૯૬૮માં ગયા હતા. 'નરસિંહભાઈ' એમના કાકા અને હું બેય (ગયા હતા). એને ખબર, ગામમાં ખબર (હતી) કે આ દીક્ષા લેવાના છે. ઇ નાટા-નાટા સાધુ હતા. અમે બે જોવા ગયેલા કે શું છે. ઇ એમ બોલતા હતા, ઈશ્વર પાંદડું (હલે નહિ). ન્યાં ઝાડ હતું. પેલી કોર આઘે વાડ છે. ઈશ્વર વિના કાંઈ પાંદડું ફરે છે? એટલે આ બધું પાપ ઈશ્વર કરાવે. લડાઈ, ખુંવારી કરાવે ઈશ્વર, અત્યારે પાક અને ભારતને લડાઈ કરાવે ઈશ્વર. એનો અર્થ શો? એમ આ જૈનમાં જન્મેલા કહે, આપણને કર્મ કરાવે, બાપા! આપણે તો કર્મ પ્રધાન છે ને? કોણે કહ્યું તને એવું પણ અહીંયાં? આપણે કર્મપ્રધાન, એને ઈશ્વરપ્રધાન.

અહીં કહે છે કે, તું એમ મૂઢ થઈને જાણવાયોગ્ય વસ્તુને વિકારનું કારણ બનાવે છો એ વિકારનું કારણ એ નથી, વિકારનું કારણ તારો પર્યાય છે. સમજાણું કાંઈ? 'જમુભાઈ'! શું હશે આ? ઓહો..! એટલું પણ એને સમજણમાં નહિ આવ્યું હોય? બોલે છે કે નહિ ઇ? બોલે છે. આત્મામાં તો કેવળજ્ઞાન ભર્યું છે. કેમ પર્યાયમાં થાતું નથી? અવસ્થા કેમ પ્રગટતી નથી? એટલી ખબર નથી પડતી કે, કર્મ નડે માટે થતી નથી. મૂઢ છો. કોણે કહ્યું તને એવું? કર્મ તો જ્ઞેય છે, એ તો જ્ઞેય છે. એ જ્ઞાનને હિણું કરી દ્યે? સમજાય છે કાંઈ? (પોતે) ઊંધો કરે અને નાખે કર્મને માથે. હવે આનો કે દિ' આરો આવે? આહાહા..!

દાખલા આપે, શાસ્ત્રમાં આ લખ્યું, જુઓ! જ્ઞાનાવરણીયનો ઉદય હોય તો ઉઘાડ હોય તોપણ નાશ થઈ જાય, ઉઘાડ થવા દે નહિ. પણ કઈ અપેક્ષાએ કથન છે? સાંભળને! લખ્યું છે, શું લખ્યું છે? કઈ અપેક્ષાએ લખ્યું છે એના ભાન વિના. ઘીના ઘડા લખ્યા છે. કહો, ઘીના ઘડા લખ્યા છે. ઘીના ઘડા થાતા હશે? પતરાના ડબા હોય. પાંચસો ડબા ઘીના આપ્યા, લ્યો! પાંચસો ડબા ઘીના. ઘીના ડબા થાતા હશે? એમાં ઘી પડ્યું છે એને ડબાથી ઓળખાવ્યું. એમ વિકાર જ્યારે કરે છે, જીવ પોતાની હિણી દશા કરે છે ત્યારે કર્મ કોણ હતું એને ઓળખાવ્યું છે. ત્યાં એ ચોંટ્યો કે, શાસ્ત્રમાં આમ કહ્યું છે. કર્યા તને, શાસ્ત્રની શી ખબર પડે? કહો, સમજાણું આમાં? વળી એક જણો શાસ્ત્રના દાખલા આપે, જુઓ! આ શાસ્ત્રમાં કહ્યું. જુઓ! અમે નહોતા જાણતા કે તમે એને ખોટા પાડશો. આવા ને આવા પાક્યા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને! પણ એ વ્યવહારના કથન એટલે નિમિત્તનું જ્ઞાન કરાવવાના કથન છે. ખોટા પાડવાની વાત પણ ક્યાં હતી? સમજાણું કાંઈ?

વસ્તુના સ્વરૂપનો વિચાર કરતાં જીવનો દોષ છે, એ આવ્યું ને? શું કીધું? 'જીવદ્રવ્ય જ્ઞાયક છે, સમસ્ત જ્ઞેયને જાણે છે,...' દેખો! ભાષા. એ તો ભગવાન ચૈતન્યસ્વરૂપ, એનો બધું જાણવાનો સ્વભાવ છે. કાનમાં 'કર્મ' શબ્દ પડ્યો તોપણ ઇ જાણવાનો એનો સ્વભાવ છે. શરીર જાણવાનો સ્વભાવ છે, રોગ જાણવાનો સ્વભાવ છે, નિરોગ જાણવાનો સ્વભાવ છે, સ્ત્રી, સુંદર ઇ સુંદર-ફુંદર નથી કાંઈ. જાણવાનો સ્વભાવ છે, કુરૂપ જાણવાનો સ્વભાવ છે, નિંદા જાણવાનો સ્વભાવ છે, પ્રશંસા જાણવાનો સ્વભાવ છે, દુર્ગંધ જાણવાનો સ્વભાવ છે, સુગંધ જાણવાનો સ્વભાવ છે, સુંવાળી ચીજ જાણવાનો સ્વભાવ છે, કર્કશ જાણવાનો સ્વભાવ છે. આહાહા..! જાણવાના સ્વભાવ ઉપરાંત આ તું ક્યાંથી લાવ્યો? કહે છે. શું કીધું? જાણવાના સ્વભાવ ઉપરાંત આ ખોસ્યું ક્યાંથી કે, જાણતા એ મને વિકાર કરાવે? અરે..રે..! આહાહા..!

એ તો એને કારણે એ ક્ષણે દોષ પોતાને કારણે થાય છે, કાગળને કારણે થાય છે? કાગળમાં એમ આવ્યું કે, તમારો દીકરો મરી ગયો. એ તો જડ છે. એ તો જ્ઞાને જાણ્યું, જ્ઞાને જાણ્યું કે આમ છે. જાણવામાં એણે ક્યાં વિકાર કરાવ્યો છે? તારા ભુંડપના કાળ વિના વિકાર જરીયે થાય નહિ. એમ કહે છે. તારી અવળાઈની યોગ્યતા વિના કાંઈ દોષ થાય નહિ, એમ કહે છે. આહાહા..!

કોણ પાકું કરે? કરનાર કરે ત્યારે થાય કે કો'ક કરાવી દેતું હશે? ભગવાન પાસે અનંતવાર ગયો હતો, સમવસરણમાં અનંતવાર ગયો, એવો ને એવો રહ્યો. એવો ને એવો ધોયેલ મૂળા જેવો. સર્વજ્ઞના સમવસરણમાં ગયો પણ શું કહે છે એ વાતને અંદર બેસવા ન દીધી. કાંઈક કાંઈક કાંઈક અંદરમાં ગોટા વાળ્યા. સમજાણું કાંઈ? એ ગોટા કેમ વાળ્યા? તો કહે, દર્શનમોહને કારણે. એમ કહે. આવું નિમિત્ત હતું ને કેમ ન પામ્યા? માટે તમે નિમિત્તને કારણે ન થયું એમ કહો છો. ના, અંદર દર્શનમોહ છે એને કારણે ન થયું. દર્શનમોહ તો જડની પર્યાય છે. એ જડની પર્યાયને લઈને તારામાં ભૂલ થઈ? એ જડની પર્યાયને લઈને તારામાં ભૂલની પર્યાય આવી? એ પર્યાય છે એક કર્મના રજકણનો ઉદયભાવ, જડની વિકૃત અવસ્થા. એને લઈને વિકૃત અવસ્થા તારામાં આવી? સમજાણું કાંઈ? જાણનાર જાણે એ જણાવાયોગ્ય જણાય, એ ઉપરાંત એમ કહે કે, આ જાણતાં મને આને કારણે વિકાર થયો એ મિથ્યાભ્રમથી લાકડું ખોસ્યું છે. સમજાણું કાંઈ?

નિંદાના શબ્દો, પ્રશંસાના શબ્દો. એ શબ્દો આત્માને રાગ-દ્વેષ ઉપજાવે છે? અને એ શબ્દો કહે છે કે જોવા ઊભો રહે રાગ કરીને, દ્વેષ કરીને? એ તો ગાથાઓ છે. એની તો આ વસ્તુ છે. નિંદાના, પ્રશંસાના શબ્દો તને એમ કહેતા નથી. એ આવશે ને? યજ્ઞદત્ત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેવદત્તને પકડીને કહે કે, જો ઉભો રહે. જો.. જો..! એમ દીવાને પેલા પદાર્થ કહેતા નથી કે ઉભો રહે ને પ્રકાશ મને. દીવો પણ ત્યાં પ્રકાશવા જાતો નથી. દીવો દીવામાં પ્રકાશરૂપ છે. પ્રકાશવા યોગ્ય વસ્તુ એનામાં રહેલી છે. એમ ચૈતન્યરૂપી દીવો પ્રકાશને લાયક એ પોતે પોતામાં છે. પ્રકાશવા લાયક, જણાવા લાયક વસ્તુ વસ્તુમાં છે. એ ચીજ કહેતી નથી કે, મને જાણવા રોકા. અને જાણનાર જ્ઞાન ત્યાં જઈને, અને અડીને જાય છે, સમીપમાં જાય છે એમ છે? જાણનાર જાણનારમાં રહીને પરને જાણે, એ તો જાણવાનો સ્વભાવ અને પરનો જણાવાનો સ્વભાવ છે. એ ઉપરાંત વચ્ચે નાખ્યું એ તારું ઘરનું લાકડું છે. સમજાણું કાંઈ?

દોષનું કારણ કોઈ જ્ઞેય નથી એમ કહે છે. તારો સ્વભાવ જાણવાનો છે. જ્ઞેયનો પ્રમેય થવાનો સ્વભાવ છે. પ્રમેયનો વિકાર કરાવવાનો સ્વભાવ છે? અને જ્ઞાનનો પ્રમેયને કારણે વિકાર થાય એવો આનો સ્વભાવ છે? સમજાણું કાંઈ? ઓહો..!

આમ શરીરમાં પીડા થાય. પીડાની વ્યાખ્યા શું? રોગ. પીડા કે દિ' હતી જડને? શું આવે છે? લોઢાનું ચડ્યું હોય પછી ચડે શું કહે છે ને? આ લોઢાના કાટથી કાંઈક થાય ને? ધનુર... ધનુર. આમ ત્રસ કોથળા જેવું થઈ ગયું. પણ એ તો શરીરની પર્યાય છે, એ તો જાણવાની યોગ્યતા છે. ઇ શરીરની પર્યાય તને જ્ઞાનમાં જણાય છે. એ જ્ઞાન ઉપરાંત તને ત્યાં વિકાર કરાવે છે? સમજાણું કાંઈ? અને જ્ઞાન એને જાણે છે. જ્ઞાન જાણતા એના ઉપર આ ઠીક છે કે આ અઠીક છે એમ તારું જ્ઞાન કરાવે છે? પર્યાયમાં તેં ઉભું કર્યું છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

'પરદ્રવ્યને જાણતાં...' જેનો સંગ કર્યો હોય ને? એ સ્ત્રીનો, છોકરાઓનો, ઘણા વર્ષ રહ્યા હોય એ મકાનનો, એ મકાન દેખીને એ મકાન રાગ કરાવે જ. એમ હશે કે નહિ? આ ઘર એમાં ૫૦ વર્ષ રહ્યા ને? આ નવું મેડીબંધ મકાન કર્યું ત્યાં જાય તો એને લઈને ફટ રાગ થાય કે નહિ? આહા..! હવા આવે, પાણી આવે. એમાં દસ લાખનું મકાન હોય. હવા, પાણી, બારી, બારણા આમ ચારે કોર સરખાઈના. આમ જ્યાં પેસે.. કહે છે કે, તું જાણનાર છો ને, એ તો જ્ઞેય છે. એમાં એણે રાગ કરાવ્યો ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- સગવડ માટે.

ઉત્તર :- સગવડતાની વ્યાખ્યા શું? સગવડતાની વ્યાખ્યા શું? જણાવાયોગ્ય એટલી એ ચીજ છે. જણાવાયોગ્ય ઉપરાંત સગવડતા આવ્યું ક્યાંથી? શું કીધું? એ ચીજ જણાવાયોગ્ય પ્રમેય છે. પ્રમેય તે સગવડતા છે એમ પ્રમેયમાં આવ્યું ક્યાંથી? જ્યાં જ્ઞાનમાં એ ચીજ જાણવાલાયક, એ ઉપરાંત સગવડતા એ આવી ક્યાંથી? એમાં છાપ મારી ક્યાં? ક્યાંથી મારી? કહો, સમજાણું કાંઈ? એ તો જ્ઞાનમાં નથી, જ્ઞેયમાં નથી. પર્યાયમાં ઊભું કરીને આ મને સગવડતા ભ્રમણા તેં ઊભી કરી. કહો, 'ચીમનભાઈ'! જૂના મકાનના ડેલામાં રહેતા હોય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાંભરે તો ખરું ને? બાપ-દાદા સો સો વર્ષથી રહેતા હોય. એ તો જ્ઞેય છે, જાણવાલાયક વસ્તુ છે.

મુમુક્ષુ :– ઘણાં વર્ષથી રહેતા હોય તો સાંભરે તો ખરું ને.

ઉત્તર :– યાદ કરે. જ્ઞાનનો સ્વભાવ નથી? યાદ કરવું એ કંઈ જ્ઞાનનો સ્વભાવ નથી? એ તો જાણવાનો સ્વભાવ છે. યાદ ઉપરાંત આ ઠીક છે, એ કોણે ખોસ્યું? કહે છે.

હા, એ સગવડતા માને છે ને. માને છે ને વાત છે. માને છે, છે નહિ. સગવડતા-અગવડતા કહેવી કોને? જગતના પદાર્થ જ્ઞાનમાં જણાવાલાયક અને આત્મા જાણનાર. આ સિવાય સગવડતા-અગવડતા ક્યાં ખોસી અંદરમાં? સમજાણું કાંઈ? કહો, 'જમુભાઈ'! સંસાર છે જ નહિ. અહીં તો કહે છે, આત્મામાં સંસાર છે જ નહિ, એમ સિદ્ધ કરવું છે. સ્વભાવમાંથી ખસવું એ સ્વરૂપમાં છે જ નહિ. એ તો જાણનાર-દેખનાર છે એમ અહીં સિદ્ધ કરવું છે. ભગવાન જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર. બધી ચીજો જણાય.. જણાય.. પ્રમેય.. પ્રમેય.. પ્રમેય.. પ્રમેય.. પ્રમેય. પ્રમેય એટલે જણાવાલાયક. જણાવાલાયક ઉપરાંત એનાથી રાગ થયો એ તેં અંદર મિથ્યાભ્રમ ખોસ્યો છે. અને આત્મા જાણે.. જાણે.. જાણે.. જાણે... જાણવા ઉપરાંત આ ઠીક, અઠીક, સગવડતા-અગવડતા કલ્પના કરી એ તેં ઊભી કરી છે. સમજાણું કાંઈ? એ... 'જેચંદભાઈ' આ સમજવા જેવી વાત છે. દર વખતે રાડુ પાડો છો તે. કાલે તો કંટાળી (ગયા હતા), કાલે ને? હા, કાલે. કાલે કંટાળી ગયા હતા. જરીક પડી ગયા. પડ્યા શું? ... આમ થાય ને આમ થાય. જડની અવસ્થા છે. એ વખતે તે અવસ્થાને તે રીતે પોતામાં રહીને જાણવાનો સ્વભાવ હતો. એને ઠેકાણે આ શરીર આમ પડ્યું ને આમ બીજા જોઈ ગયા. પણ બીજા ગમે એમ જોવે તારે શું છે?

મુમુક્ષુ :– બીજા વલોપાત કરે...

ઉત્તર :– કોણ વલોપાત કરતો હતો? એ પણ જ્ઞેય થયું. એ તો જ્ઞાનનું જ્ઞેય છે. આ કામ થાય છે એમ જાણે છે. એમાં જાણે ઉપરાંત આ મને ઠીક નથી પડતું, આ બરાબર દેખે એ ક્યાંથી લાવ્યા? એમ કહે છે. સમજાણું કાંઈ? કેમ, 'ધરમચંદભાઈ', બરાબર હશે આ? તમારે તો બહુ આવે પેલા રોગીના. આ..હા..! પેલા રોવે. છેલ્લે પછી કહે, હાય.. હાય..! શું છે પણ? એ વખતનો જ્ઞેયને જણાવાને લાયકનો પર્યાય થયો. તારે જાણવાને લાયકનો પર્યાય થયો. એમાં બે વચ્ચે ત્રીજું ક્યાંથી ખોસ્યું? આ મારો દીકરો મરી ગયો. પણ મારો કે દિ'? જગતની બધી ચીજ છે, જાણવાલાયક છે, એમાં મારો ક્યાંથી આવ્યો? શું કીધું? શેરીમાં સો ઘર છે. સો ઘર. હવે આત્મા તો જાણનાર છે કે, આ સો છે, એટલું જાણ્યું. જાણવા ઉપરાંત જ્યાં ત્રીસમું ઘર એનું આવ્યું તો (કહે), આ મારું, એ આવ્યું ક્યાંથી? એમ કહે છે.

મુમુક્ષુ :– સાહેબ! જાય છે તો એના ઘરમાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :- પણ ઘર કે દિ' હતું એનું? અહીં તો કીધું ને? સો ઘરની આખી શેરી. એમાં ગર્યો. હવે પોતે જાણનાર અને એ જણાવાયોગ્ય. એ સિવાય કાંઈ ત્રીજી ચીજ છે? પણ જ્યાં એનો બંગલો આવ્યો (તો કહે), આ મારું. ઇ મારું લાવ્યો ક્યાંથી? (એમ) અહીં કહે છે.

એમ દસ દીકરા ઉભા હોય આમ. આત્મા જાણનાર, એ જણાય. બસ! એટલું. એમાં આ મારો એ લાવ્યો ક્યાંથી? ત્રીજું લાકડું ક્યાંથી ખોસ્યું? કહો. 'હીરાભાઈ' તો મારો દીકરો થાય કે નહિ અંદર? અહીં ઇ કહે છે.

મુમુક્ષુ :- વ્યવહારે.

ઉત્તર :- વ્યવહારે એટલે શું? અસદ્ભુત જૂઠી નયે બોલવાનું કથન છે. મારો એટલે શું? મારું તો જ્ઞાન, મારું તો જ્ઞાન. એ જ્ઞાન જે ચીજો છે તેને જાણે. એમાં કોઈપણ ચીજને જાણવા ઉપરાંત આ મારી, એવું જ્ઞેયમાં નથી, એવું જ્ઞાનમાં નથી.

મુમુક્ષુ :- ભાષાથી બોલવામાં આવે.

ઉત્તર :- ભાષા એ તો જ્ઞેય થઈ ગઈ, એ તો જ્ઞાનની જ્ઞેય છે. ભાષા પણ જ્ઞાનની જ્ઞેય છે, એ આત્મા પણ જ્ઞાનનો જ્ઞેય છે, શરીર પણ જ્ઞાનનું જ્ઞેય છે. જણાવાલાયક ઉપરાંત એમાં બીજું કાંઈ હોય, છે એમાં બીજું કાંઈ? એ જણાવાલાયક ઉપરાંત જ્ઞેયમાં બીજું છે? અને જાણવાલાયક આત્મામાં ત્રીજું કાંઈ છે? બસ! એ જાણનાર.. જાણનાર.. જાણતાં આ મારું એવો મિથ્યાત્વભાવ અંદરથી ઊભો કરે છે. એ જ્ઞેય કરાવતું નથી, જ્ઞાન જાણવાનો સ્વભાવ નથી, જાણવાનો સ્વભાવ કરાવતું નથી પણ પર્યાયના અંશમાં ઊભો કરી ભ્રમણા ઊભી કરે છે. ઇ ઉઠાવગીર થયો. જુઓને! આહાહા..! સમજાણું કાંઈ?

ઇ જ કહે છે, ક્યાં હતું સુખ? આત્મામાં આનંદ છે એમ જ્ઞાન જાણે અને એ જ્ઞાન આનંદ છે એમ જાણતું, પરની ચીજોનો પ્રસંગ બને તે જાણે. જાણવા ઉપરાંત આમાં સુખ છે એ માન્યતા તો મિથ્યાભ્રમની, અજ્ઞાનીની છે. સુખ તો અહીં છે, સુખ તો અહીં છે. અહીં સુખ ન માનતા પરવસ્તુને જાણવા ઉપરાંત માનતા આમાં સુખ છે એ તો મિથ્યાદૃષ્ટિનો મિથ્યાભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ છન્નુ હજાર સ્ત્રીમાં પડ્યો, જ્ઞાતા થઈને જ્ઞેયને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રજકણનો પણ જ્ઞેય કરીને જ્ઞાતા છે. એ સ્ત્રીઓનો જ્ઞેય કરીને જ્ઞાતા છે. એ ઉપરાંત આ મારી છે (એમ) વસ્તુની દૃષ્ટિમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! આ દુકાન મોટી હોય, લ્યો! પચાસ હજાર, લાખનું કાપડ ભર્યું હોય અને આમ બે-ત્રણ જણા (બેઠા હોય), ફડ ફડ પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારનો વકરો થાય અને ત્યાં જઈને બેસે તો અંદર ફેર પડે કે નહિ? પણ તારું જાણવું એવા સ્વભાવ ઉપરાંત અને જ્ઞેયને જણાવું એ ઉપરાંત બીજું, ત્રીજું ક્યાંથી લાવ્યો? એમ કહે અહીં તો. કહો, સમજાણું કાંઈ? એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાભ્રમ ઉત્પન્ન કર્યો.

જ્ઞાનમાં પરને પોતાનું માનવું એવો સ્વભાવ નથી. જ્ઞેયમાં બીજાને મનાવે કે તું મારું છે એવો એનામાં સ્વભાવ નથી. એમાં પ્રમેય થવાનો સ્વભાવ (છે), તારો પ્રમાણજ્ઞાન થવાનો સ્વભાવ (છે). આ ઉપરાંત જાણવું બધું. તેથી લીધું છે ને? 'સમસ્ત જ્ઞેયને જાણે છે.' એમ છે ને બીજી લીટી? બધાને જાણે અને જાણનાર જ્ઞેય તરીકે બધાને ઓળખે. જ્ઞેય તરીકે ઓળખે. એ જ્ઞેય તરીકે ઓળખવા ઉપરાંત આ મારી સ્ત્રી, આ મારું શરીર, આ મારો રાગ, આ મારું ઇ આવ્યું ક્યાંથી? કહે છે. આહાહા..! 'જમુભાઈ'!

ભાઈ! તું ચૈતન્ય છો ને! પ્રભુ! તું તો જ્ઞાનની મૂર્તિ છો. તો જ્ઞાન તો જાણવાનું કાર્ય કરે કે જ્ઞાન ઉપરાંત બીજું આ મારું છે એવું કામ કરે? અને અનંત જ્ઞેયો છે એ જણાવાનું કામ કરે કે જણાવા ઉપરાંત એ હું તારું છું એમ ઇ કામ કરે?

મુમુક્ષુ :– એના ઉપર નામ લખે તો?

ઉત્તર :– નામ લખ્યું હોય તો જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા..! આ તો અજર પ્યાલા ચૈતન્યની જાગૃતિના છે, ભાઈ! આહાહા..! એ જાગ્યો બીજાને જાણે, એ જાગ્યો બીજાને (પોતાના) માને નહિ. આહાહા..! શું કીધું? જુઓને!

'મિથ્યાદૃષ્ટિ જીવ એવી આશંકા કરશે કે જીવદ્રવ્ય જ્ઞાયક છે, સમસ્ત જ્ઞેયને જાણે છે, તેથી પરદ્રવ્યને જાણતાં કાંઈક થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે? ઉત્તર આમ છે કે પરદ્રવ્યને જાણતાં તો એક નિરંશમાત્ર...' એક અંશમાત્ર જાણતો થકો, અંશમાત્ર પણ વિકાર થાય એવો જ્ઞાનનો સ્વભાવ નથી. 'પોતાની વિભાવ પરિણતિ કરતાં વિકાર છે,...' એ તો પોતે વિકાર કરે તો થાય છે. સમજાણું કાંઈ? વચમાં કૃત્રિમ ઊભું કરે તો થાય છે. આરે..! આહા..! સમજાણું?

અહીં તો કહે છે કે, જ્ઞાનમાં એવો સ્વભાવ (છે કે), ભગવાન જાણ્યા કે, આ છે. એ ઉપરાંત મને તારશે એવું તું ક્યાંથી લાવ્યો? ઠેઠ સુધી વાત આવવી જોઈએ ને? સમજાય છે? અને કુદેવ-કુગુરુ જાણ્યા કે, આ છે. પણ આ મને ડૂબાડશે એવું લાવ્યો ક્યાંથી? કહે છે. સમજાય છે? 'પોતાની વિભાવપરિણતિ કરતાં વિકાર છે,...' પરથી તો નિરંશમાત્ર પણ છે નહિ. ભ્રમણા ઉત્પન્ન કરી અને મિથ્યાભ્રમથી અજ્ઞાન ઉત્પન્ન કરે છે. એવી એની પર્યાયમાં પોતાને કારણે યોગ્યતા છે. સ્વભાવદૃષ્ટિ કરતાં એ યોગ્યતા ટળી જાય.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કારતક વદ ૩, શુક્રવાર તા. ૧૨-૧૧-૧૯૬૫.**
**કળશ–૨૨૨. પ્રવચન–૨૪૪-F**

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' 'કળશટીકા', પહેલેથી જુઓ! 'ભાવાર્થ એમ છે કે, કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ...' શું કહે છે? જેને આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એવી જેને ખબર નથી એવા અજ્ઞાની એમ માને છે કે આ આત્માનો જે જ્ઞાનસ્વભાવ છે એ પરવસ્તુને જાણતા આત્મામાં વિકાર થઈ જાય છે. રાગ-દ્વેષ પરવસ્તુને દેખવાથી થાય છે એમ માને છે તે અજ્ઞાની વસ્તુના સ્વરૂપને જાણતો નથી. કેમકે આત્મા તો ચૈતન્ય જ્ઞાનમૂર્તિ આત્મા છે. ચૈતન્યના પ્રકાશસ્વરૂપ આત્મા (છે). એ જાણનાર, બધી વસ્તુ છે એને જાણે. જાણે, આ જાણે અને એ જણાય. એ તો આત્માનો સ્વભાવ છે અને એ જણાય એ એનો સ્વભાવ છે. એમાં એ ચીજ જાણતાં રાગ-દ્વેષ થાય એ કંઈ ચીજમાં નથી. નથી આમાં, નથી એમાં. સમજાણું કાંઈ?

આત્મા સત્ ચિત જ્ઞાનસ્વરૂપ (છે). આત્મા એટલે જ્ઞાનનો સૂર્ય અને એમાં જણાવાયોગ્ય આ ચીજો. શરીર, વાણી, કર્મ આ બાહ્ય (ચીજો). એ તો આત્મા જ્ઞાનસ્વરૂપ એને જાણતા જાણવાનું કામ કરે એમાં રાગ-દ્વેષનું, પુણ્ય-પાપનું કારણ આત્મા નથી. તેમ જણાવાયોગ્ય પદાર્થ જાણતા એ કારણ થાય અને રાગ-દ્વેષ થાય એવું નથી. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. અનંતકાળથી ચૈતન્યસ્વરૂપ આત્મા જ્ઞાનજ્યોતિ પ્રજ્ઞાબ્રહ્મ આત્મા છે. એ જાણવાનું કામ કરે એ તો એનો સ્વભાવ છે. જાણવું એવું કાર્ય એ તો એનો સ્વભાવ છે અને બીજી ચીજો શરીર, કર્મ, આ સ્ત્રી, કુટુંબ આદિ જ્ઞાનમાં જણાય એ તો પરપદાર્થમાં એનો પ્રમેય ગુણ છે એથી એ જ્ઞાનમાં જણાય અને આ જ્ઞાન જાણે. એથી કહે છે કે, આ રાગ-દ્વેષ થઈ આવે છે એ ક્યાંથી (થાય છે)? અજ્ઞાની કહે છે કે, એ ચીજ જણાય જાય છે ને માટે રાગ-દ્વેષ થાય છે. એ માન્યતા અજ્ઞાન છે. એને આત્માનું સ્વરૂપ શું છે એની ખબર નથી, રાગ-દ્વેષ કેમ ઉત્પન્ન થાય એની ખબર નથી, પર ચીજો એકલી જણાવાયોગ્ય છે એની પણ એને ખબર નથી. સમજાણું કાંઈ? જરી ઝીણો અધિકાર 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે.

કહે છે કે, 'એવી આશંકા કરશે કે જીવદ્રવ્ય જ્ઞાયક છે,...' આત્મા તો જાણનાર છે, જાણનાર છે, જાણે છે. કોઈપણ ચીજને જાણતા જાણનાર મુખ્ય ન હોય તો જાણે કોને? જાણનાર જ્ઞાનમાં જાણે છે કે આ છે, આ છે, આ શરીર છે, કર્મ છે, આ વસ્તુ છે. 'સમસ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેયને જાણે છે,...' એ બધી ચીજ જણાવાયોગ્યને જાણે. 'તેથી પરદ્રવ્યને જાણતાં...' આ જ્ઞાનમાં પરવસ્તુ જણાય એથી 'કાંઈક થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે?' સમજાય છે? સૂર્યનો પ્રકાશ છે એ કોલસાને પ્રકાશે, વિષ્ટાને પ્રકાશે, બધાને પ્રકાશે. એથી કંઈ એના પ્રકાશમાં કાંઈ વિષ્ટાની અને કાળપની મેલપ એમાં આવી જાય છે? એમ ભગવાનઆત્મા જાણનાર પ્રજ્ઞા-જ્ઞાનબ્રહ્મ આત્મા છે, સર્વજ્ઞ સ્વભાવી છે એ તો સર્વને જાણવું એવો એનો સ્વભાવ છે. કીધું ને? 'સમસ્ત જ્ઞેયને જાણે...' છતાં કહે છે કે, જાણતા એને લઈને વિકાર થાય છે. એ અજ્ઞાનીની મિથ્યા ભ્રમ દશા છે. સમજાણું કાંઈ?

'થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે?' થોડો ઘણો તો વિકાર થાય કે નહિ? સમજાય છે? 'ઉત્તર આમ છે કે પરદ્રવ્યને જાણતાં તો એક નિરંશમાત્ર પણ નથી,..' ચૈતન્યપ્રભુ જ્ઞાનમાં જ્ઞાનભૂમિમાં જ્ઞાનસ્વભાવમાં આ ચીજ છે એમ જાણે. જાણતાં અંશમાત્ર પણ વિકાર થવાને ત્યાં અવકાશ છે જ નહિ. આહાહા..! જરી ઝીણી વાત છે, હોં! 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે ને? એટલે અસ્થિરતાના જે રાગ-દ્વેષ થાય છે એ પણ અહીંયાં નથી લેવા. અહીં તો ફક્ત મિથ્યાદષ્ટિપણે જે થાય છે, નથી જ્ઞાનસ્વરૂપ આત્માની ખબર, નથી જ્ઞેયસ્વરૂપ પરવસ્તુની ખબર, એને જાણતા મને વિકાર થઈ જાય છે એમ જે માને એ તો મિથ્યા અજ્ઞાનને કારણે માને છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું તત્ત્વ છે.

આ ચૈતન્ય વસ્તુ શું એણે કોઈ દિ' નજર જ કરી નથી. એને તો આ વર્તમાન પ્રકાશનો અંશ જે બાહ્ય છે, એ બાહ્ય છે, એ વડે આમ જોવાનું બધું કર્યું, આ શરીર ને આ ને આ ને આ.. એથી એને એમ લાગે છે કે, આ જાણનાર આ પર(ને) જાણે એટલે એમાં વિકાર થયા વિના રહે નહિ. આચાર્ય કહે છે કે, ભાઈ! જાણવું તો તારો સ્વભાવ છે અને જણાવું એ પરનો સ્વભાવ છે. એમાં પરને જાણતાં થોડો ઘણો પણ પુણ્ય-પાપનો ભાવ થાય એ વસ્તુના સ્વરૂપમાં, આત્માના જાણવાના કાર્યમાં નથી અને જણાવાના જ્ઞેયમાં પણ એ નથી. સમજાણું કાંઈ?

'પોતાની વિભાવ પરિણતિ કરતાં વિકાર છે,...' એ તો સ્વભાવ ભૂલી, હું જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું એને ભૂલી અને વિકારની પર્યાય ઉભી કરે એ તો એની દશાની યોગ્યતાથી વિકારરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? જાણવાના સ્વભાવમાં વિકારનું થવું નથી, જણાવાયોગ્ય ચીજ પણ વિકાર કરાવતી નથી. ફક્ત એની વર્તમાન દશામાં સ્વભાવ જાણનાર-દેખનાર ચૈતન્ય આત્મા છે એને ભૂલે છે એથી એને એની દશામાં રાગ-દ્વેષ ને મિથ્યાભાવ અજ્ઞાન ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ આમાં? આહાહા..!

'પોતાની શુદ્ધ પરિણતિ હોતાં નિર્વિકાર છે.' દેખો! પોતે સ્વભાવ ચૈતન્યમૂર્તિ છે, જાણનાર આનંદકંદ વસ્તુ આત્મા છે. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ તો એમ જોયું કે તું તો જ્ઞાન અને આનંદ છો. એમ નથી જોયું કે તું રાગવાળો ને પરવાળો છે, એમ જોયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ભગવાને? આ આત્માને ભગવાન કેવળજ્ઞાનીએ એવો જોયો કે આ તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે અને પરવસ્તુ તે જ્ઞેયસ્વરૂપ (છે), એમ ભગવાને જોયું. એમ તું તને ન જોતાં, હું જાણનાર-દેખનાર અને આનંદ છું એમ ન જોતાં પરને જોતાં તને તારી પર્યાયમાં વિકારની દશા ઉત્પન્ન થાય એ તો સ્વરૂપના અજ્ઞાનના અભાને ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

જે તત્ત્વમાં નથી એવું ઊભું થાય એ તત્ત્વને કારણે નહિ, પરને કારણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા, એણે તો આ આત્મા (આવો જોયો છે). એનો આત્મા તો પૂર્ણ દશાવંત થઈ ગયો પણ એમણે આ આત્માને એવો જોયો કે, એ તો જ્ઞાનની મૂર્તિ, આનંદનું સ્વરૂપ તે આત્મા છે અને તે એને જાણવા-દેખવા ને આનંદના સ્વભાવનું પરિણમન કરે એવો એનો સ્વભાવ છે. એ વિકારપણે પરિણમે એવો એનો સ્વભાવ નથી. ત્યારે એ જાણવા-દેખવાના સ્વભાવમાં બીજું જાણવું થાય માટે વિકાર થાય એમ રહ્યું નહિ. કારણ કે જાણવા-દેખવાનો સ્વભાવ છે. પણ જાણવા-દેખવા ઉપરાંત પરચીજને જ્ઞેય તરીકે જાણવા ઉપરાંત આ મને ઠીક પડે છે અને આ મને ઠીક પડતી નથી, એવી મિથ્યા ભ્રાંતિ કરીને રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? કેમ થયું? 'શુકનચંદજી'! હાહ કેમ ખાધો અંદર? હાહ ખાય અંદર જાણે શું છે આ? આ વાત શું છે?

ભાઈ! આ તો દેહ છે, માટી છે, આ તો જડ છે, રજકણ છે, ધૂળ છે અને અંદર આત્મા જે કહીએ એ તો જ્ઞાનની મૂર્તિ, ચૈતન્યસૂર્ય છે અને કર્મને કરીએ અંદર તો કર્મ તો જડ છે, અંદર ઝીણી ધૂળ છે, આ જાડી (છે). એ બધાં જ્ઞાનમાં એટલે આત્માના સ્વભાવમાં જણાય એવો એનો જણાવાયોગ્ય (અને) આ જાણે એવો સ્વભાવ (છે). આ ઉપરાંત ત્રીજી ચીજ બેમાં નથી. આહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આ તો મૂળગી પુંજીથી વાત ઉપાડી છે.

ભાઈ! સર્વજ્ઞ પ્રભુ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે, તું આત્મા છો. તો આત્મા છો એ તો જ્ઞાન, દર્શન અને આનંદના સ્વભાવવાળું તત્ત્વ છે. તો જાણવા-દેખવાનું કામ કરે અને સાથે આનંદરૂપે થાય એ તો એનું સ્વરૂપ છે. આહા..! એ સ્વરૂપે એમ ન રહેતાં બીજી ચીજને દેખીને, એ (ચીજ) તો જણાવા યોગ્ય છે, સમજાય છે કાંઈ? આ દાખલો નહોતો આપ્યો? પૈસા લ્યો, આ નોટું આમ પડી હોય, લ્યો! પાંચ લાખ, દસ લાખ એના ઉપર આંકડો લખ્યો હોય. આ ફલાણા ભાઈના અને આ ઢીકણા ભાઈના. હવે જોવામાં, જાણવામાં આત્મા તો જાણે કે આ છે, આ છે, આ છે. પણ એમાં જ્યાં ચિઠ્ઠી લખીને એના શરીરનું નામ પડે (એટલે) આ પૈસા મારા (એમ થઈ જાય).

મુમુક્ષુ :– બીજાના ન હોઈ એમ.

ઉત્તર :– પણ કોના બીજાના? એ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનસ્વરૂપ આત્મા છે એ તો જાણે. જાણવા ઉપરાંત આ ચીજ, આ લક્ષ્મી મારી (એમ કરે છે). એ તો જ્ઞેય છે, આ જ્ઞાન છે. એ જણાય છે અને આ જાણે છે. એ ઉપરાંત આ મારા એ ક્યાંથી આવ્યું? કહે છે. એ તારી વર્તમાન માન્યતાની અસત્ય બુદ્ધિમાંથી ઉત્પન્ન થયું છે. બરાબર હશે આ? શું કરવું?

ચોપડા હોય, આમ પચીસ પડ્યા હોય, લ્યોને! એના નામ લખ્યા હોય.. બધા ચોપડા પડ્યા હોય એ જોવે. જોવું-જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. આ ચોપડો મારો, ઇ ક્યાંથી આવ્યું? જાણનાર જાણે. જાણવાનો સ્વભાવ છે. એ જણાય એવો એનો સ્વભાવ છે. આ મારુ એમાં નથી અને આમાં પણ નથી. છે?

મુમુક્ષુ :- નથી તો આવ્યું ક્યાંથી?

ઉત્તર :- એણે પર્યાયમાં ભ્રમણા ઉભી કરી એમાંથી આવ્યું. શું કરવું આમાં હવે? આ ઘરમાં દસ છોકરા છે. એમાં પચાસ-સો છોકરા નિશાળમાં હારમાં લાઈનસર ઉભા હોય. હવે આત્મા જાણે, કહે છે. અહીં તો જાણે, એ જણાય, બસ! એ સિવાય બીજી વાત છે? એમાં પાંચસો છોકરાની અંદર આ બે છોકરા મારા, ઇ ક્યાંથી આવ્યું કહે છે. હતું કે દિ'?

મુમુક્ષુ :- માસ્તર ભણાવે છે.

ઉત્તર :- માસ્તર પણ મૂઢ છે. એ તો જણાવાયોગ્ય ચીજ છે, આ જાણનાર છે. આ જાણનાર છે એમાં આ જણાણું એમાં આ મારું એમાં ક્યાં છે? અને આમાં ક્યાં છે? 'ન્યાલભાઈ'! આહાહા..! એમ આ શરીર જે જડ છે, આ તો માટી છે, આત્મા ચૈતન્ય વસ્તુ છે, જ્ઞાનસ્વરૂપ છે, ભગવાન સર્વજ્ઞ પર્યાયમાં જેવા હતા એવો જ આ સર્વજ્ઞસ્વભાવી સર્વને જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે. એવો આત્મા શરીરને જાણે, જાણે એ બરાબર છે, એ ઉપરાંત-જાણવા ઉપરાંત આ મારું એ એમાં ક્યાં છે? શરીરમાં છે? શરીર તો જ્ઞેય છે. જ્ઞાનમાં છે આ મારું? એ તો જાણવાનું કામ કરે. 'જેચંદભાઈ'!

મુમુક્ષુ :- ઇલેક્ટ્રિક કરંટ લાગે છે.

ઉત્તર :- ઇલેક્ટ્રિક કરંટ લાગે છે. ઇ જ કહે છે, ભ્રમણાનો કરંટ લાગે છે. એ તો ભ્રમણા ઉભી કરે છે માળો મૂરખ થઈને, એમ કહે છે.

મુમુક્ષુ :- ઇલેક્ટ્રિક કરંટ ભ્રમણા છે?

ઉત્તર :- ઇલેક્ટ્રિક કરંટ ભ્રમણા છે. હા, એમ છે. આહાહા..! આમ પક્ષઘાત થાય. શું છે? સાંભળ તો ખરો. એ તો જડની અવસ્થા થઈ, આ તો અજીવતત્ત્વ છે. આ અજીવતત્ત્વ છે, જડ માટી, એની દશા થઈ. જ્ઞાન એને જાણે. જાણે, આ જણાય. બે સિવાય એમાં ત્રીજું ક્યાં છે? જ્યાં એણે માન્યું (કે), એ મને થયું, બસ! આ એની મિથ્યાદૃષ્ટિનો ભાવ સત્યસ્વભાવને ચૂકી જાય છે. જ્ઞાતા-દૃષ્ટા મારો સ્વભાવ એને ચૂકીને આ મારું એવો મિથ્યાત્વભાવ ઉભો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે. અહીં અત્યારે એ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

કાલે કીધું નહિ? સો મકાન શેરીમાં એકસાથે હોય. એમાં લાલ રંગ, લીલો રંગ નખાવ્યો હોય. જ્યાં અંદર પેઠો, આ મારું મકાન. મકાનમાં છે મારું એવું?

મુમુક્ષુ :– નામ તો લખ્યું છે.

ઉત્તર :– ક્યાં લખ્યું છે? નામ પણ જ્ઞેય છે. એ તો પરમાણુની પર્યાય છે. નામ ક્યાં, આનું નામ છે ત્યાં? એ તો પરમાણુની પર્યાય છે. 'સાકરચંદ હીરાચંદ'નું મકાન, લ્યો! રજકણની જડની પર્યાય છે. એમાં આ મારું એમ આવ્યું ક્યાંથી? એમ કહે છે. એ..ઇ...! 'ભીખાલાલ મગનલાલ'. 'ભીખાલાલ મગનલાલ' એ તો શબ્દ છે, એ તો જડ છે. જડ છે કે આત્મા છે ત્યાં? ત્યાં આત્મા છે? અહીં આત્મા છે ઇ અહીં જાણવાનું કામ કરે કે આત્મા ત્યાં પેસી જાય છે? ઇ અહીંયાં આવી જાય છે? એણે કોઈ દિ' મિથ્યાશ્રદ્ધા શું છે અને સમ્યક્ સ્વભાવની પ્રતીત શું છે એની કોઈ દિ' દરકાર કરી નથી. સમજાણું કાંઈ?

સામે એક જીવ મર્યો. આમ અવસ્થા (થઈ), શરીરનો વિયોગ થયો. શરીર અડ્યું ને. આ શરીર અડ્યું ને તો થયો. હવે એ તો એક જ્ઞાનમાં જાણવાયોગ્ય વાત થઈ, જ્ઞાને જાણ્યું. આત્મા ચૈતન્યસૂર્ય છે. પ્રકાશનો બિંબ (છે). જાણવું. આ (આંખ) તો કોડા છે, આ ક્યાં આત્મા છે? અંદર જાણનાર તે આત્મા છે. જાણવું. જેની સત્તામાં જાણવું થાય છે તે આત્મા છે. આ સત્તામાં–આંખમાં (જાણવું) થાય છે? હોવાવાળું ચૈતન્ય. જ્ઞાન હોવાવાળી સત્તા, એમાં આ છે એમ જણાય છે. હવે એમાં આ છે એમ જણાતાં આ દેહનો વિયોગ થયો, આત્માનો દેહનો (વિયોગ થયો) એમ જ્ઞાને જાણ્યું. એ ઉપરાંત, એ જ્ઞેય થઈને જણાણું એ ઉપરાંત મેં આને માર્યો એવું ક્યાંથી આવ્યું? અહીં એમ કહે છે, લ્યો! ભાઈ! આહાહા..! હેં?

ગામના છોકરા ઘણા હતા અને સાત છોકરા મારા એમ ક્યાંથી લાવ્યો? એમ અહીં કહે છે. કહો! સૌના જગતના આત્માઓ છે. અને એ જગતના શરીરના રજકણો પણ જગતના અજીવતત્ત્વ છે. એમ જાણનાર જાણે એ બરાબર છે. એને જાણે, એને જાણે બધાને જાણે. જાણવા ઉપરાંત આ મારા છે એમ એમાં થાય છે? એ ચીજ અહીં આવી જાય છે? મારાપણે તન્મય થાય છે? જ્ઞાન ત્યાં તન્મય એકરૂપ થાય છે? છતાં મારા છે એમ માન્યું ક્યાંથી કહે છે. આ તો મહા સર્વજ્ઞ(નો સિદ્ધાંત છે).

કહે છે કે, આત્મા જાણે-દેખે એમાં તો શાંતિનું કાર્ય અને જ્ઞાન, દર્શનનું કાર્ય થાય. એ ઉપરાંત જ્ઞેય છે એ જણાય, બસ! એટલું. એમાં બેની વચ્ચે તેં આ બંધતત્ત્વ, આસ્રવતત્ત્વ ક્યાંથી ઉભું કર્યું? અને તે ઉભું કરીને આને કારણે થયું, આને કારણે થયું એમ કહે છે પાછો. આ જણાણું (તો) એને કારણે થયું. ન જણાત (તો ન થાત). આંખ્યું બંધ કરો. સમજાણું કાંઈ?

'બીલો મંગળ'માં આવે છે ને? અન્યમતિમાં. આંખને ફોડી નાખી. શું આંખનો વાંક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે? એ ચીજ જણાય એમાં એ ચીજ જણાય એ તો જ્ઞેય છે, આત્મા જાણે છે. એમાં એ જણાઈ ગઈ અહીં દોષ ક્યાં લાગી ગયો? સમજાણું કાંઈ? આહાહા..! સ્ત્રીના શરીરના અવયવો, સ્ત્રી આદિ જડ જ્ઞેય શરીર માટી છે. એ જ્ઞાનમાં જણાય, બસ! એટલી હદ છે. તે જણાય, આ જાણે. એ ઉપરાંત આ ખરાબ છે, આ ઠીક છે.. આહાહા..! આકાર સારો છે, આ સુંદર છે એવું ક્યાંથી આવ્યું? એ અજ્ઞાનતત્ત્વે ઉભો કરેલો ભાવ છે. આહાહા..! કહો, બરાબર છે કે નહિ આમાં? 'ગુલાબચંદભાઈ'! આ તો નવરો કરી નાખ્યો. કોઈ નહિ એનું? કીધું ને, તારું તો ચૈતન્યસ્વરૂપ છે ને! આમ જાણનાર-દેખનાર ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન છે. જેવા સિદ્ધ ભગવાન છે એવો તારો સ્વભાવ છે. જાણવું-દેખવું એવું સ્વરૂપ અને એની સાથે આનંદાદિ બધું છે. જાણનાર-દેખનાર, જાણવા-દેખવાના કાર્યમાં રોકાય તો આનંદ પણ ભેગો થાય. સમજાણું કાંઈ?

જાણનાર-દેખનાર જાણવા-દેખવાના કાર્યમાં રહે તો આનંદ પણ ભેગો થાય. જ્ઞેય જ્ઞેયપણે જણાય તો એમાં આનંદ પણ પોતામાં ભેગો થાય. એ તો જાણવાના કાર્યની વાત છે. એમાં આ જણાતાં આ જ્ઞાન અટકી ગયું અને આ જ્ઞાન એને લઈને દોષવાળું થયું એવી દુઃખદશા મિથ્યાભ્રમથી ઉત્પન્ન કરેલી છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! આટલી બધી વાત સમ્યગ્દર્શનમાં બેસી જતી હશે? હેં? સમ્યક્‌આત્મા શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છે એમ ભાન જ્યાં સમ્યક્‌માં થયું કોઈ ચીજ જાણવામાં આવે એ એને નુકસાન કરે છે એ વાત અંદરમાં રહેતી નથી. સમજાણું કાંઈ?

આખી દુનિયા ગાંડી હોય તો, ઘરે ઘરે રાખ હોય એટલે કાંઈ ચૂલો કસ્તૂરીનો કહેવાય? ઘરે ઘરે રાખ ચૂલમાં, કોઈ ચૂલામાં કસ્તૂરી છે? ઘરે ઘરે છે માટે કસ્તૂરી થઈ ગઈ? બધી રાખ જ છે. એમ આ જાણનાર, જાણનાર જે ભૂલ્યા એ બધા રાખવાળા છે, અજ્ઞાનવાળા છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જાણનાર-દેખનાર જેનો સ્વ-ભાવ, ભાવ, સ્વભાવભાવ જાણવું-દેખવું જેનો સ્વભાવભાવ (છે), એટલાને એમ ન માનતા, એવા ભાવને એ રીતે ન માનતા એને એમ માનવું કે આ જાણનાર જાણે છે માટે મને રાગ-દ્વેષ થાય (છે). એ તો આત્માને પણ માન્યો નહિ અને પરને પણ માન્યા નહિ. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

કહે છે કે, 'પોતાની નિર્વિકાર પરિણતિ હોતાં નિર્વિકાર છે.' જુઓ! એ પોતે પોતાનો જાણનાર-દેખનાર સ્વભાવ, સ્વભાવ, સ્વભાવ, સ્વભાવ એમ ભાન કરતાં તો એની નિર્મળ પર્યાય થાય છે. સમજાણું કાંઈ? અને આ જાણતાં મને દુઃખ થાય છે. અરે..! દુઃખ થાય છે કે હું તને દેખું છું. વાહ..! એ ક્યાંથી આવ્યું? તને દેખતાં મને સુખ થાય છે. શેનું? રાગનું. તને દેખતા મને દુઃખ થાય છે. શેનું? દ્વેષનું. એ ક્યાંથી આવ્યું? આહાહા..! એ..ઇ..!

દિવાળીના દિ' હોય અને એ વખતે તો આમ જાણવાની વાત તો જાણનાર તો જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. એ કપડા ને લાડવા ને આ ને એમાં પાંચ-પચીસ લાખ સરવાળે થયા હોય, પચીસ હજાર, પચાસ હજાર, લાખ, બે લાખ પેદા થયા હોય, લ્યોને! આંકડા ગણવા છે ને! સાંભળ્યું કે ઓણ લાખ પેદા કર્યા. એ શબ્દ કાને પડ્યો, ચોપડામાં નજરે પડ્યા કે આ લાખ (કમાણા). એ તો જાણનાર તો આત્મા છે, જ્ઞાનસ્વરૂપ છે. એ જણાય છે. એ ઉપરાંત આ લક્ષ્મી મને પેદા થઈ એવો ભાવ તેં ક્યાંથી ઉભો કર્યો? એમ કહે છે. બેયમાં નથી અને ત્રીજો અંતરથી ઉભો કરેલો છે.

મુમુક્ષુ :– પુણ્યનો ઉદય હોય ને!

ઉત્તર :– કોને પુણ્યનો ઉદય? એ તો વસ્તુ છે એને જાણે છે. એ તો પુણ્યના રજકણનું નિમિત્ત (કહેવાય છે બાકી તો) ખરેખર તો એ રજકણ એને જ કારણે આવે છે. પુણ્યનું તો નિમિત્ત કહેવામાં (આવે છે કેમકે) એની પાસે ત્યાં નજીકમાં કેમ દેખાણું? એની પાસે પૂર્વના રજકણ હતા. એ રજકણ તે જ્ઞાનનું જ્ઞેય છે. એનું ફળ પણ જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! એ વીતરાગ તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વો સમજવા એ બહુ પુરુષાર્થ માગે છે. સૂક્ષ્મ તત્ત્વ છે, સૂક્ષ્મ તત્ત્વ છે. એ કંઈ સ્થૂળ વાત નથી કે એમ ને એમ પકડીને બધા ચાલી નીકળે. આહાહા..! આહાહા..! સમજાણું?

‘દ્રવ્યસંગ્રહ’માં નથી આવ્યું? અધ્યાત્મ, આગમ અને તર્ક ત્રણથી આ છે. એમ આ જે કીધું કે, આત્મદ્રવ્ય આને જાણે, જ્ઞાન પરને જાણે સૂક્ષ્મ છે એમ કીધું. આમથી સૂક્ષ્મતા તો આ અંદરમાં થઈ ગઈ છે. અહીં તો જરી ઇ કહેવું છે. બીજાઓને એમ કહેવું કે, દર્શન પરને સામાન્યપણે દેખે, જ્ઞાન એ વિશેષ બધાને ભેદ પાડીને દેખે, એ કરતાં એક વાત કે, આ દર્શન આત્માને દેખે, પરને દેખે, એ પેલા કરતાં સૂક્ષ્મ છે. એના કરતાં આ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? અધ્યાત્મ.

ચૈતન્યપ્રભુ, તારું હોવાપણું એટલે શું? આત્માનું હોવાપણું એટલે શું? કહો? આત્મા છે એટલે શું? આત્માનું હોવાપણું એટલે કે જાણવું-દેખવું આનંદનું હોવાપણું તે આત્માનું હોવાપણું. હવે આત્માના હોવાપણાંમાં તો જાણવું-દેખવું, આનંદ આદિ હોવાપણે છે અને જ્ઞેયમાં હોવાપણામાં શું? આ જ્ઞાનમાં પ્રમેય થાય એવું એનામાં હોવાપણું છે. એવા હોવાપણાને જાણવા તરીકે ન જાણતા, જ્ઞેય તરીકે ન જાણતા, જાણનારને જાણવાની સત્તાના હોવાવાળા તરીકે ન જાણતા એની સત્તામાં અનેરી વિકૃતિ ભેગી ઉભી કરવી (કે) આ મને ઠીક, આ મને ઠીક નહિ. એવું જ્ઞેયમાં રજીસ્ટર છે? છાપ મારી છે? જ્ઞેયમાં તો જણાવાયોગ્યની છાપ છે. સ્વભાવમાં એવી છાપ છે? એના સ્વભાવમાં તો જાણવા-દેખવાની છાપ છે. ટ્રેડમાર્ક તો એવો છે, ભગવાન કહે છે. એ ઉપરાંત આ છાપ તેં ક્યાંથી ઉભી કરી? ‘ધરમચંદજી’! બહુ સૂક્ષ્મ વાત છે, હોં! પરમ સૂક્ષ્મ (છે). હેં? પરમસત્ય છે? ઇંજેક્શન મારવા જાવ ત્યાં... ઇંજેક્શને આ કામ થયા. કહે છે કે, ઇંજેક્શનની પર્યાય જ્ઞેય છે, પેલું થયું ઇ જ્ઞેય છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફક્ત જ્ઞાન જાણે છે. એમાં આણે અહીં કર્યું એવું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..!

હાથ છે એ જ્ઞાનમાં જણાય છે. આ તો જડ માટી છે. એની સત્તામાં જણાય છે કે હાથ છે. એ હાથ આમ થયો એટલે મારી સત્તા વડે આમ થયો, એને મેં જાણ્યું આમ છે માટે આમ થયું, એવું ક્યાંથી આવ્યું? એ જાણનાર જ્ઞાનની સત્તામાં બેઠેલો સદાય છે. જાણવાના હોવાવાળો તે જાણવાના હોવાવાળી સત્તા તે આત્મા, એમાં રહેલો છે, ક્યાંય ગયો નથી. એ કર્મમાં પણ ગયો નથી, ખરેખર રાગ-દ્વેષના આસ્રવમાં પણ ગયો નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

હા, ભગવાનઆત્મા જાણનાર-દેખનાર જાણે એમાં જે વિકાર ઉત્પન્ન કરે એ એની ભ્રમણા. એ ભ્રમણાપણે થવું એ એની પર્યાયની યોગ્યતા. એને છોડી દઈ હું શુદ્ધ જ્ઞાનમૂર્તિ ચૈતન્ય છું, હું જાણનાર-દેખનાર (છું) એમ સમ્યક્‌પણે પરિણમવું એ એનો સ્વભાવ (છે). એ તો એનો સ્વભાવ (છે). સમ્યગ્દર્શન-જ્ઞાનપણે થવું એ તો એનો સ્વભાવ, એ શુદ્ધ પરિણતિ (છે). એ શુદ્ધ પરિણતિ થતાં પેલી અશુદ્ધ (પરિણતિ) ટળી જાય છે. સમજાય છે કાંઈ?

'એમ કહે છે–' 'एते अज्ञानिनः किं रागद्वेषमयीभवन्ति, सहजां उदासीनतां किं मुञ्चंति' જુઓ! આ શબ્દ. ભાઈ! તત્ત્વ તો એવું છે. ધીરું, શાશ્વત જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા (છે). 'एते अज्ञानिनः' અરે! 'વિદ્યમાન છે જે મિથ્યાદૃષ્ટિ જીવો...' છે? જે અજ્ઞાની જીવોની વિદ્યમાનતા છે, મિથ્યાદૃષ્ટિ જીવોના સમૂહની વિદ્યમાનતા છે. 'किं रागद्वेषमयीभवन्ति' 'मयी'માં જરી જોર છે. એ 'રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિમાં મગ્ન કેમ થાય છે?' અરે..! તું જાણનાર-દેખનાર ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના ભાવ અને અજ્ઞાનમાં એકાકાર કેમ થઈ જાય છે? શું છે તને આ? સમજાણું કાંઈ?

જાણનાર-દેખનારને જાણનાર-દેખનારમાં ન રાખતાં, જાણનાર-દેખનારને જાણનાર-દેખનારમાં તન્મયતા ન કરતાં જાણનાર-દેખનાર ભગવાન, એ આસ્રવ, પુણ્ય-પાપને મિથ્યાભાવમાં તન્મય–મગ્ન કેમ થઈ જાય છે? સમજાણું કાંઈ? ભારે ઝીણું. ધર્મીજીવ જ્ઞાન જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં તન્મય છે, મગ્ન છે. એને રાગ-દ્વેષ થતાં નથી, થતાં જ નથી. થોડા થયા એ પણ જ્ઞેયમાં જાય છે. પોતાના જ્ઞાનમાં એકતામાં જતા નથી, આવતા નથી. આહાહા..! 'ભીખાભાઈ'! આહાહા..! અરે..! રાગ-દ્વેષમયી કેમ થાય છે? એમ કહે છે. વસ્તુ તો જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ (છે). એને છોડી આ મને ઠીક-અઠીક એવી મિથ્યાશ્રદ્ધા જે ઇષ્ટ-અનિષ્ટ વસ્તુ નથી, એ મિથ્યાશ્રદ્ધામાં લીન થઈને ઠીક-અઠીકના રાગ-દ્વેષમાં કેમ લીન થઈ જાય છે?

આમ જ્ઞાન.. જ્ઞાન ભગવાન, એ જ્ઞાનમાં સમ્યક્‌શ્રદ્ધા દ્વારા લીન, સ્થિરતા દ્વારા લીન થાય એ તો એની ચીજનું કાર્ય અને સ્વરૂપ છે. આવી અંતરમાં જ્ઞાનસ્વરૂપ દૃષ્ટા ભગવાન-આત્મામાં લીનતા ન કરતા જે એની વાસ્તવિક સ્થિતિ અને સ્વરૂપ છે, એને છોડીને પુણ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાપના (ભાવમાં), ઇષ્ટ-અનિષ્ટ પરપદાર્થને દેખી ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિઓ અને મેં આ ઠીક કરી એવી મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષમાં કેમ મગ્ન થઈ જાય છે? સમજાણું કાંઈ? બહુ પણ વાત જરી (સૂક્ષ્મ છે). ઓહોહો..!

ભાઈ! તારા હોવાપણામાં, તારા હોવાપણાંમાં તો જ્ઞાન, દર્શન ને આનંદ છે. એવા હોવાપણામાં લીન થવું એ તો સ્વરૂપ છે. એવા હોવાપણાને છોડી અને આ જણાય છે એ ચીજને દેખી આ ઇષ્ટ-અનિષ્ટ છે અને આ ઠીક છે એવા મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષમાં મગ્ન કેમ થઈ જાય છે? સમ્યગ્દર્શન અને સ્થિરતારૂપી વીતરાગભાવમાં કેમ લીન થતો નથી? એમ કહે છે, લ્યો! હું જ્ઞાતા-દૃષ્ટા છું એવી ભાનની પ્રતીતિ અને એની સાથે સ્થિરતા–અરાગની પરિણતિ, એમ થવું જોઈએ એને ઠેકાણે આ તું શું કરે છે? એમ આચાર્ય (કહે છે). આહાહા..! સમજાણું કાંઈ? શું આમાં કરવું, શું ન કરવું? કંઈ એને ખબર પડતી નથી.

કહે છે કે, ભાઈ! તું જ્ઞાન.. જ્ઞાન ચૈતન્ય જાણનાર-દેખનાર (છો) એમાં તેં આ ઉભું કર્યું કે, મને આ ઠીક-અઠીક (છે), જ્ઞેયને દેખીને ઠીક-અઠીક મિથ્યાશ્રદ્ધા ઉભી કરી અને ઇષ્ટ-અનિષ્ટમાં રાગ અને દ્વેષની વૃત્તિ ઉઠી. એ તારા સ્વભાવમાં નથી, જ્ઞેયે કરાવ્યા નથી. મિથ્યા માન્યતા ઉભી કરીને એમાં લીન થઈ ગયો છો. એ તું કરી રહ્યો છો. તો હવે ધર્મ કરવો હોય તો કેમ થાય? એ રાગ અને દ્વેષ પરની ઇષ્ટ-અનિષ્ટતા એ વસ્તુમાં નથી, એમાં નથી. આ મને ઠીક-અઠીક એવી મિથ્યાશ્રદ્ધા સ્વરૂપમાં નથી, એમાં નથી. એ મિથ્યાશ્રદ્ધા છોડ તેથી રાગ-દ્વેષ પણ છૂટી જશે. એ મિથ્યાશ્રદ્ધા છૂટતાં જ્ઞાનસ્વરૂપ છે એમ પ્રતીત થશે. પ્રતીત થતાં અરાગી પરિણતિમાં લીન થઈશ. આહાહા..! આ ચોથા ગુણસ્થાનથી વાત ચાલે છે, હોં! આહા..! સમજાણું કાંઈ?

'પ્રભુનો મારગ છે શૂરાનો, એ કાયરના નહીં કામ' વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા... પેલા તો કહે છે, 'હરિનો માર્ગ છે શૂરાનો' પણ હરિ ઇ નહિ, હરિ તો આ ભગવાનઆત્મા છે અને સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે કહેલો આત્મા. સમજાણું કાંઈ? એ પ્રભુનો માર્ગ તો છે શૂરાનો, એ કાયરના નહિ કામ. અમને આ સમજાતું નથી. અમને આ, કાયર છો, પામર છો તું. પ્રભુતા મૂકીને પામરતાનો સ્વીકાર તે તે તને શોભે છે?

આ જ્ઞાન ને દર્શન ને આનંદથી ભરેલો ભગવાન, એવા તત્ત્વનો સ્વીકાર છોડી અને પરમાં માનાપણું માનીને ઇષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષમાં લીન (થાય છે), ભગવાન! એ તને શોભે છે કહે છે. ભાઈ! એ તો તારી રાંકાઈ છે, હોં! એ તેં તારી સાથે દુશ્મનાઈ ઉભી કરી. તારી સાથે દુશ્મનાઈ ઉભી કરી. આહા..! 'રાજમલજી'! અહીં શું કહ્યું? જુઓને! 'एते अज्ञानिनः किं रागद्वेषमयीभवन्ति, सहजां उदासीनतां किं मुञ्चंति' અંદર અવાજ ને ધ્વનિ તો જુઓ! અરે..! 'सहजां उदासीनतां किं मुञ्चंति' દેખો! 'સહજ જ છે સકળ પરદ્રવ્યથી ભિન્નપણું...'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રભુ એ બધા પરદ્રવ્યથી જુદો છે. શરીર, કર્મ, ધૂળ, માટી, પૈસા બધાથી જુદો (છે). સહજ જ સ્વભાવ જ એનો એવો બધી પરવસ્તુથી જુદાપણું 'એવી પ્રતીતિને કેમ છોડે છે?' દેખો! 'सहजां उदासीनतां किं मुञ्चंति'નો અર્થ કર્યો. શું કીધું?

સહજપણે પરવસ્તુથી તદ્દન જુદો. આ શરીરની કોઈપણ જડની અવસ્થાથી પણ ભગવાનઆત્મા તો જુદો છે. આહાહા..! જેમ દાળ, ભાત ને રોટલા ગરવામાં (વાસણમાં) પડ્યા હતા એનાથી આ વસ્તુ જુદી છે. એનાથી અહીં ખડકીને આ શરીર ઉભું થયું. દાળ, ભાત, રોટલાનું આ શરીર થયું. એનાથી તો જુદો છે. એવું જાણવા-દેખવાનો સ્વભાવ, એની ઉદાસીનતા એટલે પરથી ભિન્નપણું કેમ છોડે છે? શું ભાષા કીધી, જોઈ? 'सहजां उदासीनतां किं' ઉદાસ એટલે પરદ્રવ્યથી ભિન્ન એવો અર્થ કર્યો. ત્યાં લાગ્યો છો કે, આ મારા, આ મારા એમાં જે ઠર્યો છો, લીન થયો છો. માથે મગ્ન કીધું હતું ને? આ મારા ને આ તારા, આ ઠીક અને આ ન ઠીક એવો મિથ્યાભાવમાં મગ્ન (થયો છો). અરે..! સહજ ઉદાસીનતાને કેમ છોડે છો? તારામાં જાણવા-દેખવામાં રહેવું એવી પ્રતીતિને કેમ છોડે છે? સમજાણું કાંઈ? એ તું જેમાં છો, જે રીતે છો તેમાં તેની પ્રતીતિને કેમ છોડે છો? એ જાણનાર-દેખનાર ભગવાનઆત્મા તો છે.

રોગ થાય, જ્ઞાને જાણ્યું. જાણતાં આ ઉદાસીનતા જ્ઞાન પરથી ભિન્નપણે કામ કરે છે એવો તારો સ્વભાવ (છે) એવી પ્રતીતિને કેમ છોડે છો? આ દેહની દશા થતાં (તે) મને થઈ છે, જ્ઞાન મેં એનું કર્યું એ ઉપરાંત એમ માન્યું કે આ મને થઈ છે આવી મિથ્યા પ્રતીતિ તેં કેમ ઉભી કરી છે? સમજાણું કાંઈ?

'सहजां' 'સહજ જ સકળ પરદ્રવ્યથી ભિન્નપણું...' 'उदासीनतां' એટલે કે પરદ્રવ્યથી ભિન્નપણું એવી શ્રદ્ધા. ઉદાસ એટલે પરથી ભિન્ન રહેવું. પરથી ભિન્ન છે એવું પરથી ભિન્ન રહેવું એ સ્વભાવિક ઉદાસીનતા છે, એટલે એની પ્રતીત છે. સમજાણું કાંઈ? 'सहजां उदासीनतां किं मुञ्चंति' ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એમાં રહેવું અને આ મારા આદિ ન થવું એવી શુદ્ધ પ્રતીતિને કેમ છોડી દે છો? આ પ્રતીતિ કેમ ઉભી કરે છો? આ ઠીક છે, આ અઠીક છે એવા મિથ્યાભાવની પ્રતીતિ કેમ ઉભી કરે છે? સૂક્ષ્મ વાત છે. એમ કંઈ ભગવાન માન્યા એમ ન ચાલે. ભગવાનને માન્યા, દેવ-ગુરુ-શાસ્ત્ર '....' 'ભગવાનભાઈ'! જાઓ, ભગવાન સાચા. ... કરો, જાઓ સમકિત થઈ ગયું.

ભાઈ! સમ્યક્ એટલે જેવો આત્માનો જાણવા, દેખવાનો, આનંદાદિ સ્વભાવ (છે) એવા સ્વભાવનો સ્વીકાર, સ્વીકાર (થાય) ત્યારે તો એની દશામાં જાણવું, દેખવું અને આનંદનું પરિણમન થયું, દશા થઈ. ત્યારે આ આત્મા આવો આખો એમ પ્રતીતમાં આવે. આવી પ્રતીતિ છોડીને તું આ શું કરે છો? પરવસ્તુ તે તારે જાણવાલાયક છે, એમાં મારાપણાની માન્યતા ઉભી કરી અને રાગ-દ્વેષમાં કેમ લીન થાય છે? સ્વભાવિકપણે જ્ઞાનસ્વરૂપ આત્મા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમાં ઉદાસીન–પરથી ઉદાસીન, પરથી ખસીને જેવો ભિન્નપણે છો એની પ્રતીતિ કેમ છોડી દે છો? સમજાણું કાંઈ? અત્યાર સુધી બધી ક્રિયા કરી, પણ આ ક્રિયા આકરી (છે). 'ભગવાનભાઈ'! એ શું કર્યું હતું તેં? ભાઈ! તને ખબર નથી.

જ્યાં જ્યાં શરીરની અવસ્થા આયુષ્ય હોય તો બચે, આયુષ્ય ન હોય તો મરી જાય એ તો બધી અવસ્થાઓ પરમાં થતી હતી. એમાં તેં તો જાણવું જોઈએ એને ઠેકાણે આ ઉપરાંત મેં બચાવ્યો, મેં માર્યો આવી ભ્રમણા ઉભી તેં ક્યાંથી કરી? અને પરથી ભિન્ન એ અવસ્થાઓ થાય એનાથી તારી ચીજ ભિન્ન છે, એવી પ્રતીતિને તું કેમ છોડી દે છે? અહીં તો એમ કહે છે. સમજાણું કાંઈ? 'ભગવાનભાઈ'! આહા..! એવી રીતે લીધું છે ને..

કહે છે, આ શરીરની અવસ્થા, લ્યો. સમજાય છે? પાઉ-કાયમં ઠાણેણં-માણેણં જાણેણં અપ્પાણં વોસરામિ. આત્માને વોસરાવ્યો છે. એમ નહિ. એમ છે કે, જેટલી શરીરની ક્રિયા થાય એ અજીવ, વાણીની થાય એ અજીવ. મનની અંદર થાય તે અજીવ. એ જ્ઞાનમાં જ્ઞેય, એ જ્ઞેય છે એને ઠેકાણે મેં આમ કર્યું, મેં આમ કર્યું, હું પદ્માસન રહ્યો. કહે છે કે, એ જડની પર્યાય તારા જ્ઞાનમાં જણાવાયોગ્ય થઈ. એના ઉપરાંત મેં કરી એવું લાવ્યો ક્યાંથી કહે છે. એ મિથ્યાશ્રદ્ધાના ભ્રમથી ઉત્પન્ન કરેલો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, 'સોભાગચંદજી'! શું કરવું હવે? ઘંટી-બંટી લાવીને હવે લોટ દળવો કે નહિ? શું કરવું આમાં? સારો લોટ ન હોય તો પરિણામ સારા ન થાય. ક્યાં ગયો પણ? ... મારા પરમાણુ સારા થઈ ગયા. શું છે કીધું આ? આચાર્ય મોટા નામ ધરાવે. પાછા વિરોધ કરે. અરે..! ભગવાન! તારી તે પણ છળતા, છળતા. આહાહા..!

ભાઈ! તું ચૈતન્યસ્વરૂપ છો ને! તારા હોવાપણામાં તો જ્ઞાન, દર્શન, ચૈતન્યનો પ્રકાશ, દેખવાનો પ્રકાશ ભર્યો છે. એ પ્રકાશમાં એવું ક્યાંય નથી ભર્યું કે આ ચીજને દેખતાં એ મને રાગ-દ્વેષ કરે અને એ દેખતા મારું છે એવું કંઈ વસ્તુના સ્વરૂપમાં ભર્યું નથી અને આ દેહાદિની જે ક્રિયા થઈ એનામાં એ નથી ભર્યું કે તને એ મારાપણું મનાવે એવું એનામાં છે નહિ. શરીરની આ અવસ્થા થાય છે, વાણી થાય છે એમાં જ્ઞેયમાં તને મારાપણું મનાવે એવું જ્ઞેયમાં છે નહિ.

નવ તત્ત્વની શ્રદ્ધા સાચી કરવી, પણ નવ તત્ત્વ શી રીતે કરવા? અજીવતત્ત્વની જેટલા દ્રવ્ય-ગુણ-પર્યાય જે થાય તેને જ્ઞેયપણે રાખતાં, આત્મા જ્ઞાનપણે છે તેને જ્ઞાતાપણે રાખતાં તને નથી આવડતું અને આ જ્ઞેયપણાથી મારી ક્રિયા થઈ એમ તેં તારી ઉદાસીનતાની પ્રતીતિ કેમ છોડી દીધી? એટલે? પરથી ભિન્નપણાની પ્રતીતિ કેમ છોડી? એમ કહે છે. સમજાણું કાંઈ? આ તે ભારે પણ.. જરીક અહીંથી ... બૈરાં આવી ન શક્યા હોય અને પૂછે, શું કહેવું આ? શું કહેતા હતા? કાંઈક કહેતા હતા. કોઈ દિ' વાતને સાંભળી નથી.

'જડ ને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન.' 'જડ ને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન.' ભગવાનઆત્માનો વસ્તુનો સ્વભાવ જુદો છે, આનો સ્વભાવ જુદો છે. આનો જણાવાનો અને આનો જાણવાનો. એ ઉપરાંત તેં ત્રીજું ક્યાંથી નાખ્યું આ? 'સહજાં ઉદાસીનતાં किं मुञ्चंति' પરદ્રવ્યને જાણતાં પરદ્રવ્ય મારા થયા, એવી પ્રતીતિ ક્યાંથી લાવ્યો? અને આવી પ્રતીતિ કેમ છોડી? કે, હું તો એનો જાણનાર-દેખનાર છું એવી શ્રદ્ધા તેં કેમ છોડી છે? સમજાણું કાંઈ? આહા..! ભારે વાત, ભાઈ! શું હશે? 'મણિભાઈ'! જય ભગવાન કહે ઇ સાચું, જાઓ! શું કહે છે એની ખબર નથી.

એ, આઠ વર્ષની બાલિકા આમ સમજી જાય. હું એક આત્મા જાણનાર-દેખનાર છું. જણાય ચીજ તે જણાવાયોગ્ય રહે છે. હું એક જાણનાર-દેખનારપણે સ્વભાવ છે તેમ રહું છું. એમ અંતરમાં સ્વભાવની પ્રતીત કરતાં સમ્યગ્દર્શનની પર્યાય પરિણમે છે. આહાહા..! એને ધર્મરૂપે થાય છે. આપણે તો કહેતા કહેતા એને ખ્યાલમાં નથી આવતું કે, આ વિપરીત થાય છે, વિપરીત મનાણું છે. અરે..!

'एते अज्ञानिनः' ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરે કહેલું સંતો જગતને કહે છે. એ પ્રતિનિધિત્વ સંતો કરે છે કે, ભગવાન આમ કહે છે, હોં! કે, તારો સ્વભાવ જાણવું-દેખવું છે એમાં તેં આ પરને મારા માન્યા. એ તો જ્ઞેય છે. ભાઈ! તેં આવું અજ્ઞાન ક્યાંથી ઉભું કર્યું? આહાહા..! સમજાણું? એ આ રાગ-દ્વેષમાં કેમ લીન થઈ ગયો? કે જે રાગ-દ્વેષની વૃત્તિઓ ઉત્પન્ન થાય એવો તારો સ્વભાવ નથી, એ ચીજમાં રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાની તાકાત નથી. પરથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય એવી પરમાં તાકાત નથી અને પરથી પોતામાં વિકાર થાય એ પોતાનો સ્વભાવ નથી. સમજાણું? એ વિકાર ઉત્પન્ન કેમ કર્યો? કે, હું એક જાણનાર-દેખનાર ચૈતન્યસ્વરૂપ આત્મા છું એમ ભૂલી અને આ જણાવાયોગ્ય ચીજમાં આ મને ઠીક-અઠીક પડે એવી માન્યતાથી રાગ-દ્વેષ ઉભા કર્યા. અરે..રે...! જાણનાર-દેખનારની પ્રતીતિ ઉદાસીનતા ભિન્નતા કેમ છોડે છે? એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું, બાપા! આહાહા..! એણે કોઈ દિ' વીતરાગમાર્ગ શું કહે છે એ સાંભળ્યું નથી. સાંભળ્યું નથી અને અમે વીતરાગના માર્ગમાં અવતર્યા છીએ (એમ માને). સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ અનંત તીર્થંકરોએ એમ ફરમાવ્યું એમ મહાવિદેહ ક્ષેત્રમાં પરમાત્મા અત્યારે બિરાજે છે. 'સીમંધર' તીર્થંકર આદિ વીસ તીર્થંકરો અને લાખો કેવળીઓ વાણીમાં એમ ફરમાવે છે એ સંતો પ્રતિનિધિ તરીકે કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! તું તારા હોવાપણામાં રાગ-દ્વેષ તો છે નહિ, અમે જોયો નથી. પર જે ચીજો છે એ તને રાગ-દ્વેષ કરાવે એવું અમે જોયું નથી. ત્યારે તારા જોવામાં આવું ક્યાંથી આવી ગયું? કે, અરે..! આ જાણતાં આવો મેલો થયા વિના રહે નહિ હો! અરે..! રોગને જ્ઞાન જાણતાં દ્વેષ થયા વિના રહે? કરંટ લાગે છે અંદરથી. અને આમ પાંચ-પચીસ લાખની મૂડી કાને સાંભળે, આમ પાંચ લાખનો હજીરો દેખે. હજીરો એટલે મકાન. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :– મકાનને હજીરો કહેવાય?

ઉત્તર :– એ હજીરો જ છે ને, બીજું શું છે? વોરા મરીને દાટે એને હજીરા કહેવાય છે. આ બધા હજીરા જ છે ને? શું મકાન છે, એ તો ધૂળ છે. આમ દેખે ત્યાં, આ..હા..! ભાઈ! તને મરતાં છોડવું કઠણ પડશે, હોં! 'ન્યાલભાઈ'! બાયડી રોવે. નથી રોતી? અરે..! બાપા! ભર્યા ઘરમાંથી નીકળવું કેમ ગોઠ્યું? ઓલી રોવે. ઢોંગેઢોંગ બધાય. કોને કહેવા ભર્યા ઘર? ભગવાનઆત્મા તો તદ્દન ભિન્ન છે. એ કંઈ લઈને આવ્યો હતો? અને આવ્યું તો એને કારણે આવ્યું હતું. સમજાણું કાંઈ?

આજે જ દાખલો નહોતો આપ્યો? પેલા ભાઈએ કહ્યું હતું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો આપ્યો હતો. પેલો છોકરો છે ને? પેલા ગાંડાનો. એક માણસ હતો, માણસ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો દાખલો આપ્યો હતો. એક ગાંડો માણસ હતો, નદીને કાંઠે ગયો. આ શું 'ઉતાવળી' કહેવાય ને? અમારે 'કાળુભાર' મોટી નદી 'ઉમરાળા'માં છે ને? મોટી લાંબી નદી. એમાં ઘણા મોટા પથરા હોય. એમાં જઈને બેઠો. એમાં લગભગ નવ, સાડા નવ, દસ વાગ્યા. એમાં રાજા નીકળ્યો, એક રાજા. તે દિ' તો ક્યાં એવી મોટરું-ફોટરું હતી? ... દરબાર નીકળે તો ઘોડાગાડી લઈને નીકળે. પણ એ તો 'ઉમરાળા' આવી જાય. પણ બહુ લાંબેથી નીકળ્યા હોય અને પાણી ઘણું દેખીને દસ વાગે ત્યાં પડાવ નાખ્યો. હાથી, ઘોડા. પડાવ નાખ્યો. અડધો, કલાક, બે કલાક (રહ્યા). ખાઈને (પછી) આપણે ચાલશું. તંબુ નાખ્યા હોય તો સૂવે. પેલો ગાંડો બેઠો હતો. ઓ..હો..! આ મારો રાજા આવ્યો, આ મારી રાણી આવી, આ મારા હાથી આવ્યા, આ મારા ઘોડા આવ્યા. ઇ આમ ખાય-પીને સૂતા ને જ્યાં બે વાગ્યા (તો) ચાલવા માંડ્યા. એલા! પૂછ્યા વિના કેમ જાઓ છો? પેલો કહે. ગાંડો છો, માળા! અમે તો અમારે કારણે આવ્યા અને અમારે કારણે જઈએ છીએ.

એમ આ ગાંડો ક્યાંક ઘરમાં આવ્યો ત્યાંથી આ બાયડી ને છોકરા ને શરીર એને કારણે બધા આવ્યા છે અને ઇ જ્યાં મુદત પૂરી થાય અને ચાલવા માંડે તો કહે, એલા! ચાલો છો કેમ? આત્મા તો ક્યાંકથી આવ્યો, તદ્દન જુદો છે. હેં? આત્મા તો ક્યાંકથી આવ્યો, કર્મના રજકણ સાથે હતા. બસ! એટલું. પછી આ શરીર થયું, પછી આ મકાન. પછી આ જોવા મંડ્યો, બગીચા ને ફલાણું ને ઢીકણું. અને એ ટાણા જ્યાં આવ્યા તો એ સૂકાવા મંડ્યું, પેલું ચાલવા માંડ્યું, બાયડી મરી ગઈ, છોકરા મરી ગયા. એલા! પણ તમે કેમ જાઓ છો મને પૂછ્યા વિના? પણ ક્યાં તને પૂછવા માટે આવ્યા હતા? તને પૂછીને આવ્યા છીએ? અમે તો અમારે કારણે આવ્યા હતા. અમારી મુદત પૂરી થઈ એટલે અમે જઈએ છીએ.

આ તો 'કાળુભાર' જ પડી છે ઇ. ઇ આજે સંભાર્યો હતો, પેલો 'ગોંડલવાળો' છે ને? રસ્તામાં સંભાર્યો હતો. 'ચીમનભાઈ'એ દાખલો આપ્યો છે. હા, દાખલો બરાબર છે. કેમ 'પોપટભાઈ'? એણે છોકરાઓનો દાખલો આપ્યો હશે. એમ આત્મા તો ક્યાંકથી આવ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હેં? આહાહા..! અહીં જ્યાં આવ્યો અને પેલા સંયોગો ભેગા થયા તો (કહે) મારા આવ્યા. મુદત પૂરી થઈને ચાલવા માંડ્યા તો (કહે) મારા ક્યાં ગયા? પણ હતા કે દિ' તારા? મિથ્યાભ્રમણા ઉભી કરીને મારા માન્યા. અરે...! તારો ઉદાસીનભાવ કેમ છોડે છો? અરે..! તું તારામાં જ્ઞાન, દર્શન, આનંદમાં (છો) એની પ્રતીતિ કેમ છોડે છો? આ મારા અને મારા ગયા, આવા ભાવ તેં કેમ ઉભા કર્યા? ભાઈ! એ તને શોભતા નથી. એમ અહીંયાં સમજાવીને આત્માના સ્વભાવની અનુભવ, પ્રતીતિ કર તો તને આનંદની પ્રાપ્તિ થશે. પરપણાનું માનવું તને છૂટી જશે. ત્યારે તેને ધર્મ થાશે. (વિશેષ કહેશે...)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક વદ ૫, શનિવાર તા. ૧૩-૧૧-૧૯૬૫.**
**કળશ–૨૨૨. પ્રવચન–૨૪૪-G**

'કળશટીકા' ૩૦ મો કળશ છે, સળંગમાં ૨૨૨. આ જે વિષય રાત્રે પહેલા કહ્યો હતો એ થોડો કહીએ. જુઓ! કારણ કે આની સાથે મેળ નથી આમાં. ઇ પછીના ૩૧ મા શ્લોકમાં આવે છે. આ આત્મા છે, આત્મા એની પ્રતીતિ એવું જે સમ્યગ્દર્શન. આત્મા અનંત ગુણનો પિંડ છે એવો આત્મા, એની જે અનુભવ સહિતની જે સમ્યક્ પ્રતીતિ, એ સમ્યગ્દર્શન કોને કહેવું અને એ સમ્યગ્દર્શનમાં શું હોય?

જે આત્મા અનંત ગુણરૂપ વસ્તુ છે એવા આત્મદ્રવ્યની પ્રતીતિ થતાં, જેમ એ શ્રદ્ધાગુણ એમાં એક છે એથી એની પર્યાયનું પ્રગટપણું સમ્યગ્દર્શનરૂપે પર્યાય પ્રગટ છે, એમ અનંત ગુણની પ્રતીત થતાં અનંત ગુણની પ્રગટ–વ્યક્ત પરિણતિ, શુદ્ધ પ્રગટ સમ્યગ્દર્શન સાથે હોય છે. સમજાણું કાંઈ? કેમકે આત્મદ્રવ્ય એને કહીએ કે જે અનંત ગુણનો પિંડ. તો અનંત ગુણનો પિંડ એવા આત્મદ્રવ્યની પ્રતીત નામ સમ્યગ્દર્શન થતાં સમ્યગ્દર્શન જેમ શ્રદ્ધાગુણમાંથી પર્યાયરૂપે પરિણમ્યું એમ જ્ઞાનગુણ પણ સ્વને પકડવાની લાયકાતવાળું સમ્યક્પણે પરિણમે. એમ ચારિત્રગુણ પણ સ્વરૂપની સ્થિરતાના અંશપણે અંદર સાથે પ્રગટે. એમ એની અંદરમાં અકારણકાર્યપણું એનો પોતાનો ગુણ છે ને? એટલે પર્યાયની અંદર સમ્યક્ પ્રતીતિની સાથે પરનો કર્તા નહિ, રાગનો કર્તા નહિ, રાગથી મારી પર્યાયનું કાર્ય નહિ એવો અકાર્યકારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નામનો ગુણ પણ તેની-સમ્યગ્દર્શનની પર્યાય સાથે આ રીતે પરિણમે ત્યારે એવા અનંતા ગુણનું પરિણમનનું એકરૂપ 'શ્રીમદ્દે' એને 'સર્વગુણાંશ તે સમકિત' કહ્યું. એનો અર્થ ઇ છે. આ તો વિચાર બીજી રીતે આવ્યો હતો, એની ઉપરથી નહિ. આ કાલે સમકિતની વ્યાખ્યા થોડી 'મુંબઈ'થી આવી હતી ને?

ભાઈ! સમ્યગ્દર્શન એટલે સત્યદૃષ્ટિ, તો સત્ય એવું આખું તત્ત્વ જે આત્મા છે, અનંત ગુણ જે સત્‌રૂપે છે એની પ્રતીતિમાં અનંત ગુણની પરિણતિ શુદ્ધરૂપે ત્યાં પ્રગટ થાય. આનંદનો અંશ પણ સાથે પ્રગટ થાય. વિભુ નામનો ગુણ છે એથી વિભુ ગુણ અનંતા ગુણમાં વ્યાપક છે એથી પ્રગટ થતાં એની પર્યાયમાં પણ અનંતા ગુણનું વ્યાપીને પરિણતિને કાર્યરૂપે શુદ્ધ દશા થાય એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. 'ન્યાલભાઈ'! મોંઘુ બહુ પણ કહે છે.

પણ આત્મ વસ્તુ છે ને? એક સમયમાં અનંત ગુણરૂપ વસ્તુ છે ને? એની અંતરમાં સ્વસન્મુખ થઈને પ્રગટ થયેલી પર્યાય, એમાં બધા ગુણોના અંશની પ્રગટ-વ્યક્ત પર્યાય સાથે વિભુ છે ને? વિભુ એના અનંત ગુણમાં વિભુ નામનો ગુણ વ્યાપક છે, તો પર્યાયમાં પણ અનંત ગુણનો વ્યક્ત પર્યાય શુદ્ધપણે પરિણમે એની સાથેની જે પ્રતીત તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આમ પ્રતીત.. પ્રતીત (કરે) એમ નહિ.

શ્રદ્ધાગુણની પર્યાયનું સ્વરૂપ એ પ્રતીત, પણ એ પ્રતીત એવી છે કે અનંત ગુણરૂપ દ્રવ્યને પ્રતીત કરતાં અનંત ગુણ ઉછળે છે. પેલી ભાષા આવી, ભાઈ! શક્તિઓ છે ને? ઉછળે છે એનો અર્થ ઇ કે, આમ શ્રદ્ધા કરતા અનંત ગુણ ઉછળે એટલે પર્યાયમાં અનંત ગુણ પરિણમનરૂપે પર્યાયમાં કાર્ય કરે છે. સમજાય છે કાંઈ? એમાં એ સમ્યગ્દર્શન થતાં સ્વરૂપમાં અકર્તાગુણ જે છે એ પણ રાગ અને પરનો કર્તા નથી એમ અકર્તાનું પરિણમન, પરિણમન સાથે સમ્યગ્દર્શનમાં હોય છે. રાત્રે કહ્યું હતું, તમે સાંભળ્યું હતું? રાત્રે તો સાંભળ્યું નહોતું. સમજાણું કાંઈ?

એક સમયમાં ભગવાન પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ પૂર્ણ છે ને? તો એની પર્યાયમાં પણ પ્રભુતાની પર્યાય અખંડ પ્રતાપવાળી સ્વતંત્ર શોભાયમાનની પર્યાયે પરિણમતું સમ્યક્ પરિણમે. એને આખા દુનિયાના પદાર્થનું શું સ્વરૂપ છે (એ) 'સબ આગમ ભેદ સુ ઉર વસે'. સમજાણું કાંઈ? આહાહા..! એવો જે પ્રતીતનો ભાવ એકલી લૂખી પ્રતીત નથી, સાથે આનંદનું કાર્ય લેતું આવે. વીર્યગુણનું કાર્ય શું એ કાળે? સમ્યક્ પ્રતીતિ થઈ ત્યાં વીર્યગુણની પણ સ્વરૂપની શુદ્ધતાની રચનારૂપ પરિણમન સાથે હોય છે. સમજાણું કાંઈ? એમ એના ષટ્કારકો જે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ જે શક્તિઓ છે એ સમ્યક્ પ્રતીતિ થતાં એ શક્તિઓ કાર્યરૂપે, કાર્યરૂપે પરિણમનમાં સ્વતંત્ર શુદ્ધરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ?

જીવતર શક્તિનો પણ પર્યાય ભાવપ્રાણ જેનો આધાર જે જીવતર શક્તિનું સ્વરૂપ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યક્ પ્રતીત થતાં એ ચૈતન્યના ભાવપ્રાણ જ્ઞાન, દર્શન, સત્તા આદિ શુદ્ધ પર્યાયપણે પરિણમન થાય એને આત્માની પ્રતીતિ અને સમ્યગ્દર્શન થયું કહેવાય છે. આહાહા..! અને એ પ્રતીતમાં જે પર્યાયોનો વેદનનો ખ્યાલ આવ્યો કે, આ વસ્તુ આનંદરૂપનું પરિણમન (છે), (આ) અકર્તાપણાનું (પરિણમન છે) એવો આખો આત્મા એ આનંદમય છે, આખો આત્મા અકર્તા અને અકાર્યકારણ સ્વભાવવાળું તત્ત્વ છે, પરના કર્તા વિનાનું તત્ત્વ છે, સ્વભાવના કર્તાવાળું આખું તત્ત્વ છે. સમજાણું કાંઈ? અને તે પ્રતીત આવતાં સર્વજ્ઞ અને સર્વદર્શી પણ ગુણ જ્યારે છે એટલે પ્રતીતમાં જ્યારે જ્ઞાન ને શ્રદ્ધા ને દર્શનની પર્યાયરૂપે પરિણમન થયું એનાથી ખ્યાલ આવી ગયો કે આ આખો આત્મા જ્ઞાનનો ભંડાર તે કેવળજ્ઞાનનો કંદ છે, આનાથી કેવળજ્ઞાન થશે. એટલે શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ્યું આ અપેક્ષાએ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શ્રદ્ધાએ દ્રવ્ય-ગુણને કબુલ નહોતા કર્યા. જ્યારે દ્રવ્ય-ગુણ તો એકરૂપ છે, ગુણનું એકરૂપ તે દ્રવ્ય. એની પ્રતીત થતાં આ કેવળજ્ઞાન શ્રદ્ધામાં પ્રગટ થયું. કેમકે એકલો જ્ઞાનમય આત્મા છે એમ શ્રદ્ધામાં આવી ગયું. એટલે કેવળજ્ઞાન અલ્પકાળે પ્રગટરૂપે થશે એમ પ્રતીતમાં આવી ગયું. એમ સર્વદર્શીપણું એનો ગુણ છે એવી પ્રતીત થતાં ગુણના કાર્યરૂપે દર્શીશક્તિનો પર્યાય જે પ્રગટ્યો એનાથી ભાન થયું કે આનો સર્વદર્શી આખો સ્વભાવ છે એ અલ્પકાળે પ્રગટરૂપે પર્યાય સર્વદર્શીપણે થશે. સમજાણું કાંઈ? 'ન્યાલભાઈ'! ૮૪ વર્ષમાં કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. અઘરું નથી, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. હેં? 'ભોગીભાઈ'!

ભાઈ! આત્મા વસ્તુ, વસ્તુ છે ને એક? તો એના અનંત ગુણ છે ને? તો આત્મા પ્રતીતમાં, દ્રવ્ય પ્રતીતમાં આવતાં જેમ પ્રતીત પર્યાયમાં આવી એમ અનંતા ગુણરૂપ જે દ્રવ્ય છે (એ) બધી પર્યાયરૂપે સ્વતંત્ર શુદ્ધરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? ઉછળવા મંડ્યા છે, આ ફેરી માંગલિકમાં ઇ આવ્યું હતું ને? બેસતા વર્ષને દિવસે એ આવ્યું હતું ને?

ભગવાનઆત્મા.. આહાહા..! અનંત અનંત બેહદ ગુણોનો જે ભંડાર (એ) બધા ગુણોનું પર્યાયમાં પરિણમન શુદ્ધરૂપે ભાસ થતાં એની પ્રતીત થઈ કે આ આખો આત્મા ભગવાનસ્વરૂપે છે, પરમાત્મા છે. એનું પર્યાયના વેદન સહિત (પ્રતીત થઈ), હોં! આ આનંદનો અંશ આવ્યો તો આખો આત્મા આનંદરૂપ છે, શાંતિનો અંશ આવ્યો તો આખો આત્મા શાંતસ્વરૂપ, ચારિત્રસ્વરૂપ જ છે. સમજાય છે? એમ અકર્તાપણું, પર્યાયમાં રાગનું કરવાપણું નથી, સ્વભાવનું કરવાપણું એ કર્તાગુણને લઈને છે, રાગથી મારામાં કાર્ય ન થાય એવી પરિણતિ થઈને સમ્યક્ ઉભું થયું. આહાહા..! સમજાણું કાંઈ? હવે આ સ્થિતિને જાણે નહિ અને માની લ્યે કે અમે સમ્યગ્દષ્ટિ. માનો. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે, આ છે (અમે) આત્મા માન્યો. બાપા! આત્મા માનવામાં તો અનંતા ગુણો એની પ્રતીતમાં પર્યાયમાં આવે. પર્યાયમાં, હોં! ગુણમાં તો છે. ઇ ક્યાં ઇ તો શક્તિરૂપ છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એ આત્મામાં પ્રત્યક્ષ પ્રકાશ નામનો ગુણ છે. એથી સમ્યગ્દર્શનના કાળમાં એ સ્વસંવેદનજ્ઞાન પ્રત્યક્ષથી કામ કરે એવું પ્રત્યક્ષ કાર્ય એની દશામાં આવવું જોઈએ. સમજાણું કાંઈ? જ્ઞાન રાગ વિના જ્ઞાનને વેદે અને જાણે, વિકલ્પની અપેક્ષા વિના વેદે, જાણે એવો એનો જે ગુણ છે એ ગુણનો પર્યાય પ્રત્યક્ષપણે સ્વસંવેદન થઈને પ્રગટે ત્યારે એની પ્રતીત થાય કે, આ આખો આત્મા પ્રત્યક્ષ થઈ શકે એવો છે. 'ભોગીભાઈ' સમજાય છે આમાં? આજે સવારે પણ જરીક થોડું ઝીણું આવ્યું હતું, હોં! સાંભળવા આવ્યા છે ને, વાત સાચી. આહાહા..!

ભાઈ! તું કેવડો મોટો? અને તારી પ્રતીત કેવડી મોટી? તું મોટો અનંત ગુણનો પિંડ. અનંતા અનંતા ગુણો. આકાશના પ્રદેશનું માપ નથી એથી અનંતગુણા તારા ગુણો એવું એક દ્રવ્ય. ઓહોહો..! એ આત્મદ્રવ્યની પ્રતીતિમાં એટલા અનંતા અનંતા જેટલા ગુણો છે, બધાય પ્રગટપણે પર્યાયના શુદ્ધપણે પ્રગટમાં કાર્ય કરે એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા..! 'ભોગીભાઈ'! આહાહા..!

ભાઈ! તારું સ્વરૂપ જ ત્યાં આગળ (એવું છે). ઓહો..! પ્રભુતાનો દરિયો છે ને ભગવાન! પ્રભુતાના સ્વભાવથી-ગુણથી ભરેલો ભગવાન એની પ્રતીતમાં આવતાં અનંતા ગુણો પ્રભુના સામર્થ્ય ને સ્વતંત્ર અને અખંડ પ્રતાપવાળા છે એવો પર્યાય કાર્યરૂપે પ્રગટ થતાં એની પ્રતીત થાય એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વેદનમાં અનંતા ગુણોની પર્યાય આવી ગઈ. પ્રગટરૂપે, હોં! શ્રદ્ધા એક ગુણ છે પણ એની પ્રગટરૂપ પર્યાય આમ અંતર્મુખ ધ્રુવ (છે), ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ એકરૂપ એમ અંતરમાં લક્ષ આપતાં જે પરિણમન થયું, સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનું (પરિણમન થયું) એમાં અનંતા ગુણોનું પરિણમન એ સમયે ભેગો આખો સમૂહ પાક્યો. એ અનંતા ગુણના પર્યાયના અંકુરા અંદર ફાટ્યા! આહાહા..! સમજાણું કાંઈ? તેથી સમ્યગ્દર્શનને કેવળજ્ઞાનનું બીજ કહ્યું અથવા એમ કહ્યું કે, સમ્યગ્દર્શન થયા પછી કેવળ ન થાય એમ બને નહિ.

કેવળજ્ઞાન જેમ ત્રણકાળ ત્રણલોકને જાણવાનું અપ્રતિહત, ભવ વિનાનું કામ કરે છે, એવું જ કામ સમ્યગ્દર્શન કરે છે. એવું જ કામ કરે છે. અપ્રતિહત મારો સ્વભાવ જે અખંડાનંદ પ્રભુ છે એ મારા પૂર્ણ સ્વભાવને પ્રગટ કરતું સમકિતદર્શન પ્રગટ થાય છે. આહાહા..! આ શું છે? સમ્યગ્દર્શન એટલે લોકોએ સાધારણ કિંમત માની હતી એ ચીજ એમ નથી. કહો, હવે આમાં શું કરવું આમાં? પચાસ વર્ષ સુધી રાગ મંદ કરીને આ ત્યાગ કર્યા હોય એની કિંમત કેટલી?

મુમુક્ષુ :- પુણ્ય તો થાય.

ઉત્તર :- ઇ કિંમત પણ ક્યાં આવી એમાં? કિંમત તો રાગ વિનાની આખી ચૈતન્યમૂર્તિ ચારિત્રગુણનો પિંડ પ્રભુ છે એની જ્યાં પ્રતીત થતાં એ સ્થિરતાનો અંશ જે અંદરમાં આવ્યો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે એનું ચારિત્રનું કાર્ય સ્થિર થયું. ત્યારે એ કાર્ય થયું. મંદ કષાય એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રને લક્ષે આ પ્રતીત ન થાય. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના લક્ષે આ પ્રતીત ન થાય. સમજાણું કાંઈ? એ તો ભગવાન એક સમયનો પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ છે એના ધ્યેય પ્રતીત થતાં અનંત ગુણ કાર્યરૂપે પરિણમી જાય છે. દ્રવ્ય ભગવાન કારણ છે. એટલે કારણ બીજું નહિ હવે અંદર. એ વસ્તુ પોતે દ્રવ્ય અને ગુણ કારણ છે. એ કારણ બનાવ્યું ક્યારે? કે, આમ પ્રતીત અને ભાન કર્યું એટલે. કારણ તો છે પણ બનાવે કાર્યમાં ત્યારે ને? એની પ્રતીત, શ્રદ્ધા, જ્ઞાન થતાં જ્ઞાયકમૂર્તિ પૂર્ણાનંદ એને કારણ બનાવ્યું એટલે અનંતા ગુણનું કાર્ય એક સમયમાં આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એનામાં પછી બાકી રહેલો રાગ આસ્રવ, બંધ અંશે એ એમાં નથી એવું એનામાં જ્ઞાન થાય. સમજાણું કાંઈ? 'રાજમલજી'! આહા..! હેં? લોકોને બિચારાને એમ લાગે કે, આરે..! આ તો શું હશે? અરે..! ભગવાન! બાપા! તને વસ્તુની ખબર નથી. જેવી વસ્તુની મહત્તા છે એવી જ એના સમ્યગ્દર્શનની એવી જ મહત્તા છે. સમજાણું કાંઈ?

એક સમયમાં જેવો ભગવાન પૂર્ણાનંદ અને દ્રવ્ય શક્તિથી બધો પડ્યો છે, આવા આત્માની પ્રતીત ને? આત્માની પ્રતીત ને? એની શ્રદ્ધા ને? તો આત્મા તો અનંત ગુણનો દરિયો છે. એની શ્રદ્ધા ને? એની શ્રદ્ધામાં અનંત ગુણના પર્યાયરૂપી નિર્મળ કાર્ય થયા એમાં પ્રતીત થઈ કે આખું આ તત્ત્વ આવું છે. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! આરે.. આરે...! અમારે દેવ-ગુરુ-શાસ્ત્રથી કંઈ ન થાય આ તો એવું કહે છે. ભગવાનની ભક્તિથી કેટલું થાય આમાં? તમે જૂના માણસ છો. ઓછું, અધિક અને વિપરીત માને તો મિથ્યાત્વ છે એમ નથી આવ્યું? ખજાનો ખૂલ્યો એનું નામ ખૂલી ગયો કહેવાય. જ્ઞાનના અંકુર, શ્રદ્ધાના અંકુર, શાંતિના અંકુર, આનંદના અંકુર, અકાર્યકારણના અંકુર, અકર્તાના અંકુર, અભોક્તાના અંકુર બધા ગુણોના અંકુર ફાટ્યા. એ પૂર્ણ થયે છૂટકો. સમજાણું કાંઈ? 'રતિભાઈ'!

મુમુક્ષુ :– ક્ષયોપશમની પર્યાય તો અપૂર્ણ હોય.

ઉત્તર :– પર્યાય હજી ક્ષયોપશમ હોય તો અપૂર્ણ હોય, ક્ષાયિક થાય ત્યારે પૂર્ણ થાય. તોપણ હજી શ્રદ્ધાની પર્યાય પૂર્ણ થશે. ખરેખર પૂર્ણ તો થઈ ગઈ. પણ પરમજ્ઞાનની સાથે થાય એને પરમઅવગાઢ સમકિત કહે છે. સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્મા એક જ આત્મા, પૂર્ણાનંદનો ઘન પ્રભુ, એની પ્રતીતમાં પર્યાયો, અનંત ગુણનું પરિણમન (થયું). એમ કહી દે કે, એક પ્રતીત થઈ અને અમને બીજી ખબર નથી. એમ ન હોય. અનંતા ગુણોનો ધરનાર ભગવાનને પ્રતીતિમાં લીધો અથવા જ્ઞાનમાં એને જ્ઞેય બનાવ્યો અથવા સ્થિરતામાં એમાં સ્થિરતા કરી (તો) બધા ગુણોનું અનંત કાર્ય પરિણમન થઈ ગયું. સમજાણું કાંઈ? એને બધા દ્રવ્યોની શું શક્તિ અને તાકાત છે એ બધું 'સબ આગમ ભેદ સુ ઉર બસે'. વિશેષ સ્પષ્ટ કરતા કદાચ ન પણ આવડે. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ? વસ્તુ એના હાથમાં આવી ગઈ. આનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. આહાહા..! આ તો હજી (અજ્ઞાની કહે છે), શુભભાવથી ક્ષાયિક સમકિત થાય. ભગવાન! તારી ગતિ પણ ગજબ છે ને! સમજાણું આમાં?

રાત્રે વધારે આવ્યું હતું. ભાઈ ઇ તો આવે ત્યારે ખરું ને! થોડું થોડું જ્યારે આવતો ત્યારે એ વિષય જ અંદરમાં ઘોળાતો હતો. સમજાણું કાંઈ? આ તો પેલું આવ્યું હતું ને? સમકિતની વ્યાખ્યા કરે છે ત્યાં. અરે..! ભગવાન! સમકિત કોને કહે? બાપુ! તેં સાંભળ્યું નથી, ભાઈ! હેં? આહાહા..! એ શ્રદ્ધાગુણનો પર્યાય સમકિત કોને કહે અને કેટલી પૂંજી સાથે લઈને પ્રગટે? સમજાય છે? એકલો વર ન હોય એની સાથે તો અનેક જાનૈયા લઈને આવે. અરે.. ભાઈ! આહાહા..! એવા અકર્તા અભોક્તા થોડા થોડા તો વળી રાત્રે પાછા ખૂબ વિચાર, મંથનથી આવ્યા હતા. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ. બધું સત્ છે ને? ગુણ છે ને એ તો એક ગુણ છે ને અંદર? એ ગુણ પણ પ્રતીતમાં આવ્યો, ભેગો ક્ષણે ક્ષણે ઉત્પાદ એનો થાય, ક્ષણે ક્ષણે ઉત્પાદ થાય એમ શ્રદ્ધામાં આવી ગયું. એમાં કોઈને કારણે થાય અને આ કારણે થાય એ વાત છે નહિ. આવે છે ને ઇ? ઉત્પાદ, વ્યય, ધ્રુવનો ગુણ.

અમૂર્તનો ગુણ અંશે પ્રગટ્યો. નિષ્ક્રિય ગુણ અંશે પ્રગટ્યો. સમજાણું કાંઈ? જોગનું અકંપન જે અંશે છે એ પણ સાથે પ્રગટ્યું. આહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! એ ભગવાનઆત્મા જેટલા અનંત ગુણના સમુદાયરૂપ પિંડ છે એટલી જ પર્યાયો એકસાથે કાર્યરૂપે પરિણમી છે એમાં આ આત્મા એવી પ્રતીત થઈ એને સમ્યગ્દર્શન કહે છે. 'ભોગીભાઈ'! કહો, સમજાણું આમાં? જીવતરથી માંડીને. છે ને જીવતર શક્તિ? ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શીત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ. સમ્યક્ પ્રતીત થતાં અનંતા ગુણોનો અંશ સ્વચ્છપણે પ્રગટ થઈ ગયો. સ્વચ્છપણે એક ગુણને બીજા ગુણ સાથે અંદર સંબંધ છે બધું સ્વચ્છ થઈ ગયું. સ્વચ્છ. અંશ પર્યાય સ્વચ્છ થઈ ગઈ. જ્ઞાન પણ અંદર સ્વચ્છ નિર્મળમાં આવી ગયું. ઓહોહો..! સમજાણું કાંઈ?

અરે..! ભગવાન! સમ્યગ્દર્શન એટલે કેવળને લાવવાની, કેવળને બોલાવે એવી વાત. સમ્યગ્દર્શન એટલે કેવળને બોલાવો. કેવળજ્ઞાન અલ્પકાળમાં આવજે! 'ભોગીભાઈ'! સાદ પાડીને જેમ રાડ નાખે એમ સમકિત રાડ પાડે. શું રાડ પાડતું હશે? પ્રતીતમાં જોર આવ્યું કે, આ વસ્તુ એકલો કેવલજ્ઞાન કંદ જ છે. આ તો ચૈતન્યપિંડ છે. પર્યાય પૂર્ણ થયે છૂટકો. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનને શ્રદ્ધા–સમકિત બોલાવે છે. કેવળદર્શનને બોલાવે છે, પૂર્ણ આનંદને પડકારે છે, પૂર્ણ વીર્યને જોર આપીને (કહે છે), લાવ પૂર્ણ વીર્ય! એવું પર્યાયમાં પ્રતીતમાં આટલું જોર આવે એવા આખા દ્રવ્યની પ્રતીત (થાય) એને સમ્યગ્દર્શન (કહેવાય છે). આત્મદ્રવ્યની પ્રતીત એટલે કે અનંત ગુણની પ્રતીત અને અનંત ગુણના કાર્યની પર્યાયની વ્યક્તતા. સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? આવવાનું હતું તેટલું આવ્યું, અટક્યું. આવે ત્યારે આવે ને!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ તો 'રામજીભાઈ'એ જરી કીધું હતું કે, પહેલા આ મૂકો, નહિતર આમાં નહિ આવે. પાછું અહીં આવશે, અહીં આવશે. કહો, સમજાણું કાંઈ?

હવે કહે છે, અરે..! ભગવાનઆત્મા! આવી પ્રતીત અને આવું જ્ઞાનવાળી જે આત્મદશાવાળું તત્ત્વ ઇ બીજાને જાણે એમાં તને વિકાર થાય એ તું લાવ્યો ક્યાંથી? કહે છે. સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન સહિત આત્મા પ્રગટ્યો એ બધું જાણે. જાણે એથી એના જ્ઞાનમાં વિકાર આવ્યો એમ ક્યાંથી આવ્યું? જાણવામાં તો નિર્વિકારી પર્યાય પરિણમી છે. સમજાણું કાંઈ? ઇ કહે છે, જુઓ! છેલ્લું ઇ આવ્યું.

અરે...! 'सहजां उदासीनतां किं मुञ्चंति' અરે..! ભગવાન સ્વદ્રવ્ય આવી તારી શક્તિનું સત્ત્વ અને એની તારી પ્રતીતિનું કાર્ય આવું હોવું જોઈએ. સમજાય છે? 'સહજ જ છે સકળ પરદ્રવ્યથી ભિન્નપણું-એવી પ્રતીતિને કેમ છોડે છે?' પોતાના દ્રવ્યની પ્રતીતિના કાર્યરૂપમાં આ વળી તને પર દ્રવ્યને કારણે મને વિકાર થાય (એ ક્યાંથી આવ્યું)? પરદ્રવ્યથી ભિન્ન અને સ્વદ્રવ્યના ગુણની પર્યાયથી અભિન્ન, પોતાનો આત્મા પોતાના ગુણ-પર્યાયથી અભિન્ન, એને પરને કારણે મને વિકાર થાય, અરે...! આવી પ્રતીતિ તું ક્યાંથી લાવ્યો?

જાણવામાં આ ચીજ આવી. આ સ્ત્રી જાણવામાં આવી. શું કરવા ભાગ્યો? કહે છે. શું જ્ઞાનમાં જાણતાં દોષ છે? એમ કહે છે. સમજાય છે? એ જાણતા તને રાગ થાય છે એમ માન્યું છે એ મિથ્યાભ્રમ, અજ્ઞાન છે. એ કહે છે. અહીં સુધી આવ્યું, જુઓ! 'સહજ જ છે સકળ પરદ્રવ્યથી ભિન્નપણું-એવી પ્રતીતિને કેમ છોડે છે?' કેમકે 'વસ્તુનું સ્વરૂપ તો પ્રગટ છે,...' જ્ઞાતા-દૃષ્ટાપણું, જ્ઞાન-દર્શનપણું વસ્તુ તો પ્રગટ છે. જ્ઞાન-દર્શનનો ભંડાર જાણવા-દેખવાના કાર્ય કરે એવી વસ્તુ તો પ્રગટ છે. સમજાય છે? 'વિચલિત થાય છે...' અરે..! 'વિચલિતથાય છે તે પૂરો અચંબો છે.' અરે..! આ દેખાય ગયું (તો) મને રાગ થઈ ગયો, આ દેખાઈ ગયું (તો) મને દ્વેષ થયો. અરે...! આ શું તને ભ્રમ થઈ ગયો છે? સમજાણું કાંઈ?

કેવળજ્ઞાની તો ત્રણકાળ ત્રણલોકને દેખે છે, કાંઈ બાકી છે એના જ્ઞાનમાં? તો એને લઈને રાગ થતો હશે? કહે છે કે, તારા જાણવા-દેખવાના સ્વભાવના કાર્યમાં જણાણું માટે રાગ થયો, આ જણાય ગયું માટે આ રાગ થયો, આંખ વીંચી જાઓ. આંખ વીંચી એટલે જડ વીંચી. તેં અંદર શું વીંચ્યું? સમજાણું કાંઈ? એ જ્ઞાનને તારે બીડી નાખવું છે? જાણવાના કાર્યમાં જાણવાના કાર્યને બીડવું છે? સંકોચ કરવો છે? પરિણમન હિણું કરવું છે? શું કરવું છે તારે? 'રતિભાઈ'! ભારે વાત, ભાઈ!

કહે છે, અરે..! 'વિચલિત થાય છે તે પૂરો અચંબો છે.' હોં! ભાઈ! તારા જ્ઞાનમાં એ શરીરનો રોગ જણાય, ઇન્દ્રિયોના આકાર જણાય, ઇન્દ્રિયોની ચેષ્ટાઓ બધી જડની પર્યાય જ્ઞાનમાં જણાય. જણાય ઇ તો સમસ્ત જણાય એવો એનો ધર્મ છે. જાણવું આનો ધર્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ સિવાય ત્રીજું આ ક્યાંથી લાવ્યો? આ જણાણું મને રાગ થઈ ગયો. આ ચીજ દેખાણી એમાં મને પ્રેમ આવ્યો. દેખાણું માટે પ્રેમ આવ્યો. એ ક્યાંથી લાવ્યો? 'ભોગીભાઈ'! જુઓ! અરે...! અહીં તો કહે છે, 'પૂરો અચંબો છે.' શું કીધું? કે, આત્મા જ્ઞાનસ્વરૂપે જ્ઞાનના કાર્યમાં પર જણાય ને આ જાણે. બસ! આટલી એની મર્યાદા. એ સિવાય અરે..! આ અંગ ખુલ્લું દેખાઈ ગયું, આ ફલાણું દેખાઈ ગયું. શું છે આ? વિચલિત થઈને શું આ તે અચંબો છે તારામાં. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા તો જાણવા-દેખવાના કાર્ય કરે. એમાં તું કહે, અરે..! આ દેખાઈ ગયું.એમ વિચલિત કેમ થાય છે? ભગવાન પરમાત્મા કહે છે. 'વિચલિત થાય છે તે પૂરો અચંબો છે.' એટલે કે મિથ્યાત્વ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કીધું? જ્ઞાનસ્વરૂપ છે એ તો જાણવાનો ગુણ છે તો જાણવાનું જ કાર્ય કરે. અને જગતના જેટલા જ્ઞેય છે, શરીરથી માંડીને સ્ત્રી, કુટુંબ-પરિવાર કે આખી દુનિયા એ બધી જણાવાયોગ્ય ચીજ છે. જણાવાયોગ્ય ઉપરાંત એનામાં પરને જાણવામાં રાગ થાય એવો એનામાં ગુણ નથી. અને જાણનાર એને જાણતાં આનામાં ગુણ એવો નથી કે રાગ થાય. ત્યારે હવે આચાર્ય કહે છે કે, અરે...! વિચલિત થાય છે તે અચંબો છે, ભગવાન ! તારે માટે તેં આશ્ચર્યકારી વાત ઉત્પન્ન કરી.

ભગવાન જાણનાર-દેખનાર જાણે-દેખે, એ આખી દુનિયા જણાય ગમે તે પર્યાય હોય નહિ. અરે...! તું ચલિત કેમ થઈ જાય છે કે, આ જ્ઞાનમાં આમ કેમ જણાય? આ જણાય તો મને રાગ (થાય છે). તું વિચલિત શું (કરવા) થાય છે? શું થયું છે બડો અચંબો. આચાર્ય કહે છે કે, મોટો અચંબો તેં ઉભો કર્યો છે, ભાઈ! એ.. 'ભીખાભાઈ'! એ પરમગુરુ સર્વજ્ઞદેવ પરમગુરુ. સર્વજ્ઞદેવ પરમગુરુ. સર્વજ્ઞસ્વભાવી પરમગુરુ આત્મા. સમજાણું કાંઈ? ઓલા સર્વજ્ઞદેવ (એમ) નહિ. સર્વજ્ઞસ્વભાવી ભગવાન પરમગુરુ આત્મા. એ બધું શીખવે એવું છે એમાં. 'રતિભાઈ'! આહાહા..! એ આત્માની વાતું છે આ. ભગવાનના ઘરની ભગવાનને પહોંચાડવાની વાત છે. આહાહા..!

કહે છે, ઓહો..! 'કેવા છે અજ્ઞાની જીવો?' શુદ્ધ 'तद्वस्तु' છે ને? 'શુદ્ધ જીવદ્રવ્યની સ્થિતિ અર્થાત્ સ્વભાવની મર્યાદા, તેના અનુભવથી શૂન્ય છે બુદ્ધિ જેમની,...' એટલે? ભગવાનઆત્મા જ્ઞાનગુણના કાર્યમાં તો જાણવા-દેખવાનું કાર્ય કરે એવી વસ્તુની મર્યાદા છે. એવી શુદ્ધ સ્વભાવની મર્યાદા એની જે હદ જોઈએ કે જાણવું-દેખવું તે એની મર્યાદા, એવા અનુભવના ભાનથી તે અજ્ઞાની ખાલી છે. એની બુદ્ધિ 'એવા છે.' શું કહે છે? 'अयं बोधा' 'વિદ્યમાન છે જે ચેતનામાત્ર જીવદ્રવ્ય તે...' 'बोधा' બોધવાળો ભગવાન. જ્ઞાનસ્વરૂપ ભગવાન– 'बोधा'. જુઓ! આ 'बोधा'ની વ્યાખ્યા. સમજાણું કાંઈ? 'વિદ્યમાન જે ચેતનામાત્ર...' એનો અર્થ જ એ કર્યો. વિદ્યમાન હયાતીવાળો જાણવા-દેખવાવાળો પદાર્થ છે. એ તો એની હયાતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની જાણવા-દેખવાના સ્વભાવવાળી વસ્તુ–તત્ત્વ છે. અને ‘बोध्यात्’ ‘સમસ્ત જ્ઞેયને જાણે છે...’ જ્ઞેય. ‘बोध्यात्’ જણાવા યોગ્ય જીવને જાણે એવું તો તારું તત્ત્વ છે. તે કારણે ‘कामपि विक्रियां न यायात्’ ‘રાગ-દ્વેષ-મોહરૂપ કોઈ પણ વિક્રિયારૂપે પરિણમતું નથી.’ જાણવાયોગ્ય ચૈતન્ય ભગવાનઆત્મા જાણનાર.. જાણનાર.. જાણનાર વિદ્યમાન વિદ્યમાન હયાતીવાળો પદાર્થ, એને જણાવા યોગ્ય ‘बोध्यात्’ બધા. શરીર, વાણી, મન, કર્મ. ગુહ્ય વસ્તુ, અગુહ્ય વસ્તુ, ગુપ્ત, અગુપ્ત બધું જણાવાયોગ્ય, ભગવાનના જ્ઞાનમાં જાણવાયોગ્ય વસ્તુ એ થઈ. એમાં આ વિચલિતપણું ક્યાંથી લાવ્યો? કહે છે. સમજાણું? તે કારણે ‘कामपि विक्रियां न यायात्’ જણાવાયોગ્ય ચીજ અને જાણનારમાં ક્યાંય વિક્રિયા–રાગ થવાનો અવસર છે નહિ.

કાનમાં જ્યાં શબ્દ સાંભળે, શું થયું તને? હેં? તેં જ્ઞાન બગાડ્યું. હેં? શું કહે છે? જુઓને! ‘कामपि विक्रियां न यायात्’ એ બગડે એવું નથી અને તેં ઉભું ક્યાંથી કર્યું કે, મારું જ્ઞાન બગડી ગયું. જણાવાયોગ્ય જ્ઞેયો છે, જાણનાર ભગવાન ચૈતન્ય છે. બે વચ્ચેનો આવો નિયમ વસ્તુની સ્થિતિની મર્યાદા છે. બે વચ્ચેમાં આ જાણતાં અને એ જણાય ત્યાં રાગ થાય, દ્વેષ થઈ જાય, આ..હા.! આ દુશ્મન ખ્યાલમાં આવ્યો ને? કે, આ દુશ્મન છે તો દ્વેષ આવ્યો. એ ક્યાંથી આવ્યું? દુશ્મન જગતમાં ક્યાં છે? એ તો જ્ઞેય છે અને તું તો જ્ઞાન–જાણનાર છો, દુશ્મન ક્યાંથી ઉભું કર્યું તેં? સમજાણું કાંઈ? એમ જ્ઞાન જાણનાર છે.

આ મારો વ્હાલો દીકરો, હોં! એ ક્યાંથી આવ્યું? કહે છે. ઇ ક્યાંથી આવ્યું? ઇ તો જ્ઞેય છે, આ જ્ઞાન છે. જ્ઞાનમાં જણાય એટલું છે. આ ત્રીજું ક્યાંથી લાવ્યો કે આ મારો વ્હાલો. ઇ ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? શું હશે આમાં? અરે! ‘મહાસુખ’ આવે તો આમ થબડ-થબડ મારે પાછળથી. આહાહા..! બેટા! કહે છે કે, ક્યાંથી બેટા આવ્યો? તારા જ્ઞાનમાં એ જણાણું એ જ્ઞેય, એમાં બેટો ક્યાંથી અંદર ગરી ગયો? ‘ન્યાલભાઈ’! જ્ઞાન જાણવાનું કામ કરે. જ્ઞેય જણાવાનું કાર્ય કરે એટલે કે પ્રમેયરૂપે પરિણમે. હવે એમાં બે સિવાય આ વ્હાલો અને આ દુશ્મન એ લાવ્યો ક્યાંથી? એ તારી મિથ્યાભ્રમ બુદ્ધિમાંથી ઉભું કરેલું છે. આહાહા..! આકરી વાત છે, હોં! ‘ભીખાભાઈ’!

કેવળજ્ઞાનીને જોયા.. ધ્યાન રાખજો. જ્ઞાન જાણનાર છે, એ જણાવાયોગ્ય છે. આ મારા ભગવાન. એવો વિકલ્પ કહે છે કે, ઉભો કેમ કર્યો તેં? ક્યાંથી કર્યો? એ મારા નથી એ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ? હેં? કહે છે, ભાઈ! આ ‘बोधा’ જે છે. ‘बोधा’ એટલે જ્ઞાનનો પિંડ આત્મા છે અને ‘बोध्यात्’ ‘સમસ્ત જ્ઞેયને જાણે છે...’ એ તો સમસ્તને જાણે. એમાં આ દેવ જ્ઞેય એ મારા. વસ્તુમાં તો એવું નથી. આ ગુરુ મારા, એ ક્યાંથી લાવ્યો? કહે છે. એ..ઇ...! જરી આકરી વાત છે. આ તો હળવે હળવે ઉતારતા ઉતારતા ન્યાંજ જઈએ છીએ.

એ આ ક્રિયા, જ્ઞાનને–પોતાને ઓળખવો ઇ. ઇ બધી વાતુ, બધી વ્યવહારે વાતુ કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઇ ગુરુ એટલે આત્માને ઓળખ્યો અને જાણ્યો ત્યારે બધું જણાય. સમજાણું કાંઈ? તેં એ તો જ્ઞેય તરીકે એને જાણ્યું. મારા તરીકે નહિ. ઇ હતા તો મને જ્ઞાન થયું એમ નહિ. એ જ્ઞેય હતું તો જ્ઞાન (થયું એમ નહિ), જ્ઞાન હતું તો જ્ઞેયને જાણ્યું.

મુમુક્ષુ :– પ્રત્યક્ષ પુરાવો છે.

ઉત્તર :– પ્રત્યક્ષ પુરાવો નથી, ઇ એને કલ્પના છે. એ..ઇ...! વસ્તુ એવી છે, ભાઈ! એની અંદરમાં એને બહુ માનો વિકલ્પ આવે જુદી વાત છે. પણ આ મારા (છે) માટે મને જ્ઞાન થયું એમ ક્યાંથી આવ્યું? આટલી વાત છે. પેલો જે વિકલ્પ છે એ અસ્થિરતાનો થયો એને જ્ઞેય તરીકે જાણ્યો, એને જ્ઞેય તરીકે જાણ્યો. મારા તરીકે વિકલ્પમાં નહિ અને આ વસ્તુ મારા તરીકે એમ નહિ. એવી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ ચૈતન્યજ્યોત સૂર્ય છે એ તો ચૈતન્યની જ્યોતનો સૂર્ય સ્વરૂપ ભગવાનઆત્મા છે. જળહળજ્યોતિ જાણવા-દેખવાના કાર્ય ભગવાનઆત્મા કરે. એમાં જણાય એ એનું કામ. પ્રમેય વસ્તુ એનામાં છે. પ્રમેય છે, પ્રમાણ થવામાં પ્રમેયરૂપે નિમિત્ત છે. એ સિવાય આ પ્રમેય જાણતા મને આમ થઈ ગયું, એને લઈને મને આમ થયું, એ વિચલિત દૃષ્ટિ તેં કેમ ઉભી કરી? કહો, સમજાણું આમાં? આહાહા..! વીતરાગમાર્ગ, બાપુ! ચારે કોરથી જુઓને! અલૌકિક વાત, અલૌકિક વાત છે. તે પણ કેવી? પરમસત્યના પડખાને લેતી ઉભી થાય એવી. ક્યાંય સંદેહના સ્થાન ન મળે, આમ ચારે કોરથી જુઓ તો એક જ વસ્તુ ઉભી કરે છે.

ભગવાન! તું જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ છો ને! બધી ચીજો તારા જ્ઞાનની જ્ઞેય છે એમાં આ મારી અને આ તારી એવા ભાગ તેં ક્યાં પાડ્યા? સમજાણું કાંઈ? કહે છે, અરે..! 'સમસ્ત જ્ઞેયને જાણે છે...' તે કારણે 'कामपि विक्रियां न यायात्'. 'રાગ-દ્વેષ-મોહરૂપ કોઈ પણ વિક્રિયારૂપે પરિણમતું નથી.' જાણવાથી કંઈ વિકારરૂપે પરિણમવું એવું સ્વરૂપ આત્માનું નથી. આહાહા..! ભગવાનના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક, જગતની સ્ત્રીઓ, પુરુષોના શરીરો, પર્યાયો ક્ષણે ક્ષણે પર્યાયના કાર્યો ભગવાનના જ્ઞાનમાં તો બધું આવ્યું છે. તો જ્ઞાનમાં આવતા જાણતા એ તો જ્ઞેય અને આ જાણ્યું. એમાં વિક્રિયા ક્યાં આવી? મિથ્યાભ્રમનો એમાં એણે કરંટ ઉભો કર્યો. 'જેચંદભાઈ'! ઇ 'જેચંદભાઈ' યાદ આવ્યા એટલે.

ભગવાન! તું તો ચૈતન્યસૂર્યનો પ્રકાશ કરનારો છો. પ્રકાશમાં આ પ્રકાશે, પ્રકાશવા યોગ્ય જણાય. એમાં આ મારા અને આ તારા, આનાથી દુઃખ અને આનાથી સુખ. એવી કલ્પનાનો અવકાશ જાણવામાં નથી, જ્ઞેયમાં નથી. મિથ્યાભ્રમમાંથી ઉભો કરેલો છે. સમજાણું કાંઈ? આહાહા..! સત્‌ને તો સત્ રાખજે, કહે છે. 'શ્રીમદ્દે' કહ્યું છે, નહિ? સત્‌ને તું ફેરવીશ નહિ. સત્ તો જ્ઞાનસ્વરૂપે જાણનાર-દેખનાર જ સત્ છે અને એને બધી દુનિયા આખી લોકાલોક તે જ્ઞેય તરીકે જ છે. એમ રાખજે, આડઅવળું કરીશ નહિ. આહાહા..! હેં?

અરે..! 'રાગ-દ્વેષ-મોહરૂપ કોઈ પણ વિક્રિયારૂપે...' એટલે વિકારરૂપે 'પરિણમતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવું છે જીવદ્રવ્ય?' 'पूर्णैकाच्युतशुद्धबोधमहिमा' જુઓ! આહાહા..! ભગવાન! 'જેનો ખંડ નથી એવો,...' પૂર્ણ છે આહાહા..! એની વ્યાખ્યા કરી. ભગવાન જ્ઞાનથી પૂર્ણ છે. જ્ઞાન જાણવા-દેખવાથી પૂર્ણ છે, જ્ઞાન અખંડ છે. 'પૂર્ણ' 'જેનો ખંડ નથી એવો, સમસ્ત વિકલ્પથી રહિત,...' ભગવાનઆત્માનું જ્ઞાન તો રાગરહિત છે, ભેદરહિત છે. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. એમાં વિકલ્પથી રહિત છે. 'અનંત કાળ પર્યંત સ્વરૂપથી ચળતો નથી...' ઓહોહો..! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, ચૈતન્ય પદાર્થ પ્રભુ, અચલિત કોઈ દિ' 'અનંત કાળ પર્યંત...' પોતાના જાણવા-દેખવાના અખંડ એક સ્વભાવથી કોઈ દિ' ચળતું નથી. સમજાણું કાંઈ? એકની વ્યાખ્યા 'સમસ્ત વિકલ્પથી રહિત...' કરી. એકની વ્યાખ્યા શુદ્ધ કરી. શુદ્ધ કહો, એક કહો, રાગરહિત કહો. ભગવાનઆત્માનું જ્ઞાન એ તો એક છે, એટલે વિકારરહિત છે. અખંડ છે એટલે કે ખંડ નથી અને અચલિત છે. એકરૂપે ત્રણકાળ રહેનારું જ્ઞાન જ્ઞાન ધામ, જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. એવું અનંતકાળ રહેનારું (છે).

'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત...' અહીં જુઓ! એકમાં આમ (અર્થ) કર્યો. નહિતર તો શુદ્ધનો એક (અર્થ કરે છે) અને ક્યાંક એકનો શુદ્ધ અર્થ કરે છે. પણ અહીં બે શબ્દ પડ્યા છે ને? એક અને શુદ્ધ બે શબ્દ પડ્યા છે. એટલે એકને પેલા અનેક વિકલ્પથી ભિન્ન પાડ્યું. ત્યારે શુદ્ધ(નો અર્થ એમ કર્યો કે), 'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત...'. ભગવાનઆત્માનું જ્ઞાન.. આહાહા..! અરે...! એના સ્વરૂપના રૂપનો સ્વભાવ શું? એવું એણે કોઈ દિ' નક્કી કર્યું નહિ. કહે છે કે, પ્રભુ! તું તો એક છો ને! અને ખંડ વિનાનો છે. ભેદ પડતો નથી, રાગ વિનાનો, અનેક વિનાનો (છો). અનંતકાળ રહેવાવાળું ચૈતન્યદ્રવ્ય, ચૈતન્યદ્રવ્ય, ચૈતન્યદ્રવ્ય, ચૈતન્ય જ્ઞાયક જ્ઞાયકભાવ, ભાવ.. સમજાય છે?

'એવો જે...' 'બોધ' 'જ્ઞાનગુણ તે જ છે સર્વસ્વ જેનું,...' ભગવાનનું સર્વસ્વ જાણવું-દેખવું એકરૂપ દ્રવ્ય-ભાવ નોકર્મ રહિત એવી અખંડ ધારા જેનું આત્માનું સર્વસ્વ છે. એ આત્માનું સર્વસ્વ છે. સર્વ-સ્વ–આખું પૂર્ણ સ્વ. પોતાનું એ તત્ત્વ છે. ભારે, ભાઈ! 'રતિભાઈ'! એની તો મહિમા એટલે.. મહિમા એટલે? એ જ સર્વસ્વ એનું છે, એમ કહે છે. એની મહિમા તો એકરૂપ સદાકાળ ભાવકર્મ, દ્રવ્યકર્મ, વિકલ્પથી રહિત, શરીરથી રહિત એકરૂપ રહેવું એ જ એની મહિમા નામ એ જ એનું સર્વસ્વ નામ એ જ એની સ્થિતિ છે. સમજાણું કાંઈ? 'એવું છે.' એવો એ ભગવાનઆત્મા છે. આહા..! સમજાણું કાંઈ?

એના કાર્યમાં પણ આવું કાર્ય હોય એમ કહે છે. સદા કાળ એવો ને એવો છે. સદા કાળ ચૈતન્યદ્રવ્ય વિકલ્પ ભાવકર્મ, દ્રવ્યકર્મ રહિત એક ને અખંડ છે તો કાર્યમાં પણ એકરૂપ અખંડ ભાવકર્મરહિત એનું કાર્ય હોવું જોઈએ. જાણવું-દેખવું કાર્ય હોય, બીજું કાર્ય હોઈ શકે નહિ, એમ કહે છે. આહાહા..! 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે ને!

'દૃષ્ટાંત કહે છે–' 'ततः इतः प्रकाश्यात् दीपः इव' 'ડાબે-જમણે, ઉપર-નીચે, આગળ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાછળ...' 'प्रकाश्यात्' 'દીવાના પ્રકાશથી જોવામાં આવે છે ઘડો, કપડું ઇત્યાદિ,...' દીવો છે એ તો ચારે કોરની વસ્તુને દેખાડે, પ્રકાશે છે એટલું. દીવા ઉપર હો, હેઠે હોય, આડી હોય, આઘી હોય. દીવો પ્રકાશે છે, દીવો પ્રકાશે છે. ઉપર હોય, હેઠે હોય ચાર દિશામાં કોઈ પણ ચીજ ત્યાં (હોય) દીવો પ્રકાશે છે. બસ! એ સિવાય બીજું છે કાંઈ? અને બીજાને પ્રકાશતાં એમાં વિક્રિયા થઈ જાય છે? સમજાણું કાંઈ?

'ततः इतः' જમણું-ડાબું. જ્યાં દીવો પડ્યો છે ત્યાં આગળ. 'ઉપર-નીચે, આગળ-પાછળ દીવાના પ્રકાશથી જોવામાં આવે છે...' દીપકના પ્રકાશથી જોવામાં આવે છે 'ઘડો, કપડું ઇત્યાદિ તેના દ્વારા...' 'दीपः इव' 'જેમ દીવામાં કોઈ વિકાર ઉપજતો નથી.' દીવાનો પ્રકાશ થતાં આગળ, પાછળ ગમે તે ચીજ હોય દીવામાં કાંઈ વિકાર થતો નથી. છે વિકાર? 'જેમ દીવામાં કોઈ વિકાર ઉપજતો નથી.' તેમ દીવો તે બધા પદાર્થને કોઈ વિક્રિયા ઉપજાવે છે? તેમ એ દીવો પ્રકાશતા દીવામાં કાંઈ વિકાર છે?

'જેવી રીતે દીપક પ્રકાશસ્વરૂપ છે, ઘટ-પટાદિ અનેક વસ્તુઓને પ્રકાશે છે, પ્રકાશતો થકો જે પોતાનું પ્રકાશમાત્ર સ્વરૂપ હતું તેવું જ છે,...' દીવો પ્રકાશતાં અંધારું પ્રકાશે, કોલસા પ્રકાશે, એ તો છે એમ છે. કોલસાને પ્રકાશતા પ્રકાશ કાળો થઈ જાય છે? વિષ્ટાને પ્રકાશતા પ્રકાશ ગંધવાળો થઈ જાય છે? ઝાંખો થતો હશે? હેં? નજીકમાં કોઈને વીંછી કરડ્યો અને એમાં દીવાએ પ્રકાશ્યું તો એને લઈને કંઈ ડંખ લાગતો હશે પ્રકાશમાં? જેવી રીતે દીપક 'પ્રકાશતો થકો જે પોતાનું પ્રકાશમાન સ્વરૂપ હતું...' એ તો પ્રકાશમાત્ર સ્વરૂપ હતું. 'હતું તેવું જ છે, વિકાર તો કાંઈ જોવામાં આવતો નથી;...' દીવો પ્રકાશતા જ્યાં ઉપર-નીચે, કોલસા હેઠે આમ ચારે કોર વસ્તુ હોય (તેમને) પ્રકાશતા દીવાના પ્રકાશમાં વિકાર તો ક્યાંય દેખતો નથી, દેખાતો નથી, થતો નથી, હોતો નથી. પ્રકાશરૂપ પ્રકાશ રહે છે. કહો, આ દૃષ્ટાંત તો સમજાય છે કે નહિ?

'તેવી જ રીતે...' એ તો દૃષ્ટાંત થયો. 'જીવદ્રવ્ય જ્ઞાનસ્વરૂપ છે,...' સમજાણું? ભગવાનઆત્મા તો જ્ઞાનના પ્રકાશસ્વરૂપ છે. પેલો દીપક પ્રકાશસ્વરૂપ છે, તેમ જીવદ્રવ્ય જ્ઞાનસ્વરૂપ છે. આહા..! 'સમસ્ત જ્ઞેયને જાણે છે,...' પ્રકાશમાં અંધારું, પ્રકાશ, બધું, સોનાના ઢગલા હો, કોલસા, ગમે તે હોય પ્રકાશે છે, પેલો પ્રકાશે છે એ સિવાય એમાં કાંઈ ફેરફાર નથી. એમ ભગવાન ચૈતન્ય-દીવો લોકના મધ્યમાં રહેલો દેખાય પણ એ તો ચૈતન્ય પ્રકાશે, જગતને પ્રકાશે છે. જાણવા-દેખવાના પ્રકાશમાં જ પડેલો છે. એ પ્રકાશના અસ્તિત્વને છોડતો નથી. ઘણાને જાણે તો પ્રકાશમાં ફેરફાર થઈ જાય અને થોડાને જાણે તો થોડું (રહી જાય) એમ કાંઈ હશે? ઓહો..! માળે દૃષ્ટાંત કેવો આપ્યો છે, જુઓ!

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે, સમસ્ત, સમસ્તમાં શું બાકી રહી ગયું? જગતની બીજી ચીજ દુર્ગંધવાળી, સુગંધવાળી (હો), સુસ્પર્શવાળી, દુઃસ્પર્શવાળી, કુરૂપવાળી, સુરૂપવાળી. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો નામ આપવું છે ને! એ તો એની એ કાળની અવસ્થા છે. સમજાણું? સુરસવાળી, કુરસવાળી. શબ્દો નિંદારૂપ પરિણમતા કે પ્રશંસારૂપ પરિણમતા (હો), એ બધી ચીજો જ્ઞાનમાં પ્રકાશે છે, જ્ઞાન પ્રકાશે છે કે આ જ્ઞેય છે. એમાં બીજું આવ્યું ક્યાંથી? નિંદાના શબ્દો જ્ઞેય (છે). જ્ઞાન જાણે. એમાં આ મને નિંદા કરી એ વસ્તુ ક્યાં એમાં હતી? આ મારી નિંદા કરી છે. એટલે તું ત્યાં શબ્દમાં ગયો છો? આ મારી પ્રશંસા કરે છે. મારી એટલે અહીંથી ન્યાં શબ્દોમાં ગયો છે? તો તારી પ્રશંસા ક્યાંથી આવી? એ પ્રશંસા અને નિંદાના શબ્દો તો જ્ઞેયમાં રહ્યા છે. એ જ્ઞાનમાં આવ્યા છે? જ્ઞાનમાં આવ્યા છે? જ્ઞાન ત્યાં જ્ઞેયમાં ગયું છે? સમજાણું કાંઈ? વસ્તુ જ એવી છે, કહે છે. જાણવું-જાણવું એમાં તને વાંધો શું આવે છે? દીવો પ્રકાશે છે ગમે તે ચીજો આડીઅવળી પડી હોય એમાં દીવાના પ્રકાશને હરકત શું છે? એ તો એની સત્તાનું સ્વરૂપ જ એવું છે.

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે. સર્વવિશુદ્ધ જ્ઞાન ચૈતન્ય ભગવાન ચીજોને પ્રકાશે છે, જાણે છે. ખરેખર તો એને જાણે અને અહીંને પણ જાણે. પણ આમ જાણે છે એટલો એનો સ્વભાવ અત્યારે લેવો છે ને? એમાં જાણતાં વિકાર, રાગ-દ્વેષ આમાં ક્યાંથી આવ્યો? પ્રીતિ-અપ્રીતિના વિકલ્પો એ જ્ઞેયથી થયા કે જ્ઞાનથી થયા? બેયમાંથી કાંઈ થતા નથી. ફક્ત ભ્રમણા ઉભી કરી. એ.. મને આ થઈ ગયું, એ મને આણે નિંદા કરી, એ મને આણે પ્રશંસા કરી. મને એટલે મને. મને એટલે તું. તું એટલે ન્યાં ગયો? સમજાણું કાંઈ?

કહે છે, 'જાણતું થકું જે પોતાનું જ્ઞાનમાત્ર સ્વરૂપ હતું તેવું જ છે,...' જાણતાં જ્ઞાન, પ્રકાશરૂપ જેમ દીવો છે, તેમ છે. એમ જાણતા ભગવાનનો આત્મદીવો જાણવારૂપે છે. જાણવારૂપે છે તેમ છે. જાણવારૂપ સ્વરૂપ હતું, જાણવારૂપ સ્વરૂપ હતું. 'જ્ઞાનમાત્ર સ્વરૂપ જેવું હતું તેવું જ છે, જ્ઞેયને જાણતાં વિકાર કાંઈ નથી.' સમજાણું કાંઈ? પરપદાર્થ જાણવાયોગ્ય વસ્તુ થઈ. એને જાણતાં, જાણતાં વિકાર થઈ ગયો? એ તો પ્રકાશમાં પોતે પડ્યો છે, ચૈતન્ય તો પ્રકાશમાં રહ્યો છે. પ્રકાશવા યોગ્ય વસ્તુમાં ગયો છે? અને પ્રકાશવાયોગ્ય વસ્તુ જે જ્ઞેય છે અહીં આમાં આવી છે? સમજાણું કાંઈ? શેનો ભડકે છો કહે છે. જ્ઞાનમાં જણાવાયોગ્ય જાણતા ભડકણ કેમ આમાં ઉભું થાય છે? આ મારે જોવું નથી, આ મારે જોવું નથી. એટલે કે તારો સ્વભાવ એવો રાખવો (નથી.) એમ છે? મારે જાણવા-દેખવાનો સ્વભાવ રાખવો નથી. ત્યારે શું થવું છે તારે? એ.. 'જેચંદભાઈ'! આ બધું સમજવા જેવું છે, હોં! ઊંચી વાતું–અમૃત રેડાય છે. આહાહા..!

સ્વર્ગમાં ક્યાં હતો? આત્મા આત્મામાં પડ્યો છે. સ્વર્ગ પણ અહીં તો જ્ઞેય છે. કહે છે, ઇન્દ્રને પણ ઇન્દ્રાણિઓ તો જ્ઞેય છે. તારા જ્ઞાનમાં જણાય. ઇન્દ્રાણિઓને લઈને તને રાગ થાય છે? શું થયું છે તને? ઓહોહો..! રૂપાળા એકલા નૂર.. નૂર.. નૂર.. જહાન નથી કહેતા? શું કહેવાય? નૂરજહાન, નૂરજહાન. નૂરનો મોટો ડુંગરો. જહાનને શું કહેવાય? દુનિયાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેજ. પ્રકાશની દુનિયા તો તું છો. પ્રકાશ કરનારો. ન્યાં તો ધૂળ જડની પર્યાય હતી. બધી સુંદરતા.. આમ.. આમ.. આમ.. એક્કેએક આમ જાણે.. તે શું છે પણ? એ તો જ્ઞેય છે, જડ છે. જડની સંસ્થાનની આકૃતિપણે પરિણમેલો જ્ઞેય છે. એ તારા જ્ઞાનને વિક્રિયા કેમ કરે છે? આહાહા..!

'જ્ઞેયને જાણતાં વિકાર કાંઈ નથી. આવું વસ્તુનું સ્વરૂપ જેમને ભાસતું નથી તેઓ મિથ્યાદષ્ટિ છે.' એમ કહે છે. (વિશેષ કહેશે...) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

(શાર્દૂલવિક્રીડિત)

रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः
पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वादयात्।
दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं
विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम्।३१-२२३।।

ખંડાન્વય સહિત અર્થ :– 'नित्यं स्वभावस्पृशः ज्ञानस्य सञ्चेतनां विन्दन्ति' (नित्यं स्वभावस्पृशः) નિરંતર શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે જેમને એવા છે જે સમ્યગ્દષ્ટિ જીવો તે (ज्ञानस्य सञ्चेतनां) જ્ઞાનચેતનાને અર્થાત્ રાગ–દ્વેષ–મોહથી રહિત શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુને (विन्दन्ति) પામે છે–આસ્વાદે છે. કેવી છે જ્ઞાનચેતના ? 'स्वरसाभिषिक्तभुवनां' પોતાના આત્મિક રસથી જગતને જાણે કે સિંચન કરે છે. વળી કેવી છે ? 'चञ्चच्चिदर्चिर्मयीं' (चञ्चत्) સકળ જ્ઞેયને જાણવામાં સમર્થ એવો જે (चिदर्चिः) ચૈતન્યપ્રકાશ, તે છે (मयीं) સર્વસ્વ જેનું, એવી છે. આવી ચેતના ક્યા કારણથી છે તે કહે છે –'दूरारूढचरित्रवैभवबलात्' (दूर) અતિ ગાઢ–દઢ (आरूढ) પ્રગટ થયેલો, (चरित्र) રાગદ્વેષ અશુદ્ધ પરિણતિથી રહિત જીવનો જે ચારિત્રગુણ, તેના (वैभव) પ્રતાપના (बलात्) સામર્થ્યથી. ભાવાર્થ આમ છે કે–શુદ્ધ ચારિત્ર તથા શુદ્ધ જ્ઞાનચેતનાને એકવસ્તુપણું છે. કેવા છે સમ્યગ્દષ્ટિ જીવ ? 'रागद्वेषविभावमुक्तमहसः' (रागद्वेष) જેટલી અશુદ્ધ પરિણતિ છે તે–રૂપ જે (विभाव) જીવનો વિકારભાવ, તેનાથી (मुक्त) રહિત થયું છે (महसः) શુદ્ધ જ્ઞાન જેમનું, એવા છે. વળી કેવા છે ? 'पूर्वागामिसमस्तकर्मविकलाः'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(पूर्व) જેટલો અતીત કાળ, (आगामि) જેટલો અનાગત કાળ, તે-સંબંધી (समस्त) નાના પ્રકારના અસંખ્યાત લોકમાત્ર (कर्म) રાગાદિરૂપ અથવા સુખ-દુઃખરૂપ અશુદ્ધચેતના-વિકલ્પ, તેનાથી (विकलाः) સર્વથા રહિત છે. વળી કેવા છે ? 'तदात्वोदयात् भिन्नाः' (तदात्वोदयात्) વર્તમાન કાળમાં આવેલા ઉદયથી થયેલ છે જે શરીર, સુખ-દુઃખ, વિષયભોગસામગ્રી ઇત્યાદિ, તેનાથી (भिन्नाः) પરમ ઉદાસીન છે. ભાવાર્થ આમ છે કે-કોઈ સમ્યગ્દષ્ટિ જીવો ત્રિકાળસંબંધી કર્મની ઉદયસામગ્રીથી વિરક્ત થઈને શુદ્ધ ચેતનાને પામે છે-આસ્વાદે છે. ૩૧-૨૨૩.

---

**કારતક વદ ૬, રવિવાર તા. ૧૪-૧૧-૧૯૬૫.**
**કળશ-૨૨૩. પ્રવચન-૨૪૪-H**

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' ૩૧મો કળશ છે. ધર્મીને ધર્મ કેમ થાય? અને અધર્મ કેમ ટળે? એ અધિકાર છે. સુખસ્વરૂપ જે આત્મા, આત્મા છે એ આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ (છે). એ આનંદની પ્રાપ્તિ કેમ થાય? અને દુઃખની દશા કેમ ટળે? સમજાય છે કાંઈ? એ અધિકાર છે. અણઅભ્યાસે એને મોંઘો લાગે. કોઈ દિ' અભ્યાસ કર્યો નથી.

પોતાના જ્ઞાનમાં જેને કોઈ દિ' વિષય બનાવ્યો નથી. એટલે શું કીધું? આ આત્મા વસ્તુ છે, એના જ્ઞાનની વર્તમાન દશામાં એનો વિષય એણે બનાવ્યો નથી. બીજી રીતે કહીએ તો ધ્યાનમાં એને ધ્યેયમાં લીધું નથી. એના વર્તમાન ધ્યાનમાં પરવસ્તુ લક્ષમાં લીધી છે. શરીર, વાણી, પૈસા બહુ તો અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય તે. શુભ ને અશુભ, દયા, દાન, વ્રતાદિ શુભભાવ પાપ હિંસા આદિ અશુભભાવ, બેને એણે ધ્યાનમાં વિષય બનાવ્યો છે. ધ્યાનમાં સમજાય છે? એના લક્ષમાં બેને પુણ્ય-પાપ, રાગ-દ્વેષને વિકારને અનાદિથી બેને વિષય બનાવ્યો છે. એ વિષયનું ધ્યાન એ તો દુઃખદાયક અને પરિભ્રમણનું કારણ છે. એ તો અનંતકાળથી કરતો આવ્યો છે. એ કરે પણ એમ ને એમ છે. સાધુ થઈને પણ જેને અંદરના શુભ અને અશુભના રાગનું ધ્યાન અને લક્ષ ને ધ્યેય વર્તે છે. એ એક જ જાતના જીવ અનાદિકાળના કરે છે એ જ એ કરી રહ્યા છે. સમજાણું કાંઈ? 'જમુભાઈ'!

જેણે ધ્યેય ફેરવ્યું નથી એના ધ્યાનમાં તો અનાદિથી આ જ લક્ષ છે. આ શરીરનું કર્યું, વાણીનું કર્યું, ધંધાનું કર્યું ને આ કર્યું. આ ત્યાગી થાય તો મેં દયા પાળી ને મેં વ્રત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાળ્યા ને મેં ભક્તિ કરી ને મેં ઘણાને સમજાવ્યા. 'વલ્લભભાઈ'! એનું આખું લક્ષ ને ધ્યેય એના વર્તમાન ધ્યાનની એકાગ્રતાનું ધ્યેય તો વિકાર જ છે.

મુમુક્ષુ :– કર્યું છે બધું આત્માના હિત માટે.

ઉત્તર :– માન્યું છે હિત માટે, થયું છે અહિત.

જ્યાં ધ્યેયને ધ્યાનમાં લક્ષમાં લેવા યોગ્ય જે ચીજ છે, વર્તમાન જ્ઞાનમાં-શ્રદ્ધામાં જે આખો ભગવાન અનંત આનંદનો પિંડ પ્રભુ છે એને ધ્યેયમાં અથવા ધ્યાનમાં વિષય કરવા લાયક છે. શ્રદ્ધા-જ્ઞાનમાં એકાગ્ર થઈને એને વિષય કરવા લાયક છે. એણે અનંતકાળમાં એક સેકંડ પણ કોઈ દિ' કર્યો નથી. એથી એને એ વાત એવી લાગે કે આ શું છે આ તે? સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનું કરે તો એને ઠીક લાગે કે જે એ બધો શુભ વિકલ્પ મંદ રાગ છે અને એ મંદ રાગનું ધ્યાન છે ને ઠીક કરું છું એ અંદર મિથ્યાદષ્ટિપણું છે. સમજાણું કાંઈ?

એથી કહે છે કે, જેને આત્માનું કલ્યાણ કરવું હોય એટલે કે જેને શાશ્વત આનંદનું ધ્યેય લક્ષમાં વિષયમાં બનાવીને આનંદની પ્રાપ્તિ કરવી હોય તે જીવ કેવા હોય એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આ સંયોગો બધા અનિત્ય છે, પુણ્ય-પાપના વિકલ્પો પણ ક્ષણિક અને અનિત્ય છે. એનું ધ્યાન એટલે એમાં એકાગ્ર થવું એ અસત્યબુદ્ધિ છે એટલે કે મિથ્યાભાવ છે. એ મિથ્યાભાવનું ધ્યાન એ રાગ-દ્વેષનું જ છે. એનું ફળ તો અનંતકાળથી આ ચાર ગતિમાં રખડવું આવ્યા કરે છે.

અનાદિનો ઇ ગાંડો છે. સમજાણું કાંઈ? કીધું ને, કે આમ બાહ્યથી નિવૃત્તિ કરી લાગે, પ્રવૃત્તિ છોડી હોય પણ ભગવાનઆત્મા અંદર પૂર્ણાનંદ શુદ્ધ (છે) એને વિષયમાં લક્ષમાં ન લે અને એકલો એ પુણ્ય ને પાપ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને લક્ષમાં, ધ્યાનમાં ધ્યેયમાં લે એ પણ અહીંયાં કહે છે કે, એ ગાંડો પાગલ છે. સમજાણું કાંઈ? આહાહા..! 'રતિભાઈ'! કહે છે, જુઓ! શું કહે છે હવે?

रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः
पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वादयात्।
दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं
विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम्।३१-२२३।।

જરી વાત (સૂક્ષ્મ છે). એણે અભ્યાસ કર્યો નથી ને. એ અભ્યાસને રસ્તે ચડ્યો નથી. અનાદિનો રસ્તો એ ભૂલીને બીજે ભમી રહ્યો છે. ભગવાન આખો અંદર પરમાનંદની મૂર્તિ પડ્યો છે એના પંથે, એના લક્ષે કોઈ દિ' ગયો નથી. એથી એને આ આમ ફેરવવું, દિશા ફેરવવી એને એમ લાગે કે આ શું કહે છે? આવો ક્યો પંથ હશે આવો તે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે દિશાએ ગયો એનાથી દિશા ફેરવવાની આ વાત છે. 'વલ્લભભાઈ'! આહાહા..!

કહે છે, 'नित्यं स्वभावस्पृशः ज्ञानस्य सञ्चेतनां विन्दन्ति' ધર્મીજીવ એણે ધ્યેયને ફેરવ્યું છે. અનંતકાળનું જે ધ્યેય હતું, રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના પરિણામ અને નિમિત્તનું, સંયોગનું જે ધ્યેય હતું, લક્ષમાં એ હતું એ ધ્યેય ફેરવ્યું છે. ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ તેમાં તેણે ધ્યેયને લગાવ્યું છે. આનું નામ ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. સમજાણું કાંઈ?

'नित्यं स्वभावस्पृशः ज्ञानस्य सञ्चेतनां विन्दन्ति' 'नित्यं स्वभावस्पृशः' 'નિરંતર શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે જેમને એવા છે જે સમ્યગ્દૃષ્ટિ જીવો...' શું કહે છે? જેવો આત્મા અનાદિ સનાતન શાશ્વત વસ્તુ છે. શાશ્વત વસ્તુ છે ને? કે નવી થઈ છે? એણે અનાદિથી પુણ્ય અને પાપના રાગ ને નિમિત્તના જ ધ્યાન કર્યા છે. એ ધર્મીએ ધ્યાનના વિષયને ફેરવી નાખ્યો છે. અજ્ઞાનીના મિથ્યા અસત્ય શ્રદ્ધાના ધ્યેયમાં રાગ ને પુણ્ય ને સંયોગ જ વર્તે છે. ધર્મીના ધ્યેયમાં એટલે કે સત્યદૃષ્ટિના ધ્યેયમાં ભગવાન જ્ઞાનમૂર્તિ જ દૃષ્ટિમાં વર્તે છે. આ વળી કેવી રીતે? આમાં કરવાનું શું આવ્યું હશે? આ પૂજા કરે, ભક્તિ કરે, વ્રત પાળે, દયા, દાન કાંઈ કરે તો દેખાય પણ ખરું. ભાઈ! એ બધા વિકલ્પોની લાગણીના ભાવ છે. એ સ્વરૂપ નથી. એ શુભ કે અશુભ વૃત્તિ ઉઠે છે એ બેય વિકાર છે. એના ઉપરના લક્ષને અનાદિથી ચોંટાડ્યું છે.

જેને આત્માની ગરજ પડી છે એટલે કે ધર્મ કરીને શાંતિ મેળવવી છે એણે ધ્યેયને ફેરવી નાખ્યું છે. ઓ..હો..! હું આત્મા અનંત જ્ઞાન ને આનંદનો ભંડાર આત્મા છું. મારા આનંદના ખજાના માટે બહાર ખોલવા જેવું નથી. મારા સ્વરૂપમાં જ આનંદ છે. એવા આત્માને નિત્ય નામ નિરંતર શુદ્ધ આત્માનો સ્પર્શ એટલે અનુભવ. 'સ્પર્શ' શબ્દ પડ્યો છે ને? અનાદિથી જે વિકારના પુણ્ય-પાપને સ્પર્શીને—અડીને વેદન કરે છે એ મિથ્યાદૃષ્ટિનો મિથ્યા અનુભવ (છે). સમજાય છે કાંઈ? ભગવાન અંદર સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમણે જે આત્મા પામ્યા અને એમણે જે આત્મા આમાં જોયો એવો જે આત્મા એ તો અનંત જ્ઞાન, આનંદનો ભંડાર પ્રભુ (છે), એના લક્ષને છોડી અનાદિથી પુણ્ય ને પાપના નિમિત્તના સંગમાં-સંગમાં પડ્યો, એણે આર્ત ને રૌદ્ર ધ્યાનમાં મજા માની છે. એનું નામ અસત્યદૃષ્ટિ કહો, અધર્મદૃષ્ટિ કહો કે સંસારભાવ કહો.

જેને ધર્મ કરવો હોય એણે ધ્યેયને ફેરવી નાખ્યું છે. અરે..! હું—આત્મા એટલે હું, હું તો જ્ઞાન ને આનંદનો સાગર છું. એવો આત્મા જ્ઞાનાનંદ સત્ શાશ્વત, સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની ખાણ છું. એવી જે અંતરદૃષ્ટિ કરી છે એ નિત્ય આત્માને સ્પર્શે છે, અડે છે, અનુભવે છે. સમજાણું કાંઈ? ઇ શું હશે? આહા..!

કહે છે, નિરંતર શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા, જેમાં પુણ્ય-પાપના વિકલ્પોની વૃત્તિઓ નથી. એ વિકાર વૃત્તિઓ ઉઠે છે એ એમાં નથી. એવો આત્માનો શુદ્ધ સ્વભાવ આનંદમૂર્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પોતે (છે) એના ઉપર દૃષ્ટિ આપીને એને સ્પર્શે છે, સ્પર્શે છે એટલે વેદે છે, વેદે છે એટલે અનુભવે છે, અનુભવે છે એટલે એમાં એકાગ્ર થાય છે. જે આમ વિકારમાં અનાદિથી એકાગ્ર થતો હતો એ હવે સ્વભાવ તરફમાં એકાગ્ર થાય છે. આહાહા..! હવે આ કોણ નડતું હશે આમાં? 'ભગવાનભાઈ'! પોતે? લે! આ શરીર-બરીર ન નડે? આ ટાંગા ચાલે નહિ. ઇ કાંઈક વચમાં વિઘ્ન કરતા હશે કે નહિ? નહિ? આ તો માટી છે. એને કેમ ચાલવું, કેમ રહેવું એ તો જડની દશા છે, એ આત્માનો અધિકાર નથી. પક્ષઘાત થાય ત્યારે આમ સ્થિર થઈને પડ્યો રહે. એક હાથ પણ ઊંચો ન કરી શકે, હાથ શું આંગળી ઊંચી ન થાય. જાગતી જ્યોત અંદર ચૈતન્ય છે. એને ખબર પણ છે કે હું આ છું. આ પણ એ આ એનામાં ગમે એ ખદબદાટ વિકલ્પ કરે. આને લઈને ઊંચું થાવું કે નહિ એ એના અધિકારની વાત નથી. પણ ભગવાનઆત્મા પોતાની દૃષ્ટિને આત્મામાં લગાવે તે ઊંચ દૃષ્ટિ થઈને આનંદનો અનુભવ થયા વિના રહે નહિ. એ તો એનું કર્તવ્ય અને કરી શકે એવું છે. આનું કાંઈ કરી શકે એવું નથી. સમજાણું કાંઈ?

જુઓને! આ બાળલકવા થાય છે ને? હવે એ તો હજી બિચારા બાળક (છે). એક ટાંગો લથડે ને પછી કાંઈક રાખવું પડે ને? છોકરા એવા થાય છે ને? હેં? આમ રાખે ને આમ ચાલે. એલા પણ અંદર આત્મા છે ને! ટાંગ સરખા કર ને! બાળલકવા થાય ને? બિચારા આઠ-આઠ વર્ષના, છ-છ વર્ષના, બે-બે વર્ષના બાળક. એક પગ ખોટો પડી જાય, પાતળો પડી જાય, સરખો નહિ, એક બાજુ સરખો અને એક બાજુ પાતળો (હોય). અને એક બાજુ સરખો નહિ તો આમ વળી ઊંચો રહે, પેલો પગ વળી હેઠે અડે. એલા બાળકને આ? પણ એ તો જડની અવસ્થા છે. એ જડની અવસ્થાનું કાર્ય આત્માના અધિકારની વાત નથી. એ બધા દેહના ધર્મો છે. પણ તારો ધર્મ તો જ્ઞાન અને આનંદથી ભરેલો પરમાત્મા પોતે, એની દૃષ્ટિ આપતાં, એને લક્ષમાં લેતાં, એને આત્માની દૃષ્ટિમાં સત્ સ્વભાવ ઉપરમાં જોડાણ કરતાં, કહે છે કે નિરંતર શુદ્ધ સ્વરૂપ, એ તો પવિત્ર સ્વરૂપ છે. એનો અનુભવ– એનું વેદન થાય 'જેમને એવા છે જે સમ્યગ્દૃષ્ટિ જીવો...' એને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે. ઓહોહો..! આ શું? 'વલ્લભભાઈ'! આ તો ઘણા કહે છે, ધર્મ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ. ઢગલા એના થાય. આખા અપાસરા ભરાઈ જાય ને દેરાસર ભરાઈ જાય, લ્યો! એ..'જયંતિભાઈ'! આહાહા..!

ભગવાન! તારા સ્વરૂપની મહિમાના માહાત્મ્યમાં દૃષ્ટિ તેં કોઈ દિ' આપી નથી અને દૃષ્ટિ આપતાં શુદ્ધનો અનુભવ થયા વિના રહે નહિ. જેવો વિકારનો અનુભવ અનાદિનો છે, એવો આ સ્વભાવનો આદર કરતા સ્વભાવનો અનુભવ થયા વિના રહે નહિ. એ સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ સ્વરૂપનો અનુભવ ને સ્પર્શ ને વેદન હોય છે. અજ્ઞાનીને એ વેદન હોતું નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


'શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે જેમને એવા છે જે સમ્યગ્દૃષ્ટિ જીવો...' 'તે...' 'ज्ञानस्य सञ्चेतनां' શું કહે છે? 'રાગ-દ્વેષ-મોહ રહિત શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુને...' એટલે? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે થાય તે કર્મચેતના છે. પુણ્ય પરિણામ થાય, દયા, દાન, ભક્તિ, વ્રતના વિકલ્પ ઉઠે એ કર્મચેતના છે. રાગમાં ચેતાઈ જવું એ રાગ કર્મચેતના છે. અને એના ફળ તરીકે હર્ષ-શોકમાં ચેતાઈ જવું એ પણ વિકારી કર્મફળચેતના બંધનું કારણ છે. આ મને ઠીક, આ મને ઠીક નહિ એવા હરખ-શોકમાં વેદાઈ જવું એ કર્મફળચેતના એટલે વિકારી કાર્યનું ફળ દુઃખરૂપની એ ચેતના છે.

ના, એ અનુભવ નથી. એમ નથી કહ્યું. એ એમ કહ્યું કે, આત્મામાં જે પાપના પરિણામ કરે છે, પુણ્યના જે કરે છે એને કર્મ એટલે વિકારી કાર્યનું ચેતન કહેવાય છે અને એમાં મજા પડે છે એમ જે માને છે, હરખ ને શોક પરિણામમાં થાય છે એને દુઃખદાયક કર્મ એટલે વિકારી કાર્ય, કાર્ય એનું ફળ ત્યાં છે. એ બેય અજ્ઞાનભાવ ચેતના, અજ્ઞાનચેતના છે, એ દુઃખચેતના છે. કહો, સમજાણું આમાં?

એ 'રાગ-દ્વેષ-મોહરહિત શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુને પામે છે–' 'ज्ञानस्य सञ्चेतनां' દેખો! એ જ્ઞાનચેતના પ્રગટ કરે છે એટલે વસ્તુ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એમાં ચેતાય જાય છે એટલે એમાં એકાગ્ર થાય છે. એમાં એકાગ્ર થાય તેને જ્ઞાનચેતનાનો આનંદ અનુભવાય છે. એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યાખ્યા જ આકરી છે. કેટલાકે તો જિંદગીમાં સાંભળી ન હોય.

અહીં તો ચેતનારો વિકારને અને દુઃખના, વિકારના ફળને ચેતે કાં ચેતનારો ચૈતન્યને ચેતે. સમજાય છે કાંઈ? એ ચેતનારો ભગવાનઆત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવસન્મુખમાં આ આત્મા જ્ઞાન અને આનંદ છે તેના સ્વભાવની સન્મુખના પરિણામમાં જે વેદન થયું એને જ્ઞાનચેતનાના પરિણામ કહે છે. એ પુણ્ય ને પાપના કર્મ ને કર્મફળચેતનાથી ભિન્ન પડી ગયા છે. કહો, 'પ્રવીણભાઈ'!

બીજી રીતે કહીએ તો આ ભગવાનઆત્મા આમ જ્ઞાન ને આનંદની મૂર્તિ છે એ આસ્રવ, બંધમાં ચેતાય જાય છે. આ નવ તત્ત્વની સાથે લીધું. વળી યાદ આવ્યું, કોણે કીધું હતું નવતત્ત્વનું? 'પ્રવીણભાઈ'એ કીધું હતું, નહિ? હમણાં અંદર કીધું, નવ તત્ત્વની વાત આજે ભારે આવી. નવ તત્ત્વની ખબર ન મળે. ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદ જેનું-આત્માનું સ્વરૂપ છે એમાં અંદરમાં ચેતના એકાગ્ર થાય તો એને સંવર, નિર્જરારૂપી જ્ઞાનચેતના અને શાંતિ પ્રગટે. એ સંવર, નિર્જરા થઈ કહેવાય. સમજાણું? સંવર, નિર્જરા એટલે આમ હાથ જોડીને બેસે, પચ્ચખાણ કર્યા એમ નહિ. એ.. 'ભગવાનભાઈ'! હેં? એવા તો પોષા ને પડિકમણા કેટલા કર્યા? હેં? એમ નહિ.

ભગવાનઆત્મા આમ જ્ઞાનનો સૂર્ય છે, અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા છે. વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એમાં આનંદ અને જ્ઞાનના માપ શા? જે વસ્તુ છે એના જ્ઞાન અને આનંદની હદ ને મર્યાદા શી? સ્વભાવ એકલો જ્ઞાન અને આનંદથી અચિંત્ય અનંત અમાપથી ભરેલો પદાર્થ છે. એવા આત્માને ધ્યેય કરીને શ્રદ્ધામાં લઈને જે વેદન થાય એ જ્ઞાનનું વેદન નામ સંવર ને નિર્જરા નામ શુદ્ધ જ્ઞાનચેતના થઈ કહેવાય, એને ધર્મ થયો કહેવાય, એનું નામ અધર્મનો એણે નાશ કર્યો એમ કહેવાય.

ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદને ધ્યેયમાં છોડી દઈને એકલા પુણ્ય અને પાપના ભાવમાં ધ્યેય કરીને પડે એને કર્મચેતના અથવા કર્મફળ એટલે આસ્રવ ને બંધભાવનું વેદન થયું. આસ્રવ એટલે જે પરિણામે નવા કર્મ આવે એવા પુણ્ય અને પાપ. એનું એને વેદન થયું. એનું નામ અધર્મચેતના કહો કે કર્મચેતના કહો. 'રતિભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ?

હું સામાયિક કરું એવો વિકલ્પ ઉઠ્યો. સામાયિક-બામાયિક ક્યાં છે વસ્તુના ભાન વિના? એ વિકલ્પ જે ઉઠ્યો એ આસ્રવતત્ત્વ છે. એમાં ચેતાઈ જવું એ કર્મચેતના છે, એકાગ્ર થવું તે અધર્મચેતના છે. વિકૃતભાવને કર્મચેતના કહો કે અધર્મચેતના કહો. એણે તત્ત્વ ઉભું કર્યું, આસ્રવ અને બંધ તત્ત્વ ઉભું કર્યું. ચૈતન્યતત્ત્વની સામું જોઈને અંતરમાં એકાગ્ર થઈને જ્ઞાન અને શાંતિનું તત્ત્વ જે સંચેતના જ્ઞાનની થવી જોઈએ એ કરી નહિ. અને એ કરે, અંદરમાં જ્ઞાનાનંદમૂર્તિ હું છું એવું ભાન કરીને સંચેતન થાય તો એ સંવર, નિર્જરાની જ્ઞાનચેતના, શુદ્ધચેતના, આનંદચેતના, અધર્મના અભાવવાળી ધર્મચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાતેય ક્યાંય સાંભળી ન હોય, લ્યો! હેં? આહાહા..! આ તો હજી નવ તત્ત્વની અંદરની વાતની વાતું ચાલે છે. નવમાં શું બાકી રહે? એ... 'વલ્લભભાઈ'! આહાહા..!

કહે છે, એ 'રાગ-દ્વેષ-મોહથી રહિત શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ...' દેખો! એ વસ્તુ. શુદ્ધ જ્ઞાનમાત્ર જે ભગવાનઆત્મા અથવા જે નિર્મળ પર્યાય એવી વસ્તુને તે પ્રાપ્ત કરે છે અથવા 'આસ્વાદે છે.' જુઓ! એમ ભાષા કરી છે ને? 'विन्दन्ति' એટલે એકલું જાણવું એમ નહિ. જેમ અનાદિકાળથી પુણ્ય ને પાપના રાગના ફળને આમ જાણે છે એ એકલું જાણવું નથી ભેગું દુઃખનું વેદન છે. સમજાણું? ભગવાન જ્ઞાનમૂર્તિ આનંદસ્વરૂપને આડ મારી આમ પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભના ભાવ ને એના ફળમાં જે આમ લીન થાય છે એ એકલું દુઃખરૂપ વેદન છે. એકલું જાણવું (થાય છે) એમ નહિ, એ દુઃખરૂપ વેદન છે. આહા..! એ ભગવાનઆત્મા પોતાનો ધિંગધણિ સ્વભાવ આખો પૂર્ણાનંદ પ્રભુ પોતે પૂર્ણ ઇદમ્ આત્મા, એની અંતર દૃષ્ટિ મૂકીને જે એકાગ્રતા થાય તેને અહીંયાં જ્ઞાનનું વેદન અથવા 'विन्दन्ति' એ જ્ઞાનથી જાણે એટલે કે જ્ઞાનના વેદનમાં આનંદને વેદે. એને આસ્વાદે એવા અર્થમાં કહેવામાં આવ્યું. એ આત્માને આસ્વાદે છે. એ આત્માનો સ્વાદ લ્યે છે. લે! આહાહા..!

અનાદિથી શરીર, સ્ત્રી, કુટુંબ, બૈરાં, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના જે પરિણામ થાય છે એ પરિણામનો આસ્વાદ છે, સ્વાદ છે. પણ એ ઝેર જેવો દુઃખદાયક સ્વાદ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આકુળતાનો દુઃખદાયક સ્વાદ છે. માને છે કે મને મજા છે એમ માને છે. સમજાણું? હરખ સનેપાતમાં હોય તો દુઃખી, પણ માળો બહુ દાંત કાઢે. બળ વધારે જાણે હાથનો ઝાલ્યો ન રહે. હેં..હેં..હેં.. ખડખડ (હસે). જોડેવાળા જાણે કે હમણા હવે બે-ચાર કલાકે ઠરી જશે. આ હરખસનેપાત ઉપડ્યો. એમ આત્માના જ્ઞાન ને આનંદના સ્વરૂપના ભાન વિના પરપદાર્થના લક્ષે હરખ અને શોકના જે દાંત કાઢે છે અને હરખ-શોકમાં જે વેદાય જાય છે એ દુઃખી છે, એ દુઃખી છે પણ ખડખડ દાંત કાઢે છે એ એને હરખસનેપાત વળગ્યો છે. આહા..! શું છે? 'જેચંદભાઈ'! આહાહા..! અરે..! ભગવાન!

આમ પાંચ લાખ મળ્યા ને લાપશીના આંધણ કરો. એવો જે વિકલ્પ ઉઠ્યો છે... સમજાય છે? એ ઝેરના વેદનમાં પડ્યો છે. આહાહા..! અને દયા, દાન, ભક્તિ, વ્રતના કાંઈક શુભભાવ થયા.. આહાહા..! એવા ભાવમાં એકાકાર વેદાય જાય છે એ હરખ માને છે એ હરખ સનેપાત એને વળગ્યો છે. મિથ્યાશ્રદ્ધાનો એને સનેપાત વળગ્યો છે. આહાહા..!

તમે દાખલા નથી જોયા? અમે તો એકેએક દાખલા નજરે જોયેલા છે, હોં! ઘણા વર્ષ (પહેલાની) વાત હતી. એક ફેરી 'લીંબડા' બહાર ઉતર્યા હતા. એ ૩૨ વર્ષનો જુવાન, એને સનેપાત થયેલો. આ 'લીંબડા' છે ને? 'લીંબડા'. આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે. દીક્ષા લઈને ગયા હતા, ડેલા સામે ઉતર્યા હતા. રાત્રે સનેપાત (ઉપડ્યો). ઝાલ્યો રહે નહિ જુવાન, હોં! અને ખડખડ દાંત કાઢે. માણસો ભેગા થઈને (કહે) અરેરે..! સવાર નહિ નીકળે, સવાર નહિ નીકળે. ઇ દાંત કાઢે. એમ ભગવાન સર્વજ્ઞ અને સંતોએ આમ જોયું કે અરે..! આ જીવ ક્યાં હરખને માને છે? સમજાણું કાંઈ? અરે..! આ કઈ વૃત્તિઓમાં રોકાઈને હરખ ને હોંશું કરી રહ્યો છે? એ હરખ ને હોંશું કરે પણ થોડા વખતમાં સમાઈ જશે, ગતિ બદલીને હલકી ગતિમાં ચાલ્યો જશે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ શેની વાત કરી? રોગીની વાત કરી. આ રોગી છે.

એ 'આત્મભ્રાંતી સમ રોગ નહિ અને સદ્ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ અનાદિ સંત, મહંત જેને આરાધી રહ્યા છે. સંત, મહંત જેની સેવા કરી રહ્યા છે. એવો ભગવાનઆત્મા એને મૂકીને પુણ્ય ને પાપમાં હરખમાં વેદન છે એ રોગ ને ભ્રાંતિ છે. એ ભ્રાંતિ સમ કોઈ રોગ નથી. જડના રોગ તો પુણ્યને કારણે મટી પણ જાય. આ રોગ–ભ્રાંતિ તો સ્વભાવના ભાન વિના ટળે એવી નથી. આહાહા..!

એને રસ્તાની સૂઝ પડતી નથી એને. હવે આમાં ક્યાંકથી બીજાથી વધવામાં રોકાઈ ગયો. 'પ્રવીણભાઈ'! બીજાને પચાસ હજારની પેદાશ, મારે ચાલીસ હજારની. મારે જરી દસ હજાર વધારી દઉં પછી પચાસ-સાંઈઠ હજાર થાય, વળી પાછો પેલો લાખ પેદા કરે એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પચાસ હજારની ખાધ પાડે. વળી ન્યાં વળગ્યો. ચોંટ્યો પાછો ન્યાં. એ એની મમતામાં દોરની માપ એ લાવતો જ નથી. કેમકે અમાપ ચીજ ભગવાનઆત્માએ ગુલાંટ ખાધી તો તૃષ્ણા એની અનંતી વધી ગઈ છે. અનંત અમાપ ચૈતન્યનો સ્વભાવ જેનો ભગવાનઆત્મા ભંડારથી ભરેલો બેહદ, એ આમ તૃષ્ણાના વિકલ્પમાં ગયો તો એને અનંત બનાવી દીધી છે. ક્યાંય એની હદ એને આવતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ સાધુ થયો, ત્યાગી થયો, મુનિ થયો પણ તૃષ્ણા–વિકલ્પની તૃષ્ણામાં તણાઈ ગયો. સમજાણું? એ રાગના વિકલ્પના પ્રવાહમાં ઇ તણાણો. ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ, એમાં અંદર ડૂબકી મારવાનો અવસર મળ્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ઘણાને તો એમ થાય, શાસ્ત્રમાં દાખલો આપ્યો છે ને? ધોબીનો, ધોબીનો. ધોબી હતો એ સવારમાં બસોએક લૂગડાં લઈ ધોવા ગયો. સમજાણું? એમાં સવારનો ઉઠેલો અને સારા બાજરાના રોટલા ઊના ઊના ફળફળતા અને લસણનું શાક ને લસણનો મસાલો. બે રોટલા ચડાવ્યા, અડદની દાળ અને મસાલો ખાધો. બસો કપડા લઈને ધોવા ગયો. પાણીમાં ગયો, પાણીમાં પથરો હોય ને? આટલું પાણી હોય ત્યાં ધોવા જાય ને? આઠ-દસ-પંદર કપડા ધોયા ત્યાં તૃષા લાગી. તૃષા લાગી કરવું શું? આ આટલા પોણા બસો કપડા બાકી (છે). લાવને પાંચ ધોઈ લઉં, લાવને પાંચ ધોઈ લઉં, પાણી પછી પીશ. લાવને દસ ધોઈ લઉં, લાવને પંદર ધોઈ લઉં, લાવને પાંચ ધોઈ લઉં. ધોતા.. ધોતા.. ધોતા એટલી ચક્કર લાગીને (ભરી ગયો). ઇ કાંઈ કાંઠે ન બેઠા હોય. ધોનાર તો આટલું પાણી હોય ત્યાં (જાય). હિસ્સો-હિસ્સો કરે ને? 'ઉમરાળા'માં પહેલા કરતા. નાની ઉંમરમાં સાંભળતા. ઓલા ભાવસાર આ બાજુ હતી અને પેલી બાજુ, બેય બાજુ હતી. 'ભાવસાર'ની કુંડીઓ બેય બાજુ હતી. હિસ્સો.. હિસ્સો.. હિસ્સો રામ એવી કાંઈક ભાષા હતી. એવી તૃષા લાગી ને સૂતો, પાણી પીને મર્યો. પીધું ખરું.

એમ આને પછી કરશું, પછી કરશું, આજે કાંઈક છે, પણ પછી.. પછી પછીમાં આંખ વીંચાઈ ગઈ, આયુષ્ય પૂરું થયું ને ગયો ચોરાશીના બૂડમાં, તાણમાં. થોડી વાર, હજી થોડી વાર (છે), ક્યાં આપણને ....? થોડું આ કરી લ્યે, થોડું આ કરી લ્યે, આ છોડીને પરણાવી દઈએ, છોકરાને સરાડે ચડાવી દઈએ, દુકાન સરાડે થઈ જાય. એક ત્રીસ લાખનું આ નાખ્યું છે એ સરાડે ચડી જાય, પહેલાંનું ચડી ગયું છે. આ હવે સરાડે ચડી જાય. પણ ક્યાં સુધી તારે સરાડે રાખવું છે? એ..ઇ...! 'કિરીટ'! શું આ દાખલો આવ્યો? તારા ભાઈનો દાખલો આવ્યો. પેલો કહે, આટલું કરી લઉં, આટલું કરી લઉં. ભગવાન! આ સાધુ નામ ધરાવીને આટલું સંઘનું કરી દઉં, આટલા દેરાસર કરી દઉં.. આટલા શિષ્ય કરું. ધૂળમાંય પણ સાંભળ તો ખરો, આ અંદર રહી જાય છે એનું શું કરવું છે તારે હવે? જેનું સાધન કરવું તે રહી ગયું અને વગર સાધનના સાધન કરીને બેઠો. આહાહા..! 'રતિભાઈ'! એમ હશે કે નહિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ? સંસારવાળાને તો ભારે આકરા કામ હશે. હોં! નામ રહી ગયું અહીં, પોતે રહ્યો ક્યાંક. આહાહા..!

કહે છે, આવા જીવો જે છે એ જ્ઞાનચેતનાને ચેતી શકતા નથી અને જે આત્માના સ્વભાવનું ભાન અને દૃષ્ટિ કરી છે એણે અંતરમાં રાગ-દ્વેષથી નિવૃત્તિ મેળવી છે. એને સ્વભાવ ઉપર દૃષ્ટિ અને આત્માના સ્વાદને આસ્વાદે છે. 'કેવી છે જ્ઞાનચેતના?' 'स्वरसाभिषिक्तभुवनां' 'પોતાના આત્મિક રસથી જગતને જાણે કે સિંચન કરે છે.' એટલે શું કહે છે? કે, જ્ઞાનપ્રભુ આત્મા એ જ્ઞાનનો સૂર્ય પ્રભુઆત્મા છે. ચૈતન્યસૂર્ય. ચૈતન્યજ્ઞાનનો સૂર્ય ભગવાન, એનું અંતર સન્મુખનું વેદન થતાં એ જ્ઞાન પ્રગટ્યું તે બધાને જાણવાની તાકાતવાળું છે. શું કહે છે? કેવું (છે) જ્ઞાન? 'પોતાના આત્મિક રસથી...' પોતાના જ્ઞાનના ભાનથી 'જગતને જાણે કે સિંચન કરે છે.' એટલે આખા જગતને જાણે અભિષેક કરતી હોય એટલે બધા જગતને જાણતી જ્ઞાનચેતના હોય, એવી જ્ઞાનચેતના પ્રગટ થઈ છે. 'શશીભાઈ'!

હું જ્ઞાન, એમ આનંદનું ભાન થઈને જ્ઞાનભાવ પ્રગટ્યો, કહે છે આખા જગતને સીંચે છે એટલે આખા જગતને જાણે છે. કરવું નથી કોઈનું અને જાણ્યા વિના રહેવું નથી એકેયનું. સમજાણું કાંઈ? એ સમ્યક્ આત્માનું ભાન થતાં જ્ઞાનમય આત્મા છું એમ જાણ્યું. એ જ્ઞાનની દશા હવે કોઈ જગતને જાણ્યા વિના રહે (નહિ). કર્યા વિના કાંઈ નહિ, પરનું કરવાનું કાંઈ નહિ. જેમ જગતને બધાને કરું એમ માન્યતામાં માન્યું હતું, ભલે થોડું કરે પણ માન્યતા તો એમ હતી કે બધાનું કરી દઉં, બધાનું કરી દઉં. એકનું શું દુનિયાનું, નાતનું, સંઘનું, કુટુંબનું, નેતાઓ (કહે) દેશનું કરી દઉં. ધૂળનુંય કરી શકતો નથી. એ જ્ઞાન ગુલાંટ ખાય છે કે, એ બધા થાય તેને હું જાણનારો છું. એવી એની શક્તિનો વિકાસ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ દુકાને બેઠો હોય તો કહે છે, જગતને જ્ઞાનથી સીંચે છે. એટલે કે જે જે ક્રિયા અને રાગાદિ થાય તેને જાણનાર.. જાણનાર.. જાણનાર અનુભવે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'પોતાના આત્મિક રસથી...' 'स्वरसाभिषिक्त' છે ને? સ્વ નામ પોતાનો આત્મરસ એટલે જ્ઞાન. જ્ઞાનનું ભાન-હું જ્ઞાતા છું, હું તો જગતનો જાણનાર-દેખનાર છું. જગતનો સાક્ષી છું. હું જગતનો રચનાર નથી. જગત શબ્દે શરીર, વાણી, મન, પુણ્ય-પાપના રાગ એ બધા જગતનો હું જાણનાર છું, તેનો રચનાર નથી. આહાહા..! એમ જ્ઞાને જગતને સીંચ્યું. એટલે કે આખા જગતને જ્ઞાનમાં જ્ઞેય તરીકે બનાવ્યું. બસ! કર્તા-ફર્તા પછી જ્ઞાની રહેતો નથી. આ મેં કર્યું ને આ મેં કર્યું એ જ્ઞાનીને હોતું નથી. ધર્મીને એ અભિમાન હોતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'चञ्चच्चिदर्चिर्मयीं' કેવી છે જ્ઞાનચેતના? એટલે શું કહ્યું? કે, ભગવાનઆત્મા વસ્તુ તરીકે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત જ્ઞાન અને આનંદનો કંદ છે એવી અંતરમાં સમ્યગ્દષ્ટિ જ્યાં પ્રગટી, સત્યદષ્ટિ, સત્ય સ્વરૂપ છે તેવી દષ્ટિ (પ્રગટી), એથી તેવું તેનું સમ્યગ્જ્ઞાન–ચૈતન્યસ્વરૂપ છું, આનંદ છું એવું જ્ઞાન. એ જ્ઞાનચેતના જગતના બધાના ભાવને જાણનાર તરીકે ચેતના કામ કરે છે. એને જગતને સીંચે છે એમ કહેવામાં આવે છે. આહા..! 'વલ્લભદાસભાઈ'! 'મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ.' સન્મુખ. આહાહા..!

ભગવાનઆત્મા! એ તારી મહિમા રાગથી પાર પડે નહિ, બોલ્યે પૂરા પડે નહિ. એવો ચિદાનંદ પ્રભુઆત્મા, એનું અંતર ભાન, શ્રદ્ધા-જ્ઞાન કરતાં એ જ્ઞાન એવી દશા પ્રગટી કે સારા જગતને હવે જાણવા તરીકે કામ કરે. કરવા તરીકેની બુદ્ધિ ઊડી ગઈ. મેં કર્યું, મેં કર્યું... એમ જે મિથ્યાશ્રદ્ધામાં હતું એ સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનમાં એ વાત ઊડી ગઈ. આહાહા..!

આ કરે છે. કરવું શું? આમ એમાં થાય છે. આહાહા..! સવારથી સાંજ સુધી અનાદિથી કરતો હતો શું? રાગ અને દ્વેષ ને એ મારા, એ અજ્ઞાનભાવ ચોવીસે કલાક કરે છે. બીજું કાંઈ હરામ એક સળી પણ ફેરવે એ હરામ વાત છે. સમજાણું? એ ચોવીસ કલાક શું કરે છે? અને ચોવીસ કલાક એવા અનંતા ચોવીસ કલાક. એણે અનંતા ચોવીસ કલાકમાં શું કર્યું છે? એ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, શુભાશુભભાવ એ હું એવી વૃત્તિ અને એ પરિણામ, બસ! આ એણે કર્યું છે. એ સિવાય હરામ કોઈ ફોતરું પણ ફેરવ્યું હોય તો એણે.

બસ! આ વૃત્તિઓ. બીજું કર્યું છે શું એણે? દુકાનને કરી શકતો હશે? દુકાનના ધંધા સરખા (કરતો હશે)? કેમ હશે, 'શાંતિભાઈ'? કટલેરી-બટલેરી, છોકરાનું ધ્યાન રાખે. એ રાગ-દ્વેષનો ખદબદાટ કરો એ તો એને કારણે થવું હોય ઇ થાય. ભારે વાત, ભાઈ! ચોવીસ કલાકની ધારાથી લ્યો તો અનંતકાળ એમ ને એમ રહ્યા તો એણે કર્યું છે શું? સ્વરૂપને ભૂલીને રાગ ને દ્વેષ મારા એવી એક જ વૃત્તિ કરી છે. બીજી રીતે કહીએ તો મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ (કર્યા છે). આ જ નિરંતર સમયે સમયે પ્રવાહે અખંડ ધારાએ એ કામ કર્યું છે. એમાં એણે ત્રુટ પડવા દીધી નથી. બસ! હવે દષ્ટિ ગુલાંટ ખાય છે.

અરે..! હું તો આત્મા છું અને આત્મા એટલે કે જ્ઞાનનો સમુદ્ર ભગવાન. આત્મા એટલે કે અતીન્દ્રિય આનંદની મૂર્તિ, આત્મા એટલે કે અનંત શાંતિનો સાગર. એવી અંતરમાં પ્રતીતમાં જ્ઞાનમાં જ્ઞેયને બનાવી, જ્ઞાનમાં જ્ઞેય બનાવીને ભાન થયું કે હવે એ જ્ઞાન કરે શું ત્યારે? ચોવીસ કલાક કરે શું હવે? પૂછે છે ને આ? કે, ચોવીસ કલાક એ જાણે-દેખે, જાણે-દેખે, જાણે-દેખવાના કામ કરે. 'જમુભાઈ'! શું હશે આમાં?

આ બાયડી શું કરતી હશે ન્યાં ચોવીસ કલાક ઘરમાં? રાગ ને દ્વેષ. આ કર્યું ને આ કર્યું, આને ન આવડ્યું ને મને આવડ્યું, આણે કર્યું ને આ કર્યું, આ મેં સુધાર્યું, મારા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવ્યા પછી આ સુધર્યું, આના પછી આ બગડ્યું. ભેગી (થઈને) વાતું કરે તો આ કર્યા કરે. વાત જડની છે. હેં? રાગ ને દ્વેષ, પુણ્ય-પાપની વિકલ્પની ઝાળ ઊભી કરી આમ કર્યું ને તેમ કર્યું, મારો જેઠ આવો ને મને સાચવે નહિ, મારો દિયર આવો મને સાચવે, ધણી વળી ઠીક (છે) એટલે આમ કરે. આખો દિ' રાગ-દ્વેષની હોળી સળગાવે. કાં આ રાંધતા આવડ્યું, અમારું મહેમાનનું ઘર એટલે બધી સગવડતા જોઈએ, આમ થયું, ફલાણું લાવ્યા, ઓણ ઘરે આ લાવ્યા હતા. ઘરનું રાશ ખાયણી ને દસ્તો લાવ્યા, ફલાણું તાવડી મોટી લાવ્યા, આ તો પેલો શિરો કરવાનું શું કહેવાય? તવો લઈ આવ્યા. ઘરના ઠામ (લાવ્યા). આવી વાતું મૂઢની. એવા એના વિકલ્પની ધારા, રાગ ને દ્વેષની ધારામાં આમ ને આમ અનાદિથી ચાલ્યો જાય છે. ચોવીસ કલાક કરે છે શું ઇ? હેં? આ જ.

બસ! હવે દૃષ્ટિ ફરે છે. અરે..! એ રાગ ને દ્વેષના વિકલ્પ જેટલો હું છું? એ હું છું? હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છું. મારો સ્વભાવ તો સચ્ચિદાનંદ મૂર્તિ પ્રભુ આત્મા છે એવી અંતર દૃષ્ટિના અનુભવમાં હવે ચોવીસ કલાક કરવું શું એને? 'પ્રેમચંદભાઈ' પૂછે છે. એ જાણવા-દેખવાની પરિણતિની ધારા કર્યા કરે છે. આહાહા..!

કોની સાથે ભ્રમણા? મડદા સાથે? મડદા સાથે સગાઈ કરી ને હવે બે વર્ષે પરણશું. મૂંઢ છો. મડદું છે, સાંભળને! સમજાણું કાંઈ? મોઢું રૂપાળું ને એક મડદાને દેખાડ્યું હોય, સારું રૂપાળું દાગીના-બાગીના પથરાવીને. આની સાથે સગપણ કર્યું છે. બહુ સારુ. લગ્ન કે દિ' થશે? છ મહિને. કોની સાથે પણ? મડદા સાથે? એમ આ જડ શરીર, વાણી, બાયડી, છોકરા પર મડદા (છે), તારું ચૈતન્યનું તત્ત્વ ત્યાં નથી. અને પુણ્ય ને પાપના ભાવ મડદા વિકાર (છે) એની સાથે સગાઈ બાંધી? અને હવે એના લગ્ન કરશું. કોની સાથે? મરી ગયેલા વિકારીભાવની સાથે સગાઈ? આહાહા..!

ભગવાન! આ તો જાગતી જ્યોત ચૈતન્ય સાથે હવે સગાઈ કરી. હું આત્મા જ્ઞાનાનંદનો સાગર ભગવાન આનંદમૂર્તિ (છું), એની જ્યાં દૃષ્ટિ કરી તો સગાઈ એણે કરી. હવે જાણતા.. જાણતા.. જાણતા.. જાણતા કેવળજ્ઞાન થયે એના લગ્ન પૂરા થઈ જશે. એનું કેવળજ્ઞાન પૂરું થઈ જશે, પરમાત્મા થશે અને તેની મુક્તિ થશે. સમજાણું કાંઈ? આહાહા..! અરે...! એની દશાની દિશાની ખબરું ન મળે. એક માણસને ગોતવા જાય પણ ક્યાંક એની દિશા સાંભળે, ખોંખારો સાંભળે, ક્યાંક હશે કે નહિ? ભેંસ ખોવાઈ જાય તો ગોતવી ક્યાં? કેની કોર ગઈ? કોણ લઈ ગયું? કાંઈક સાદ, સ્વાદ શું કહેવાય? અવાજ આવે, કોઈક સમાચાર આપે કે, બે ભેંસ પેલી કોર આઘે ભાળી છે. છ ગાઉ છેટે હતી, દોડી દોડી જાતી હતી. પણ આમ જાતી હતી, તમે આમ જાઓ છે, ઇ આમ જાતી હતી. એવાં કાંઈક શું કહેવાય ઇ...? સગડ.. સગડ. હા, ઇ ભાષા. એવો સગડ મળે તો દિશા ગોતે. એમ એલા આત્મા ક્યાં છે? કેવો છે? સગડ ન મળે એને. હેં? ચાલી નીકળ્યો, પુણ્ય ને પાપ ને ક્રિયાકાંડ ને બાહ્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્રિયામાં ગોતવા. એલા ન્યાં ભગવાનઆત્મા નથી. 'વલ્લભદાસભાઈ'!

મુમુક્ષુ :– ભગવાને બતાવ્યું.

ઉત્તર :– શું બતાવે? ભગવાન કહે છે, તું આત્મા (છો). એમ ભગવાને બતાવ્યું. ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરે કહ્યું, પ્રભુ! આ તારે ગોતવો હોય તો જ્ઞાનાનંદ આત્મામાં ગોત. આ રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ ને શરીરમાં સગડ નહિ મળે. આહાહા..! સમજાણું કાંઈ?

'કહે છે, 'चञ्चच्चिदर्चिर्मयीं' કેવી છે જ્ઞાનચેતના? એટલે? આત્મા જ્ઞાનસ્વરૂપ એવું ભાન થયું એ આનંદસ્વરૂપ એવી પ્રતીત થઈ, અરે..! શાંતિનો અંશ પ્રગટ થયો, અરે...! રાગ ને પરનો અકર્તા એવું ભાન થયું એ જ્ઞાન 'સકળ જ્ઞેયને જાણવામાં સમર્થ...' 'चञ्चत्'ની વ્યાખ્યા કરી. પ્રકાશ, દીપાયમાન. સકળ જ્ઞેયને જાણવામાં દૈદિપ્યમાન. એ જાણનાર-દેખનાર પર્યાય એવી થઈ. સકળ જ્ઞેયને દેખનાર દૈદિપ્યમાન. જાણનાર-દેખનાર ભગવાનઆત્મા જાણનાર-દેખનાર. આકુળતા વિના, રાગના અવલંબન વિના, ચૈતન્યના અવલંબને પ્રગટેલી પર્યાય દૈદિપ્યમાન જ્ઞાન શોભતું સકળ જ્ઞેયને જાણવામાં શોભાવાળું (છે).'

'चिदर्चिः.. चिदर्चिः' ચિદ્.. ચિદ્. એ દર્શન ને જ્ઞાનનો પિંડ ચૈતન્યપિંડ પ્રભુ, એની અર્ચિ – એ પ્રકાશ છે. એ ભગવાન તો ચૈતન્યનો પ્રકાશ છે. આત્મા દર્શન-જ્ઞાનનો પિંડ છે. 'चिदर्चिः' છે, એ તો 'चिदर्चिः' છે. ન્યાં રાગ ને પુણ્યના કિરણો ફાટે એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? જેમાં પુણ્ય ને પાપની વૃત્તિઓ, વિકલ્પ ઉઠે એ વસ્તુ નથી. એતો 'चिदर्चिः' છે. ચૈતન્યના તેજ જેમાં પડ્યા છે. જેમાં જ્ઞાન અને દર્શનના નૂર પડ્યા છે. આહાહા..! આવો આત્મા એણે સાંભળ્યો નથી. 'શાંતિભાઈ'! એણે સાંભળ્યો નથી.

ઘરમાં કાંઈ ન હોય તો છોકરો પરણે તો મોટી વાતું કરે બાયું. 'થાળ ભર્યો રે સજ મોતી' ઘરમાં એકેય મોતી ન હોય. એની મમતાના માપ ન મળે, ભાઈ! એની મમતાના માપ ન મળે એટલે મમતાના માપે એને 'થાળ ભર્યો મોતીએ' એ ગાણા ગવરાવે. એમ ભગવાનની સમતાના માપ ન મળે. એ ગાણા ગાય છે, હું પૂર્ણાનંદ આત્મા છું. થાળ ભર્યો, અનંત ગુણથી ભર્યો મારો આત્મા છે. સમજાણું કાંઈ! 'શાંતિભાઈ'! બાયું ગાય કે નહિ? ઘરમાં એકેય સાચો મોતી ન હોય, હોં! પાંચ હજારનું, દસ હજારનું એકેય મોતી ન હોય. 'થાળ ભર્યો રે સજ મોતી.' .. મોટો થાળ, એમાં ભરતાં ભરતાં .... આવી. .... પાંચ, ચાર, ત્રણ, બે અને એક. સજ કરે. હરામ એકેય મોતી નથી ને સજ ક્યાંથી આવી આ? બાપા! એમ કહે કે, તારી તૃષ્ણાના માપ નથી. એ તૃષ્ણાના માપ આ તારા ગાણા ગવરાવે છે.

એમ આત્માની શ્રદ્ધા ને જ્ઞાન થયા એના સ્વભાવના માપ નથી. એના ગાણા ગાતું જ્ઞાન, હું તો ચિદ્ઘન, જ્ઞાન ને દર્શનનો અર્ચિ નામ પ્રકાશના કિરણો થાય એ આત્મા છું. મારામાં રાગ-દ્વેષ થાય ને વિકાર થાય એવી મારી ચીજ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પણ કોઈ દિ' ખબર ન મળે ને. હેં? પોણોસો વર્ષે બહુ સાંભળ્યું છે, સાચી વાત છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બેય વેવાઈયુ ઠીક છે ને, એણે પણ બીજું સાંભળ્યું હતું. હેં? ઇ પહેલા પણ ભડકતા, હોં! થોડા થોડા આવે ખરા, પૂર્વના પ્રેમને લઈને. આ શું? અહીં તો ક્રિયાકાંડ કાંઈ નહિ. પોષા, પડિકમણા (કરવાનું) તો કોઈ કહેતું નથી. હવે પોષો, પડિકમણો કોને કહેવો એ એણે સાંભળ્યું નથી. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપની અંતર દૃષ્ટિ ને જ્ઞાન (થઈ) એમાં એકાકાર થવું એનું નામ પોષો કહેવામાં આવે છે. પોષા, અપવાસ કરીને લાંઘણું કરીને બેસે એને પોષા કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'પ્રવીણભાઈ'! કેવી વાતું છે આ? હેં?

કહે છે, અ..હો...! શું કહે છે? કેવી છે જ્ઞાનચેતના? જ્ઞાનચેતના, હોં! 'સકળ જ્ઞેયને જાણવામાં સમર્થ...' અને चिदर्चिः' છે, એ તો ચેતનનો પ્રકાશ છે અને 'સર્વસ્વ જેનું...' એ જ છે. સર્વસ્વ. જાણવું-દેખવું એ જ જેનું સર્વસ્વ છે. આત્માની શ્રદ્ધા-જ્ઞાન સાચા થયા તો એના જ્ઞાનની પર્યાયમાં સર્વ બધાને જાણવું એ જ એનું સર્વસ્વ છે. રાગનો વિકલ્પ કરવો એ પણ એના જ્ઞાનમાં નથી. સમજાણું કાંઈ? 'સર્વસ્વ જેનું, એવી છે.' જ્ઞાનચેતના. એવો ભગવાનઆત્મા પોતાના જ્ઞાનમાં, ચૈતન્યસ્વભાવમાં ચેતતો, જાગતો જે પર્યાયે પ્રગટ થયો તે પર્યાય કેવો છે? કે, બધું સર્વસ્વ જાણવું-દેખવું એ જ એનું બધું છે. હવે પછી રાગાદિ આવે એ એનું છે જ નહિ. સંસાર છે, સમ્યગ્દૃષ્ટિ છે, હજી પૂર્ણ ન થયો હોય, રાગ આવે વિકલ્પ હોય પણ એ એની ચીજ જ નથી. એમ કહે છે. સમકિતી રાજપાટમાં પડ્યો હોય. છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં સમકિતી દેખાય. 'જમુભાઈ'! પણ જેનું સર્વસ્વ જ્ઞાન ને જાણવું એમાં સમાઈ જાય છે. એ રાગ ને સ્ત્રીઓ એમાં છે ઇ માનતો નથી. મારામાં કાંઈ નથી. બાયડી, છોકરા નથી ને રાગ થાય એ મારા સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યની બાદશાહીની ગાદીએ બેઠો. એ તો ચૈતન્યના પ્રકાશના નૂરને પ્રકાશતો સર્વસ્વ પ્રકાશે છે એ જ એનું સર્વસ્વ છે.

---

## કારતક વદ ૭, સોમવાર તા. ૧૫-૧૧-૧૯૬૫.
## કળશ-૨૨૩, ૨૨૪ પ્રવચન-૨૪૪-I

'કળશટીકા' ૩૧ મો (કળશ) છે. ભાવાર્થ જુઓ, શું કહે છે? આ ચારિત્રગુણની વ્યાખ્યા છે. આમ જ્ઞાનચેતનાની વ્યાખ્યા છે, સાથે ચારિત્ર – એ જ્ઞાનચેતનાની ઉગ્રતા સ્થિરતા એ ચારિત્ર છે એમ અહીંયાં સિદ્ધ કરવું છે. શું કહ્યું? જુઓ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'ભાવાર્થ આમ છે કે–શુદ્ધ ચારિત્ર તથા શુદ્ધ જ્ઞાનચેતનાને એકવસ્તુપણું છે.' એ શું કીધું? આ આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વભાવ આનંદમૂર્તિ એનું જ્ઞાન જ્ઞાનમાં ચેતાય અંતર જ્ઞાનમાં એકાગ્ર થાય. અનાદિથી પુણ્ય-પાપ ને રાગના વિકારમાં એકાગ્ર છે એ આત્માના ચૈતન્ય સ્વભાવમાં જે જ્ઞાન એકાગ્ર થાય એને જ્ઞાનચેતના કહે છે. એ સમ્યગ્દર્શનમાં જ જ્ઞાનચેતના હોય છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાયકમૂર્તિ ચૈતન્યવસ્તુ એની અંતર્મુખ થઈને જે પ્રતીત થઈ કે આ આત્મા શુદ્ધ અને આનંદ છે એની સાથે જ્ઞાનમાં જે ચેતના એટલે જ્ઞાન એકાગ્ર થયું એને અહીંયાં જ્ઞાનચેતના કહે છે. કહો, સમજાય છે કાંઈ? એ જ્ઞાનચેતનામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપના આચરણનો અંશ ત્રણે ભેગો આવે છે. કહો, સમજાણું આમાં? વસ્તુ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, કર્મ, શરીર રહિત ધ્રુવ ચૈતન્યવસ્તુની અંતર્મુખ દૃષ્ટિ થતાં જે જ્ઞાનમાં જ્ઞાનનું વેદન જ્ઞાનમાં એકાગ્રતાનું થાય એની સાથે પ્રતીત અને શાંતિનું વેદન થાય, એ ત્રણ મળીને એને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જ્ઞાનચેતના એટલે આત્મા વસ્તુ એમાં જ્ઞાન અંતર્મુખ વળીને એકાગ્ર થયું એને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? 'જમુભાઈ'! આ શું? જ્ઞાનચેતના. ધર્મ કરવો એમાં જ્ઞાનચેતનાનું શું કામ હશે?

મુમુક્ષુ :– ત્યાંથી તો ધર્મની શરૂઆત થાય છે.

ઉત્તર :– ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. ભાઈ! આત્મા અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય અનંત જ્ઞાન, અતીન્દ્રિય અનંત દર્શન, અતીન્દ્રિય અનંત વીર્ય–બળ એવું અનંત ચતુષ્ટયનું મુખ્યપણે સ્વરૂપ અને સાથે બીજા અનંત ગુણ (છે), એવો જે આત્મા એનામાં સન્મુખ થઈને, સ્વભાવની સન્મુખ થઈને જે શ્રદ્ધા-જ્ઞાનની એકાગ્રતા અને સ્થિરતા થઈ એને અહીંયાં જ્ઞાનચેતનાથી જ્ઞાનની મુખ્યતાથી કથન કર્યું છે. એ જ્ઞાનચેતના ઉગ્રપણે અંદરમાં સ્થિર થાય, જ્ઞાતામાં–જ્ઞાનમાં એકાગ્ર ખૂબ થાય એને ચારિત્ર કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ઘર છોડવું નહિ.

ઉત્તર :– ઘરબાર ક્યાં અંદર ગર્યા હતા? ઘરબારનું લક્ષ છૂટી ગયું અને રાગની રુચિ છૂટી ગઈ. પુણ્ય-પાપના વિકલ્પો, એનો પ્રેમ, રુચિ એકાગ્રતા છૂટી. સ્વભાવ આખો સાગર ચેતનામાં એકાગ્ર થયો. આ એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. હવે ચારિત્ર એટલે શું? એ અહીં કહે છે.

'શુદ્ધ ચારિત્ર તથા શુદ્ધ જ્ઞાનચેતનાને એકવસ્તુપણું છે.' એટલે શું? ચારિત્ર એટલે આત્મા જે જ્ઞાનસ્વરૂપ અંતર્મુખ થઈને જ્ઞાનની એકાગ્રતા કરી એમાં વિશેષ અંતર્મુખ થઈને જ્ઞાનમાં સ્થિરતા કરી એ સ્થિરતા એ ચારિત્રનું બળ અને વૈભવ કહેવામાં આવે છે. એ જ્ઞાનચેતના જ છે. કેમકે એમાં કર્મચેતના નામ પુણ્ય અને પાપના ભાવ અને હરખ-શોકનો કર્મફળભાવ એનાથી છૂટીને જ્ઞાનમાં એકાગ્ર થયો હતો એથી એ જ્ઞાનચેતના કીધી. હવે અસ્થિરતા જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતી એ વિશેષ સ્થિરતામાં એકાગ્ર થયો. અસ્થિરતા ગઈ અને સ્થિરતા થઈ. એ જ્ઞાનચેતના અને ચારિત્ર બેય એક કહેવામાં આવે છે. સ્થિરતા વધી. સમજાણું કાંઈ? જે જ્ઞાને, વર્તમાન જ્ઞાનની દશાએ જે વસ્તુમાં એકાગ્રતા કરી હતી એથી એણે વિશેષ એકાગ્રતા એમાં કરી. જુઓને! 'અતિ ગાઢ-દઢ...' માથે શબ્દ પડ્યો છે કે નહિ? 'અતિ ગાઢ-દઢ પ્રગટ થયેલો, રાગદ્વેષ અશુદ્ધ પરિણતિથી રહિત જીવનો જે ચારિત્રગુણ, તેના પ્રતાપના સામર્થ્યથી...' જ્ઞાનચેતના નિર્મળ પ્રગટ થઈ. 'આવી ચેતના ક્યા કારણથી છે તે કહે છે–' એમ કહ્યું ને? ભારે પણ ક્રિયા કેવી આપી! આ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. આ લૂગડાં છોડીને નગ્ન થયો એ ચારિત્ર નહિ, એમ કહે છે. એમ એમાં પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે છે એ ચારિત્ર નહિ.

મુનિનું ચારિત્ર એને કહે છે કે, વસ્તુ ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનઘન ચારિત્રનો પિંડ આત્મા આનંદકંદ છે. એ બધા ગુણો છે કે નહિ? એમાં જે એકાગ્ર થયો એનું નામ સમ્યક્ ચેતના–જ્ઞાનચેતના (છે). એટલે? પુણ્ય-પાપમાં ચેતાતો હતો, દયા, દાન, વિકલ્પમાં એકાગ્ર થતો એ કર્મચેતના હતી. એમાં હરખ, શોક માનતો એ કર્મફળચેતના (હતી). કર્મ એટલે જડની અહીં વાત નથી. કાર્ય, કાર્ય વિકારનું કાર્ય એ કર્મચેતના. એ કાર્યનું વેદન એ કર્મફળચેતના.

મુમુક્ષુ :– નવા માણસો છે.

ઉત્તર :– નવા તો કાંઈ નથી. આ તો ઘણીવાર આવી ગયેલા છે. નહિ? નવા હોય, કો'ક નવા માણસ હોય. સમજાણું આમાં?

વસ્તુમાં, વસ્તુ જે આત્મા–પદાર્થ ભગવાન છે એનું સ્વસન્મુખના પરિણામ ન હોય ત્યારે પરસન્મુખના પરિણામ, પુણ્ય અને પાપના, શુભ ને અશુભના અને હરખ-શોકના હોય છે. એનું નામ કર્મ નામ વિકારી કાર્યનું એકાકાર ચેતાઈ જવું અને એમાં હરખ-શોકનું વેદન (થાય) એ કર્મફળચેતના. એ બંધનું કારણ છે. એ બંધનું કારણ છે, એ આત્માના ધર્મની પર્યાયને રોકનાર છે. કહો, સમજાણું આમાં?

કહે છે, શુદ્ધ ચારિત્ર એટલે આત્મા... છે તો ચારિત્ર શાંતિ એનામાં ત્રિકાળી ગુણ, પણ એમાં ઠર્યો અને શાંતિ જે વિશેષ પ્રગટી એ ચારિત્ર શુદ્ધ અને જ્ઞાનચેતના બે વસ્તુ એક જ છે. એક એટલે જેવો પુણ્ય-પાપથી હટીને સ્વભાવનું જ્યાં જ્ઞાન-દર્શન કર્યું એવું પુણ્ય-પાપની અસ્થિરતાથી ખસીને સ્વભાવમાં સ્થિર થયો. એ જ્ઞાનચેતના અને શુદ્ધચારિત્ર બે વસ્તુ તો એક જ છે. એક ઉગ્રતા થઈ પણ જ્ઞાનચેતનાની ઉગ્રતા થઈ. ભારે વાત આકરી. હવે આને બહારથી કલ્પવું.. હેં?

મુમુક્ષુ :– મેળ ખાય નહિ.

ઉત્તર :– મેળ ખાય નહિ કાંઈ. બહારની ચીજ છે એ તો જડ શરીર (છે). હવે એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ તકરાર કરે, લ્યો! શરીરની ક્રિયા જડ.... એવું કાંઈક ખૂબ આવે છે, કાંઈક છે ખરું. જડની ક્રિયા કહે છે, ફલાણા જડની ક્રિયા કહે છે. અરે...! ભગવાન! પણ શાસ્ત્રકાર જુઓ (શું કહે છે)? બંધના કારણ પાંચ કહ્યા. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એમાં ક્યાંય જડને કીધો છે? એ પાંચમાં શરીરની ક્રિયા બંધનું કારણ કહ્યું છે? ભાઈ! તું શાંત થઈને જો તો ખરો. એમ ને એમ ચાલ્યો જાય એમાં શું થાય?

આત્મા પોતાના સ્વભાવથી વિપરીત માન્યતા, સ્વભાવથી વિપરીત અસ્થિરતા (કરે છે). એ અસ્થિરતાના પ્રકાર–અવ્રત, પ્રમાદ, કષાય અને કંપન. હવે એ પાંચ પ્રકારના બંધનનો પર્યાય છે. એ સિવાય કોઈ જડનો પર્યાય બંધનનું કારણ છે. એમ છ પ્રકાર નથી કહ્યા. પાંચ બંધના કારણ કહ્યા. હવે એણે છઠ્ઠું ઉઠાવ્યું. કીધું નથી એણે પેલામાં? ચરણાનુયોગમાં. શરીર આમ અડે એનાથી બંધ થાય, એ છઠ્ઠું (કારણ) છે. શરીર અડે ને? જીવ મરી જાય એ શરીરની ક્રિયા થઈને? એ પણ બંધનું કારણ. અરે...! ભગવાન!

બંધના કારણ તો પાંચ છે. વસ્તુસ્વરૂપ છે એ અબંધ છે. વસ્તુ અબંધ મુક્તસ્વરૂપ છે. વસ્તુ તો મુક્તસ્વરૂપ જ છે. એનાથી ઉલ્ટી માન્યતા–હું બંધરૂપ છું, રાગરૂપ છું (એ) મિથ્યાત્વ (છે). એમાં અસ્થિરતા એ અવ્રત. એનો ભાગ ખસીને થોડો પછી રહે એ પ્રમાદ. એ બધા એક સમયના પાંચ પ્રકારના પરિણામ (છે). એક સમયના, હોં! મિથ્યાત્વ જાય તોપણ એક સમયમાં (જાય). પછી ચાર (રહે). એવો જે વિકારી પરિણામ એ બંધનું કારણ (છે). ભગવાનઆત્માનો આશ્રય અબંધનું કારણ. 'છોટાભાઈ'! એમાં છઠ્ઠું શરીરની ક્રિયા બંધનું કારણ ક્યાં આવ્યું?

મુમુક્ષુ :– કર્મનો ઉદય આવ્યો ને?

ઉત્તર :– એ કર્મનો ઉદય આવ્યો એના ઘરમાં ગયો અને જડની ક્રિયા હાલે-ચાલે એ જડમાં ગઈ. કારણ ક્યાં આવ્યું પણ ઇ? પાંચ બંધના કારણમાં છઠ્ઠું આવતું નથી. મોક્ષના કારણમાં કહો તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ. ત્યાં કોઈ ઉદયભાવ મોક્ષનું કારણ છે એમ આવે છે? આવે છે પેલું ક્ષાયિકક્રિયામાં. એ નાખ્યું છે. અરે...! ભગવાન! તારી બલિહારી છે ને, બાપા! આહાહા..! ભાઈ! એ વસ્તુ છે ને? એમાં ઉલ્ટા પરિણામ અને સુલ્ટા પરિણામની રમત છે. બીજી ચીજ તો જડ, એનું પરિણમન સ્વતંત્ર (થાય છે). શરીર, વાણી, કર્મ બધું સ્વતંત્ર છે. 'ધર્મચંદજી'! આહાહા..!

કહે છે કે, તું આત્મા છો ને! ભાઈ! અને આત્માના બંધનો ભાવ એના સ્વભાવમાં તો નથી. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ કાંઈ સ્વરૂપમાં નથી. નવી ઉત્પન્ન કરેલી એક સમયની કૃત્રિમ વિકાર દશા. એનો પ્રેમ અને રુચિ છોડીને જ્ઞાયક સ્વરૂપ પ્રત્યેની દૃષ્ટિ અને રુચિ કરી, સમ્યક્ અનુભવ કર્યો કે આ આત્મા પૂર્ણાનંદ છે એવી શ્રદ્ધા અને એવું જ્ઞાનનું ચેતવું થયું એમાં સ્થિરતા થઈ તેને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. એ બંધના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અબંધન પરિણામ છે. એ જ્ઞાનચેતના એ અબંધ પરિણામ છે. એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ કહો કે જ્ઞાનચેતના કહો, બેય એક જ વાત છે. સમજાણું કાંઈ? આરે..! એના રસ્તા પણ ખ્યાલમાં ન લ્યે ને રસ્તે જાવું (તો) ક્યાં જાવું એણે? સમજાણું કાંઈ?

અરે..! અનંતકાળથી રખડે છે. અરે..! એની એને દયા નહિ. ભાઈ! અહીંથી આંખ્યું બંધ થઈ ગઈ... આ બધા વિચારની ધારાના ક્ષયોપશમભાવ આદિ અહીં જે મળ્યા એ બીજે ન હોય, હોં! એવા. અને એ વખતે જો આ કામ યથાર્થપણે ન કર્યું, ક્યાંય માર્ગ નીકળે એવો રસ્તો નથી. સમજાણું કાંઈ? આ પોતાને માટેની વાત છે. આ કાંઈ કોઈની માટેની વાત નથી. એને પોતે ભગવાનઆત્મા આખીચીજ છે એને લક્ષમાં ન લીધી અને ઉલ્ટા પરિણામને લક્ષમાં લઈને એણે માન્યું કે, હું કાંઈક ધર્મ કરું છું. એ તો અનંતકાળથી કરતો જ આવે છે. એ તો નિગોદથી માંડીને એ કરે જ છે. હવે ઇ કરે છે એમાં છૂટવાના રસ્તા ક્યાં? ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન! એ અંતર્મુખમાં ભગવાન આખો પડ્યો છે ને! એને અંતર્મુખના પરિણામે એકાગ્ર થવું એને અહીંયાં જ્ઞાનચેતના કહો, અબંધ પરિણામ કહો, મોક્ષના માર્ગની શરૂઆત કહો કે એને ધર્મ કહો. આહાહા..! એમ એણે પ્રથમ શ્રદ્ધામાં લેવું જોઈએ. સમજાણું કાંઈ? એટલે કહે છે કે, એ જે જ્ઞાનચેતના સ્વભાવસન્મુખ થઈને થઈ એને જ્ઞાનચેતના કહો કે એને ચારિત્રની શુદ્ધિ કહો, એ વિશેષ જ્ઞાનચેતનાનું એકાગ્રતામાં ચારિત્ર થયું. બે જ્ઞાનચેતનાનો જ ભાગ છે, કોઈ બીજો ભાગ નથી. સમજાણું કાંઈ? અરે...! આ ચારિત્ર વિના એના મહાવ્રતના વિકલ્પને વ્યવહાર ચારિત્રનો પણ આરોપ આપનાર કોણ? હેં? ભાઈ! ચારિત્ર તો પૂજ્ય છે, ભગવાન છે, પરમેશ્વર કેવળજ્ઞાનને ચારિત્ર બોલાવે છે. તાકાત ચારિત્રની છે, પણ એ ચારિત્ર કયું?

એ ચૈતન્યપ્રભુ અંતરમાં એકાગ્રતાની ઉગ્રતાને પામે, એકાગ્રતાની ઉગ્રતાને પામે એ ચારિત્ર વૈભવ છે. એ મોક્ષના કારણનો ભાવ છે. એ ચારિત્રગુણ ને શુદ્ધજ્ઞાનચેતના એક જ વસ્તુ છે. કહો, સમજાણું આમાં? વળી ચારિત્ર કાંઈક જુદું હશે અને જ્ઞાનચેતના જુદી હશે? ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં સન્મુખ થઈને ઠરે એ જ્ઞાનચેતના અને એને જ શુદ્ધ ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ આમાં? પહેલું હજી જ્ઞાન જ ન કરે એને આ સમજણ ન થાય અને સમજણ વિના રુચિ સાચી ક્યાંથી થાય? અને રુચિ વિના ઠરવું ક્યાં એની ખબર કેમ પડે એને? સમજાણું કાંઈ? અને આ વાદવિવાદનો વિષય જ નથી. હેં?

'રુચિ અનુયાયી વીર્ય', 'ચરણ ધારા સધે' આવે છે ને? 'ગોપાળદાસભાઈ'! આમ રુચિ અનાદિથી પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, વિકલ્પ ને શરીર, વાણી ને મન જડ આદિ બધું એ રુચિના મોટા લાંબા પૂંછડા એના. જે રુચિ એને મિથ્યાત્વની દુઃખદાયક છે. એ રુચિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(છોડી) ભગવાનની રુચિ કરે હું ચૈતન્યુ છું, જ્ઞાયક છું, શુદ્ધ પરમબ્રહ્મ આનંદસ્વરૂપ છું. એવી વસ્તુની રુચિ, એની દૃષ્ટિ, એનું પરિણમન, એની જ્ઞાનની એકાગ્રતા, એમાં સ્થિરતા એ બધું જ્ઞાનની એકાગ્રતા–સંચેતન એને ચારિત્ર કહેવામાં આવે છે.

'કેવા છે સમ્યગ્દૃષ્ટિ જીવ?' 'रागद्वेषविभावमुक्तमहसः' 'જેટલી અશુદ્ધ પરિણતિ છે...' જુઓ! અહીં ચારિત્ર લેવું છે ને? જ્ઞાનચેતના ભગવાન જ્ઞાનઆત્મા પોતામાં જ્ઞાનમાં જ્ઞાન લીન થયું, જ્ઞાનમાં જ્ઞાન સમજીને સમાણું. સમજાણું? 'જેટલી અશુદ્ધ પરિણતિ...' પુણ્ય-પાપના વિકલ્પો, 'તે-રૂપ જે...' 'વિભાવ' 'જીવનો વિકારભાવ, તેનાથી રહિત થયું છે...' સમ્યગ્દૃષ્ટિ જીવ ચારિત્રમાં એ પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત થયો એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. પણ એ સમ્યગ, દૃષ્ટિ લઈને લીધી છે. સમ્યગ્દૃષ્ટિ જ એ છે કે, વસ્તુનું ભાન, પ્રતીત, અનુભવ થયો. હવે એ જેટલા પ્રમાણમાં સ્વરૂપમાં સ્થિર થયો છે એ બધી અશુદ્ધ પુણ્ય-પાપના રાગની પરિણતિથી હટીને ઠર્યો છે, એને જોડે રાખીને એની મદદથી ઠરતો નથી. ભારે વાત! આહાહા..! સમજાણું?

'જીવનો વિકારભાવ, તેનાથી રહિત થયું છે, શુદ્ધ જ્ઞાન જેમનું, એવા છે.' કેવા છે સમ્યગ્દૃષ્ટિ જીવ? કે પોતાના શુદ્ધ સ્વરૂપની શુદ્ધ દૃષ્ટિ થઈ છે, જ્ઞાનનું–જ્ઞાનનું જ્ઞાન પ્રગટ્યું છે અને શુદ્ધતાની સ્થિરતા વધી છે. એ થઈ એટલે શું થયું છે? કે જેટલા પુણ્યના વિકલ્પો, અશુદ્ધ પરિણતિ હતી એનાથી રહિત થયા એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! કેટલાક કહે, પણ આવી વાત? પણ બાપુ! એણે ધર્મ કરવો છે કે શું કરવું છે? બીજું તો થાય છે, ભાઈ! એ રાગાદિ મંદતા પણ હોય તો છે પણ હવે ત્યાં ને ત્યાં તું અટકીને પડીશ તો હવે નિકળવાના આરા કે દિ'? સમજાણું કાંઈ?

એણે શ્રદ્ધામાં અવકાશ દેવો જોઈએ કે, અહો..! પર તરફની વૃત્તિ ઉઠે છે એ બધું બંધનું કારણ છે. એ વિનાની આખી ચીજ વસ્તુ છે, ઇ લઈ શકે છે, શ્રદ્ધા-જ્ઞાનમાં લઈ શકે છે, કરી શકવાની તાકાત છે. પણ એ આમ ના પાડે છે. એ.. અમને સૂઝ પડતી નથી. હેં? નકાર કરે છે. એનો સ્વભાવમાં સ્થિર થવાનો હકાર જોઈએ. હું કરી શકવાની તાકાતવાળો અનંત વીર્ય મારામાં છે અને તે પણ અનંત જ્ઞાનને રચે એવું વીર્ય છે, અનંત આનંદને રચે એવું વીર્ય છે, અનંત શ્રદ્ધાને પરમઅવગાઢને રચે એવું એ વીર્ય છે. આહા..! સમજાણું? અને પરમ યથાખ્યાત પૂર્ણ સ્થિરતા જે જોઈએ એને રચે એવું મારું વીર્ય છે. એને એ ભરોંસો ન આવે. ઇ ભરોંસો લાવવા માટે તો આ વાત છે. સમજાણું કાંઈ? એવો ભગવાન તું છો, ભાઈ! એ તારામાં જરીયે ખોડખાપણ ઉણપ નથી એવો તું પૂરો છો. તું બધાને પૂરો પડ એવો વિકારનો નાશ કરવાની તાકાતવાળો તું છો. વિકારને રાખવું એ તારા સ્વભાવમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ? વિકારને ઉત્પન્ન કરવું એવું સ્વભાવમાં નથી અને વિકારને ઉત્પન્ન કરીને રાખવું એવું સ્વભાવમાં નથી. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભગવાન જ્ઞાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં તો એની શ્રદ્ધા-જ્ઞાન થઈને એનામાં ઠરવાની તાકાત છે. સમજાણું? એ ઠરવું એને અહીંયાં ચારિત્રનો વૈભવ અને એને ચારિત્ર કહેવામાં આવે છે. એ સમ્યગ્દષ્ટિનું ચારિત્ર (છે). .. સાથે લીધું. પહેલા જ્ઞાન લીધું, સમ્યગ્દષ્ટિ લીધો, અશુદ્ધ પરિણતિરહિત એ ચારિત્ર લીધું. આહા..!

એક ચાર હાથ, છ હાથ લાંબી ઇયળ હોય, લાંબી ઇયળો થાય છે ને? એના ઉપર આમ પથરો પડે તો આમ સળવળ સળવળ કરીને નિકળવા માગે. હોં! નહિ? આવી લાકડી માથે પડી જાય. લાંબી ઇયળો થાય છે, હોં! જાણે સર્પનું સાપોલિયું હોય એવું નહિ પણ એવી એક ઝીણી પાતળી લાંબી આવે છે. એના ઉપર આમ લાકડું પડી ગયું, પથરો પડી ગયો તો આટલો ભાગ આમ દબાઈ જાય. સળવળ સળવળ કરીને નિકળવા માગે. એમ કહે છે, ભાઈ! તું પુણ્ય-પાપની એકત્વબુદ્ધિના બંધમાં સલવાઈ ગયો છો, હોં! એમાંથી છૂટવાનો કોઈ માર્ગ તારામાં છે. સમજાણું કાંઈ? એનો ભરોંસો વિશ્વાસ તો કર. ઓ..હો..! આ પ્રભુ આત્મા પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરે અને પૂર્ણ સ્વરૂપને રચે એવી તાકાતવાળું મારું તત્ત્વ છે. કોઈ વિકલ્પ ને પર્યાયમાં એ વાત નથી. એ વસ્તુમાં એ તાકાત છે.

અશુદ્ધ જે પરિણતિ વિકાર તેનાથી રહિત (થયું છે) 'શુદ્ધ જ્ઞાન જેમનું,...' જેનું શુદ્ધ જ્ઞાન છે. જેનું છે ને? 'શુદ્ધ જ્ઞાન જેમનું,...' જેનું શુદ્ધ જ્ઞાન છે. સમ્યગ્દષ્ટિનું રાગ પુણ્ય-પાપ રહિત જેટલું જ્ઞાન થયું એનું નામ ચારિત્ર કહેવાય અને એનું નામ શુદ્ધ જ્ઞાન કહેવાય છે. 'વળી કેવા છે?' 'पूर्वागामिसमस्तकर्मविकला:' 'જેટલો અતીત કાળ...' ભૂતકાળના. 'જેટલો અનાગત કાળ,...' ભવિષ્યકાળના પુણ્ય-પાપના ભાવ આદિ. અને 'નાના પ્રકારના અસંખ્યાત લોકપ્રમાણ રાગાદિરૂપ અથવા સુખ-દુઃખરૂપ અશુદ્ધચેતનાવિકલ્પ,...' ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થતાં, જ્ઞાન થતાં, સ્થિરતા થતાં ગયા કાળના પુણ્ય-પાપ, વર્તમાનના અને ભવિષ્યના બધાથી રહિત થયેલું શુદ્ધપણે પરિણમવું એનું નામ ચારિત્ર કહેવાય છે. જુઓ!

'અશુદ્ધચેતનાવિકલ્પ, તેનાથી સર્વથા રહિત છે.' આ છેલ્લી ગાથાઓમાં ચારિત્રની વ્યાખ્યા છે ને? ઇ ચારિત્ર જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં વિશેષ સ્થિરતા થવી એ ચારિત્ર. એ સ્થિરતામાં ભૂતકાળના પુણ્ય-પાપ, વર્તમાન અને ભવિષ્યના એ બધાથી રહિત એકસ્વરૂપ સ્થિરતા (થાય) એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. એ ગયા કાળનું પડિકમણું, વર્તમાનકાળનો સંવર અને આવતા કાળના પચખાણ (ઇ છે). એટલે એનો અર્થ શું? કે, આ આત્મા ચૈતન્ય વીતરાગમૂર્તિ પ્રભુ આત્મામાં દૃષ્ટિ કરીને ઠર્યો એને ગયા કાળનું પડિકમણું થઈ ગયું, શુભાશુભ પરિણામનું પ્રતિક્રમણ થઈ ગયું. વર્તમાનમાં ઠર્યો એને પુણ્ય-પાપનો વર્તમાનમાં સંવર થઈ ગયો અને ભવિષ્યમાં એ પુણ્ય-પાપ થવાના નથી એનું અહીંયાં પચખાણ થઈ ગયું. આમ તો કેટલી વાર ગોખ્યા છે? 'ભગવાનભાઈ'! ગયા કાળનું પડિકમણું, વર્તમાન કાળનો સંવર, આવતા કાળના પચખાણ. એ બધી આત્માની જ્ઞાનમાં રમણતારૂપ શુદ્ધ ચેતના, શુદ્ધ ચારિત્ર એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયના અપેક્ષાના ત્રણ પ્રકારે નામ પાડ્યા છે. સમજાણું કાંઈ?

શુદ્ધ ચૈતન્યદ્રવ્ય અંતરમાં દૃષ્ટિમાં લઈને જ્ઞાને જ્ઞેય બનાવીને જે જ્ઞાનચેતના વર્તમાનમાં સ્થિર થઈ એને ગયા કાળનું પડિકમણું થઈ ગયું, વર્તમાનનો સંવર થઈ ગયો અને ભાવિનું પચખાણ થઈ ગયું. એક દશામાં ત્રણ નામ અપેક્ષાએ આપવામાં આવ્યા છે. 'વલ્લભદાસભાઈ'! ગયા કાળનું પડિકમણું ને ઘણું બધું કરાવ્યું હશે. ખોટું સમજ્યા માટે સાચું સમજવામાં કામ આવતું હશે એમ હશે? કહો, સમજાણું આમાં? આહા..!

કાંટા કાંકરે બે-ચાર ગાઉ માર્ગ ચાલ્યા હોય અને દસના ટાણા થઈ ગયા હોય અને એમાં માર્ગ નિકળે કે, એલા આ રસ્તો નહિ બીજો (છે). 'ન્યાલભાઈ'! માંડ ચાર ગાઉ ચાલ્યા હોય અને સાડા નવે પહોંચશું એમ નક્કી થઈ ગયું હોય. કારણ કે સાડા દસે રોટલા ખાવા છે. એમાં જ્યાં એક માઈલ કાઢ્યું (અને પૂછ્યું) કે આ ગામ (છે)? ના, ના. ત્યારે? એ તો પાછળ રહી ગયું. રસ્તો ભૂલ્યા. એલા! ટાણા ગયા, રોટલાના ટાણા ગયા, આ મહેનત ગઈ, શું થયું પણ આ? આહાહા..! એમ રાગ ને પુણ્ય કરી, કરી, કરીને રસ્તા કાપ્યા જાણે કાંઈક. ચાલીને ખૂબ ચાલ્યો. રાગની મંદતા, રાગની મંદતા, દયા, દાન, વ્રત, ભક્તિ કરી કરીને (ભરી ગયો). એલા! આ માર્ગ નહિ. 'ન્યાલભાઈ'! આહાહા..! એ રાગથી (ભિન્ન પડી) અંદરમાં દૃષ્ટિ કરવી એ માર્ગ છે. જાણે હવે તો સમાધિમરણે મરશું. ખૂબ કર્યું છે સામાયિક, પોષા, પડિકમણા.

પણ ઇ માર્ગ જ નહોતો, એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો પુણ્યબંધનો માર્ગ છે. અબંધનો માર્ગ એ નહિ. અબંધ કહો કે મોક્ષ કહો. ભાઈ! રસ્તો ફેરવ ને! જ્યાં જાવું છે એ દિશા રહી ગઈ. એ દિશા સાંધ, એ દિશા સાંધ. એમ આત્મા આમ પરના લક્ષના દશાની દિશાએ ચાલ્યો જાય છે એમનેમ. પાપ પરિણામ કદાચિત્ ઘટ્યા પણ પેલા મિથ્યાત્વના પરિણામના પાપ તો ઘટ્યા નથી હોં! એ તો એમ ને એમ આખું ઉભું છે. ભાઈ! એ માર્ગ જ નથી. માર્ગ તો વસ્તુસ્વરૂપ છે એમાં અંતર્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા (કરવા) એ માર્ગ છે. એ દિશાફેર છે, ભાવફેર છે. એની ખબરું નથી અને કહે કે, આપણે મોક્ષ જશું ને અમે નિઃશંક છીએ. બહુ સારી વાત છે. અમને શ્રદ્ધા છે અમે બે ભવે મોક્ષ જાશું.

ભવમ્ ભવમ્ મોક્ષ ભવમ્ એક જણો એમ કહેતો હતો. વાતું તો અમારે ઘણી ચાલે ને! એક જણો કહેતો હતો, અમે ભવમ્ ભવમ્ મોક્ષ (જાશું). ભવમ્ ભવમ્ મોક્ષ એમ કહેતો હતો. પણ તારા લખણ તો જો હવે. બાહ્યમાં પૂજાવા માટે (બોલે). ઘણા વર્ષની વાત છે, હોં! 'ચૂડા'માં મેડી છે ને? 'ચૂડા'માં મેડી છે. 'ચૂડા'માં મેડી (છે), પેલી કોર બારણું પડે છે. એક જણો બેઠો હતો. પણ લખણ તો તારા ગૃહીત મિથ્યાત્વના (છે), સજ્જનતા(ના) ઠેકાણા નથી એવા તો લખણ છે. એ અહીં નીકળ્યું, પ્રકાશ એક નીકળ્યો. અમારી થોડી થોડી વાતું ચાલે ને! પ્રકાશ નીકળ્યો હતો. ભવમ્ ભવમ્ મોક્ષ, ભવમ્ ભવમ્ મોક્ષ. અરે...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન! પણ શું કરે છે તું આ? પ્રકાશ તો સૂર્યના (એવા) ઘણા હોય. તારી આંખ આમ આમ કર તો પ્રકાશ થઈ જાય, એમાં શું થઈ ગયું? આમ આમ આંખ ફરી જાય તો પ્રકાશ થઈ જાય. નથી થાતું? ભીંસ કરે ને એમ થઈ જાય. ઇ શું પણ? એમ કરીને જોવે ત્યાં આમ કાંઈક થયું હોય. આહાહા..! એ ચૈતન્યના નૂર ભગવાન પ્રકાશની અંદર અનુભૂતિની પ્રતીતિના ભાન વિના તારી સ્થિરતાના ચારિત્ર આવશે ક્યાંથી? ભવમ્ ભવમ્ મોક્ષ એટલે ભવ ભવ છૂટી જશે, મુક્તિ નહિ થાય એમ એને. સમજાણું કાંઈ?

'અસંખ્યાત લોકમાત્ર...' જેટલા રાગ-દ્વેષના પરિણામ છે ને? શુભાશુભભાવ. અસંખ્ય પ્રકાર છે ને? અસંખ્યાત લોકમાત્ર ભાવ. એટલા શુભ-અશુભભાવ. 'રાગાદિરૂપ અથવા સુખ-દુઃખરૂપ...' એટલે કર્મચેતના અથવા કર્મફળચેતના એમ લીધું. પુણ્ય-પાપના ભાવ કર્તૃત્વબુદ્ધિવાળા અને સુખ-દુઃખના વેદનવાળા. એવી અશુદ્ધચેતનાના જેટલા વિકલ્પ છે તેનાથી સમ્યગ્દષ્ટિ ચારિત્રવંત એ અશુદ્ધ પરિણામથી હટીને સ્થિર થયો છે. એને ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું?

'વળી કેવા છે?' 'સર્વથા રહિત છે.' હોં! ઓ..હો...! થઈ ગયું કેવળજ્ઞાન? સાંભળને! એ ચારિત્રની સ્થિરતામાં તો વિકલ્પથી રહિત જ છે. સમજાણું કાંઈ? જેટલો કોઈ અબુદ્ધિપૂર્વકનો વિકલ્પ રહ્યો એ વસ્તુની અહીં ગણતરી નથી. વસ્તુ પોતામાં સ્થિર સ્થિર સ્થિરબિંબને જાણતા અસંખ્ય પ્રકારના શુભાશુભરાગથી રહિત જ ચારિત્ર દશા છે. હવે એવી ચારિત્રની ખબરું ન મળે. હજી ખબરું ન મળે (ને) લ્યો ચારિત્ર! હોં! આમ બહારની ક્રિયા દેખાય. આ શું કહે છે? આવો આવડો મોટો અંદર અને એમાં ઠરે ને આવું આ થાય.

'વળી કેવા છે?' 'तदात्वोदयात् भिन्नाः' 'तदात्वोदयात् भिन्नाः'. 'तदात्व' છે ને? ... કાળે. 'વર્તમાન કાળમાં આવેલા...' પેલા બે બોલ લીધા હતા ને? વર્તમાન કાળે... 'यदात्वे' આવ્યું છે ને? ઇ લીધું. 'વર્તમાન કાળમાં આવેલા ઉદયથી થયેલ જે શરીર, સુખ-દુઃખ, વિષયભોગસામગ્રી...' વર્તમાનમાં પણ વિકલ્પ આદિ, હોં! મૂળ તો શરીરથી તો હટી ગયો છે. 'શરીર, સુખ-દુઃખ, વિષયભોગસામગ્રી ઇત્યાદિ, તેનાથી પરમ ઉદાસીન છે.' ચારિત્રવંત તો વિકલ્પ અને શરીરથી ઉદાસ છે. વર્તમાનમાં ઉદાસ છે. ભૂત અને ભવિષ્યના પરિણામ રહિત છે. વર્તમાનમાં એનાથી ઉદાસ છે એમ લીધું. વસ્તુના અંતર ભાનના ઘોલનની જ્યાં ચારિત્ર દશા થઈ, ભૂતકાળ ને ગયાકાળ ને ભવિષ્યકાળના અશુદ્ધ પરિણામથી રહિત છે, વર્તમાન તેના શરીર, એની ક્રિયા, સુખ-દુઃખનો સંયોગ, એ તરફનો બાહ્ય વિષયભોગ, બધી સામગ્રીથી ભિન્ન પરમ ઉદાસીન છે. પરમ ઉદાસીન છે તેને ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'भिन्नाः'ની વ્યાખ્યા કરી. ભિન્ન છે એટલે? પરમ ઉદાસીન. એટલે ન્યાંથી હટીને ઉદાસ.. સ્વરૂપમાં વીતરાગતા છે, એમ કહેવું છે. સ્વરૂપમાં વીતરાગતા, વીતરાગતા (છે). શરીર પ્રત્યે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાહ્ય સામગ્રી પ્રત્યે, આબરુ પ્રત્યે, લોકો પ્રશંસા કરે તે પ્રત્યે, બધી સામગ્રીથી વર્તમાન પર્યાયમાં એ ઉદાસીન નામ પરથી હટ્યો છે, પરમ ઉદાસીન છે. આ ચારિત્રની વ્યાખ્યા છે.

'ભાવાર્થ આમ છે કે-કોઈ સમ્યગ્દષ્ટિ જીવ...' જોયું? મૂળ પાઠ તો ઇ છે. એકલો ચારિત્ર ચારિત્ર કરે એમ નહિ. 'કોઈ સમ્યગ્દષ્ટિ જીવો ત્રિકાળસંબંધી કર્મની ઉદયસામગ્રીથી વિરક્ત થઈને...' ગયા કાળના વિકલ્પો ને સામગ્રી, વર્તમાન અને ભવિષ્ય. ત્રણે કાળના વિકલ્પથી વિરક્ત થઈને અંતરમાં ચિદાનંદ આત્માના અંતર ધ્યાનમાં 'શુદ્ધચેતનાને પામે છે...' શુદ્ધ ચેતનાને, અંદર જ્ઞાનાનંદને પ્રાપ્ત કરે છે, એને 'આસ્વાદે છે.' શાંતિ ને અતીન્દ્રિય આનંદને વેદે અને આસ્વાદે છે એને ચારિત્ર કહીએ. આહાહા..!

શુભાશુભભાવને પોતાના માનવા એ મિથ્યાત્વ (છે). એનું એકલું જ્ઞાન કરીને જ્ઞાન થયું તે અજ્ઞાન (છે) અને એનો સ્વાદ લેવો તે અચારિત્ર (છે). શુભાશુભભાવનો સ્વાદ લેવો તે અચારિત્ર. એ મારા એવી શ્રદ્ધા તે મિથ્યાત્વ, એનું એકલું જ્ઞાન તે અજ્ઞાન. એ વસ્તુસ્વરૂપમાં અંતરદષ્ટિ કરતાં વસ્તુની પ્રતીતિ થઈ તે સમ્યગ્દર્શન (છે). એમાં એનું જ્ઞાન કર્યું એનું નામ જ્ઞાન (છે) અને શુભાશુભ પરિણામ રહિત સ્થિરતાના શાંતિનું વેદન થયું એનું નામ ચારિત્ર, એનું નામ આસ્વાદ (છે). સ્વાદ લેવો, આત્માનો સ્વાદ, વળી આત્માનો સ્વાદ. સ્વાદ તો દૂધપાકનો હોય, ભજીયાનો હોય. 'પ્રભુદાસભાઈ'! ભેંસના ઘી આમ કુરીયા જેવા હોય. સ્વાદ એનો આવે.

મુમુક્ષુ :- કોને?

ઉત્તર :- જડને. જડમાં અડે. તાજા ઘી હોય ને? ... ભેંસના કુરીયા જેવા. નારાયણ કહેવાય ઇ. ઇ કહેતા હતા, અમારા ભાઈ હતા ને 'લાઠીવાળા'! 'જયરામભાઈ'! નારાયણ કહેવાય. .... નારાયણ કોને દેવાય? 'વીંછિયા'માં. ઇ તો કહે, નારાયણ છે. નારાયણ તો નડે જ નહિ. પણ કોને કીધું? એમાં થોડું આપ્યું ને પ્યાલો ફાટ્યો. મગજની અસ્થિરતા અને એમાં નાકમાં ઘી આપ્યું. ઇ બધા એવા હતા, ઇ જ હતા બધા. નારાયણ છે, પણ કોને છે? સમજાણું કાંઈ? અપચો થાય પછી મગજમાં ગેસ ચડે. બગડે, ગંધ મારે, વિષ્ટા ગંધ મારે, કબજીયાત.. અંદરમાં એ.. 'શાંતિભાઈ'! ખબર છે? ઇ હતા તે દિ'. ઇ એક જ રહ્યા છે ને? આ તે દિ' નહોતા. (સંવત) ૧૯૮૭ ની સાલની વાત છે. નારાયણ કોને કહેવું?

ભાઈ! એ નરનો નારાયણ આત્મા ભગવાન છે એના સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા (કરે) એ નરનો નારાયણ છે. આહાહા..! ઘીને નારાયણ કરીને દે. નારાયણ નામ આપી દીધું. ઘીના અર્થીને ઘી તો નારાયણ કહેવાય, ગમે એને (અપાય). પણ કોને પણ? મારી નાખે. સનેપાત ઉપડે પાધરો.

ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના પ્રેમને છોડીને ભગવાનઆત્માના પ્રેમને પડખે ચડ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને સ્થિર થયો એ નારાયણ થઈ ગયો. એ ચારિત્રવંત થયો, એ પરમાત્મા થયે એને છૂટકો. આહાહા..! સમજાણું કાંઈ? એ બાહ્ય ક્રિયાકાંડથી ચારિત્ર હોતું નથી. આહાહા..! અરે..રે..! શું થાય? ભાઈ! માર્ગ છે, બાપુ! અરે..રે...! આ રસ્તાની રીત આ છે, બીજા રસ્તા ક્યાંથી લાવવા? સ્વ સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા તે રસ્તા, હવે એના સિવાય બીજા રસ્તા એ રસ્તા માનવા (એ મિથ્યા છે). આહાહાહા..! સમજાણું કાંઈ? અરે...! ઉગારવાના કાળમાં ડૂબવાના ભાવને તું ઉગારવાનો માને, ભાઈ! રસ્તા કે દિ' નીકળશે? દુનિયા માને ન માને એની સાથે શું સંબંધ છે? દુનિયા કહે, અરે..! આ એકાંત છે. અરે..! આમાં કાંઈ સાધન ખરું? એમ કેટલાક કહે છે. પણ સાધન જ ઇ. આમાં સાધન પણ ઇ છે.

વિકલ્પને વ્યવહાર સાધન કહ્યું છે, વિકલ્પને વ્યવહાર સાધન કહ્યું છે એ તો વ્યવહાર અભૂતાર્થથી સાધન કહ્યું છે. સાધન-સાધ્ય વ્યવહારનયે કીધા ને? ભાઈ! તને ખબર નથી. એ તો વ્યવહારનયે (કહ્યું છે). 'પંચાસ્તિકાય'. આ માળા કથનની શૈલી (એવી). વ્યવહારને સાધન કહ્યું, નિશ્ચય સાધ્ય છે. નિશ્ચયમાં નિશ્ચય સાધ્ય-સાધન એક છે, વ્યવહારમાં સાધ્ય-સાધન ભિન્ન છે. રાગ તે સાધન અને સાધ્ય તે. એ તો કઈ અપેક્ષાએ? ભગવાન! એવું નિમિત્તપણું હોય, એવી અભૂતાર્થનયે તેને સાધન કહ્યું છે. આહાહા..! અભૂતાર્થ કહો કે વ્યવહાર કહો. સમજાણું કાંઈ? આમાં એકાંત લાગે, લ્યો આમાં. આ જ સાધન? આ 'પંચાસ્તિકાય'માં વ્યવહાર સાધન કહ્યું છે ને? હળવે હળવે સનઇ સનઈ સનઈ એ..ઇ...! લખ્યું છે કે નહિ? અમારા પંડિતજીએ લખ્યું છે. ફૂટનોટ કરીને ખુલાસા કર્યા છે. સનઇ... સનઈ.. સનઇ.. સનઈ.. વ્યવહારથી આગળ વધતો જાય. ચંદ્રનો પ્રકાશ જેમ ખીલતો જાય.. એવું આવે છે ને? અને જેમ આમ ધોબી શિલા ઉપર જેમ ઝીંકતો જાય એમ ભાષા છે. કપડા પથરા ઉપર ઝીંકે ને? આમ ઝીંકે. પલાળીને સાબુ દીધો હોય ને? પછી આમ ઝીંકે એટલે પેલો મેલ છૂટો પડી જાય. એમ વ્યવહાર કરતા કરતા ઝીંકે તો મેલ છૂટો પડી જાય. એ..ઇ...! એ તો નિમિત્તની વાત કરી છે, સાંભળ તો ખરો! ભાઈ! એ પોતે શુદ્ધ પરિણમને પરિણમતો રાગને છૂટો કરતો પરિણમે છે. અરે..! એ 'પંચાસ્તિકાય'ના કથનો એવા એટલે લોકોને જાણે.. આ શું કહે છે આ. ત્યાં તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, સમ્યગ્દૃષ્ટિ જીવ સત્યદૃષ્ટિ, સત્યના સ્વભાવનો પરમેશ્વર આત્મા, એની દૃષ્ટિવંત જીવ. 'ત્રિકાળસંબંધી કર્મની ઉદયસામગ્રી...' વિકલ્પ આદિ બધું. 'વિરક્ત થઈને શુદ્ધ ચેતનાને પામે છે-આસ્વાદે છે.' એને ચારિત્ર ને એને મોક્ષનું સાધન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ૩૧ થયો.

ઇ આ ધર્મ કર્યે સુખી થશે. કરશે ઇ ને પણ? પોતાનું તો કાંઈ ન મળે ને? પાંચમો આરો કઠણ છે, ધર્મ કરશે એ સુખી થાશે. અમારે કાંઈ લેવાદેવા ન મળે. મેલાંમાં લખે છે ને? ભાઈ! એની શ્રદ્ધા તો કર. એ દિશાને બદલવાની પ્રતીત તો કર. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર તરફની દિશાએ માન્યું છે એ કરતાં સ્વદિશામાં જા તો થાય એવી શ્રદ્ધા તો કર. એવું જ્ઞાનને ગોઠવવામાં તો રોક. રોક અને એને રુચિમાં જમાવ. સમજાય છે કાંઈ? આહાહા..! તો માર્ગ નિકળશે, નહિતર માર્ગ નિકળશે નહિ.

---

(ઉપજાતિ)

ज्ञानस्य सञ्चेतनयैव नित्यं
प्रकाशते ज्ञानमतीव शुद्धम्।
अज्ञानसञ्चेतनया तु धावन्
बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः।।३२-२२४।।

ખંડાન્વય સહિત અર્થ :– જ્ઞાનચેતનાનું ફળ તથા અજ્ઞાનચેતનાનું ફળ કહે છે : 'नित्यं' નિરંતર 'ज्ञानस्य सञ्चेतनया' રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધ પરિણતિ વિના શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ જે જ્ઞાનપરિણતિ, તેના વડે 'अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते एव' ( अतीव शुद्धम् ज्ञानम् ) સર્વથા નિરાવરણ કેવળજ્ઞાન ( प्रकाशते ) પ્રગટ થાય છે; [ ભાવાર્થ આમ છે કે–કારણ સદ્રશ કાર્ય થાય છે, તેથી શુદ્ધ જ્ઞાનને અનુભવતાં શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે–એમ ઘટે છે. ] (एव) એમ જ છે નિશ્ચયથી. 'तु' તથા 'अज्ञानसञ्चेतनया बन्धः धावन् बोधस्य शुद्धिं निरुणद्धि' ( अज्ञानसञ्चेतनया ) રાગ–દ્વેષ–મોહરૂપ તથા સુખ–દુઃખાદિરૂપ જીવની અશુદ્ધ પરિણતિ વડે ( बन्धः धावन् ) જ્ઞાનાવરણાદિ કર્મબંધ અવશ્ય થતો થકો ( बोधस्य शुद्धिं निरुणद्धि ) કેવળજ્ઞાનની શુદ્ધતાને રોકે છે. ભાવાર્થ આમ છે કે–જ્ઞાનચેતના મોક્ષનો માર્ગ, અજ્ઞાનચેતના સંસારનો માર્ગ. ૩૨–૨૨૪.

---

ज्ञानस्य सञ्चेतनयैव नित्यं
प्रकाशते ज्ञानमतीव शुद्धम्।
अज्ञानसञ्चेतनया तु धावन्
बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः।।३२-२२४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક જ વાત, આ વાત છે. આહાહા..! 'શ્રીમદ્'માં પણ પૂછતા હતા. તમે કહો છો આ (માર્ગ છે), પણ બીજો માર્ગ ખરો? કે આ ભક્તિ કરવી ને એવું સાધન તો કહેતા નથી. એક દિ' ગયા હતા ને? 'અગાસ'માં ગયા હતા. કો'ક મારવાડી હતું ને કો'ક હતું. પણ સાધન શું? રાગની મંદતા એ સાધન છે? એ તો વ્યવહાર સાધન કહ્યું. અંદર જા તો એને સાધન કહેવામાં આવે. ઇ વાત (નહોતી). લાકડા એવા લાકડા (ખોસેલા). કાંઈક ભક્તિ કરીએ, હે ભગવાન! તારજો, તારજો, પ્રભુ! તારજો. ધૂન લગાવીએ. એ કાંઈ સાધન ખરું કે નહિ? એ.. 'ન્યાલભાઈ'! મેં કીધું, ભાઈ! સાધન તો આત્મામાં ઠરવું એ સાધન છે. એ સાધન કહ્યું છે, શાસ્ત્રમાં કહ્યું ને? 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં' એવો શબ્દ છે ખરો ને? એ એને ખટકે. એ તો ચિત્તમાં રાગની મંદતા. પણ એ મંદતા અહીં છોડીને અંદર ન જા તો એ નિમિત્ત તને શું કરશે? 'અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન' એ ન આવ્યું? એ છોડી દીધું. એ રાગની મંદતામાં અટક્યો અને અંતરથી રહિત, એનાથી ભિન્ન છે એમાં આવ્યો નહિ. થઈ રહ્યું, એ તો એની એ દશા છે.

ખંડાન્વય સહિત અર્થ :– અર્થ છે ને? અર્થ છે? એમાં ઊડી ગયો છે. બધામાં ઊડી ગયો છે? ક્યાંકમાં છે? આમાં 'અ' છે. ક્યાંક ઊડી ગયો છે. 'જ્ઞાનચેતનાનું ફળ તથા અજ્ઞાનચેતનાનું ફળ કહે છે :' હવે જ્ઞાનચેતના જ્ઞાનચેતના એટલે શું? ઇ કહે છે. 'नित्यं' 'નિરંતર...' 'ज्ञानस्य सञ्चेतनया' 'રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધ પરિણતિ વિના શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ જે જ્ઞાનપરિણતિ, તેના વડે...' આ જ્ઞાનચેતના. એટલે શું કહ્યું? કે, ભગવાનઆત્મા અંતર્મુખ પુણ્ય-પાપના ભાવ અને મોહ રહિત થઈ, અશુદ્ધ પરિણતિ વિના જે આત્મામાં શુદ્ધ પરિણતિ, શુદ્ધ નિર્મળ સ્વભાવ સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એવા સ્વરૂપનો અનુભવ (થાય) તેને જ્ઞાનચેતના કહે છે. જ્ઞાનચેતના એટલે આ શાસ્ત્રના ભણતરની અહીં વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાનચેતના એટલે શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ જે જ્ઞાન પરિણતિ તેનું નામ જ્ઞાનચેતના. સમજાણું કાંઈ? આમ શાસ્ત્રના અર્થ ખુલી જાય. ફટ.. ફટ.. ફટ.. એમ નહિ. આત્મા ખુલી જાય અંદરમાં એકાગ્ર થઈને એનું નામ જ્ઞાનચેતના છે. સમજાણું કાંઈ? શાસ્ત્રનું ભણતર એને ઘરે રહ્યું. એ પરસન્મુખનું જ્ઞાન તે જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? આહાહા..! બહારમાં છાપ એની લાગે, હોં! નહિ? દુનિયા એટલે શું પણ? સંસાર.

ભગવાનઆત્મા પોતાના શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતારૂપ જ્ઞાનચેતના કે જે જ્ઞાનચેતના અંતર્મુખ વળીને એકાગ્ર થાય છે કે જેનામાં પુણ્ય-પાપ ને રાગ-દ્વેષની પરિણતિનો અભાવ છે એવી પરિણતિને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ જે જ્ઞાનપરિણતિ,...' આ શેની વ્યાખ્યા થાય છે? 'नित्यं ज्ञानस्य सञ्चेतनया' એ શબ્દ પડ્યો છે એની. 'ज्ञानस्य सञ्चेतनयैव नित्य' એ પહેલું પદ. એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'नित्यं ज्ञानस्य सञ्चेतनया' નિરંતર ભગવાન જ્ઞાનમૂર્તિ જ્ઞાયકસ્વભાવમાં અંતરની એકાગ્રતા રાગરહિતની અશુદ્ધ પરિણતિ રહિત એવો જે શુદ્ધ જીવનો અનુભવ એ જ્ઞાનપરિણતિ અને એ જ્ઞાનચેતના (કહેવાય છે). સમજાણું કાંઈ? એને આટલું શાસ્ત્રનું જ્ઞાન હોય તો જ્ઞાનપરિણતિ થાય (એમ નથી). એને ભગવાન જ્ઞાયકનું અવલંબન મળ્યું તેને જ્ઞાનપરિણતિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ 'ज्ञानस्य सञ्चेतनयैव नित्य' નિરંતર વસ્તુ જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એમાં પુણ્ય-પાપના વિકલ્પો અને પરાવલંબી જ્ઞાન રહિત, જેટલું અંદર શુદ્ધનું પરિણમન અને અનુભવ (થાય) તે જ્ઞાનચેતનાથી શું થાય? તે જ્ઞાનચેતના, એનાથી શું થાય? 'તેના વડે...' 'अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते एव' કોઈ કહે કે, એ જ્ઞાન દ્વારા થાય શું? સમજાણું કાંઈ? 'प्रकाशते ज्ञानमतीव शुद्धम्' એ એનું ફળ છે ને? એ જ્ઞાન પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતાને પામ્યું. પુણ્ય-પાપના વિકલ્પ રહિત થઈ, દૃષ્ટિપણે શુદ્ધ થયું એ જ્ઞાનચેતના કહેવામાં આવે. એ જ્ઞાનચેતનાનું લક્ષણ બાંધ્યું સ્વરૂપ. હવે એનું ફળ શું? આવી જ્ઞાનચેતના થઈ એટલે શાસ્ત્રના ભણતરના ઉકેલ એકદમ થવા માંડે એવું ફળ હશે? એ..ઇ...! એકદમ જ્ઞાનમાં આવડત થઈ જાય ને પછી સભામાં લોકોને (જવાબ દેતા) આવડે. ઇ જ્ઞાનચેતનાનું ફળ હશે કે નહિ? એમ કહે છે. એ.. 'ભીખાભાઈ'! એમને! લક્ષ રાખવું.

'अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते एव' લ્યો! આહાહા..! વસ્તુ તો જુઓ! એક શૈલી, વસ્તુનું સ્વરૂપ જુઓ! ભગવાનઆત્મા એકલો જ્ઞાનનો પિંડલો પ્રભુ, જ્ઞાનનો પુંજ, એની અંદરમાં એકાગ્રતા એ જ્ઞાનચેતના. એટલે કે તેમાં જ્ઞાન–ભણતર કેટલું એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? ભણ્યો કેટલું અને જવાબ દેતા કેટલા આવડે છે? અને જગતને સમજાવતા કેટલું આવડે છે? અને કેટલા લોકો રાજી થાય છે? એ ઉપર જ્ઞાનચેતનાનું ફળ નથી અને એને જ્ઞાનચેતના કહેતા પણ નથી. આહાહા..! હેં?

મુમુક્ષુ :– અજ્ઞાન એટલે?

ઉત્તર :– અજ્ઞાન એટલે રાગ-દ્વેષના મંદથી, ઉઘાડથી એને વાણીમાં એવું આવે ને અંદર થાય કે, આ મારું સ્વરૂપ છે એ અજ્ઞાનચેતના છે. એમાં મને લાભ થાય છે, એ વિકલ્પ ઉઠ્યો છે અને વાણી નીકળે છે અને જ્ઞાનનો ઉઘાડ કાંઈક કામ કરે છે, આમાંથી મને લાભ થાય છે, એ અજ્ઞાનચેતના છે, મિથ્યાચેતના છે. આહાહા..! ભારે વાત, ભાઈ! પ્રભાવના થાય ને? એ.. 'ન્યાલભાઈ'! અરે..! ભગવાન! એક જણો એક જણાને પૂછતા હતા કે, બીજાને સમજાવે એ ઊંચો કે પોતે પોતામાં સમજીને ઠરે ઇ ઊંચો? બીજાને સમજાવે, પાંચ-પાંચ હજાર માણસને સમજાવે, ઝપટ વાગે ઇ ઊંચો. ભગવાન ના પાડે છે કે, ઇ ઊંચો નહિ. 'ગોપાળદાસભાઈ'! આહા..! દસ-દસ હજાર માણસ! શું છે પણ? એ તો વાણી જડની છે. એમાં તેં ક્યાં કહ્યું છે? અને કંઈ રાગ ઉઠ્યો એ વિકલ્પ છે, તું ક્યાં એમાં આવ્યો છો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને પરલક્ષીનો જેટલો ઉઘાડ (છે) એ પણ પરાવલંબી જ્ઞાન (છે), એમાં જ્ઞાનચેતના આવી નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? લ્યો, ઘંટો વાગ્યો. એનું ફળ શું? કે, જ્ઞાનનું શુદ્ધપણું, સ્થિરતા વિશેષ થવી એ એનું ફળ છે. બીજું કોઈ ફળ-બળ બોલતા આવડે કે રાગ ઉઠે એ એનું ફળ છે નહિ. વિશેષ વ્યાખ્યા આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

કારતક વદ ૮, મંગળવાર તા. ૧૬-૧૧-૧૯૬૫.
કળશ–૨૨૪, ૨૨૫ પ્રવચન–૨૪૪-J

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' 'કળશટીકા', ૩૨ મો કળશ છે. જ્ઞાનચેતનાનું ફળ અને અજ્ઞાનચેતનાનું ફળ. મોક્ષનો માર્ગ અને બંધનો માર્ગ. આમાં બે અધિકાર છે. સમજાણું કાંઈ? 'नित्यं' 'નિરંતર...' 'ज्ञानस्य सञ्चेतनया' એટલે શું? કે, રાગ, પુણ્ય-પાપના ભાવ, મોહ એ બધી અશુદ્ધ પર્યાય છે. શુભ-અશુભનો વિકલ્પ, દયા, દાન, વ્રતનો વિકલ્પ કે હિંસા, જૂઠું, ચોરીનો વિકલ્પ એ બધી અશુદ્ધ પરિણતિ છે અને એ મારા એ મિથ્યાત્વભાવ પણ અશુદ્ધ પરિણતિ પર્યાય છે. એ 'પરિણતિ વિના શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ...' એકલો જ્ઞાનસ્વભાવ શુદ્ધ ચૈતન્ય, એની સન્મુખના શુદ્ધતાના શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિના શુદ્ધ પરિણતિના નિર્વિકલ્પ પરિણામ એ જ્ઞાનપરિણતિ. સમજાણું?

સ્વભાવ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એની અંતરના સન્મુખના જ્ઞાન, દર્શન ને શાંતિના પરિણામ એ જ્ઞાનચેતના છે. એ આત્માનો અનુભવ એટલે સ્વભાવને અનુસરીને થયેલા પરિણામ છે. એને અહીંયાં જ્ઞાનચેતના અથવા મોક્ષમાર્ગ કહે છે. સમજાણું? એનાથી 'अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते एव' એ આત્માના શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવની અંતરમાં સન્મુખની એકાગ્રતાની પર્યાય તેને જ્ઞાનચેતના કહે છે. એ જ્ઞાનચેતના દ્વારા આત્મા શુદ્ધતાને, અતીવ શુદ્ધતાને પામે છે. કહો, સમજાણું? પહેલા જ્ઞાનચેતના સાધારણ કહ્યું હતું. હવે એ જ્ઞાનચેતના વડે સ્થિર થતાં અતીવ શુદ્ધતાને પામે છે. ક્રિયા એક જ બતાવી.

વસ્તુને અંતર્મુખ થઈને પકડી અને જે અનુભવ ને દૃષ્ટિને જ્ઞાનમાં થાય એ જ્ઞાનચેતના, એનું નામ જ્ઞાનચેતના. ભણતર ઓછુંવત્તુ કે એની સાથે કાંઈ સંબંધ નથી. સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાયક ચૈતન્યજ્યોત સર્વજ્ઞ સર્વજ્ઞસ્વભાવ વસ્તુની સન્મુખના સમ્યગ્દર્શન-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન-ચારિત્રના એટલે કે એ જ્ઞાયકભાવની એકાગ્રતાના પરિણામને અહીંયાં જ્ઞાનચેતના કહેવામાં આવે છે. એ જ્ઞાનચેતનામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાય જાય છે. કહો, સમજાણું આમાં?

ચોથે ગુણસ્થાનથી શુભભાવથી મોક્ષમાર્ગ અને પછી જ્ઞાનચેતનાથી મોક્ષમાર્ગ એમ નથી, એમ અહીં કહે છે. સમજાણું? પહેલેથી જ એ ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા શુદ્ધ, શુદ્ધ, શુદ્ધ. શ્રદ્ધાએ શુદ્ધ, જ્ઞાનમાં શુદ્ધ ને શાંતિથી શુદ્ધને લક્ષમાં લઈ અને જે આત્મદ્રવ્યની અંતર એકાગ્રતાથી જે વીતરાગ દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતાનો ભાવ (પ્રગટ થયો) તેને જ્ઞાયકમાં એકાગ્રતા માટે તેને જ્ઞાનચેતના કહે છે. એ જ્ઞાનચેતનાથી શું થાય?

'अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते एव' એને લઈને અંતર સ્વરૂપમાં એકાગ્ર શુદ્ધતા થતાં અતીવ શુદ્ધ, સ્થિર થતાં જ્ઞાનચેતનાથી અતીવ શુદ્ધ કેવળજ્ઞાનનો પ્રકાશ થાય છે. કેવળજ્ઞાન કાર્ય છે અને આ જ્ઞાનચેતનાથી તે કારણથી પ્રગટ થાય છે. અહીં કારણ-કાર્યને સિદ્ધ કર્યા. સમજાણું કાંઈ? આ કેટલું લાગે અંદરમાં? 'ભીખાભાઈ'! કોઈ આપી દેતું હોય, ક્યાંકથી લઈ લેવાતું હોય (તો સહેલું પડે). ભગવાન પાસે માગીએ. હે ભગવાન! (મને આપી દ્યો). અહીં તો કહે છે કે, ભગવાનની સામું જોતાં પણ શુભરાગ થાય. એ જ્ઞાનચેતના નહિ. આહાહા..! હવે આ શું થાય?

એ ચૈતન્યપ્રભુ આત્મા જે છે એની સન્મુખના પરિણામ થાય તેને અહીંયાં જ્ઞાનચેતના કહેવામાં આવે છે. જાણપણું ઓછુંવત્તુ હોય એનું કાંઈ (નહિ). નારકીના જીવને જ્ઞાનચેતના છે. સાતમી નરકના નારકીને જ્ઞાનચેતના છે. પશુને, તિર્યંચને સમ્યગ્દષ્ટિને પણ જ્ઞાનચેતના છે. સમજાણું કાંઈ? એટલે કે આત્મા જ્ઞાનાનંદ દ્રવ્ય સ્વભાવ આખો, એમાં અંતર્મુખ થઈને તેને પકડીને પરિણતિ શુદ્ધ વીતરાગી અવસ્થા પ્રગટ કરવી, બસ! એ જ જ્ઞાનચેતના છે. એ જ્ઞાનચેતનાથી એકાગ્ર થતાં 'अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते एव'. આત્મા તેમાં એકાગ્ર થતાં થતાં અતીવ નામ પૂર્ણ કેવળજ્ઞાન શુદ્ધ પ્રકાશ થઈ જાય છે. લ્યો, અહીં તો જ્ઞાનચેતના કારણ અને કેવળજ્ઞાન એનું કાર્ય એમ અહીં કહ્યું. આહાહા..! આવી વાત છે પણ કોણ જાણે કેમ શું થાય છે? (એમ કહે છે), પુણ્યને વિષ્ટા કહો છો, પુણ્યને બંધનું કારણ કહો છો. મહાવ્રત બંધનું કારણ? એ તો (સંવત) ૧૯૮૫માં સંપ્રદાયમાં એક ફેરી કહ્યું હતું કે, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ત્યાં એક જણ બોલ્યો હતો, બીજું નહોતું બોલ્યું. સભા તો ઘણી (મોટી હતી). એક જણો બોલ્યો, વોસરે.. વોસરે.. કહીને ભાગ્યો. અરે..! ભગવાન! ભાઈ! ૧૯૮૫ની પોષ મહિનાની વાત છે. 'ન્યાલભાઈ'!

અરે...! પ્રભુ! કહે છે, ભાઈ! એક વાત સાંભળ. તારી પર્યાયમાં વર્તમાન અવસ્થામાં શુભ-અશુભ પરિણામનો વિકાર વર્તે છે અને એ મારા એવું મિથ્યાત્વ વર્તે છે. હવે એને સમ્યક્ કરવું હોય તો એનો ઉપાય શું? એ ચૈતન્ય વસ્તુ છે, જ્ઞાયક સમ્યક્ ચૈતન્યમૂર્તિની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સન્મુખની અંતરમાં અનુભવ, જ્ઞાન કરીને પ્રતીત કરવી. એમાં પ્રતીત કરતાં એમાં સ્થિરતા પણ અંશે ભેગી આવી જાય છે. બસ! આ જ્ઞાનચેતના એક જ મુક્તિનો માર્ગ (છે) અથવા એ સંવર ને નિર્જરા આને ભગવાન કહે છે. આહાહા..! શું થાય? માણસોએ એવા બિચારાને ચડાવી દીધા કે, ક્યાંય પાર ન આવે. હેં? રખડવાનો રસ્તે મોક્ષ (થશે એમ કહે છે).

અહીં તો કહે છે, એક જ વાત છે. પ્રભુ આત્મા પોતાના સ્વભાવમાં તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ એટલે ચારિત્ર અને અનંત વીર્ય આદિ પડ્યા જ છે. અંદર શક્તિરૂપે તો પૂર્ણ સત્ત્વ પડ્યું છે એમાં, એ મહાન પદાર્થ છે. સત્ત્વ સત્‌નું આખું સત્ત્વ મહાન ભાવ એમાં પડ્યો છે. એ અનંત ભાવને દૃષ્ટિ પહોંચી વળે, એ જ્ઞાન એને જ્ઞેય બનાવે અને એમાં સ્થિરતાનો અંશ ભેગો સાથે હોય એને સમ્યગ્જ્ઞાનચેતના કહે છે. ત્યાંથી એને ધર્મની શરૂઆત થાય છે. સમજાણું કાંઈ? ત્યારથી સંવર ને નિર્જરા શરૂ થાય. એ સિવાય સંવર, નિર્જરા શરૂ થતાં નથી. આહાહા..! અને તે આગળ વધતાં એકાગ્ર, એકાગ્ર, એકાગ્ર અંદર, સ્વમાં એકાગ્રતાની ચેતના દ્વારા 'अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते एव'. 'अतीव शुद्धम् ज्ञानम् प्रकाशते' કેવળજ્ઞાનને પ્રકાશ કરે છે. એના કારણે ક્રમે ક્રમે કેવળજ્ઞાન થાય છે. બીજો કોઈ ઉપાય ત્રણકાળ ત્રણલોકમાં ભગવાને જોયો નથી અને ભગવાને કહ્યો નથી. સમજાણું?

'ભાવાર્થ આમ છે કે—કારણ સદૃશ કાર્ય થાય છે,...' શું કહે છે? જુઓ! જે કાર્ય છે એ શુદ્ધ કેવળજ્ઞાન છે તો અહીં 'કારણ જેવું હોય તેવું એનું કાર્ય થાય.' શુદ્ધ કારણ હોય તો શુદ્ધ કાર્ય થાય. 'ભગવાનઆત્મા પોતાના અંતર્મુખમાં એકાગ્રતા (કરે) તેને કારણ શુદ્ધતા કહેવાય છે. એ કારણ સદૃશ કાર્ય. એ કારણ જેવું શુદ્ધ છે તેવું કાર્ય શુદ્ધ કેવળજ્ઞાનનું થાય.' સમજાણું કાંઈ? વચ્ચે ભલે દયા, દાન, વ્રતના ભાવ આવે, ભક્તિ, પૂજા, જાત્રાના ભાવ આવે પણ એ કંઈ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! એ વચમાં કર્મચેતના જરી અસ્થિરતાની (થાય) એ બંધમાર્ગ છે. 'છોટુભાઈ'! રુચે નહિ, ગોઠે નહિ, બેસે નહિ અને બીજી રીતે કોઈ રીતે થાય, બીજો રસ્તો નથી.

ભાઈ! તારામાં પરિપૂર્ણતા પડી છે ને! તું પૂરો પૂરો પડ એવો આખું કેવળજ્ઞાનને લે એવી તાકાત છે. એવો ભગવાન, એની અંતર સન્મુખ જોતાં એની જ્ઞાનની દશાને અંતર વાળતાં જ્યાં પરિપૂર્ણ સ્વભાવ પડ્યો (છે) એમાં વાળતાં જે સમ્યગ્જ્ઞાનની ચેતના સમ્યક્ શુદ્ધ પ્રગટ થઈ, બસ! એ કારણ છે. એ કારણ સદૃશ–કારણની જેવું જ કાર્ય થાય. કેવળજ્ઞાન એ કારણને સદૃશ શુદ્ધ છે તો શુદ્ધ થાય. કહો, બરાબર છે?

સો રૂપિયાનું કોણે કીધું? વાત ઠીક કહે છે. (એ પ્રશ્ન) ઉઠ્યો હતો ને. છે ને. એમ કે કારણ સદૃશ કાર્ય. એ જાતનું કારણ. ઓછુંવત્તુ પ્રશ્ન હોઈ શકે નહિ. એ વાત ઉઠે છે. કારણસદૃશ હોય તો એવું ને થાય? અહીં કારણ થાય એવું ને એવું થાય? એ પ્રશ્ન ચાલ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. સમજાણું કાંઈ? એમ નહિ. કારણ નામ જે આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ (છે), એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની એકાગ્રતા એ શુદ્ધતા. એ શુદ્ધતા કારણ છે, એના જેવી સદ્દશતા, શુદ્ધતા થાય. એવી જ થાય ને એટલી થાય એમ ક્યાં અહીં વાત છે. ઇ પ્રશ્ન ચાલ્યો છે. સમજાણું કાંઈ? એમ કહે છે, કારણ સદ્દશ કાર્ય હોય તો સોએ ટકાનું સો (થવું જોઈએ), સો ટકા શુદ્ધ તો સો ટકા (થવું જોઈએ). એમ ક્યાં છે? એ શુદ્ધતાનું કારણ અને એનાથી શુદ્ધતાનું કાર્ય (થાય) એટલી વાત છે. શુદ્ધતા એટલી એનું કાર્ય શુદ્ધતા પૂર્ણ એમ અહીં છે નહિ. અશુદ્ધતા પુણ્ય-પાપ હોય અને એના કારણ તરીકે થઈને શુદ્ધતાનું કાર્ય થાય એમ નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

'કારણ સદ્દશ કાર્ય થાય છે. તેથી શુદ્ધ જ્ઞાનને અનુભવતાં...' જુઓ! 'શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે...' એટલી વાત છે. આત્મા ચૈતન્ય ભગવાનની અંતરની એકાગ્રતા જે શુદ્ધતા એવા શુદ્ધજ્ઞાનને અનુભવતાં એ શુદ્ધ જ્ઞાનની પર્યાય અનુભવતાં 'શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે–એમ ઘટે છે.' એવું ઘટિત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? તારે તે તરે, એક ફેરી નહોતું કહ્યું? (સંવત) ૧૯૮૨ની સાલમાં 'વઢવાણ' ચોમાસુ હતું ને? એક જણ આવ્યા. વકીલ છે ને? 'રોકડીયા સુખલાલ' વકીલ હતા. 'પોપટભાઈ'એ લખ્યું, તરે તે તારે. ૧૯૮૨માં ચાકળો લખેલો. એને ચાલીસ વર્ષ થવા આવ્યા. તરે તે તારે. 'વઢવાણ'માં 'સુંદર વોરા'ના અપાસરામાં. ત્યારે એ વકીલે આવીને કહ્યું, એમ નહિ. તારે તે તરે. એમ કરો. કીધું, કોને ગોતવા જવા? 'ન્યાલભાઈ'! કોને ગોતવા? ભાઈસાહેબ તર તો હું તરી શકું. તરે તે તારે એ પણ નિમિત્તના વાક્ય છે. પોતે તરે ત્યારે તરનાર હોય એને એ નિમિત્ત કહેવામાં આવે છે. બાકી તારે કોણ કોને? ઇ પ્રશ્ન ત્યાંથી ઉઠ્યો હતો, 'તિન્નાણં તારયાણં' આવે છે ને? એ બધું કર્યું છે ને, નાની ઉંમરથી એણે તો કર્યું છે.

'તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં, મોઅગાણં' આવે છે ને 'નમોત્થુણં'માં? એ 'તિન્નાણં તારયાણં'માંથી તરે તે તારે. એમ એનો અર્થ છે ને? 'તિન્નાણં તારયાણં'. એ પ્રમાણે 'પોપટભાઈ'એ લખેલું. તો કહે, ના. તારે તે તરે. કીધું, કેટલાને ગોતવા જાવા? ભાઈસાહેબ તર, મારે મુક્તિએ જાવું છે, નહિતર મુક્તિ નહિ થાય. કહો, 'નેમિદાસભાઈ'! શું કરવું? કહો હવે. પૈસા દાનમાં દેવા હોય તો પૈસા ગોતવા પડે. આનું શું કરવું હવે? એમ નહિ. કોઈ તરે, ન તરે એની સાથે કાંઈ સંબંધ નથી. ભાષા કથનશૈલી હો કે ન હો એની સાથે સંબંધ નથી. અને કહેવાનો વિકલ્પ હો એની સાથે મુક્તિમાર્ગને કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પર તરે એની સાથે સંબંધ નથી, વાણી કહે તો બહુ વાણી પ્રરૂપણા કરે માટે એ ઝટ તરી જાય એમ નથી. એ ઉપદેશ તો જડની ક્રિયા છે અને ઉપદેશનો વિકલ્પ ઉઠે માટે વહેલો તરી જાય, એમ હશે? એ તો રાગ છે. આહાહા..! ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદમૂર્તિની અંતરની અનુભવની દૃષ્ટિ, અંતરની એકાગ્રતા શુદ્ધતા એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ મુક્તિનું કારણ છે. બીજું કોઈ ત્રણકાળમાં કારણ છે નહિ. કેમ હશે, 'સોગનચંદજી'! ધૂળમાંય તારતો નથી. ઇ તો એની મેળાએ તરે છે. કોણ તારે? સમજાણું કાંઈ?

અરે...! કેવળી કેવળી થઈ ગયા. મૂકકેવળી જેને વાણી નહોતી, લ્યો! સાંભળ્યું છે? વાણી હોય, ન હોય એ તો જડની વાત છે. એને આત્મા (સાથે) શું સંબંધ છે? મૂકકેવળી. વાણી ન મળે. અંદરમાં એકાગ્ર થઈને કેવળ થઈ ગયું. વાણી ન મળે. જાઓ! એની સાથે શું સંબંધ છે?

ભગવાનઆત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ બસ! એનો અંતરમાં સ્વભાવ સન્મુખનો અનુભવ, એ જ મુક્તિનું કારણ છે, બીજું કોઈ કારણ છે નહિ. સંવર, નિર્જરાનું એક જ કારણ છે. સમજાણું કાંઈ? ઉપદેશ આપે એમાં નિર્જરા થાતી હશે એમ હશે? ત્રણકાળમાં ધર્મ થાય નહિ. ઉપદેશથી શું ધૂળ થાય? દિવ્યધ્વનિથી લાભ ન થાય, નિમિત્ત અકિંચિત્કર છે એ પ્રશ્ન (ઉઠે છે). સાત વાર નહિ, અનંત વાર. સાંભળને હવે. પર કરી દેતું હતું એમાં આત્માને? આ વિકલ્પ ઉઠે એ પણ અંદર જ્ઞાનચેતનાને મદદ(કર્તા) નથી તો વાણી-ફાણી ક્યાં આવી? આહાહા..! એવો પરમાત્મા જેને અવલંબનમાં વર્તે છે. અવલંબતિ ક્યાંક આવે છે ને? આવશે. નિષ્કર્મ અવલંબે આવે છે ને? અવલંબે, એક જ અવલંબન છે. એ જ અહીં કહે છે. સમજાણું કાંઈ? જેમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન નથી, પ્રતિમાનું અવલંબન નથી, દેરાસરનું નથી, જાત્રાનું કાંઈ અવલંબન નથી, લ્યો! એ તો શુભરાગ હોય ત્યારે ત્યાં લક્ષ જાય. એટલી વાત છે. એથી વધારે આગળ વધીને કાંઈક કહે કે, ન્યાં સંવર, નિર્જરા થઈ જાય એ વાતમાં કાંઈ માલ જરીયે નથી. એ..ઇ..! સાથે હતા કે નહિ? હતા ને? ન્યાં મોટર રાખી હતી, ન્યાં 'કાનપુર'માં ઉતર્યા હતા. 'કાનપુર' નહિ? સમજાણું કાંઈ?

'એમ જ છે...' 'એમ જ છે નિશ્ચયથી.' એમ કહે છે, જોયું? 'एव' કીધું ને? 'एव'. એમ જ છે એટલે કે નિશ્ચયથી એવું જ છે. આત્મવસ્તુની અંતરની અનુભવની એકાગ્રતા. બસ! એક જ શુદ્ધતાનું કારણ, સંવર-નિર્જરાનું કારણ ને મુક્તિનું કારણ (છે). બાકી બધી વાતું (છે). 'ન્યાલભાઈ'! 'શ્રીમદ્'માં એક વાક્ય આવે છે, એક જીવને પણ તારે તો એ તીર્થંકરગોત્ર બાંધે. એવું એક વાક્ય આવે છે. એમાં આવે છે. પણ એનો અર્થ કે, વિકલ્પ ઉઠ્યો છે અને સામે સમજે તો પેલો વિકલ્પ છે એનાથી બંધન થાય એમ કહે છે. એવો શબ્દ છે. એ વિકલ્પ અબંધ પરિણામ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એ પણ એને દૃષ્ટિ અંતરમાં પડી છે, શુદ્ધનું પરિણમન છે, એવો વિકલ્પ આવ્યો તો કહે છે કે, એને બંધ છે. એમ કહે છે. પેલો ખુશ થઈ જાય કે, આહાહા..! સમજાણું કાંઈ? એવું એક વાક્ય છે. શાસ્ત્રમાં. ૩૨-૩૩ (વર્ષમાં) છે. એક જીવને પણ સાચી સમજણ થાય અને બોધ થાય તો તીર્થંકર ગોત્ર બાંધે. એટલે એમ કહ્યું કે, પેલો વિકલ્પ ઉઠે છે. એટલે એને બંધ થાય એનાથી નિર્જરા ન થાય. તીર્થંકરપણું બંધ છે ને? ન્યાં ક્યાં સંવર, નિર્જરા હતી. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ મોક્ષનું કારણ છે.

ઉત્તર :- ના, ના. મોક્ષનું કારણ ધૂળમાંય નથી. પ્રકૃતિ મોક્ષનું કારણ હશે? વિકલ્પ ઉઠે છે, એ તો આવે છે એનું કારણ કે રાગરહિત દૃષ્ટિ, જ્ઞાન કર્યા છે એ ક્રમે કરીને રાગને તોડીને કેવળજ્ઞાન પામશે. પ્રકૃતિ ત્યાં નિમિત્ત કહેવાય છે, નિમિત્ત કહેવાય છે, વસ્તુ ક્યાં હતી એમાં. અરે..! આહાહા..! એકાંત છે, એકાંત છે. અહીં એકાંત ઠર, એકાંત ઠર એમ કહે છે.

એ એક વાત કરી. જોયું? 'एव' શબ્દ પડ્યો છે ને? 'ज्ञानस्य सञ्चेतनयैव नित्यं प्रकाशते ज्ञानमतीव शुद्धम् ।' હવે એનાથી વિરુદ્ધ (કહે છે). 'अज्ञानसञ्चेतनया बन्धः धावन् बोधस्य शुद्धिं निरुणद्धि' હવે અજ્ઞાનચેતનાની વ્યાખ્યા (કહે છે). અજ્ઞાન એટલે શું? અજ્ઞાન એટલે કે રાગ-દ્વેષ, મોહરૂપ પરિણામ કે જેમાં જ્ઞાનના ચૈતન્યનો પ્રકાશ નથી. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ વિકલ્પ આદિ જે ભાવ એ બધા રાગ અને દ્વેષના વિકલ્પો છે. અને મોહ-એથી મને લાભ થાય એવો મિથ્યાત્વભાવ. એ કર્તાની વ્યાખ્યા કરી. સમજાય છે કાંઈ? શુભ-અશુભ રાગ અને દ્વેષ અને મોહ. અશુદ્ધ પરિણતિને અહીંયાં અજ્ઞાનચેતના કીધી.

અજ્ઞાન એટલે વસ્તુના સ્વભાવના ભાન વિનાની જે અશુદ્ધ રાગ-દ્વેષ ને મોહની અવસ્થાને અહીંયાં અજ્ઞાનચેતના (કહે છે). એટલે કે જેમાં જ્ઞાન નથી એમાં એકાગ્ર થઈ ગયો છે. પુણ્ય પરિણામમાં જ્ઞાન છે? સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ, ઉપદેશનો વિકલ્પ, એ વિકલ્પમાં જ્ઞાન છે? પવિત્ર કોણ? ઇ તો આત્માનું મૂળ (સ્વરૂપ) પવિત્ર. આ તો એક અશુભ ટાળે એ અપેક્ષાએ. પવિત્ર કે દિ' હતું? વ્યવહારે કહેવાય. સમજાણું કાંઈ?

'अज्ञानसञ्चेतनया' હવે અહીં તો કહે છે, જુઓને ! અજ્ઞાન એટલે ભગવાનઆત્માથી વિરુદ્ધ, પુણ્ય અને પાપના વિકલ્પો, શુભ-અશુભભાવ અને આ મને લાભદાયક (છે) એવો મિથ્યાત્વભાવ એ કર્તાના, અજ્ઞાનના પરિણામ (છે), એ કર્મચેતના કીધી. 'તથા સુખ-દુઃખાદિરૂપ જીવની અશુદ્ધ...' સુખ-દુઃખ એ કર્મફળચેતના કીધી. બે ચેતનાને અજ્ઞાનચેતના કહે છે. શુભ-અશુભ વિકલ્પ એ કર્તવ્ય છે, એ મારું એવો મિથ્યાત્વભાવ સહિતનો રાગ-દ્વેષભાવ અને સુખ-દુઃખ (થવા), એમાં હરખ આવવો, હરખ.. ઓહો! ઠીક આપણે કર્યું, ઠીક કર્યું. શુભભાવ ઠીક કર્યો. એવો હરખ. અને અશુભમાં અઠીક અથવા પ્રતિકૂળમાં દ્વેષ (થવો) એવો સુખ-દુઃખ આદિરૂપ રતિ-અરતિ આદિના પરિણામ (થાય) એ કર્મફળચેતના થઈ. કર્મફળ એટલે કર્મ જડની અહીં વાત નથી. પુણ્ય અને પાપનું કાર્ય એનું ફળ હરખ ને શોક. એ જ સમયે કર્તા અને એ જ સમયે ભોક્તા. એને અહીંયાં અજ્ઞાનચેતનાના બે પ્રકાર કહેવામાં આવે છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ 'જીવની અશુદ્ધ પરિણતિ...' છે. એ આત્માની મલિન, નિર્મળને રોકનારી વિકારી પર્યાય છે. સમજાણું કાંઈ? એ દ્વારા, એ દ્વારા શું થાય? પેલામાં પણ એ દ્વારા આવ્યું હતું ને? 'बन्धः धावन्' આ પુણ્ય ને પાપના વિકલ્પો અને એ મારા ને એમાં લાભ એવો મિથ્યાત્વભાવ અને સુખ-દુઃખના પરિણામ એ મને મજા. એવો જે ભાવ એનાથી 'बन्धः धावन्' આઠ કર્મનો બંધ દોડે છે. એટલે આઠ કર્મ બંધાય છે. સમજાણું કાંઈ? 'જ્ઞાનાવરણાદિ કર્મબંધ અવશ્ય થતો થકો...' જરૂર એને આઠે કર્મ બંધાય છે. દર્શનમોહ પણ એને બંધાય છે. શુભભાવમાં મને લાભ થાય છે એવી માન્યતા સહિતની અશુદ્ધ અજ્ઞાનચેતના એનાથી 'बन्धः धावन्' બંધ પડે છે.

અહીં સમ્યગ્જ્ઞાનની અપેક્ષામાં એ બંધ નથી, એ વાત નથી. સમ્યગ્દષ્ટિને જ્ઞાનચેતના છે એ અપેક્ષાએ કર્મફળચેતના વસ્તુની એક દષ્ટિએ નથી. ગૌણ છે. એટલે એને બંધન છે જ નહિ એ અપેક્ષાએ. અંતર એકાગ્રતાની મુખ્યતા અને પ્રધાન કરતાં જ્ઞાનચેતના જ જ્ઞાનીને એકલી છે. જરી પુણ્યના પરિણામ થાય એ એને બંધનું કારણ છે. જ્ઞાનીને ઉપદેશના વિકલ્પમાં આવે એ બંધનું જ કારણ છે, એ આત્માની નિર્જરાનું કારણ નથી. સમજાણું કાંઈ?

એ 'बन्धः धावन्'. 'જ્ઞાનાવરણાદિ કર્મબંધ અવશ્ય થતો થકો...' પેલામાં એમ કહ્યું હતું ને? કે, 'अतीव शुद्धम्' જ્ઞાન પ્રકાશે છે. અહીં કર્મબંધ જરૂર થાય છે. 'बोधस्य शुद्धिं निरुणद्धि' એમાં કેવળજ્ઞાન એટલે 'જ્ઞાનની શુદ્ધતાને રોકે છે.' પુણ્ય ને પાપના વિકલ્પો, એ કર્તૃત્વબુદ્ધિની કર્મચેતના, હરખ-શોકનું ભોગવવું એ કર્મફળચેતના. એનાથી આઠ કર્મ બંધાય. ભગવાનઆત્મા કેવળજ્ઞાનરૂપી પ્રભુ એમાં રોકાઈને એનું કેવળજ્ઞાન 'निरुणद्धि' થઈ જાય છે. જ્ઞાનનું પ્રકાશવું થતું નથી. સ્વરૂપનું પ્રકાશવું થતું નથી અને કેવળજ્ઞાન એને થતું નથી. અહીં તો એકલું જ્ઞાન જે પ્રગટ થવું જોઈએ, ચિદાનંદ ભગવાન જ્ઞાતા-દષ્ટાપણે (થવું જોઈએ), રાગ ને દ્વેષના સુખ-દુઃખના કર્મફળચેતના અને કર્મચેતનાથી જ્ઞાનપ્રકાશ પ્રગટતો નથી. સમજાણું કાંઈ? એને કેવળજ્ઞાન 'શુદ્ધતાને રોકે છે.'

અજ્ઞાનીને પૂર્ણ અશુદ્ધતા છે, જ્ઞાનીને થોડી ગૌણપણે અશુદ્ધતા છે એટલી પણ કેવળજ્ઞાન થવાને રોકે છે. સમજાણું કાંઈ? એને ખ્યાલ છે કે નહિ કે, અહીં મારી પાસે નિર્મળતા થોડી છે. રાગ થાય છે કે નહિ? સમજાણું કે નહિ? રાગ થાય છે કે નહિ? પણ એની મુખ્યતા જ્ઞાયક ઉપર છે એથી રાગને અહીંયાં ગૌણ ગણ્યો છે. પણ રાગ છે એટલું જ્ઞાનીને બંધનું કારણ છે. એ વાત 'પુણ્ય-પાપ અધિકાર'માં આવી ગઈ છે. સમજાણું કાંઈ? આહા..!

એકલો આત્મા શુદ્ધ ચૈતન્યને અવલંબીને થતી પરિણતિ એક જ મુક્તિનું કારણ છે. જ્ઞાનીને જરી રાગાદિ આવે એ પણ બંધનું જ કારણ છે, આત્માને શુદ્ધતાનું કારણ બિલકુલ નથી. આહાહા..! વીતરાગમાર્ગ આવો છે, ભાઈ! લોકોને રુચવો (કઠણ છે). રાગીઓના રસના રાગીને, રાગમાં રહેવું રાગના રાગીલાને આ વાત (કઠણ લાગે). વસ્તુ સ્વભાવથી વિરુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મચેતના, કર્મફળચેતનાથી બંધ જ થાય. અજ્ઞાનીને આખું જ્ઞાન રોકાઈ જાય છે. જ્ઞાનીને એટલા પરિણામ જરી મિથ્યાત્વ વિનાના હોય છે એને કેવળજ્ઞાન રોકાય જાય છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ બહુ ટૂંકો. એ રીતે 'જ્ઞાનચેતના મોક્ષનો માર્ગ,...' ભગવાનઆત્મા જ્ઞાયક ચૈતન્યમાં અંતર એકાગ્રતા (થવી) એ વસ્તુમાં અંતરની એકાગ્રતાનું ધ્યાન (થવું) એ એક જ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? કેટલાક કહે ને? ભલે અમારો મોક્ષ મોડો થાય પણ દુનિયાને જો અમારાથી લાભ થતો હોય તો ભલે બે ભવ કરીએ. પરોપકાર? ભલે અમારે એક દેહ વધે. એક દેહ નહિ, તારા અનંત દેહ વધે. સાંભળને! રાગની જેને ભાવના (છે) અને એ ભાવના દ્વારા પરને લાભ થશે એ મિથ્યાત્વભાવ છે. લોકોને પણ કેવું સારું લાગે! સભા મોટી પચાસ હજાર ભેગી થઈ હોય. અરે..! ભાઈ! અમારે કદાચિત્ એક અવતાર લેવો પડે, બે ભવ કરવા પડે પણ જગતનું કલ્યાણ થતું હોય તો અમારે ભવ બહેતર છે. કેવું સારું લાગે! એ.. 'ન્યાલભાઈ'!

ઇ આચાર્ય કહેવાય જ નહિ, કહે છે. ઇ સાચી વાત છે. ટાણે મૂક્યું જોયું એણે? ભાઈ! 'શ્રીમદ્દે' એમ કહ્યું છે ને? ....ભલે અમારે જરી ... લોકોનું કલ્યાણ કરીને.. ધૂળનુંય નથી. ઠીક! બરાબર ટાણે કર્યું, હોં! એ વાત જ ખોટી છે. ખ્યાલ છે, ઇ વાંચતા વાંચતા પણ ખ્યાલ હતો. બીજાનું જો અમારાથી કલ્યાણ થાય, જૈનધર્મનો ઉદ્ધાર થાય તો અમારું કલ્યાણ (ભલે) આઘું થાય. વસ્તુ જ ખોટી છે ઇ. સમજાણું કાંઈ? પરનું કલ્યાણ તો એની યોગ્યતા હશે ત્યારે થશે. એમાં બીજો કરી દે કે હું આંહી રોકાઈને એને કરી દઉં, હું મારી સ્થિરતામાંથી ભલે મને આવો ભાવ આવે અને બીજાનું થોડું કલ્યાણ થઈ જાય, એ વાત જ જૂઠી છે. આહાહા..! એ..ઇ...! 'ભીખાભાઈ'! એક વાત આવી હતી કે, મોટી સભામાં એક જણો (બોલતો હતો), અમારે બીજા ભવ કરવા પડે પણ લોકોના કલ્યાણ માટે ભલે અવતાર લેવા પડે. અરે..! ભાઈ! પણ તું કલ્યાણ કોને કહે છે? આ દાળ, ભાત, રોટલા મળવા એને? ઇ શું તારાથી મળતા હતા? એ તો એના પૂર્વના પુણ્ય હોય તો એની પાસે આવે. તું દઈ દેતો હતો કોઈને? આહાહા..! ભારે વાત આકરી. અને અમારા એકાદ-બે ભવ હો ભલે પણ લોકોનું કલ્યાણ (કરવું). મૂઢ છો. ભવનો ભાવ રાગ, એની એવી ભાવના મિથ્યાદષ્ટિની હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! મેળ કરવો ભારે કઠણ જગતને. અને દુનિયાના કલ્યાણનો કાળ હશે ત્યારે થતો હશે કે આડોઅવળો થાતો હશે? સમજાણું કાંઈ? આનાથી ત્યાં થાતું હશે? તીર્થંકરની વાણી કાળે વાણીને લઈને ન્યાં લાભ થયો હશે? જેનો આત્મા પાત્ર હતો અને એણે જ્યાં આમ સાંભળ્યું, અંતરમાં જ્યાં જોયું ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. ત્યારે એ વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. વાણી કરતી હોય તો ભગવાન પાસે અનંતવાર ગયો હતો. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ગમે તે હોય નહિ. એને કાળે એની પરિણતિને કાળે, એના કાર્ય કાળે નિમિત્ત હોય, બસ! પણ નિમિત્ત ક્યારે કહેવાય? કે, એણે કાર્ય કર્યું ત્યારે નિમિત્તનો આરોપ દેવાય. નિમિત્ત છે માટે કાર્ય થાય છે? આમ સરખું ન આવ્યું બરાબર. કહો, સમજાણું આમાં? નિમિત્તની વ્યાખ્યા આટલી છે કે, જે જીવનો કાર્યકાળ છે ત્યારે સામે એ ચીજ છે એને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તે એનો કાર્યકાળ ઉપજાવ્યો છે કે કાર્યકાળ કર્યો છે એમ છે નહિ. સમજાણું કાંઈ? 'છોટાભાઈ'!

જે ગુણનો જે પર્યાયનું તેનું કાર્ય છે એટલે એ જ કાળ, કાર્ય છે. સમય સમયની પર્યાય પ્રવાહ વહે છે કે નહિ? અખંડ ધારાપ્રવાહ. એમાં જે કાળ જે ગુણનો કાર્યકાળ છે ત્યારે જે અનુકૂળ નિમિત્ત કહેવાય એને નિમિત્તનો આરોપ દેવાય. બસ! નિમિત્ત આવ્યું માટે આમાં આ કાર્ય થયું, એ વસ્તુમાં ત્રણકાળમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે જગતને કઠણ (પડે). એને એમ થઈ જાય કે, કો'ક આવીને તારી દ્યે ને! મારે તરવા માટે અંદરમાં જાવું પડે એમ નહિ. કો'ક ઊંચકીને તારે. ભગવાન જન્મ્યા ત્યારે તરી ગયા. તર્યા તે શું ભગવાનને લઈને તર્યા હશે? ભગવાન તો બધા લાખો, કરોડો બધામાં અવાજ આવ્યો હતો. દિવ્યધ્વનિ હતી. સમવસરણમાં પેઠેલા પાછા ફર્યા છે, એવા ને એવા ધોયેલ મૂળા જેવા મિથ્યાદૃષ્ટિ, લ્યો!

એક સાધુ હતો. 'મહાવીર' ભગવાન(ની) મશ્કરી (કરી). પહેલાનો સાધુ હતો. એને એમ કે, મને ગણધરપદ મળશે. ત્યાં ગણધરપદ મળ્યું 'ગૌતમ'ને. ન્યાં ન બોલ્યો, બહાર નીકળીને કહે, આ સર્વજ્ઞ નથી. સર્વજ્ઞ હોય તો આમ બને? પણ તારે કારણે છે કે એને કારણે? સાંભળને! 'ન્યાલભાઈ'! આહાહા..!

'બંધ અધિકાર'માં નથી લીધું? એના પરિણામે તરે એ તારા અધ્યવસાય હોય કે ન હોય એ તો એના પરિણામે તરે છે. તું અધ્યવસાય એમ કર કે હું આને તારી દઉં અને હું આને ડૂબાડી દઉં. એ એના સરાગના પરિણામ વિના તારા અધ્યવસાય હોય કે હું એને ડૂબાડૂં તો પણ એ બૂડશે નહિ. અને એના વીતરાગ પરિણામ વિના તું અધ્યવસાય કર કે આને તારું. તો તારા અધ્યવસાય એક કોર પડ્યા રહેશે અને વીતરાગ પરિણામે એ તરી જશે. સમજાણું કાંઈ? આ તો પાઠ ચોખ્ખા, પણ વસ્તુની સ્થિતિ એમ છે. બીજાને બંધ ને મોક્ષ કરી દઉં, એનો અર્થ શું?

મુમુક્ષુ :- કોઈ અપેક્ષાએ...

ઉત્તર :- કઈ અપેક્ષા વળી? એ..ઇ...! પેલા એક કહે છે ને? બીજી અપેક્ષા છે જ નહિ, એક જ અપેક્ષા છે. જે કોઈ એકત્વબુદ્ધિથી વિકલ્પ ઉઠાવે કે, હું બીજાનું બંધાવું, ડૂબાડું, આમ નરકમાં નાખી દઉં આને, એથી એના મિથ્યાત્વના રાગના, મિથ્યાત્વરૂપી રાગ, એના પરિણામ વિના નરકે જશે કે બૂડશે? તું વિકલ્પ કર કે, આને તારી દઉં. તારો વિકલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં કાર્યગત થશે નહિ. એના વીતરાગ પરિણામથી તરશે, તું વિકલ્પ ન કર તોપણ તરશે. અને તારો વિકલ્પ હોય તોપણ એના વીતરાગ ભાવે તરશે.

મુમુક્ષુ :- આપનું શાસ્ત્ર બહુ સ્પષ્ટ છે.

ઉત્તર :- શાસ્ત્ર તો વસ્તુનું છે ને? આત્માનું એ શાસ્ત્ર છે. શાસ્ત્ર ક્યાં કોઈનું છે? સમજાણું કાંઈ? ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે, તું મોક્ષનો માર્ગ એને એ પ્રાપ્ત વીતરાગભાવે કરશે ત્યારે એની મુક્તિ થશે. તારા પરિણામની ભાવનાથી ત્યાં વીતરાગભાવ થશે? સમજાણું કાંઈ? આહાહા..! એ વીતરાગમાર્ગ જ આવો હોય, બીજો માર્ગ આવો હોય નહિ. આહાહા..!

કહે છે, જ્ઞાનચેતના તે મોક્ષનો માર્ગ. આ તો શું કહ્યું? કે, ક્યાંક વચ્ચે આવો વિકલ્પ આવે ને બીજાને સમજાવવાનું થાય ને ઢીકણું થાય ને એમાં કાંઈક પરને લાભ થાય અને એમાંથી આત્માને કાંઈક લાભ થાય (એમ માને). એ.. 'ન્યાલભાઈ'! ઘણા સમજે એનો લાભ થાય કે નહિ? થોડું ભાતું મળે કે નહિ? ઉઠ્યા પછી ભાતું નહોતા દેતા? તમને ખબર છે? તમે ગામના શેઠ હતા. કાંઈક બાધા લ્યો, વ્રત લ્યો તો એ ભાતા લીધા કહેવાય. ભારે! અરે!. મિથ્યા ભ્રમે મારી નાખ્યા છે ને? 'ગોપાળદાસભાઈ'! સમજાણું?

જ્ઞાનચેતના મોક્ષનો માર્ગ છે. અહીં તો શું કહેવું છે? કે, શુદ્ધ ચૈતન્યમાં એકાગ્ર થવું એક જ મોક્ષનો માર્ગ છે. પેલા વિકલ્પ ઉઠે ને આમ થાય ને એને લઈને આમ થાય. હરામ વાત થાય તો. આહાહા..! આ અનેકાંત-જ્ઞાનચેતનાથી મોક્ષમાર્ગ થાય અને રાગથી ન થાય એનું નામ અનેકાંત. સમજાણું? પર તરે તો આત્માને મોક્ષ થાય અને પર ન તરે તો આત્માને મોક્ષ ન થાય એ અનેકાંત નહિ. મારા ભાવથી મારી મુક્તિ થાય, પર તરે ન તરે એની સાથે મારે કાંઈ સંબંધ નથી. આહાહા..! કેમ હશે 'શુકનચંદજી'? થોડું રોકાવું કે નહિ કો'કને માટે?

જ્ઞાનચેતના તે મોક્ષનો માર્ગ. આહાહા..! ભગવાન! એ તું તારામાં ઠર એક જ વાત. મોક્ષનો માર્ગ. બાકી વચ્ચે જેટલા વિકલ્પ ઉઠે એ બધા બંધના કારણ છે. આ અજ્ઞાનચેતના સંસારનો માર્ગ લે. આહાહા..! શુભભાવ કે અશુભભાવ તે ચૈતન્યના પ્રકાશના ઘાતરૂપ ભાવ છે. આહાહા..! એ અજ્ઞાનચેતના તે સંસારનો માર્ગ છે. બે સિવાય કોઈ ત્રીજી રીત નથી. ભગવાન વીતરાગમાર્ગમાં અને વસ્તુના સ્વરૂપમાં નથી. કહો, સમજાણું આમાં? લ્યો એ ૩૨ શ્લોક પૂરો થયો. હવે ૩૩. નવ નવ કોટિ આવી ને એટલે ૩૩ આવ્યો. મન, વચન અને કાયા આવે છે ને? કરે, કરાવે, અનુમોદે. એ આવે છે. આહા..! એક શ્લોકમાં તો કેટલું ભર્યું છે. એક એક શ્લોકે આખું સમાડી દીધું છે. એવી કોઈ આચાર્યની પદ્ધતિ છે. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? પણ કાંઈ બીજું સાધન-ફાધન હશે કે નહિ? એક જ આ માર્ગ? બીજું કોઈ એનું સાધન? એ પ્રશ્ન (કરતું હતું). સાધન કહો તો ઇ અને એનું એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે લે. કષાયની મંદતાને સાધન કહ્યું એ તો વ્યવહારનયથી અભૂતાર્થનયથી કહ્યું. એટલે કે છે નહિ. છે નહિ તેને કહેવું એ વ્યવહારનયના લખણ છે. સમજાણું કાંઈ? 'એક જ ભગવાન શુદ્ધ ચૈતન્યની વજ્રની મૂર્તિ પ્રભુ આત્મા, એમાં એકાગ્રતા (થવી) એ જ મુક્તિનો માર્ગ, રાગાદિમાં એકાગ્રતા એ બંધનો માર્ગ. બે સિવાય ત્રીજી વાત છે નહિ.'

---

(આર્યા)

कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचकायैः।
परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।।३३-२२५।।

खंडान्वय सહિત અર્થ :- કર્મચેતનારૂપ તથા કર્મફળચેતનારૂપ છે જે અશુદ્ધ પરિણતિ તેને મટાડવાનો અભ્યાસ કરે છે : 'परमं नैष्कर्म्यम् अवलम्बे' હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ છું, સકળ કર્મની ઉપાધિથી રહિત એવું મારું સ્વરૂપ મને સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદમાં આવે છે. શું વિચારીને ? 'सर्वं कर्म परिहृत्य' જેટલું દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ છે તે સમસ્તનું સ્વામિત્વ છોડીને. અશુદ્ધ પરિણતિનું વિવરણ-'त्रिकाल विषयं' એક અશુદ્ધ પરિણતિ અતીત કાળના વિકલ્પરૂપ છે જે 'મેં આમ કર્યું, આમ ભોગવ્યું' ઇત્યાદિરૂપ છે; એક અશુદ્ધ પરિણતિ આગામી કાળના વિષયરૂપ છે જે 'આમ કરીશ, આમ કરવાથી આમ થશે' ઇત્યાદિરૂપ છે; એક અશુદ્ધ પરિણતિ વર્તમાન વિષયરૂપ છે જે 'હું દેવ, હું રાજા, મારે આવી સામગ્રી, મને આવું સુખ અથવા દુઃખ' ઇત્યાદિરૂપ છે. એક આવો પણ વિકલ્પ છે કે : 'कृतकारितानुमननैः' ( कृत ) જે કંઈ પોતે હિંસાદિ ક્રિયા કરી હોય; ( कारित ) જે, અન્ય જીવને ઉપદેશ દઈને, કરાવી હોય; ( अनुमननैः ) જે, કોઈએ સહજ જ કરેલી ક્રિયાથી સુખ માનવું હોય. તથા એક આવો પણ વિકલ્પ છે કે : 'मनोवचनकायैः' મનથી ચિંતવવું, વચનથી બોલવું, કાયાથી પ્રત્યક્ષપણે કરવું. આવા વિકલ્પોને પરસ્પર ફેલાવતાં ઓગણપચાસ ભેદ થાય છે, તે સમસ્ત જીવનું સ્વરૂપ નથી, પુદ્ગલકર્મના ઉદયથી થાય છે. ૩૩-૨૨૫.

---

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचकायैः।
परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।।३३-२२५।।

'કર્મચેતનારૂપ તથા કર્મફળચેતનારૂપ છે જે અશુદ્ધ પરિણતિ તેને મટાડવાનો અભ્યાસ કરે છે :' ધર્મી, કર્મચેતના એટલે પુણ્ય-પાપના ભાવનું કર્તૃત્વ. કર્મફળચેતના એટલે પુણ્ય-પાપમાં હરખ ને શોકનો ભાવ. હરખ-શોકનો ભાવ. એવી જે અશુદ્ધ દશા, એ અશુદ્ધ દશા, અશુદ્ધ પર્યાય, તેને મટાડવાનો ઉપાય અભ્યાસ હોય છે. એને રાખવાનો ન હોય. 'परमं नैष्कर्म्यम् अवलम्बे' દેખો! હવે એ અભ્યાસ શું કહે છે? 'परमं नैष्कर्म्यम् अवलम्बे' 'હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ છું,...' એ એનું અવલંબન. હું શુદ્ધ ચૈતન્ય. નિષ્કર્મ છે ને? પરમ નિષ્કર્મ. પુણ્ય-પાપ વિકલ્પ વિનાનું એકલું નિષ્કર્મ ચૈતન્ય. 'શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ છું. સકળ કર્મની ઉપાધિથી રહિત...' રાગાદિ કર્મથી રહિત એવું મારું સ્વરૂપ, 'એવું મારું સ્વરૂપ મને...' 'अवलम्बे'ની વ્યાખ્યા કરી. 'મને સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદમાં આવે છે.' એ 'अवलम्बे'ની વ્યાખ્યા. આહાહા..! સમજાણું કાંઈ?

પછી આ મૂર્તિનું ને શરીરનું અવલંબન કે દિ' આવશે? પેલા બે ને તકરાર છે. પેલો કહે અવલંબન હોય ને પેલો કહે અવલંબન ન હોય. એ તો વચમાં શુભરાગ હોય છે. એટલે વ્યવહાર અવલંબન એને કહેવાય છે. એનો નિષેધ કરે કે એવો વ્યવહાર ન જ હોય એ ખોટી વાત. પણ એ વ્યવહારથી નિશ્ચય અંદર અકર્મ અવસ્થા પમાય એ ખોટી વાત છે. આરે.. આરે..! સમજાણું કાંઈ? બેને તકરાર છે ને? ભગવાનનું અવલંબન શું? 'કુંદકુંદાચાર્યે' નિશ્ચયથી તો આ સ્તુતિ કીધી છે. પણ વ્યવહાર વચ્ચે વિકલ્પ આવે છે એનું જ્ઞાન કરવા માટે વાત કરી છે. એવો ભાવ આવ્યા વિના રહે નહિ. છતાં એ બંધનું કારણ છે, એ મુક્તિનું કારણ નથી. આહા..! મોક્ષના માર્ગમાં પૂર્ણ ન થાય ત્યાં સુધી એવા ભાવ હોય છે. એનો જો સ્વીકાર ન કરે તો એ વ્યવહારને માનતો નથી. એટલું. વ્યવહારથી લાભ થાય એવો પ્રશ્ન છે નહિ. સમજાણું? વ્યવહાર છે નહિ એમ માને તો તો તીર્થનો નાશ થાય છે. વિકલ્પ, ગુણભેદની પર્યાયો બધું (છે). અને એની સાથે નિશ્ચય આખું તત્ત્વ અખંડ છે એને આશ્રયે જ્ઞાન થાય એની તો એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'परमं नैष्कर्म्यम् अवलम्बे' ધર્મી જીવ–સમ્યગ્દૃષ્ટિ જીવ 'હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ છું,...' ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ સ્તંભ. ચૈતન્યનો ધ્રવ સ્તંભ ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ, ચૈતન્ય વસ્તુ. 'સકળ કર્મની ઉપાધિથી રહિત...' એ નિષ્કર્મની વ્યાખ્યા કરી. 'સકળ કર્મની ઉપાધિથી રહિત...' પરમનો અર્થ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ કર્યો. નિષ્કર્મનો અર્થ સકળ કર્મઉપાધિ રહિત કર્યો. હવે અવલંબનનો અર્થ. એક એક શબ્દના અર્થ છે. 'એવું મારું સ્વરૂપ...' એવું મારું સ્વરૂપ. પુણ્ય-પાપના રાગ અને કર્મ વિનાનું અને પૂર્ણ ચૈતન્ય શુદ્ધસ્વરૂપ અસ્તિ, વિકલ્પના રાગના કર્મથી નાસ્તિ એવું મારું સ્વરૂપ. અસ્તિ-નાસ્તિ કરી અનેકાંત કર્યું. 'એવું મારું સ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મને સ્વાનુભવ...' મને અવલંબનમાં આવ્યું છે. અવલંબનનો અર્થ મને તે જ્ઞાનમાં પ્રત્યક્ષ અનુભવમાં-આસ્વાદમાં આવે છે. એ આનંદનો સ્વાદ આવે એણે આત્માને અવલંબ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! ભાષા જુઓ! સમજાણું કાંઈ? આત્મા અવલંબ્યો એટલે? આત્મા શુદ્ધ અખંડ આનંદમૂર્તિ, એને અવલંબ્યો એટલે પ્રત્યક્ષ જ્ઞાનના આનંદનો સ્વાદ (આવે) એણે આત્માને અવલંબ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- અવલંબન તો કથનમાત્ર રહ્યું.

ઉત્તર :- ના, કથન ક્યાં રહ્યું? એ જ અવલંબ્યો, એ જ અવલંબ્યો કહેવાય. આસ્વાદ આવ્યો એ જ અવલંબ્યો કહેવાય, એમ. કથનમાત્ર ક્યાં છે? વસ્તુ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ધ્રુવ. એ વિકલ્પ અને કર્મથી રહિત વસ્તુ. એનું અવલંબન એટલે કે એનો પ્રત્યક્ષ અનુભવનો આસ્વાદ (આવે) એનું નામ જ અવલંબન. અવલંબન એટલે કથનમાત્ર એમ નહિ. 'સ્વસંવેદન. એનું નામ જ અવંલબન છે.' નિશ્ચયથી એને અવલંબ્યો એટલે કે આ દ્રવ્યના એકાગ્રતાના અનુભવમાં આ જ અવલંબન રહ્યું, રાગનું અવલંબન છૂટી ગયું. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુની સ્થિતિ જ આમાં વર્ણવી છે.

આ અવલંબું છું એનો અર્થ શું થયો? આ આત્મા શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ રાગ ને કર્મ વિનાનો અવલંબું છું એટલે શું થયું? એની સન્મુખની પ્રત્યક્ષ આનંદના વેદનમાં આવ્યો એટલે અવલંબું છું એમ એ થયું. સમજાણું કાંઈ? આહાહા..! વકીલાતથી આ બધી બીજી જાત છે. આ તો કહે છે, અવલંબન મફતમાં ગયું.

મુમુક્ષુ :- .. પ્રત્યક્ષ થઈ ગયું પછી અવલંબન શું?

ઉત્તર :- પણ ઇ જ અવલંબન છે. અવલંબનની વ્યાખ્યા. આ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદકંદ રાગ અને કર્મ વિનાનું. એનું અવલંબન લેવું એટલે કે એમાં એકાગ્રતાનું આનંદનું વેદન (આવવું) એનું નામ અવલંબન એમ. આહાહા..! સમજાણું કાંઈ?

'એવું મારું સ્વરૂપ...' એવું મારું ભગવાન ચૈતન્યસ્વરૂપ 'મને સ્વાનુભવ...' એને અનુસરીને, અવલંબીને જે આનંદ પ્રગટ્યો એ સ્વસન્મુખથી પ્રત્યક્ષ, જ્ઞાન જ્ઞાનને સ્વસંવેદનમાં વેદે એણે આત્માને અવલંબ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પાછા શબ્દ કેટલા લીધા છે? કે, 'એવું મારું સ્વરૂપ...' હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અસ્તિ, સકળ કર્મની નાસ્તિ. 'એવું મારું સ્વરૂપ મને...' મને 'સ્વાનુભવ...' એટલે કે અવલંબન એટલે કે એનું અવલંબન થયું કે સ્વઅનુભવ થયો. આ જ્ઞાનાનંદ છું એમ અનુભવ (થયો), તે પણ પ્રત્યક્ષ થયો. રાગના અવલંબન વિના એકલા જ્ઞાનનું અવલંબન જ્ઞાનથી થયું એવા પ્રત્યક્ષમાં આસ્વાદ નામ શાંતિનો આસ્વાદ આવે છે. એણે ભગવાનઆત્માને અવલંબ્યો. આહાહા..! એ વસ્તુમાં એકાગ્ર થયો એણે આત્માને અવલંબ્યો. રાગમાં એકાગ્ર થયો એણે વિકારને અવલંબ્યો. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :– ક્રમબદ્ધપણામાં આવી જાય તો સમજી જાય.

ઉત્તર :– હા, એવી રીતે ચોથે સમજાય. સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ, વસ્તુ, વસ્તુ છે. એ વસ્તુનો સ્વભાવ અવલંબ્યો ક્યારે કહેવાય? એ વસ્તુ પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ. એ અસ્તિ થઈ. એકલો જ્ઞાયકભાવ. સાથે સમજાવ્યું કે પુણ્ય-પાપના વિકલ્પ અને કર્મથી એ વસ્તુ રહિત છે. એ આ જ છે અને આનાથી રહિત (છે). એમ જ્યાં અંદર દૃષ્ટિ થઈ એટલે પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'મારું સ્વરૂપ મને...' ભાષા જુઓ! મારું સ્વરૂપ મને, મને મારું સ્વરૂપ. રાગ મારું સ્વરૂપ નથી, શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક મારું સ્વરૂપ મને. મારું મને. મારા જ્ઞાનના અનુભવમાં પ્રત્યક્ષ નામ તે વસ્તુને અવલંબીને થયેલો ભાવ એ પ્રત્યક્ષપણે એ આનંદનો સ્વાદ (આવે) એને અહીંયાં આત્માનું અવલંબન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ જે અવલંબન વર્તે છે, શુભ-અશુભરાગ કે નિમિત્તના અવલંબનમાં દુઃખનું વેદન, દુઃખનું વેદન છે. એમાં પ્રત્યક્ષપણું નથી. દુઃખનું વેદન છે. પ્રત્યક્ષપણું.. દુઃખ વેદવું એ પણ પ્રત્યક્ષ આ ચીજ છે એવું એને જ્ઞાન નથી થતું. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવને દુઃખરૂપે વેદે એને અહીં અજ્ઞાનચેતના અને એને મિથ્યાદૃષ્ટિની કર્મચેતના ને કર્મફળચેતના કીધી. એને ફરીને ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યવસ્તુ ઉપર દૃષ્ટિ જતાં શુદ્ધ ચૈતન્ય વસ્તુ. રાગરહિત વસ્તુ, એની દૃષ્ટિ જતાં પ્રત્યક્ષ નામ રાગનું અવલંબન રહ્યું નહિ, સ્વભાવનું અવલંબન થયું. એટલે પ્રત્યક્ષ થઈ ગયું, સ્વઅનુભવ થયો અને તેની સાથે જે રાગ-દ્વેષનું વેદન પરાલંબીમાં હતું ત્યાં આત્માની શાંતિનું વેદન આવ્યું. એને આત્માનું અવલંબન વાસ્તવિક, યથાર્થપણે એને કહે છે. આહા..! સમજાણું કાંઈ?

'શું વિચારીને?' 'सर्वं कर्म परिहृत्य' 'જેટલું દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ છે...' પેલું તો સ્વરૂપ બતાવ્યું હતું કે સ્વરૂપ પોતે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે અને કર્મ આદિથી રહિત છે. હવે 'परिहृत्य' શબ્દ કીધો ને? એટલે કહે છે, શું? જેટલા આઠ જડ કર્મ એ હું નહિ. સ્વામીનો અર્થ હું નહિ. હું અહીં (સ્વરૂપમાં) આવ્યું એટલે અહીં હું નહિ. એનો અર્થ સ્વામીપણું મટી ગયું. સ્વામીનો અર્થ ઇ. હું આ. પુણ્યના, પાપના ભાવ એ હું, એનો સ્વામી, એ સ્વભાવ તરફનો સ્વામી થતાં રાગનો સ્વામી–અહંપણું મટી ગયું. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ. બાપુ! પણ માર્ગ જ આ છે. બીજો કોઈ રસ્તો જ નથી. તું ઝીણો કહે, જાડો કહે, પહેલો કહે, પછી કહે, સોંઘો કહે, મોંઘો કહે. સમજાણું? જે છે તે આ છે. 'સમસ્તનું સ્વામીત્વ છોડીને.' જડકર્મનું અહંપણું છૂટી ગયું. છોડીને (એમ કહ્યું) એ સમજાવે તો એમ ને? છૂટી ગયું. પુણ્ય-પાપના વિકલ્પ હોય એનું અહંપણું છૂટી ગયું અને શરીરાદિ, વાણી હું છું એ અહંપણું છૂટી ગયું. આમાંથી અહંપણું છૂટ્યું એટલે દ્રવ્યમાં અંદરમાં અહંપણું આવ્યું. એને સ્વાનુભવ પ્રત્યક્ષ વેદન કહેવામાં આવે છે અને એ જ મોક્ષનો માર્ગ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કારતક વદ ૯, બુધવાર તા. ૧૭-૧૧-૧૯૬૫. કળશ-૨૨૫, ૨૨૬ પ્રવચન-૨૪૪-K

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' 'કળશટીકા' ૩૩ મો (કળશ). ફરીને. 'કર્મચેતનારૂપ અને કર્મફળચેતનારૂપ છે જે અશુદ્ધ પરિણતિ...' એટલે શું કહે છે? આ આત્મામાં શુદ્ધ ચેતનાને ભૂલી અને જેટલી અશુદ્ધ ચેતના પુણ્ય-પાપના ભાવ, રાગ-દ્વેષના ભાવ કરવારૂપે (થાય છે) એ કર્મચેતના છે અને એના ફળમાં હરખ-શોકનું થવું, શુભ-અશુભભાવમાં, હોં! હરખ-શોકનું થવું એને કર્મફળચેતના કહે છે. સુખ-દુઃખની કલ્પના થવી. બેય અશુદ્ધ પરિણતિ અથવા મલિન દશા છે. પછી પુણ્યનો ભાવ હો કે પાપનો હો કે એ પુણ્યમાં હરખનો હો કે પાપમાં શોકનો હો, એ બધી અશુદ્ધ પર્યાય છે, મલિન છે.

'તેને મટાડવાનો અભ્યાસ કરે છે :' એને મટાડવાનો (એટલે કે) સ્વભાવસન્મુખનો અભ્યાસ થાય છે. 'परमं नैष्कर्म्यम् अवलम्बे' એને મટાડવાનો ઉપાય – 'હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ છું,...' પરમ છું, હું પરમ છું. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ્ઞાન, આનંદસ્વરૂપ હું જીવ છું. 'સકળ કર્મની ઉપાધિથી રહિત...' અને રાગાદિ, કર્માદિથી રહિત મારો સ્વભાવ તદ્દન શુદ્ધ આત્મધર્મ (છે). એમાં 'મારું સ્વરૂપ મને સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદમાં આવે છે.' જુઓ! આ ૪૯ ભાંગાને મટાડવાની આ એક દશા. હું એક શુદ્ધ ચૈતન્યપ્રભુ (છું). 'મારું સ્વરૂપ મને...' મારું સ્વરૂપ મને 'સ્વાનુભવ...' એટલે જ્ઞાનથી જ્ઞાનનું પ્રત્યક્ષ વેદન અને જાણવું (થાય છે) એ દ્વારા આત્માના આનંદના સ્વાદ દ્વારા આ ૪૯ ના ભંગને મટાડવાનો અભ્યાસ કરે છે. સમજાણું કાંઈ?

'શું વિચારીને?' 'सर्व कर्म परिहृत्य' જેટલા આઠ જડ કર્મ છે, પુણ્ય-પાપના વિકારભાવ છે અને નોકર્મ–શરીર, વાણી વગેરે. 'તે સમસ્તનું સ્વામિત્વ છોડીને.' એટલે? મારું સ્વરૂપ મારામાં જ્ઞાનના આનંદના સ્વાદમાં હું અને રાગાદિમાં હું નહિ, એમ સ્વામીપણું છોડીને. બધા પુણ્ય અને પાપના વિકલ્પો, કર્મો અને શરીર એ ત્રણેયમાં હુંપણાનો ભાવ, એના લક્ષનો, ધ્યેયનો હું છું એવો ભાવ છોડી દઈને હું તો ચૈતન્ય પ્રત્યક્ષ આનંદના અનુભવવાળો છું એવા અભ્યાસથી તે રાગ, નવ પ્રકારના ૪૯ ભંગના ભાગ છૂટી જાય છે. બહુ વાત (ઝીણી). કહો, સમજાણું? સમસ્ત પ્રકારનો અહંકાર–સ્વામીત્વ છોડીને. એટલે કે શુદ્ધ સ્વભાવ જ્ઞાન ને આનંદના સ્વભાવના અંતર સ્વામીપણે પરિણમતો પરના સ્વામીપણાના ભાવ છૂટી જાય છે.

હવે 'અશુદ્ધ પરિણતિનું વિવરણ :' એ અશુદ્ધ પરિણતિ કીધી ને? અશુદ્ધ પરિણતિ મટાડવાનો અભ્યાસ એ શું? એ અશુદ્ધ પરિણતિનો પ્રકાર શું? કે જેને મટાડવાનો શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવસન્મુખમાં જ્ઞાનાનંદમાં રહીને મટાડવાનો એ પ્રકાર શું એના ભેદનું વર્ણન કરે છે. ૪૯ ભંગમાં તો આવે છે ને? સાંભળ્યા હતા કે નહિ? સંપ્રદાયમાં આવે છે. 'त्रिकालविषयं' એક તો ત્રિકાળ વિષય. એક 'અશુદ્ધ પરિણતિ...' ત્રિકાળ વિષયની. એક 'અશુદ્ધ પરિણતિ અતીત કાળના વિકલ્પરૂપ...' ગયા કાળના રાગરૂપ, ગયો કાળનો રાગ હતો એ ઠીક હતો એવો જે ભાવ એને છોડીને. ગયા કાળનો રાગ ઠીક હતો કે ભાઈ! મેં પુણ્ય કર્યું હતું તો મને આ મનુષ્યદેહ મળ્યો અને સાંભળવાનું મળ્યું, એવો અતીત કાળનો વિકલ્પ. એમ.

'મેં આમ કર્યું,...' મેં પૂર્વે આ કર્યો. અતીતકાળમાં મેં આ ભાવ કર્યો એ મારો નહોતો. સમજાણું કાંઈ? અતીત કાળના જે વિકલ્પ છે કે, મેં આમ કર્યું. મેં પુણ્ય કર્યું, મેં પૂર્વમાં પાપ કર્યાં. એ નવ પ્રકાર આવશે. મન, વચન, કાયા અને કરવું, કરાવવું, અનુમોદના બે પ્રકાર પાડશે અને ત્રીજો આ, (એમ) ત્રણ પ્રકાર પાડશે. એ વિકલ્પ જે પૂર્વે કર્યો હતો, શુભ-અશુભભાવ કર્યાં અને 'આમ ભોગવ્યું...' કરેલું અને ભોગવવું 'ઇત્યાદિરૂપ છે;...' જે ગયા કાળનો વિકલ્પ એ મારા સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

'એક અશુદ્ધ પરિણતિ આગામી કાળના વિષયરૂપ...' આ ભૂતકાળની અપેક્ષા થઈ. આગામી ભવિષ્યમાં આમ કરીશ. ભવિષ્યનો એવો વિકલ્પ કરું. 'આમ કરીશ, આમ કરવાથી આમ થશે' આવું કરું તો આવું થશે એવા વિકલ્પથી પણ હું નિવર્તું છું. વર્તમાન ભાવથી નિવર્તું એટલે ત્રિકાળથી નિવર્તું છું. સમજાણું? ભવિષ્યમાં આમ કરીશ. કહે છે ને, ભાઈ! ભવિષ્યને માટે એવો સંકલ્પ બાંધો કે આ કામ હું કરું. પણ એ ભવિષ્યનો સંકલ્પ બાંધું એ હું નહિ. સમજાણું? આટલું કામ મારે કરવું. ભવિષ્યમાં મારે દુનિયાને તારવી. એવો તારવાનો પણ ભવિષ્યનો વિકલ્પ એ પણ મારો નથી એમ અહીં કહે છે. સમજાણું કાંઈ?

'આમ કરીશ, આમ કરવાથી આમ થશે.' આમ કરીશ અને આમ એનું થશે, આમ કરીશ ને તો આમ થશે, ભવિષ્યમાં આમ રાગ કરીશ તો આમ થાશે એ બધાથી હું નિવર્તું છું. એ અશુદ્ધ પરિણતિ છે. ઓહો..! ભવિષ્યનો પુણ્યભાવ કરું તો આમ થશે, એ બધું ભવિષ્યની મલિનતાને પણ હું અત્યારે છોડું છું. સમજાણું કાંઈ?

'એક અશુદ્ધ પરિણતિ વર્તમાન વિષયરૂપ છે...' 'હું દેવ,...' છું, હું માણસ છું. 'હું રાજા,...' છું, હું રોગી છું, હું નિરોગી છું, હું પુરુષ છું, હું સ્ત્રી છું 'મારે આવી સામગ્રી...' છે. વર્તમાનમાં મારે પૈસા, આબરુ, મકાન આદિ (છે). એવો વિકલ્પ, હોં! વસ્તુ વસ્તુને ઘરે રહી. આ મારે પૈસા છે, આ મારે આ છે, આ મારે આ છે. આ મારે પુસ્તકો છે. એવા જે વર્તમાનમાં વિકલ્પ (થાય તે) અને 'મને આવું સુખ અથવા દુઃખ ઇત્યાદિરૂપ...' કહે, મને અત્યારે સુખ છે, હોં! સુખી છું. નિરોગતા, પૈસા એનાથી વિકલ્પ (કરે કે) હું સુખી છું. પ્રતિકૂળતા અને રોગીથી હું દુઃખી છું એવો જે વર્તમાન વિકલ્પ, એનાથી એ અશુદ્ધ પરિણતિથી હું નિવર્તું છું. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારા સ્વભાવમાં નથી. શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાન, એના પ્રત્યક્ષ અનુભવના આનંદના સ્વાદ આગળ એ બધા મારામાં સ્વાદમાં એ ચીજ નથી. એમ હું એનાથી હું નિવર્તું છું. એટલે નાસ્તિ થઈને હું પરિણમું છું. સમજાણું કાંઈ? આ તો ત્રણ કાળ પાડ્યા. વર્તમાનમાં આ થયું એ અપેક્ષાએ ભૂત અને ભવિષ્ય ત્રણે કાળનું ગયું. થયું એનું વર્તમાનનું ગયું, આ નહિ, એવું ભૂત-ભવિષ્યનું પણ ગયું. લ્યો, આ ગયા કાળનું પડિકમણું, વર્તમાનકાળનો સંવર અને આવતા કાળના પચખાણ. 'ન્યાલભાઈ'! એ તો પડિકમણામાં બહુ આવ્યું છે.

પડિકમણું શું? હું એક આત્મા મારા સ્વભાવમાંથી ખસીને વિકલ્પમાં આવ્યો હતો, એમાંથી હવે પાછો ફરું છું, બસ! એ પ્રતિક્રમણ. પાછો ફરીને ક્યાં જાઉં છું? મારા ધામ, મારા ઘરમાં રહું છું. એ બહાર ઘરમાં વિકલ્પમાં ચાલતો હતો. ભૂતકાળમાં રાગાદિ પુણ્ય-પાપમાં, ભવિષ્યમાં પુણ્ય આદિના ભાવમાં અને વર્તમાનમાં પુણ્ય-પાપ ને સુખ-દુઃખની કલ્પના જે બાહ્ય ઘર હતું એને હું (છોડીને નિજ ઘરમાં આવ્યો છું). વિશેષ સ્પષ્ટ કરવું છે ને! એકમાં વળી ૪૯ કેવા? એમ પણ વળી વાત આવે. આ તો સમજાવે છે. સમજાણું? એ ૪૯ ને આ, એમ નથી એકસાથે ભૂકો કરે છે. પણ અહીં સમજાવવાની એક શૈલી લીધી છે. આમ વસ્તુ આ પ્રકારે જે ભજી હોય કે વિકલ્પો (થયા હોય) એનાથી હું એક સ્વરૂપમાં પૂર્ણ આનંદના તરફને પડખે ઢળતો, આ બધું છૂટે છે એના પ્રકારની વિશેષતા સમજાવી છે. સમજાણું? લ્યો!

'હું દેવ, હું રાજા,...' હું રંક ને દરિદ્ર. 'મારે આવી સામગ્રી, મને આવું સુખ અથવા દુ-ખ ઇત્યાદિરૂપ...' મને આ સુખ. વર્તમાન મારે બધું સુખ, હોં! અને કાં મને બધી દુઃખ સામગ્રી. એવી કલ્પના. ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપમાં અંતર્મુખ થઈને આ ભાવથી હું પાછો વળું છું, વર્તમાન ખસું છું, ભવિષ્યમાં તે પ્રમાણે આદરીશ નહિ. એમ વર્તમાનમાં તેના પ્રત્યાખ્યાન કરું છું. એ ત્રણ કાળના વિકલ્પ-ભેદ લીધા.

હવે, 'એક આવો પણ વિકલ્પ છે કે :' 'कृतकारितानुमननैः' 'જે કંઈ પોતે...' કરી હોય. મેં કોઈ 'હિંસાદિ ક્રિયા કરી હોય;...' હિંસાદિ, પુણ્યાદિ બધું આવી ગયું, હોં! અહિંસા આદિ બધું એમાં આવે છે. મેં જે કાંઈ જાતે કર્યું હિંસા, જૂઠું, ચોરી, વિષય આદિ. અને 'અન્ય જીવને ઉપદેશ દઈને કરાવી હોય;...' વિકલ્પ એવો હતો. કરાવું એવો વિકલ્પ. અન્ય જીવને ઉપદેશ દઈને કરાવું. ઉપદેશ દઈને કરાવું એનો અર્થ કંઈ ઉપદેશ દઈ શકે છે એમ પ્રશ્ન નથી, પણ ભાવ બીજાને કરાવું એવો જે ભાવ. એક કરવાનો જાતિનો અને એક કરાવવાનો જાતિનો (ભાવ). બીજા પાસે આમ કરાવું, દયા પળાવું, હિંસા કરાવું. સમજાય છે? એવા જે ભાવ. અને 'જે, કોઈએ સહજ જ કરેલી...' મારી પ્રેરણા અને ઉપદેશ કરાવ્યા વિના કે કર્યા વિના એણે કર્યું હોય (તો) ઠીક કર્યું (એવો અનુમોદનાનો ભાવ). તેં પુણ્ય-પાપ ઠીક કર્યું. એવા જે પુણ્ય-પાપના પરિણામને સંમત (કર્યા), અનુમોદના (કરી) એનાથી પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું નિવર્તું છું. સમજાણું કાંઈ? 'સહજ જ કરેલી ક્રિયાથી સુખ માનવું...' એટલે કે બીજાએ કર્યું એ ઠીક છે, ઠીક છે. સંમત થવું. બીજાના પુણ્ય-પાપના ભાવમાં સંમત થવું. એનાથી હું નિવર્તું છું. ત્રણકાળના ત્રણ મન-વચન-કાયાના (બધાથી નિવર્તું છું).

'તથા એક આવો પણ વિકલ્પ છે કે :' સમજાણું? આવો પણ એક વિકલ્પ છે. 'મનથી ચિંતવવું,...' પહેલા કૃત-કારિત-અનુમોદનનું હતું. મનથી ચિંતવન કરવું. મનથી પુણ્ય-પાપનું ચિંતવન કરવું. 'વચનથી બોલવું,...' એવો વિકલ્પ. 'શરીરથી પ્રત્યક્ષપણે કરવું.' એટલે શરીરથી થાય તેમાં પોતાનો ભાવ જોડાય. સમજાણું? શરીરથી કરવું એમ પાછું નથી કે શરીરથી કરી શકે છે. એ ભાષા તો એમ જ હોય ને? શરીરના નિમિત્ત સંબંધમાં થતો ભાવ, વચનના નિમિત્ત સંબંધમાં થતો ભાવ, મનના નિમિત્ત સંબંધમાં થતો ભાવ એની આ વાત છે. ભાવ જે છે એમાં ત્રણ નિમિત્તો હતા–મન, વચન અને કાયા. એ અપેક્ષાએ અહીંયાં કથન કર્યું છે. 'શરીરથી પ્રત્યક્ષપણે કરવું.' એવો ભાવ કે, શરીરથી આ કરું.

'આવા વિકલ્પોને પરસ્પર ફેલાવતાં ઓગણપચાસ ભેદ થાયછે,...' સમજાણું? મન-વચન-કાયા, કરવું-કરાવવું ને અનુમોદવું. નવ થયા અને આ ત્રણ કાળના. એમ કરીને ૪૯ ભેદ થાય છે. 'તે સમસ્ત જીવનું સ્વરૂપ નથી,...' ભૂતકાળ, વર્તમાન, ભવિષ્ય. સમજાણું? મન, વચન અને કાયા. કરવું, કરાવવું અને અનુમોદવું. એ મારું સ્વરૂપ નથી. હું તો એકલો જ્ઞાયક ચૈતન્ય (છું). મારા સ્વભાવથી પ્રત્યક્ષ થનારો અને વેદનને પ્રત્યક્ષ વેદનારો. એ રીતે હું આને છોડું છું. એ રીતે મેં આને છોડવાનો અભ્યાસ કર્યો છે, એમ. સમજાણું કાંઈ?

'તે સમસ્ત જીવનું સ્વરૂપ નથી, પુદ્ગલકર્મના ઉદયથી થાય છે.' એ બધા વિકલ્પો પુદ્ગલકર્મના સંગે થયેલા છે. સ્વભાવના સંગથી ઉત્પન્ન થયેલા નથી. જે આત્માના સ્વભાવ ચૈતન્યસત્તા સ્વભાવ, પૂર્ણ જ્ઞાન ને આનંદ સ્વભાવ, એના સંગે ઉત્પન્ન થતી શુદ્ધ પરિણતિ (દ્વારા) એ કર્મના સંગે થતી અશુદ્ધ પરિણતિને છોડું છે, એમ કહે છે. ૪૯ ભંગ તો તમે ત્યાં સાંભળ્યા હશે કે નહિ? ઠીક! યાદ છે એમને. એ આંકડા બોલ્યા'તા. આહાહા..! એ સમસ્ત જીવનું સ્વરૂપ નથી. કહો, સમજાણું?

---

'ભૂતકાળનો વિચાર આ પ્રમાણે કરે છે–'

**यदहमकार्षं यदचीकरं यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति।***

---

*શ્રી સમયસારની આત્મખ્યાતિ–ટીકાનો આ ભાગ ગદ્યરૂપ છે, પદ્યરૂપ અર્થાત્ કળશરૂપ નથી, તેથી તેને નંબર આપવામાં આવ્યો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખંડાન્વય સહિત અર્થ :– 'तत् दुष्कृतं मे मिथ्या भवतु' (तत् दुष्कृतम्) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિ અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડ, (मे मिथ्या भवतु) સ્વરૂપથી ભ્રષ્ટ હોવાથી મેં પોતારૂપ અનુભવ્યાં તે અજ્ઞાનપણું થયું; સાંપ્રત (હવે) એવું અજ્ઞાનપણું જાઓ, 'હું શુદ્ધસ્વરૂપ' એવો અનુભવ હો. પાપના ઘણા ભેદ છે, તે કહે છે–'यत् अहम् अकार्षं' (यत्) જે પાપ (अहम् अकार्षं) મેં પોતે કર્યું હોય, 'यत् अहम् अचीकरं' જે પાપ અન્યને ઉપદેશ દઈને કરાવ્યું હોય, તથા 'यत् अन्यं कुर्वन्तम् अपि समन्वज्ञासिषं' જે સહજ જ કર્યું છે અન્ય કોઈએ તેમાં મેં સુખ માન્યું હોય, 'मनसा' મનથી, 'वाचा' વચનથી, 'कायेन' શરીરથી. આ બધું જીવનું સ્વરૂપ નથી, તેથી હું તો સ્વામી નથી; એનો સ્વામી તો પુદ્‌ગલકર્મ છે–આવું સમ્યગ્દષ્ટિ જીવ અનુભવે છે.

---

'ભૂતકાળનો વિચાર આ પ્રમાણે કરે છે–' એ ગાથા નથી પણ ગદ્યમાં મૂક્યું છે.

यदहमकार्षं यदचीकरं यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं मनसा
च वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति।*

લ્યો, આ મિથ્યા દુષ્કૃત આવ્યું. મિચ્છામિ દુક્કડમ કર્યા હશે ને કેટલી વાર? મિચ્છામિ દુક્કડમ. પણ શેનું મિચ્છામિ દુક્કડમ. જે પરિણામ પૂર્વના, ભવિષ્યના, વર્તમાનના મન-વચન-કાયાથી, કરવું-કરાવવું-અનુમોદના એ વિકલ્પ ખોટા છે. ક્યારે ખોટા થાય? મિથ્યા થાય? મિચ્છામિ–મારા દુષ્કૃતમ. જુઓ! એ બધા પુણ્ય-પાપના વિકલ્પો દુષ્કૃત હતા. મારા શુદ્ધ સ્વભાવના વેદન આગળ એ બધા દુષ્કૃત હતા. ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા એ ચિદાનંદ પ્રભુની પાસે એ ૪૯ પુણ્ય-પાપ આદિના ભાવ બધા દુષ્કૃત હતા. એ મેં કર્યા હતા એ સ્વભાવને આશ્રયે હું દુષ્કૃત કરું છું, મિથ્યા કરું છું કે એ મારામાં નથી. મિચ્છામિ દુક્કડમ આમ બોલે એમ મિચ્છામિ દુક્કડમ ન થાય, એમ કહે છે. મિચ્છામિ દુક્કડમ, મિચ્છામિ દુક્કડમ. શું મિચ્છામિ દુક્કડમ?

મિથ્યા મારું દુષ્કૃત. એમાં ત્રણ શબ્દ છે. મિથ્યા ક્યારે થાય? કે સત્ સ્વરૂપની દષ્ટિ થાય (ત્યારે). મિ એટલે મેં કરેલા આ નહિ, મારું સ્વરૂપ બીજું છે. દુષ્કૃત હતા. વસ્તુના સ્વભાવમાં પોતાપણાની માન્યતા સહિત સુકૃતના પરિણતિની પર્યાય પ્રગટ કરે ત્યારે તે પર્યાયને મિથ્યા–જૂઠી મારી દુષ્કૃત છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું? કહો, 'ભગવાનભાઈ'! પડિકમણામાં કેટલી વાર આવે છે ઇ? મિચ્છામિ દુક્કડમ. પણ મિચ્છામિ દુક્કડમ શું? ત્યારે સાચું શું? મિચ્છામિ દુક્કડમ (એ) મિથ્યા મારું દુષ્કૃત. (તો) સાચું મારું સુકૃત એ શું? 'તારાચંદભાઈ'! શું હવે આ દુષ્કૃત કેટલા કર્યા હશે? પાર નહિ. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે, ભાઈ! એક ચૈતન્ય-બાદશાહને ભૂલીને બધું કર્યું. એ ચૈતન્ય સત્ય સ્વરૂપ છે, જ્ઞાનાનંદ છે, એ સત્યસ્વરૂપ છે, જે ત્રિકાળ વસ્તુ સત્ય છે. એને પોતાપણે સમજી અને એમાં ઠરતાં એના મિચ્છામિ દુક્કડમ ૪૯ ભંગના થઈ જાય છે. એ સિવાય વાણીથી મિચ્છામિ દુક્કડમ બોલે, વિકલ્પથી (કરે) એ કંઈ મિચ્છામિ દુક્કડમ નથી. એમ કહે છે. સમજાણું? જુઓ!

'રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિ અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડ.' બે. 'मे मिथ्या भवतु' 'સ્વરૂપથી ભ્રષ્ટ હોવાથી...' મારા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યના જ્ઞાતા-દૃષ્ટાના સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો 'મેં પોતારૂપ અનુભવ્યા...' મેં પુણ્ય-પાપના ભાવ, મોહના ભાવ અશુદ્ધ પરિણતિ અને કર્મ, આને પોતાના માન્યા એટલે કર્મ મારા એમ એણે માન્યું કહેવાય. 'મેં પોતાસ્વરૂપ અનુભવ્યાં તે અજ્ઞાનપણું થયું;...' કર્મ મારા ને વિકાર મારો, પુણ્ય-પાપ મારા અને એનાથી બંધાણા (એ) મેં બાંધ્યા, એના ફળ મેં ભોગવ્યા. એવું જે અશુદ્ધપણું મેં જે કર્યું હતું એ અજ્ઞાનપણું હતું. એ આત્માનું સ્વરૂપ નહોતું. એ તો અજ્ઞાન, બેભાન(પણું હતું).

'સાંપ્રત (હવે) એવું અજ્ઞાનપણું જાઓ,...' સાંપ્રત એટલે વર્તમાન સમજાવવાની શૈલી છે એટલે (એમ કહે). મેં ભૂતકાળમાં આ પુણ્ય-પાપના ભાવ કર્યા હતા. ગયા કાળની વાત ચાલે છે ને? એ અજ્ઞાનપણું જાઓ. 'હું શુદ્ધસ્વરૂપ એવો અનુભવ હો.' હું તો ચૈતન્ય શુદ્ધ સ્વભાવ (છું). શરીરના એક પણ રજકણની પર્યાય વિનાનો અને રાગના એક પણ વિકલ્પ વિનાનો એ હું. એ આ સમ્યગ્દૃષ્ટિની પ્રતિક્રમણની ક્રિયા કહેવાય છે આ. ભૂતકાળની છે ને આ? આ પ્રતિક્રમણની ક્રિયા. કહો, 'પ્રાણભાઈ'! આ પડિકમણું. પડિકમણું શું હશે? ગયા કાળમાં ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય વીતરાગી સ્વભાવથી ભરેલો ભગવાન, એમાંથી ખસીને મેં ગયા કાળમાં પુણ્ય ને પાપના ભાવ જે કર્યા હતા એ અજ્ઞાનભાવ હતો. 'હું શુદ્ધસ્વરૂપ એવો અનુભવ હો.' હું તો ચૈતન્ય નિર્વિકલ્પ શાંત એવો છું એ અનુભવ હો. એનું નામ પ્રતિક્રમણ કહેવાય છે. કહો, 'માણેકચંદભાઈ'! પડિકમણા ન્યાં પણ કરતા તો હશે, પહેલા કર્યા હશે ને? આ શેઠિયાઓ વધારે કરાવે. આહાહા..! અરે..! એને ખબર નથી. સમજાણું?

મેં શુદ્ધસ્વરૂપને (ભૂલીને) ભૂતકાળમાં પરિણામ કર્યા હોય... આહાહા..! ભૂતકાળના કોઈ સારા પરિણામ થયા હોય, આહારક શરીર બંધનના, તીર્થંકરના બંધનના (પરિણામ થયા હોય) એનાથી પાછું ફરવું એમ આમાં આવતું હશે? પાપ ને પુણ્ય બેય ભેગા (છે). એ તો 'પાપ' શબ્દ પડ્યો છે એમાં. બેય બાંધેલા ઝેરના ઝાડ છે. મારા અમૃતસ્વરૂપથી વિરુદ્ધ (છે). એ 'પાપ' શબ્દ લખ્યો છે. એ પાપ જ છે. દોષ છે ને? ગયા કાળના પાપથી નિવૃતું છું અને પુણ્યથી નિવર્તતો નથી એમ હશે? મારા સ્વરૂપથી વિરુદ્ધ ભાવ તે પાપ જ છે. આહાહા..! શું કીધું? 'સ્વરૂપથી ભ્રષ્ટ હોવાથી...' એમ કહ્યું છે ને? પાપના પરિણામ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપથી ભ્રષ્ટ અને પુણ્યના પરિણામ સ્વરૂપમાં સ્થિરતા હશે, એમ હશે? સમજાણું કાંઈ? બાપુ! માર્ગ પ્રભુનો એવો છે કે, એ પુરુષાર્થના કામ છે, લાલાપેઠાના કામ નથી. કાયરના કાળજાં કંપી જાય. આ પ્રતિક્રમણની આવી વ્યાખ્યા.

ભગવાન! તું તો એકલો પુરુષાર્થનો પિંડ છો ને! અનંત અનંત અનંત વીર્યનો કંદ આત્મા (છે). એ તો શુદ્ધ સ્વરૂપની પરિણતિની રચના કરે. એનાથી ભ્રષ્ટ થઈને ભૂતકાળમાં આવા ભાવ થયેલા હું એ નહિ, હવે હટી જાઉં છું. એ બધું અજ્ઞાન હતું. પુણ્ય-પાપના ભાવ કરેલા એ અજ્ઞાન, જ્ઞાનસ્વરૂપ નહોતા. શું કીધું? ગયા કાળમાં શુભ-અશુભભાવ (કર્યા હતા એ અજ્ઞાન હતું).

અહીં તો હજી એમ કહે છે કે, જુઓ! ગયા કાળમાં આપણે પુણ્ય કર્યા તો મનુષ્યદેહ મળ્યો, આ વાણી સાંભળવા મળી અને એનાથી લાભ થયો. બરાબર છે કે નહિ ઇ? સાંભળવાનું ન મળે તો એને લાભ ક્યાંથી થાય? પણ લાભ તો તું તારા સ્વભાવ સન્મુખ જો ત્યારે લાભ છે કે આ શરીર મળ્યા એને લઈને લાભ છે? આહાહા..! કઠણ માર્ગ, જગતને એવી વાત. આક્ષેપોમાં એ જ કાઢ્યા છે. જુઓ! આનાથી લાભ ન થાય. ઢીકણાથી લાભ થાય. હવે, સાંભળને, ભાઈ! ભાઈ! લાભનો પિંડ તો આત્મા પોતે સ્વરૂપલાભવાળો છે ને! લાભાંતરાયને ટાળીને પોતાનો લાભ લે તો પોતે પોતામાં છે. સમજાણું? ભગવાન પોતે જ પર્યાયમાં લાભાંતરાય ઉભો કર્યો છે. લાભ પોતાના સ્વરૂપને અંતરાય પાડે એવા મિથ્યાભાવથી. એ જ પોતે એને છોડીને લાભનો લાભ (લે), સ્વરૂપના લાભનો લાભ પોતે લે છે, બીજો કોઈ આપતો નથી. આહાહા..! અરે..! ભગવાન! ભગવાનની વાણી.. શાસ્ત્રમાં તો ઘણા પાઠ આવ્યા હોય. દાખલો આપ્યો છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'નો 'સદાસુખદાસજી'નો. એમ કે, શાસ્ત્રમાં ક્યાંય ધર્મ નથી, એવા દાખલા આપ્યા છે. ડુંગરે ધર્મ નથી, ફલાણે ધર્મ નથી. એ આપ્યું છે ને? 'સુખદેવ' હતા, એ દાખલા આપ્યા છે. વાંચે છે કોણ? પોતાની દૃષ્ટિ માનીને વાંચવું છે. ડુંગરામાં 'સમ્મેદશીખર'માં ધર્મ હશે? શાસ્ત્રમાં ધર્મ હશે? આત્માનો ધર્મ ન્યાં રહેતો હશે? એ 'સર્વવિશુદ્ધ અધિકાર'માં તો એમ કહ્યું કે, સૂત્રનું જ્ઞાન મારામાં છે, શાસ્ત્રમાં નથી, પાનામાં નથી, મારામાં છે. સમજાણું કાંઈ? સૂત્રનું જ્ઞાન આદિ, સૂત્રનું જ્ઞાન, હોં! એ જ્ઞાન તે હું છું. સૂત્ર આ છે ઇ હું છું? સમ્યગ્દર્શન-જ્ઞાન, સંયમ તે હું છું. હું છું. હું એટલે આત્મા છે. રાગાદિ, પરવસ્તુ એ સંયમ છે? આહાહા..! અરે..! એની એને પોતાની મોટપ આવતી નથી અને બીજાની મોટપ એને છોડી જાતી નથી. બીજાને મોટપ દેવી છે કે, તું મોટો, ભાઈ! ઓહોહો..! શુભરાગ તારામાં ઘણો લાભ, હોં! તારે લઈને બહુ લાભ! સમજાણું કાંઈ? અમે પુણ્ય કર્યા એનાથી અમને લાભ મળ્યો, ઠીક! અહીં કહે છે કે, એ ભાવ મારા નથી.

'પાપના ઘણા ભેદ છે,...' એમ આમાં લખ્યું છે. સમજાણું કાંઈ? દોષ છે, દોષ બધું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજાણું? પુણ્ય-પાપને દોષ કહ્યા છે ને? દોષ જ છે. નિર્દોષ ભગવાનઆત્મા.. અરે...! એના ગુણ એને ગોઠે નહિ અને વિકાર ગોઠે. એના અનંત અનંત ગુણનો ભગવાન દરિયો એને ગોઠે નહિ અને એના વિપરીત પુણ્ય-પાપના ભાવ ગોઠે એ આત્માનો ગોઠિયો કે દિ' થાય? વિકારનો ગોઠિયો થયો એ તો. માર્ગ આ (છે), ભાઈ! આ તો આત્મા વીતરાગસ્વરૂપ છે અને વીતરાગનો માર્ગ એટલે એ આત્મમાર્ગ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, પુણ્ય-પાપના પરિણામની ગોઠડી પૂર્વે કરી હતી એ અજ્ઞાન હતું. રાગાદિ ભાવ એ બધો અજ્ઞાન હતો, મારો પ્રકાશ ચૈતન્ય એ નહોતો. જાઓ! મારા પ્રકાશમાં, ચૈતન્યમાં એ ભાવ નથી. એમ ગયા કાળનું પડિકમણું અંતરમાં શુદ્ધ સ્વભાવનો આશ્રય કરી, શુદ્ધ સ્વરૂપનું અંતર વેદન કરી આ ગયા કાળના પુણ્ય-પાપના ભાવને છોડ્યા છે એને છોડે છે એમ કહેવામાં આવે છે. આ પડિકમણાની વ્યાખ્યા. આહા..!

ગયા કાળમાં ભગવાન પાસે ગયા હતા અને ભાવ થયો હતો. એ..ઇ...! કહે છે કે, એ ભાવ પણ ભૂતકાળનું અજ્ઞાન હતું. એ રાગ મારી જાત નહોતી. હું તો જ્ઞાન ચૈતન્યસ્વરૂપ (છું), એમાંથી ખસ્યો ત્યારે એ રાગ હતો. એ અજ્ઞાન હવે જાઓ. આહાહા..! ભારે વાત આકરી. ભગવાનને મૂક્યા? નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા મિથ્યાત્વ, નવ તત્ત્વને મૂક્યા. આહાહા..! ભગવાન સામું જોવાથી રાગ થાય એને મૂક્યા. કોને તમારે કેટલાને છોડવા છે? શાસ્ત્રમાં બુદ્ધિ જાય તો વ્યભિચારિણી એને મૂક્યા. 'ગોપાળદાસભાઈ'! હા, 'પદ્મનંદિ પંચવિંશતિકા' શાસ્ત્રમાં એમ કહ્યું.

એને એ ગોઠ્યું છે એટલે એને છોડવું ગોઠતું નથી. ગોઠ્યું છે ને રુચ્યું છે (એટલે) છોડવું નથી. છોડવાયોગ્યને છોડવું એ ગોઠતું નથી. 'આદરણીય તો એક ભગવાન જ્ઞાયક ચૈતન્યમૂર્તિ જ્ઞાન-શ્રદ્ધામાં એ લઈને એના વેદનમાં રહેવા જેવું છે.' એ સિવાયનો ભૂતકાળમાં જે ભાવ થયો હોય એને વર્તમાનમાં મારા શુદ્ધ પરિણતિના વેદનથી છોડું છું, એમ કહે છે. સમજાણું? 'मिथ्या मे दुष्कृत' એનો અર્થ થયો. એ અજ્ઞાનપણું જાઓ. એનો અર્થ કર્યો. હું શુદ્ધસ્વરૂપ એવો અનુભવ હો. એમ. આમ વાત ગુલાંટ ખાધી ને? પાઠના અર્થ સાથે મેળવ્યું છે ને?

'कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति' ગયા કાળમાં શુભ-અશુભભાવ થયા હોય, એનું કર્મ બંધાણું હોય એ બધું મારું સ્વરૂપ નહિ. એ બધો અજ્ઞાનભાવ હતો. એને 'मिथ्या मे दुष्कृत' એટલે એ અજ્ઞાન જાઓ અને શુદ્ધ સ્વરૂપમાં હું રહું છું એ મારું પ્રતિક્રમણ. કહો, સમજાણું કાંઈ? 'પાપના ઘણા ભેદ છે.' એકલા સાવદ્યયોગનો ત્યાગ, આ તો બધી વાત છે, સાંભળને!

'यत् अहम् अकार्षं' બેય સાવદ્ય જ છે. આત્માની શાંતિથી વિરુદ્ધ છે ને, ભાઈ! આકુળતા છે ને? શુભ-અશુભભાવ બેય આકુળતા છે. અનાકુળ ભગવાનઆત્મા, એનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિરુદ્ધ ભાવ છે. ત્યારે કોઈ કહે કે, પણ આવા ભાવ સમજાણા હોય અને દૃષ્ટિ અનુભવ થયો એ પછી આ ભાવ કેમ કરે છે? સમજાણું? રાજપાટ કરે, ક્ષાયિક સમકિત થયા પછી સ્ત્રીઓને પરણે. પરણે છે ક્યાં? તને ખબર ક્યાં છે? શુદ્ધ સ્વરૂપમાં ઠરી શકતો નથી એટલે એ વિકલ્પ આવે છે. એ વિકલ્પ મારું કાર્ય નહિ, મારું કાર્ય નહિ. એને દુઃખરૂપ ભાસે છે. અને શરીરના સંયોગની ક્રિયા તો જડની પર્યાયે પરિણમવાની હતી, એ કંઈ રોકી નથી, છોડી જાતી નથી. અરે પણ આ ઘડ બેસાડવી.

અજ્ઞાની સ્ત્રીઓને છોડે અને મિથ્યાત્વને બાંધે. મેં આને છોડ્યું, મેં આને છોડ્યું, મેં આને છોડ્યું, હું કાયાથી સેવતો નથી, હું કાયાથી સેવતો નથી. મિથ્યાત્વભાવને સેવે છે. વિપરીત માન્યતાને કારણે, હોં! પેલી ક્રિયાને કારણે નથી. જ્ઞાની આવા વિકલ્પો ને સંયોગો હોય છતાં તે ક્ષણે તે શુદ્ધતાની તરફના ભાવને લઈને શુદ્ધતા વધતી જાય છે. અરે..! દિશા પલટતાં દશા પલટી જાય છે. જ્યાં દૃષ્ટિમાં વિકાર ને સંયોગ હતો એ દૃષ્ટિએ વસ્તુનો સ્વભાવ ભગવાન દૃષ્ટિએ લીધો હવે ભગવાનની ઓથ મળી. દૃષ્ટિને મળી ઓથ ભગવાનઆત્માની. એમાંથી તો સૃષ્ટિ શાંતિની, ને શુદ્ધતાની જ ઉત્પન્ન થાય. એ અશુદ્ધતા થાય છે ને? એ જ્ઞેય તરીકે, દુઃખ તરીકે, ઉપાધિ તરીકે જાણતા થાય છે.

અહીં તો એને છોડીને, અહીં તો નવ નવ કોટિનો ત્યાગ છે ને? સમજાણું? અહીં તો ચારિત્રની વ્યાખ્યા છે ને? પેલી તો દર્શનશુદ્ધિની વ્યાખ્યા કરી હતી. આ ચારિત્રની વ્યાખ્યા છે. એ વિકલ્પો ગયા કાળના હતા એ અજ્ઞાન હતું. હું એને છોડું છું. ત્યારે થયું શું? એને છોડતા થયું શું? થયું શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિનો અનુભવ. એ ચૈતન્યની દૃષ્ટિ અને એ સહિતની સ્થિરતાનો અનુભવ. સમજાણું? શુદ્ધ જ્ઞાયકની દૃષ્ટિ એ સહિતની સ્થિરતા, એ થયું. ત્યારે ગયા કાળનું મિચ્છામિ દુક્કડમ થયું. ભારે વાત! આવી કે દિ' કહે છે આવી હતી આવું પડિકમણું સાંભળ્યું હતું? આહાહા..!

'જે પાપ મેં પોતે કર્યું હોય,...' ભૂતકાળ. 'यत् अहम् अचीकरं' 'જે પાપ અન્યને ઉપદેશ દઈને કરાવ્યું હોય,...' આ બધું ભૂતકાળ, હોં! આ બધી ગયા કાળની વાત છે. મેં જે પુણ્ય-પાપના ભાવ ગયા કાળમાં કર્યા હતા, કરાવ્યા હતા. આહા..! દૃષ્ટિમાં તો એનું પ્રતિક્રમણ થઈ ગયું હતું પણ આ સ્થિરતાના કાળની અપેક્ષાએ વાત કરે છે. મિથ્યાત્વના પ્રતિક્રમણ કાળે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિના અનુભવકાળમાં એ બધા ભાવોનો અભાવસ્વભાવ એમ તો ત્યાગ થઈ ગયો હતો પણ સ્થિરતાના પ્રસંગમાં એ અસ્થિરતા છૂટી જાય છે અને ગતકાળની અસ્થિરતાની અપેક્ષાએ એને પ્રતિક્રમણ કહ્યું. મેં ગયા કાળમાં આ રીતે કર્યા હોય, વર્તમાનમાં જેટલો કરું, કરાવું, અનુમોદવું (થાય છે) એવું જ ભૂતકાળમાં એનું રહે છે, એવું જ એનું ભવિષ્યકાળમાં રહેશે.

'જે પાપ અન્યને ઉપદેશ દઈને કરાવ્યું હોય,...' ગયા કાળમાં આ કરવા જેવું છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યું હતું. તથા 'यत् अन्यं कुर्वन्तम् अपि समन्वज्ञासिषं' 'જે સહજ જ કર્યું છે અન્ય કોઈએ...' ગયા કાળમાં કોઈએ પુણ્ય-પાપના ભાવ કર્યા હોય 'તેમાં મેં સુખ માન્યું હોય,...' ઠીક હતું, એ ઠીક હતું. 'मनसा' 'મનથી,...' 'वाचा' 'વચનથી,...' 'कायेन' 'શરીરથી. આ બધું જીવનું સ્વરૂપ નથી,...' આ ગયા કાળની વાત કરી. સમજાણું કાંઈ? વિશેષમાં જે જે નિમિત્તના વિકલ્પોથી ખસ્યો એના પ્રકાર કહ્યા છે. અહીં તો સ્વભાવ તરફની એકાગ્રતા, વીતરાગતા એક પ્રકારની છે. પણ ગયા કાળની અપેક્ષાએ અહીંથી છૂટ્યો એમ કહેવામાં આવે છે.

'આ બધું જીવનું સ્વરૂપ નથી,...' ગયા કાળમાં મન, વચન, કાયાએ કર્યું, કરાવ્યું, અનુમોદ્યું, પુણ્ય અને પાપ એ મારું સ્વરૂપ નથી. 'તેથી હું તો સ્વામી નથી;...' હું તો શુદ્ધ આનંદકંદ જ્ઞાનનો સહજાત્મી સ્વામી, હું શુદ્ધ જ્ઞાનાનંદનો સ્વામી, એનો સ્વામી હું. હું શુદ્ધ ચૈતન્યમાં માનનારો, એ આમાં માનનારો હું નહિ. સમજાણું કાંઈ? 'એનો સ્વામી તો પુદ્‌ગલકર્મ છે.' લ્યો! જુઓ! પુદ્‌ગલને લઈને બધું થયું હતું. નબળાઈના કાર્યો પણ સ્વભાવના નહિ માટે પુદ્‌ગલના છે એમ કહેવામાં આવ્યું છે. ગયા કાળમાં પુણ્ય ને પાપભાવ એ સ્વભાવના કાર્ય નહિ એથી એ પુદ્‌ગલના કામ–દુશ્મનના કામ હતા. મારા–સત્ સ્વરૂપ એવા ચૈતન્યના એ પુણ્ય-પાપના ભાવો, કરવું, કરાવવું, અનુમોદવું એ મારા નહોતા. મારા હોય તો ખસે નહિ. પુદ્‌ગલના હતા, જાઓ! સ્વભાવમાં આવતા એ ખસી જાય છે. માટે પુદ્‌ગલના છે મારા નહિ. 'આવું સમ્યગ્દષ્ટિ જીવ અનુભવે છે.' લ્યો!

વિકલ્પ ઉઠે એ પુદ્‌ગલનો છે. પડિકમણનો ભાવ નહિ, પડિકમણું તો આને કહેવું. પ્રતિક્રમણનો ભાવ એટલે વીતરાગભાવ, વિકલ્પ નહિ. હું પડિકમણું કરું એ વિકલ્પ એ પડિકમણાનો ભાવ છે જ નહિ. હું પ્રતિક્રમણ કરું એ પડિકમણાનો ભાવ જ નથી, એ તો વિકલ્પ છે, આસ્રવ છે, એ પડિકમણું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? હું ગયા કાળના પુણ્ય-પાપને છોડું એ પણ એક વિકલ્પ છે. એ વિકલ્પ પડિકમણનું નથી. તમે પણ કેટલા પડિકમણા કર્યા હશે ને?

જે વસ્તુ હુંપણે, સ્વસ્વામીપણે છે, શુદ્ધ જ્ઞાન, આનંદાદિ સ્વસ્વામીપણે છે એમાં ઠરવું એનું નામ ભૂતકાળનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. એણે ગયા કાળના કર્મના સંબંધીના ભાવો અંતર સ્વભાવના અવલંબને છોડ્યા એને પ્રતિક્રમણ કહેવાય છે. આહાહા..! સમજાણું? 'આવું સમ્યગ્દષ્ટિ જીવ અનુભવે છે.' એમ કીધું ને? એ જ્ઞાનચેતના પ્રગટ કરીને અનુભવે છે એથી તે ભૂતકાળના આ પરિણામથી છોડ્યા, છૂટ્યા, પડિકમણું કર્યું એમ કહેવામાં આવે છે. પરથી પાછો હટ્યો ત્યારે ગયો ક્યાં પણ? કે ન્યાં ને ન્યાં વિકલ્પમાં ઉભો? (ઉભો હોય તો) એ પાછો હટ્યો જ ક્યાં? શુદ્ધ ચૈતન્ય સ્વભાવ આનંદનું ઘર એકલું, અનાકુળના સ્વભાવસ્વરૂપ પ્રભુ, એવા અનાકુળના અવલંબે પ્રગટતી અનાકુળતા, એના શાંતિના વેદન આગળ ભૂતકાળના ભાવ, વિકલ્પો વર્તમાનમાં છૂટી ગયા છે, એટલે ભૂતકાળના છોડ્યા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

ચોવીસે કલાક. 'नित्यं' આવે છે એમાં, મૂળ શ્લોકમાં આવે છે ને? મૂળ શ્લોકમાં આવે છે, નિત્ય પ્રતિક્રમણ કરે, નિત્ય આલોચના એવો પાઠ છે. મૂળ શ્લોક છે. 'સમયસાર'ના શ્લોક. આપણે નિશ્ચયમાં પહેલું આવ્યું હતું ને? આમાં ચોવીસમાં આવી ગયું ને? ચોવીસમાં આવી ગયું. આમાં પણ આવશે. 'निष्कर्मणि नित्यमात्मना वर्ते' જુઓ, આવશે. 'नित्यं' નીચે આવશે, જુઓ! એ શ્લોકમાં નીચે આવશે. આજે હવે આવશે. આઠે નિત્ય થાય છે એમ નીચે આવે છે, નીચે જુઓ! આ કહેવાય છે તે નીચે આવશે, હેઠે આવશે, એમાં આવશે. બાકી નિત્ય સ્પર્શે ૨૨૪માં આવી ગયું. 'ज्ञानस्य संचेतनयैव नित्यं' આ શ્લોકને માટે આ બે છે. એનો શ્લોક નિત્યનો હવે આવશે. 'नित्यमात्मना वर्ते' છે નીચે? ક્યારે કરતો હશે આ? સદાય જ્ઞાનાનંદ સ્વરૂપને અવલંબેલી દૃષ્ટિ અને સ્થિરતા સદાય તે પ્રતિક્રમણ સમય સમયમાં એ થઈ રહ્યું છે. સાંજે નવરો થાય અને પડિકમણા (માટે) બેસે એ પડિકમણું નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? એનો શ્લોક છે.

---

(આર્યા)

मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।
आत्मानि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।३४-२२६।।

ખંડાન્વય સહિત અર્થ :- 'अहम् आत्मना आत्मनि वर्ते' (अहम्) ચેતનામાત્ર સ્વરૂપ છું જે 'હું' વસ્તુ, તે હું (आत्मना) પોતાથી (आत्मनि वर्ते) રાગાદિ અશુદ્ધ પરિણતિ ત્યાગીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં અનુભવરૂપ પ્રવર્તું છું. કેવો છે આત્મા અર્થાત્ પોતે ? 'नित्यम् चैतन्यात्मनि' (नित्यम्) સર્વ કાળ (चैतन्यात्मनि) જ્ઞાનમાત્રસ્વરૂપ છે. વળી કેવો છે ? 'निष्कर्मणि' સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે. શું કરતો થકો આમ પ્રવર્તું છું ? 'तत् समस्तं कर्म प्रतिक्रम्य' પહેલાં કર્યું હોય જે કાંઈ અશુદ્ધપણારૂપ કર્મ તેને પ્રતિક્રમીને-ત્યાગીને. ક્યું કર્મ? 'यत् अहम् अकार्षं' જે પોતે કર્યું હોય. શા કારણથી ? 'मोहात्' શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ હોઈને કર્મના ઉદયે આત્મબુદ્ધિ હોવાથી. ૩૪-૨૨૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।
आत्मानि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।३४-२२६।।

'अहम् आत्मना आत्मनि वर्ते' અહમ્ નામ હું એટલે 'ચેતનામાત્ર સ્વરૂપ છું જે હું વસ્તુ...' લ્યો. અહમ્ એટલે હું કોણ? એકલો ચેતના જાણનાર-દેખનાર ભગવાનઆત્મા તે આત્મા, તે હું. ચેતનામાત્ર સ્વરૂપ. 'માત્ર' શબ્દે રાગ ને વિકલ્પ નહિ, એટલું. માત્ર તો અંદર અનંત ગુણો છે. ચેતનાની પ્રધાનતાથી આખો આત્મા ચેતનારો, ચેતનારો, ચેતનારો, ચેતનારો, જાણનારો, દેખનારો એવો હું ચેતનાસ્વરૂપ, ચેતનામાત્ર હું. અહમ્ એટલે ચેતનામાત્ર દર્શન-જ્ઞાનસ્વરૂપ. સમજાણું? 'પ્રવચનસાર'માં આવે છે ને? હું વંદું છું એમ નથી આવતું? અહમ્ વંદે. ભગવાનને હું વંદું છું. હું કોણ? હું દર્શન-જ્ઞાનસ્વરૂપ તે હું. પુણ્યનો વિકલ્પ ઉઠે એ હું નહિ. એવો જે આત્મા હું ચેતનામાત્ર સ્વરૂપ જેમાં વિકલ્પ ને શરીર, વાણી બિલકુલ નથી. એવો ચેતના ભગવાન ચેતનારો હું. તેવી હું વસ્તુ, હું તે વસ્તુ.

'જે હું વસ્તુ, તે હું.' 'પોતાથી...' 'आत्मना' પોતાથી. એમ કેમ કહ્યું? પોતાથી એટલે પેલા વિકલ્પ આદિથી નહિ. પોતાથી પોતાપણે – આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ હું, એ પોતાપણે જ્ઞાનથી પોતે. પોતા દ્વારા, પોતાના જ્ઞાન દ્વારા. ઓહોહો..! ત્રણ શબ્દ પડ્યા છે ને? 'आत्मना' પોતા દ્વારા, 'आत्मनि वर्ते'. હું એવો ચૈતન્ય ભગવાન, એમાં વાણી, શરીર, કર્મ તો નહિ પણ પુણ્ય-પાપના રાગ પણ નહિ. એવો હું ચૈતન્ય તે પોતાપણાથી એટલે જ્ઞાનાનંદપણાથી, જાણવાના-દર્શનના, દેખવાના ભાવપણાથી. રાગથી, પુણ્યથી નહિ. અને પોતા દ્વારા (એટલે) કોઈ વિકલ્પ દ્વારા એમ નહિ. એ શુભ વિકલ્પ દ્વારા નહિ. હું એ કર્તા, પોતાપણાથી એ પોતાથી, અને પોતા દ્વારા. સમજાણું?

શુદ્ધ ચેતના જ્ઞાનમય એવો હું, પોતાથી એટલે જ્ઞાનમય સ્વભાવથી પોતાના જ્ઞાનસ્વરૂપ દ્વારા. એ વિકલ્પ દ્વારા, મન દ્વારા નહિ. પોતા દ્વારા 'आत्मनि' એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવ. વ્યાખ્યા કરતાં એમ કહ્યું, 'રાગાદિ અશુદ્ધ પરિણતિ ત્યાગીને...' પુણ્ય-પાપના અશુદ્ધ પરિણતિનો મેલ છોડીને. આહાહા..! આવી એક સમયની સામાયિક સંસારને નાશ કરવાની તાકાત રાખે છે. કહો, 'ભગવાનભાઈ'! આહાહા..! કેટલા સામાયિકના ખોખા કર્યા? આવો ભગવાન જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ હું પોતા વડે અને હું પોતાથી પોતામાં વર્તું છું, મારામાં વર્તું છું. ઓહોહો..! બધા કરવું, કરાવવું, ઢીકણું ને પૂછડું બધા (ભેદ) કાઢી નાખ્યા. કરવું, કરાવવું, અનુમોદવું. હતું ને? હું અહીં આવ્યો. સમજાણું કાંઈ? હું કરું, બીજા પાસે કરાવું, કરતાને સંમત થાઉં તો કહે છે કે, હું ચૈતન્યસ્વરૂપ પોતાના જ્ઞાનસ્વરૂપથી, જ્ઞાનસ્વરૂપ દ્વારા, જ્ઞાનસ્વરૂપ આત્મામાં વર્તું છું. સમજાણું કાંઈ? એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કારતક વદ ૧૦, ગુરુવાર તા. ૧૮-૧૧-૧૯૬૫.**
**કળશ-૨૨૬ પ્રવચન-૨૪૪-L**

'કળશટીકા', 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. ૨૨૬નો પહેલેથી અર્થ (લઈએ), આમ ૩૪ મો કળશ છે. જુઓ! આ શું અધિકાર ચાલે છે? આ આત્મા, આત્મા છે એ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે. એને ગયા કાળમાં, ભૂતકાળમાં-ગયા કાળમાં અનેક પ્રકારે પાપ, પુણ્યને કર્યા હોય છે એનું વર્તમાનમાં પ્રતિક્રમણ થાય છે. એ પ્રતિક્રમણ એટલે શું? આ અત્યારે લોકો કરે છે એમ નહિ. પ્રતિક્રમણ એટલે કે જે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધસ્વરૂપ (છે) એવી અંતર દૃષ્ટિ અનુભવ કરીને ગયા કાળમાં પુણ્ય ને પાપ, મન-વચન-કાયાથી કર્યું, કરાવ્યું, અનુમોદ્યું હોય એનાથી ખસી એટલે વર્તમાનમાં વિકાર પરિણતિ ઉભી કરી અને ગયા કાળનું પ્રતિક્રમણ હું કરું છું એમ અહીંયાં અભ્યાસ બતાવે છે.

ફરીને, જુઓ! 'अहम् आत्मना आत्मनि वर्ते' હું પ્રતિક્રમણ કરનાર, એની શું દશા હોય છે, કે હું 'ચેતનામાત્ર સ્વરૂપ...' હું તો એક જાણનાર-દેખનાર આત્મા ચૈતન્યસૂર્ય છું. સમજાય છે? ધર્મી જીવ(ને) પ્રતિક્રમણની ક્રિયા કાળમાં ચોવીસે કલાક આ હોય છે. હું એક આત્મા ચૈતન્ય જ્ઞાન આનંદસ્વરૂપ છું. 'જે હું વસ્તુ,...' 'સ્વરૂપ છું જે હું વસ્તુ, તે હું પોતાથી...' શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપની નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ દ્વારા. સમજાણું કાંઈ? આવું પડિકમણું કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય. 'માણેકચંદભાઈ'!

આત્મા વસ્તુ છે, આ દેહથી જુદી (ચીજ છે). આ તો હાડકા છે, જડ માટી-ધૂળ છે. એમાં આઠ કર્મની રજકણ જુદી ઝીણી ધૂળ છે, જેને કર્મ કહે છે. એ પણ જડ ધૂળ-માટી છે. એમાં પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ થાય એ વિકાર છે, એ વિકારથી રહિત અંદર ચિદાનંદસ્વરૂપ જ્ઞાનાનંદનો ભંડાર ભગવાનઆત્મા, એને અહીંયાં ચેતનાસ્વરૂપ છે એમ કહેવામાં આવે છે. એવા ચેતનાસ્વરૂપના ભાનની પ્રતીતિની ભૂમિકામાં 'પોતાથી...' હું આત્મા. ભાવસ્વભાવરૂપ આત્મા, ચેતનાસ્વરૂપ જાણનાર-દેખનાર સ્વભાવ એ પોતામાં, પોતાથી. શુદ્ધ ચૈતન્યની રાગરહિત શુદ્ધ નિર્મળ પર્યાય-પરિણતિ દ્વારા, પોતાથી, મારા દ્વારા એટલે નિર્મળ દ્વારા 'आत्मनि वर्ते' હું શુદ્ધ સ્વરૂપમાં પ્રવર્તુ છું. એ પછી ખુલાસો કર્યો હતો જરી કે, પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિ, વર્તમાનમાં પુણ્ય-પાપના રાગની દશા (થાય છે) એ મલિન, અશુદ્ધ, મેલ દુઃખરૂપ છે. એનાથી રહિત વર્તમાન થયો થકો. રહિત થયો તો થયું શું?

પુણ્ય-પાપના વિકલ્પ એટલે વૃત્તિઓ જે વાસના, એનાથી રહિત પોતાના શુદ્ધ સ્વરૂપમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાનું જ્ઞાયક ચૈતન્ય આનંદ શુદ્ધ સ્વરૂપમાં 'અનુભવરૂપ પ્રવર્તું છું.' મારા શુદ્ધ સ્વરૂપમાં હું આત્માના આનંદના અનુભવરૂપ પ્રવર્તું છું. આ પ્રતિક્રમણ છે. આ અસ્તિનું પ્રતિક્રમણ, અસ્તિ. હવે અહીંથી નિવર્તું છું એ પછી કહેશે. સમજાણું કાંઈ? આવું પડિકમણું? પેલું પડિકમણું સાંજ-સવાર કરી નાખે. મિચ્છામિ દુક્કડમ. જાઓ! 'પ્રાણભાઈ'! પહેલા અણુવ્રતમાં દોષ લાગ્યો હોય, કોને ખબર અણુવ્રત કોને કહેવા? ને દોષ કોને કહેવા?

અહીં તો કહે છે, ભાઈ! આ દેહથી ચૈતન્ય ભગવાન ભિન્ન વસ્તુ છે. આમ જ્ઞાનાનંદનો (ભંડાર છે). આ દેહ તો એક બંગલો જડ માટી છે, ધૂળ–રાખ છે. દાળ, ભાત, રોટલાનું બનેલું આ એક ઢીંગલું છે. આત્મા એ નથી. આત્મા એનાથી (જુદો) જાણનાર-દેખનાર, આનંદ, જાણે-દેખે (એવો છે). સમજાણું કાંઈ? એક ઘરમાં એક માણસ ઉભો હોય એને ઉભો ઉભો આમ દેખે. ઇ ઘર ઇ છે? ઘરની બારીમાંથી દેખે, આ.. આ.. આ.. ઇ ઘરમાં ઉભેલો માણસ ઇ બારી છે? ઘર છે? એમ આ બધા ઝાળ્યા માટીના છે. ભગવાન અંદર આત્મા જ્ઞાન, ચૈતન્યસૂર્ય છે એ તો. જાણનાર ચૈતન્યસૂર્ય એ આમ જોવે છે, જાણે છે. એ જાણવા-દેખવાની સત્તાવાળું તત્ત્વ તે આત્મા (છે). આ (શરીર) નહિ. આ તો કોડા માટી જડ (છે). ઇ જાણનાર-દેખનાર જે સ્વભાવ.

એમાં વળી તર્ક કર્યો છે. અચિંત્ય શક્તિ છે ને? ભગવાને અચિંત્ય કહી દીધું છે. તર્ક કર્યા છે ને? ૧૪૪માં નથી આવતું? કળશમાં 'अचिंत्य शक्ति स्वयमेवदेव' એનો દાખલો આપ્યો છે. 'પંચાધ્યાયી'નો આપ્યો છે. આગળ પાછળ છે ખરો. અનંત અચિંત્ય શક્તિ કીધો. અરે..! ભગવાન! અરે..! ભગવાન! શું થયું છે? જ્ઞાનમાં તો આત્માના અનંત ગુણો કેવળજ્ઞાનીને પ્રત્યક્ષ આવે. શ્રુતજ્ઞાનીને પણ બધા પરોક્ષ (રીતે) પ્રતીતમાં આવે. જ્ઞાનદશા–વર્તમાન જ્ઞાન પ્રગટરૂપ જે અંશ છે, પ્રગટરૂપ જે જાણવાનું કામ કરે, તે એટલા અંશમાં આખો આત્મા નથી. એટલો જાણવાનો અંશ છે એ આખા તત્ત્વનો એક અંશ છે. આખું ચૈતન્ય જ્ઞાનાનંદ ભંડાર, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવું તત્ત્વ જે આત્મા એમાં અનંત અચિંત્ય નામ ચિંતવવામાં, કલ્પનામાં, વિકલ્પમાં એ ગુણો ન આવી શકે. એટલા ગુણો છે. તેથી કંઈ સર્વજ્ઞ જ્ઞાન એને ન જાણી શકે એમ નથી. અરે..! પહેલા જ વાંધા. બધાએ (ભેગા) થઈને એક નક્કી કરવું જોઈએ કે, સર્વજ્ઞ શું છે?

અરિહંત ભગવાન છે. પહેલો અર્થ (કરીએ), અરિહંત ભગવાન–ણમો અરિહંતાણં. એ અરિહંતમાં સર્વજ્ઞ પરમાત્મા જેને અરિહંત કહીએ એ છે કોણ? પછી ક્યાં છે એ પછી પણ છે કોણ? અને એ કેવી રીતે છે? એનું સર્વજ્ઞપણું એટલે શું? આ પહેલા વાંધા. આ એના વાંધા સામે વિરોધ થાય એ બધો વિરોધ યથાર્થ છે, લ્યો! મૂળ વાંધા ત્યાંથી છે આખા. એક સમયમાં ભગવાનઆત્મા જ્ઞાનની વર્તમાન દશામાં અલ્પજ્ઞપણું વર્તમાનમાં છે. પણ એ વસ્તુના સ્વભાવ, અંતર વસ્તુ અંતર વસ્તુમાં પૂર્ણ આનંદનો સાગર એ તો આત્મા છે, જ્ઞાનનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભંડાર છે. એનો જ્ઞાનપ્રવાહ અંતર એકાગ્ર થઈને દશા વહે, એ પૂર્ણ એકાગ્ર થાય તો કેવળજ્ઞાનની દશા અંતરથી વહે, પ્રવહે. એ કેવળજ્ઞાનને પ્રગટ કરવાનો ઉપાય આ છે, એમ અત્યારે કહે છે. સમજાણું કાંઈ?

એટલે કે મોક્ષને પ્રગટ કરવાનો આ ઉપાય એટલે કે પ્રતિક્રમણ એટલે શું? કે, હું એક સર્વજ્ઞસ્વભાવી ચૈતન્ય, ચેતન કીધું ને? જુઓ! ચેતનામાત્રનો અર્થ થયો કે, ચેતનામાત્ર એટલે પૂર્ણ ચેતનાસ્વરૂપ. પૂર્ણ સ્વરૂપમાં વળી અપૂર્ણતા ને કલંકતા એ હોઈ શકે નહિ. એવો હું ચેતના સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. એવો હું મારામાં, મારા વડે ચેતનાસ્વરૂપમાં, ચેતનાસ્વરૂપ વડે, ચેતનાસ્વરૂપ એવો આત્મા એમાં વર્તું છું. કહો, 'રાજમલજી'! ઇ શું વસ્તુ (છે) એને ખબર પડતી નથી. કોઈ દિ' સાંભળ્યું નથી, વિચાર્યું નથી. કરો ધર્મ. ક્યાં ધર્મ ક્યાંય બહાર લટકે છે? સમજાણું કાંઈ? કહો, 'ભીખાભાઈ'!

આ દેહમાં ભગવાન બિરાજે છે. નારાયણ પરમાત્મા પોતે, હોં! આત્મા. એને કોઈ દિ' ખબર ન મળે. એ ચૈતન્યરૂપ જ છે. એકલો ચૈતન્યનો પુંજ, એકલો જ્ઞાનનો પુંજ આત્મા છે. આહાહા..! એવા આત્માને અંતરમાં, અનુભવમાં દૃષ્ટિમાં લઈ અને પોતાથી પોતા દ્વારા વિકાર, પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે એનાથી રહિત થઈ શુદ્ધ આત્માના ચૈતન્યસ્વરૂપમાં અનુભવરૂપ પ્રવર્તું (છું). હું મારા શુદ્ધ સ્વરૂપને અનુસરીને રાગ ને વિકલ્પનું અનુસરણ છોડી દઈને સ્વભાવના શુદ્ધ સ્વભાવમાં અનુસરીને વર્તું છું. આ એનું નામ પ્રતિક્રમણ કહેવાય છે. કહો, 'નેમિદાસભાઈ'! આ ભાંગામાં આવતું હશે કે નહિ? અગિયાર, બાર ને તેર ફલાણું, ઢીકણું.. એકત્રીસ, બત્રીસ, તેંત્રીસ.. આહાહા..! એ અમારા ભગત હતા એ બહુ શીખ્યા હતા. 'સોમચંદ ભગત' નહોતા? 'ઉમરાળા'માં હતા ને? અગિયાર ને બાર ને તેર, એકત્રીસ, બત્રીસ, તેંત્રીસ. આપણે અંદર લખ્યા છે ને? પણ એ તો બધા ભંગની અપેક્ષાએ વાત કરી છે. ગયા કાળમાં આત્મ ભગવાને જે કંઈ મનથી, વાણીથી, દેહના નિમિત્તના લક્ષે રાગ કર્યો હોય, મનથી, વચનથી, કાયાથી એટલે કાયાના લક્ષે, એમ મન અને વચનથી, એમ મન અને કાયાથી, એમ વચન ને કાયાથી એમ ગયા કાળના બધા પ્રકારના ૪૯ ભંગ થાય છે. એ બધા ભંગનું એનાથી ખસીને એકસાથે એકરૂપે મારા સ્વરૂપમાં – હું ચૈતન્યમૂર્તિ આત્મા છું એવા મહાન ચૈતન્યસાગરને અંતરમાં દૃષ્ટિમાં લઈ પોતા દ્વારા પોતામાં અનુભવમાં વર્તવું એનું નામ પ્રતિક્રમણ કહેવાય છે. સમજાણું કાંઈ? આવું કેવું પડિકમણું? પાઠ બોલી જાય, લ્યો, મિચ્છામિ દુક્કડમ. અણુવ્રતમાં દોષ લાગ્યો (હોય) બંધે વહે અપ્પાણં વોસરી.

કહે છે કે, ભાઈ! પણ તું ક્યાંથી ખસ્યો? પાપથી ખસ્યો ને? એમ કહે છે ને કે, મારે પાપ નથી જોઈતું. પાપ નથી જોઈતું (તો) તારે ક્યાં રહેવું છે હવે? પાપ ને પુણ્યના ભાવમાં હતો તો કહે હવે મારે પ્રતિક્રમણ કરવું છે. એટલે કે એ પુણ્ય-પાપના ભાવ મારે જોતા નથી. જોતા નથી તો હવે (એને) છોડીને ક્યાં જાવું છે? આત્મા તો ખબર ન મળે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જોતા નથી પણ કઈ રીતે જોતા નથી? કોઈ નિર્દોષ આત્મા પૂર્ણાનંદ જ્ઞાયક દૃષ્ટિમાં જો લીધો હોય તો એને એમ થાય કે અરે..! આ નિર્દોષ જ્ઞાયકમૂર્તિ આત્મા એમાં પુણ્ય-પાપના વિકલ્પો, ભૂતકાળના ૪૯ (ભંગ), એમાંથી ખસીને હું મારા સ્વરૂપમાં આવું છું પણ એ સ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન થયું હોય તો સ્વરૂપમાં આવે કે સ્વરૂપના ભાન વિના ખસે ક્યાં ને જાય ક્યાં? પડિકમણું કરીએ છીએ, લ્યો! સાંજ-સવાર પથરણા ખંખેરીને ચાલ્યા જાય, પડિકમણું કરી આવ્યા. 'પ્રાણભાઈ'! આહાહા..! આ કલાક બેસે ખરા ને? ધૂળ-બૂળ ઊડી હોય તો ખંખેરીને બાંધીને આ ચાલ્યા.

મુમુક્ષુ :– રાજીપો ઘણો થાય.

ઉત્તર :– ગાંડાને રાજીપા જ રહે ને! સમજાણું? જેઠ મહિનાનો તડકો હોય, છોકરાએ દૂધ પીધું હોય, વર્ષનો છોકરો હોય, સારી રીતે દૂધ પીધું હોય પછી શેરણું થાય, ગરમી બહુ હોય, શરીર આમ હેઠે અડે તો એને સારું લાગે, હાથ નાખે ને આમ ચાટે તો સારું લાગે, રાજીપો બહુ થાય. 'જમુભાઈ'! આ એવું છે. મૂઢ જેવો ભાવ શું કર્યા એની ખબર નથી, શું છૂટ્યા કે ક્યાં ને કેમ છોડ્યા એની કાંઈ ખબર નથી. અજ્ઞાનનો રાજીપો થાતો. 'જમુભાઈ'! આહા..!

છોકરાઓ હંગ્યા વિનાના બેઠા હોય, હંગીને ચાટે એનાથી તો કાંઈ ફેર ખરો કે નહિ? કાંઈ ફેર પડ્યો કે નહિ? કહે છે. એ..ઇ..! 'ન્યાલભાઈ'! આ અમારા ડોસા તો ન્યાં બહુ મુખ્ય હતા, બધું કરતા. આહાહા..! બહુ ખુશી થાય. બસ! શું પણ કર્યું શું તેં એ કહે. ક્યાં કર્યું? શું કર્યું? લાવ. કહે. મિચ્છામિ દુક્કડમ કરી આવ્યા. શું પણ? મિચ્છામિ દુક્કડમ એ તો વાણીમાં આવ્યું. તારી દશામાં શું આવ્યું? તારી અવસ્થામાં શું આવ્યું? તારા ભાવમાં શું ફર્યું? શું ગયું? અને શું થયું? આપણને કાંઈ ખબર નથી. કેમ 'ગોપાળદાસભાઈ'? શું તેં કર્યું? અને શું ત્યાં થયું? શેમાં થયું? અને શેમાં હતો ત્યાંથી શું ગયું? કાંઈ ખબર છે?

ના, ના. ઇ વાત સાચી છે. અભિમાન એમ કે, અમે કાંઈક કર્યું, એમ. એમ માને. શું પણ કર્યું તેં? વાણી બોલાણી એ તો જડ છે. કાંઈક જુદું પડ્યું એટલે શું પણ? શું જુદો પડ્યો? જુદું પડ્યું એટલે શું? ચોવીસે કલાકમાં વાણી જડ આદિની ક્રિયા થતી હતી, ચોવીસે કલાકમાં વિકલ્પો ને રાગ-દ્વેષ થતાં હતાં, હવે એમાંથી (છૂટીને) નવું કર્યું શું એણે? ચોવીસે કલાકમાં ભગવાનઆત્મા તો અંદર છે. આ દેહ, વાણી પણ અંદર ચાલ્યા કરે. એ એને કારણે, હોં! આત્માને કારણે નહિ. એ તો ઘણાને પક્ષઘાત થાય એને અનુભવ થઈ ગયો છે ને? લ્યો, આ 'મણિભાઈ'ને પક્ષઘાત થયો તો જરી આમ થઈ ગયું કે નહિ? 'ખીમચંદભાઈ'ના ભાઈ. પૈસા હતા ને ક્યાં ગયા? આહા..! હમણાં તો બે-ત્રણનું સાંભળ્યું. આ 'રતિલાલ ગાઠણિયા' એને જરી થઈ ગયું છે. 'અનૂપચંદભાઈ'ને હાર્ટનો એટેક આવ્યો. પૈસા-બૈસા કંઈ સુખ ત્યાં નાખતા નથી. આ 'પૂનમભાઈ'નું થોડું સાંભળ્યું છે. કહે છે, એને થોડું બ્લડપ્રેશર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયું છે. થોડું કાંઈક થયું છે, 'મલૂકચંદભાઈ' અહીં હતા ને? બે કરોડ રૂપિયા છે ને? રૂપિયા બે કરોડ અઢી કરોડ પડ્યા છે, આ બ્લડપ્રેશર ક્યાંથી આવ્યું? મેં તો કીધું, આ વર્ષ બેસશે ને? આ 'પૂનમચંદ' આવશે કે નહિ? આ નવું વર્ષ બેઠું તો આવશે? હમણાં ઠીક નહોતું. પણ આટલા રૂપિયામાં પણ બ્લડપ્રેશર થાય? હવે સુખ ક્યાં આવ્યું આમાં? અને શરીરમાં ફેરફાર થયો એ તો જડમાં થયો. આત્માએ શું કર્યું ત્યાં? આત્માને એ કરવું હતું? એ તો જડનો ભાવ છે. પર્યાય ફરે આમ આમ, લોહી આમ આમ (ફરે) એ તો જડના રજકણો ફરે છે. તારામાં શું છે? તું કોણ છો? અને થાય છે શું? કોઈ દિ' વિચાર્યું નથી, કોઈ દિ' જ્ઞાન કર્યું નથી. કહો.

અ..હો..! સર્વજ્ઞ ભગવાન પણ સમવસરણમાં અનંતવાર મળ્યા પણ એ શું વસ્તુ છે ? અને તું કોણ છો? કાને સાંભળ્યું. આ ચીજ કોણ? આ તે શું છે આત્મા? હું આ જગતને માહાત્મ્ય આપું છું. શરીરને, પૈસાને, ભોગને, વિષયને, આબરુને, રૂપાળાને, મકાનને, પથરાને.. પથરા એટલે આ હીરા-માણેકને, આ લૂગડાંને (માહાત્મ્ય) આપું છું, માહાત્મ્ય આપનારો હું. કારણ કે જાણનારમાં માહાત્મ્ય આવે, કાંઈ જડમાં આવે નહિ. તો આ.. આ.. આ.. આ.. આ.. પણ ઇ માહાત્મ્ય પરને આપે ઇ છે કોણ? સમજાણું કાંઈ? આ સારું, આ સારું.. પણ આ સારું સારું એ જાણનારને આવે કે જડને આવે? જાણનાર આ સારું, આ સારું, આ સારું (કરે છે), એ પોતે કોણ છે એની ખબર છે એને? બધા સારા, એક હું સારો, એની એને ખબર ન મળે. આહાહા..! અંધારું, દીવા હેઠે અંધારું કહે છે ને? હેઠે અંધારું હોય, દીવા હેઠે અંધારું હોય.

ભગવાન ચૈતન્યસ્વરૂપ અંદર છે, જળહળ જ્યોતિ જ્ઞાયક ભગવાનઆત્મા પોતે, એને પ્રતિક્રમણ એટલે ધર્મ કરવો હોય તો કેમ થાય? કે, હું એક જ્ઞાયક મહા ચૈતન્યસમુદ્ર આત્મા છું. એ મારા જ્ઞાન દ્વારા જ્ઞાનમાં જ્ઞાન વડે મારા સ્વભાવમાં વર્તું છું એવો હું મારો અનુભવ કરું છું. એવી દશાને પરથી હટેલાની અપેક્ષાએ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! કહે છે.

'કેવો છે આત્મા અર્થાત્ પોતે?' કેવો છે પોતે? કોણ છે પોતે? કેવો છે પોતે? એ પોતે કેવો છે? 'नित्यम् चैतन्यात्मनि' પેલો એકલો 'अहम्' શબ્દ હતો. પહેલો શબ્દ હતો ને? 'अहम्' ઇ 'अहम्'ની વ્યાખ્યા અહીં આવી કે, 'अहम् नित्यम् चैतन्यात्मनि' પેલો 'अहम्' તો અર્થકારે ખુલાસો કર્યો હતો. 'अहम् नित्यम् चैतन्यात्मनि' હું.. હું એવો જે આત્મા એ તો નિત્ય નામ કાયમ સર્વ કાળ... દેખો! હું તો સર્વ કાળ કાયમ.. કાયમ.. કાયમ.. કાયમ રહેનાર 'चैतन्यात्मनि' ચૈતન્યસ્વરૂપ એમ. ચૈતન્યસ્વરૂપ એટલે જ્ઞાનમાત્ર સ્વરૂપ. હું તો એક જ્ઞાન માત્ર જાણનાર, માત્ર. સર્વજ્ઞસ્વભાવ માત્ર હું આત્મા છું. જ્ઞાનમાત્ર કહો કે પૂર્ણ જ્ઞાનમાત્ર કહો, સર્વ જ્ઞાનમાત્ર કહો બધી એક જ વાત છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું એક, હું નિત્ય 'चैतन्यात्मनि' હું ત્રિકાળ–ત્રિકાળ કાયમ ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ એ હું છું. આ શરીર, વાણી, જડ એ મારા નથી. પુણ્ય-પાપના વિકલ્પો એ પણ મારા ત્રણ કાળના સત્ત્વના સત્ત્વમાં એનો પ્રવેશ નથી. સમજાણું કાંઈ? એવો કાયમ રહેનાર, ત્રિકાળ, 'સર્વકાળ જ્ઞાનમાત્રસ્વરૂપ છે.' ઓહો..! 'વળી કેવો છે?' 'निष्कर्मणि' 'निष्कर्मणि' 'સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે.' હું એટલે ચૈતન્ય. જેમ હીરો ડાબલીમાં પડ્યો હોય પણ એ હીરો ડાબલીથી જુદો છે અને ડાબલીમાં કોઈ મેલ હોય અને એને અડ્યો હોય એ મેલથી પણ એ જુદો છે. એમ આ જડની ડાબલી છે. એમાં ચૈતન્યહીરો છે. એ ચૈતન્યહીરાને ડાબલીના લક્ષે થયેલા પુણ્ય-પાપના મેલના ભાવ છે. એ મેલ અને ડાબલીથી રહિત આત્મા છે. સમજાણું કાંઈ?

એક ફેરી પેલા એંસી હજારના હીરાનું નહોતું કહ્યું? સાંઈઠ હજારના હીરાનું. 'બેચરભાઈ' ત્યાં લાવ્યા હતા. (સંવત) ૧૯૯૯ ની સાલમાં. એંસી હજારનો. આમાં એંસી હજારની કીંમત શું? (એમણે કહ્યું), આઠ રતિભાર છે. આઠ રતિભાર. શું? આઠ રતિભારનો હીરો હતો. કીધું, આની કિંમત કેટલી? તો કહ્યું, એંસી હજાર. કેમ? એક રતિના દસ હજાર રૂપિયા. પથરાના, પરમાણુના પિંડના? એક ડાબલીમાં લાવ્યા હતા. મખમલની ડાબલી, અંદર ખાડો હોય. આમ તો કંઈક ઘસાય છે પણ એંસી હજારની એક ચીજ. ડાબલી (અંદર) ખાડો મખમલનો. બે હીરા લાવ્યા હતા. એક એંસી હજારનો, એક સાંઈઠ હજારનો. મારે તો બીજું કહેવું છે. એ આઠ રતિમાં એક રતિની દસ હજારની કિંમત આ પથરાની. જેણે કિંમત ટાંકી એની કિંમત કેટલી? એ (હીરો) તો કાંઈ છે નહિ, એ તો માટી ધૂળ છે. હીરો એટલે ઓછો મળે, ચકચકે, ટકી રહે. આ ત્રણને કારણે કિંમત (છે). શું કીધું? એવા હીરા ઓછા મળે, ચકચકે અને ટકી રહે એટલે એની કિંમત. બીજું છે કાંઈ? ભૂખ લાગી હોય તો કામ આવે?

આ ભગવાન મહાતત્ત્વ છે. કોઈ પ્રાણીને પ્રાપ્ત થાય છે અને તે ચકચકાટ જ્ઞાનથી ભરેલું તત્ત્વ છે. સમજાણું કાંઈ? નિત્ય ટકતું છે. કોઈ જ્ઞાનીને–આત્માને પ્રાપ્ત થાય છે. અને તે નિત્ય રહેનારું છે અને જ્ઞાનના ચકચકાટથી ભરેલું છે. ઇ ખબર ન મળે. ઇ શું હશે? સમજાણું આમાં? એવો હું નિત્ય ચૈતન્ય ચમકતો હીરો છું. ચૈતન્યના જ્ઞાનના પ્રકાશના કિરણોથી ભરેલો ભગવાન છું. આ બધા માટી એ હું નહિ. એ પુણ્ય-પાપના વિકલ્પો ગયા કાળમાં થયા એ મારા નહિ. હું ત્યાંથી વર્તમાન હટ્યો છું એથી ભૂતકાળના પાપ-પુણ્યથી પણ હટી ગયો છું. સમજાણું કાંઈ?

'સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે.' આહાહા..! 'શું કરતો થકો આમ પ્રવર્તું છું?' 'तत् समस्तं कर्म प्रतिक्रम्य' લ્યો! 'પહેલાં કર્યું હોય જે કાંઈ અશુદ્ધપણારૂપ કર્મ...' આ જ ભવ પહેલા કે આ વર્તમાન પહેલા અશુદ્ધ–પુણ્ય અને પાપ, હોં! અહીં બેય છે. પુણ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને પાપ, શુભ ને અશુભભાવ એ બે 'જે કાંઈ અશુદ્ધપણારૂપ...' અસંખ્ય પ્રકારના અશુદ્ધપણાના મેલા ભાવ. ભગવાન હું તો ચૈતન્ય ચમકતો તારો હીરો છું. '..ચંદજી'!

મારું સ્વરૂપ ધર્મીને ધર્મ સ્વભાવ આખો આત્મામાં ભાસે છે. જ્ઞાન, આનંદ, શાંતિ વગેરે. અનંત ગુણ ચૈતન્યરૂપ એવો હું એ, આ ગયા કાળના બધા વિકલ્પોથી હું પાછો હટું છું. એટલે કે વર્તમાનમાં પાછો હટ્યો છે એ અપેક્ષાએ ગયા કાળથી પાછો હટ્યો છું એમ એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે! આ કઈ જાતનું પ્રતિક્રમણ? આવી તે ક્રિયા કેવી હશે આ? કહો, 'ભગવાનભાઈ'! આનું નામ પ્રતિક્રમણ. પ્રતિક્રમવું–પાછું ફરવું. તો કોનાથી? કે, પુણ્ય-પાપના વિકારભાવથી. કે જે અશુદ્ધ પરિણામ છે તે. શેમાં આવવું? કે હું ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ છું એ જ્ઞાનમાં આવું અને ઠરું છું, અનુભવું છું. એ જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબ્રહ્મ આનંદમૂર્તિ ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ સર્વજ્ઞપ્રભુએ જે આ આત્મા જોયો એ આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે એવો હું છું. ભગવાને જોયો એવો હું જોઉં છું. ઓહો..! એવા આત્મામાં કર્મની ઉપાધિરહિત.. સમજાય છે?

'પહેલાં કર્યું હોય જે કાંઈ અશુદ્ધપણારૂપ...' એવું કાર્ય 'તેને અતિક્રમીને–ત્યાગીને.' સમજાય છે કાંઈ? એનો ત્યાગ કરીને. વળી પહેલા કહ્યું હતું કે, અશુદ્ધતાનો ત્યાગમાત્ર પરમાર્થે આત્મામાં નથી. નામમાત્ર નથી, અશુદ્ધતાના ત્યાગનું નામમાત્ર આત્મામાં છે. અહીં શૈલી સમજાવવી છે શું? કે, એમાં હટ્યો તું ક્યાંથી, આવ્યો ક્યાંથી એ અપેક્ષાએ આનો ત્યાગ કરું છું એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? હું એક ચૈતન્યપ્રભુ પરમાત્માની જે શક્તિની વ્યક્તિ અરિહંત પરમાત્માને થઈ, જે શક્તિ હતી તે પ્રગટ થઈ. એવો શક્તિવાન હું એકલો ચૈતન્યસ્વરૂપ મારું એમાં હું દૃષ્ટિ મૂકીને ઠરું છું, અનુભવું છું અને આ પુણ્ય-પાપના ભાવથી છૂટો (પડું છું). એમ બે–આનાથી છૂટું અને આમાં સ્થિર (થાઉં છું) એમ પ્રતિક્રમણની વ્યાખ્યામાં આ રીત સમજાવે છે. સમજાય છે કાંઈ?

એ વસ્તુ તો જ્ઞાનમાત્ર આત્મા (છે) એમ અંતરમાં અનુભવ થતાં આ છોડું છું એ એમાં હોતું નથી. પણ છૂટે છે તેને છોડું છું એમ અહીંયાં કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એ કેટલા પાઠ બોલ્યે આવું પડિકમણું થાતું હશે? આ પાઠ તો આ જડ માટી બોલે છે. આ જડ છે, આત્મા ક્યાં છે? આત્મામાં ભાષા છે? આ તો જડ બોલે છે. અંદર જ્ઞાનાનંદનો પાઠ ભણવો એમ કહે છે. આહાહા..!

સર્વજ્ઞે આ પ્રમાણે ત્રિકાળજ્ઞ દીઠું? તો પછી પુરુષાર્થ કરવાનું કેમ કહ્યું? શુક્લધ્યાન કરો, કરો. અરે...! ભગવાન! એવી વાત છે ઇ. પણ ત્રિકાળજ્ઞ જ્યાં ત્રણકાળનું જ્ઞાન છે એમ જ્યાં નક્કી થયું.. આહા..હા..! એ આત્મામાં જ્ઞાનસ્વરૂપે ભગવાનની દશામાં ત્રણકાળ ત્રણલોક પ્રત્યક્ષ પર્યાયમાં પર્યાય જાણતા જણાય જાય. અરે..! આ તે કાંઈ (વાત છે), એનો નિર્ણય થવો એ તે કાંઈ સાધારણ વાત છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરિહંત ભગવાન સર્વજ્ઞ ત્રકાળ જ્ઞાની, ત્રણકાળ ત્રણલોક જેના જ્ઞાનમાં હથેળીમાં આમળું દેખાય એથી અનંતગુણા સ્પષ્ટ દેખાય. એવો ભગવાનઆત્માનો એક સેકંડના અસંખ્ય ભાગનો એક ગુણની એક અવસ્થાની આટલી સામર્થ્ય છે! આ તે કાંઈ (વાત છે)! સમજાણું કાંઈ? એવા અરહિંતને આ કબુલવા જતાં એનો આત્મા જ્ઞાનમાં તોળાય જાય છે. હું જ આવો સમજનાર છું. આવી ચીજ.. આવી ચીજ.. આવી ચીજ.. એની સત્તાનો સ્વીકાર એક સમયની પર્યાયે પરલક્ષે થઈ શકે નહિ. આ જ્ઞાયકભાવ પૂર્ણ સ્વભાવ(થી) ભરેલો. બોલવામાં તો શું આવે? એવો એકરૂપ સ્વભાવનો અંતર નિશ્ચય થતાં સર્વજ્ઞનો નિશ્ચય ત્યારે થાય. એ તો સમ્યગ્દર્શન થઈ ગયું. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્જ્ઞાન થયું અને સ્વરૂપના આચરણનો અંશ જાગૃત થયો.

કહે છે, કે આ ભગવાને આવું પ્રતિક્રમણ કહ્યું છે. એ ભગવાન સર્વજ્ઞ હતા એ સર્વજ્ઞે મારા માટે આવું કહ્યું છે. એવો આત્મા પોતાના નિત્ય ચૈતન્ય સ્વકાળે રહેલો જ્ઞાનમૂર્તિ હું. કોઈ દિ' હું રાગરૂપ થયો નથી, શરીરરૂપ થયો નથી. અને મારા સ્વભાવને કોઈ દિ' છોડ્યો નથી. એવો અંતરમાં અનુભવ થતાં અશુદ્ધપણારૂપી કાર્યનો ત્યાગ થાય છે. સમજાય છે કાંઈ? લ્યો, આ પ્રતિક્રમણ. 'શિવલાલભાઈ'! કેટલા પડિકમણા ન્યાં કર્યા હશે ખરા. 'જમશેદપુર'. આ પડિકમણા કરી આવ્યા. સંવત્સરીને દિ' ન જઈએ તો વાણિયા જૈન ન કહેવાઈએ. ચાલો, ભાઈ લાકલાજે પણ પથરણ નાખીએ ને ચાલો ન્યાં. અરે..! ભગવાન! પડિકમણા કોને કહેવા ભાઈ! તેં સાંભળ્યા નથી અને તને આવ્યા ક્યાંથી?

કહે છે, અરે...! 'કયું કર્મ?' કહે છે કે, ક્યા કર્મના અશુદ્ધપણાનો ત્યાગ થયો? 'यत् अहम् अकार्षं' 'જે પોતે કર્યું હોય.' જે પોતે પૂર્વે પુણ્ય-પાપના વિકલ્પો પર્યાયમાં અજ્ઞાનભાવે કર્તૃત્વબુદ્ધિથી કર્યા હતા. 'શા કારણથી?' 'मोहात्' જોયું? ગયા કાળમાં કેમ કર્યું હતું? 'मोहात्' એ પુણ્ય અને પાપના ભાવ, પુણ્ય ને પાપના ભાવ જે પૂર્વ થયા હતા (એ) કેમ કર્યા હતા? 'શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ હોઈને...' અહીં તો મિથ્યાત્વની વાત છે. પૂર્વે પુણ્ય-પાપના ભાવ કર્યા હતા એ શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ થઈને મારા કામ છે એમ મેં માન્યા હતા. ઓહોહો..! હજી તો અહીં શરીરના કામ (હું કરું છું, એમ માને છે). એમાં ત્રીજો બોલ લીધો છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે એ ખોટું છે. એમ ન હોય તો પછી આ દારૂનો નિષેધ શું કરવા કરો છો? આ બધો ઢોંગ શેના રચ્યા છે, આ દેરાસર ને બધું? એ..ઇ..! 'ન્યાલભાઈ'! અરે..! ભગવાન! તારી બલિહારી છે ને! પૂરો તે કેવો? આવા લખાણ એમાં આવે એ એની બીજી વાતું કરે એના ઓરતા શા? આહાહા..! જેની જાતની, કેવળજ્ઞાનની જાતની ખબર ન મળે એણે શું જાણ્યું એની ખબર ન મળે. એ લોકો વિરોધની વાતું કરે એ વિરોધ તો એનો પોતાનો કરે છે. કેમ 'કનૈયાલાલજી'? આહાહા..!

ભાઈ! એ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ તીર્થંકરદેવ, ભાઈ! એના કેવળજ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરીક્ષા થવી એ તો આત્માને મોક્ષના ભણકાર વાગ્યા. એ કેવળજ્ઞાન એટલે મોક્ષદશા છે ને? આહા..! એણે આમ ત્રણકાળ ત્રણલોક જોયા. આહાહા..! અનાદિઅનંત બધું જોયું. અનાદિઅનંત જોયું એટલે આદિ કેમ ન જોઈ? પણ આદિ છે ક્યાં તે જોવે. જેમ છે તેમ અનાદિઅનંત જ્ઞાનમાં જોયું. ત્યારે વળી કહે, અનાદિઅનંત જોયું ને? ન્યાં ક્યાં એમ કીધું કે આમ થઈ ગયું છે? પણ છે નહિ... પછી, માટે ત્રિકાળજ્ઞ નહિ. આહાહા..!

એક જણો કહે, ત્રિકાળજ્ઞ હોય તો મારી ભવિષ્યની પર્યાય કહે. પ્રભુ! શું કહે છે તું આ? ભવિષ્યની પર્યાય એટલે છેલ્લી પર્યાય કહે. છેલ્લી એટલે મારો નાશ થઈ જાય એમ કહે. શું તું કહે છે આ? છેલ્લી પર્યાય એટલે પછી મારો નાશ થઈ જાય એમ ભગવાન કહે તો ભગવાન ત્રણકાળના જાણનાર કહેવાય. 'છોટાભાઈ'! અરે..! ભગવાન! ભગવાન એમ જોવે કે, આની આ પર્યાય છેલ્લી છે એટલે કે હવે પછી નાશ થઈ જશે, દ્રવ્ય અને પર્યાય બેય. કાં પહેલી પર્યાય કહે. એટલે પહેલો દ્રવ્ય અને પર્યાય હું હતો જ નહિ. એમ ભગવાને જોયું હોય તો ભગવાન સાચા તમે. આહાહા..! ગજબ છે ને માળો! તર્ક પણ કરે છે ને? સામે ભગવાન પણ ઉભો છે ને!

'રામચંદ્રજી' અને 'લક્ષ્મણ'ની સામે 'રાવણ' ઉભો રહે, હોં! આહાહા..! સાધારણના કામ નહિ. 'લક્ષ્મણ', વાસુદેવ સામે ઉભા રહેવું એ બહુ ઊંડે જાવું હોય એ ઉભા રહે. બળદેવ સામે 'રામચંદ્રજી' ને પેલો 'રાવણ' ઉભો હોય. વિદ્યા.. વિદ્યા.. વિદ્યા.. ઘેરો ઘાલ્યો. એકવાર 'રામચંદ્રજી'ને શંકા પડી ગઈ. અરે..! અમે બળદેવ, વાસુદેવ અને આ શું? આ 'રાવણ'ની આટલી વિદ્યાઓએ ઘેરા ઘાલ્યા, મારા 'લક્ષ્મણ'ને શક્તિ મારી. મારો 'લક્ષ્મણ' બોલતો નથી, આ શું થયું? એ વાસુદેવ છે. આ થયું શું? એકવાર 'રામ'ને આમ થઈ ગયું. આહાહા..! સમજાણું? નહિ, મારો ભાઈ 'લક્ષ્મણ' મરે નહિ. એને મારશે પછી એ રહેશે નહિ. વેરબેર નથી, હોં! અમે 'લક્ષ્મણ' અને 'રામ' વાસુદેવ અને બળદેવ છીએ. અમારી પદવીને યોગ્ય આ દશા છે, હોં! અમારે કોઈ વિરોધ નથી, હોં! આહાહા..! જુઓ તો ખરા જ્ઞાન! 'જમુભાઈ'! આ સ્થિતિ છે, ભાઈ! અમારી આ સ્થિતિ છે, બાપુ! 'રામચંદ્રજી' કહે છે. 'રાવણ'ને ઘરે જાય છે. 'મંદોદ્રી'ને ઘરે (જાય છે). બા, બેન, માતા! અમારે કોઈ દુશ્મન નથી, હોં! 'રાવણ' પણ... અમે એટલા પુણ્યને લઈને આવી સ્થિતિ છે, બા! ... આ તે કોઈ જાત છે! આ તે કંઈ 'રામ' અને 'લક્ષ્મણ'ની આત્માની જાત કઈ છે? ઉત્તમ પુરુષોની વાતું કોઈ બીજી જાતની હોય છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનના જ્ઞાનમાં બળદેવ તરીકે જણાણા છીએ. અમારું બળદેવપણું તો આ ત્રણ ખંડના રાજનું, પુણ્ય પ્રકૃતિનું પરિણામ આવશે ત્યારે એ બળદેવપણું થયું કહેવાય. બીજો ઉપાય નથી. અમે જ્ઞાન છીએ, અમે આનંદ છીએ, હોં! અમારે આ વિકલ્પ કરવો એ પાલવતો નથી તો બીજાને મારવું એ અમને શોભતું નથી, ભાઈ! આહાહા..! એ તે કોઈ દેખાવ (હશે)!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં માથા કપાય છે, માથું. ... લાખો મડદાં લોહીવાળા પડ્યા છે, લાખો હાથી મરી ગયા છે, 'રાવણ' મરાણો, કાળા કેર થઈ ગયા. ત્યાં પેલા અંદર જઈને કહે છે, બા! માતા! અમે 'રામ' અને 'લક્ષ્મણ', માતા! અમે કોઈના દુશ્મન નથી, હોં! એ અમારી સામે ઉભો રહેનારો એક હતો. એ ગયો, એ ગયો હવે. આહાહા..! 'જમુભાઈ'!

આત્માનું જ્યાં ભાન વર્તે (છે), અમે તો આત્મા છીએ, બાપા! અમે તો જ્ઞાન ને આનંદની મૂર્તિ છીએ પણ આ પદવીને યોગ્ય આવા વિકલ્પો અને આ જાતની સ્થિતિ થઈ છીએ. અમે જાણનાર-દેખનાર છીએ પણ આ ભજ્યું છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? પેલીને વિધવા કરે છે ને પાછા જઈને માતા કહે છે. બા! માતા! બેન! 'રાવણ' મારો દુશ્મન નહોતો. મારી શું કરવા નાખ્યો? બાપા! અમારી સ્થિતિ એવી છે, પુણ્યનો પ્રકાર એવો (છે). 'સીતાજી' અહીં લાવ્યા. બીજો શું ઉપાય અમારે? નહિતર અમારે મારવાનું કાંઈ છે નહિ. આહાહા..! 'ભીખાભાઈ'!

ઇ આત્માના જ્ઞાનમાં બોલે છે. ભાનથી બોલે છે. એ ભવે મોક્ષ જાવું છે, 'રામચંદ્રજી'ને એ ભવે તો મોક્ષ જાવું છે. આ તો સ્થિતિ બને છે. અરે...! આ રાગ ને આ રાજ. આ રાગ ને આ રાજ. ધિક્કાર.. ધિક્કાર છે. અમારા આનંદની મૂર્તિ પ્રભુ એમાં અમે જવા માગીએ છીએ. અમારે રાજ જોઈતું નથી. 'વિભિષણ' આ તારું રાજ સંભાળ, બાપા! તો મારી શું કરવા નાખ્યો? 'વિભિષણ' છે ને એના ભાઈ? આ બાજુમાં હતા. ભાઈ! આ રાજ તારું, હોં! અમારે રાજને શું કરવું છે? અમારે દાળ, ભાત, રોટલા તો અમારી 'અયોધ્યા'માં છે. અમારી પદવી એવી છે. આહાહા..! એ આત્મસ્વભાવ જ્યાં દૃષ્ટિમાં વર્તે છે એને વિકલ્પમાં આવો ભાવ આવ્યો એનો પણ અંદર ઓરતો નહિ અને એમાં નિંદા વર્તે છે. સમજાણું? આ તો એ વખતનું થોડું પ્રતિક્રમણ કીધું. આહાહા..! બાપુ! એ કંઈ બહારની ક્રિયા નથી, હોં! આહાહા..! અરે..! અમે આત્મા છીએ ને! અમે તો પરમાત્મા થવા અમારો આ ભવ છે. આ ભવ ભવ વધારવા માટે નથી. કોઈને દુઃખ દેવા માટેનો અમારો ભવ નથી. આહાહા..! અમારો ભવ તો પરમાત્મા થવા માટેનો છે, હોં! આ વચ્ચે આ થયું. શાંતિ, ક્ષમા આપો, ક્ષમા આપો. અંતરમાંથી આત્મા બોલે છે. બોલે છે એટલે જાગતો બોલે છે એટલે જાગતો જાણે છે. સમજાણું કાંઈ? એમાં પણ જ્યારે આ પ્રતિક્રમણનો પ્રસંગ–સ્થિરતા.. આ તો છઠ્ઠા ગુણસ્થાનની, પાંચમા ગુણસ્થાનની સ્થિરતા છે મુનિની દશા.. આ..હા..! અમે તો પરમાત્માનું પૂર્ણ રાજ લેવા મથીએ છીએ. આ વચમાં ગયા કાળના વિકલ્પો આવ્યા હતા. એ અજ્ઞાનભાવે સ્વરૂપના ભ્રષ્ટભાવે કરેલા, હોં! અમારા સ્વરૂપને અમે નહોતું જાણ્યું. એથી ત્યાં કર્તૃત્વબુદ્ધિએ પૂર્વે પુણ્ય ને પાપ (કરેલા), જુઓ! પુણ્ય ને પાપ કર્તૃત્વબુદ્ધિએ કર્યાં એનો અમે નાશ કરીએ છીએ. આહાહા..! આ કહે છે કે, પૂર્વે પુણ્ય કર્યાં અને અમને પૈસા મળ્યા ને અમે સુખી છીએ. મૂઢ છો. કહો, સમજાણું આમાં? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'अहम्' પોતે કર્યા. મેં કર્યું હતું, કહે છે. એટલે શું? કે આ કર્મને લઈને મારે થયું છે, એમ નહિ. ભાઈ! આહાહા..! પૂર્વે મારામાં પુણ્ય-પાપના ભાવ હતા, કર્યા હતા, હોં! કર્યા હતા, હોં! એ કર્મનું જોર હતું તેથી કર્યા હતા માટે પાછો ફરું છું એમ નહિ. હું જ મારા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપથી ખસ્યો હતો. એકલો ખસ્યો (એમ) નહિ ભ્રષ્ટ હતો. એકલો જ્ઞાનાનંદ ભગવાનઆત્મા જો મેં અનુભવમાં લીધો હોય તો પૂર્વે આ શુભાશુભભાવનું કર્તૃત્વ કેમ સ્વીકારાય? એટલે આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ, એના શ્રદ્ધા-જ્ઞાનથી ભ્રષ્ટ થયેલો હું ગયા કાળમાં પુણ્ય ને પાપના ભાવ કર્યા (તેને હવે) છોડું છું, ત્યાગુ છું, સ્વરૂપમાં ઠરું છું. એનું નામ ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પ્રભુ પ્રતિક્રમણ કહે છે. કહો, સમજાણું આમાં? કાંઈ સાંભળ્યું ન મળે, ખબર ન મળે. 'સોનગઢ'માં પડિકમણું નથી, એમ કેટલાક કહે છે. છે તમારે અમારી જેવું પડિકમણું છે? અરે..! ભગવાન! સાંભળ ને ભાઈ!

પ્રભુ વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે આ પ્રતિક્રમણ કહ્યું છે. દૃષ્ટિને આત્મામાં રાખતા મિથ્યાત્વનું પ્રતિક્રમણ થાય એ ખરું પહેલું પ્રતિક્રમણ છે. આહાહા..! પહેલું તો મિથ્યાત્વનું પ્રતિક્રમણ હોય કે નહિ? કે મિથ્યાત્વના પ્રતિક્રમણ વિના અવ્રતનું પ્રતિક્રમણ થઈ જાય? અહીંયાં ભ્રષ્ટ કીધો ને? અરે..! હું આત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસ્વરૂપ મારું, એને મેં ભ્રષ્ટ કર્યું, મેં લક્ષમાં, દૃષ્ટિમાં ન લીધું અને આ મેં પુણ્ય ને પાપના ભાવ ગયા કાળમાં કર્યા એ હું છોડું છું. મારા સ્વરૂપમાં એ નહોતા અને ભ્રષ્ટ થઈને કર્યા એ હવે સ્વરૂપમાં આવીને છોડું છે. ઠરીને વર્તમાન ઠરીને છોડું છું. એનું નામ ગયા કાળનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

આમ તો સવાર, સાંજ બહુ બોલે છે. ગયા કાળનું પડિકમણું, વર્તમાન કાળનો સંવર, આવતા કાળના પચખાણ. ગાડા હાંકે રાખે. એકેય ભાવની ખબર ન મળે, ભાષાની ખબર ન મળે. 'ભીખાભાઈ'! બે વર્ષના છોકરાને કહે કે, એલા પરણવું છે? બધાની હા હા કરતાં (પૂછે કે) પરણવું છે? તો કહે, હા. કોની સાથે? આ પચીસ વર્ષની જુવાન છોડી છે એની સાથે? હા. પણ તું આ હા શું કહે છે? શું હા કહે છે અને શું ના કહે છે, કાંઈ તને ખબર છે? આહા..! 'ધરમચંદજી'! આ અજ્ઞાનીના એવા પડિકમણા છે. 'ન્યાલભાઈ'! આ બે વર્ષના છોકરાને પૂછે.

અમારા 'હિંમતભાઈ'એ 'ગીતા'ની પરીક્ષા કરી હતી ને? આ છોડીના જાતિસ્મરણની. તું ત્યાં 'જૂનાગઢ' જઈને તારી બાને ઓળખીશ? હા. તારા બાપને ઓળખીશ? હા. તારા કાકાને ઓળખીશ? હા. ગીતાને ઓળખીશ? ગીતાને ઓળખીશ? ગીતા હું છું. એમ બોલી. આ 'વજુભાઈ'ના દીકરાની દીકરી. 'જૂનાગઢ'ના 'ગોકળદાસ'ની દીકરી હતી, અઢી વર્ષે મરીને અહીં અવતરી છે. આ 'પ્રવીણભાઈ'ને ન્યાં. 'વજુભાઈ'ના દીકરાની દીકરી. અહીં 'રાજુલા' નામ છે, ન્યાં 'ગીતા' નામ હતું. આણે વળી એવો તર્ક મૂક્યો કે, આને ઓળખીશ? હા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફલાણાને ઓળખીશ? હા. 'ગીતા'ને ઓળખીશ? 'ગીતા' હું છું. 'ગીતા' ક્યાંથી આવી? ખોળિયું બદલ્યું. ન્યાં હતી ને અહીં આવી છું. આ ખોળિયું છું, હું 'ગીતા' છું. છે ને આ છોડી રાજુલ 'કેશોદ' છે ને? 'કેશોદ' છે. સમજાણું કાંઈ? પાંચ વર્ષની છે. આણે એવું માર્યું. મને વાત કરતા હતા. આ પંડિત પણ ભારે લાગે છે. ન્યાં પણ પંડિતપણું.. તું ત્યાં 'ગીતા'ને ઓળખીશ? 'ગીતા' તો હું છું. હું જ 'ગીતા' ન્યાંથી મરીને અહીંયાં આવી છું. હેં! કહો, સમજાણું?

આત્મા કોણ છે? રાગમાં આત્મા છે? ફલાણે આત્મા છે? હું ચૈતન્ય છું. આત્માને ઓળખીશ તું? રાગને ઓળખીશ? આત્મા ઓળખીશ? આત્મા તો હું છું. હું જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ તે આત્મા છું. કહો, સમજાણું આમાં? એ..ઇ..! આને કાંઈ ખબરું ન મળે. જય નારાયણ, ભગવાન.. ભગવાન, જય 'સીમંધર' ભગવાન, મિચ્છામિ દુક્કડમ. જાઓ! આ ચાલ્યા. 'સીમંધર' ભગવાન કોણ છે? ક્યાં છે? એમણે શું કહ્યું છે? આત્મા શું? કાંઈ ખબર છે? ખૂણે ખૂણે પગે લાગે. આ લોકોને મૂર્તિ નહિ ને એટલે. ઇશાન ખૂણામાં ને? જય ભગવાન..! ત્યાં બિરાજે છે ને? આ તારો ભગવાન અહીં બિરાજે છે એ કોણ છે તને ખબર છે? આહાહા..!

કહે છે કે, હું એક ચિદાનંદ ભગવાનઆત્મા છું. હું આત્મા મારા સ્વભાવમાં વર્તતો ગયા કાળના પુણ્ય-પાપના ભાવ મેં મારા ચૈતન્યસ્વરૂપની શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈને કર્યા હતા એ હું છોડું છું. મારા ચૈતન્યસ્વરૂપમાં અંતર સ્થિર થઈને છોડું છું. 'કર્મના ઉદયે આત્મબુદ્ધિ હોવાથી.' જુઓ! શું કીધું? વળી પાછું આમ લીધું. વિકાર છે એ મારો સ્વભાવ નહોતો. એમાં આત્મબુદ્ધિ મેં કરી હતી (કે) એ મારા છે. પૂર્વે પુણ્ય ને પાપ, શુભ-અશુભ થયા હતા એ મારા મેં માન્યા હતા, એથી હું સ્વરૂપથી ભ્રષ્ટ થયેલો હતો. જોયું આ પાછું નાખ્યું? સમજાણું કાંઈ? આહાહા..! 'શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ હોઈને કર્મના ઉદયે આત્મબુદ્ધિ હોવાથી.' એનો અર્થ, કર્મના ઉદયે આત્મબુદ્ધિ હોવાથી એટલે? કર્મના ઉદયે એટલે કે જે વિકાર છે એ કર્મના નિમિત્તથી થયેલો વિકાર છે. એમ બતાવવું છે. કર્મથી થયો એમ નથી કહેવું. પણ કર્મના સંગે મેં પૂર્વે ભગવાનઆત્મા ચિદાનંદનો સંગ છોડ્યો, શુદ્ધ ચૈતન્યનો સંગ છોડ્યો, મેં ત્યાં સંગ કર્યો, એના સંગે ઉત્પન્ન થયેલો ભાવ, એને મેં મારા માન્યા. જો એને મારા ન માન્યા હોત તો હું જ્ઞાનાનંદ મારું સ્વરૂપ છે એમાં હું આવી ગયો હોત. સમજાણું કાંઈ? લ્યો, આ પ્રતિક્રમણ. 'જમુભાઈ' કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. કોણ જાણે કેવું હશે? સાંજે ડોશી બેસે. જય ભગવાન! વાતું કરે. આહાહા..! અરે..! ભગવાન..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર મહા દેવાધિદેવ, એમની વાણીમાં એમ આવ્યું. ઇ ભગવાને કીધું છે. આગમમાં કહ્યું છે એમ કહ્યું છે. કાળા કેર કર્યા છે. આગમમાં છ દ્રવ્ય કહ્યા છે માટે કહ્યું. આગમને તર્ક ને યુક્તિથી કહેલું છે. અરે..! ભગવાન! આ શું કહે છે તું આ? અરરર! આવાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્થાન આપ્યા આમાં. ભગવાન કેવળજ્ઞાની તો એક સમયમાં, ભગવાનનું જ્ઞાન એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક પ્રત્યક્ષ જાણે. એ ગયા કાળના પ્રતિક્રમણની વ્યાખ્યા કરી. હવે વર્તમાન કાળના સંવર કહે છે ને? વર્તમાનની આલોચના કોને કહેવી એ વાત કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

કારતક વદ ૧૧, શુક્રવાર તા. ૧૯-૧૧-૧૯૬૫.
કળશ–૨૨૭ પ્રવચન–૨૪૪-M

ગયા કાળના પ્રતિક્રમણની વાત થઈ ગઈ. હોય છે એક ક્ષણે, હોં! પણ એના કાળના ભેદે ત્રણ પ્રકારના કથન કર્યા છે. એટલે શું સમજાણું? જુઓ! વર્તમાન આલોચના.

વર્તમાન કાળની આલોચના આ પ્રમાણે છે–

न करोमि न कारयामि न कुर्वन्तमप्यन्यं समनुजानामि
मनसा च वाचा च कायेन चेति।*

ખંડાન્વય સહિત અર્થ :– 'न करोमि' વર્તમાન કાળમાં થાય છે જે રાગ–દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મબંધ, તેને હું કરતો નથી, [ભાવાર્થ આમ છે કે,– મારું સ્વામિત્વપણું નથી એમ સમ્યગ્દષ્ટિ જીવ અનુભવે છે.] 'न कारयामि' અન્યને ઉપદેશ દઈને કરાવતો નથી, 'अन्यं कुर्वन्तम् अपि न समनुजानामि' પોતાથી સહજ અશુદ્ધપણારૂપ પરિણમે છે જે કોઈ જીવ તેમાં હું સુખ માનતો નથી, ( मनसा ) મનથી, ( वाचा ) વચનથી, ( कायेन ) શરીરથી. સર્વથા વર્તમાન કર્મનો મારે ત્યાગ છે.

---

न करोमि न कारयामि न कुर्वन्तमप्यन्यं समनुजानामि
मनसा च वाचा च कायेन चेति।*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'વર્તમાન કાળમાં થાય છે જે રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મબંધ, તેને હું કરતો નથી,...' શું કહે છે? સમ્યગ્દષ્ટિ જીવ (જેને) આત્મા શુદ્ધ આનંદનો અંતર સમ્યગ્દર્શનમાં અંતર અનુભૂતિથી આનંદમાં અનુભવ થયો છે. સમ્યગ્દષ્ટિમાં અથવા સમ્યગ્દષ્ટિને આ આત્મા શુદ્ધ ચૈતન્ય પવિત્ર આનંદકંદ, એનું અનુભૂતિ દ્વારા આનંદનું વેદન થયું છે. એ સમ્યગ્દષ્ટિ વર્તમાનમાં સંવરની સ્થિતિરૂપ વર્તવા શું વિચાર કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાનનો સંવર ને આવતા કાળના પચ્ચખાણ. એ સંવરની સ્થિતિ વર્ણવે છે. એ સંવરના કાળમાં ગયા કાળનું પ્રતિક્રમણ થાય છે, ભવિષ્યના પચ્ચખાણ પણ એ જ કાળમાં છે પણ કાળભેદે ત્રણ પ્રકારનું કથન કર્યું છે. આવે છે પડિકમણામાં? સાંભળ્યું છે? કોઈ દિ' પડિકમણામાં ગયા નથી? વર્ષો પહેલા (કર્યું હતું). ગયા કાળનું પડિકમણું, વર્તમાન કાળનો સંવર, આવતા કાળના પચ્ચખાણ એ તો બહુ બોલે છે આખો દિ' .... કેમ 'પ્રાણભાઈ'! 'ન્યાલભાઈ'એ તો કેટલી વાર એવા કર્યા હશે.

કહે છે કે, ધર્મી એટલે જુઓ! શબ્દ ક્યો લીધો છે? કે, એ સમ્યગ્દષ્ટિ જીવ. જુઓ! ભાવાર્થમાં છેલ્લે લીધું છે. એટલે સમ્યગ્દષ્ટિ પ્રથમ છે. આત્માને પુણ્ય-પાપના રાગથી, કર્મથી, શરીરથી ભિન્ન ખસેડ્યો છે. એટલે કે ભિન્ન હટાવી આત્માના સ્વરૂપમાં અનુભવની દૃષ્ટિ (થઈ છે), આ આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એમ અનુભવમાં, ઉપયોગમાં આવ્યું છે. એ સંવર એક વાત છે. આ કાંઈ આઠમા ગુણઠાણાની વાત નથી. 'હું આમ કરું' એમ શબ્દ છે ને આમાં? ભલે અત્યારે કથન શૈલી એવી હોય પણ આ વસ્તુ આઠમાની નથી. શુદ્ધ ઉપયોગમાં અંતરમાં સ્થિર થવાના કાળમાં મારું સ્વરૂપ શુદ્ધ જ્ઞાનાનંદ છે, હું શુદ્ધ ચૈતન્યને અવલંબું છું. એ અવલંબન પહેલા આવી ગયું છે. વર્તમાન કાળમાં જે કંઈ પુણ્ય-પાપના ભાવ એટલે રાગ-દ્વેષનો વિકલ્પો એટલે કે અશુદ્ધ પરિણતિ, મલિન દશા એક (વાત) અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ-કર્મબંધ. જડ જ્ઞાનાવરણીય અને અશુદ્ધ પરિણતિ તેને હું કરતો નથી. એટલે કે અશુદ્ધ અવસ્થાને હું કરતો નથી તેથી કર્મબંધનને પણ હું કરતો નથી એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આલોચના ને આવે છે કે નહિ ત્રણમાં? સંવર કહ્યો. અહીં તો સહેલી ભાષા (કરી છે).

આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનનો પિંડલો પ્રભુ! એકલો આનંદ રસકંદ, એના અનુભવમાં આ આત્મા એમ આનંદનું ભાન ઉપયોગમાં આવ્યું. હવે સ્થિર થવાના કાળમાં આ પ્રકારે અભ્યાસ કરે છે એમ અહીંયાં કહે છે. જે અશુદ્ધ પરિણતિ પુણ્ય ને પાપની શુભ-અશુભ છે એને હું કરતો નથી એટલે કે મારામાં એ ઉત્પન્ન થતાં નથી. સમજાણું કાંઈ? હું શુદ્ધ ચૈતન્ય એના અંતર સ્વભાવના સન્મુખના પરિણામ દ્વારા આ અશુદ્ધ પરિણમન મારામાં થતું જ નથી. એટલે કે હું કરતો નથી એટલે થતું નથી એટલે મને આઠ કર્મનો પણ બંધ છે નહિ. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સંવરની-ધર્મીની સંવરની વ્યાખ્યા. આ હાથ જોડીને ઉભા છે ને પાંચ આસ્રવના સેવા પચખાણ કરાવો. એ સંવર નહિ. અહીંયાં તો આત્મા જેનાથી એકત્વબુદ્ધિ રાગની અસ્થિરતા જે હોય; એકત્વબુદ્ધિ પહેલી ટળી છે, શુભ-અશુભભાવના રાગની અને સ્વભાવની એકત્વબુદ્ધિ જે મિથ્યાત્વમાં હતી એ ટળીને જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ છું એવા સ્વભાવની સાથે એકત્વ થયું છે. રાગથી પૃથકત્વ આત્માને જાણ્યો, અનુભવ્યો, જોયો છે. એને હવે અશુદ્ધ પરિણતિ જે છે એ સ્વભાવના સન્મુખના પરિણામના કાળમાં કહે છે કે, એ અશુદ્ધ પરિણતિ હું કરતો જ નથી અને જરી થતી હોય તો તેનો હું સ્વામી નથી. એમાં હુંપણું નથી, હુંપણું મારા જ્ઞાયક શુદ્ધ સ્વભાવમાં હુંપણાને લઈને પુણ્ય આદિના વિકલ્પો છે એમાં મારું હુંપણું નથી. સમજાણું કાંઈ? આવી બધી વ્યાખ્યા ભારે. કહો, સમજાય છે કે નહિ?

એ આઠે કર્મ અને અશુદ્ધ પરિણતિ એનો હું સ્વામી એટલે હું એમાં નથી. એ મારા નથી, હું એમાં નથી. હું તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય જે માર્ગ ભાળ્યો છે અંદર દૃષ્ટિએ, જ્ઞાને માર્ગ જોયો છે એમાં હું વળેલો છું એથી આ અશુદ્ધની પરિણતિ મારી નથી, મેં કરી નથી અથવા થતી હોય તો હું એમાં નથી, એનો સ્વામી નથી. કહો, સમજાણું આમાં? આ સાધારણ માણસને ન સમજાય પછી કાંઈક બીજું તો કરવું પડે કે નહિ? પણ એ ધર્મ કરતો નથી બીજું કરે તો ઇ. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્યભાવ વિકલ્પ છે. એ ધર્મ કરતો નથી. પરમાર્થ ધર્મ એ નથી, પરમાર્થ એ સંવર નથી.

ચૈતન્યના જ્ઞાયક સ્વભાવના ભંડારને ભાળતો, જોતો, અનુભવતો એના તરફના પરિણામથી ઝુકતો, અશુદ્ધ પરિણતિથી હટતો અથવા કર્મબંધન મને નથી અથવા મારામાં નથી, એમાં હું નથી એમ આત્માને અનુભવતો 'હું કરતો નથી,...' એટલે? 'ભાવાર્થ આમ છે કે - મારું સ્વામિત્વપણું નથી...' એટલે એમાં હું નથી, એમ. જેમાં હું છું ત્યાં તો શુદ્ધ જ્ઞાન ને આનંદની પરિણતિ ત્યાં હું છું. 'ધર્મચંદજી'! આ સંવર ત્યાં 'ખંડવા'માં ક્યાંય સાંભળ્યો છે?

બધા રાડુ પાડે છે. આજે આવ્યું છે, અરે..! તમે તો 'છ ઢાળા'માં કાળા કેર કર્યા છે. ઇ ની ઇ વાત. કુશાસ્ત્ર કર્યા, કુશાસ્ત્ર કર્યા. બધા કુશાસ્ત્ર ... હવે જરી હળવું કર્યું છે. ઇ તો શ્વેતાંબર માટે લખ્યું એમ કરીને હળવું કરીને બચાવ કરે છે. અરે..! ભાઈ! અહીં તો પરમાર્થધર્મ એ નથી. વ્યવહારધર્મ તરીકે નિશ્ચય ધર્મીને વ્યવહાર તરીકે ધર્મ કહેવાય પણ એ વ્યવહાર ધર્મ એટલે કે પુણ્ય. એને નિશ્ચય પરમાર્થ ધર્મ માને એ તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. આ નથી, ના એ નહિ. એ શુભભાવ પણ ધર્મ છે અને એ સાધન કરતા નિશ્ચય પમાય, એ આઠમે પમાય.

અહીં તો હજી છટ્ઠે વાત કરે છે. મુનિની પ્રધાનતાથી વાત છે ને આમાં? સમજાય છે? છટ્ઠે વિકલ્પ ઉઠે છે ત્યાં આ હું. પછી ઠરે છે ત્યાં આ નહિ. એ અશુદ્ધ પરિણતિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું નહિ, કર્મમાં હું નહિ. હું તો શુદ્ધ સ્વભાવમાં છું એમાં મારું સ્વામીપણું છે. રાગનો વિકલ્પ પંચ મહાવ્રતનો ઉઠે એમાં હું નથી એટલે એમાં મારું સ્વામીપણું નથી. એને મુનિદશાને યોગ્ય સંવર થાય છે. સમજાણું કાંઈ?

'એમ સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવે છે.' એમ અનુભવે એટલે જાણે. આલોચનાનો અર્થ જાણવું પણ થાય છે. ગયા કાળનું પડિકમણું, વર્તમાનનું આલોચન એટલે જાણવું. હું શુદ્ધ ચિદાનંદ છું અને રાગાદિ મારાથી પૃથક્ (છે) એનો સ્વામી નહિ. એમ જ્ઞાતાદૃષ્ટાપણે પોતામાં રહેવું એને જાણવું એમ પણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'મારું સ્વામિત્વપણું નથી...' એટલે કે પુણ્ય ને વિકલ્પના ભાવમાં ને કર્મમાં હું નથી. મારું હોવાપણું ત્યાં નથી. જ્યાં હું છું ત્યાં તો પૂર્ણ આનંદ, જ્ઞાન, આનંદ આદિ વસ્તુ એનો હું સ્વ એ મારું ને એનો હું સ્વામી. એમ ધર્મી પોતાના સંવરભાવને આ રીતે ભાવના કરે છે. આહા..! 'ન્યાલભાઈ'! કેવી રીતે આ સંવરની ભાવના કરી હતી? ભાઈ! એ તો ડોસા જુના માણસ છે ને? શેઠિયા માણસ જુના છે, ઠરેલ છે, શરીર પણ પાછુ જુવાન જેવું શરીર (છે). કેમ 'પ્રાણભાઈ'! આહાહા..! અરે...! એણે સાંભળ્યું નથી, ભગવાન!

હું એક ભગવાન પરમાત્મ સ્વરૂપ શુદ્ધ. ઓહોહો..! એના અવલંબનમાં પડ્યો ધર્મી અશુદ્ધ પરિણતિને કેમ અવલંબે? એને પૃથક્ રાખતો, સ્વભાવમાં સ્પર્શતો પોતાની સ્થિતિને શુદ્ધતા પ્રગટ કરતો, એ પોતાના સ્વભાવને અનુભવતો એ સમ્યગ્દૃષ્ટિ અસ્થિરતાનો સ્વામી થતોં નથી. અસ્થિરતા ખરેખર નિશ્ચયથી જોઈએ તો ઉત્પન્ન જ થતી નથી. જરી થાય તો એનો સ્વામી નથી એટલે વસ્તુની પર્યાયથી ભિન્ન રહી ગઈ, પર્યાયથી ભિન્ન રહી ગઈ, હોં! આહા..! સમજાણું કાંઈ?

'न कारयामि' 'અન્યને ઉપદેશ દઈને કરાવતો નથી,...' એ પુણ્ય-પાપ કરવા જેવા છે એમ હું માનતો નથી, એમ હું કરાવતો નથી. એ શુભ-અશુભભાવ કરવા જેવા (છે) હું એમ ઉપદેશ દેતો નથી, એમ કહે છે. આહાહા..! કરવા જેવું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એમાં દૃષ્ટિ કરીને ઠરવા જેવું છે. આહા..! ભારે ભાઈ! કહે છે 'न कारयामि' 'અન્યને ઉપદેશ દઈને કરાવતો નથી,...' એ શુભ-અશુભ રાગ કે કર્મબંધન હું કરાવતો નથી, હું કરાવતો નથી. સમજાણું કાંઈ?

ભલામણ કરવી જોઈએ. કહે છે કે, આ સ્વરૂપ દૃષ્ટિ કરીને ઠર એમ કહે છે. બંધની ભાવના નથી કરવી. બંધની અને બંધના ભાવની બેયની કરાવું છું? કે, ના. સંવર નથી તેમાં કરાવવું શું? સમજાણું કાંઈ? ઓહો..! આવો ઉપદેશ (છે) તો એમ કહે છે હવે એ વાત ન પકડે. જેના ઉપદેશમાં એમ આવે કે, શુભ-અશુભભાવ કરવા જેવા છે એનો અર્થ કે, કર્મ બાંધવા જેવા છે. એટલે બંધન કરવા જેવું છે અને અશુદ્ધભાવ કરવા જેવા છે. એ તો ઉપદેશ જ મિથ્યાત્વ થયો. આહાહા..! શું થાય પણ બીજું શું થાય? ભાઈ! ગમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પણ કર બીજી ચીજ, બીજી રીત નથી ત્યાં થાય શું? સમજાય છે? વસ્તુની સ્થિતિ જ આવી છે, એમ છે એમાં બીજું લાવવું ક્યાંથી? પોકાર કરે કે રાડ પાડે કે ઠરીને સાંભળે માર્ગ તો આ છે. સમજાણું? વ્યવહારના ઉપદેશમાં એવું આવે કે, આ રાગ છે એને જાણવો એમ. રાગાદિ હોય એ જાણેલો પ્રયોજનવાન કહ્યો છે ને? ('સમયસાર' ૧૨ મી ગાથા). એનો અર્થ છે કે, એ રાગ છે એક વ્યવહાર છે એવું જાણવું. જાણવું, આદરવું નહિ. તેમ નીચે વ્યવહાર નથી એમ પણ નથી. સમજાણું કાંઈ? આહા..!

જુઓને! આજે પત્ર આવ્યો છે ને? જિનબિંબ આને કહ્યું છે. પત્ર આવ્યો છે. જુઓ! વાત સાચી, ભાઈ! જિનબિંબ તો આ આત્મા છે. એ જિનબિંબ તો પર છે, વ્યવહાર છે. એમ કરીને (એમ કહેવું છે કે), જિનબિંબ આ જ છે. આ બિંબમાં ભટકે છે એ બધા મૂર્ખા છે. અરે..! ભગવાન! બાપુ! એ વ્યવહાર અસત્યાર્થ છે, આદરણીય નથી પણ વ્યવહારનો વિષય છે કે નહિ? વિષય છે કે નહિ? પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં વ્યવહારનયનો વિષય છે કે નહિ? અને છે માટે લાભદાયક છે એમ નથી અને છે માટે અસત્યાર્થ (છે) માટે વસ્તુ જ નથી (એમ નથી). અરે..! શું થાય? મૂર્તિને ન માની. મૂર્તિ ભાઈ! એ તો પર છે, એ જિનબિંબ નથી, ઉપચારિક જિનબિંબ છે.

એ તો 'કુંદકુંદાચાર્ય' કહે છે, જિનબિંબ આ વીતરાગબિંબ આત્મા તે જિનબિંબ છે. મુનિની દશા, જિન વીતરાગ પરિણતિએ પરિણમેલો બિંબ ભગવાન નિશ્ચયથી તો જિનપ્રતિમા એ આત્મા છે. પણ એ આત્માનું આવું હોવા છતાં જ્યાં વીતરાગતા પૂર્ણ નથી એને શુભ વિકલ્પ આવ્યા વિના રહે નહિ. એનાથી લાભ છે એમ નથી પણ એ વિષય આવ્યા વિના રહેતો નથી અને તેથી તેનું લક્ષ ભગવાનની પ્રતિમા... અરે..! સાક્ષાત સમવસરણ ભગવાન બિરાજતા હોય લ્યોને તોપણ એનામાં વિનય આદિનો ભાવ આવ્યા વિના રહે નહિ. એ ભાવ છે એ જ અસત્યાર્થ વિકાર છે, લ્યો! પણ અસત્યાર્થનો અર્થ સ્વરૂપમાં એનું સ્વરૂપ નથી પણ પર્યાયમાં છે, એ ભાવ નથી એમ છે નહિ. આહાહા..! ભારે ખેંચા-તાણ. એક જણે ઉડાવ્યું ને એક જણ (કહે) બિલકુલ જ નથી. એક જણે કહ્યું, ભગવાનની મૂર્તિના દર્શન ને જાત્રા ને ધર્મ ને સંસાર નાશ. એની સામે નાખ્યું છે, એની સામે જિનબિંબનું નાખ્યું છે ને? 'ધવલ'માં. જિનબિંબના દર્શને નિધત ને નિકાચિત કર્મ ટળે. અરે...! કયુ એ જિનબિંબ? ભગવાનના જિનબિંબ છે એની સામે જોવાથી, વિકલ્પથી દર્શનમોહ ટળતા હશે. અરે..! એણે એમ ખેંચ્યું, આણે વળી એમ ખેંચ્યું કે, જિનબિંબ તો 'કુંદકુંદાચાર્યે' 'બોધપાહુડ'માં આને કહ્યું. એક જણો કહેતો હતો ત્યાં. ઇ બહુ સારો અધિકાર છે. સાચી વાત છે. પણ પાછો વ્યવાહર પણ કહ્યો છે કે નહિ એણે? એ 'બોધપાહુડ'માં કહ્યો છે. મુનિઓને ધ્યાનના સ્થાન જિનાયતન. એવા સ્થાન કહ્યા છે. જિનાયતન મંદિર છે કે નહિ? નથી? પણ ખેંચા-તાણ તમારે. સમજાણું કાંઈ? એ ભાવ આવે, હોય. એની મર્યાદા વ્યવહારના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્ય જેટલી છે. એ ધર્મને મદદ કરે છે એમ નહિ તેમ એ ભાવ પરથી આવ્યો છે એમ નહિ. એની નબળાઈના એ સ્થિતિના ભાવમાં શુભભાવ આવ્યા વિના રહેતો નથી. બસ! આટલી એની હદ ન ટાંકતા એ ન જ હોય અને આવે તો એનાથી લાભ થાય, બેય વાત વિપરીત છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, 'ઉપદેશ દઈને કરાવતો નથી,...' દેખો! એ આવ્યો વ્યવહાર એને જણાવે ખરો પણ કરવા જેવો છે અને એનાથી લાભ છે એમ હું ઉપદેશ કરતો નથી. આહાહાહા..! કેમ આવ્યું ને ભાઈ આમાં? આહાહા..! શુભ-અશુભભાવ એ હું 'ઉપદેશ દઈને કરાવતો નથી,...' આનો અર્થ આટલો (છે). એને આવે, એને હોય એમ વ્યવહારના ઉપદેશમાં એને જણાવે પણ એ કરવા જેવો છે, કર્તુત્વબુદ્ધિએ કરવા જેવો છે એમ હું ઉપદેશમાં કહેતો નથી એમ અહીં કહે છે. આહા..! સમજાણું કાંઈ? અરે..! વસ્તુને તો વસ્તુપણે રાખ ને ભાઈ! ખેંચા-તાણ શું કરવા કરે છો? સમજાણું?

'અન્યને ઉપદેશ દઈને કરાવતો નથી,...' આ સંવરની ક્રિયા આનું નામ છે. પુણ્ય ને પાપના ભાવ અને એનું બંધન. હું ઉપદેશ દેતો નથી કે, પુણ્ય-પાપના ભાવ કરવા જેવા છે. એમ આચાર્ય કહે છે. સંવરનો સ્વામી, ચૈતન્યનો સ્વામી સંવર દશામાં આવો અભ્યાસ કરે છે. આહાહા..! સમજાણું?

'આનંદઘનજી' કહે છે, 'જેનો પક્ષ લઈને બોલું તે મનમાં સુખ માણે'. આવે છે ને? 'જેનો પક્ષ મુકીને બોલું તે મનમાં ચિત્ત તાણે, માડી મુને નિરપક્ષ રહેવા ન દીધી.' 'માડી મને નિરપક્ષ કેણે ન મુકી'. નિરપક્ષ કોઈએ રહેવા દીધી નહિ. ઓલાનું ઓલું કહે કે, હા, ઇ તમારી (વાત સાચી). ઓલો કહે, એમાંથી ધર્મ ન થાય. ખોટું. પેલો કહે, ઇ પુણ્ય પુણ્ય જ નથી, એ વ્યવહાર વચ્ચે હોતો જ નથી. નહિ, એ ખોટી વાત છે. એ એ તાણે. ખેંચા-તાણ (કરે). એને એ ખોટું લાગે. કહો 'જમુભાઈ'! 'માડી મને નિરપક્ષ કેણે ન મુકી' જ્યાં ત્યાં પક્ષમાં લઈ લઈને વાતું કરાવી. અજ્ઞાનીને આ કહે છે મૂંઝવણમાં નાખી દીધા.

ભગવાનઆત્મા શુભ-અશુભ પરિણામ વિનાની ચીજ એવી દૃષ્ટિના અનુભવમાં સ્થિરતામાં કહે છે હું કંઈ પુણ્ય-પાપ કરતો તો નથી કેમકે એ ઉત્પત્તિ જ નથી અથવા મારું સ્વામીપણું નથી. તેમ પુણ્ય-પાપમાં કરાવવાનું મારી પાસે છે નહિ. બેય વાત છે કે, એકલા પાપની જ વાત છે આમાં? આહા..! અરે..! ભાઈ! આ શાંતિથી સમજવું જોઈએ. ખેંચા-તાણ (કરે કે) લ્યો! ત્યારે એમાં ભગવાને ઉપદેશ આપ્યો છે કે નહિ વ્યવહારનો? પણ હેતુ તો એક એ શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગમાં ન ઠરતો હોય ત્યારે એને આવો ભાવ વ્યવહારનો હોય છે એવું જ્ઞાન કરાવ્યું છે પણ કર્તુત્વબુદ્ધિએ કરવું એવું ભગવાને કહ્યું નથી. એનો વિકલ્પ એ જાતનો આવે છે, એ જાતનું જ્ઞાન કરાવ્યું છે અને એ વ્યવહારનયને ભગવાને સ્થાપ્યો છે. સ્થાપ્યો નથી સ્થાપવું ન્યાયસર છે. નથી આવતું? સ્થાપવું, દર્શાવવું એમ ત્યાં પાઠ છે. દર્શાવવો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનય દર્શાવવો એ ન્યાયસંગત છે. ત્યાં એમ છે. બધી વાત અક્ષરે અક્ષર સત્ય છે. આહા..!

સંવર એને થાય, સંવર એને થાય કે, પુણ્ય-પાપના પરિણામ પોતે કરે નહિ ને બીજા પાસે હું કરાવતો નથી. એને કરાવવાનો ભાવ (આવે) તો એ પુણ્ય-પાપ ઠીક છે એમ થયું. પુણ્ય-પાપ ઠીક માન્યા એની તો દૃષ્ટિ આત્માના ધર્મ ઉપર છે નહિ. બરાબર છે? 'કનૈયાલાલજી'! આહા..! અરે..! ભગવાન! બાપુ! વાત સત્ય છે એની અંદરમાં હા તો પાડ, હા તો (પાડ), માર્ગ આ છે, હોં! આહાહા..!

'अन्यं कुर्वन्तम् अपि न समनुजानामि' 'પોતાથી સહજ અશુદ્ધપણારૂપ પરિણમે છે જે કોઈ જીવ...' કોઈ જીવ એની મેળાએ પુણ્ય-પાપના ભાવપણે થાય. મારા કર્યા વિના, મારા કરાવ્યા વિના થતાં હોય. સમજાય છે? 'તેમાં હું સુખ માનતો નથી,...' હું એમાં આનંદ નથી માનતો એવી ભાષા લીધી. જોઈ? એમાં હું આનંદ નથી માનતો. આહા..! હું સુખ નથી માનતો. છે ને? આનંદમાં એવું ક્યાંક અર્થમાં આપણે આવ્યું હતું. સમજાણું? આનંદ નથી માનતો. સમજાણું? 'અનુમોદન' શબ્દ એમાં ક્યાંક આવ્યો હતો ખરો. આનંદ એવો અર્થ કર્યો હતો.

અહીં કહે છે, કોઈ પ્રાણી અશુદ્ધપણે પુણ્ય-પાપપણે પરિણમે તો હું એને ઠીક નથી માનતો એટલે હું એને આનંદ તરીકે સ્વીકારતો નથી. આહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી મુનિ એ કાળમાં પોતાના સ્વરૂપની ભાવનામાં આવો અભ્યાસ કરે છે. અહીં તો નીચલા ગુણસ્થાનની વાત છે. અહીં આઠમાની વાત નથી, આઠમે તો અંદર ધ્યાનમાં ઠરી ગયો છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

કહે છે, ધર્મી સંવર થનાર, સંવર થનાર, સંવરરૂપે થનાર જીવ એમ ભાવના વિચારે છે કે, કોઈ મારા સિવાયના પ્રાણી, મેં કર્યા-કરાવ્યા સિવાય, પુણ્ય-પાપના પરિણામપણે પરિણમતો હોય તો એ ઠીક છે એમ માનતો નથી. ઠીક છે એમ માનતો નથી એનો અર્થ કે, હું સુખ એમાં માનતો નથી. સમજાય છે કાંઈ? આહા..! પછી એમ શું લીધું? કે, શુભ-અશુભ કોઈ અશુદ્ધ પરિણતિ કરે છે એ તો દુઃખ છે. એમાં હું સુખ માનતો નથી એટલે ઠીક માનતો નથી. પુણ્ય ને પાપની અશુદ્ધ પરિણતિ–ભાવ એ પોતે દુઃખરૂપ છે, દુઃખરૂપે પરિણમે એને હું ઠીક કહું છું, સુખ માનું છું એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

આ વીતરાગ માર્ગ. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરનો આ માર્ગ–ઉજળો માર્ગ એ લોકોએ મેલો કરીને મનાવ્યો છે. મનાવ્યો, હોં! છે નહિ, છે તો જેમ છે એમ છે. સમજાણું આમાં? સાંભળવા મળે નહિ ને સમજવા વિચાર કરે નહિ ને અંતર્મુખ દૃષ્ટિ કેમ થવી એની ખબર નહિ અને સંવર થાય, અમને ધર્મ થાય (એમ માન્યું). શું થાય? અનંતકાળ એમ ને એમ બફમમાં ગાળ્યો અનંત અનંત કાળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્ય મહારાજ... જુઓ! અર્થ પણ આણે કેવો કર્યો! સમજાય છે? 'कुर्वन्तम् अपि न समनुजानामि' સમ્યક્ પ્રકારે હું સુખ નથી માનતો. સુખ તો મારો સ્વભાવ શુદ્ધ આનંદમાં ઠરું એમાં મને સુખ છે. બીજો પણ આનંદમાં ઠરે એમાં એને સુખ છે. શું (કહ્યું)? બીજો પણ સ્વરૂપના આનંદમાં ઠરે એમાં સુખ છે. અશુદ્ધ પરિણતિ કરે એમાં સુખ એને નથી. 'ન્યાલભાઈ'! આહાહા..! આવો વીતરાગ માર્ગ (છે).

મુમુક્ષુ :- મધ્યસ્થ અને તટસ્થ ....

ઉત્તર :- તટસ્થ એટલે હું એમાં સુખ માનતો નથી. ઇ એને અનુમોદતો નથી એટલે સુખ માનતો નથી. ઇ દુઃખરૂપ પરિણમે છે એમ ને એમ, સુખરૂપ માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિન તણી ચરણ સેવા,
ધાર પર નાચતા દેખ બાજિગરા સેવના ધાર પર રહે ન દેવા.'

ભગવાનની આજ્ઞાની સેવા, વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની આજ્ઞા. આ 'આનંદઘનજી' કહે છે, લ્યો એમાં. ભગવાનની આજ્ઞા તો વીતરાગ પરિણતિની છે. સમજાણું? વીતરાગ સર્વજ્ઞની આજ્ઞા વીતરાગ પરિણતિની છે. રાગની આજ્ઞા ભગવાનની નથી. એ સેવામાં ધારની તરવારવાળા સહેલા છે. આ દુર્લભ છે, કહે છે. આહા..! દુર્લભનો અર્થ અણઅભ્યાસે અનંતકાળે એ જાતનો અભ્યાસ, એ જાતની રીત ને પદ્ધતિ જ જ્ઞાનમાં વીર્યપણે, શ્રદ્ધાપણે કબુલી જ નથી એણે. આહા..! આખો ભાર મોટો પરમાત્મા આમ ઉપાડવો બુદ્ધિએ.. આહા..!

અનંત આનંદ ને અનંત જ્ઞાનનો મોટો પિંડલો આત્મા, જેમ આ આત્મા વસ્તુ છે ને? વસ્તુ છે કે નહિ? અરૂપી પણ વસ્તુ છે ને? વસ્તુ તે મહાન પદાર્થ છે. તે પણ અસંખ્યપ્રદેશી પહોળો છે પાછો, પરમાણુ જેટલો પહોળો નથી. સમજાણું કાંઈ? આહા..! આમ અનંત આનંદનું ધામ આમ અસંખ્ય પ્રદેશે અનંત આનંદનું ધામ, અનંત શાંતિ, સ્થિરતાનું ધામ, શ્રદ્ધા શક્તિ આદિનું મોટું મહાન ધામ ભગવાન. એને દૃષ્ટિએ જીલવો, જ્ઞાને એમાં જ્ઞેય બનાવવું અને પછી એમાં ઠરવું એ તો અલૌકિક વાતું છે. એ વીતરાગ માર્ગ છે. જગતથી આકરો લાગે. આહા..! અણઅભ્યાસે આકરો છે, અભ્યાસે આકરો નથી. સત્ સ્વરૂપ સરળ, સહજ છે પણ ખ્યાલમાં જ્યાં કિંમત જ ન આવે, ઓલી પુણ્ય-પાપના પરિણામની કિંમત લાગે. કિંમત લાગે આવું આમ દેખે ત્યાં આ કર્યું જુઓ! ફર્યો, આ ફર્યો, પણ શું ફર્યું? તું ફર્યો કે ઇ તો રાગની પરિણતિ ફરી, અશુભની શુભ (થઈ).

કહે છે 'मनसा' 'મનથી,...' હોં! પાછું એમ કહે છે. કોઈ અશુદ્ધ પરિણતિ હું મનથી કરતો નથી, મનથી કરાવતો નથી, મનથી અનુમોદતો નથી. 'वाचा' 'વચનથી,...' વાણીથી હું અશુદ્ધ પરિણતિ વર્તમાન કરવી છે એવું કહેતો નથી. વાણીથી કરાવતો નથી, વાણીથી અનુમોદતો નથી. અને 'શરીરથી.' શરીરથી પણ નહિ. કોઈ ચેષ્ટા કરીને અંદર વિકલ્પ આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અશુદ્ધ પરિણતિ ઠીક છે, હોં! એમ મન, વચન ને કાયાથી કરવું, કરાવવું ને અનુમોદવું મારી દશામાં એ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવો ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, જેની અંતરમાં, નજરમાં શ્રદ્ધા-જ્ઞાનમાં તરવરે છે એની પર્યાયમાં આવા ભાવો મને હોતા નથી. આહા..!

'મનથી, વચનથી, શરીરથી. સર્વથા વર્તમાન કર્મનો મારે ત્યાગ છે.' દેખો! કેવો સરવાળો કર્યો! હું જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિ ને જ્ઞાનમાં રમતો મારે બધા કર્મ નામ પુણ્ય-પાપના વિકલ્પોનો ત્યાગ છે. કહો, એનું નામ સંવર કહેવામાં આવે છે. સમજાણું આમાં? 'સર્વથા વર્તમાન કર્મનો મારે ત્યાગ છે.' પરિણતિ છે એ તો શુદ્ધ છે, એમાં વિકલ્પનો સર્વથા ત્યાગ છે. સમજાણું કાંઈ? અંશે પણ ત્યાગ નથી એ કાંઈ સંવર નથી. જેટલો રાગ બાકી છે ને ત્યાગ નથી એ સંવર નથી. એટલે જેટલા પુણ્ય-પાપના વિકલ્પો છે એ બધા રહિત મારી પરિણતિ છે માટે શુભ-અશુભ પરિણતિરૂપ અશુદ્ધ મારી પરિણતિમાં એનો ત્યાગ છે. 'છોટાભાઈ'! લ્યો! આ વર્તમાનનું સંવરનું ગદ્ય કીધું, ગદ્ય ગદ્ય, હવે એનું પદ્ય.

---

( આર્યા )

मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।३५-२२७।।

ખંડાન્વય સહિત અર્થ :- 'अहं आत्मना आत्मनि नित्यम् वर्ते' (अहं) હું ( आत्मना ) પરદ્રવ્યની સહાય વિના પોતાની સહાયથી ( आत्मनि ) પોતામાં ( वर्ते ) સર્વથા ઉપાદેય બુદ્ધિથી પ્રવર્તું છું. શું કરીને ? 'इदम् सकलम् कर्म उदयत् आलोच्य' ( इदम् ) વર્તમાનમાં ઉપસ્થિત ( सकलम् कर्म ) જેટલું અશુદ્ધપણું અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ પુદ્ગલ કે જે ( उदयत् ) વર્તમાન કાળમાં ઉદયરૂપ છે, તેને ( आलोच्य ) આલોચીને અર્થાત્ 'શુદ્ધ જીવનું સ્વરૂપ નથી' એમ વિચાર કરતાં તેનું સ્વામિત્વપણું છોડીને. કેવું છે કર્મ ? 'मोहविलासविजृम्भितम्' ( मोह ) મિથ્યાત્વના ( विलास ) પ્રભુત્વપણા વડે ( विजृम्भितम् ) પ્રસર્યું છે. કેવો છું હું આત્મા ? 'चैतन्यात्मनि' શુદ્ધ ચેતનામાત્રસ્વરૂપ છું. વળી કેવો છું ? 'निष्कर्मणि' સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છું. ૩૫-૨૨૭.

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।३५-२२७।।

એ બધામાં છેલ્લો શબ્દ તો ઇ જ હતો. સમજાણું? (૨૨૫ માં) 'परिहृत्य कर्म सर्वं परमं' એવું હતું, 'परिहृत्य' હતું. (૨૨૬ માં) 'आत्मानि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते' હતું. સમજાણું? એ પછી પણ આવશે. આ ત્રણમાં સરખું આવશે. આ વર્તમાન સંવરની વ્યાખ્યા છે.

'अहं आत्मना आत्मनि नित्यम् वर्ते' ધર્મી જીવ 'अहं' નામ 'હું...' (૨૨૬ માં) અહંની વ્યાખ્યા કર હતી–ચેતનામાત્ર સ્વરૂપ. પણ એ આગળ આવશે. સમજાય છે? 'आत्मना' આવ્યું ને? હું એક આત્મા છું. જ્ઞાન, દર્શન, સ્વભાવવાળું તત્ત્વ તે હું આત્મા છું. એટલે કોણ? કે, 'आत्मना' 'પરદ્રવ્યની સહાય વિના પોતાની સહાયથી...' એવો અર્થ કર્યો! (૨૨૬ માં) 'आत्मना' 'પોતાથી...' કર્યું હતું ને? એમ અહીં અર્થ કર્યો. હું આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ, મારી શુદ્ધ સંવર દશામાં, શુદ્ધ સંવર દશામાં પરદ્રવ્યનો સહારો–સહાય બિલકુલ નથી. એટલે શું કહ્યું સમજાણું?

હું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક, એના અંતર મારી શુદ્ધ પરિણતિરૂપ સંવરમાં એ શુભ વિકલ્પનો બિલકુલ સહારો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને પણ જે સંવર દશા છે એમાં મારા આત્મદ્રવ્યને એ શુભ વિકલ્પ જે છે એનો બિલકુલ સહારો નથી. એ છે માટે આ મારી પરિણતિ સંવરની છે, એમ નથી. પરદ્રવ્યના સહારા વિનાની છે. આહાહા..! ભારે વાત.

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ (છું) એમ અંતર દૃષ્ટિના પરિણમનના ભાવમાં કહે છે કે, એ પરદ્રવ્ય એટલે શરીર આ ઠીક રહ્યું માટે મને સંવર થયો કે આ વિકલ્પ જે ઉઠ્યો છે પંચ મહાવ્રતનો માટે એના સહારે અહીં સંવર થયો એમ નથી. સમજાણું કાંઈ? 'आत्मना' મારો આત્મા જ જ્ઞાયકભાવ છે એના અવલંબે જ મારી શુદ્ધ પરિણતિ ને સંવર થાય છે. આવું કોઈ દિ' ન્યાં સંવરમાં બધું સાંભળ્યું નહોતું. ઊંધા ઊંધા ઉઠા ભણ્યા હતા બધાય. કહો, સમજાણું કાંઈ?

કહે છે, વાત ઇ છે શરીર આવડું મોટું ને આ, પણ એ આત્મા ક્યાં છે? આવડું શરીર ને આવડું શરીર ને સ્ત્રીનું શરીર ને પુરુષનું શરીર ને નપુંસકનું શરીર. એમાં પુણ્ય-પાપ ભાવ. પણ એ આત્મા ક્યાં છે? આત્મા જેને કહીએ એ તો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવથી પૂર્ણાનંદ ભરેલો એ આત્મા (છે). એવા આત્માની જ્યાં દૃષ્ટિ, જ્ઞાન (કરીને) ઠર્યો (તો) કહે છે કે, મારા ઠરવામાં મારા સ્વદ્રવ્યની જ સહાય છે. મારા સંવરમાં વિકલ્પ ને નિમિત્તના સંયોગની બિલકુલ સહાય નથી. આહા..! સમજાણું આમાં? છે ને એમાં? જુઓને શું લખ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે નહિ? વાંચે ત્યારે ને પણ માળા વાંચતા નથી. પોતાની દૃષ્ટિએ અર્થ કરે, અર્થનો અનર્થ કરે.

હું એક આત્મા છું, જે છું એમાં શુદ્ધતા જ એકલી ભરેલી છે. એ શુદ્ધતાના પરિપૂર્ણના આનંદના અવલંબનમાં જે મારી સંવરની પરિણતિ દર્શન, જ્ઞાન, સ્થિરતાની થઈ છે એમાં વિકલ્પ ને નિમિત્તનો બિલકુલ સહારો-આશ્રય-અવલંબન છે જ નહિ. સમજાણું કાંઈ? હું બોલ્યો આમ અને વિકલ્પ ઉઠ્યો (કે) મારે બધો ત્યાગ છે. એવી વાણી, એવો વિકલ્પ એ આત્માના સંવરમાં જરી સહાય થઈ, એમ છે નહિ. સમજાણું કાંઈ?

'પોતામાં...' મારો ભગવાન હું જ્ઞાનાનંદ સ્વરૂપ મારા વસ્તુના સ્વભાવના અવલંબે મારી શુદ્ધ પરિણતિ પર્યાયરૂપી સંવર, એમાં પરદ્રવ્યની બિલકુલ મદદ નિમિત્ત નહિ. પંચમહાવ્રતને નિમિત્ત જે કીધું હતું ને? પણ કહે છે કે, એનો સહારો નથી કાંઈ (કે) સંવર એને લઈને થયો છે. સમજાણું કાંઈ? આહાહા..! 'પોતામાં...' હું મારામાં. મારો સ્વભાવ જ્ઞાનસ્વરૂપે રહેલું તત્ત્વ, આનંદરૂપે રહેલો આત્મા, એવા આત્મામાં-પોતામાં હું રહું છું, વિકલ્પમાં હું જતો નથી. મારામાં પરની સહાય (બિલકુલ નથી). પોતામાં-શુદ્ધ પરિણતિમાં 'વર્તે' 'સર્વથા ઉપાદેય બુદ્ધિથી પ્રવર્તું છું.' જુઓ! અહીં 'સર્વથા' શબ્દ વાપર્યો છે, હોં! પેલામાં સર્વથા હતું. આહા..!

હું તો મારું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય અનંત શુદ્ધ ગુણનો પિંડ પ્રભુ! એને જ ઉપાદેયપણે પ્રવર્તું છું. એટલે શુદ્ધ પરિણતિને ઉપાદેયપણું કહો તો એ દ્રવ્યના ઉપાદેયપણે શુદ્ધ પરિણતિ પ્રગટી છે. એ રાગના અવલંબે ને નિમિત્તના અવલંબે શુદ્ધ પરિણતિનો સંવર પ્રગટ થતો નથી. સમજાણું કાંઈ? શું કહે છે? એક જણો કહેતો હતો, કંઈ સમજ્યા નહિ. કોઈ દિ' સાંભળ્યું ન હોય, અભ્યાસ ન મળે. ગરજ લઈને આવ્યા ન હોય ને સત્ય શું છે એને સમજવાની જિજ્ઞાસા જો હોય તો તો સમજ્યા વિના રહે નહિ. પણ આ તો પોતાની પેલી ધારણામાં ગોખીને નક્કી કરીને આવ્યો હોય. હવે આ સાંભળે (તો) કાંઈ મેળ ન ખાય. શું કહે છે આ? 'છોટાભાઈ'! આ 'છોટાભાઈ' પહેલા ત્યાં હતા, હોં! એ 'નાગનેશ'ના અગ્રેસર હતા લ્યો! 'ઝોબાળિયા'. આહા..!

કહે છે, એ સંવર થનારો, સંવરરૂપે પરિણમનારો ભગવાનઆત્મા એમ ભાવે છે અને એમ છે (કે) હું તો મારા સ્વભાવમાં શુદ્ધ પરિણતિમાં મારો આશ્રય, મારું દ્રવ્ય છે. મને કોઈ વિકલ્પનો આશ્રય નથી. એવા આત્મામાં હું સર્વથા ઉપાદેયબુદ્ધિએ પ્રવર્તું છું. એટલે કે, પેલો વિકલ્પ છે એનું સ્વામીપણું નથી, હેયબુદ્ધિ થઈ ગઈ. આ શુદ્ધ પરિણતિની ઉપાદેય બુદ્ધિ (થઈ ગઈ). દ્રવ્ય ઉપાદેય થયું એટલે શુદ્ધ પરિણતિની ઉપાદેય બુદ્ધિ થઈ. સમજાણું કાંઈ? આ ભારે. અધ્યાત્મની વાત એવી લાગે ને વાર્તા-બાર્તા હોય તો એને જરીક (ઠીક પડે). એક રાજા હતો ને પછી રાણી હતી ને પછી ભગવાન પાસે ગયા ને પછી આમ થયું... બેસે પણ ખરું, ઘરે વાતેય કરે, લ્યો! (અહીંયાં તો એમ થાય કે) આ શું કહે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ? પણ દીક્ષા એટલે શું ખબર છે તને? આ લુગડા ફેરવ્યા એ દીક્ષા? દીક્ષા એટલે શું? એ આત્માના આનંદમૂર્તિનું ભાન હતું એ આનંદની ઉગ્રતા અંદર પ્રગટ કરી અને દુઃખની દશા નાશ કરી એનું નામ દીક્ષા છે. એ વાતને સમજે નહિ. આ લુગડા ફેરવ્યા ને નાગા થયા એ સાધુ, લ્યો! જાવ. સમજાણું કાંઈ? આહા..!

એ છ ખંડના ધણી ચક્રવર્તીઓ છન્નું હજાર પદમણી જેવી સ્ત્રીઓ છોડીને નીકળતા હશે, ક્યાંક અંદરના આનંદમાં ઘુસવા માટે નીકળે છે. સમજાણું કાંઈ? અહીંથી ફરીને હવે અંદરમાં જાવું છે, હવે અંદરમાં જાવું છે, એ અમૃતના, અમૃતના ઓડકાર અનુભવવા જાવું છે. સમજાણું? એ વિકલ્પનું થવું ને એ તો આવવું હો ભલે પણ પોતાનો આત્મા એકલો અમૃત અતીન્દ્રિયનો રસકંદ એમાં પેસવા માટે, અંદર સ્થિર થવા માટે જાય એનું નામ દીક્ષા છે. આહા..! એની તો ખબરું ન મળે (અને) લુગડા ફેરવીને થઈ ગઈ દીક્ષા. આત્માએ એમ જ અનાદિથી વેઠ્યું છે ને? અને ભૂલ્યો અને ભવ એમ કર્યા છે, એમ જ કાળ કાઢ્યો છે. તીર્થંકર થયેલા જીવો પણ પૂર્વે ભૂલેલા એમ જ ભૂલ્યા હતા. આહા..! એને પોતાના ચૈતન્ય સ્વભાવનું શું સ્વરૂપ છે એનું માહાત્મ્ય જ્યાં દૃષ્ટિમાં હજી આવે નહિ અને અનુભવમાં આવ્યા વિના એની સ્થિરતા પણ ક્યાંથી જામે? સમજાણું કાંઈ? આહા..!

આ વાઘ ને વરુ જ્યાં પડ્યા હોય, ત્યાં (ચૈતન્ય) બિંબમાં અંદરમાં ઠરી જતા હોય. ખબરેય નથી શું છે. એ અતીન્દ્રિય આનંદના સ્વાદ લેવામાં (પડ્યા છે). આહાહા..! એક માંખી પણ સાકરના ગાંગડે ચોંટે. છોકરો પાંચ-સાત (સાકરના) ગાંગડા લઈને રોટલી ખાવા બેઠો હોય ને! એમાં જરી હાથ અડ્યો હોય એટલે માંખી થાય, એની પાંખ અડી જાય, ચોંટી ગઈ હોય. બીજો ગાંગડો લેવા જાય તો સાથે માંખી આમ ભેગી આવે, પણ સ્વાદની મારી એમાંથી ખસે નહિ. એમ આત્માના આનંદની રુચિ ને અનુભવમાં આત્માનો આનંદ આવ્યો છે. એ આનંદમાં સ્થિર થતાં પરિષહને ગણતો નથી, અંદરથી ખસતો નથી. આહા..! સમજાય છે કાંઈ? એમ સહન કરું, એમ ન ચાલે, એમ ન થાય. એ સહન (કર્યું જ નથી). અરે..રે..! મારે સહન કરવું પડશે, અરે..રે..! શું છે પણ? એ અતીન્દ્રિય આનંદની અંદર મોજ માણતો એને બહારના પરિષહ શું છે એનો વિકલ્પ ન હોય તો ખ્યાલ પણ ન હોય. વિકલ્પ હોય તો ખ્યાલ હોય કે કાંઈક થાય છે. બસ એટલું. સમજાણું કાંઈ?

એવી દશામાં સંવરનો ભાવ, એ શુદ્ધ ઉપયોગે રમતો, કહે છે સર્વથા પ્રકારે મારા સ્વભાવને જ ઉપાદેયપણે પ્રવર્તું છું. આ મુનિપણાની સ્થિરતાનો સંવર. 'શું કરીને?' 'इदम् सकलम् कर्म उदयत् आलोच्य' વર્તમાન છે ને? 'વર્તમાનમાં ઉપસ્થિત...' લ્યો! 'ઉપસ્થિત' શબ્દ આવ્યો. મૂળમાં હશે? 'વર્તમાનમાં ઉપસ્થિત...' 'सकलम् कर्म' 'જેટલું અશુદ્ધપણું અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ પુદ્ગલ કે જે...' લ્યો સમજાણું? આમાં શું શબ્દ છે? ઉપસ્થિત ઓલું નિમિત્તનું ... 'ઉપસ્થિત' શબ્દ છે ને? इदम् નિમિત્ત ઉપસ્થિત છે ને? ઉપસ્થિતનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી એ યાદ આવી ગયું. છતો છે ઇ એની ભાષા ક્યાંથી આવી? ઇ તો આપણી (ભાષા) છે છતો છે એટલે છે, એમ. કહો, સમજાણું કાંઈ? આ તો આનો શબ્દ આવ્યો એટલે..

આ આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાનના સ્થિરતાના ભાવમાં વર્તમાનમાં ઉપસ્થિત એટલે કે, છતો કર્મનો ઉદય છે, એમ. 'જેટલું અશુદ્ધપણું અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ પુદ્ગલ...' હો, ઉદયપણે હો. 'उदयत्' 'વર્તમાન કાળમાં ઉદયરૂપ છે, તેને આલોચીને અર્થાત્ 'શુદ્ધ જીવનું સ્વરૂપ નથી'...' 'आलोच्य'નો અર્થ કર્યો. હું શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ (છું) એમાં જેટલો વિકલ્પ શુભરાગનો ઉઠે એ પણ હો, ઉપસ્થિત હો, મારા જ્ઞાનની સ્થિરતામાં એની ઉપસ્થિતિ નથી, એની ઉપસ્થિતિ બહારમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! અમૃત રેડ્યા છે ને એકલા! આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન અમૃતનો કુંડ છે ને! એમાંથી કુંડમાંથી અમૃત વહ્યા જ કરે, આમ વહ્યા જ (કરે), ઝરણા ઝર્યા કરે. જે ડુંગરામાં ઠંડા શીતળ પાણી હોય ત્યાં ઠંડા ઝરે, જેમાં ઊના ભર્યા હોય તો ઊના ઝરે.

આ ભગવાનઆત્મા ઠંડો... ઠંડો... ઠંડો... ઠંડો... અનુકૂળ પરિષહ કે પ્રતિકૂળ પરિષહ, પરિષહના બે પ્રકાર છે ને? પરિષહના બે પ્રકાર છે. સ્ત્રી આદિના, પ્રશંસાના અનુકૂળ પરિષહ અને નિંદા આદિના, વધ આદિના પ્રતિકૂળ (પરિષહ). બેયમાં જેની જેને ગણતરી નથી, ઠરી ગયો છે અંદર. સમજાણું કાંઈ? એ અનુકૂળ પણ પરિષહ છે, હોં! સ્ત્રી લલચાવે કે કોઈ પ્રશંસા કરે, આબરૂ-વખાણ કરે એ પણ એક પરિષહ છે. અને નિંદા કરે, વધ કરે એ પ્રતિકૂળ છે. ઇ અનુકૂળ-પ્રતિકૂળના પ્રકાર છે. એમાં હું નથી. હો ઇ, કહે છે. સમજાય છે?

'વર્તમાન કાળમાં ઉદયરૂપ છે, શુદ્ધ જીવનું સ્વરૂપ નથી.' એ હો, રાગ હો, કર્મ હો, બાહ્ય વસ્તુ હો. સમજાણું કાંઈ? એ મારા શુદ્ધ જીવનું સ્વરૂપ નથી, એમાં હું આવતો નથી, એ મારામાં આવતા નથી. સમજાણું કાંઈ? અઘાતિના ઉદયમાં નિંદા-પ્રશંસા અને આમાં રાગાદિનો ઉદય, એ હો, છતો હો. 'आलोच्य' એને આલોચું છું. એટલે મારા સ્વરૂપમાં રહીને હું મને જાણતા જાણું છું. એટલે કે શુદ્ધ જીવનું સ્વરૂપ નથી એમ જાણું છું. લ્યો! 'आलोच्य'ની આ વ્યાખ્યા કરી. આ વળી ધર્મદેશના આવી કેવી?

કહે છે 'એમ વિચાર કરતાં તેનું સ્વામિત્વપણું છોડીને.' એમ. આ તો વિચાર તો અંદર લીધો છે. પહેલું એક ફેરી કહ્યું હતું કે, વિચાર પણ વિકલ્પ છે. એમ આવ્યું હતું ને પહેલા? અહીં તો એ જ્ઞાનમાં એ જાણતો છતો, એમ. 'સ્વામિત્વપણું છોડીને...' એ શુભરાગ હો, કર્મ હો, આ સંયોગ અનુકૂળ-પ્રતિકૂળ હો એ મને નથી, મારામાં નથી, એનો હું સ્વામી નથી. એમ ધર્મી પોતાના ચૈતન્ય સ્વરૂપને અનુભવતો પરનો સ્વામી થતો નથી. કહો, સમજાણું કાંઈ? ઘરમાં એક બીલ હોય ને સર્પ નીકળ્યો. છે તો છતો. ઠીક નીકળ્યો, એમ (થતું) હશે? એમ ભગવાન આનંદમાં એને આ વિકલ્પ જે ભાળે છે એ ઝેર જેવો અશુભ છે. આહા..! એનું ધર્મીને અહંમપણું એટલે કે મારામાં આ છે, એમ છે નહિ. આહા..! આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એણે માન્યો છે મફત. માન્યો માટે થઈ ગયો છે એમ છે? સારો માન્યો એટલે સારો હતો? કહો, સમજાણું આમાં?

'શુદ્ધ જીવનું સ્વરૂપ...' ભગવાનઆત્મા! આહાહા..! આઠ વર્ષના સંત મુનિઓ આવા સંવરમાં જુલતા હશે. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં' એલા પણ કોઈ મા નહિ, બાપ નહિ સાથે નહિ, ચેલા-ચેલી કોઈ સહાયક, કોઈ વૈયાવચ્ય માટે કોઈ (નહિ). 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ, સિંહ સંયોગ જો, અડોલ આસન ને (એ તો દેહની ક્રિયા) મનમાં નહિ ક્ષોભતા' સ્થિરતા. ક્ષોભતા નહિ એટલે સ્થિરતા. સ્વરૂપની દૃષ્ટિના ભાનમાં, આનંદમાં ઠરી ગયો છે, આમ ઠર્યો છે. જેને કોઈ પરદ્રવ્યનો સહારો નથી. એ ઉદય છતે મારામાં નથી એમ જાણી પોતાની સ્થિરતામાં રમે છે. સમજાણું કાંઈ? આ એને સંવર ને મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. આહાહા..! સ્થિરતા સહિત ચારિત્રની આ બધી વ્યાખ્યા છે ને? ચારિત્રની વ્યાખ્યા છે. સમ્યગ્દર્શન સહિત ચારિત્ર.

'કેવું છે કર્મ?' 'मोहविलासविजृम्भितम्' 'મિથ્યાત્વના પ્રભુત્વપણા વડે પ્રસર્યું છે.' આહા..! એ રાગનું મારાપણું તો મિથ્યાત્વના કારણે ફેલાયેલું હતું, એની પ્રભુતા હતી, એ સમ્યગ્દર્શનની પ્રભુતા નહિ. ઊંધી માન્યતાની પ્રભુતાએ મારાપણે મનાવતું. આ રાગ ને પુણ્ય ને આ ને આ ને આ કર્મનો ઉદય ઠીક આવ્યો, આ ભાવ મને ઠીક થયો એ મિથ્યાત્વની પ્રભુતા હતી, એ મિથ્યા નામ ઊંધી માન્યતાની બળવંતતા હતી, બળવત્તતા (હતી). આહાહા..! શું કહે છે? એ મિથ્યા ઊંધી માન્યતાનું પ્રભુપણે કારણ હતું. એ ઊંધી માન્યતાના એમાં પ્રભુપણા, સમર્થ્યપણું હતું. આ રાગ ઠીક, પુણ્ય ઠીક, આ ઠીક, આ ઠીક, આ ઠીક. સમજાણું કાંઈ?

'विजृम्भितम्' એ ઉગ્યા હતા, ફેલ્યા હતા, એમ. 'કેવો હું છું આત્મા?' હવે મારો વિસ્તાર તો શુદ્ધતાએ ફેલાયેલો છે, એમ કહે છે. એ પ્રભુતા મિથ્યાત્વ ઊંધી માન્યતામાં જે રાગનો વિસ્તાર હતો એ મારો માન્યો હતો. હવે હું શુદ્ધમાં રમતો મારા શુદ્ધતાનો વિસ્તાર ફાલે છે. 'કેવો છું હું આત્મા? 'चैतन्यात्मनि' 'શુદ્ધ ચેતનામાત્રસ્વરૂપ છું.' હું તો ચેતન શુદ્ધ ચેતનામાત્ર ભગવાન છું. 'વળી કેવો છું?' 'निष्कर्मणि' 'સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છું.' એવી દૃષ્ટિપૂર્વકની સ્થિરતા એને સંવર કહે છે, એને વર્તમાનની આલોચના કહે છે. ગયા કાળનું પ્રતિક્રમણ ને વર્તમાનની આલોચના. પ્રત્યાખ્યાન કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કારતક વદ ૧૨, શનિવાર તા. ૨૦-૧૧-૧૯૬૫.**
**કળશ-૨૨૭, ૨૨૮ પ્રવચન-૨૪૫**

આ 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. 'સમયસાર કળશ', પ્રત્યાખ્યાનનો અધિકાર (છે). અધિકાર તો આ ચારિત્રનો છે. ચારિત્ર એટલે શું? કે, આત્માનો જ્ઞાનાનંદ સ્વભાવ અનુભવમાં આવે, આત્મા શુદ્ધ અખંડ આનંદ છે એમ અનુભવમાં, વેદનમાં, પ્રતીતમાં આવે પછી સ્વરૂપમાં સ્થિર થવાની દશા જે ચારિત્ર, એ ચારિત્રમાં આ ત્રણ પ્રકારનું નિશ્ચયથી વર્ણન છે. ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાનનો સંવર, ભવિષ્યના પ્રત્યાખ્યાન. છે તો એક જ સમયની દશા એનું ત્રણકાળની અપેક્ષાએ કથન કર્યું છે. એટલે શું? કે, આત્મા જ્ઞાયક શુદ્ધ દ્રવ્ય સ્વભાવનું અંતર ભાન થયે હું જ્ઞાતા ને દૃષ્ટા છું એમ એક રાગનો, પુણ્યનો વિકલ્પ ઉઠે એ પણ મારો નથી, હું એનો સ્વામી નથી, એને હું કરતો, કરાવતો કે અનુમોદતો નથી. એવી તો પ્રથમ સમ્યગ્દર્શનમાં એ વાત તો દૃષ્ટિમાં આવી ગઈ છે.

હવે અહીંયાં નિશ્ચય ચારિત્રને વિષે સ્વરૂપમાં સ્થિર થતાં શુદ્ધોપયોગરૂપી ચારિત્રની વાત છે આ તો અત્યારે. શુદ્ધોપયોગરૂપી ચારિત્રમાં ગયા કાળમાં રાગાદિ અસ્થિર થયા હોય એ વર્તમાનમાં રાગ રહિત થઈને હું શુદ્ધોપયોગનું આચરણ કરું છું. એથી ગયા કાળના રાગનો પણ પ્રતિક્રમણ ભાવ મને છે. એટલે કે એ મેં કર્યા જ નથી. સમજાય છે કાંઈ? હું તો શુદ્ધોપયોગ ચૈતન્યનો આચરણ કરનારો આત્મા છું.

ચારિત્ર અધિકાર છે. વ્યવહાર ચારિત્રમાં એમ આવે, કે પાપ કાંઈ લાગ્યું હોય તો શુભ વિકલ્પથી એનો મિચ્છામી દુક્કડમ આદિ વ્યવહાર શુભભાવ એ છે. ગયા કાળના પાપનું મિચ્છામી એ શુભભાવ છે અને વર્તમાનનો અશુભભાવ થયો હોય તો એનાથી હટી (જવું તે) શુભભાવ છે, ભવિષ્યનો પણ શુભ વિકલ્પ (કે) આમ ન કરું, એ તો શુભ વિકલ્પ છે.

આ તો નિશ્ચય પ્રત્યાખ્યાન અને નિશ્ચય ચારિત્રની વ્યાખ્યા છે. એમાં તો અહીં કહે છે કે, હું, (મેં) ગયા કાળમાં જે કંઈ મન, વચન ને કાયાએ કર્યું, કરાવ્યું, અનુમોદ્યું હતું એ હું નહિ. હું તો જ્ઞાનાનંદ સ્વરૂપમાં ઠરનારો (છું). એમ મારો અભ્યાસ-સ્વભાવની ધારામાં વહેવાનો મારો અભ્યાસ છે. રાગનું કરવું મેં કર્યું નથી, કરાવ્યું નથી, કર્તાને મેં રૂડું જાણ્યું નથી. વર્તમાન હું રાગને, પુણ્ય-પાપને કરતો નથી, કરાવતો નથી, કોઈ કરતો હોય તો એમાં સુખ માનતો નથી. સમજાય છે કાંઈ? એમ હતું ને એમાં? સુખ માનતો નથી એમ આલોચનામાં હતું. એ અનુમોદનની વ્યાખ્યા. તે દિ' આ જ ખ્યાલમાં આવી ગયેલી. અનુમોદનનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક ઠેકાણે આવ્યું હતું. ઇ આ જ. અનુમોદનમાં આનંદ, સુખ માનું છું. આપણે વાંચનમાં આવી ગયેલું ને? ઇ આ હશે ઘણું કરીને. કોઈ પણ પ્રાણી વર્તમાનમાં પુણ્ય ને પાપના ભાવ કરતો હોય એને હું સંમત થતો નથી કે, એ ઠીક છે.

ક્યાંક આવે છે બીજે? હા, બીજે ક્યાંક આવે છે. આનંદપૂર્વક સંમત કરવું. બીજે ક્યાંક આવે છે. ક્યે ઠેકાણે? આનંદપૂર્વક માનવું. સંમત કરવું, આનંદપૂર્વક સંમત કરવું. મેં કીધું ક્યાંક આવે છે ખરું. પછી થયું અહીં હશે. કાલ નહોતું આવ્યું? ક્યાંક આવે છે, આનંદપૂર્વક સંમત કરવું, આવે છે ક્યાંક. સમજાણું કાંઈ? ઝીણી વાત છે.

પહેલું તો સમ્યગ્દર્શનમાં જ એમ આવે છે. ઇ આમાં આવે છે ને? ભાઈ! આ શું નામ? 'સમયસાર નાટક'. (શ્લોક–૯૬) 'કરની હિત હરની સદા, મુક્તિ વિતરની નાંહિ.' મોહ વિલાસ. ... મોહ વિલાસ આવી ગયું ને આ? એમાં નાખ્યું છે. એ પૂરું થઈ ગયું, અર્થ પૂરો થઈ ગયો. આ શુભ પરિણામની જે ક્રિયા છે. કઠણ વાત છે. જગતને (કઠણ પડે). એ 'કરની હિત હરની...' એ આત્માના હિતને નાશ કરનારી છે. એ..ઇ..! શું આ બધું પણ અત્યાર સુધી કર્યું? 'મુક્તિ વિતરની નાંહિ' એ મુક્તિ દેનારી નાંહિ. એ શુભભાવની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો શુભભાવ એ મુક્તિને દેવાવાળી નહિ, એ શુભભાવ છે. આહા..! ભારે કઠણ જગતને.

'ગની બંધ-પદ્ધતિ વિષૈ,...' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથે એ શુભ પરિણામની ક્રિયા બંધ પદ્ધતિની રીતમાં ભગવાને ગણી છે, એને મોક્ષની પદ્ધતિમાં ભગવાને ગણી નથી. ભારે વાત આકરી પડે. ત્યારે તો બધાય અત્યારે રાડુ નાખે છે ને? ચારેકોર પોકાર (કરે છે). ભગવાનની પાસે કરો પોકાર, ભાઈ! બીજું શું? માર્ગ તો આ છે. આહાહા..! 'સની મહાદુખમાંહિ.' એ 'મહાદુઃખસે લિપ્ત હૈ.' 'સની' એટલે ખરડાયેલી. શું કીધું?

શુભભાવનો ભાવ જે ક્રિયાનો થાય એના ચાર બોલ લીધા. એક હિતહરણી એટલે અહિત કરવાવાળી, મુક્તિ દેવાવાળી નહિ. ક્રિયાની પદ્ધતિ બંધપદ્ધતિમાં અને એ શુભભાવ દુઃખથી લિપ્ત છે. 'છોટાભાઈ'! રાડ નાખે એવું છે. ... અરે..! ભગવાન! બાપુ! ભાઈ! પહેલો નિશ્ચય તો કર હજી. નિર્ણય અનુભવની દૃષ્ટિમાં એ રાગનો ભાવ ઉઠે ખરો, હોય ભલે વ્યવહાર, વ્યવહાર પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી એવો ભાવ હો, હો પણ એ છે બંધની કરનારી, મુક્તિની દેનારી નહિ. સમજાણું? અને બંધપદ્ધતિ અને હિતહરણી અને દુઃખથી સની– દુઃખથી લિપ્ત ભાવ છે, એ આકુળતાનો રાગભાવ છે. સમજાણું કાંઈ?

જેટલો શુભરાગ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જાત્રા એ બધો શુભરાગ દુઃખથી લિપ્ત છે, આકુળતા છે, આનંદથી ઊલટી દશા છે. ભારે વાત આકરી પડે ને? માણસ પછી રાડુ ન પાડે. ભગવાન પાસે રાડુ પાડો, બાપા! ('સમયસાર નાટક') પાનું ૨૭૦. ત્યાં 'मोहविलासविजृम्भित' નો અર્થ છે, ભાઈ! આપણે આલોચનાનો કળશ ગયો ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્રિયાકી નિંદા (સવૈયા ઇકતીસા)

કરનીકી ધરનીમૈં મહા મોહ રાજા બસૈ,
કરની અગ્યાન ભાવ રાકિસકી પુરી હૈ ।
કરની કરમ કાયા પુગ્ગલકી પ્રતિછાયા,
કરની પ્રગટ માયા મિસરીકી છુરી હૈ ॥
કરનીકે જાલમૈં ઉરઝિ રહ્યૌ ચિદાનંદ,
કરનીકી વોટ ગ્યાનભાન દુતિ દુરી હૈ ।
આચારજ કહૈ કરનીસૌં વિવહારી જીવ,
કરની સદૈવ નિહચૈ સુરૂપ બુરી હૈ ॥૯૭॥

આચાર્ય કહે છે અંદર જુઓ! આ છે ને? સમજાય છે?

અર્થ :– ‘ક્રિયાકી ભૂમિ પર મોહ મહારાજાકા નિવાસ હૈ,...’ શુભરાગ હું કરું એ કર્તુત્વ બુદ્ધિ મિથ્યાત્વભાવ છે. આહા..! દુનિયાને આ વીતરાગ માર્ગ પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરનો માર્ગ, જગતને–દુનિયાને બેસવો કઠણ પડે. હાય.. હાય..! આ વ્યવહાર બધો લોપ થઈ ગયો. પણ સાંભળને ભાઈ! એ વ્યવહાર રાગ છે એ ધર્મ નથી. એ જ્ઞાન કરવા માટે બરાબર છે, જ્ઞાન કરવા માટે કે, આ છે. મારું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદની અનુભવની દૃષ્ટિ ને સ્થિરતા (થાય) એ મારો ધર્મ (છે). વચમાં એવો વ્યવહારનો રાગ આવે ખરો પણ હેય દુઃખદાયક છે. બંધ પદ્ધતિના પરિણામ છે. મોહરાજા–જો કર્તુત્વબુદ્ધિ થાય તો મિથ્યાત્વ રાજા રાગના કર્તામાં વસે છે. ધર્મીને રાગ આવે તેનો જ્ઞાતા-દૃષ્ટા છે, આદર નથી. અજ્ઞાનીને શુભ ક્રિયાકાંડમાં આ મારું કર્તવ્ય છે એમ માનીને એમાં મિથ્યાત્વનો મોહ રાજા પેસી ગયો છે.

‘ક્રિયા અજ્ઞાનભાવરૂપ રાક્ષસકા નગર હૈ,...’ રાક્ષસકા નગર હૈ. શુભ પરિણામ એ વિકાર છે, રાક્ષસનું નગર છે, એમાં ચૈતન્યની શાંતિ ખવાય જાય છે. આહા..! કહો, ‘ભીખાભાઈ’! અરે..! ભાઈ! બાપુ! આવા ટાણા કાળ મળ્યા. આહાહા..! અને એમાં ઉગરવાના આરાના કાળમાં આવી ઊંધાઈ કરશે (તો) ભાઈ! આરા કે દિ’ આવશે? માંડ વખત મળ્યો છે, હોં! અનંત કાળમાં પચ્ચીસ-પચાસ વર્ષની જિંદગી (મળી), અનંત કાળના હિસાબમાં આ વર્ષ કેટલા? સત્‌ના જેટલા ૫૦-૬૦ વર્ષ છે એની ગણતરી શું? બાપુ! એ ભગવાનઆત્મા ચિદાનંદની જ્યોત છે એના અનુભવની દૃષ્ટિમાં એ રાગાદિ તો કહે છે કે રાક્ષસ છે. ‘છોટાભાઈ’! આ બધા મોટા થઈને પછી ન્યાં કહેશો તો રાડ પાડશે. અજ્ઞાનભાવનું રાક્ષસનું નગર છે, કહે છે. જેટલી ક્રિયાકાંડનો શુભભાવ રચાય એ રાક્ષસનું નગર છે. જ્ઞાનીને ભાવ આવે ખરો પણ તેનો આદર નથી, એને જાણનાર-દેખનાર રહે છે. અજ્ઞાનીને એ રાગની ક્રિયામાં જ આખું સર્વસ્વ વસી ગયું છે.

‘ક્રિયા, કર્મ ઔર શરીર આદિ પુદ્‌ગલોંકી મૂર્તિ હૈ,...’ શું કીધું? ‘કરની કર્મ કાયા’

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ તો કર્મની કાયા છે, આત્માની કાયા નહિ, ભગવાનનો સમૂહ એમાં નથી. શુભરાગ એ તો કર્મની કાયા, આત્માનો સમૂહ એમાં છે નહિ. જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા એમાં નથી. એ તો કર્મની કાયા છે. કર્મકાયા. આહાહા..! એ 'શુકનચંદજી'! રાડ નાખે એવું છે કે નહિ? પછી? તે પુદ્‌ગલની મૂર્તિ છે. કેમકે અમૂર્ત એવો ચિદાનંદ ભગવાન એની પાસે શુભભાવ સ્થૂળ... સ્થૂળ... સ્થૂળ... સ્થૂળ... કર્મની મૂર્ત કાયા છે.

'ક્રિયા સાક્ષાત્ માયારૂપ મિશ્રી લપેટી હુઈ છુરી હૈ,...' એ માયારૂપ સાકર, એ લપેટી છરી. છરી ઉપર જેમ સાકર લપેટે એમ શુભભાવમાં મિથ્યાત્વમાં લપેટેલો શુભભાવ છે. આ શુભ મારો... મારો... મારો... મને લાભ કરશે. મિથ્યાત્વરૂપી છરી એમાં શુભભાવ લપેટ્યો છે જરી. આહા..!આ એનું સ્વરૂપ વર્ણવાય છે. સમજાય છે?

'ક્રિયાકે જંજાલમેં આત્મા ફઁસ રહા હૈ,...' એ વિકલ્પની જાળ ક્રિયાકાંડની એમાં ફસી રહ્યો આખો ચોવીસ કલાક, આ કરું, આ કરું, આ કરું. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ! એ રાગની ક્રિયા વિનાનો એની એણે દૃષ્ટિ ને સંભાળ કોઈ દિ' કરી નથી. સમજાણું કાંઈ? જુઓ! આ 'બનારસીદાસ' જેવો આચાર્યનો અર્થ છે એ પ્રમાણે લખે છે. 'બનારસીદાસ' ઘરનું કહેતા નથી. આચાર્ય પોતે અહીં કહે છે. आत्मनि चैतन्य महा मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म એમ છે ને? એનો અર્થ કર્યો ઇ. महा 'मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य' આહા..! કહે છે, અરે..! ભગવાનઆત્મા ચૈતન્યનું પ્રકાશનું નૂર–તેજ ભગવાન આનંદની મૂર્તિ એની સામું સ્થિરતા, દૃષ્ટિ કર્યા વિના એકલી ક્રિયાકાંડ વિકલ્પના રાગમાં ભગવાન રાજા ભૂલીને એમાં ઘૂસી ગયો છે. સમજાય છે?

'ક્રિયાકે જંજાલમેં આત્મા ફઁસ રહા હૈ, ક્રિયાકી આડ જ્ઞાન-સૂર્યકે પ્રકાશકો છુપા દેતી હૈ.' એ શુભરાગની ક્રિયામાં અહંકાર થતાં ચૈતન્યસૂર્ય ત્યાં ઢંકાય જાય છે. એની રુચિના પ્રેમમાં ભગવાન જ્ઞાનાનંદ ભગવાન ઢંકાય જાય છે. સમજાણું કાંઈ? ક્રિયાકી આડમેં. 'શ્રીગુરુ કહતે હૈં કિ ક્રિયાસે જીવ કર્મકા કર્તા હોતા હૈ,...' એનાથી રાગ મારું કર્મ, મારું કાર્ય એમ મિથ્યાદૃષ્ટિ એની ક્રિયાકાંડમાં મિથ્યાત્વભાવથી કર્તા થઈ. 'નિશ્ચય સ્વરૂપસે દેખો તો ક્રિયા સદૈવ દુઃખદાયક હૈ.' 'કરની સદૈવ નિહચૈ સુરૂપ બુરી હૈ.' કહો, સમજાણું? સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં વિકલ્પ હો (પરંતુ) એનો સ્વામી નહિ, એમાં હું નહિ, એનાથી મને લાભ નહિ. આહાહા..! અજ્ઞાની એમાં ક્રિયાકાંડમાં એવો લેપાય ગયો.

જ્ઞાનિયોંકા વિચાર (ચૌપાઈ)

મૃષા મોહકી પરનતિ ફૈલી ।
તાતૈં કરમ ચેતના મૈલી ॥

એ શુભભાવ એ કર્મ ચેતના છે, આત્મા જ્ઞાનચેતનાનું એ સ્વરૂપ નહિ. આહાહા..! ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્યબિંબ ભગવાન, એની અંતરમાં લીનતાની દૃષ્ટિ સહિતની લીનતા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ તો જિનબિંબ, ચૈતન્યબિંબ પ્રભુ આત્મા છે. એને છોડીને આ 'મૃષા મોહકી પરનતિ ફૈલી' એકલો શુભરાગ એને મૃષા-જૂઠો, જૂઠો કેમ કીધો? પેલામાં માયા કીધી હતી. ભગવાન શુદ્ધ સચ્ચિદાનંદ, નિર્મળાનંદ સત્ છે એ અપેક્ષાએ રાગ માયા-જાળ કહો કે અસત્ કહો. સમજાણું કાંઈ? માયા-જાળ. ક્યાંક આવ્યું હતું, 'પરમાત્મ પ્રકાશ'માં આવશે. માયાજાળ. માયાની વ્યાખ્યા અસત્ય કરી ત્યાં, અસત્ય કરી છે. કેમ? કે વસ્તુ જે છે એ શુદ્ધ ચૈતન્યમૂર્તિ સત્ છે એ અપેક્ષાએ વિકલ્પ તે માયા-જાળ (છે). માયા-જાળ એટલે અસત્ય છે. અહીં પણ એ શબ્દ વાપર્યો છે ને? માયા. સમજાણું? છે ખરું ક્યાંક, પાઠમાં છે, હોં! માયા-જાળુ, માયા-જાળુ. ટીકાકારે વ્યાખ્યા શું કરી? 'मायाजालमप्यसत्यमपि' વેદાંત અસત્ય કહે છે ને? ભાઈ! એ અપેક્ષાએ અસત્ય રાખ્યું પણ છે (ખરું), પેલો (-વેદાંત) કહે છે, નથી. એટલો ફેર છે. તેથી આચાર્યે આ શબ્દ વાપર્યો છે કે, જે વિકલ્પ ઉઠે છે એ માયા-જાળ છે. ભગવાનઆત્મા ચિદ્બિંબ જ્ઞાન છે એ સત્ય છે, તો રાગ છે તે અસત્ય છે, માયા-જાળ એટલે અસત્ય છે. એ ૮૩ મી ગાથામાં છે. આપણે આવશે ને હવે? આ કેટલામી ગઈ? આપણે ૭૯ મી ગઈ ને? આ ૮૩ મી છે, ૮૩ મી છે. છે પુસ્તક? જુઓને! કોઈ પાસે 'પરમાત્મ પ્રકાશ'. આત્મા શુદ્ધ જ્ઞાનઘન અનાકૂળ આનંદ એ સત્ છે ત્યારે વિકલ્પ એને માયા-જાળ (છે). અન્યમતિ માયાજાળ કહે છે એ નથી એમ કરીને કહે છે. પણ અહીં રાગ છે પણ આ સત્‌ની અપેક્ષાએ અસત્ છે, અસત્ પણ છે ખરું. ૮૩ માં છે, મૂળ પાઠમાં 'माया-जालु', `माया-जालु'. બીજી લીટીમાં પહેલો શબ્દ છે. સંસ્કૃતમાં 'सव्वु मायाजालमप्यसत्यमपि' બસ ઇ એટલું. સમજાણું? એ બધો રાગ છે. એમ કે 'जणणी जणणु' બધું કર્મના ફળ છે, એ બધા અસત્ય છે, વસ્તુનું સ્વરૂપ નથી. ઓહાહો..! સમજાણું કાંઈ? ઇ આવશે ત્યારે વાત.

અહીં તો જરી આમાં શબ્દ (આવ્યો) હતો ને?

મૃષા મોહકી પરનતિ ફૈલી ।
તાતૈં કરમ ચેતના મૈલી ॥

'મૃષા' શબ્દ આવ્યો એ ઉપરથી જોયું. જૂઠું... જૂઠું... જૂઠું. જૂઠું એટલે ભગવાન જ્ઞાનમૂર્તિનો કંદ ચિદાનંદ વીતરાગમૂર્તિ આત્મા છે. વસ્તુ વર્તમાન વીતરાગમૂર્તિ છે. આત્મા જ એને કહીએ. પુણ્ય-પાપ એ આત્મા નહિ, એ તો આસ્રવ છે, એ આત્મા નહિ. કર્મ, શરીર અજીવ છે. ભગવાને આત્મા જે જોયો આ, એ ભગવાને આત્મા એને કહ્યો છે. વીતરાગ નિર્દોષ પિંડનું તત્ત્વ તે આત્મા છે. વિકલ્પ ઉઠે એ તો આસ્રવ છે એટલે અહીં એને માયા કહી 'મૃષા મોહકી પરનતિ ફૈલી' એ વસ્તુમાં નથી એવી અસત્ વિકલ્પની જાળ ઉઠી. સમજાણું કાંઈ? આહા..! 'ભીખાભાઈ'! આહા..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનિયોંકા વિચાર (ચૌપાઈ)

મૃષા મોહકી પરનતિ ફૈલી ।
તાતૈં કરમ ચેતના મૈલી ॥
ગ્યાન હોત હમ સમઝી એતી ।
જીવ સદીવ ભિન્ન પરસેતી ॥૯૮॥

ભાન આત્માનું થયું હું તો જ્ઞાનાનંદમૂર્તિ છું. એમ સમ્યક્ થતાં રાગ મારાથી ભિન્ન, ત્રણે કાળે ભિન્ન છે. કારણ કે, એ આસ્રવતત્ત્વ એ આત્મતત્ત્વ થાય નહિ ને આત્મતત્ત્વ એ આસ્રવતત્ત્વ થાય નહિ. એ આસ્રવતત્ત્વને આ ક્રિયાકાંડના કર્મકાંડમાં નાખ્યું છે. આહા..! સમજાણું કાંઈ? હવે આવા અર્થો શાસ્ત્રોમાં છે, વસ્તુ સ્થિતિ છે. 'કનૈયાલાલજી'! અર્થ જો આમાંથી કાઢવા જઈએ તો (કહે), અર્થ ફેરવ્યા. અમે અર્થ કરીએ. પણ તું ઊંધા કરે છો ને વસ્તુ એમ નથી. આહા..! કહે છે, સમજાણું?

પુનઃ (ચૌપાઈ)

*મૈં ત્રિકાલ કરનીસૌં ન્યારા ।
ચિદવિલાસ પદ જગ ઉજયારા ॥
રાગ વિરોધ મોહ મમ નાંહી ।
મેરૌ અવલંબન મુઝમાંહી ॥૧૦૦॥

આહાહા..! 'મૈં ત્રિકાલ કરનીસૌં ન્યારા' સમ્યગ્જ્ઞાની પોતાના ચિદાનંદ સ્વરૂપને એમ જોવે, જાણે, અનુભવે. ભલે ગમે તે સ્થિતિમાં (હોય), શુભાશુભ રાગમાં ઉભો, લડાઈમાં ઉભો હોય પણ હું તો ત્રણે કાળે રાગની ક્રિયાકાંડથી તો નિરાળો જ છું. આહાહા..! મારા ચૈતન્યના સ્પર્શને રાગનું અંધારું અડતું નથી. એ શુભરાગ તે અંધારાની જ્યોત છે. એ ચૈતન્યના પ્રકાશને અંધારું અડતું નથી. એ અંધારામાં ચૈતન્ય નથી ને ચૈતન્યમાં અંધારું નથી. આહાહા..! સમજાણું?

* મૈં ત્રિકાલ કરનીસૌં ન્યારા ।
ચિદવિલાસ પદ જગ ઉજયારા ॥
રાગ વિરોધ મોહ મમ નાંહી ।
મેરૌ અવલંબન મુઝમાંહી ॥૧૦૦॥

હું શુદ્ધ આનંદ જ્ઞાયક છું એનું અવલંબન મારું મારામાં છે, વ્યવહારનું અવલંબન મને નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ ધર્મી જીવ (જાણે છે). બહુ વાત આકરી. પણ આ બધા અત્યાર સુધી આ ત્યાગ કર્યા એના ફળ શું આવ્યા? ભગવાન! તારી ચીજ તો આમ જ્ઞાન ગોળો ચૈતન્યસૂર્ય વીતરાગ નિર્દોષ બિંબ, એને આત્મા કહીએ. એ આત્મામાં વિકલ્પનો સ્પર્શ નથી, હોં! અડ્યો નથી એને. આહાહા..! અડે તો એક થાય. એક નથી માટે અડ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આહાહા..! અડે તો એક થાય. અડે સમજે? સ્પર્શે. શુભરાગને ચૈતન્ય સ્પર્શે તો એક થાય. રાગ આને અડે તો રાગમય આત્મા થઈ જાય. બે અડ્યા નથી. આહા..!

કહે છે, આ પ્રત્યાખ્યાનવાળો કહે છે. પ્રતિક્રમણ ગયું, આલોચના વર્તમાન કહ્યું કે, પુણ્ય-પાપના ભાવને કરતો નથી, કરાવતો નથી, કોઈ કરતો હોય તો સંમત હું નથી, હું સંમત નથી કે ઇ ઠીક છે. હવે આ વ્યવહાર કરો ને વ્યવહાર ઠીક છે (એમ) અનુમોદો તો ઇ ઠીક કહેવાય (એમ અજ્ઞાનીઓ) કહે છે. ઇ વ્યવહાર તરીકે વ્યવહાર આવે તો વ્યવહારનયથી એમ કહેવાય કે આ ઠીક છે પણ પરમાર્થે ઠીક છે એ વસ્તુમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો આત્મામાં પરાલંબી જ્ઞાન જેટલું વર્તે શાસ્ત્રનું એ પણ મોક્ષમાર્ગ નથી અને એ પરમાર્થ જ્ઞાન નથી. આહા..! સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્યમાં એકાગ્ર થઈને જ્ઞાન આત્મજ્ઞાન આત્મજ્ઞાન-આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાન મોક્ષનો માર્ગ ને પરમાર્થ જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, તો પછી આ રાગભાવને હું સંમત થતો નથી. હવે અહીંયાં પ્રત્યાખ્યાનની વ્યાખ્યા કરે છે. વર્તમાન આલોચનાની ગઈ.

---

ભવિષ્યના કર્મનું પ્રત્યાખ્યાન કરે છે –

> न करिष्यामि न कारयिष्यामि न कुर्वन्तमप्यन्यं
> समनुज्ञास्यामि मनसा च वाचा च कायेन चेति।*

ખંડાન્વય સહિત અર્થ :- 'न करिष्यामि' હું આગામી કાળમાં રાગાદિ અશુદ્ધ પરિણામો કરીશ નહિ, 'न कारयिष्यामि' કરાવીશ નહિ, 'अन्यं कुर्वन्तम् न समनुज्ञास्यामि' (अन्यं कुर्वन्तम्) સહજ જ અશુદ્ધ પરિણતિને કરે છે જે કોઈ જીવ તેને (न समनुज्ञास्यामि) અનુમોદન કરીશ નહિ, 'मनसा' મનથી, 'वाचा' વચનથી, 'कायेन' શરીરથી.

---

न करिष्यामि न कारयिष्यामि न कुर्वन्तमप्यन्यं
समनुज्ञास्यामि मनसा च वाचा च कायेन चेति।*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'न करिष्यामि' 'હું આગામી કાળમાં પુણ્ય-પાપના રાગાદિ અશુદ્ધ પરિણામો કરીશ નહિ,...' અશુદ્ધ પરિણતિ એટલે પુણ્ય-પાપ બેય. પુણ્ય ને પાપના ભાવ બેય દોષસ્વરૂપ છે. આહાહા..! રાડ નાખે એવું છે ને? જેને વ્યવહાર રત્નત્રય કહીએ એ વિકલ્પ કર્મચેતના છે અને દોષરૂપ છે. બધી ઊંધી માન્યતા સાફ થઈ જાય છે. માર્ગ તો આ છે, ભાઈ! એમ તું લાલા-પેતા કર ને માર્ગ મળે એવું નથી, ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે. વીતરાગ! ઓ..હો..! જેમાં જ્ઞાનમૂર્તિ પ્રભુમાં વિકલ્પનું સ્થાન પણ જેના સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપને આ વિકલ્પનું કરવું હું કરતો નથી, ભવિષ્ય માટે હું કોઈને કહેતો નથી, કે આ હું કરતો નથી ભવિષ્યમાં, તમે કરો. હું કરાવીશ નહિ, હોં! ભવિષ્યમાં એ શુભ-અશુભભાવ હું નહિ કરાવું, હોં!

આ પ્રત્યાખ્યાન કહે છે. આહાહા..! અને 'अन्यं कुर्वन्तम् न समनुज्ञास्यामि' કોઈ મારા કર્યા ને કરાવ્યા વિના એની મેળાએ કોઈ શુભભાવ અશુભ કરતો હોય (તો) હું ભવિષ્યમાં સંમત નહિ થાઉં. ભવિષ્ય માટે વર્તમાન સંમત નથી. ભવિષ્ય માટે પણ વર્તમાન સંમત નથી. આહાહા..! અરે! ભગવાનના માર્ગને ભૂલ્યો. વીતરાગ માર્ગને (ભૂલ્યો). સમજાણું કાંઈ? અજ્ઞાને, રાગે ઘેરીને માન્યો, બાપુ! માર્ગ એ નથી, ભાઈ! આહા..!

નિરાધાર, નિરાધાર આ .... કોણ છે. હું ગયો ત્યાં રાડ પાડી, પ્રભુ! કીધું, મુંઝા નહિ, ભાઈ! જુવાન છે. .... બાપા! કોણ છે? ભાઈ! તને શરણ નથી, બાપા! શરણ તો અંદર ભગવાન પડ્યો છે. આહાહા..! એવે કાળે અરે..રે..! શું થશે? શું થશે? બાપુ! એ તો જડની (અવસ્થા છે). મારું શું થશે એની ચિંતા કરી છે? આની ચિંતા કરી છે. અને એનું શું થવું એ કાંઈ આત્માને આધીન નથી. એ તો જડની દશા છે, ભાઈ! આ તો માટી છે, આ તો ધૂળ પુદ્ગલ છે. એ તો એની પર્યાયના ક્રમમાં જે પર્યાય થવાની તે થવાની છે. આત્માને કાંઈ એમાં અધિકાર નથી. આહાહા..! અરે..! એણે કોઈ દિ' આત્મા સામું નજર ન કરી. જ્યાં શરણ પડ્યું છે. 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' ભગવાન આનંદનું ધામ પ્રભુ! એ નિર્વિકલ્પ શાંતિનો ઢગલો આત્મા. અરે..! ત્યાં નજર નાખ્યા વિના તને ક્યાંય સંતોષ મળે એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ શુભભાવે સંતોષા નહિ, એ વાણીની સગવડતાએ મુંઝા નહિ. અને વાણી ન હોય તોય મુંઝા નહિ. વાણીનું હોવું ન હોવું તો પુદ્ગલની સામગ્રી છે. ભાઈ! એને લઈને તને એમાં શું છે?

હું ભાવથી અહીં કહે છે, હોં! શુદ્ધોપયોગની ભાવના. વિકલ્પથી ભલે વાત પણ છે શુદ્ધોપયોગ કરવાનો અભ્યાસ. આ નહિ, હોં! નહિ. કોઈ ભવિષ્યમાં રાગને, શુભને કરે ને (તો) હું વર્તમાન કહું છું કે ભવિષ્ય માટે હું સંમત નથી. આહાહા..! શ્રદ્ધામાં તો કરવું સંમત નથી પણ હવે સ્થિરતામાં અંદર હવે જાઉં છું માટે કોઈ કરે એને માટે હવે હું સંમત છું નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહો..! ચોરાશીના અવતારમાં એકલો ભગવાન જન્મે ને મરે. એને આત્મા પોતાની જાતને કોઈ દિ' જાણવા પ્રયત્ન કર્યો નથી. આમ ને આમ વખત ગાળ્યા. કોઈ સમાધાન કર્યા આમ કર્યા ને તેમ કર્યા ને ઢીકણા કર્યા. અરે..! ભગવાન! બાપુ! અંદર ચૈતન્યની જ્યોત વસ્તુ છે ને! એની દૃષ્ટિમાં પણ જ્યાં રાગનું કરવું-કર્તૃત્વબુદ્ધિ નથી ત્યાં બીજાને કરાવવું કે કરે એને સંમત થવું એ દૃષ્ટિમાં નથી. અહીં તો શુદ્ધોપયોગના આચરણમાં હવે ઠરવા માગે છે. આહા..! સમજાણું કાંઈ?

કહે છે, અરે..! કોઈ એની મેળાએ શુભ-અશુભ રાગ કરતો હોય. 'સહજ જ અશુદ્ધ પરિણતિને કરે છે જે કોઈ જીવ તેને અનુમોદન કરીશ નહિ,...' છે ને? પહેલામાં એમ કહ્યું હતું કે, હું એને સુખ નથી માનતો, એમ કહ્યું હતું. એનો અર્થ જ છે કે, અનુમોદન કરે એમાં સુખ માને છે. કોઈ રાગાદિ કરે એને અનુમોદન માને તો એમાં સુખ છે તો અનુમોદન માને છે. હું એમાં સુખ માનતો નથી, અનુમોદન નહિ કરું. આહાહા..! સમજાણું કાંઈ? એ દુનિયા દુનિયાને ઘરે પોકાર કરતી રહેશે. તું તારું કરી લે કહે છે, ભાઈ! અહીં કહે છે. એ ભઠ્ઠી સળગતી હોય તો સળગવા દે એને કારણે. તું ખસી જા, ખસી જા, તું ખસી જા. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, હું એક આત્મા છું અને હું આત્મા... આહાહા..! હું એક આત્મા. મારા ભાવે ભાવ બોલે (છે), પોકારે છે, કહે છે. અરે..! હું તો આત્મા છું ને! હું તો અરાગી નિર્દોષી વીતરાગી સત્ત્વનું તત્ત્વ તે હું આત્મા છું. એમાં હવે હું ઠરવા માંગુ છું તો કોઈ રાગ ભવિષ્યમાં એની મેળાએ કરશે તો હું સુખ નહિ માનું. કેમકે સુખ રાગમાં નથી, સુખ તો રાગ રહિત સ્થિરતામાં આનંદ છે. સમજાણું કાંઈ? તેથી રાગને દુઃખ કીધું ને? 'સનિ મહા દુઃખ માંહી' એ રાગ-કર્મકાંડનો રાગ દુઃખથી લેપાયેલો ભાગ છે. આહા..!

એવા રાગથી જીવને કલ્યાણ થાય તો એની સાચી શ્રદ્ધા કહેવાય, આવી તો અત્યારે વાત ચાલે છે. આહાહા..! અરે..! ભગવાન! શું થાય? કોઈ વીતરાગની હાજરી ન મળે. વીતરાગથી ભરેલો આત્મા એની દૃષ્ટિમાં એની હાજરી ન મળે. ભગવાન ત્રિલોકનાથની હાજરી ભરતક્ષેત્રમાં ન મળે અને આ વીતરાગ સ્વભાવે ભરેલો (આત્મા) એને દૃષ્ટિમાં લેતો નથી. હવે એને સાક્ષી કોણ આપે? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, અરે..! હું તો મારા વીતરાગ સ્વભાવમાં જવા માંગુ છું ને! માટે કોઈનો શુભ-અશુભનો વિકલ્પ, હું ગયા કાળનો કરેલો, અત્યારે કરતો અને ભવિષ્યમાં એનું મારું સંમત નથી, હોં! હું તો મારા શુદ્ધોપયોગમાં ઠરવા માંગું (છું) માટે સંમત છે નહિ. આહા..!

મનથી, વચનથી અને કાયાથી. છે? જુઓ! અંદરમાં છે, તમારે ન્યાં અંદર પડ્યું છે કે નહિ પુસ્તકમાં? 'જામનગર' છે અંદર? ન્યાંથી બધું વિરુદ્ધ છે તમારાથી. ગામથી વિરુધ્ધ છે કે નહિ? પુસ્તક નથી લીધું? એ પુસ્તક આપો પુસ્તક. નથી? (પૂરા) થઈ રહ્યા છે. લ્યો!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'मनसा' 'મનથી,...' 'वाचा' 'વચનથી,...' 'कायेन' 'શરીરથી.' હું ભવિષ્યનો કોઈ રાગ કરે તો મનથી અનુમોદતો નથી. મનથી કરતો નથી, કરાવતો નથી અને અનુમોદીશ નહિ. મનથી નહિ, વાણીથી નહિ ને કાયાથી નહિ. સમજાણું કાંઈ? પણ ભાઈ! આ આવી દૃષ્ટિથી ધર્મની શરૂઆત થાય છે. શું થાય પણ હવે બીજી વાત. એ ચૈતન્યમૂર્તિ ભગવાન એ પુણ્ય-પાપના ક્રિયાકાંડના ભાવથી રહિત છે. અરે..! એ વ્યવહાર રત્નત્રયના રાગથી રહિત છે. એવા આત્માની દૃષ્ટિમાં જ્યાં રાગનું અનુમોદન નથી તો સ્થિરતામાં તો રાગનું અનુમોદન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..! એનો શ્લોક છે. એ ગદ્ય હતું એનું આ પદ્ય છે.

( આર્યા )

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।३६-२२८।।

ખંડાન્વય સહિત અર્થ :– 'निरस्तसम्मोहः आत्मना आत्मनि नित्यम् वर्ते' (निरस्त) ગઈ છે (सम्मोहः) મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણતિ જેની એવો છું જે હું તે (आत्मना) પોતાના જ્ઞાનના બળથી (आत्मनि) પોતાના સ્વરૂપમાં (नित्यम् वर्ते) નિરંતર અનુભવરૂપ પ્રવર્તું છું. કેવો છે આત્મા અર્થાત્ પોતે ? 'चैतन्यात्मनि' શુદ્ધ ચેતનામાત્ર છે. વળી કેવો છે ? 'निष्कर्मणि' સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે. શું કરીને આત્મામાં પ્રવર્તું છું ? 'भविष्यत् समस्तं कर्म प्रत्याख्याय' (भविष्यत्) આગામી કાળ સંબંધી (समस्तं कर्म) જેટલા રાગાદિ અશુદ્ધ વિકલ્પો છે તે (प्रत्याख्याय) શુદ્ધસ્વરૂપથી અન્ય છે એમ જાણી અંગીકારરૂપ સ્વામિત્વને છોડીને. ૩૬–૨૨૮.

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।३६-२२८।।

અરે! 'निरस्तसम्मोहः आत्मना आत्मनि नित्यम् वर्ते' 'निरस्त' 'सम्मोहः' અહો..! ભ્રમણા મારી ગઈ છે, 'ગઈ છે મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણતિ જેની એવો છું જે હું....' જુઓ! સમ્યગ્દૃષ્ટિ પહેલેથી પોકાર કરે છે. 'सम्मोहः' એટલે 'મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણતિ...' જોયું? મિથ્યાદૃષ્ટિપણું છે ત્યાં સુધી પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિને પોતાની માને છે. એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મિથ્યાદષ્ટિને અશુદ્ધ પરિણતિ જ છે. સમ્યગ્દષ્ટિને અશુદ્ધ પરિણતિ નથી. આહાહા..! કેમકે શુદ્ધ સ્વભાવનો પિંડ ભગવાનની જ્યાં અનુભવમાં પ્રતીત થઈ એ શુદ્ધની પરિણતિ જ એક એને ગણવામાં આવી છે. સમજાણું કાંઈ?

કહે છે, આ ભવિષ્યનો કળશ છે. ગદ્ય કીધું એનું પદ્ય છે. હું કેવો છું? કે, જેમાં ભ્રાન્તિ રાગ, પુણ્ય આદિ મારા એવી ભ્રમણા, જેની પરિણતિ મટી ગઈ છે, વ્યય થઈ ગઈ છે. ઉત્પાદ-હું શુદ્ધ ચિદાનંદ આત્મા એની પર્યાયનો ઉત્પાદ થયો છે. 'પરિણતિ જેની એવો છું જે હું...' એવો જે હું, જે હું, એવો હું જે, એમ કહ્યું. પકડવું એને કઠણ પડે. અહીં સમ્યગ્દષ્ટિ એમ કહે છે, સમ્યગ્દષ્ટિ પહેલો કે, 'ગઈ છે મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણતિ જેની એવો છું...' મિટગઈ-મિટગઈ 'निरस्त, निरस्त'. હું જ્ઞાન સ્વરૂપી સચ્ચિદાનંદ સિદ્ધ સમાન મારું વીતરાગી સ્વરૂપ. એવો વીતરાગી અનાકૂળ આનંદનો પિંડ કંદ આત્મા, અનાકૂળ અતીન્દ્રિય આનંદનો રસ કંદ તે આત્મા, એના ભાનથી, મિથ્યાત્વની વિપરીત પરિણતિ-અશુદ્ધ પુણ્ય-પાપ એ મારા એવી મિથ્યાત્વની પરિણતિ છે એ મટી ગઈ છે. સમજાણું કાંઈ? કેમકે અશુદ્ધ પરિણતિ મિથ્યાત્વ છે ત્યાં અશુદ્ધ પરિણતિ છે. કેમકે વસ્તુ શુદ્ધ છે. વસ્તુ શુદ્ધ કહો, વીતરાગી ભાવ કહો, નિર્દોષ અકષાય સ્વભાવ કહો. તો એ અકષાય સ્વભાવ નિર્દોષ અને શુદ્ધ છે તો એમાં અશુદ્ધ પરિણતિ છે ત્યાં મિથ્યાત્વ ભાવ છે એમ અશુદ્ધ પરિણતિને અહીં ગણવામાં આવી છે. જ્ઞાનીને જરી અશુદ્ધ પરિણતિ છે એ જ્ઞેયમાં જાય છે, એનું પરિણમન દ્રવ્યનું એ પરિણમન નથી કહેવાતું. આહાહા..! સમજાણું કાંઈ? એ ભગવાન શુદ્ધ એટલે વીતરાગ એટલે આનંદ, એવા આત્માને તો આનંદની શુદ્ધની જ પરિણતિ તે આત્માની પરિણતિ-પર્યાય કહેવામાં આવે છે. મલિન પર્યાય વસ્તુમાં નથી, ગુણમાં નથી ને એની પરિણતિ કેમ કહેવી એને? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો 'ગઈ છે મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણતિ જેની...' એટલે મારી. એવો હું જે સમ્યગ્દષ્ટિ. ખબર પડી ગઈ? કહે છે ને કે સમ્યગ્દષ્ટિની ખબર ન પડે, તો અહીં તો કહે છે જુઓ! 'निरस्त' 'सम्मोहः' એવો હું આત્મા. સમજાણું કાંઈ? 'શ્રીમદ્દે' લીધું છે, ભાઈ! નિશ્ચય સમ્યગ્દર્શન છે એ કેવળીગમ્ય છે એમ જે કાંઈ કહેવામાં આવતું હોય, એ તો એ એની પર્યાયના હેતુ અહેતુ, અનંત પર્યાયના ભાગ સહિત જાણવું કેવળીને હોય છે. પણ 'બનારસીદાસ' જેવા મહાપુરુષોએ કહ્યું છે કે, અમે સમકિતી છીએ, અમને સમકિત થયું છે. એ નિશ્ચય સમકિત થયું છે એમ કહે છે. એ તો એ વિષય એક ઠેકાણે (આવે છે). સમજ્યા ને? ૩૨ મા વર્ષમાં છે. પર્યાયના અનંત હેતુઓ શું છે, અહેતુઓ શું છે એટલા બધા પ્રકારના અવિભાગ પ્રતિચ્છેદો આદિ સહિતનું એવું જ્ઞાન કેવળીને છે, અહીં નથી. પણ શુદ્ધ ભગવાનઆત્મામાંથી મિથ્યાત્વ ટળ્યું અને સમકિત થયું એનું તો અમને ભાન વર્તે છે. એને ભગવાનને પૂછવા જાવું પડે એવું નહિ, એમ કહે છે. એથી કહે છે, જુઓ!

'निरस्त' થઈ છે મિથ્યાત્વરૂપ પરિણતિ. 'आत्मना' 'પોતાના જ્ઞાનના બળથી...' છે ને? 'आत्मना' તો પહેલાય આવી ગયું હતું. પરદ્રવ્યની સહાય વિના પોતાની સહાયથી, એમ પહેલામાં લીધું હતું. છે ને? 'आत्मना' અને એની પહેલામાં 'आत्मना' 'પોતાથી'. પહેલામાં છે ને? શબ્દ તો ઇ ના ઇ છે ને? પોતાથી. અહીં 'आत्मना' પરદ્રવ્યની સહાય વિના પોતાની સહાયથી. અહીં 'પોતાના જ્ઞાનના બળથી...' જ્ઞાન એટલે આત્મજ્ઞાન, એમ. સમજાણું કાંઈ? છેલ્લા શબ્દો ત્રણેયના એક જ છે ને? ઓહો..હો..!

ભગવાનઆત્મા 'પોતાના જ્ઞાનના બળથી...' જોયું? જોડે વિકલ્પ ઉઠે છે એના બળથી હું ઠરતો નથી કહે છે. આ વ્યવહાર વિકલ્પ ઉઠ્યો એના બળથી હું ઠરતો નથી. મારા સ્વતઃ સ્વભાવ જ્ઞાન ને આનંદના બળથી હું આત્મામાં વર્તુ છું. ભારે વાત, ભાઈ! એક તો 'आत्मना' બીજું 'आत्मनि' ત્રીજું 'नित्यम् वर्ते' એ ત્રણ શબ્દ પડ્યા છે. સમજાણું? સમ્યગ્દષ્ટિ જીવ પોતાના આત્મામાં એમ સમજે ને જાણે છે, કે મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણતિ મારી નાશ થઈ ગઈ છે. બીજી વાત – પોતાના આત્માના આનંદબળ વડે દૃષ્ટિ જ્યારે સ્વભાવનો અનુભવ થયો એટલે આ આત્મા તો એકલો જ્ઞાન સ્વરૂપ જ છે. એવા 'જ્ઞાનના બળથી પોતાના સ્વરૂપમાં...' જ્ઞાન બળ વડે સ્વરૂપમાં ઠરું છું, નિત્ય વર્તુ છું એમ છે ને? એ નિત્ય વર્તુ છું. નિત્ય વર્તુ એટલે શું?

'નિરંતર અનુભવરૂપ પ્રવર્તું છું.' 'नित्यम्' વર્તે છે ને? 'નિરંતર અનુભવરૂપ પ્રવર્તું છું.' એટલે પરિણમું છું. હું તો શુદ્ધ જ્ઞાનમૂર્તિ, જાણનાર-દેખનારની પ્રવૃત્તિના પરિણામરૂપે હું તો પ્રવર્તું છું. એ મારી પરિણતિ છે. આ રાગાદિની પરિણતિ મારે નષ્ટ થઈ ગઈ છે. કોઈ કહે કે, આ તો મોટી વીતરાગની વાત છે. અરે..! ભગવાન! ભાઈ! અહીં તો સમ્યગ્દષ્ટિથી અને સ્થિરતાનું અહીંયાં વિશેષ વર્ણન છે પણ બાકી સમ્યગ્દર્શનથી જ આ વાત છે. આહાહા..! અશુદ્ધ પરિણમન શુદ્ધ દ્રવ્યમાંથી આવતું નથી. એટલે શુદ્ધ દ્રવ્યને અવલંબેલી દૃષ્ટિ અશુદ્ધ પરિણતિને સ્વીકારતી નથી. એ મારી પરિણતિ નહિ. મારું દ્રવ્ય એવું નહિ તો મારી પરિણતિ એવી નહિ. સમજાણું કાંઈ?

કહે છે, 'પોતાના જ્ઞાનના બળથી...' ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યના પ્રકાશના બળ વડે 'પોતાના સ્વરૂપમાં...' પોતાનું સ્વરૂપ એટલે કે વીતરાગી નિર્દોષ સ્વભાવ એમાં નિત્ય નામ નિરંતર. કેમકે દૃષ્ટિ સ્વભાવને અવલંબી છે એટલે નિત્યપણે હું આત્મામાં વર્તુ છું. નિત્યપણે, શુદ્ધપણે જ પરિણમું છું. નિત્ય કાયમ નિત્ય વસ્તુ જેવી શુદ્ધ છે એવી દૃષ્ટિ ને જ્ઞાન થયું એટલે મારું પરિણમન નિત્ય આત્માનું શુદ્ધપણે પરિણમું છું. અશુદ્ધપણાનું પરિણમન એ મારામાં છે નહિ. ભારે વાત, ભાઈ! અહીંયાં તો હજી (એમ કહે), શુભજોગથી ક્ષાયિક સમકિત થાય અને શુભજોગ છે એ ધર્મ ધ્યાન કહેવાય. અરે..! ભગવાન! શું કર્યું તે આ? અર.. ર..! અરે..! અત્યારે વીતરાગ ન મળે. ત્રણ જ્ઞાન ને ચાર જ્ઞાનના ધણીઓ પ્રત્યક્ષ દેખનાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન મળે કે, જેથી એમ કહે કે, અરે..! ભાઈ! તું આ શું કરે છે? સમજાણું કાંઈ? ઘણા વિપરીત દૃષ્ટિવાળા છે. માર્ગ બહાર ન હોય, માર્ગ બહાર ન હોય. અરે..! સાક્ષાત્ વીતરાગો વર્તતા હોય, સાક્ષાત જિનેન્દ્રો વર્તતા હોય એક પછી એક .... સમજાણું? બાહ્યવાળા ન હોય, અભ્યંતરમાં ભલે હોય. સમજાણું?

કહે છે, અહો..! 'नित्यम् वर्ते' નિત્ય વર્તેની વ્યાખ્યા–વસ્તુ જ્ઞાનમાં, દર્શનમાં શુદ્ધતાનો ભાસ, ભાન અનુભવ થયો છે. એ શુદ્ધપણું જેમ દ્રવ્યનું નિત્ય છે એમ જ્યાં દૃષ્ટિમાં એ આવ્યું એટલે દૃષ્ટિના પરિણમનમાં વર્તન નિર્મળ શુદ્ધ કાયમ રહી ગયું. એ શુદ્ધ પરિણતિને અહીંયાં ધર્મ કહેવામાં આવે છે. એને સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર કહેવામાં આવે છે. વર્તે છે ને? પરિણમન છે. સમજાણું કાંઈ? 'नित्यम् वर्ते'. નિરંતર વસ્તુના સ્વભાવને અનુસરીને જ પરિણમન છે. કર્મને અનુસરીને પરિણમન મારા સ્વરૂપમાં છે નહિ. આહાહા..! વીતરાગ માર્ગની આ વાત સાંભળવી કાયરોને કઠણ પડે એવી છે. કાયરના કાળજા કંપી ઉઠે કે અર..ર..ર..! આ શું, આ શું? બાપુ! આ તો સિંહના માર્ગ છે. સ્વરૂપ વીર્ય સૂર્ય જેને જાગ્યા એના માર્ગ છે. આહા..!

કહે છે, અહો..! 'કેવો છે આત્મા અર્થાત્ પોતે?' 'चैतन्यात्मनि' કહે છે કે, હું કેવો છું? હું તો શુદ્ધ ચેતનામાત્ર છું. વસ્તુ કેવી છે? કે, શુદ્ધ ચેતનામાત્ર. જોયું? શુદ્ધ, શુદ્ધનું પરિણમન કહેવું (છે) ને? નિત્ય વર્તે. કેમ કે હું તો શુદ્ધ ચેતનામાત્ર છું, હું તો શુદ્ધ ચેતનામાત્ર છું. આહાહા..! શુદ્ધ નિર્દોષ વીતરાગી ચેતનામાત્ર મારો આત્મસ્વભાવ એને લઈને મારું પરિણમન એકલું શુદ્ધ જ વહે છે. આહાહા..! આ વ્યવહારવાળાને કઠણ પડે. વ્યવહાર હો ભલે વચ્ચે પણ એ વ્યવહાર છે એ આદરણીય નથી, હેયમાં જાય છે, સહાયકપણે નથી. એને શાસ્ત્રમાં કોઈ વાર સાધક પણ કહ્યું પણ એ વ્યવહારનયે, અભૂતાર્થનયે સાધક કહ્યું છે. આહા..! આ 'પંચાસ્તિકાય'ના બોલો બોલે છે ને? સાધક-સાધ્ય. ભિન્ન સાધ્ય-સાધન. અભિન્ન સાધ્ય-સાધન.ભાઈ!

મુમુક્ષુ :– ભિન્નતાને નિમિત્તથી કીધું છે.

ઉત્તર :– હા. પણ નિમિત્ત એમ કે, જુઓ એના સાધનથી સાધ્ય થાય. ભગવાન બહુ આકરું પડશે, ભાઈ! એવા અર્થો કરવા આત્માને આકરા પડશે, બાપુ! એનું દુઃખ સહન કરવું આકરું પડશે. દુનિયા ન્યાં ભેગી નહિ આવે. માનનારા માનશે કે આ..હા..! વાહ..! ભારે અર્થ, હોં! આપણને પણ ઉભા રાખ્યા ધર્મમાં.

કહે છે, 'કેવો છે આત્મા?' એ તો શુદ્ધ ચેતનામાત્ર પ્રભુ છે ને! એમાં પુણ્ય-પાપના વિકલ્પ નથી ત્યાં કર્મ વળી કેવા એને? મારા હોવાપણામાં તો શુદ્ધ ચેતનામાત્ર જ મારા હોવાપણે હું છું. શુદ્ધ ચેતનામાત્ર – એકલું શુદ્ધ જાણવા-દેખવાના સ્વભાવમાત્ર આત્મા. 'વળી કેવો છે?' એ અસ્તિથી કરી. હવે નાસ્તિથી (કહે છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'निष्कर्मणि' 'સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે.' અસ્તિ-નાસ્તિ કરી. ભગવાનઆત્મા શુદ્ધ ચેતના સત્તામાત્ર હોવાપણે ભગવાન છે. 'निष्कर्मणि'. આઠે કર્મ ને રાગ રહિત છે. એ આઠેય કર્મ, અત્યારે રાગ ને આઠ કર્મ રહિત છે, હોં! આહાહા..! પાછા એમ કહે, સિદ્ધ થાય ત્યારે (આઠ કર્મથી રહિત હશે). સમજાણું કાંઈ? એક સમયની જે વિકાર આદિ પરિણતિ છે, અહીં તો મિથ્યાત્વ સહિતની જ અશુદ્ધ પરિણતિને ગણવામાં આવી છે. શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ ભગવાનઆત્મા, એનો અંતર દૃષ્ટિ અનુભવ થયે કહે છે કે, હું તો કર્મની ઉપાધિથી રહિત ત્રણે કાળે છું. આહા..! હજી સંસારમાં આવો એને કર્મ રહિત (કહો છો)? એ તો પર્યાયમાં જરી રાગ ને નિમિત્ત કર્મ ને એને રાગની સાથે સંબંધ પણ રાગ ને એ બેય વસ્તુમાં જ જ્યાં નથી એટલે પરની સાથે સંબંધ છે એ વાત છે નહિ. વસ્તુને (સંબંધ) નથી, વસ્તુ શુદ્ધ ચેતનામાત્ર ભગવાન છે. આહાહા..! અરે..રે..! સમજાણું?

'સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે.' એ અસ્તિ-નાસ્તિ કરી. 'શું કરીને આત્મામાં પ્રવર્તું છું?' હવે ત્રીજી પરિણતિની વાત બતાવે છે. 'શું કરીને આત્મામાં પ્રવર્તું છુ' 'भविष्यत् समस्तं कर्म प्रत्याख्याय' 'આગામી કાળ સંબંધી જેટલા રાગાદિ અશુદ્ધ વિકલ્પો છે...' ભવિષ્યમાં જેટલા શુભ અને અશુભ વિકલ્પ 'તે શુદ્ધ સ્વરૂપથી અન્ય છે એમ જાણી...' પ્રત્યાખ્યાનની વ્યાખ્યા આ. પ્રત્યાખ્યાનમાં એમ આવ્યું ને જાણ્યું. ન કીધું? એ પ્રત્યાખ્યાન છે. જાણ્યું એ પ્રત્યાખ્યાન છે, બીજું પ્રત્યાખ્યાન ક્યું હતું? જ્ઞાનમૂર્તિ ભગવાને રાગને પૃથક્ જાણીને ઠર્યો એ પ્રત્યાખ્યાન, જ્ઞાનની સ્થિરતા એ પ્રત્યાખ્યાન છે. પ્રત્યાખ્યાન કોઈ વિકલ્પ ને આ ત્યાગ કર્યો એવું કોઈ પ્રત્યાખ્યાન નથી. આહા..! સમજાણું કાંઈ?

'જેટલા રાગાદિ અશુદ્ધ વિકલ્પો...' જુઓ! કર્મની વ્યાખ્યા આ કરી. અશુદ્ધ વિકલ્પને જ અહીં કર્મ કહ્યું. છે ને? 'समस्तं कर्म' કર્મ એટલે કાર્ય, કાર્ય એટલે વિકલ્પ ભાવ. જેટલા શુભ-અશુભ વિકલ્પના ભાવ છે એટલા બધા વિકલ્પ એને હું છોડું છું એટલે કે મારા શુદ્ધ સ્વરૂપથી અન્ય છે એમ પૃથક્ કરીને ઠરું છું એનું નામ મારે ભવિષ્યના પચખાણ છે. આહા..! એટલે અહં–હુંપણું એમાં નથી. હુંપણું છે એ અહીં છે-જ્ઞાનાનંદ ચેતનામાં હુંપણું છે, અહીં (રાગાદિમાં) હુંપણું નથી. એટલે ઇ મારે અન્ય છે

'એમ જાણી અંગીકારરૂપ સ્વામિત્વને...' જોયું? એકલું સ્વામિ નહિ. અંગીકારરૂપ. આ મારા છે એમ ન કરીને, હું માનીને જે હતું એવું નથી. રાગ વિકલ્પ હો પણ એને હુંપણું અંગીકાર કરીને હતું એ હવે નથી. સમજાણું કાંઈ? એક એક શબ્દના અર્થ પણ એવા ભર્યા છે ને! 'સમયસાર' 'પાંડે રાજમલ જૈન ધર્મી સમયસાર નાટકના મર્મી' 'બનારસીદાસે' એમ કહ્યું. વસ્તુમાં જેવા ભાવ ભર્યા છે ને, એવું જ વાચ્ય છે, એવું જ વાચક કહ્યું છે.

પ્રત્યાખ્યાનની વ્યાખ્યા – 'શુદ્ધ સ્વરૂપથી અન્ય છે એમ જાણી અંગીકારરૂપ સ્વામિત્વને છોડીને.' રાગના વિકલ્પ ને સ્વભાવ સાથે સ્થિરતા સાથે રાગ મળતો નથી એવો સ્થિરતાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ થયો તેને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આનું નામ પચ્ચખાણ. હાથ જોડીને કરો પચ્ચખાણ (એવું નથી). આ ભૂત(કાળનું)-ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાનનું સંવર ને આવતા કાળના પ્રત્યાખ્યાન. એ ત્રણ પ્રકાર એક જ વીતરાગભાવને એક કાળની અપેક્ષાએ ત્રણ વર્ણવ્યા, બાકી વર્તમાન વીતરાગ શુદ્ધોપયોગ ભાવ એના એ ત્રણ પ્રકારો વર્ણન છે. વર્તમાન પુણ્ય-પાપના વિકલ્પથી છૂટીને ઠર્યો એ ગયા કાળનું પડિકમણા કહેવાણું, વર્તમાનનો સંવર કહેવાણો ને ભવિષ્યનો પચ્ચખાણ કહેવાણું. એને શુદ્ધોપયોગના આચરણ ને ચારિત્ર કહેવાય છે. એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત સ્થિરતા (થાય) એ ચારિત્ર કહેવાય છે, બીજું ચારિત્ર હોઈ શકતું નથી. વિશેષ કહેશે... ( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ ).

( ઉપજાતિ )

समस्तमित्येवमपास्य कर्म त्रैकालिकं शुद्धनयावलम्बी।
विलीनमोहो रहितं विकारैश्चिन्मात्रमात्मानमथावलम्बे।।३७-२२९।।

ખંડાન્વય સહિત અર્થ :- 'अथ विलीनमोहः चिन्मात्रम् आत्मानम् अवलम्बे' ( अथ ) અશુદ્ધ પરિણતિના મટવા ઉપરાન્ત ( विलीनमोहः ) મૂળથી મટ્યો છે મિથ્યાત્વપરિણામ જેનો એવો હું ( चिन्मात्रम् आत्मानम् अवलम्बे ) જ્ઞાનસ્વરૂપ જીવવસ્તુને નિરંતર આસ્વાદું છું. કેવી આસ્વાદું છું ? 'विकारैः रहितं' જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિથી રહિત છે એવી. કેવો છું હું ? 'शुद्धनयावलम्बी' ( शुद्धनय ) શુદ્ધ જીવવસ્તુને ( अवलम्बी ) અવલંબું છું-એવો છું. શું કરતો થકો એવો છું ? 'इत्येवम् समस्तम् कर्म अपास्य' ( इति एवम् ) પૂર્વોક્ત પ્રકારે ( समस्तम् कर्म ) જેટલાં છે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ, તેમને ( अपास्य ) જીવથી ભિન્ન જાણીને-સ્વીકારનો ત્યાગ કરીને. કેવું છે રાગાદિ કર્મ ? 'त्रैकालिकं' અતીત-અનાગત-વર્તમાનકાળ સંબંધી છે. ૩૭-૨૨૯.

કારતક વદ ૧૩, રવિવાર તા. ૨૧-૧૧-૧૯૬૫.
કળશ-૨૨૯ પ્રવચન-૨૪૬

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર', 'કળશ-ટીકા' ૩૭ મો કળશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



समस्तमित्येवमपास्य कर्म त्रैकालिकं शुद्धनयावलम्बी।
विलीनमोहो रहितं विकारैश्चिन्मात्रमात्मानमथावलम्बे।।३७-२२९।।

શું કહે છે? 'अथ विलीनमोहः चिन्मात्रम् आत्मानम् अवलम्बे' ધર્મી જીવ એટલે શું? કે, આ આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આત્માનો જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે. આ શરીર, વાણી એ એના નથી, એ તો જડ છે. એમાં પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ થાય એ વિકાર છે. આત્મા તો સત્ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ છે. એવું અંતરમાં ભાન કરીને, કે હું આનંદ, જ્ઞાનાનંદની મૂર્તિ છું એમ આત્માના સન્મુખ થઈને અનુભવ આત્માનો કરીને કહે છે, 'અશુદ્ધ પરિણતિના મટવા ઉપરાન્ત...' અહીં ચારિત્રની વ્યાખ્યા છે ને?

હું એક આત્મા પુણ્ય ને પાપરૂપી અશુદ્ધભાવ એ અશુદ્ધ પરિણતિની વ્યાખ્યા છે. શુભ અને અશુભભાવ એ અશુદ્ધ પરિણતિ નામ અશુદ્ધ વિકાર છે. એને મટવા ઉપરાંત. અહીં ચારિત્રની વ્યાખ્યા છે ને? એ હું નહિ. પુણ્ય ને પાપના વિકલ્પો વૃત્તિઓ તે હું નહિ. હું એક જ્ઞાનાનંદ સત્ ત્રિકાળ શાશ્વત શુદ્ધ આનંદકંદ આત્મા છું. આહા..! એવી અંતર્મુખની સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં પુણ્ય-પાપની પરિણતિનો નાશ થઈ ગયો છે. ધર્મીને (આવો ધર્મ પ્રગટ થયો છે). આ ધર્મ, ધર્મ કોઈ બહારની ચીજ નથી. આહાહા..!

ભગવાનઆત્મા ચૈતન્ય-સૂર્ય, જેમાં નિત્ય નિત્યાનંદ આનંદ અતીન્દ્રિય જેનામાં આનંદ પડ્યો છે, એવા આત્માને અંતર્મુખ થઈને (જાણ્યો છે). જે એની દશા અનાદિકાળથી પુણ્ય ને પાપના મલિન પરિણામથી જે દશા વર્તે છે એને છોડીને હું એક અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય છું એવી પરિણતિમાં પરિણમે, થાય ત્યારે એને અશુદ્ધ પરિણતિરૂપ શુભાશુભ મટી જાય. ભારે વાત. ભાઈ! 'ભગવાનભાઈ'! ભારે ધર્મ, ભાઈ ! આવો ધર્મ! આ તો બધાનું ચાલે છે બીજી જાતનું.

ભગવાનઆત્મા! એણે કોઈ દિ' અનંતકાળમાં એની શું ચીજ છે એણે જાણી જ નથી. હું કોણ છું? ઇ કહેશે. અહીં શુદ્ધનયનો અર્થ જ ઇ કરશે. સમજાણું કાંઈ? આત્મસ્વરૂપ શુદ્ધ જીવ વસ્તુ. છે ને નીચે? ભાઈ! છઠ્ઠી લીટીમાં. એ શુદ્ધનય એટલે જ ઇ. હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ અનાકૂળ આનંદનો રસ સ્વભાવ તે હું આત્મા. એમાં જેટલા વિકલ્પો પુણ્ય-પાપના, શુભ-અશુભની વૃત્તિઓ ઉઠે છે એ બધો વિકાર છે. એ વિકારને અહીંયાં અશુદ્ધ પરિણતિ કહે છે. અશુદ્ધ એટલે મેલી દશા. જો એનામાં મેલી દશા ન હોય તો અતીન્દ્રિય આનંદનો વર્તમાન સ્વાદ અનુભવ હોવો જોઈએ. અતીન્દ્રિય આનંદનો (સ્વાદ હોવો જોઈએ). કેમકે એ વસ્તુ, પોતે વસ્તુ છે એ તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે પણ એનું અનાદિથી ભાન નહિ કરીને શુભ અને અશુભના રાગ અને આ શરીરાદિ મારા એવી મલિન દશાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉભી કરી, દુઃખની દશાને અનુભવે છે એનું નામ સંસાર અને એનું નામ પરિભ્રમણ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી 'અશુદ્ધ પરિણતિના મટવા...' હું એ પુણ્ય-પાપના મલિન પરિણામ એ હું નહિ. એને મટાડીને અંતર્મુખ થઈને. અહીં જરીક એવી શૈલી લે છે. 'अथ' નો અર્થ એવો કર્યો પછી એ ઉપરાંત 'विलीनमोहः' એમ (કહ્યું). 'મૂળથી મટ્યો છે મિથ્યાત્વપરિણામ જેનો એવો હું...'

મુમુક્ષુ :- મિથ્યાત્વ પરિણામ.

ઉત્તર :- હા, એ જ કીધું છે. 'विलीनमोहः' કીધું ને? મોહ એટલે મોહ મિથ્યાત્વ. 'મૂળથી મટ્યો છે...' એ શૈલી છે. આગળમાં ૨૦૯ પાને પણ આવશે. 'અજ્ઞાનચેતનાનો વિનાશ થવા ઉપરાન્ત આગામી સર્વ કાળ શુદ્ધ જ્ઞાનમાત્ર જીવવસ્તુ...' એ થોડી શૈલી છે. ૨૩૪ (કળશની) અર્થની બીજી લીટી. 'અજ્ઞાનચેતનાનો વિનાશ થવા ઉપરાન્ત...' છે ને? ૪૨ કળશ, ૪૨ કળશની બીજી લીટી. પહેલેથી બીજી લીટી. 'ઉપરાંત આગામી સર્વ કાળ...' એમ અહીં એક શબ્દ આ છે. એનો અર્થ શું છે? કે, મૂળ 'अथ' શબ્દ પડ્યો છે ને એટલે કહે છે કે, મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વપણાનો નાશ કર્યો છે તેથી અશુદ્ધ પરિણતિ મટી છે એમ કહેવું છે મૂળ તો.

મિથ્યા એટલે? કે આ પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ મલિન છે એ હું છું એવી માન્યતા તેને મિથ્યાભ્રમ કહે છે. આહાહા..! આ શરીર, વાણી, મન તો જડ, માટી-ધૂળ છે પણ અંદરમાં ઊઠતા પુણ્ય ને પાપના વિકલ્પ... જરીક સૂક્ષ્મ વાત છે ભાઈ! એણે અનંતકાળમાં આત્માને જાણવાનો પ્રયત્ન કર્યો નથી. બધું મરી ગયો કરી કરીને રાગ ને દ્વેષ, ચોરાશીના અવતારમાં પરિભ્રમણ કરીને મરી ગયો, સૂકાઈ ગયો. ધર્મને નામે પણ અપવાસ ને ત્યાગ ને ક્રિયાકાંડ કરીને મરી ગયો. શુભરાગ થયો, પુણ્ય બંધાણું, આ સ્વર્ગ કે ધૂળના શેઠિયા થઈને પાછા ચાર ગતિમાં રખડ્યા.

ભગવાનઆત્મા આમ સત્... સત્... સત્... સત્... સત્... શાશ્વત સત્, એનું જ્ઞાન ને આનંદ એનું રૂપ એની અંદરમાં જે આ પુણ્ય-પાપની અવસ્થા દશામાં થાય છે એ વિકાર છે, દુઃખદાયક છે, અહિતકર છે, એ પરિભ્રમણનું મૂળિયું છે. એને મટાડીને એટલે કે મૂળથી મિથ્યાત્વ મટાડ્યું એટલે એ મટી ગયું છે. ભ્રમણા મટી ગઈ. હું જ્ઞાતાદૃષ્ટા ચિદાનંદ છું. એ પુણ્ય ને પાપની વૃત્તિઓ વિકૃત છે એ મારા મૂળ સ્વરૂપમાં નથી. સ્વરૂપમાં નથી, સ્વરૂપમાં મેલ અને મલિનતા છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'મૂળથી મટ્યો છે મિથ્યાત્વપરિણામ જેનો...' એટલે જેણે ભ્રમ ઉખેડી નાખ્યો છે. આહા..! આત્મા જ્ઞાનજ્યોત ચૈતન્ય બ્રહ્મ પ્રભુ! એની અંતરમાં દૃષ્ટિ કરીને પુણ્ય-પાપના મલિન પરિણામ તે હું એવો જે ભ્રમ-મિથ્યાત્વભાવ એ ચિદાનંદમૂર્તિ આત્મા હું એવા ભાન દ્વારા મિથ્યા ભ્રાન્તિને જેણે નાશ કરી. ત્યારે તેને ધર્મની શરૂઆત થાય છે. આહા..! 'જયંતિભાઈ'! ભારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મ ભાઈ! આ. સમજાણું કાંઈ ?

એટલે કહે છે કે, અશુદ્ધ પરિણતિ મટી એનું કારણ શું? એમ 'ઉપરાંત' ભલે શબ્દ લીધો. 'મૂળથી મટ્યો છે મિથ્યાત્વપરિણામ જેનો એવો હું...' કેમકે મારો ભ્રમ જ મટી ગયો છે. હું તો જ્ઞાન ચૈતન્ય-સૂર્ય અનાદિ અનંત, શાશ્વત અનંત ચૈતન્ય તત્ત્વ છું. સમજાણું કાંઈ? એવા અંતરના જ્ઞાયક ચૈતન્યના ભાન દ્વારા ચૈતન્યસૂર્ય દૃષ્ટિમાં પ્રકાશમાન આત્મા પ્રગટ્યો છે એથી પુણ્ય-પાપના (પરિણામમાં) મારાપણાનો ભ્રમ–મિથ્યાત્વનો નાશ કર્યો છે. સમજાણું કાંઈ?

'(મટ્યો છે) મિથ્યાત્વપરિણામ જેનો એવો હું...' એમ ધર્મી વિચારે છે. આહા..! 'चिन्मात्रम् आत्मानम् अवलम्बे'. જુઓ! હું તો 'चिन्' એટલે જ્ઞાનસ્વરૂપ આત્મા. ભગવાન 'चिन्' જ્ઞાન. 'चिन्' 'चिन्' એટલે જ્ઞાન. ચૈતન્યસૂર્ય પ્રકાશબિંબ, ચૈતન્યસૂર્યનું સ્વરૂપ એ હું. ચૈતન્યસૂર્ય જાણક સ્વભાવ ચૈતન્ય સત્ત્વ તે હું. એવો 'चिन्' ચિન્માત્ર, ચિન્માત્ર એટલે 'જ્ઞાનસ્વરૂપ જીવવસ્તુને...' દેખો! આ જીવવસ્તુને આમ કહીએ. આત્મા એને કહીએ. પેલા પુણ્ય-પાપના ભાવ ઉઠે એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. એ વિકૃતભાવ, દુઃખરૂપભાવ એ અનાદિનો ભ્રમણાને લઈને ઉત્પન્ન કરેલો ભાવ એ દુઃખદાયક છે. એથી ચિન્માત્ર જીવસ્વરૂપ છું. એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન એટલે આ અંદર સમજણનો પિંડ, ચૈતન્ય પુંજ, જ્ઞાન પુંજ. ચિન્મય જ્ઞાનસ્વરૂપ જીવ એ વસ્તુ.

'નિરંતર આસ્વાદું છું.' ઓહોહો..! શું કીધું? કે, અજ્ઞાનમાં હું જે પુણ્ય-પાપના અશુદ્ધ એવા ભાવને હું વેદતો હતો, સ્વાદતો હતો, અનુભવતો હતો. શુભ-અશુભભાવ વિકાર એને અનુભવતો હતો, વેદતો હતો, આસ્વાદતો હતો. હવે, હું એ મલિન પરિણામ એ નહિ, હું તો નિર્મળાનંદ પ્રભુ છું. એવી અંતર્મુખ દૃષ્ટિ થઈ અને આત્માનો જે આનંદ અંદરમાં છે એ પ્રગટરૂપે આનંદની વ્યક્તતા શક્તિમાંથી પ્રગટ થઈ એથી હું હવે આનંદને વેદું છું. આહાહા..! સમજાણું કાંઈ?

ચિન્માત્ર વસ્તુ નિરંતર આસ્વાદું છું. એટલે કે અનાદિકાળનો ભગવાન મારો સ્વભાવ જ્ઞાનાનંદને ભૂલી અને આ પુણ્ય-પાપના વિકલ્પોની વૃત્તિઓ ઉઠે તેને મેં મારા માન્યા, એનું વેદન અનાદિનું નિત્ય હતું. નિત્ય એટલે કાયમ, કાયમ. અજ્ઞાન... અજ્ઞાન... અજ્ઞાન... અજ્ઞાન... અજ્ઞાન..., રાગ-દ્વેષ... રાગ-દ્વેષ..., પુણ્ય-પાપ વિકલ્પ. હવે હું ગુલાંટ ખાઉં છું, હું તો ચિદાનંદ આત્મા છું. મારા સ્વરૂપમાં એ મલિનતાની ગંધ નથી. હું તો જ્ઞાનાનંદથી ભરેલો ભગવાન છું. એમ અંતરમાં દૃષ્ટિ થતાં જે જ્ઞાન અને આનંદસ્વરૂપ સત્વ છે એ પર્યાય એટલે અવસ્થામાં સમ્યગ્જ્ઞાન અને આનંદની દશા પ્રગટ થાય છે એને હું (વેદું છું). ધર્મી એમ કહે છે કે, હવે તો હું એને વેદું છું. હું જે અજ્ઞાનને વેદતો, અનુભવતો (હતો) હવે હું જ્ઞાન ને આનંદને વેદું છું. આહાહા..! 'રતિભાઈ'! આ ભારે ધર્મ, ભાઈ! લ્યો! આનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નામ ધર્મ. ધર્મ કોઈ બીજી ચીજ નથી. આ પૂજા-ભક્તિ કરી કે દયા-દાન, વ્રત, ભક્તિ કરી કે ધર્મ થઈ ગયો. 'ભીખાભાઈ'! શુભભાવ છે એક, પુણ્યભાવ છે. પાપના ભાવથી બચવાનો એક પુણ્યભાવ છે, ધર્મ નહિ.

ધર્મ તો 'वत्थु सहावो धम्मो'. વસ્તુ ભગવાનઆત્મા એનો સ્વભાવ તો પ્રકાશ, જ્ઞાન અને આનંદ છે. એનું અંતર્મુખમાં જે પુણ્ય-પાપની પરિણતિનું સ્વામીપણું છોડી સહજાત્મ સ્વરૂપ ચિદાનંદ સહજ ચૈતન્ય સ્વરૂપ, એનું સ્વામીપણું અંતર સ્વીકારી અને જે પર્યાય નામ અવસ્થામાં જ્ઞાનના પ્રકાશની પર્યાય, પ્રતીતની પર્યાય, શાંતિની પર્યાય, આનંદની પર્યાય (પ્રગટે) એને હું વેદું છું, એવો હું આત્મા છું. આહા..! સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વરૂપ જીવ એવી વસ્તુ. હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રકાશસૂર્ય-ચૈતન્યસૂર્ય, આખો ચૈતન્ય શક્તિનો સૂર્ય ચૈતન્ય, એવી જે હું વસ્તુ, એને હું આસ્વાદું છું. જ્ઞાનને અનુભવું છું. એનો અર્થ કે સાચી અતીન્દ્રિય શાંતિ ને આનંદના અંશને હું અનુભવું છું. આ એનું નામ ચારિત્ર કહેવાય છે. એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ બહારની ક્રિયાકાંડ, ટપકા (કર્યા), લુગડા છોડ્યા એ ક્રિયા ચારિત્ર નથી. ભારે વાત, ભાઈ! આ ચારિત્રની વ્યાખ્યા ઉપરાંત વાત આવી છે ને? આ ત્રણ આવી ગયું ને? પડિક્રમણું, આલોચના, પ્રત્યાખ્યાન.

ચરવું.. ચરવું. વસ્તુ જ્ઞાનાનંદમાં શુદ્ધ ચૈતન્યને દૃષ્ટિમાં લઈ અંદરમાં ચારિત્ર એટલે ચરવું, રમવું, થંભવું, જમવું અને અંતરની શાંતિને આનંદની વ્યક્તતા પ્રગટ કરીને અનુભવવું આ એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. આહા..! કહો, સમજાણું કાંઈ? અહીં તો ચારિત્ર મૂળાને હાટે વેચાય છે અત્યારે. બાવો થયો ને લુગડા ફેરવ્યા. આહા..! સસ્તો શું થયો, ધૂળ થયો.

અરે..! બાપુ! ચારિત્ર એટલે શું? વસ્તુ જ્ઞાનાનંદ પ્રભુ! એને પુણ્ય-પાપની વૃત્તિઓથી પાછો હટાવી, સ્વભાવમાં થંભાવી અને આ આત્મા હું પૂર્ણાનંદ એમ પ્રતીત ને ભાન કરી અને પછી એમાં ઠરવું, ચરવું એ આનંદનો ચારો ચરે આત્મા. આહાહા..! ભગવાન આનંદની મૂર્તિ આત્મા નિત્યાનંદ પ્રભુ આત્મા છે. શક્તિ એનું સત્ત્વ, એના ઉપર એકાગ્ર થઈને એની પર્યાયમાં, અવસ્થામાં, વર્તમાન દશામાં એ આનંદનું ચરવું આનંદને ચરે, વેદે, અનુભવે. આ ઘાસ ચરે છે કે નહિ ઢોર? એમ આત્મા આનંદને ચરે. આહાહા..! આ વળી કેવું? સમજાણું કાંઈ? આમ જમીનમાં ખાસ ઉગ્યા હોય તો આ ઢોર ચરે છે કે નહિ? ઢોર ચારો ચરવા ગયા એમ કહે છે. આ આત્મા અંદરમાં ચારો ચરવા ગયો, કહે છે.

ભગવાન નિત્યાનંદ પ્રભુ! એની સામું દૃષ્ટિ કરી અને એની રુચિ કરી અને એમાં સ્થિરતાના ચારા ચરે એને આનંદનો સ્વાદ આવે એને ભગવાન ચારિત્ર કહે છે અને એ ચારિત્ર મુક્તિનું કારણ છે. સમજાય છે કાંઈ? મુક્તિ એટલે પરમાનંદની પૂર્ણ પ્રાપ્તિ એનું નામ મુક્તિ. મુક્તિ કોઈ બીજી ચીજ નથી. આનંદમય ભગવાનઆત્માની દશામાં પૂર્ણ આનંદની,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અતીન્દ્રિય આનંદની પૂર્ણ પ્રાપ્તિ અંદરમાંથી થવી એનું નામ મુક્તિ. એના ઉપાય તરીકે આ ચારિત્ર છે, અહીં તો એમ કહે છે. આહાહા..! પેલા તો કહે, અરે..! ભાઈ! મીણને દાંતે લોઢાના ચણા ચાવવા. 'ભગવાનભાઈ'! એવું સાંભળ્યું છે કે નહિ? વેળુના કોળિયા ચાવવા, બાપા! ચારિત્ર બહુ આકરા છે. અરે..! ભગવાન તને ચારિત્રની ખબર નથી. ખાંડાની ધાર (જેવું ચારિત્ર છે એમ કહે). એટલે દુઃખરૂપ હશે ચારિત્ર? એવું સાંભળ્યું છે કે નહિ?

અહીં તો કહે છે, પ્રભુ! તું તો આનંદનો ઘન છે ને, ભાઈ! સચ્ચિદાનંદ સ્વરૂપ છો ને ! સત્ શાશ્વત, શાશ્વત એટલે અણકરાયેલો, અણનાશ થાય એવો. જ્ઞાનનો, આનંદનો કંદ એવો છો. એવા આનંદને અંતરમાં પ્રગટ કરી, અંતર્મુખ થઈને આનંદનું વેદન (આવે) એનું નામ ચારિત્ર (છે). એમાં તો શાંતિ ને સુખ છે, એમાં દુઃખ હોઈ શકે નહિ. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું નથી, વિચાર્યું નથી, એ તત્ત્વ સામું કોઈ દિ' જોવાનો પ્રયત્ન કર્યો નથી. ઘાણીના બળદની જેમ ફર્યા જ કર્યો. પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ..., દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, ક્રિયાકાંડ મરી ગયો કરી કરીને પણ તત્ત્વને જાણ્યું નહિ. સમજાણું કાંઈ?

એ કહે છે, હું તો 'નિરંતર આસ્વાદું છું.' મને તો આનંદ છે. આહાહા..! અમને તો આનંદ છે. આ (પૂછે ને) કેમ છે? ભાઈ! સુખ છે? સુખ-શાતા છે? એમ કહે છે કે નહિ? ધર્મીને કહે છે કે, ભાઈ! કેમ છે તમને? આનંદ છે. આ પ્રતિકૂળ પરિષહો પડે, ખાવા મળે નહિ, પીવા મળે નહિ, સૂવા મળે નહિ, જંગલમાં પડ્યા હોય. અમને આનંદ છે. અમે અમારા આનંદની શૈયા ચૈતન્ય ભગવાન, એમાં અમે પડ્યા છીએ, અમને આનંદ છે, અમને દુઃખ નથી. આહાહા..!

એ ઘાણીએ મુનિઓ પીલાતા હોય છે. અમને આનંદ છે. ઘાણીમાં અમે પીલાતા નથી. એ તો શરીરની ક્રિયાઓ છે, અમે તો અમારા આનંદમાં પડ્યા છીએ. આહાહા..! જુઓ! આ મુનિઓને આ સિંહણ ખાય છે. છે ને આ સિંહણ? પૂર્વભવની એની મા હતી. એને દુઃખ નથી. લોકોની દૃષ્ટિની ભૂલ છે કે, અરે..! એને દુઃખ છે, ભાઈ! તને ખબર નથી. એ દેહની ક્રિયા એના આત્માને અડતી નથી. આહાહા..! એના આત્મામાં અંદરમાં આનંદનો... આનંદનો... આનંદનો... સ્પર્શ થયો છે. એ આનંદના સ્પર્શે શીતળ છાયામાં આત્મા અંદર શાંત પડ્યો છે. એને દુઃખ નથી. બીજાઓ એમ (જોવે કે), અરે..રે..! મુનિઓને દુઃખ કેટલા! ભાઈ! તને આનંદની દશાવંત સંતોની ધર્માત્માની તને ખબર નથી. સમજાણું કાંઈ? તારી નજરુંમાં ચારિત્ર ને આનંદ શું હોય એની કિંમત આવી નથી. આહા..!

ગૃહસ્થાશ્રમમાં આત્માના ભાનવાળા ધર્મી જીવ હોય. નિર્ધન હો, વાંઢા હો, વાંજીયાં હો, ગરીબ હો, શરીર કાળામશ હો. અમને આનંદ છે. કારણ કે, એ ચીજમાં અમે નથી. અમે તો આનંદમૂર્તિમાં છીએ એવી દૃષ્ટિમાં અમને તો આનંદ છે. આ બધા પૈસા ને ધૂળવાળા કહે અમે સુખી છીએ દુઃખીના દાળિયા છો. કોણ કહે, સુખી છો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :- પૈસા છે માટે દુઃખી છે?

ઉત્તર :- પૈસા માટે (નહિ), એની મમતા માટે દુઃખી છે. પૈસા માટે દુઃખી નથી. આ મારા... આ મારા... આ મારા... આ મારા... એને મારા... મારા... માનવાનો જે અભિમાન ભાવ મમતા એ દુઃખ છે. આ જ્ઞાનાનંદી હું, જ્ઞાનાનંદી હું, જ્ઞાનાનંદી હું એવું અંતર પરિણમન, હોં! આહા..! પરિણમવું એટલે એ દશાનું થવું. હું જ્ઞાનાનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! શુદ્ધ આનંદનો કંદ આત્મા (છું). એવી અંતર દશા અનુભવની દૃષ્ટિ થતાં આનંદ છે, આનંદ છે. આહા..! કહો 'રતિભાઈ'! આ કઈ જાતના માપ હશે આ? અરે..! ભાઈ! આ ગજ જ જુદી જાતના છે.

'કેવી આસ્વાદું છું ?' 'विकारैः रहितं' જુઓ ! 'જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિથી રહિત...' હું તો આત્મા છું ને! જેમાં મારી દૃષ્ટિ પડી છે એ તો આત્મા છે. મારી દૃષ્ટિ પુણ્ય-પાપ ને શરીરમાં હુંપણાની રહી નથી. હુંપણાની દૃષ્ટિ જ્ઞાનાનંદમાં રહી છે. એથી હું વિકાર રહિત આત્મા છું. સમજાણું કાંઈ? એ..ઇ..! 'ચીમનભાઈ'! વિકાર એટલે પુણ્ય-પાપના વિકલ્પોની વૃત્તિઓ જે છે એનાથી રહિત. 'અશુદ્ધ પરિણતિથી રહિત છે એવી. કેવો છું હું? કેવો છું હું?' એમ. એ રીતે હું કેમ છું? એમ કહે છે. કે, 'शुद्धनयावलम्बी' હું તો શુદ્ધ જીવવસ્તુ છું. શુદ્ધનયના અવલંબનની વ્યાખ્યા છે આ. શુદ્ધનય એટલે જે જ્ઞાન આત્માને અવલંબે છે. પૂર્ણાનંદ પ્રભુ! એ વસ્તુ જ પોતે શુદ્ધનય અવલંબી એને કહેવામાં આવે છે. પુણ્ય-પાપને અવલંબે એ વ્યવહારનયે હેય છે. આહાહા..! એ ધર્મીના માર્ગ આનંદના જુદી જાતના છે. સમજાણું કાંઈ?

કહે છે, હું તો શુદ્ધ શુદ્ધ જીવવસ્તુ છું એનું આલંબન લઉં છું. ભગવાનઆત્મા દેહાદિ હોવા છતાં એ મારી ચીજમાં નથી. વિકલ્પો, વૃત્તિઓ ઉઠે છે છતાં એ મારી મૂળ ચીજમાં, દૃષ્ટિના (વિષયભૂત) મૂળ વસ્તુમાં નથી. હું મારા શુદ્ધ આત્માને અવલંબું છું. મારી દશાનો આધાર, મારી વર્તમાન દશાનો આધાર શુદ્ધ ધ્રુવ મેરુ આત્મા છે. શું કહે છે આ? એની ધારા, એની લાઈન કોઈ દિ' સમજી નહિ એટલે આ શું હશે આ તે આ? એ ભગવાનઆત્મા અંદર (જુદો છે). આ (શરીર) તો માટી, ધૂળ છે. રજકણ ઝીણી ધૂળ ને માટી અંદર ઝીણા કર્મ છે. એ ઝીણી ધૂળ છે, આ જાડી (ધૂળ છે). અને શુભ ને અશુભ રાગ ઉઠે છે એ મેલ, વિકાર છે. એના વિનાની ચીજને આત્મા કહેવામાં આવે છે. આહા..! એ આત્માને હું અવલંબું છું, એમ કહે છે. આ જન્મ-મરણના નાશનો ઉપાય છે, ભાઈ! સમજાણું કાંઈ?

હું તો શુદ્ધ જીવવસ્તુનું આલંબન લઉં છું. એ વ્યવહારનો વિકલ્પ ઉઠે એનું આલંબન મને નથી એમ કહે છે. ભાઈ! આહાહા..! વચ્ચે વૃત્તિ ભક્તિ, દયા, પૂજા, ભાવ, સ્મરણ આવે પણ એ શુભરાગ છે. એ શુભરાગ વસ્તુનું સ્વરૂપ નથી. એને હું અવલંબતો નથી. આહાહા..! ભારે કઠણ પડે છે માણસને. બિચારા ભણ્યા-ગણ્યા ઊંધા પડ્યા ગોથા ખાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભણી ભણીને ભણ્યા શાસ્ત્ર, પણ શાસ્ત્ર ભણીને કાઢ્યું શું તે? સમજાણું કાંઈ?

ચિદાનંદ ભગવાનઆત્મા ભરપૂર શાંત અને આનંદથી ભરેલો પદાર્થ, એનું અવલંબન લેવું એ વીતરાગ સર્વજ્ઞ શાસ્ત્રની આજ્ઞા છે. આહાહા..! વચ્ચે મૂર્તિ, પૂજા, ભક્તિ ભાવ આવે એ શુભરાગ છે. એના અવલંબે તું જાણ કે મારી ધર્મ દશા ને મુક્તિ થાય (તો એમ નથી). 'જયંતિભાઈ'! એ... 'નિહાલભાઈ'! જુઓ! અહીં તો અવલંબન લીધું. આહાહા..! મેડીએ ચડવામાં જેમ દાદરો અને દોરડું અવલંબન છે. મારો ભગવાન શુદ્ધ સ્વભાવની ધાતુ ચૈતન્યઘન એ મારી દૃષ્ટિ ને મારી દશાને આધાર છે. વર્તમાન મારી દશાનો આધાર એ ભગવાનઆત્મા છે. મારે અવલંબન મારા તત્ત્વનું છે. મારે અવલંબન કોઈનું, વિકલ્પ કે દેવ-ગુરુ-શાસ્ત્ર કહે ભગવાનની પ્રતિમા કે સાક્ષાત તીર્થંકર બિરાજતા હોય એનું મારે અવલંબન નથી. એ 'ભીખાભાઈ'!

મુમુક્ષુ :- તીર્થંકર ભગવાનની વાણી સાંભળતા તો આનંદ આવે છે.

ઉત્તર :- એ તો એ વાર્તા ચૈતન્યની એવી છે કે, જો રુચિપૂર્વક સાંભળે તો એમાંય આનંદ છે. આકુળતા ક્યાં છે એના ઘરમાં? અરે..! એણે પ્રેમ કરીને સાંભળ્યું છે કે દિ'? પાંચ હજારની પેદાશની વાત સાંભળે તો હુંકારો કરે અંદરથી. હેં? ક્યાં? ધૂળમાં હવે, સાંભળને. પણ આ તારો પરમાત્મા અંદર બિરાજે છે પૂર્ણાનંદનો નાથ, એની સામું જો, એને જો એ શું છે? આહાહા..! શું કહે છે આ? આ શું કહે છે? લ્યો! ભ્રમણામાં પડી જાય છે.

ભગવાન અંદર ચિદાનંદ નાથ છે. આહા..! જગતની સાધારણ ચીજને તું મહિમા આપે છો તો મહિમા જેને આપનારો એની મહિમા કેટલી છે? એ મહિમાવંત પ્રભુ! જેના ગાણા વાણી દ્વારા પૂરા પડે નહિ એવો છે ઇ. વચનાતીત, વિકલ્પાતીત, મનાતીત, દેહાતીત એવો ભગવાનઆત્મા, આ આત્મા, હોં ! એમ દરેક, એમ દરેકનો આત્મા. આહા..! શુદ્ધ જીવવસ્તુ, જેમાં અનંત શક્તિઓ વસેલી એવો ભગવાન એનું આલંબન લઉં છું. ઓહોહો..! એનું આલંબન લઉં છું. એ તો સમજાવે છે ને? આલંબન મારે એનું છે, એમ. લઉં છું, (એવો) અર્થ કરે છે. સમજાવવું છે ને!

વસ્તુમાં રાગાદિ કે શરીરાદિ હો પણ એ કાંઈ મારી ચીજમાં નથી. એનું અવલંબન મને નથી. ધર્મીજીવની દૃષ્ટિમાં ભગવાન ચિદાનંદ આત્મા પડ્યો એનું અવલંબન છે. 'મોક્ષમાર્ગ પ્રકાશકે' ઉપાડ્યું તે શુદ્ધોપયોગથી ધર્મ ઉપાડ્યો છે. ત્યારે (કોઈ કહે છે), શુભજોગથી મુનિપણું થાય. અરે..! ભગવાન! શું કર્યું આ તેં? શુભરાગ જે ઉઠે છે એ તો વિકલ્પ છે, રાગ છે, પુણ્યબંધનું કારણ છે. એમાં આત્માપણું ક્યાં આવ્યું? સમ્યગ્દર્શન ક્યાં આવ્યું? ને મુનિપણું એમાં ક્યાં આવ્યું? આહાહા..! જગતને ઊંધી માન્યતાએ અનાદિથી હેરાન કર્યા છે. મનુષ્યપણું પામ્યો ત્યારે વળી ક્યાંક ધર્મને બહાને આવ્યો, તો આવા લાકડા ઊંધા ગરી ગયા. હેરાન હેરાન થઈને ચાલ્યા ગયા. ભવ ભવ હેરાન થઈ ગયા. સમજાણું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાનઆત્મા દેહદેવળમાં ચૈતન્ય પ્રભુ મહાન બિરાજે છે. એ દેવળથી ભગવાનઆત્મા જુદો છે. આહા..! અને મહાન પદાર્થ છે. કહે છે, ધર્મીની દૃષ્ટિમાં તો એકલો આત્મા જ અવલંબનમાં વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? વળી પાછા કહે, આવી વાતું કરે, વળી પાછા મોટા મંદિરો (બંધાવે), વળી આ (કહે). ભાઈ! એ તો એને કાળે હોય છે, પ્રભુ! એ શુભભાવ હોય છે ત્યારે એનું લક્ષ ત્યાં જાય છે. શુભભાવ એ પુણ્યનું કારણ છે. જ્યારે સ્વરૂપમાં ઠરે નહિ ત્યારે પાપના ભાવથી બચવા એને શુભભાવ ભક્તિ આદિનો હોય છે પણ એટલા અવલંબનથી તું એમ માની લે કે, આત્માનો ધર્મ છે (તો એમ નથી). આહાહા..! કહો, 'પ્રવિણભાઈ'! નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં.. (બોલ્યા કરે). એ તો બધો વિકલ્પ છે, કહે છે. નામસ્મરણ પણ રાગ છે. એ અવલંબન ધર્મીને નથી. આહાહા..! એ..ઇ..! ભાઈ! તને આત્માની મહત્તાની ખબર નથી. એ ભગવાનઆત્મા ધર્મીની દૃષ્ટિમાં ભગવાન ચિદાનંદ પ્રભુ! એ અવલંબનરૂપ, આશ્રયરૂપ, આધારરૂપ વર્તે છે. એ તો આશ્રય તો 'भूयत्थमस्सिदो खलु' આહાહા..! એ વિવરણ છે. એ બધી શૈલી કરી હોય એને અનેક પ્રકારથી વર્ણવીને વાસ્તવિક સિદ્ધ કરવું હોય છે ને! સમજાણું?

'શું કરતો થકો એવો છું?' એવો છું, એમ કહે છે પાછું. હું તો શુદ્ધ જીવ ભગવાન પૂર્ણ આનંદનું સ્વરૂપ એવો આત્મા એનો જ મને અંતર આશ્રય અવલંબન છે. 'એવો છું...' એમ પાછું. 'અવલંબું છું - એવો છું.' એવો હું છું. અંદરમાં રાગાદિ, શરીરાદિના નિમિત્ત ને અવલંબન લઈ રહ્યો છું એવો હું નથી. જો આવું શીખવું હોય તો કાંઈ હેડમાસ્તરમાં આવતું હશે ને? તમારી નિશાળમાં આવે? નહિ? આહા..! અરે..! આ વાડાને પણ જ્યાં ખબર નથી, શું થાય? ક્યાંનું ક્યાં (લગાડે). બિચારાને માંડ આવો મનુષ્યદેહ મળ્યો. આહાહા..!

કાલે જોયું, પાંસળી કરીને પછી આમ ને આમ સુવું પડે પંદર પંદર દિ'. ગજબ વાત છે. કારણ કે પાંસળી તુટી હોય ને સાંધા માર્યા હોય તો આમેય ન થાય, આમ પણ ન થાય. આંખવાળાને તો હજી છ કલાક જ રહે. એ પણ પગ ઊંચો-નીચો કરી શકે. છ ક્લાકે પછી વળી આમ ફેરવે. આને તો કોણ જાણે (શું થયું), કાલે એને લઈને રાડ નાખી ગયો બિચારો, હોં! અરે..! પ્રભુ! આહાહા..! તેર તેર દિ' થયા. પાંસળુ કાપ્યું હશે અંદર અને અંદર પેલા (ટાંકા) માર્યા હશે. ડૉકટર કહે, ફરાય નહિ, હોં! જરી આમેય ન થાય. ટાંકો તૂટ્યો તો પછી થઈ રહ્યું. હાય.. હાય! અને દૃષ્ટિ દેહ ઉપર હોય. આત્મા કોણ છે એની તો ખબર નથી. આમ ને આમ રહેજો, હોં! આમ ને આમ રહેજો. કેટલા વખત? અમે કહીએ ત્યાં સુધી. જ્યાં સુધી દોરા પાકા થઈને તોડવા યોગ્ય ન થાય ત્યાં સુધી આમ ફરશો નહિ, હોં! ફર્યું તો ફરીને પાછા ટાંકા દેવા મુશ્કેલ પડશે. હાય.. હાય! પંદર દિ' સુધી આમ પડ્યો રહ્યો. કાલે તો હજી જોયું. રાડ નાખે, રાડ. હોં! આખું કુટુંબ ભેગું થઈ ગયું. ઇસ્પિતાલમાં કાલે ગયા હતા. રાડ નાખે, પેલા રોવે, એ રોવે. અરે..! ભગવાન ક્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરણ છે? બાપા! કોને પોકાર કરે છે? ચિદાનંદનો પાસલો અંદર પડ્યો મોટો. એ ચિદાનંદની શીલા પડી છે. આહાહા..! આમ એકાગ્ર થઈને ન્યાં સુવા જા. ન્યાં જઈને હલ નહિ. ભગવાનઆત્મા એવી દષ્ટિને ત્યાં થંભાવ (કે) હલે નહિ. ત્યારે એને શાંતિ ને આનંદ આવ્યા વિના રહે નહિ. આહા..!

કહે છે, શું કરતો થકો એવો છું? 'इत्येवम् समस्तम् कर्म अपास्य' 'પૂર્વોક્ત પ્રકારે જેટલાં છે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ,...' જડ આઠ કર્મ છે ને? એનાથી પણ રહિત અને 'રાગાદિ ભાવકર્મ,...' વિકાર, મેલ, શુભ-અશુભ રાગ. 'તેમને જીવથી ભિન્ન જાણીને...' ભગવાનઆત્માથી ચૈતન્યના તેજ આગળ એ રાગ અને કર્મ આદિ ભિન્ન છે. ચૈતન્યના પ્રકાશના નૂરમાં એ રાગાદિ, કર્મ આદિ નથી. એ રાગાદિ કર્મને મારા ચૈતન્યના પ્રકાશમાં રહેતો એને ભિન્ન કરતો (રહું છું). એ ભિન્ન કરતો એટલે ભિન્ન થઈ જાય છે. સ્વભાવ ચૈતન્યની સામું અંતર જોતાં એમાં એકાકાર થતાં આ રાગાદિ કર્મને ભિન્ન કરતો એમ કહેવામાં આવ્યું છે. એનો અર્થ કે, 'સ્વીકારનો ત્યાગ કરીને' એમ. હું શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદનો સ્વીકાર કરતો, અવલંબતો અંદરમાં પુણ્ય-પાપની વૃત્તિ અને જડ કર્મ, જેને નસીબ કહે છે એને હું સ્વીકારતો નથી, હું મારા સ્વરૂપમાં એ સ્વીકારતો નથી. આહાહા..! જુઓ! આ ધર્મીની દષ્ટિ. અરે! આહા..!

આ હું મારા ચૈતન્ય શુદ્ધ સ્વભાવને સ્વીકારતો, અવલંબતો પુણ્ય-પાપના વિકલ્પ અને કર્મને નહિ સ્વીકારતો, નહિ અવલંબતો એને હું છોડું છું. 'ભિન્ન જાણીને - સ્વીકારનો ત્યાગ કરીને.' એમ. ભિન્ન જાણીનેની વ્યાખ્યા કરી, હોં! જીવથી ભિન્ન જાણીને. 'अपास्य' છે ને? 'अपास्य' એટલે છોડું છું, નાશ કરું છું પણ એનો અર્થ એ કે 'તેમને જીવથી ભિન્ન જાણીને - સ્વીકારનો ત્યાગ...' મારા શુદ્ધ ચૈતન્યના અંતર અવલંબનમાં એ રાગની વૃત્તિઓ જે દયા, દાન વૃત્તિ ઉઠે છે એનો મારા અંતર સ્વભાવમાં સ્વીકાર નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'પ્રવિણભાઈ'! ભારે વાતું આ! ભાઈ! આ તો અનંતકાળમાં રખડ્યા જન્મ-મરણમાં રઝળ્યા, એને મુકાવાનો આ ઉપાય છે, પ્રભુ! બાકી કાંઈ લાલા-પેથા કર્યે કાંઈ મળે એવું નથી. બે, પાંચ કરોડ રૂપિયા દાન કરી દે તો ધર્મ થઈ જાય. મરી જાય તોય ધર્મ ન થાય. દાન–પૈસા ક્યાં તારા બાપના હતા, એ તો જડ છે સમજાણું કાંઈ? થોડાક દયા-દાનના ભાવ કરે એ તો પુણ્ય છે, શુભભાવ છે. 'શશીભાઈ'! આહા..!

ઇ તો 'નરસીંહ મહેતા'એ ન કહ્યું? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' શું કર્યું તીર્થ ને તપ કરવાથી? મીંડાં છે તારા, સાંભળને! તીરથ ને તપ ને ભજન ને ભક્તિ... આહાહા..! એ બધા મિંડા. ભગવાનઆત્મામાં એ નથી એવો આ આત્મા છે.

જેટલા કર્મ છે, જેટલો વિકાર છે (એનો) સ્વીકાર નહિ. વિકારનો સ્વીકાર નહિ, સ્વભાવનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વીકાર. અસ્તિ તો સિદ્ધ કરી. વિકાર છે ખરો, ન હોય તો એને આનંદ હોય. દશામાં વિકાર ન હોય તો અતીન્દ્રિય આનંદ પ્રભુના આનંદનું વેદન જોઈએ. એ આનંદ નથી એટલે દુઃખ તો વિકાર તો છે પણ એ ક્ષણિક છે અને મારું સ્વરૂપ ત્રિકાળી આનંદ છે. એવા ત્રિકાળી આનંદને સ્વીકારતો વિકારને સ્વીકારતો નથી. આહા..! સમજાણું કાંઈ આમાં? ભારે વાતું, ભાઈ!

આવો ધર્મ! આવા બધા સાધારણ સમાજને માટે આવો ધર્મ? ભાઈ! આત્મા માટે આવો ધર્મ છે. સમજાણું કાંઈ? બીજી વાટે ચડાવી દીધા હોય તો ઊંધે રસ્તે જાય છે ઇ. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' બીજો માર્ગ હોઈ શકે નહિ. આહાહા..! 'ટોડરમલે' નથી લખ્યું? કે, અધ્યાત્મરસના આસ્વાદિ હોય એ જૈનમાર્ગના રહસ્યના જાણનાર, એ સત્ય વાત કહી શકે. પ્રરૂપકમાં કીધું છે ને? શું કહેવાય? ઉપદેશક.. વક્તા, વક્તા.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં વક્તાની વ્યાખ્યામાં લીધું છે. અહો! ભગવાનઆત્મા એટલા જ ક્ષેત્રમાં અનંત ગુણનો પિંડ પ્રભુ! એના અનુભવના સ્વાદના રહસ્ય ધર્મ વિના એ વક્તા થાય તો કાંઈકનું કાંઈક ભરડી નાખે. આહાહા..! સમજાણું કાંઈ? એમ લીધું છે, હોં! બધી વિદ્યામાં અધ્યાત્મવિદ્યા મુખ્ય છે. એક એવું છે. 'પોતાના સ્વરૂપનું યથાર્થ અનુભવન જેને ન થયું હોય તે પુરુષ જૈનધર્મના મર્મને ન જાણતાં માત્ર પદ્ધતિ દ્વારા વક્તા થાય છે, તો તેનાથી અધ્યાત્મરસમય સાચા જૈનધર્મનું સ્વરૂપ...' જુઓ! અધ્યાત્મરસમય સાચા જૈનધર્મ. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. વસ્તુ વીતરાગ આનંદમય પ્રભુ આત્માનું અંતર ભાન કરીને પ્રગટ કરવું એનું નામ જૈનધર્મ છે. જૈન કોઈ સંપ્રદાય વાડાની ચીજ નથી.

આત્મા ભગવાન વીતરાગ આનંદ નિર્દોષ કંદ છે એવો જે જૈનધર્મ એટલે આત્માનું સ્વરૂપ એ અધ્યાત્મરસમય સાચો જૈનધર્મ સ્વરૂપ. જોયું? તે 'કેવી રીતે પ્રગટ થાય?' આહાહા..! શું થાય? સમજાય છે કાંઈ? આત્મા તદ્દન નિર્દોષ પરમાત્મસ્વરૂપ જ છે એનું અંદર. એમાં વિકલ્પથી રહિત, રાગથી રહિત આત્માના ભાન વિના એ ધર્મની કથની કરે તો કાંઈક ને કાંઈક ધર્મ મનાવી દેશે ઇ. કાં દયા, દાન, ભક્તિ, વ્રતમાં મનાવી દેશે ને આખો એનો અવતાર એળે ચાલ્યો જાશે. સમજાણું કાંઈ?

હવે, આવી વાત લખનારને અપ્રમાણિક ઠરાવે છે, લ્યો! ભગવાન.. ભગવાન શું થાય? આ કલ્પના પણ આ બહારમાં તો લોકોને એમ કે, નહિ. આવું જોઈએ. એમને તો 'ધવલ' ગ્રંથ દેખવાને મળ્યા હતા. એણે પોતે લખ્યું છું અમને દર્શનમાત્ર હતા. અમને તો એના જાણપણાના જ્ઞાન થયા. ભાઈ! તને પચ્યા નથી, બાપા! એ શું કહે છે? ભાઈ! એ બધા શાસ્ત્રમાં કહેવાનું તો વીતરાગપણાનો સ્વભાવ, નિર્દોષ ભગવાન સ્વભાવ, એને નિર્દોષપણે પ્રગટ કરવો એ બધું શાસ્ત્રને કહેવું છે. લાખ શાસ્ત્ર હોય કે કરોડ શાસ્ત્ર હોય, લે! ચિદાનંદ પ્રભુ નિત્યાનંદનો નાથ, એને અંતર્મુખ થઈને શક્તિમાંથી નિર્દોષ દશા પ્રગટ કરવી એ બધા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્રને કહેવું (છે). એ જો ન સમજ તો બધા મીંડા છે કહે છે. તારા શાસ્ત્રના ને 'કાશી'માં ભણ્યો કે ફલાણા બ્રહ્માંડમાં ભણ્યો હોય, લે! સમજાણું કાંઈ? એ 'જયધવલ' ને 'મહાધવલ'ની ટીકા ભણ્યો હોય. બાપુ! એ ટીકા તું સમજ્યો નથી, હોં! આહા..!

(અહીંયાં) કહે છે, અમારે તો ધર્મ દૃષ્ટિમાં ધર્મી એવો ભગવાનઆત્મા અમારી દૃષ્ટિમાં અવલંબન છે, અમારે રાગ અને કર્મનો સ્વીકાર જ નથી. શુભ પરિણામનો સ્વીકાર નથી. ત્યાં ઇ કહે છે, શુભ પરિણામ એ ધર્મ. પ્રભુ! શું થાય? આમાંથી લખ્યું છે ને? પરંપરા ખોટા અર્થ ફેલાવ્યા, એને હવે ખોટા કાઢનારા નીકળ્યા, નહિ ચાલે હવે, એમ કરીને લખે છે. આનો આધાર આપે. વાહ.. રે..! બલિહારી છે ને પ્રભુની પણ!

'કેવું છે રાગાદિ કર્મ?' જુઓ! આવ્યું ને? ત્રિકાળીની વાત. ત્રિકાળીક છે. સમજાણું? ભૂત – ગયા કાળનું પ્રતિક્રમણ આવ્યું હતું ને? વર્તમાન કાળનું સંવર ને આવતા કાળના પચખાણ. એટલે શું પણ? પ્રતિક્રમણ એટલે શું? આ પડિકમણું બોલી જવું, આ પડિકમણું મિચ્છામી દુક્કડમ.. એમ નહિ. ગયા કાળના પુણ્ય ને પાપના ભાવથી પ્રતિ નામ પાછો હટું છું અને મારા આનંદ સ્વરૂપમાં આવું છું એનું નામ પ્રતિક્રમણ છે. 'જ્યંતિભાઈ'! કેટલા પ્રતિક્રમણ કરી નાખ્યા છે અત્યાર સુધી થોથા? 'ભગવાનભાઈ'! એ આ ત્રણકાળનું (કહે છે).

અરે..! ગયા કાળમાં ભગવાનને ભૂલી, આત્મા ભગવાન સચ્ચિદાનંદ મારા મૂળ સ્વરૂપને ભૂલી અને શુભ ને અશુભભાવ જે દયા, દાન, વ્રત, કામ, ક્રોધના હતા એ છૂટી ગયા, એ મારી ચીજ નહિ. હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છું એમ અંતરના અનુભવમાં, વર્તમાનમાં આવવું એને ગયા કાળના પુણ્ય-પાપના દોષનું પ્રતિક્રમણ કર્યું એમ કહેવામાં આવે છે. પ્રતિક્રમણ– પાછો હટ્યો ત્યારે ક્યાંય ગયો ખરો કે નહિ? ક્યાં પ્રતિક્રમ કર્યું આમ? એ ગયો ક્યાં? અખંડાનંદ પ્રભુ આત્મામાં ઠર્યો ત્યારે રાગનું પ્રતિક્રમણ થઈ ગયું. આહાહા..! સાંજ-સવારમાં એ પડિકમણું કરી આવ્યા.

કહે છે, અતીતનું પ્રતિક્રમણ એને કહીએ. અનાગતનું–ભવિષ્યમાં શુભ અને અશુભ રાગને હું નહિ કરું, નહિ કરાવું, કર્તાને નહિ સંમત થાઉં. મારો વીતરાગ નિર્દોષ આત્મસ્વભાવ, એમાં હું ઠરું છું, ઠરીને ભવિષ્યના પુણ્ય-પાપને નહિ કરું એનું નામ પ્રત્યાખ્યાન અથવા પચ્ચખાણ કહેવામાં આવે છે. ભાષાનું–વાચકનું વાચ્ય શું છે એની ખબર નહિ ને પચ્ચખાણ કર્યા. પચ્ચખાણ છે. શેના પણ પચ્ચખાણ? સમજ્યો છો કાંઈ?

મુમુક્ષુ :– ... ગુરુ આપે.

ઉત્તર :– ગુરુ શું આપી દે? ક્યાં આપી દે? એની પાસે છે એના પચ્ચખાણ–એની દશા? ગુરુ પાસે છે એની દશા? એનો આત્મા તો એની પાસે છે.

અહીં કહે છે કે અનાગત–ભવિષ્યના પ્રત્યાખ્યાન. હું આજથી ભવિષ્યમાં જે કાંઈ પુણ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાપના ભાવ શુભ-અશુભભાવ છોડું છું. હું કરતો નથી, કરાવતો નથી ને ભવિષ્યમાં કરતા હોય એને હું સંમત થવાનો નથી. એમાં તો એમ આવ્યું હતું, હું એને આનંદ માનતો નથી. એમ આવ્યું હતું ને? અનુમોદનની વ્યાખ્યા એવી કરી છે. સમજાણું કાંઈ?

એ 'તેમાં હું સુખ માનતો નથી..' એ ૨૧૫ પાને વચમાં છે. જુઓ! 'न करोमि न'. વર્તમાન કાળની અપેક્ષામાં આલોચનામાં (છે). આલોચનામાં. 'જે કોઈ જીવ તેમાં હું સુખ માનતો નથી..' 'પોતાથી સહજ અશુદ્ધપણારૂપ પરિણમે છે જે કોઈ જીવ તેમાં હું સુખ માનતો નથી,...' વર્તમાન કાળ છે ને? કોઈપણ વર્તમાનમાં શુભ અને અશુભ રાગાદિ પુણ્ય-પાપનો ભાવ કરે, એની મેળાએ મારા કર્યા, કરાવ્યા વિના (કરે) તો હું સંમત નથી. કારણ કે, એ ભાવ દુઃખરૂપ છે, એમાં હું સુખરૂપ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'જંયતિભાઈ'! શુભ-અશુભભાવ કરે એને હું સંમત નથી થતો. કેમકે એ દુઃખરૂપ છે. આકુળતા વિકલ્પની લાગણી છે. ભગવાનઆત્માના આનંદથી વિરુદ્ધ વૃત્તિઓ છે ઇ. સમજાણું કાંઈ? હું સંમત નથી થતો એટલે હું સુખ માનતો નથી. આહા..! શુભ-અશુભ લાગણીઓ ઉઠે એમાં હું સુખ માનતો નથી, એમ બીજાને ઉઠે એમાંય હું સુખ માનતો નથી. તેં ઠીક કર્યું, હોં! ના. શુભરાગ છે એ પણ દુઃખરૂપ છે. આહા..! સમજાણું કાંઈ?

કહે છે, અનાગતના અને વર્તમાન કાળ. ત્રણે કાળ છે. હું એક જ્ઞાનાનંદ પ્રભુ, એમાં અંતરમાં દૃષ્ટિ રાખીને થંભતો, આનંદને વેદતો ગયા કાળના રાગ પુણ્ય-પાપમાંથી નિવૃત્યો છું, ભવિષ્યનો મારે એનો ત્યાગ છે એટલે કે મારે હવે કરવા નથી અને વર્તમાનમાં પુણ્ય-પાપના ભાવથી હટી ગયો છું. હું શુદ્ધ આનંદકંદમાં રહું છું. એનું નામ ગયા કાળનું પડિકમણું, વર્તમાનકાળનો સંવર, આલોચના અને આવતા કાળના પચ્ચખાણ. આરે.. આરે...! વ્યાખ્યા ભારે આકરી. કહો, માસ્તર! આ તો બધા શું લઈને બેઠા. આહાહા..!

'કેવું છે રાગાદિ કર્મ?' કે, 'त्रैकालिकं' ત્રણ કાળ સંબંધી એમ કીધું. છે ને? કેવા છે રાગાદિ પુણ્ય-પાપના વિકલ્પો? એ દયા, દાન, ભક્તિનો વિકલ્પ પણ શુભરાગ. હિંસા, જૂઠું, ચોરીનો ભાવ એ રાગ, વિકાર અશુભ. પેલો શુભ ને પેલો અશુભ. ત્રણકાળના રાગ, પુણ્ય-પાપના ભાવથી હું નિવર્ત્યો છું.

અનશન ક્યાં? અંદરમાં આનંદમાં ઠરવું એનું નામ અનશન છે. લૌકિકમાં કરે ક્યાં અનશન હતા.

મુમુક્ષુ :- આહાર-પાણીનો ત્યાગ કરે..

ઉત્તર :- આહાર, પાણી (છોડે), ત્યાગ કોનો પણ? આહાર, પાણી જડ છે. કે દિ' આત્મામાં ગરી ગયા હતા? માને છે કે, મેં છોડ્યા. એ મિથ્યાત્વભાવ છે. ભગવાનઆત્મા જ્ઞાતાદૃષ્ટા ચિદાનંદસ્વરૂપ છે. એને એ રજકણોનો આહાર મેં છોડ્યો, તો શું અંદર ગ્રહ્યો હતો? અરૂપી ભગવાન જ્ઞાનઘનમાં જડ શરીરના આહાર-પાણી હતા કે દિ' અંદરમાં? એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઠેકાણે એમ માને કે, હું છોડું છું. એટલે એનો અર્થ કે, મેં ગ્રહ્યા હતાં. એવો જ મિથ્યાત્વભાવ છે. રાગ-દ્વેષના, પુણ્ય-પાપના પરિણામ જે અસ્થિરતાના હતા એને છોડું છું એ તો કથન શૈલી છે. હું અખંડાનંદ પ્રભુ આત્મામાં લીન થાઉં છું, આનંદનો આશ્રય લઈને રમું છું એમાં એ રાગ-દ્વેષ છૂટી જાય છે, એને છોડ્યા એમ કહેવામાં આવે છે. હવે, આહાર-પાણી તો ક્યાંય રહી ગયા ધૂળમાં. અરે..રે..! સમજાણું કાંઈ? તે સંથારા તો આનંદમાં ઝૂલતા (હોય) એને સંથારા કહેવાય. અરે..રે..! મારે સહન કરવું પડશે.

મુમુક્ષુ :– પાંચમાં આરામાં આવું હોય?

ઉત્તર :– હા, એક જણો પૂછતો હતો બિચારો, હોં! એક જણો પૂછતો હતો. મહારાજ! આ પાંચમા આરાના સમાધિમરણ તરફડીયા મરીને કરતા હશે એવું હશે કાંઈ? કારણ કે જેટલા દેખ્યા હોય એ બધા હઠ લઈને ત્યાગ કર્યા હોય, ભાન આત્માનું (હોય નહિ). પછી મરવા વખતે પરાણે લેવું તો પડે કે, હવે, છોડો ભાઈ. અને પછી સહન થાય નહિ એટલે ટાંગા આમ આમ થાય અને મરે. એ તે કાંઈ મરણ કહેવાય? એમ બિચારો પૂછતો હતો. મહારાજ! આ પાંચમા આરાના સમાધિમરણ તરફડીને મરે એવા હશે? એ..ઇ..! 'ન્યાલભાઈ'! બાપુ! એ સમાધિ ન કહેવાય. શાંતિ આત્મામાં શાંત.. શાંત.. શીલા જેમ બરફની પડી હોય ને સુતો હોય ને ઠંડી લાગે એમ ભગવાન જ્ઞાનાનંદ શીતળ... શીતળ... શીતળ... ઠંડો સ્વભાવ ભગવાનઆત્માનું નિર્દોષ વીતરાગી સ્વરૂપ છે, એમાં ઠરતા જે આનંદ આવે એનું નામ મરણ છે. એ આનંદમાં રહેતા દેહ છૂટી જાય. એનું નામ સમાધિમરણ કહેવાય. પેલા તો હઠના બાળમરણ કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? જે હોય તે મરતા જોયા હોય. સાધુ નગ્ન હોય, વસ્ત્રધારી... ઓલા શું કહેવાય? બ્રહ્મચારી હોય. તત્ત્વ દૃષ્ટિ શું છે એની તો ખબર નથી. આ ક્રિયાકાંડમાં બધું માન્યું હોય. હવે, એ મરતા વસ્તુની તો ખબર નથી, ત્યાં દૃષ્ટિ ગઈ નથી. એને સમાધિ ન કહેવાય, ભાઈ!

અહો ધર્માત્મા તો અંતરના આનંદમાં, અતીન્દ્રિય આનંદના ઓડકારના અનુભવ કરતા દેહ છૂટી જાય છે. એને જન્મ-મરણના અંત ફેરા ટળી જાય છે. એને સમાધિ મરણ કહેવામાં આવે છે. કહે છે કે ત્રણે કાળ સંબંધી વિકારથી રહિત મારા સ્વરૂપને અવલંબીને ત્રણે કાળના રાગને છોડું છું. સ્વીકાર (કરતો નથી) એટલે આમ જતાં સ્વીકારતો નથી એને હું છોડું છું એમ કહેવામાં આવે છે. આ એનું નામ ચારિત્ર ને એનું નામ મુક્તિનો માર્ગ અને એનું નામ શાંતિના રસ્તે ચડેલો આત્મા એ મોક્ષને પંથે છે એમ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કારતક વદ ૧૪, સોમવાર તા. ૨૨-૧૧-૧૯૬૫.**
**કળશ-૨૩૦ પ્રવચન-૨૪૭**

'સમયસાર કળશ' ૩૮મો કળશ. ૩૭ (કળશ) પૂરા થયા, લ્યો! જુઓ! એમાં શું આવ્યું? માથે ૩૭ સુધી ત્રણ અધિકાર આવ્યા ને? ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાન કાળની આલોચના એટલે સંવર અને ભવિષ્યના પ્રત્યાખ્યાન. એટલે કે આ આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એમ અંતર અનુભવ કરી સમ્યગ્દર્શન પ્રગટ કરી અને સમ્યગ્જ્ઞાન સાથે પ્રગટ ભેદજ્ઞાન કરી અને સ્વરૂપના આચરણરૂપ સ્થિરતાનો અંશ પણ પ્રગટ છે. એ કાળમાં કોઈ પણ પુણ્ય-પાપના વિકલ્પો કરવા એવું તો દૃષ્ટિ અને જ્ઞાનમાં હોતું નથી. ગયા કાળના પુણ્ય-પાપ, વર્તમાનના પુણ્ય-પાપ કે ભવિષ્યના (પુણ્ય-પાપ) એ કરવા જેવું છે એવું તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં પણ હોતું નથી. એટલે કે સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની કે પાંચમાં અને છઠ્ઠા ગુણસ્થાન સુધી શ્રદ્ધા ને જ્ઞાનમાં તો કોઈ પણ પ્રકારનો વિકલ્પ કરવા જેવો છે, કરાવવા જેવો સંમત છે એ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? પછી આત્માની શુદ્ધોપયોગની ચિંતવના એકાગ્રતા કરવા માગે છે ત્યારે ત્યાં આગળ એ વિકલ્પની અસ્થિરતા પણ છૂટી જાય છે. એને અહીંયાં ગયા કાળના પ્રતિક્રમણ, વર્તમાનની આલોચના-સંવર ને ભવિષ્યના પચ્ચખાણરૂપી સ્થિરતા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ આમાં?

બે બોલ લેવા છે - કર્મચેતના ને કર્મફળચેતના. કર્મચેતના એટલે કે શુભ-અશુભ વિકારનું કરવું એનું નામ કર્મચેતના. એ કર્મચેતના સમ્યગ્દૃષ્ટિ ને સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી કર્મચેતના કરવા જેવી છે એ દૃષ્ટિ તો હોતી નથી. સમજાણું કાંઈ? પછી ગયા કાળનો ભાવ હો, વર્તમાનનો હો કે ભવિષ્યનો (હો) કોઈ પણ પુણ્ય ને પાપનો વિકલ્પ, રાગ કરવા જેવો છે એવું તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન(માં હોતું નથી). આત્મા સહજાત્મ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટાના ભાનમાં શ્રદ્ધા-જ્ઞાનમાં તો એ જ વર્તતું હોય છે. કોઈ રાગ કરવા જેવો નથી. વ્રતનો વિકલ્પ ઉઠે એ પણ કરવા જેવો નથી. પણ અસ્થિરતાને કારણે જે કાંઈ શુભ-અશુભભાવ હતા હવે, એ શુદ્ધોપયોગમાં એકાગ્ર થવામાં મંથનમાં એ ભાવ પણ મારા પૂર્વના ન હો, અત્યારે ન હો ને ભવિષ્યના ન હો, એમ કરીને સ્થિરતાનો અભ્યાસ કરે છે. સમજાણું કાંઈ આમાં? આ એક કર્મચેતનાની વ્યાખ્યાની આટલી વ્યાખ્યા છે.

હવે, કર્મફળચેતના આવશે. કર્મચેતના ને કર્મફળચેતના શું હશે? જડનું ચેતવું ને જડનું ભોગવવું એવું હશે? કર્મ શબ્દ આવ્યો કે નહિ એમાં? ત્યારે શું આવ્યું કર્મચેતનામાં? 'ધર્મચંદજી'!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ-દ્વેષ, શુભ-અશુભ, દયા-દાન, વ્રત આદિના પરિણામ કે હિંસા, જૂઠું આદિના ભાવ, એને રાગની એકતાની અપેક્ષાએ તેને કર્મચેતના (કહે છે). વિકારી કાર્યનું ચેતવું તેને કર્મચેતના કહે છે. અને જ્ઞાનચેતના (અર્થાત્) આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શુદ્ધ છે એમાં એકાકાર થવું એવી દશાને જ્ઞાનચેતના કહે છે. એટલે આત્માની પ્રથમ દશા જ્ઞાનચેતના પ્રગટ કરીને ચોથે, પાંચમે, છટ્ઠે ગુણસ્થાનમાં એ કર્મચેતના કરવા જેવી, કરાવવા જેવી સંમત છે એ દૃષ્ટિ અને જ્ઞાનમાં તો હોતું નથી. સમજાણું કાંઈ?

ફક્ત જે અસ્થિરતાના ભાવ હતા એને (છોડવા) આત્માના સ્વરૂપના સન્મુખની એકાગ્રતાનો અભ્યાસ સાતમા ગુણસ્થાને શરૂ થાય છે. સમજાય છે કાંઈ? એ અભ્યાસમાં ગયા કાળના વિકલ્પો પ્રતિક્રમણમાં નહિ કરેલાના એનાથી પાછો હટી સ્વરૂપનો અભ્યાસ, સ્વરૂપની સ્થિરતા કરે છે. એને અહીંયાં ચારિત્રનો વૈભવ કહે છે. એ ચારિત્રનો એ વૈભવ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનનો વૈભવ તો પહેલો પ્રગટ્યો છે. આ વૈભવ કેવો?

સમ્યગ્દર્શન ને જ્ઞાનનો વૈભવ – ભગવાનઆત્મા ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદ છું, પરમાનંદની મૂર્તિ છું એવું અંતરમાં જ્ઞાનનું ભાન કરીને પ્રતીત થવી અને એનું ભેદજ્ઞાન– રાગથી ભિન્ન થવું એવો જ્ઞાન ને દર્શનનો વૈભવ તો ચોથે, પાંચમે, છટ્ઠે ગુણસ્થાને પ્રગટેલો હોય છે. એ વૈભવથી જ કોઈ રાગ કરવા જેવો નથી, કરાવવા જેવો નથી, સંમત નથી એવી દૃષ્ટિ અને જ્ઞાન તો હોય છે. હવે, અહીંયાં તો ચારિત્ર વૈભવની સ્થિરતાની વિશેષની વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન જેવો જાણ્યો છે અને માન્યો હતો, અનુભવમાં આવ્યો હતો એવો એના સન્મુખમાં સ્થિરતા(નો અભ્યાસ કરે છે). સ્થિરતા નામ રમણતા, રમણતા નામ અતીન્દ્રિય આનંદની વિશેષ શક્તિની વ્યક્તતાનો અનુભવ, એવા અભ્યાસમાં ગયા કાળનો કે વર્તમાનનો, ભવિષ્યનો કોઈ વિકલ્પ મારા સ્વરૂપમાં છે નહિ. એવી સ્થિરતાનો અભ્યાસ, એને ચારિત્રનો અભ્યાસ, શુદ્ધોપયોગનો અભ્યાસ, ચારિત્ર વૈભવની દશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો, એ વાત થઈ ૩૭ સુધી.

હવે, ૩૮માં પૂર્વે જે કોઈ અજ્ઞાનભાવે વિકાર થયેલો ને જે કર્મ બંધાયેલા પડ્યા છે, સત્તામાં જડ પડ્યા છે એનું ફળ પણ હવે મારે ભોગવવું નથી. એટલે કે એમાં જે જોડાતો હતો એ હવે હું જોડાતો નથી. મારા સ્વરૂપ જ્ઞાનાનંદમાં, વસ્તુ જે મારો શુદ્ધોપયોગ, શુદ્ધ ચેતના એના આનંદના ફળને અનુભવતો પૂર્વના કર્મના ફળને હું ભોગવવા ... સમજાણું કાંઈ? આ વાત નવા માણસને તો એવી લાગે. કેવી લાગે? ભાઈ! એવી લાગે કે, આ શું હશે?

કહે છે કે, કર્મચેતનાથી પહેલા નિવર્તનની અપેક્ષા કહી. છે તો બેયની એક સાથે. સમજાય છે કાંઈ? ત્યારે પુણ્ય-પાપના ભાવ કરવા જેવા નથી એવું દૃષ્ટિ-જ્ઞાન થયું એ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાળે પૂર્વના કર્મના ફળ ભોગવવા જેવા નથી એમ ભાન તો તે જ કાળે હોય છે. અને કર્મચેતના મારી નહિ ને સ્થિર થયો એવા જ કાળમાં કર્મફળનો ભોગવટો હોતો નથી. પણ જેમ ત્રણકાળની અપેક્ષાએ કર્મચેતનાથી હટાવ્યો એમ અહીંયાં એ જ કાળે હટે છે એને બીજી અપેક્ષાએ કહ્યું. એ વખતે કર્મના રજકણો પડ્યા એનો ઉદય આવે એના તરફ મારું લક્ષ નથી. મારું લક્ષ શુદ્ધ ચિદાનંદ ઉપર છે. એના અનુભવમાં એના ફળને હું ભોગવતો નથી. એમ આ કર્મફળચેતનાથી હટવાની વાત કરી છે. સમજાણું કાંઈ? કેટલા ભંગ પાડવા અને વર્તમાન એક. સમજાણું આમાં? હવે, જુઓ! જરી આકરી વાત કહે છે. હોં! આ રાડ્યું પાડે છે ને!

---

( આર્યા )

विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।
सञ्चेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम्।।३८-२३०।।

ખંડાન્વય સહિત અર્થ :– 'अहम् आत्मानं सञ्चेतये' હું શુદ્ધ ચિદ્રૂપને–પોતાને આસ્વાદું છું. કેવો છે આત્મા અર્થાત્ પોતે ? 'चैतन्यात्मानम्' જ્ઞાનસ્વરૂપમાત્ર છે. વળી કેવો છે ? 'अचलं' પોતાના સ્વરૂપથી સ્ખલિત નથી. અનુભવનું ફળ કહે છે–'कर्मविषतरुफलानि मम भुक्तिम् अन्तरेण एव विगलन्तु' ( कर्म ) જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપ છે જે ( विषतरु ) વિષનું વૃક્ષ–કેમ કે ચૈતન્ય પ્રાણનું ઘાતક છે–તેનાં ( फलानि ) ફળ અર્થાત્ ઉદયની સામગ્રી ( मम भुक्तिम् अन्तरेण एव ) મારા ભોગવ્યા વિના જ ( विगलन्तु ) મૂળથી સત્તા સહિત નષ્ટ હો. ભાવાર્થ આમ છે કે, કર્મના ઉદયે છે જે સુખ અથવા દુઃખ, તેનું નામ છે કર્મફળચેતના, તેનાથી ભિન્નસ્વરૂપ આત્મા–એમ જાણીને સમ્યગ્દષ્ટિ જીવ અનુભવ કરે છે. ૩૮–૨૩૦.

---

विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।
सञ्चेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम्।।३८-२३०।।

અહો! સમ્યગ્દષ્ટિ જીવ 'अहम् आत्मानं सञ्चेतये' 'હું શુદ્ધ ચિદ્રૂપને...' હું એક જ્ઞાનરૂપ મારું આનંદરૂપ શુદ્ધ ચૈતન્યરૂપ છે એને 'अहम् आत्मानं सञ्चेतये' 'હું શુદ્ધ ચિદ્રૂપને..'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ અહમ્. 'પોતાને...' એટલે આત્માને એટલે પોતાને. 'सञ्चेतये' 'એટલે આસ્વાદું છું.' ધર્મી જીવે પોતાના આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો છે. સમ્યગ્દર્શન થતાં, સમ્યગ્જ્ઞાન થતાં, ભેદજ્ઞાન થતાં અતીન્દ્રિય આનંદનો નમૂનો અનુભવમાં આવ્યો છે. હવે, એ અતીન્દ્રિય આનંદને વિશેષ અનુભવવાના કાળમાં એમ શુદ્ધોપયોગની ભાવનામાં આવી ભાવના હોય છે કે, હું શુદ્ધ ચિદ્રૂપ જ્ઞાનરૂપ મારું આનંદરૂપ છે. એ 'પોતાને આસ્વાદું છું.' વિશેષપણે હું આનંદનો સ્વાદ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ, સ્વસંવેદન ચૈતન્યનો સ્વાદ હું લેનારો છું.

આ કંટાળો આવે છે ને આ એનાથી ઊલટો (આનંદભાવ છે). કંટાળો આવે છે કે નહિ? રાત્રે જ્યારે આમ કોઈ ન હોય ને આમ પડ્યા હોય, બેઠા હોય. એ દુઃખનો ભાવ છે એનાથી ઊલટો અંદર આનંદનો ભાવ છે. ભાઈ! સમજાણું નહિ? પરલક્ષે આમ અરતિ આવે અરતિ અને અનુકૂળ હોય એને રતિ આવે, બેય દુઃખરૂપ દશા છે, એ આકુળતા છે. એ આકુળતાથી અંદરમાં ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એને અવલંબીને આનંદનો જે વિપરીત ભાવ–આકુળતાનો હતો એને ઠેકાણે એની જાતના આનંદનો અનુભવ થવો એનું નામ આત્માના આનંદનો સ્વાદ કહેવામાં આવે છે. પેલો જે પુણ્ય-પાપ, રતિ-અરતિના ભાવનો અનુભવ હતો એ આકુળતાનો સ્વાદ હતો, એ સ્વાદ તો હતો. આ અનાકૂળનો સ્વાદ સ્વભાવનો છે તેવો. પેલો વિભાવનો સ્વાદ હતો. સમજાય છે કાંઈ?

કોઈ શરીરને કે લાડવા, દાળ, ભાતને કોઈ ભોગવી શકતું નથી. ભોગવવા કાળે એને આમ રાગ થાય છે (કે) આ ઠીક. બસ! એ રાગને વેદે અનુભવે છે. અને પ્રતિકૂળતા... પણ કરે તે દિ'? ટાળે તે દિ' જાશે કે કો'કથી જાશે. રાડુ પાડ્યા કરે ને એમ જાશે? કોની પાસે કરશે? આત્મા પાસે કે બીજા પાસે?

આત્મા પોતે પોતાને ભૂલીને સંયોગના લક્ષે આકુળતા ઉત્પન્ન કરીને આકુળતાને વેદે છે. એ વેદનારને દુઃખનું, આકુળતાનું વેદન છે. એ મિથ્યાદૃષ્ટિ એટલે સ્વરૂપ સચેતન જ્ઞાનાનંદ મૂર્તિ, એના તરફના ભાન વિનાની દશા એને આ રતિ ને અરતિના આકુળતાના દુઃખનો સ્વાદ છે. બસ! એ સ્વાદ અનાદિનો લીધા કરે છે. એણે બીજી કોઈ સ્ત્રી ને શરીર ને દાળ-ભાત ને મોસંબી ખાધી નથી કોઈ દિ' એણે. આહા..! સમજાણું કાંઈ?

ત્રણકાળમાં કોઈ દિ' એ શરીરને અડ્યો નથી, અગ્નિને અડ્યો નથી, સર્પને અડ્યો નથી, વીંછીને અડ્યો નથી, શરીરના અંદર રોગના ભાગને પણ જીવ કોઈ દિ' અડ્યો નથી. એ અડ્યો નથી પણ છતાં 'એ મને થાય છે' એવી જે મિથ્યા માન્યતાની આકુળતા તેને તે વેદે છે. '...ભાઈ'! આ બાપુ પૂછે ત્યારે એને જવાબ તો દેવો પડે ને સરખો. શું કરવું ત્યારે? અરે..! ભગવાનઆત્મા છે, ભાઈ! તને ખબર નથી. આહા..! અંદર, અંદરમાં જ્યારે આ વીંછીની વેદના ઉપડે એ તો શરીરની છે, હોં! કૃત્રિમતા. આ શું કહે છે આ? આ હાર્ટ ફેઈલ. આ 'મૂળજીભાઈ'ને નથી થયું? આમ મરડ ખાય. એ તો જડની ક્રિયા છે પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનું ત્યાં લક્ષ છે ને! અને એ લક્ષ જ્ઞાતાપણા, દૃષ્ટાપણે રહ્યું નથી એથી તેના લક્ષે આમ વળ ખાય એમાં ભેગો પોતે દ્વેષથી વળ ખાય. અંદરમાં દ્વેષથી વળ ખાય છે. દ્વેષ, એ દ્વેષનું એને વેદન છે. દુઃખી છે. સમજાણું કાંઈ? શરીરને લઈને નહિ, એ દુઃખ શરીરને લઈને નહિ. શરીરમાં થતાં મને થાય (એમ જ અનુભવે છે). કારણ કે, એનું લક્ષ જ વર્તમાન જ્ઞાનની પર્યાય આમ જ વળી રહેલી છે. અંતર ચીજ કોણ છે એની ખબર નથી. જેમાં એણે એક અંશમાં પોતાનું અસ્તિત્વ સ્વીકાર્યું એ અંશ લાંબો જાય તો એ શરીર ને રાગમાં જ જાય. એટલે આ હું... આ હું... આ હું... આમાં કાંઈક થાય તો મને થયું. એવી અસત્ય પરિણતિ, અસત્ય ભાવના, એ અસત્ય આકુળતા, એ અસત્ય પરિણામને દુઃખ કહેવામાં આવે છે. આહાહા..! એ અસત્ય પરિણતિ ગુલાંટ ખાઈને અરે..! હું આત્મા (છું એમ સ્વીકારે છે). આહા..!

છ છ મહિના સુધી આમ શરીર પડ્યા રહે, જુઓને! પાંચ મહિના મગનભાઈને હતું ને. ટાંગો ઊંચો રાખે, અહીં લોઢાનો ખીલો નાખે. જુઓ! હલશો નહિ, હોં! પેલો ખીલો આડોઅવળો થશે તો ... હાય.. હાય...! જીવનની આશાના લક્ષે ભગવાનના આનંદના લક્ષને ચૂકી આ કોઈ રીતે ટાંગામાં જો કાંઈ થાશે ને, જો ખોટ રહી ગઈ તો પછી આખી જિંદગીમાં ગયા. ભાઈ છે ને 'માણેકચંદભાઈ'! ભાઈ 'માણેકલાલ'. ઇ જુવાન માણસ. એક જરીક કાંઈક ચોરેથી પડી ગયા હતા સહેજ પગ આમ થયેલો. આવી ચૂક કેમ થઈ? જીવવું જિંદગી આખી. શાહુકાર માણસ, પૈસા તે દિ' દસ લાખ હતા.

(સંવત) ૧૯૭૬ની સાલમાં દસ લાખ રૂપિયા. પછી તો ઘણા થઈ ગયા. ઇ કેમ રહે? એનું 'મુંબઈ'માં ઓપરેશન કર્યું. બે વર્ષના લગ્ન. છોકરો નાનો હતો. પછી બાંધ્યું, પછી સડો થયો. એ સડાની વાત વેદના. 'લાલચંદભાઈ' એના સાસરા કહેતા હતા. (ઇ કહે), અમે જોઈ શકતા નહોતા, અમે જોઈ શકતા નહોતા. જમાઈ પૈસાવાળો, હવે તો આ છૂટી જાય તો સારું. ઇ એક ખોટ જરીક ન ખમાણી, ઇ સરખું કરવા ગયા ત્યાં બાંધ્યા, પેલા પહાડા બાંધે ને? શું કહેવાય ઇ? ખપાટું. આમ બાંધે. ડૉક્ટરો કહે કે, કાપો. અહીં સુધી કાપો. નહિતર અહીંથી આમ ચાલ્યું જશે. અહીંથી કાપ્યું. જોયું જાતું નહોતું. ઘરે દસ લાખ (રૂપિયા). જોયું જાતું નહોતું, અમને એમ થાય કે, હવે આ છૂટી જાય. એલા પણ આ રાંડે. આ સડો પડ્યો. આમ ને આમ. પાસડા બાંધેલા ને અંદર પીડા.. પીડા.. પીડા.. એમાં પાછું કાપ્યું. એ પણ સડ્યું જાતું હતું. ન્યાં કાળ ગાળે છે.

પણ ઇ જ કહે છે, બાપા! ક્યાં તારું લક્ષ છે? શેની ....? એ લક્ષ જ ન્યાં બંધાણું છે. ભગવાન આખો અખંડાનંદ આમ નિરાળો ભિન્ન પડ્યો છે. આમ ચૈતન્ય જ્ઞાનમાં તરવરવો જોઈએ એને ઠેકાણે જ્ઞાનમાં આ તરવરે છે એટલે એમાં કાંઈક ફેરફાર થતાં એકત્વબુદ્ધિ (થાય છે). હવે આમાંથી છૂટીએ. છૂટીને ક્યાં જઈશ તું? બધે આ જ જાતની આકુળતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પીડા છે. શરીરની નહિ, રોગની નહિ, કાપવાની નહિ, ભાઈ! આહાહા..!

એકત્વબુદ્ધિની. શું કીધું આ? હાય.. હાય..! આ બધાને સારું અને મને સારું નહિ. એ.. હોળી સળગાવી અંદર એકત્વબુદ્ધિની. પણ ઇ જ મૂઢ છે, બીજાને સારું માનવું ઇ જ તે (મૂઢ છે). સારું એટલે શું? શરીર સારું (હોય અને) એના ઉપર લક્ષ થશે તો એને રતિની આકુળતા છે. અહીં ખરાબ છે એના ઉપર લક્ષ છે તો અરતિની આકુળતા છે. બેય આકુળતામાં છે. સારું કોને કહેવું?

મુમુક્ષુ :– આકુળતા ઓછીવત્તી છે ને.

ઉત્તર :– ના, ના. બિલકુલ ઓછીવત્તી કાંઈ નથી. સમજાણું કાંઈ? શું ફેર હશે? આમ પાંચ-પચાસ લાખ, પાંચ-દસ છોકરા કહ્યાગરા, શરીર સુંદર. મોટરું હલાવે, મોટા ગૃહસ્થો ને શું છે? આહાહા..! ભગવાન! પણ એ એને દુઃખ છે, તને ખબર નથી. એ પાગલ (છે), એનું જ્ઞાન મૂઢું થઈ ગયું છે. એને હરખ સનેપાત છે. એટલે એ ઠીક છે એ માન્યતા જ ખોટી છે. સંયોગને લઈને ઠીક છે એ માન્યતા જ જૂઠ છે. એની કલ્પનામાં એણે કલ્પ્યું છે કે મને ઠીક છે, એ રતિનો ભાવ જ તદ્દન આકુળતા અને દુઃખ છે. આનંદની લૂંટ પડે છે, અતીન્દ્રિય આનંદ ભગવાન, એને લૂંટાય છે, લૂંટાય છે, ખૂન થાય છે. ઘા પડે છે. અતીન્દ્રિય ભગવાન આનંદનો કંદ ધ્રુવ ચિદાનંદ મૂર્તિ (છે). એમાં આ રતિ (થાય), આમ પદમણિ જેવી સ્ત્રી. આ..હા..! અરે..! શું છે પણ? એ રતિમાં આનંદનો ઘા, તરવારું પડે છે. એને તું સુખી માન, તારી દશા મૂઢની છે. સુખી શેના?

એમ પ્રતિકૂળ. આમ શરીરના સડા (થયા હોય). ઇ તો તે દિ' સાંભળ્યું હતું. 'લાલચંદભાઈ' કહેતા હતા, સાંભળ્યું જાય નહિ. મહારાજ! જોતાં જોતાં અમને એમ થઈ જાય કે, આ હવે એમાંથી છૂટી જાય તો સારું. કારણ કે જીવવાના તો નથી એ તો નક્કી થઈ ગયેલું. આ શરીર રહે ત્યાં સુધી પીડાય. પીડા.. પીડા.. પીડા.. આમ ફરશો નહિ. ફરવા દ્યો ને, હવે મરવાનું છે એને. પેલાને હજી ઠેઠ સુધી (આશા) હોય. ડૉક્ટરો ઠેઠ સુધી ઘોદા માર્યા કરે. આમ કરો, આમ કરશો નહિ. પણ હવે મરવાનો છે, હવે કરવા દે ને. પછી કહે કે, તારે ઘરે લઈ જવા હોય તો લઈ જાઓ. પછી એમ કહે. ઘરે લઈ જવા હોય તો લઈ જાવ. આહાહા..! અરે...! એવું, ... રસ્તામાં મરી ગયો.

આ જુઓને! અહીં હતા ને? ભાઈ! મને ઘરે લઈ જાઓ. 'જેઠાભાઈ' હતા ને? 'ડાહ્યાભાઈ'ના દીકરા. 'ભાવનગર'વાળા. બે-ત્રણ વાર અમે ગયા હતા. મને લઈ જાઓ, ઘરે લઈ જાઓ, રસ્તામાં દેહ છૂટી ગયો. ક્યાં ઘરે લઈ જાય? કોને લઈ જાય? રાડે રાડ (નાખે). આહાહા..! પણ માળો ઘરે આવતો નથી. પેલે ઘરે લઈ જાઓ. જ્યાં જન્મ્યો હતો ત્યાં જાઉં. હોળી સળગે ત્યાં આત્માની. આહાહા..!

અરે..! હું એક ચિદાનંદ ભગવાન મારા સમ્યક્ દ્વાર દ્વારા અંદરમાં જાઉં. સમજાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કાંઈ? સમ્યક્ દ્વાર દ્વારા અંદરમાં જાઉંને જેમાં આનંદ પડ્યો છે. એ વાત સૂઝતી નથી અને દુઃખ છૂટ્યું જાતું નથી, વેદ્યું જાતું નથી. આહાહા..! ધૂળમાંય ક્યાંય સુખ નથી. એ બધા અપ્સરાઓ લઈને પડ્યા હોય. કરોડોપતિ, અબજોપતિ ન્યાં. આહા..! સમજાય છે? આ..હા..! કેવા ભોગ! 'લંડન'માં આવી મોટરું.. હાંકે, ધણી પાછળ બેસે. ભારે મજા! હોળી છે, તને ભાન ક્યાં (છે)? તને માપ કરતાં ક્યાં આવડે છે? એ આકુળતાના સળગ્યા સડે છે. સડે છે આકુળતામાં. આ પ્રતિકૂળતાવાળા આકુળતામાં અરતિમાં સડે છે. છે શું પણ? આહા..! સમજાય છે કાંઈ?

એ હાડકા તૂટે. ડૉક્ટર પરાણે (ખેંચે), પેલો કહે, સરખું કરવું પડશે. આહાહા..! અને એ પેશાબની નળીમાં જ્યારે નાની નળીમાં પેશાબ અટકે અને પેલો અંદર સૂયો ઘાલે, રાડે રાડ પાડે. આટલી પેશાબ નીકળવાની નળી જરી, એમાં ક્યાંક સલવાણી. પેલો કહે, પેશાબ નહિ નીકળે તો ઝેર ચડી જશે તો હમણાં મરી જઈશ. હાય.. હાય..! શું છે પણ તને? એ વખતે તને એકત્વબુદ્ધિના રાગનો રસ, રતિનો રસ હતો. અહીં એમાં એકત્વબુદ્ધિનો અરતિનો રસ છે. વેદન રતિ અને અરતિનું છે, સંયોગનું છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એને દુઃખની ખબર પડતી નથી. મૂઢ છે ને!

અહીં કહે છે, ધર્મી.. ઓ..હો..! મારો આનંદ, મારો આનંદ. પેલા શેઠ નહોતા ગાતા? મારું જ્ઞાન.. મારું જ્ઞાન. છોકરો મરી ગયો ત્યારે (ગાતા હતા). 'દીપચંદ' શેઠ. દીકરાનો દીકરો મરી ગયો હતો. વહુને કહે, કેમ દીકરી? રોવું છે? હું ગાયન બનાવું ઇ બોલો. આંખમાંથી આસું નહિ, મડદું પડ્યું હતું. શેઠિયાનું ઘર મોટું, માણસો આવવા મંડ્યા. એવા અવાજ કરે જાણે કે રોવે છે. મારો દીકરો, મારો દીકરો કરે છે ને? દીકરા કે દિ' તારા હતા? સાંભળને. મફતનો હેરાન (થાય છે). મારું જ્ઞાન, મારું જ્ઞાન. હું જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું. મારા જ્ઞાનની વેદના મારી પાસે છે. આ ચેતનની વેદના ભૂલીને આ મારો દીકરો મરી ગયો. કોણ મરી ગયો? દીકરો હતો કે દિ'? મૂર્ખાઈનું વેદન અજ્ઞાન કરે અને કહે, આને લઈને, સમજાણું કાંઈ?

(અહીંયાં) કહે છે, 'अहम् आत्मानं सञ्चेतये'. હવે હું ગુલાંટ ખાઉં છું. હું તો શુદ્ધ ચિદ્રૂપ છું. હું તો જ્ઞાનરૂપ છું, જ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાનસ્વરૂપમાં દુઃખ કેવું? એવા 'પોતાને આસ્વાદું છું.' હું આનંદને વેદું છું. આહાહા..! અજ્ઞાનમાં બધા તરફથી લક્ષ છૂટીને આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય(નું લક્ષ છૂટીને) લક્ષ એકલું ત્યાં ચોંટી ગયું. એમ ભાનમાં હું બધેથી લક્ષ છૂટીને હું જ્ઞાનાનંદ ચૈતન્ય છું. સમજાણું કાંઈ? આહા..! હું શુદ્ધ ચિદ્રૂપને આસ્વાદું છું.

'કેવો છે આત્મા અર્થાત્ પોતે?' કેવો છે પોતે? એમ કીધું ને 'आत्मानं'. કેવું છે પોતાનું સ્વરૂપ. 'चैतन्यात्मानम्'. એ તો જ્ઞાનસ્વરૂપ માત્ર છે. એ તો જ્ઞાનસ્વરૂપ માત્ર–જ્ઞાન, જાણન.. જાણન.. જાણન.. જાણન.. એ જાણવાના શુદ્ધ સૂર્ય ચૈતન્યપ્રભુ હું છું, જાણવામાત્ર હું છું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવામાત્ર હું છું. 'चैतन्यात्मानम्' એટલે જ્ઞાનસ્વરૂપમાત્ર. એમ. ચૈતન્ય એટલે જ્ઞાન, આત્માનમ્ એટલે સ્વરૂપ. એમ. ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ. સમજાય છે? 'चैतन्यात्मानम्' જ્ઞાનસ્વરૂપ. આત્મ એટલે અહીં સ્વરૂપ લેવું. હું તો એકલો જ્ઞાનપુંજ, ચૈતન્યપુંજ, ચૈતન્યપુંજ (છું), જેમાંથી જ્ઞાનના કિરણો નીકળે છે. પ્રકાશશક્તિની વ્યક્તિ આવે છે એ જ્ઞાનપુંજ હું છું. કહો, સમજાણું કાંઈ?

'વળી કેવો છે?' 'अचलं' 'પોતાના સ્વરૂપથી સ્ખલિત નથી.' મારા આનંદસ્વરૂપ જ્ઞાનપ્રભુ, જેની જ્ઞાનની પ્રભુતા છે. પેલામાં આવ્યું હતું ને? વિપરીત. પેલામાં (કળશ ૩૫ માં) મિથ્યાત્વની પ્રભુતા આવી હતી. મિથ્યાત્વનો વિલાસ આવ્યું હતું ને? વિલાસ એટલે પ્રભુતા. અહીં સમ્યગ્દર્શનની પ્રભુતા છે. સમજાય છે કાંઈ? હું જ્ઞાનાનંદ સ્વરૂપ (છું). વિકલ્પની ઝાળ જ મારી જાતમાં, વસ્તુમાં નથી. એવો હું અચળ પોતાના સ્વરૂપથી સ્ખલિત નથી. મારું સ્વરૂપ જે ધ્રુવ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. એનાથી હું ખસતો નથી, ચળતો નથી, ફરતો નથી, ભ્રષ્ટ નથી એ હું આત્મા છું. સમજાણું કાંઈ? આવો પ્રયત્ન કરવો નથી અને (કહે કે), કેમ થઈ જાય? કેમ થાય (શું) એની મેળાએ થાય? ઊંધા પુરુષાર્થથી કરે, ઇ સવળા પુરુષાર્થથી ટાળે. કો'ક મહેરબાની કરી દ્યે? ઊંધાઈમાં ક્યાં કોઈની પ્રાર્થના કરી હતી? ઊંધાઈમાં ક્યાં પ્રાર્થના કરી હતી કે, ઊંધાઈનો સ્વાદ મને કોઈ આપો. સમજાય છે કાંઈ? એમ સવળાઈના સ્વાદમાં પ્રાર્થના કોને કરવી છે? હું આ ચૈતન્યમૂર્તિ છું. જ્ઞાનના, દર્શનના, આનંદનું ધામ પડ્યું છે. 'પોતાના સ્વરૂપથી સ્ખલિત નથી.'

'અનુભવનું ફળ કહે છે–' હવે કહે છે કે, હું એક જ્ઞાન ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્યને ચેતનારો, ચૈતન્યને ચેતનારો, ચૈતન્યનો સ્વાદ લેનારો. મારું જ્ઞાનસ્વરૂપ (છે), એનો હું સ્વાદ લેનારો, એનો અનુભવ કરનારો. હું કોણ છું? 'कर्मविषतरुफलानि मम भुक्तिम् अन्तरेण एव विगलन्तु' 'કર્મ' શબ્દે 'જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડરૂપ છે...' એ મતિજ્ઞાનાવરણીયની જડ પ્રકૃતિ છે એ પુદ્‌ગલ પિંડ છે. એ 'વિષનું વૃક્ષ...' છે, ઝેરનું ફળ છે. 'કેમ કે ચૈતન્ય પ્રાણનું ઘાતક છે...' મતિજ્ઞાનાવરણાદિ જડ પ્રકૃતિ છે. આ પૂર્વની વાત ચાલે છે. ... એનું ફળ ઝેર છે. અલ્પજ્ઞાનનું થવું, એનું તરફના લક્ષે અલ્પજ્ઞાનનું થવું હણાય છે. એના તરફનું ફળ ચૈતન્યના પ્રાણને હિણું, ઘાત કરી નાખે છે. એ હું ભોગતો નથી. કેમ કે એ ફળના કાળે હું મારા ચૈતન્યદ્રવ્યના સ્વભાવના વલણમાં હું મારા ચૈતન્યને જ અનુભવું છું. સમજાણું કાંઈ? આ ક્રિયા અજ્ઞાનીને ભાસે નહિ. અંદરમાં થાય અને અંદરમાં સમાય. 'ભીખાભાઈ'! કેવી વાત કરી?

એ જ્ઞાનાવરણ આદિ છે ને? એમાં આઠ કર્મ અને એની બધી પ્રકૃતિ લઈ લેવી. સમજાણું? આ હું કેવળજ્ઞાનાવરણીના ફળને ભોગવતો નથી, એ ઝેર ફળ છે એમ કહે છે. આહાહા..! જ્ઞાન, શ્રદ્ધામાં તો ચોથે, પાંચમે, છઠ્ઠેથી હોય છે પણ હવે ચારિત્રના ઉપયોગના શુદ્ધભાવમાં આમ વલણ ઉગ્ર થઈ ગયું છે. એના તરફની હીનતાની દશા, એ વલણ જ મારું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ વલણ થઈ ગયું છે, એના ફળમાં હીણપ થઈ એ મારી ચીજ નથી. હું તો જ્ઞાનસ્વરૂપે અધિક ચિદાનંદમાં છું, એના ફળને ભોગવું છું. સમજાણું? શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યયજ્ઞાનાવરણીય, એમ નિંદ્રા-અનિંદ્રાની પ્રકૃતિ છે ને? નવ. એના ઉદયને ફળને (ભોગવતો નથી). એ તો જડનો પાક જડમાં હોય, મારામાં પાક ક્યાંથી હોય? હું તો ચૈતન્યના પાકનું ખેતર છું. મારું ખેતર જ આનંદના પાકનું છે, મારા ખેતરમાં તો આનંદ પાકે છે. ઝેર પાકતું નથી. હું જ એના લક્ષમાં રહીને એકાગ્ર થતો ઝેર પકવતો. ભગવાનઆત્મા ચિદાનંદસ્વરૂપ.. આનું નામ પ્રતિક્રમણ, ગયા કાળના કર્મના ફળનો ત્યાગ, એમ કહે છે. ભારે વાત, ભાઈ!

એક ક્ષણ, એક સમય કર્યું એના સંસારનો નાશ. જન્મ-મરણની ગાંઠ એને રહી નહિ. એકલો અનંત ગુણનો ગાંગડો દૃષ્ટિમાં રહી ગયો. સમજાણું કાંઈ? આવી વાતું ભારે! .... વિચાર કરવો જોઈએ, વિચાર કરવો જોઈએ. .....

સમ્યગ્દૃષ્ટિ તો એના ફળને ઝેર જ માને છે. આમાં શાતા-અશાતા ભેગી આવે છે કે નહિ? દર્શનાવરણી, જ્ઞાનાવરણી, વેદનીય. લ્યો! એ આવ્યું. શાતાના ઉદયમાં આ બધી સામગ્રીના ઢગલા (થાય). સમજાય છે? સ્ત્રીઓ ને બાગ ને શબ્દો ને રંગ ને રસ. પાંચ ઇન્દ્રિયોના વિષયના ઢગલા. એક માસ્તર નહોતા કહેતા? 'મહમદ બેગડો'. ખાવા બેસે ત્યાં પાંચે ઇન્દ્રિયના વિષયો (હોય). રસ લે, આમ વેશ્યા નાચે, બાગ, સુગંધ અને હેઠે સ્પર્શ. સુંવાળી ગાદી, રેશમમાં બેઠો હોય. પાંચેય ઇન્દ્રિયો. હોળીમાં સળગે છે. જ્વાળા હળ.. હળ.. હળ.. પાંચ ઇન્દ્રિયના વિષય તરફનું લક્ષ કરીને શાતાના ઉદયમાં (રાચે છે). ઇ શાતાનો ઉદય, એના તરફનું લક્ષ ઝેર છે. આહાહા..! એ ફળને હું ભોગવતો નથી. સમજાણું કાંઈ? કેમ કે એ પુદ્ગલપિંડ તો વિષનું વૃક્ષ છે. કેમ કે ચૈતન્યપ્રાણના ઘાતક છે. સમજાણું?

'તેના ફળ અર્થાત્ ઉદયની સામગ્રી....' જુઓ! 'મમ ભુક્તિમ્' 'મારા ભોગવ્યા વિના જ મૂળથી સત્તા સહિત નષ્ટ હો.' સત્તાના શાતાના ઉદયના ઢગલા મારા ભોગવ્યા વિના નાશ હો. મારે ભોગવવાનું ઝેર ન હોય. સમજાણું કાંઈ? નીચે છે, એનો અર્થ ચાલે છે. અર્થ નીચે છે એનો ચાલે છે. ઘણું ચલાવ્યું ને. સમજાણું કાંઈ? આમાં તો હજી ઘણું છે. કહે છે, 'જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડ...' આ છેલ્લામાં છેલ્લો તીર્થંકર પ્રકૃતિનો ઉદય પણ કહે છે કે, વિષનું વૃક્ષ (છે). એમ કીધું, હોં! ૧૪૮માં કીધું છે. ચૈતન્યપ્રાણનો ઘાતક. પ્રકૃતિ બંધ પડ્યો છે ત્યાં એ પર્યાયમાં હિણી દશા થઈ ગઈ. એમાં બંધન કેમ છે એકલું? એના ફળ વખતે તો કેવળજ્ઞાન હોય છે. ત્યારે ફળ તો આ બહારનો સંયોગ આવે છે. સમવસરણ ને એ તો ફળ ક્યાં આવ્યું? અહીં તો કેવળજ્ઞાન પાક્યું ત્યારે પેલું ફળ આવ્યું બહાર. એમાં ભોગવવાનું ક્યાં રહ્યું? પુણ્યફલા અરિહંતા, મહા અતિશયવાળી તીર્થંકરની પ્રકૃતિ. એ તો પુણ્યનું ફળ વર્ણવવું હોય ત્યારે તો એમ બતાવે કે નહિ? એથી આત્માને શું થઈ ગયું પણ? બહારની સામગ્રી. આમ ઇન્દ્રો ખમા.. ખમા.. ખમા... (કરતા હોય). સમવસરણ એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ..હા...હા..! અત્યારે દેખવી, શું છે એને સાંભળવી મુશ્કેલ એટલું તો એનું પુણ્ય. લોકમાં પુણ્ય પાથરે તો પૂરા ન પડે. એ હું ક્યાં છું? પુણ્ય પરિણામ હું નથી, એના પરમાણુ બંધાણા (હું) નથી, એના ફળની સામગ્રી હું નથી. આહાહા..! અરે..! ભાઈ! આમ સમ્યગ્દર્શનમાં પ્રતીત, અનુભવ કર્યા વિના તને એના ફળ મીઠા લાગે, એ મૂઢ છે, મિથ્યાત્વ છે. તને તીર્થંકર પ્રકૃતિ હોય શેની? સમજાણું કાંઈ?

અશાતા વેદનીય, હોં! અશાતાના ગંજ પડ્યા હોય. મારે શું? હું તો આનંદસ્વરૂપમાં એકાકાર થઈને મારા આનંદનું વેદન કરું છું, એનો સ્વાદ છે, ભાઈ! કીધું નહિ? 'બાહ્ય નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી' સમજાય છે? અહીં તો ચારિત્રનો વિષય છે, વિશેષ વાત છે.

સ્વરૂપમાં જોર, ઝુકાવ કરીને શાંતિનો ઉપયોગ થયો છે. વાત કરે વિકલ્પથી પણ વસ્તુ આમ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આનંદનો સાગર અંદર ઉછળે છે, ભગવાન! આહા..! એવા આનંદને હું વેદતો, એવા પ્રકૃતિના ફળને હું ભોગવતો નથી. અશાતા, મોહનીય, મિથ્યાત્વ નથી પણ બીજા પણ પ્રકૃતિના ફળ ભોગવવાના નથી. આયુષ્યને હું ભોગવતો નથી, કહે છે. મનુષ્યનું આયુષ્ય સારું, દેવનું આયુષ્ય સારું. કહે છે કે, આયુષ્ય જ મારું નથી ને. હું તો જ્ઞાનાનંદ અનાદિઅનંત ચિદાનંદની મૂર્તિ છું. મનુષ્ય આયુ, દેવના આયુષ્યનો ભોગવટો મારે નથી. અહીં તો માણસ કહે, મનુષ્યનું આયુષ્ય મળે, દેવનું આયુષ્ય મળે. અહીં તો કહે છે, વિષવૃક્ષનું ફળ છે. ઓઘે ઓઘે વાંચી જાય પણ એનું સ્પષ્ટીકરણ થાય ત્યારે (રાડ પાડે), એ.. બીજું નીકળ્યું. પણ બીજું નથી, આ છે એની વાત છે આ તો. સમજાણું?

મોહનીય. સમકિત મોહનીય. આયુષ્ય નામ મનુષ્યઆયુ, દેવઆયુ. પછી ઊંચ ગોત્ર અને નીચ ગોત્ર. અને નામકર્મમાં તીર્થંકર ગોત્ર, આહારક શરીર, આહારક અંગોપાંગ, ઔદારિક શરીર, વૈક્રિયક શરીર, જશોકીર્તિ. જશોકીર્તિ બંધાણી હોય તો મારા ભોગવ્યા વિના (નષ્ટ થાઓ), મારે જશોકીર્તિ જોઈતી નથી. મારા આત્માના જશના વેદનમાં મારે આ જોતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જ એ પ્રકૃતિના ફળને ભોગવવાનો શ્રદ્ધા-જ્ઞાનમાં તો ભાવ છે જ નહિ.

અહીં તો અસ્થિરતાના ભાગને ઝેર ગણીને સ્વરૂપમાં ઉપયોગમાં ઠરે છે. કહો, સમજાણું આમાં? એ ત્રસ નામ, બાદર નામ ને.. બધી ૧૪૮ પ્રકૃતિ છે ને? નામકર્મની ૯૩ પ્રકૃતિ છે, લ્યો! મારા ભોગવ્યા વિના (નષ્ટ) થઈ જાઓ. કેમ કે એ તો ઝેરના ઝાડ છે. અમૃતનું ઝાડ તો આત્મા છે. અમૃતનું ઝાડ આત્મા છે. ફળ પાકે, ખંખેરે. આંબાને ખંખેરે ત્યાં આંબા નીકળે. આખું-આખું. એમ ભગવાન અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા, એમાં જેટલી એકાગ્રતા થાય એટલા આનંદના પાકના ફળ આવે. આહાહા..! અરે..! પણ એ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શું છે? એના શ્રદ્ધા અને જ્ઞાન ન મળે, એના માહાત્મ્ય ન મળે, બહારના માહાત્મ્ય છૂટે નહિ. સમજાણું કાંઈ? અંતરાય, દાનાંતરાય, ભોગાંતરાય બધું. સમજ્યા ને? આયુષ્ય આવી ગયું. અંતરાયકર્મ.

'જ્ઞાનાવરણાદિ...' એટલે આઠે (કર્મ). 'પુદ્‌ગલપિંડ...' એ જડ. એ પુદ્‌ગલપિંડ, એનું વિષવૃક્ષ. એ ચૈતન્યપ્રાણનું ઘાતક. 'તેનાં ફળ અર્થાત્ ઉદયની સામગ્રી...' 'मम भुक्तिम् अन्तरेण एव' 'મારા ભોગવ્યા વિના જ...' 'विगलन्तु' 'મૂળથી સત્તા સહિત નષ્ટ હો.' 'विगलन्तु' છે ને? 'विगलन्तु', 'विगलन्तु'. તેથી સત્તા અર્થ કર્યો, 'મૂળથી સત્તા સહિત નષ્ટ હો.' કોઈ કર્મ સારું બાંધ્યું, સવળું બાંધ્યું મારે જોઈતું નથી. પુણ્યના ફળ ભોગવવા તો પડે કે નહિ? ત્યારે ઇ પુણ્ય બાંધ્યા ભોગવ્યા કહેવાય કે નહિ? એવી ઊંઘી ઘાણીએ ચડી ગયો છે ને. અમે પુણ્ય બાંધ્યા. પાપવાળો (એમ બોલે), અમે આ હાથે પાપ કરીએ તો આ હાથે ભોગવીએ. રાડ નાખીશ, મરી જઈશ ત્યાં. રાડ ત્યાં નહિ ચાલે. શરીરના પેલામાં.

એક જણે રાજાને જઈને કીધું, તમે આ બહુ પાપ કરો છો. (તો કહ્યું), અમે ક્ષત્રિય છીએ. આ હાથે કરીએ અને આ હાથે ભોગવીએ. આ તારો હાથ ત્યાં નહિ રહે. સાંભળને હવે. મરીને જઈશ નરકમાં, રાડ નાખીશ. સડેલા શરીર મળશે. હાય.. હાય.. (કરીશ). અત્યારે પોકાર કરતો હતો. સમજાણું? દારૂના ઘેન ચડે છે ને? (એમ) મિથ્યાત્વના ઘેન ફાટ... ફાટ.. અમે ક્ષત્રિય છીએ. અરે..! ત્યાં નપુંસક થઈને મરી જઈશ. ત્યાં ખત્રો-બત્રો નહિ રહે. અરે..! આ તે શું સ્થાન છે? ક્યાં આના આરા હશે? ક્ષેત્ર કેટલું? કેટલા...? અસંખ્ય અબજ વર્ષ સુધી રહેવાનું. સમજાય છે? સરખાઈના પાપ કરે તો સરખાઈની સ્થિતિએ જાય કે નહિ? ઓ..હો..!

૩૩ સાગર. 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. હીરાના ઢોલિયા, સોળ હજાર દેવ સેવા કરે, મણિરત્નના ઝગઝગાટ. ઝગમગ.. ઝગમગ.. અંધારા થઈ જવાના, બાપા! ધર્મી કહે છે, ભાઈ! અમારે એ પુણ્યના ફળ જોઈતા નથી. અમારા આનંદના ફળ આગળ બાપુ! એ (વિષ છે). એ અંધારી કોટડીમાં અમારે જાવું નથી. આહાહા..! જાગતી ચૈતન્યજ્યોત પ્રભુ છે ને! એ માર્ગ અંદર જવાના દીઠા છે ત્યાં અમે જઈએ છીએ. એના ફળ ભોગવીએ, બીજું મારે જોઈતું નથી. આહાહા..!

અહીં તો ફળનો અર્થ જ ઇ કહ્યો, ઉદયની સામગ્રી. અઘાતિની સામગ્રી અને અંદર હિણો આદિ થાય ઇ. ઇ મારું નથી, કહે છે. સમજાણું કાંઈ? પુણ્યના ફળને કીધું છે, પુણ્યને નથી કીધું. પુણ્યના ફળને વિષ્ટા કીધી છે. વિષ્ટા તો આમાં કીધી. ભાઈએ ન કીધી? 'વિટ તો વખત માને' 'બનારસીદાસે' કહ્યું. એની લખાણની શૈલીમાં .... જેને વિષ્ટા કહે એને છોડીને ચાલ્યા જવું જોઈએ તો એને વિષ્ટા માની. સાંભળને, ભાઈ! 'ચક્રવર્તીની સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ, સમ્યગ્દષ્ટિ એ કાગવિટ સમ માનતે.' છોડે તો જ કાગવિષ્ટા માન્યું કહેવાય?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એને છોડવું એટલે શું પણ? એ તો અસ્થિરતા જાય, એ અસ્થિરતાને સ્વીકારે છે ક્યાં? પરના ફળનો સ્વીકાર જ્ઞાન-દર્શનમાં છે જ નહિ. સેંકડો, કરોડો અપ્સરાઓ આમ ખમા.. ખમા કરે. એ એને ઝેર વર્તે છે. અને સાતમી નરકના પ્રતિકૂળ દુઃખનો જ્ઞાનમાં આદર છે નહિ. અમે આત્મા આનંદ છીએ. અમારી બાદશાહી અમારામાં છે. અમારી બાદશાહીને રોકનાર જગતમાં ત્રણકાળમાં કોઈ છે નહિ.

એમ આત્માના ફળને ભોગવતા આ 'ભોગવ્યા વિના મૂળથી સત્તા સહિત નષ્ટ હો.' મારી સત્તા ચૈતન્ય કેવળજ્ઞાનની પૂર્ણ પ્રગટ થાઓ. એમ ભાવના કરશે. 'ભાવાર્થ આમ છે કે કર્મના ઉદયે છે જે સુખ અથવા દુઃખ,...' અહીં તો કર્મફળચેતના લેવી છે ને? કર્મનો ઉદય સુખ અને દુઃખ. વિકલ્પ અથવા બહારની સામગ્રી અનુકૂળ-પ્રતિકૂળ. 'તેનું નામ છે કર્મફળચેતના,...' સુખ-દુઃખની કલ્પના, સુખ-દુઃખની કલ્પનાનું નામ કર્મફળચેતના. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં સુખ-દુઃખની કલ્પના.

'તેનાથી ભિન્નસ્વરૂપ આત્મા...' સમજાણું? એનાથી જુદો નિરાળો ભગવાનઆત્મા. એ 'ભિન્નસ્વરૂપ આત્મા–એમ જાણીને સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવ કરે છે.' સમજાણું કાંઈ? (અજ્ઞાની) વાટ જોવે. ક્યારે પુણ્ય ફળે? દેણા થઈ ગયા હોય, રોગ થયો હોય તો ક્યારે પુણ્યનો ઉદય આવે? શું છે પણ હોળી? એને જડના ફળની ભાવના છે. જ્ઞાનીને અંતરની એકાગ્રતાની ભાવના છે. આહાહા..! અરે..! આકરા બંધાયા. હજી દૃષ્ટિના ઠેકાણા ન મળે એને આ શુદ્ધઉપયોગની રમતું ક્યાંથી આવે? સમજાણું?

ભગવાનઆત્મા પુણ્ય-પાપની કર્મચેતનાના કાર્યથી જુદી ચીજ જ્ઞાનચેતના અને આ ફળ જે સુખ-દુઃખની કલ્પનાથી જુદી ચીજ, તેના આનંદના ભોગવટા. એવો હું ભિન્નસ્વરૂપ આત્મા છું. સમજાણું? છ ખંડના ઇન્દ્રાણીના ભોગ અને ચક્રવર્તીના, વિકલ્પ આવે (તો) આમ ઝેર. ઝેર, ઉપસર્ગ લાગે. સમજાય છે કાંઈ? આ નહિ, આ નહિ, આ નહિ. અરે..! ક્યાં મારો આનંદ અને આ શું? એને ભોગમાં રસ ઊડી ગયો છે. સમજાય છે કાંઈ? દુનિયા એમ કહેશે કે, આહાહા..! તમારે શું પણ સામગ્રી? શું છે પણ? સમજાય છે? ધર્મીજીવને ભોગના રસ ઊડી ગયા અને આનંદના રસમાં પ્રેમમાં પડ્યો છે. અજ્ઞાની આનંદના રસને ભૂલી અને કર્મના ફળ ને કર્મચેતનાના રસમાં લીન, ગરકાવ થઈ ગયો છે.

કહે છે, ભાઈ! આહાહા..! શરીર જુવાન હોય, ત્રણ-ત્રણ ... લાડવા પચતા હોય અને ઘી નાખ્યું હોય .... એમાં અડદની સરખી સદડી દાળ હોય, પાપડ સરખા ... .... પાપડ (હોય) અને દેવમાં બેઠા શું હશે એને? ન્યાં દેવમાં પણ હોળી છે. સમજાય છે કાંઈ? એક ફેરી ન્યાં 'રાણપર' જોયું હતું. એક ... હતો. ખાટલો ... બહાર વ્હોરવા આવેલો. અપાસરો છે ને? એની અંદર વ્હોરાની શેરી છે ને? વ્હોરાની શેરીમાં બેઠો હતો. જોઈ રહ્યો એની બાયડી ને એની છોડી.. .. રોટલો. જાણે ચક્રવર્તી બેઠો હોય એવી રીતે બેઠો હતો. ફૂટલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બરણી હતી. એમાં લાવે છાશ. દસ વાગે, સાડા દસે ખાવા બેસે. અને મારું આમ આહાર કરીને ફરવું. (એમ થયું), આ લ્હેર કરે છે ને! પેલો ચક્રવર્તી રાણીમાં વિલાસ કરે, એવી આ લ્હેર છે. એવી બેયની એક છે. આહાહા..! અરે..! રાગની રમતુંમાં લૂંટાણા, એ આત્માને લૂંટે અને માને કે અમને મજા છે. સમજાણું કાંઈ? અરે..! ભાઈ! ક્યાં મજા? બાપુ! ચિદાનંદ ભગવાનમાં મજા તે કેવી! એને ત્રણકાળમાં ખબર નથી એવી. એના આનંદ આગળ કહે છે કે, મારાથી આ ભિન્નસ્વરૂપ છે.

'આત્મા-એમ જાણીને સમ્યગ્દષ્ટિ જીવ અનુભવ કરે છે.' પોતાના આનંદને અનુસરે છે, પોતાનો આનંદ સ્વભાવ (છે) તેને ધર્મી અનુસરે છે, કર્મને અનુસરતો નથી. એમ કહે છે. આહા..! સમ્યગ્દષ્ટિ પોતાના પુણ્યનો ... વિષ્ટા સમાન જાણે છે. 'બનારસીદાસે' .. તમારે તો ... બાપા! છોકરા એવા પાક્યા, વહુ એવી આવે. ગાયુ એવી ક્યાંકથી કામધેનુ પાકે. મકાન કરવા હોય તો ધાર્યા હોય એથી બીજા ઊંચા થઈ જાય, સારા થઈ જાય એવા કારીગરો મળે. 'ગોકળદાસભાઈ'! આહાહા..! અરે..! ભગવાન! એમાં શું છે પણ તને? આહા..! અને પ્રતિકૂળતાના ગંજ જ્યાં પડ્યા હોય.. અરે..રે..! એકેય સરખી નથી, હોં! નથી શરીરમાં સરખું, નથી જીભમાં સરખું, નથી પેટમાં. એક જણો કહેતો હતો. ત્રણ રોગ. 'નારણભાઈ' કહેતા હતા. ત્રણ રોગ-કેન્સર, ક્ષય અને ભગંદર. એટલે? અહીં, અહીં અને પૂંઠે. થઈ રહ્યું, ત્રણ ભાગમાં. હાય.. હાય..! કેન્સરવાળો જીવે નહિ, ક્ષયવાળો જીવે નહિ, ભગંદરનું શું કરવું? કોઈનું કરવું તો આનું શું થાય? અને આનું કરું તો આનું શું થાય? ધૂળમાંય એમાં દુઃખ નથી, એમ અહીં કહેવું છે. સામગ્રીના ઘેરા એ દુઃખનું કારણ નથી. હોળી માનીને બેઠો, મને દુઃખ.. દુઃખ.. દુઃખ. ધર્મી કહે છે કે, મને સામગ્રીના દુઃખ પણ નથી અને સામગ્રીના સુખ પણ નથી. હું તો પરથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છું. કહો, સમજાણું આમાં? લ્યો, એ ૩૮ શ્લોક (પૂરો) થયો. ૩૯ મો કહેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

( વસન્તતિલકા )

निःशेषकर्मफलसंन्यसनान्ममैवं सर्वक्रियान्तर विहारनिवृत्तवृत्तेः ।
चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं कालावलीयमचलस्य वहत्वनन्ता ।।३९-२३१।।

ખંડાન્વય સહિત અર્થ :- 'मम एवं अनन्ता कालावली वहतु' ( मम ) મને ( एवं ) કર્મચેતના-કર્મફળચેતનાથી રહિતપણે, શુદ્ધ જ્ઞાનચેતના સહિત બિરાજમાનપણે ( अनन्ता

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कालावली वहतु ) અનંતકાળ એમ જ પૂરો હો. ભાવાર્થ આમ છે કે, કર્મચેતના–કર્મફળચેતના હેય, જ્ઞાનચેતના ઉપાદેય. કેવો છું હું ? 'सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः' ( सर्व ) અનંત એવી ( क्रियान्तर )–શુદ્ધ જ્ઞાનચેતનાથી અન્ય–કર્મના ઉદયે અશુદ્ધ પરિણતિ તેમાં ( विहार) વિભાવરૂપ પરિણમે છે જીવ, તેનાથી ( निवृत्त ) રહિત એવી છે. ( वृत्तेः ) જ્ઞાનચેતનામાત્ર પ્રવૃત્તિ જેની, એવો છું. શા કારણથી એવો છું ? 'निःशेषकर्मफलसंन्यसनात्' ( निःशेष ) સમસ્ત ( कर्म ) જ્ઞાનાવરણાદિનાં ( फल ) ફળના અર્થાત્ સંસારસંબંધી સુખ–દુઃખના ( संन्यसनात् ) સ્વામિત્વપણાના ત્યાગના કારણે. વળી કેવો છું ? 'भृशम् आत्मतत्त्वं भजतः' ( भृशम् ) નિરંતર ( आत्मतत्त्वं ) આત્મતત્ત્વનો અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુનો ( भजतः ) અનુભવ છે જેને, એવો છું. કેવું છે આત્મતત્ત્વ ? 'चैतन्यलक्ष्म' શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. વળી કેવો છું ? 'अचलस्य' આગામી અનંત કાળ સ્વરૂપથી અમિટ ( –અટળ ) છું. ૩૯–૨૩૧.

---

કારતક વદ ૦)), મંગળવાર તા. ૨૩-૧૧-૧૯૬૫.
કળશ–૨૩૧, ૨૩૨ પ્રવચન–૨૪૮

निःशेषकर्मफलसंन्यसनान्ममैवं सर्वक्रियान्तर विहारनिवृत्तवृत्तेः।
चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं कालावलीयमचलस्य वहत्वनन्ता।।
।।३९-२३१।।

શું કહે છે? 'मम एवं अनन्ता कालावली वहतु' એ પહેલો શબ્દ છે. ધર્મી જીવે પોતાના આત્મસ્વરૂપને સમ્યગ્દર્શનમાં શુદ્ધ દૃષ્ટિએ અનુભવ્યું છે. આત્મા ચિદાનંદ જ્ઞાયક આનંદ છે એવું સમ્યગ્દર્શનના કાળમાં ભાન થયું છે કે, આ તો આત્મા આનંદ છે. એવા આનંદના વેદનમાં પ્રતીતિ એને જ્ઞાન સાચા થયા છે એ ઉપરાંત પોતે પોતાના શુદ્ધ જ્ઞાનચેતનાનો અંતર અભ્યાસ કરે છે. અહીંયાં ચારિત્રની વ્યાખ્યા છે ને આ?

હું પુણ્ય-પાપના વિકલ્પો કર્મચેતનારૂપ કે પૂર્વના બાંધેલા કર્મના ફળમાં જોડાણરૂપ એ ભાવથી હું નિવૃત્તિ લઉં છું. સમજાય છે કાંઈ? પહેલા સમ્યગ્દર્શનમાં પુણ્ય-પાપના વિકલ્પો, કર્મ, શરીરથી નિવૃત્ત થઈને શુદ્ધ જ્ઞાનમય ચૈતન્ય વસ્તુ (છે) એનો અનુભવ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પુણ્ય-પાપના વિકલ્પો વર્તમાન વર્તતા છતાં તેનાથી મારું સ્વરૂપ નિવૃત્તરૂપ અને આનંદમય અસ્તિરૂપ છે. સમજાય છે? એનાથી નિવૃત્તરૂપ અને આનંદ આદિથી અસ્તિરૂપ. એવું પ્રવૃત્તિના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ભાન થયું હતું. એ હવે, પૂર્વના કર્મના નિમિત્તમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોડાવાથી શુભાશુભ કર્મ થાય કર્મચેતના કે પૂર્વના કર્મમાં ફળરૂપે જે પોતાની દશા હીણી આદિ થાય એ બધાથી હું નિવૃત્તેલ છું. ચારિત્રની દશા છે.

મુમુક્ષુ :– જોડાતો નથી.

ઉત્તર :– જોડાતો નથી. એમ પુણ્ય-પાપના વિકલ્પથી પ્રતિક્રમણ, સંવર અને પ્રત્યાખ્યાનરૂપે થયેલો શુદ્ધોપયોગના અભ્યાસમાં વીતરાગભાવે હું વર્તુ છું. સમજાણું કાંઈ?

કહે છે 'મને...' એવો આત્મા મને, એવા આત્મા 'મને કર્મચેતના...' 'एवं' શબ્દ પડ્યો છે ને એટલે પૂર્વની સાથે સાથે જોડી દીધું. પ્રતિક્રમણ, સંવર અને પ્રત્યાખ્યાન (સાથે જોડી દીધું). કર્મચેતના એટલે શુભ-અશુભ રાગમાં એકાગ્ર થવું એવી 'કર્મચેતના અને કર્મફળચેતનાથી...' કર્મફળચેતના એટલે પૂર્વના પ્રકૃતિના ૧૪૮ પ્રકૃતિ હો કે જેને જેટલી હોય એના ફળથી 'રહિતપણે...' (અર્થાત્) એના તરફનું મારું વલણ નથી. હું તો એક શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ આનંદનો અમૃતની વેલડી ભગવાનઆત્મા, એને હું વેદતો–અનુભવતો આનાથી રહિત થયો છું.

કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી (રહિત થયો છું). કર્મચેતના એટલે પુણ્ય ને પાપના વિકલ્પો રાગ એ કર્મચેતના અને પૂર્વના કર્મમાં જોડાઈને ફળ ભોગવવું એ કર્મફળ. સુખ-દુઃખની કલ્પના. એનાથી નિવર્તેલો છું. એવો રહિત થઈને. તો સહિત શું થયું?

'શુદ્ધ જ્ઞાનચેતના સહિત બિરાજમાનપણે...' અસ્તિ-નાસ્તિ કરી. બીજી રીતે કહીએ તો એ ચારિત્ર એ શુદ્ધ જ્ઞાનચેતના છે એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, આત્મા સત્ શાશ્વત શાશ્વત છે ને? જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ! એના ભાન (થયા) પછી સ્વરૂપની સ્થિરતાનો જે ચારિત્ર વૈભવ (પ્રગટે) એને અહીંયાં શુદ્ધ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. શું આ વાત તે કાંઈ! ચારિત્રમાં તો આ વ્રત લે આ કરે ને ફલાણું કરે ને ઢીંકણું કરે એવી બધી વાતું આવે. બાધા લેવાની. અમારા શેઠ બાધા કહે છે. એ બાધા લે એ ચારિત્ર ખરું કે નહિ?

અહીં તો કહે છે, ભગવાનઆત્મા ચૈતન્યબિંબ, ચૈતન્યબિંબ ભગવાનઆત્મા શાશ્વત વસ્તુ અનંત અનંત શાંત અને આનંદરસથી ભરેલો ભગવાનઆત્મા છે. એના અનુભવમાં ભાન થયા ઉપરાંત વસ્તુની સ્થિરતાનો ઉપયોગ શુદ્ધતાનો સાધે છે. એટલે કહે છે કે, હું રાગના કર્તૃત્વથી અને કર્મના ફળના ભોક્તાથી છૂટો પડું છું. ત્યારે હું થાઉં છું શું?

હું જ્ઞાનની ચેતના શુદ્ધ જ્ઞાનમાં વિશેષ લીનતારૂપે મારા જ્ઞાનની ચેતનામાં હું જાગતો રહું છું. આનું નામ ચારિત્ર. એ શરીરની ક્રિયા એ ચારિત્ર નહિ, પંચમહાવ્રતના વિકલ્પ (આવે) એ નહિ, એ તો કર્મચેતના છે. આકરું કામ. આ તો કાંઈ માણસને વસ્તુસ્થિતિ હેઠેથી આમ એકદમ ઊંચે જાવું છે ને એને જાણે હેઠેથી શુભરાગથી જાણે આગળ જવાશે. પણ વસ્તુમાં જ એ નથી (તો) એમાં જવાશે ક્યાંથી. સમજાણું?

ચૈતન્ય તદ્દન રાગના વિકારના વૈભવથી, વિભાવથી ભિન્ન છે. એવો ભગવાનઆત્માનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ, એના ભાન સહિતની સ્વરૂપની રમણતા એ રાગના કર્તૃત્વથી અને હરખના ભોગવવાથી કે શોક પામવાથી એનાથી રહિત થયેલી આત્માની દશાને અહીંયાં શુદ્ધ જ્ઞાનચેતના દશા કહેવામાં આવે છે. જ્ઞાનચેતના તો ચોથે ગુણસ્થાને જ પ્રગટ થઈ. સમજાણું? પણ અહીં વધારે કહ્યું કે, હું 'एवं' એટલે 'एवं' એટલે પહેલા બેથી છૂટ્યો છે એટલે વિશેષ શુદ્ધ જ્ઞાનચેતનામાં બિરાજમાન છું. સમજાણું કાંઈ? 'एवं' શબ્દ પડ્યો છે ને? 'मम एवं'. મને 'एवं' એટલે પૂર્વે જે કહ્યું કર્મચેતના ને કર્મફળચેતના રહિત. 'एवं' એવી જે શુદ્ધ જ્ઞાનચેતના, એમ. આવું તો સાંભળ્યું નહિ હોય, 'ભગવાનભાઈ'! આહા..હા..! અરે..! ભગવાન! તારા ઘર બાપા! બહુ ઊંચા છે. સવારમાં એક 'ઊંચ' શબ્દ આવ્યો છે એમાં. તમારી ... એક હતો. આમાં વળી 'ઊંચ' શું આવ્યું? એવો શબ્દ હતો ખરો. એમાં લખ્યું છે કે, આ તો બહુ ઊંચ અધિકાર છે. એવો શબ્દ હતો. તમે નહોતું જોયું? 'ઊંચ' શબ્દ હતો, આ 'ઊંચ' શું આવ્યું? આ ઊંચું. એ તો બધું સમજવા જેવું છે. ચોપાનીયું હતું ને ક્યાં ગયું? કો'ક લઈ ગયું હશે. એમાં એક 'ઊંચ' શબ્દ હતો. ખબર છે? આવો મોટો. ઊંચ છે. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! આહા..! એ જાતની ભાત પાડી અંદરમાં. એક છે શબ્દ ખરો મોટો. છે ને? મારો ખ્યાલ હતો. ઊંચ તો આ છે. સમજાણું કાંઈ? ખ્યાલ તો છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાની જ્ઞાન શક્તિનું સત્ત્વ જે ભગવાન, એનું ચેતવું એટલે એમાં એકાગ્ર થઈને જ્ઞાનચેતના પ્રગટ થઈ એનું નામ તો પ્રથમ હજી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહે છે. એવી દશા ઉપરાંત પુણ્યના વિકલ્પો આદિ કે પાપના વિકલ્પોનું કરવાપણું છૂટી અને કર્મના સંગ ઉદયમાં પૂર્વના બાંધેલામાં સંગમાં જોડાઈને જે અસ્થિરતા હતી એ પણ ભોગવવાની સુખ-દુઃખની કલ્પનાથી છૂટી એ 'શુદ્ધ જ્ઞાનચેતના (સહિત) બિરાજમાનપણે છે...' એમ વિશેષ લીધું. જ્ઞાનચેતના તો ચોથે પણ શુદ્ધ જ હતી પણ આ વિશેષ ચારિત્રની શુદ્ધ જ્ઞાનચેતના થઈ. જ્ઞાનાનંદ આત્મા એમાં એકાગ્ર... એકાગ્ર... એકાગ્ર... જામ્યો, એવો જામ્યો તે કહેશે.

'अनन्ता कालावली वहतु' એવી સ્થિરતા જામી અંદરમાં, આનંદનો અનુભવ ભોકતાનો એટલો વિશેષ વધી ગયો કે, એમાંથી નીકળવું લક્ષ ન થાય પણ આ ને આ અનંતકાળ રહેજો એમ અંદરમાં ભાવનારૂપે નિત્યનો આશ્રય લીધો છે એમાંથી એ રહેવું એવું ત્યાં થઈ ગયું છે, એમ કહે છે. સમજાણું કાંઈ? 'શુદ્ધ જ્ઞાનચેતના સહિત બિરાજમાનપણે 'अनन्ता कालावली वहतु' અનંતકાળ એમ જ પૂરો હો.' એટલે? હો નો અર્થ? એટલે કે પોતાના આનંદ અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા, એમાં જામ્યો એટલે એમાંથી નીકળવું નથી એમ ને એમ રહેવું એનો અર્થ કે, અનંતકાળ એમ ને એમ રહો. આ તો વાત કરે ત્યારે શું કરે? સમજાણું કાંઈ?

'અનંતકાળ એમ જ પૂરો હો.' પૂરો હો એટલે આમ ને આમ રહો. પૂરો કે દિ' થતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતો? પૂરો હો એટલે આમ ને આમ અનંતકાળ એ રહો. રહોની વ્યાખ્યા એમ નથી, એ તો સમજાવે છે. અતીન્દ્રિય આનંદમાં વૈભવમાં પડ્યો બસ! એમાં ને એમાં રહે છે એનું નામ અનંતકાળ પૂરો પડો એમ કહેવામાં આવ્યું છે. આહા..! સમજાણું કાંઈ? અનંતકાળ પૂરો થઈ જશે ન્યાં? એમ હશે? એટલે આવો ને આવો ભાવ એમ ને એમ અનંતકાળ એમ ને એમ રહો, એમ ને એમ રહો. રહો એ પણ એક વિકલ્પ છે. પણ આ તો વસ્તુ સ્થિતિ જેમ નિત્ય છે એમ અંતર આનંદનો અનુભવ અતીન્દ્રિય ચારિત્રનું જ્ઞાન શુદ્ધચેતના એવી જામી.. બસ! એમ ને એમ થઈ ગયો. જેમ દ્રવ્ય એમ ને એમ રહેશે એમ એ વૈભવ પણ ચારિત્રનો અનુભવનો એમ ને એમ રહેશે. સમજાણું કાંઈ?

સાકરના ગાંગડાનો સ્વાદ લેતા માંખી પણ ઊડતી નથી. કદાચિત એની પાંખ ચોંટી જાય તોપણ. એને તો એમ જ છે કે, અહીં ને અહીં ચોટી રહું. એમ છે કે નહિ? આ છોકરાને રોટલી ખાવામાં સાકરના ગાંગડા આપે છે ને? બે-ત્રણ કટકા ખાધા હોય ને હાથ અડ્યો હોય ને થૂંક લાગ્યું હોય તો માખી આવી હોય. લેવા જાય તો માખીની પાંખ પણ એની હેઠે અડી જાય. સ્વાદની મારી ઉખડે નહિ. એમ ને એમ રહું એમ એને છે. છે કે નહિ? આ તો ધૂળનો સ્વાદ.

એમ આત્માના.. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ! અતીન્દ્રિય આનંદની ગાંઠડી એ તો જેટલી ખોલે એટલી નીકળે. એવો ભગવાન આનંદમાં મીટ માંડીને વર્તમાન પ્રગટ દશા; બિરાજમાન કીધી ને વર્તમાન? વર્તમાન શુદ્ધ આનંદ દશા જ્ઞાનચેતનાની પ્રગટી છે (એ) એમ ને એમ આનંદના સ્વાદમાં જ રહે એમ બીજા કહે છે અથવા એને વિકલ્પ આવ્યો હોય તો આવો આનંદ હતો (તે) આમ ને આમ સદાય રહો. સમજાણું કાંઈ? આહા..! ચારિત્ર એ આનંદસ્વરૂપ છે, ચારિત્ર દુઃખરૂપ નથી. આમ મીણના શું કહે છે? એ..ઇ..! 'મીણના દાંતે લોઢાના ચણા ચાવવા' એવું સાંભળતા હતા. શું કહેવાય એ 'મૃગા પુત્ર'નું? મીણને દાંતે લોઢાના ચણા. આહાહા..! ચારિત્ર એવા દુઃખકર હશે? વેળુના કોળીયા ભરવા, વેળુના કોળીયા. બાપા! ચારિત્ર એવા (છે). એમ નથી, સાંભળને! આ તો આનંદના કંદ છે. એ સાકરની મીઠાશ... આહા..!

એ છોકરા પણ નથી (ખાતા)? કુલ્ફી એવી મીઠી હોય ને ઉનાળાના દિ' હોય, આવી લાંબી હોય, આમ આમ કર્યા કરે. ન્યાંથી એને મોઢું ખસેડવું ગોઠે નહિ. એ તો ન્યાં ઓગળવા માંડે તો શું કરે? કારણ કે, આમ જાડી આટલી હોય તો આમ કરે તો ઓગળવા તો માંડે. અને પછી થોડુંક આમ કરે, થોડુંક આમ કરે ત્યાં તો બધું પૂરું થઈ જાય, આ તો પૂરું થાય એવું નથી એમ કહે છે. આત્મા અતીન્દ્રિય નિત્યાનંદની કાતળી, નિત્યાનંદ આત્મા. એની ચુંસણીમાં એનું નિત્યાનંદપણું એમ ને એમ સદાય રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘણે વખતે જોયું હશે ને? કુલ્ફી અમથી સંસારમાં નથી ખાધી? હા, થયું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તે વખતે) ઘણી બધી હતી. 'ભરૂચ' જાતા ને માલ લેવા, 'ભરૂચ' માલ લેવા જતા બધી ઘણી વાર ખાધી છે. બધું અનેક પ્રકારનું કર્યું છે, અનુભવ થોડો થોડો બધો કર્યો છે. ત્યાં માલ લેવા જઈએ ને એટલે સાંજે ખાવું હોય તો વખત થઈ ગયો હોય. શું સમજાણું કાંઈ? મોટા મોટા આવા દોણા થાતા. એમાં ઠંડામાં નાખતા. બરફના પતરા, પતરામાં એ આપતા. આ તો (સંવત) ૧૯૬૩-૬૪-૬૫ ની વાતું છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન ચુસણીયો આત્મા એવો છે અંદર... આહાહા..! એલા આ છોકરા પણ આમ લાકડું ચુસણ કરે છે. કાંઈ ન મળે, લાકડામાં છે કાંઈ? ચુસણીયું મુકે નહિ. છે તો એનું થૂંકનું થૂંક. આ તો અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન, એમાં મીટ માંડીને જે સ્થિરતા પ્રગટ થઈ છે... આ..હા..હા..! એ આનંદના ભોજન ભોગવે છે. કહે છે કે, આ સદાય રહેજો. મારો હવેનો કાળ આમાં જ પૂરો થજો. પૂરો એટલે આવો ને આવો રહો એમ. પૂરો પૂરો એટલે પૂરો કે દિ' થતો હતો. આહા..! સમજાણું આમાં?

'ભાવાર્થ આમ છે કે, કર્મચેતના-કર્મફળચેતના હેય,...' જુઓ! ટૂંકું કરી નાખ્યું. પુણ્ય-પાપના ભાવ અને કર્મના જોડાણ કરવા એવો સુખ-દુઃખની કલ્પના એ બધું છોડવા લાયક છે. એ વિકલ્પ જે પુણ્યનો દયા, દાનના વ્રતનો (આવે) એ છોડવાલાયક છે એમ કહે છે. અને 'જ્ઞાનચેતના ઉપાદેય.' ભગવાનઆત્મા અખંડાનંદ ગોળો ચિદાનંદનો, એમાં એકાકાર થઈને શુદ્ધચેતના જ એક આદરણીય છે. વિકલ્પ, રાગાદિ કોઈ આદરવા લાયક છે નહિ. આહા..! ... નડે છે. પુણ્ય વિષ્ટા, નિયત, ઉપાદાન પાંગળુ. અરે..! ભગવાન! એ તો બધી એકની એક છે બાપા! તને ખબર નથી. આહા..! એ નિયતનો અર્થ એકલો નિયત નથી. એનો નિર્ણય કરવા જાય ત્યાં પાંચેય સમવાય સાથે છે. ત્યારે એને નિયત થાય છે.

મુમુક્ષુ :– પાંચ સમવાય હોય તોય એકાંત. અનિયત આવ્યું.

ઉત્તર :– એકાંત અરે..! હાલ... હાલ...! અનિયત આવ્યું. ચાર બોલ. નિયત વિનાના. ક્યાં શું થાય? નિયતનો અર્થ જ કે, જે સમયે જે પર્યાય થવાની (તે થવાની). કાળ શબ્દ એવો વાપર્યો છે ને એણે, ભાઈ! કાળ તો એણે રાખ્યો છે, હોં! જરીક આ જોયું હતું. આમાં આ કાળલબ્ધિનું આવે છે ને? એ શૈલી જ બીજી રીતે વાપરી છે ભાઈએ. આ કાળલબ્ધિની. એની ભાષા લીધી છે. જે કાળમાં કાર્ય બને, કાર્ય બને કાળ તો બરાબર છે ઇ. જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ.

મુમુક્ષુ :– કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી.

ઉત્તર :– પણ એ વસ્તુ નથી એટલે કોઈ જુદી ચીજ નથી, એમ કહે છે. અર્થ ન સમજે. અહીં તો બધું લેશે. જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ, એમ. કાળ બને જે સમયે તે કાળલબ્ધિ. જે કાર્ય થયું તે ભવિતવ્ય, થયું તે ભવિતવ્ય. એ બે નક્કી થઈ ગયા. સમજાય છે? આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય, તે કારણ ઉદ્યમ કરે ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો અન્ય કારણો અવશ્ય મળે. એ તો પાછું કાળલબ્ધિનું કારણ તો છે ભેગું. આમ પુરુષાર્થ કરે છે ત્યારે કાળલબ્ધિનું કારણ ભેગું છે જ, ભવિતવ્ય પણ ભેગું છે જ, નથી એમ નહિ. એમ કર્યું છે, એ શૈલી એવી કરી છે. સમજાણું? અન્ય કારણ ન મળે, અન્ય કારણ મળે તો કાર્યશીલ ન થાય. ... મોક્ષનું કહ્યું છે ને?

જુઓ! જે મોક્ષનો પુરુષાર્થ કરે છે તેને તો કાળલબ્ધિ, ભવિતવ્ય પણ થઈ ચુક્યા. થઈ ચુક્યા એટલે એમાં છે. નથી એમ અહીં નથી કહ્યું. આ આત્મા જ્ઞાનાનંદ છે, શુદ્ધ છે એમ જ્યાં સ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો ત્યારે એ પુરુષાર્થ કરવાનું કાર્ય એનું છે ઇ બતાવે છે. કાળ એક થવું છે ઇ બતાવે એને? એ તો એક વસ્તુમાં છે કાળે સ્થિતિ. એને આ બાજુમાં પુરુષાર્થ કરે તે વખતે કાળલબ્ધિ છે, ભવિતવ્ય છે, પુરુષાર્થ છે, સ્વભાવ છે અને કર્મનો અભાવ પણ છે. સમજાણું? કાળલબ્ધિનો નિષેધ નથી કર્યો. વસ્તુ કોઈ જુદી નથી, એમ કહે છે ઇ. છે ને? થઈ ચુક્યા. પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે તો સર્વ કારણો મળે છે. એમાં કાળલબ્ધિ આદિ મળે છે, એમ છે જ એમ કહે (છે). એ જ કાળ. જે જીવ પુરુષાર્થપણું કરતો નથી તેને કાળલબ્ધિ ને ભવિતવ્ય પણ નથી. જુઓને! આમ સ્વભાવ તરફનો પુરુષાર્થ નથી કરતો એને કાળલબ્ધિનો જે કાળ છે એ એને થયો નથી, એમ કહે છે. બધી વાત એવી લીધી છે, ઘણી લીધી છે. સમજાણું? આખી વાત ઉડાડી નથી. પણ કાળે, કાળે જે કાળે કાર્ય થાય તેનું નામ કાળલબ્ધિ. જે સમયે કાળ થવાનો છે ત્યારે પુરુષાર્થથી આમ જોયું, પુરુષાર્થથી કર્યું, તો કાળે થયું એવું કાળનું જ્ઞાન થયું અને કાર્ય થયું તે ભવિતવ્ય. જે કાળે કાર્ય બન્યું તે કાળલબ્ધિ અને થયું તે ભવિતવ્ય. આહા..! એવા ઊડાડે છે ને. મૂઢપણાથી. કર્તૃત્વબુદ્ધિ હજી એને કરવી છે ને!

કહે છે, એક ભગવાનઆત્મા આમ સચ્ચિદાનંદ મૂર્તિ જ્ઞાનાનંદની ખાણ આત્મા છે. એવી અંતર્મુખની દશા અને જ્ઞાનચેતના એ જ આદરણીય છે. એ આદરણીય થતાં બધું કાળ ભેગો આવી ગયો એમ કહેવું છે અહીં તો અત્યારે. સમજાણું કાંઈ? કાળલબ્ધિ થઈ ગઈ એ કાર્ય થયું એ ભવિતવ્ય થઈ ગયું, સ્વભાવ પ્રગટ્યો, પુરુષાર્થ આવ્યો અને કર્મનો એ વખતે અભાવ હોય જ. આહા..! સમજાણું કાંઈ? એ શુદ્ધ ઉપાદાનથી કામ થયું, તે કાળે થયું, ભવિતવ્ય થયું, નિમિત્ત-વિકલ્પ હતો એનાથી થયું નહિ એટલે વ્યવહારથી નિશ્ચય થયો નહિ. આ બધું એમાં આવી જાય છે. આવી ગયા આમાં પાંચે? પાંચ આ કીધા–ઉપાદાન, નિમિત્ત, નિશ્ચય, વ્યવહાર અને ક્રમબદ્ધ. એમ પાંચ કીધા.

જ્ઞાનચેતના, જ્ઞાનચેતના આવી ને? ભગવાનઆત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્ય, એનું આમ ભાન થયું જ્ઞાનચેતના પ્રગટી ઉપાદેય થયું. ઉપાદેય થયું તે જ્ઞાનચેતનામાં આનંદ આદિ આવ્યો તે સ્વભાવ થયો, પુરુષાર્થથી થયું એટલે પુરુષાર્થ આવ્યો, તે જ કાળે થયું એટલે કાળ થઈ ગયો, તે ભાવ થયો એટલે ભવિતવ્ય થયું, તે વખતે જ કર્મનો અભાવ છે. એ પાંચ. સમજાણું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ? ઓલા પાંચ, ઓલા પાંચ ઓલા આવ્યા. શું પાંચ? કે, ઉપાદાનથી કામ થયું એમ બે પાંચ. શુદ્ધ ઉપાદાનથી કામ થયું ત્યાં આગળ બીજી ચીજ સંઘયણ આદિ ભલે નિમિત્ત હો કે વિકલ્પ પહેલા નિમિત્ત કહો. એ શુદ્ધ ઉપાદાન, ત્યાં પેલું નિમિત્ત. શુદ્ધ નિશ્ચય આ થયો ત્યાં વિકલ્પ ને વ્યવહાર અને તે જ સમયે કાળમાં તે પુરુષાર્થ થયો તે કાળલબ્ધિ તે સમય નિયત એ જ હતું. ઉપાદાન, નિમિત્ત, નિશ્ચય અને વ્યવહાર, કાળ અને ક્રમબદ્ધ બધું નિયત બધું પાંચેય આ રીતે પ્રગટ થઈ ગયા. ઓલા પાંચ ને આ પાંચ એમ. ઓલા પાંચ જુદા. સમજાણું કાંઈ?

નિશ્ચય વ્યવહાર ને કાળે થવું છે તે. ક્રમબદ્ધ એટલે કાળે થવું છે તે. ઓલા પાંચ તો ઓલા આવ્યા કે, પુરુષાર્થ, સ્વભાવ, કાળ, ભવિતવ્ય અને કર્મનો અભાવ. હવે, એની સાથે આ પાંચ બીજા આવ્યા કે, જ્યારે સ્વભાવનો પુરુષાર્થ થયો એટલે શુદ્ધ ઉપાદાન આવ્યું અને તે કાળે થયું એટલે કાળલબ્ધિ આવી ગઈ. સમજાણું? અને પુરુષાર્થ થયો ત્યાં ઓલો રાગ આમ પૂર્વનો નિમિત્ત હતો કે અત્યારે નિમિત્ત એ નિમિત્ત પણ જ્ઞાનમાં આવી ગયું અને એ વ્યવહાર હતો ને આ નિશ્ચય. વ્યવહારનું લક્ષ છૂટ્યું ને અહીં નિશ્ચય થયું એટલે વ્યવહારથી નિશ્ચય થયું એ રહ્યું નહિ. નિશ્ચય ને વ્યવહાર બેય સાથે છે, ઉપાદાન-નિમિત્ત સાથે છે, કાળ એ વખતે પાકી ગયો છે. સમજાણું કાંઈ? ભારે કઠણ વાત જગતને પડે. સમજાણું આમાં?

'કર્મચેતના-કર્મફળચેતના હેય, અને જ્ઞાનચેતના ઉપાદેય.' લ્યો! એમાં બધું આવી ગયું. રાગનો વિકલ્પ જે છે એ નિમિત્ત છે કહો કે વ્યવહાર છે કહો. હેય થઈ ગયો. આ સ્વરૂપનું એકાગ્ર થયું, જ્ઞાનચેતના ઉપાદેય થઈ ગઈ. નિશ્ચય ત્યાં વ્યવહાર, ઉપાદાન ત્યાં નિમિત્ત અને તે સમયે કાળ પાક્યો એનો કાળ. કારણ અહીં થયું કે એ જ કાળ, એ જ કાળ થયો છે, એ કાર્ય કાળે જ થયું છે અને એ ભવિતવ્ય છે. આહાહા..! શું થાય? આ કાંઈ કોઈથી કાંઈ દીધી દેવાય એવી વાત છે? એના પરિણામમાં આ વાત ન બેસે ત્યાં સુધી વાંધા... વાંધા. અહીં તો ઇ ભેગું આવ્યું, કર્મના ફળને ઝેર કીધું. લ્યો! દુષ્ટ અભિમાન, ઝેર કીધું. ઓલાએ વિષ્ટા કીધું, ભાઈ! સમજાણું? 'ચક્રવર્તીની સંપદા ઇન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોગ' ત્યારે કહે, પણ ઇ છોડે ત્યારે. પણ છોડે દષ્ટિમાંથી કે છોડે અસ્થિરતામાંથી? બહારમાં તો છ ખંડના ધણી હોય. વૈભવ નથી? એને કાળે રજકણનો સંયોગ જે થવાનો એ સંયોગ છે ઇ ક્યાં જાય? એથી સંયોગની અભિલાષા છે એમ કેમ કહેવાય એને? એને વિષ્ટાસમ માને છે. વિષ્ટા એટલે ઝેર, ઝેરના ફળ છે બહારના. આહા..!

ઝેર સારું, બહુ સારી વાત. વિષ્ટા તો ભૂંડ પણ ખાય ને ઝેર તો મારી નાખે. આ જગતને કોણ જાણે શું છે અંદર? મીઠાશ છે. આહા..! ફળ સારા આવે... આમ થાય.. જુઓ! અરિહંત આમ થયા. શું થયા અરિહંત? એ વીતરાગ થયા હતા. એને સમવસરણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયું એ અરિહંત પદ છે? 'જિનપદ નહિ શરીર કો જિનપદ હે ચેતનમાહિ' એ ચેતનમાં વીતરાગતા પ્રગટી એ જિનપદ છે. એ સમવસરણ જિનપદ છે?

મુમુક્ષુ :- પુણ્યના ફળના કારણે ...

ઉત્તર :- એ એને કારણે જિન થતાં હશે? અતિશયવાળું આવું પુણ્ય! પણ એ અતિશયવાળું પુણ્ય એટલે એ તો સંયોગની વાત કરી. ભગવાનનો અતિશય વીતરાગતા એ ક્યાંથી કેને લઈને પ્રગટ્યો? આમ જ્ઞાનચેતના. ભગવાનઆત્મા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... શક્તિનું તત્ત્વ આખું ભરેલું છે. એમાં એકાગ્ર થયો તો વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ્યું. એ જિન ચેતના છે, એ જિન વૈભવ દશા છે. એ કાંઈ સંયોગની વિભાવ દશા એ કાંઈ એની નથી. એની છે? એનાથી થઈ છે? એનામાંથી જડમાંથી આવતી હશે? આ જડમાંથી આત્મા થાતો હશે? અને આત્મામાંથી આ જડ આવતો હશે? સમજાણું કાંઈ? મીઠાશ માણવી (છે). .... ભિખારી શેના? ભાઈ! એ રાગ હોય જુદી વાત છે, એ ચીજો હોય જુદી વાત છે છતાં એની ભાવના છે એ જુદી ચીજ છે. આહાહા..! શું વાત છે! જડથી જુદો પડ્યો એને જડની ભાવના કેમ હોય? આ રાગથી જુદો પડ્યો એને રાગની ભાવના ન રહે. આહાહા..! અને તેથી ભાવના નથી માટે આ ચાલ્યું જાય, આ બધી ચીજ (ચાલી જાય). તો તો વીતરાગ થઈ જાય, કેવળજ્ઞાની થઈ જાય. સમજાણું? અને કેવળજ્ઞાન થયા તો સમવસરણ થયું. આહા..! એ તો જડની પર્યાય થઈ. સંયોગમાં પરમાણુના પરાવર્તનનો એવો (કાળ થયો). આ પરાવર્તન કેવળજ્ઞાનને પામ્યો.

શુદ્ધ જ્ઞાનચેતના જ એક ઉપાદેય (છે). પેલી ચીજો ઉપાદેય નથી એમ અહીં કહેવું છે. કર્મચેતના ઉપાદેય નથી એ તો બહારના ફળ. ફળ ઉપાદેય ક્યાંથી આવ્યા? આહાહા..! સમજાણું કાંઈ? આહા..! છ છ મહિના, બાર બાર મહિના, પાંચ પાંચ વર્ષ કેટલાકને સૂતા રાખે, લ્યો! સૂતા રાખે. કાલે કોઈએ નહોતું કહ્યું? તમારા 'મગનભાઈ' નહિ? કેટલા વખતથી આમ ને આમ. મેં એને જોયેલા, હોં! (સંવત) ૧૯૯૮૪માં. આમ ફેરવ્યું. પેલા તો પાસડા અંદરથી સડ્યા હોય અને આ ઓપરેશન કર્યા હોય. હવે એ અંદરમાં સડતા હોય, રૂઝાઈ ન આવે. ડૉકટરને પૂછે તો કહે, ભાઈ! હળવે હળવે રૂઝાશે. પણ આ રૂઝાતું નથી, પરુ થાતું હશે. હાય.. હાય! હવે, પરુ ન્યાં થાય એનું શું કરવું? આમ ફટ દઈને અંદરથી એકત્વબુદ્ધિ થઈ જાય. હાય.. હાય! ફરીને આ તોડશે? હજી આટલા દિ' માંડ કાઢ્યા એમાં ફરીને તોડશે? હાય.. હાય! અરે..! બાપા! તારી નજર બાપુ! પરમાં છે, ભાઈ! એ ચૈતન્ય પાટલો આમ સ્થિર નિષ્ક્રિય પડ્યો છે. એની સામું જો, આમાં કાંઈ ન મળે. હલે-બલે ઈ... પણ એ ન્યાં કાળ ગાળે.

આત્મા અંદર છે. અરે..! એકવાર તો થાવા દે, મૂંઝવણ આવે તો મૂંઝવણને (થાવા દે), શરીરને કાંઈ થાય (તો ભલે થાય પણ) અંદરમાં જા. સમજાય છે? જરીક આમ આમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય તો (કહે), આ શરીર ચાલતું નથી. પેલી સરખાય કરવા આડે (આત્મામાં) જાતો નથી. સમજાણું? અને ઓલી વખતે સરખાઈ કરવા જાય તો કાંઈ થાય નહિ. આમ ફેરવશો નહિ, હોં! જો ટાંગા... ટાંગા.. શું કહેવાય ઈ? ટાંકા. આ તો ટાંગો યાદ આવી જાય. એ..ઈ..! ટાંગો આમ ને આમ રાખે આઠ આઠ મહિના સુધી. આમ ઊંચો રાખી અને ખીલો મારી (કહે), હલાવશો નહિ. આહાહા..! નજરું ત્યાં છે. ભગવાન ચૈતન્યબિંબ એનાથી નિરાળો પડ્યો છે. ચૈતન્ય-પાટ પડી છે પણ એની નજરની ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુનિઓ બબ્બે મહિનાના સંથારા (લે). સાંઈઠ-સાંઈઠ દિ'! કેવું? પાદોપગમન. પાદોપ એટલે ઝાડ. જ્યાં પગ ત્યાં પગ અને માથું ત્યાં માથું ને હાથ ત્યાં હાથ. સમજાણું? સાંઈઠ દિ'. પણ આનંદ છે અંદર. અરે..! આ તે કંઈ વાતું છે! આ તો શુદ્ધ જ્ઞાનચેતના છે ન્યાં. સમજાય છે? ભાઠા પડે હેઠે. ન્યાં ક્યાં પથરણા પાથર્યા હતા, ન્યાં ક્યાં ચરણા-ફરણા જંગલમાં જગ્યા હોય ત્યાં હોય. જ્યાં ત્યાં સંથારા કરીને રહ્યા હોય. ગુફામાં પડ્યા હોય, પથરા પડ્યા હોય. આહાહા..! સાંઈઠ સાંઈઠ દિ'! આમ સાંઈઠ શું આવો ને આવો કાળ અનંત જાય તો પણ અંદરમાં પડ્યા છે, એમ કહે છે અહીં તો. શું કીધું સમજાણું કાંઈ?

અમારી આ જ્ઞાનચેતનાના આનંદમાં અમે પડ્યા છીએ એમ ને એમ રહેજો. આ ક્યારે હવે છૂટે? એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં નજરું માંડી છે ત્યાં તો આનંદ ભર્યા છે. જ્યાંથી નજર ખસેડી ત્યાં ગમે તે થાય એમાં એની દરકાર નથી. આહાહા..! ક્યાં સુધી આમ ને આમ રહેશે? ભાઈસાહેબ ભાઠા પડી જશે. બહુ ગરમી હોય અને પરસેવો આવે. એ પરસેવો હેઠે પડે, હેઠે જમીન હોય ભીની થઈ જાય ... અને એને અડે. આઠ દિ' સુધી ફરાય નહિ. સુખ થાતું હશે ને એને? આહાહા..!

કહે છે કે, ભાઈ! જેણે વિકલ્પના કર્તૃત્વથી બુદ્ધિને ખસેડી દીધી છે. કર્મના અનુકૂળ-પ્રતિકૂળના ફળથી જેણે દૃષ્ટિને ખસેડી છે. આહાહા..! એવી જ્ઞાનની શક્તિનો પિંડ ભગવાન, એમાં લીન થયેલો આમ ને આમ રહેજો, હોં! ક્યાંય ફરશો નહિ. પણ આ તો થોડું છૂટવા દ્યો. છૂટે કે બુટે મારે ક્યાં પણ અંદર હતું? આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં પડ્યો છું ત્યાં તો આનંદની પાટમાં સુતો છું. સમજાણું કાંઈ? એવો સહજાત્મ સ્વભાવ આને પકડ્યા વિના કોઈ દિ' એનો આરો આવે એવું નથી. મરી જાઈ, સૂકાય જાય ક્રિયાકાંડ કરીને. આહા..! આ તો ફક્ત એનો અર્થ જ કર્યો, હોં! 'અનંતકાળ એમ જ પૂરો હો.' પેલાને છોડ્યું ને? 'एवं' છોડી છે અને આને ગ્રહી છે. અનંતકાળ રહો એનો એટલો જ અર્થ કર્યો કે, 'કર્મચેતના-કર્મફળચેતના હેય, જ્ઞાનચેતના ઉપાદેય.' બસ. બન્નેનો એટલો ટૂંકો અર્થ કરી નાખ્યો. આહા..!

'કેવો છું હું?' હવે, કહે છે, 'કેવો છું હું ?' આત્મા. 'सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः' જુઓ! એટલો ફરક પડ્યો. 'सर्व' શબ્દે જુઓ! અહીં કીધું 'અનંત એવી...' 'क्रियान्तर' 'શુદ્ધજ્ઞાનચેતનાથી અન્ય...' ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનચેતના એટલે અહીં વિશેષ ચારિત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લેવું છે ને? વિશેષ. નહિતર ચોથા ગુણસ્થાનની શુદ્ધ જ્ઞાનચેતના જ છે. પણ અહીંયાં મુનિ સ્વરૂપમાં એટલો જામી ગયો છે, શુદ્ધોપયોગના આનંદમાં... આનંદમાં... આનંદમાં... આનંદમાં... મશગૂલ (છે). કે, જે અનંત એવી વિકલ્પની ક્રિયા... સમજાય છે?

'(અનંત) એવી શુદ્ધ જ્ઞાનચેતનાથી અન્ય...' વિકલ્પો અનેક પ્રકારના અને ફળ અનેક પ્રકારના. 'કર્મના ઉદયે અશુદ્ધ પરિણતિ,...' અનંત, વિકલ્પની બેહદ દશાઓ 'તેમાં 'विहार' વિભાવરૂપ પરિણમે છે જીવ,' 'विहार' એટલે વિકલ્પમાં વિહાર ન જાવ, વિકલ્પમાં વર્તન ન હો. મારા આનંદમાં વર્તન હો. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એના આનંદના પૂરમાં પડ્યો કહે છે કે, આ મારી જે ક્રિયા છે, 'सर्वक्रियान्तर' અનંત એવી 'सर्वक्रियान्तर' એટલે શુદ્ધ જ્ઞાનચેતનાની જે ક્રિયા એનાથી વિરુદ્ધ, એમ. શું કીધું? 'सर्वक्रियान्तर' શબ્દ પડ્યો છે ને? શુદ્ધ જ્ઞાનચેતના જે મારી ક્રિયા એનાથી 'અન્ય - કર્મના ઉદયે અશુદ્ધ પરિણતિ, તેમાં 'विहार' વિભાવરૂપ પરિણમે છે જીવ, તેનાથી 'निवृत्त' રહિત એવી છે...' એના વિહારથી નિવૃત્ત છે. શું કીધું સમજાણું? એ અનંત લાગુ કોને પડે છે? શુદ્ધ જ્ઞાનચેતનાને કે કર્મના ઉદયને?

'અનંત એવી...' 'क्रियान्तर' છે ને? ક્રિયા તો અહીં શુદ્ધ જ્ઞાનચેતના છે. 'क्रियान्तर' એટલે ક્રિયાથી અનેરી ક્રિયા. આ ક્રિયા તો જ્ઞાનચેતનાની લીધી. સમજાણું? સર્વ છે ને? 'स्व क्रिया या अन्या' ક્રિયા ક્રિયાન્તર એ તો ઠીક છે. '...क्रियान्तर विहार' એટલું છે. '...क्रियान्तर विहार' એમ છે. અનંત એવી અશુદ્ધ થઈ. અનંત એવી પહેલી કહી હતી. વિકલ્પ આદિ અનંત અનંત બેહદ. એનો અર્થ કે, અનંત અનંત જ્ઞાનની મારી ક્રિયામાં પડ્યો છું એમ. શબ્દ એમ છે ને કે, અનંત એવી ક્રિયા. ક્રિયા તો પોતાની છે. એનાથી ક્રિયા અંતર, અંતર એટલે અનેરી, વિકલ્પની. વિકલ્પ વિકલ્પ છે.

'એવી શુદ્ધ જ્ઞાનચેતનાથી અન્ય - કર્મના ઉદયે અશુદ્ધ પરિણતિ, તેમાં વિભાવરૂપ પરિણમે છે જીવ, તેનાથી...' 'निवृत्त' 'રહિત એવી છે જ્ઞાનચેતનામાત્ર પ્રવૃત્તિ જેની, એવો છું.' શું કીધું? ક્રિયા તો લીધી. ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનચેતનામાં પરિણમતો એ ક્રિયા, શુદ્ધ જ્ઞાનની ક્રિયા. સમજાણું કાંઈ? એનાથી અંતર એટલે અનેરી. શુદ્ધ આત્મા જ્ઞાનાનંદ પ્રભુ! નિર્મળાનંદનું અંતરમાં એકાગ્રરૂપ શુદ્ધ જ્ઞાનચેતનારૂપી ક્રિયા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શાંતિરૂપી ક્રિયા. એનાથી અનેરી ક્રિયા, એ વિકલ્પ આદિ પણ અનેરી ક્રિયા. સમજાણું કાંઈ? એમાં વિહારથી નિવૃત્તિ છે પ્રવૃત્તિ, એમાં પરિણતિ જાય એનાથી નિવૃત્તિ છે પરિણતિ, એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ?

વિહાર કરતી રાગમાં. વિહાર કરે છે કે નહિ? એ રાગમાં, પુણ્ય-પાપમાં વિહાર કરતી પરિણતિ, એ હવે હું જ્ઞાનાનંદ ચૈતન્ય ભગવાનઆત્મા છું એમાં પ્રવર્તતો અને આ વિહારથી નિવૃત્તતો, એમ કહે છે. આહા..! ભારે, ભાઈ! એ નિવૃત્તિ ને પ્રવૃત્તિ બધી અંદરમાં રાખી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભાશુભ વિકલ્પોની, વિકારની પ્રવૃત્તિરૂપ વિહાર એનાથી નિવૃત્ત થઈ છે મારી ક્રિયા- જ્ઞાનાનંદની ક્રિયા. સમજાણું કાંઈ?

શુદ્ધ જ્ઞાનચેતના જે મારી ક્રિયા એનાથી અન્ય ક્રિયા જે અશુદ્ધ અનંત પરિણતિ. 'તેમાં વિભાવરૂપ પરિણમે છે જીવ,...' એ એનો વિહાર કહેવાય. વિભાવમાં જાવું એ વિહાર, એનાથી નિવૃત્ત એવી છે 'જ્ઞાનચેતનામાત્ર પ્રવૃત્તિ,...' લ્યો! ક્રિયા તો છે. એ જ્ઞાનાનંદમાં પરિણમવું એ મારી જ્ઞાનપ્રવૃત્તિરૂપી ક્રિયા છે. આહા..! સમજાણું કાંઈ? હવે, આવું તો કંઈ સાંભળવા મળે નહિ એમાં એને અહીં સમજવું શી રીતે? આવો આત્મા આવડો મોટો હશે એને બેસવું કઠણ પડે. સમજાણું? ભાઈ! તારો આત્મા તો પરમાત્મસ્વરૂપ છે એને અંદર ખબર નથી. એવી ભગવાનઆત્માની મહિમા એની દૃષ્ટિ ને સ્થિરતામાં જામતા ધર્માત્માને એવો ભાવ હોય છે કે ક્રિયાથી અનેરી ક્રિયાથી નિવૃત્તરૂપ મારો પરિણામ પ્રવૃત્તિરૂપ છે. શુદ્ધ જ્ઞાનાનંદમાં પ્રવૃત્તિ ને રાગથી નિવૃત્તરૂપ મારી જ્ઞાનક્રિયા એનું નામ મુક્તિનો માર્ગ ને ચારિત્ર છે. આહા..!

એ તો સાતમે ભલે હોય, એનું કાંઈ (નહિ). છઠ્ઠે હોય તો વિકલ્પ છે. આ શુદ્ધઉપયોગની વિશેષ વાત છે. પણ એ ભાવના તો પહેલેથી એ જ (છે). ચારિત્રકાળમાં કે સમ્યક્કાળમાં એ વિકલ્પથી તો નિવૃત્ત જ છે પણ અસ્થિરતા જેટલી છે એને હવે છોડીને આમ જતી એને આમ આવું છું એમ વિશેષ ભાવના કરે છે. સમજાણું કાંઈ?

'વૃત્તેઃ' 'વૃત્તેઃ' કર્યું જોયું ને? 'વૃત્તેઃ'નો અર્થ એ 'જ્ઞાનચેતનામાત્ર પ્રવૃત્તિ...' લ્યો! એ 'વૃત્તેઃ' પરિણતિ. વસ્તુ છે ને વસ્તુ? મહાન પદાર્થ છે કે નહિ? ચૈતન્ય અનંત ગુણનું દળ... દળ... દળ... અરૂપી પણ પદાર્થ છે કે નહિ? એ અનંત ગુણનું દળ ભગવાનઆત્મા એ દળ. કહો, સમજ્યા ને? આ દળના લાડવા નથી થાતા? એ ધૂળના દળના લાડવા છે. આ અનંત ગુણનો દળ ભગવાનઆત્મા પડ્યા છે અંદર. પિંડ... પિંડ... પિંડ... સત્ત્વ આખું ધોકડું અનંત ગુણનું મોટું. પણ વસ્તુ છે એ કોને કહેવી? વસ્તુ કોને કહેવી? દ્રવ્ય કોને કહેવું? પદાર્થ કોને કહેવો? સમજાણું કાંઈ? આહા..! આમ બાહ્ય પદાર્થની એને મહિમા આવી જાય, આવડો મોટો, આ ને આ. પણ આ તું કેવડો મોટો છો તને ખબર છે? આહાહા..!

અનંત ગુણનો પિંડ ભગવાનઆત્મા એમાં જ્યાં એકાકાર થયો (તો) મારી ક્રિયા મારા શુદ્ધ ચૈતન્યની પરિણતિરૂપ છે. રાગાદિની ક્રિયાથી નિવૃત્તરૂપ મારો ભાવ છે. પરનો વિહાર છોડી સ્વમાં વિહાર કરું છું, એમ કહે છે. વિહારનો અર્થ શું? પેલા રાગમાં પરિણમવું એ વિહાર, હોં! એ વિહાર હવે શુદ્ધ જ્ઞાનમાં વિહાર કરે છે એટલે પરિણમે છે. આહા..! અરે..! એને આ વસ્તુ શું છે એની શ્રદ્ધા ને જ્ઞાને ન મળે એ ઠરવાના પ્રયત્ન કે દિ' કરે? ક્યાં ઠરવું છે એ ચીજની ખબર ન મળે. ક્યાં લીન થવું છે એ શું ચીજ છે એની ખબર ન મળે અને ખબર પડવાના ઉપાયની ખબર ન મળે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એને માર્ગ કે દિ' નીકળે? અનંતકાળ હેરાન થઈને મરી ગયો. સમજાણું? પુણ્ય-પાપના પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કરી કરીને હેરાન થઈ ગયો. ક્રિયાકાંડના વિહારમાં રહી ભગવાન શુદ્ધ ચેતનાની પરિણતિ છોડી દીધી.

આ કહે છે કે, હું શુદ્ધ ચેતનાની પરિણતિમાં પરિણમતો વિહાર કરતો રાગાદિ વિકલ્પની પરિણતિના વિહારથી છૂટી જાઉં છું. આહા..! સમજાણું કાંઈ? 'એવો છું.' એવો હું છું. જ્ઞાનમાત્ર ચૈતન્ય શુદ્ધ પરિણતિમાત્ર તે હું છું. સમજાણું? 'શા કારણથી એવો છું?' શું કારણ છે? 'निःशेषकर्मफलसंन्यसनात्' હવે, ઓલું આવ્યું, એકલા ફળની વાત લે છે. પહેલી બેયથી લીધી હતી ને ઓલા અર્થમાં, પહેલામાં લીધું હતું ને બેયમાં? ભાઈ! 'एवं' બેય નાખ્યું હતું આખું કરીને. આ હવે ઉપસંહાર છે એટલે આ નાખ્યું. 'निःशेष' સમસ્ત 'कर्म' જ્ઞાનાવરણાદિનાં ફળના અર્થાત્ સંસાર સંબંધી સુખ-દુઃખના...' કર્મફળ લીધું. મારી પ્રકૃત્તિમાં જોડે સંબંધરૂપે ગમે તે પ્રકૃત્તિ પડી હો એના ફળથી બધાથી. જ્ઞાનાવરણ આદિ દર્શનાવરણીય, વેદનીય, મોહ, નામ, ગોત્ર, અંતરાય વગેરે. 'સંસાર સંબંધી સુખ-દુઃખના 'संन्यसनात्' સ્વામિત્વપણાના ત્યાગના કારણે.' એના ધણિપત્તાનો મારે ત્યાગ છે. એ દયા-દાનના વિકલ્પના ધણિપત્તાનો ત્યાગ છે. આહા..! ધણિપત્તાનો ત્યાગ તો સમ્યગ્દર્શનથી હતો. આ તો ચારિત્રમાં પરિણમનમાં હવે એનો ત્યાગ થઈ ગયો એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! અધ્યાત્મ ચૈતન્ય તત્ત્વ છે. તત્ત્વ અધ્યાત્મમાં તો આત્મતત્ત્વ છે. 'ટોડરમલજી'એ નથી લખ્યું? અત્યારે તો અધ્યાત્મ આત્મતત્ત્વ છે. ભગવાન કેવળી તો અત્યારે રહ્યા નથી. તત્ત્વ છે ભગવાન અંતરમાં એને સમજવા, અનુભવ કરવાનો પ્રયત્ન કરો. સમજાણું? એ કોણ છે, કેવડો છે, કેમ છે એનો ખ્યાલ કરીને એનો અનુભવ કરો.

અહીં કહે છે, હું 'संन्यसनात्'. 'संन्यसनात्' નો અર્થ કર્યો ત્યાગ. પણ ત્યાગનો અર્થ કર્યો હુંપણાનો ત્યાગ, હુંપણાનો (ત્યાગ). હું એમાં નથી, હું એમાં નથી. હું અહીં છું. હું મારા જ્ઞાનાનંદ સ્વભાવમાં છું, હું એમાં નથી. અસ્થિરતાપણે પણ હવે નથી, એમ. સ્વામીપણું તો નથી પણ અસ્થિરતાપણું પણ હવે નથી.

'વળી કેવો છું? 'भृशम् आत्मतत्त्वं भजतः' 'भृशम्'નો અર્થ કર્યો 'નિરંતર...' 'આત્મતત્ત્વનો અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુનો...' આત્મતત્ત્વ એટલે શુદ્ધ ચૈતન્યવસ્તુ. આત્મતત્ત્વ શુદ્ધ ચૈતન્યપદાર્થ, ભગવાન શુદ્ધ ચૈતન્યવસ્તુ. પુણ્ય-પાપના વિકલ્પ ને હરખ-શોક, એનાથી રહિત એકલી શુદ્ધ ચૈતન્યનવસ્તુ ચૈતન્ય પદાર્થ. 'भजतः' આ એને ભજનારો. ભજનારો એટલે અનુભવ. આ એનું નામ ભજન. એ આત્માનું ભજન. એટલે 'અનુભવ છે જેને,..' એમ. ભજવું એટલે અનુભવ એ ભજન. ભગવાન શુદ્ધસ્વરૂપ એના અંતરમાં એકાકાર થઈ અને હું આત્માને ભજુ છું એટલે કે આત્માના આનંદનો અનુભવ કરું છું. ભારે ભાઈ! ભજન. આ આત્માનું ભજન.

મુમુક્ષુ :– નિરંતર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :- નિરંતર, આત્મા નિરંતર છે દૃષ્ટિ પડી છે નિરંતરમાં (એટલે) નિરંતર એનું ભજન છે. આહાહા..! શબ્દો પણ કેવા ગોઠવ્યા છે ને! અર્થ પણ એવા કર્યા છે, હોં! ભારે અર્થ! 'भजतः' નો અર્થ અનુભવે. ઓલો કહે, ભજે છે ને ...

ભગવાનઆત્મા.. આહાહા..! ઇ નરકમાં સાતમી નરકમાં જીવ પડ્યો (હોય) પણ જ્યાં એ આત્મજ્ઞાન પામે છે ત્યાં એ સંયોગ ને દુઃખ સ્વીકારતો નથી. જરી અસહ્ય વેદનામાં અસહ્યપણાનો વિકલ્પ છે (પણ એનો) સ્વીકાર નથી. સમજાણું કાંઈ? અસહનપણાનો જે અસ્થિરતાનો વિકલ્પ છે, સ્વભાવમાં સ્વીકાર નથી. અહીં તો અસહનપણાનો ભાવ છે એ પણ છે નહિ. અહીં ચારિત્રની વાત લેવી છે ને? આહા..! સમજાણું કાંઈ?

જ્ઞાનીને જરી સહનશક્તિની નબળાઈને લઈને રાગભાગ આવે, દ્વેષ આવે એનું અહંપણું એટલે કે એમાં હું છું એવું નથી, એ મારામાં છે એમ નથી, એ મને-આત્મતત્ત્વને થાય છે એમ નથી. પણ નબળાઈના જોરમાં જે આવી જાય છે એ અહીં છૂટી જાય છે. અહીં એમ કહેવું છે અત્યારે. ચારિત્રના વૈભવમાં એ વિકલ્પ જે નબળાઈનો છે એને છોડીને આત્માને અનુભવું છું એમ કહેવું છે. પેલું એકલા આત્માનું હતું પણ છતાં અસ્થિરતાના ભાવ હતા. સમજાણું કાંઈ? હું તો હવે, શુદ્ધ ચૈતન્ય વસ્તુને ભજું છું. એ વિકલ્પની વૃત્તિઓ જે અસ્થિરતાની હતી એ વિહારથી પરિણતિ છૂટી ગઈ. ભગવાનઆત્મા એના ધામમાં નજરું નાખીને પડ્યો એવા આત્માને અનુભવું છું. આહા..! સમજાણું કાંઈ?

'શુદ્ધ ચૈતન્યવસ્તુનો અનુભવ છે જેને, એવો છું,..' એવો છું. બસ! એટલે ખબર પડી ગઈ એવી? નહિતર ખબર ન પડે (એમ અજ્ઞાની) કહે છે. અરે..! ભગવાન! જાગ્યો આત્માની ખબર ન પડે ત્યારે આંધળાને ખબર પડતી હશે? સમજવું તો કઈ રીતે? આહા..! 'કેવું છે આત્મતત્ત્વ? 'चैतन्यलक्ष्म'' કે, જેનું ચૈતન્ય જ લક્ષણ છે. અહીં તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. લક્ષ-લક્ષણનો ભેદ નથી પાડતા. 'શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે.' એમ કરી નાખ્યું, જોયું? સમજાણું કાંઈ? એકલો શુદ્ધ જ્ઞાન, શુદ્ધ જ્ઞાન, ચૈતન્યબિંબ, ચૈતન્ય સૂર્ય, ચૈતન્ય નિર્મળ પ્રકાશનો સૂર્ય એ હું આત્મા છું. એ સિવાય કોઈ ચીજ મારામાં નથી.

'કેવું છે આત્મતત્ત્વ? 'चैतन्यलक्ष्म' 'શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. વળી કેવો છું?' 'अचलस्य' 'આગામી અનંત કાળ સ્વરૂપથી અમિટ ( -અટળ ) છું.' એવી ને એવી દશા હવે આમ મારી રહેવાની છે. સ્થિરતા થઈ ગઈ છે ને! અચળ, અમિટ. હવે, એ સ્વરૂપની સ્થિરતાની ચારિત્ર વૈભવ જ્ઞાનની શુદ્ધતાની વિશેષ પ્રગટી અચળ (રહેશે), ખસે એવું નથી. ફરીને એને અવતાર થાય, રાગ થાય ને અવતાર લેવા પડે, ભવ-બવ એને છે નહિ. સમજાણું કાંઈ? 'આગામી અનંત કાળ...' સુધી. ભવિષ્યમાં અનંતકાળ સુધી સ્વરૂપથી અમિટ, પોતાના સ્વરૂપથી મટે એવું નથી. સ્વરૂપ મટે નહિ, સ્વરૂપ મટતા હશે? અખંડ આનંદની દશાની પરિણતિ થઈ ગઈ, પરથી છૂટી ગયો, એ રહ્યો પોતામાં. પોતે છે ત્યાં છે પોતે એમ ને એમ. અમિટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, દ્રવ્ય અમિટ છે એમ એની પર્યાય પણ અમિટ-ન મટે એવી થઈ ગઈ. એનું નામ ચારિત્ર અથવા એનું નામ મુક્તિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે, ઇ વાત લે છે.

( વસન્તતિલકા )

यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां भुङ्क्ते फलानि न खलु स्वतः एव तृप्तः।
आपातकालरमणीयमुदर्करम्यं निष्कर्मशर्मभयमेति दशान्तरं सः।।४०-२३२।।

ખંડાન્વય સહિત અર્થ :- 'यः खलु पूर्वभावकृतकर्मविषद्रुमाणां फलानि न भुङ्क्ते' ( यः ) જે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ ( खलु ) સમ્યક્ત્વ ઊપજ્યા વિના ( पूर्वभाव ) મિથ્યાત્વભાવ વડે ( कृत ) ઉપાર્જિત ( कर्म ) જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપી ( विषद्रुम ) ચૈતન્યપ્રાણઘાતક વિષવૃક્ષનાં ( फलानि ) ફળને અર્થાત્ સંસારસંબંધી સુખ-દુઃખને ( न भुङ्क्ते ) ભોગવતો નથી; [ભાવાર્થ આમ છે કે, સુખ-દુઃખનો જ્ઞાયકમાત્ર છે, પરંતુ પરદ્રવ્યરૂપ જાણીને રંજિત નથી.] કેવો છે સમ્યગ્દષ્ટિ જીવ ? 'स्वतः एव तृप्तः' શુદ્ધ સ્વરૂપને અનુભવતાં થાય છે જે અતીન્દ્રિય સુખ, તેનાથી તૃપ્ત અર્થાત્ સમાધાનરૂપ છે; 'सः दशान्तरं एति' ( सः ) તે સમ્યગ્દષ્ટિ જીવ ( दशान्तरं ) નિષ્કર્મઅવસ્થારૂપ નિર્વાણપદને ( एति ) પામે છે. કેવી છે દશાંતર ? 'आपातकालरमणीयम्' વર્તમાનકાળમાં અનંત સુખરૂપ બિરાજમાન છે, 'उदर्करम्यं' આગામી અનંત કાળ સુધી સુખરૂપ છે. વળી કેવી છે અવસ્થાન્તર? 'निष्कर्मशर्ममयम्' સકળ કર્મનો વિનાશ થતાં પ્રગટ થાય છે જે દ્રવ્યના સહજભૂત અતીન્દ્રિય અનંત સુખ, તે-મય છે-તેની સાથે એક સત્તારૂપ છે. ૪૦-૨૩૨.

यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां भुङ्क्ते फलानि न खलु स्वतः एव तृप्तः।
आपातकालरमणीयमुदर्करम्यं निष्कर्मशर्मभयमेति दशान्तरं सः।।४०-२३२।।

પહેલું જે ૨૩૦ માં આવ્યું હતું 'कर्मविषतरुफलानि' એ હતી બધા કર્મની પ્રકૃત્તિની વાત. સમજાય છે? આમાં જે આવ્યું 'पूर्वभावकृतकर्मविषद्रुमाणां फलानि' એટલો ફેર છે. સમજાણું? પહેલામાં એમ આવ્યું હતું કે, આ આત્મા આનંદ, જ્ઞાનનું ભાન અને અનુભવ થતાં અને એમાં ચારિત્રની સ્થિરતાની વૈભવ દશા પ્રગટતા કર્મના ૧૪૮ પ્રકૃત્તિના ફળનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારે ભોગવટો નથી, એટલું હતું. અહીં છે તે સમ્યગ્દર્શન પહેલા જે બાંધેલા કર્મના ફળ હવે હું ભોગવતો નથી. ન્યાંથી ઉપાડ્યું. સમજાણું કાંઈ?

'જે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ...' ધર્માત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય અનાકૂળ આનંદનો અનુભવ થયો છે એવો સમ્યગ્દષ્ટિ જીવ. 'સમ્યક્ત્વ ઊપજ્યા વિના' સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા પહેલા 'મિથ્યાત્વભાવ વડે ઉપાર્જિત...' એમ લીધું છે ને? સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવ દ્વારા ઉપાર્જિત. પહેલામાં ૧૪૮ સમુચ્ચય હતી એમાં કાંઈ મિથ્યાત્વભાવથી બધી ઉપાર્જેલી નહોતી. કોઈ વખતે સમ્યગ્દર્શન વખતે ઉપાર્જેલી તીર્થંકર પ્રકૃતિ હોય, સમ્યગ્દર્શનમાં આહારક શરીર ઉપાર્જેલું હોય, એવા અંગઉપાંગ આદિ હોય. સમજાય છે? ૧૪૮માં પહેલા જે કીધી એમાં. આમાં એ ન હોય. મિથ્યાત્વભાવથી ઉપાર્જેલામાં તીર્થંકર ને આહારક શરીર એ હોય નહિ. સમજાણું કાંઈ?

એ 'સમ્યક્ત્વ ઊપજ્યા વિના મિથ્યાત્વભાવ વડે ઉપાર્જિત જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપી 'વિષદ્રુમ' ચૈતન્યપ્રાણઘાતક વિષવૃક્ષ...' છે. એક કોર અમૃતનું ઝાડ ભગવાન, એક કોર ઝેરના ઝાડ કર્મ – આમ બે પડ્યા છે, કહે છે. ભગવાન અમૃતનું ઝાડ, આ કર્મનું ઝાડ. અમૃતના ઝાડનો અનુભવી (ભાવના ભાવે છે કે) મારે કર્મના ઝાડ ને ફળ ભોગવવા નથી. એની વિશેષ વાત કહેશે... ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ )

---

## માગશર સુદ ૧, બુધવાર તા. ૨૪-૧૧-૧૯૬૫.
## કળશ–૨૩૨, ૨૩૩ પ્રવચન–૨૪૯

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' 'કળશ-ટીકા', (૨૩૨ કળશ) પહેલેથી જુઓ! 'જે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ...' છે? 'યઃ' 'જે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ...' ૨૦૮ પાનું છે, છેલ્લી લીટી. 'સમ્યગ્દષ્ટિ જીવ સમ્યક્ત્વ ઊપજ્યા વિના...' એટલે શું કહ્યું? આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદ છે એમ અંતર ભાન થયું અને જ્ઞાતા-દષ્ટાપણાનો ભાવ પ્રગટ થયો એવો સમ્યગ્દષ્ટિ જીવ એને સમકિત થયા પહેલા 'મિથ્યાત્વભાવ વડે...' મિથ્યા નામ ઊંધી શ્રદ્ધા દ્વારા, અજ્ઞાન દ્વારા 'ઉપાર્જિત જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપી...' દેખો! પુદ્ગલપિંડ એ રજકણના પિંડો છે, પિંડ છે, જથ્થો મોટો જથ્થો–પિંડ. જેમ ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ છે એમ કર્મ પણ અનંત રજકણનો પિંડ છે. આત્મા એક દ્રવ્ય છે, આ અનંતા દ્રવ્ય છે. એવા આત્માનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યક્ અનુભવ આત્માનો ધર્મ એવું સમ્યગ્દર્શન એના ધર્મના ભાન પહેલા જે અજ્ઞાને ઉપાર્જિત પુદ્ગલપિંડરૂપી. કેવા છે?

'ચૈતન્યપ્રાણઘાતક વિષવૃક્ષ..' છે. એ કર્મ બાંધેલા એ ઝેરના ઝાડ છે. ઝેરના ઝાડ. ઝેર... ઝેર. ભગવાનઆત્મા અતીન્દ્રિય અમૃતની મૂર્તિ આત્મા, અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એવું આત્માનું અંતર સમ્યગ્દર્શન, ભાન થતાં અજ્ઞાનપણે બાંધેલા કર્મ જે ઝેરના ઝાડ છે. એથી એને કહ્યું કે, ચૈતન્યપ્રાણઘાતક ઝેર. એ કર્મના ફળમાં જોડાણ કરવાથી આત્માના આનંદના પ્રાણને ઘાત કરનાર છે. આઠે કર્મનું ફળ આત્માના ચૈતન્યપ્રાણને ઘાત કરનાર છે. આઠેયનું (ફળ ઇ છે). સમજાણું કાંઈ? કહો! એમાં શાતા અનુકૂળ હોય તો ઠીક પડે કે નહિ એમાં? કહો, સમજાણું?

આ આત્મા એટલે સચ્ચિદાનંદ સ્વરૂપ આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા એનું અંતર ભાન થવું એ સમ્યગ્દર્શન. અંતરમાં પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ પુણ્ય-પાપના રાગ અને કર્મ ને શરીર વિનાનું મારું તત્ત્વ (છે) એવું અંદરમાં ભાન થવું એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ ધર્મની પહેલી દશા. એ ધર્મ કાળમાં અધર્મ કાળે બાંધેલા કર્મો, જ્યારે ભાન આત્માનું નહોતું ને મિથ્યાત્વભાવમાં બંધાયેલા કર્મો, એને સમ્યગ્દષ્ટિ જીવ પ્રાણઘાતક સમજે છે. સમજાણું કાંઈ? જ્ઞાન, આનંદ, દર્શનને ઘાત કરનારા છે. એના તરફનો સંબંધ કરવો એ આત્માની શાંતિને ઘાત કરનાર છે.

એવા 'સંસાર સંબંધી સુખ-દુઃખને (સમ્યગ્દષ્ટિ) ભોગવતો નથી...' અહીં તો વિશેષ ચારિત્ર સહિતની વાત લીધી છે ને! પહેલી પણ સમ્યગ્દષ્ટિના કાળમાં પણ હરખ-શોકની વૃત્તિ છે એનું મુખ્યપણે વેદન નથી. આનંદમૂર્તિ ભગવાનઆત્મા અતીન્દ્રિય શાંત (સ્વરૂપ છે) એવું સમ્યગ્દર્શનમાં ધર્મીને પુણ્ય-પાપના ભાવનું પણ ભોગવવું હોતું નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો ચૈતન્યની શુદ્ધતામાં આનંદમાં રમણતામાં એના સ્વરૂપ તરફની ઘણી જ સાવધાનીમાં કર્મ તરફની સાવધાની બિલકુલ છે નહિ. એવા 'સુખ-દુઃખને ભોગવતો નથી;...' કેમ?

'(ભાવાર્થ આમ છે કે, સુખ-દુઃખનો જ્ઞાયકમાત્ર છે,...)' એ ધર્મી જીવ, સમ્યગ્દષ્ટિ જીવ સ્ત્રી હો, પુરુષ હો, દેવ હો, દેવી હો કે નારકી હો. આહા..! આઠ વર્ષની બાલિકા પણ જો સમ્યગ્દષ્ટિ હો તો એ જ્ઞાયકમાત્ર (રહે છે). સુખ-દુઃખની કલ્પના અને કર્મના ફળનો જાણનાર-દેખનાર છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાયક, સુખ-દુઃખનો જ્ઞાયક, કલ્પના અને સંયોગનો જાણનાર છે. હું તો આનંદ અને જ્ઞાન સ્વરૂપ છું એમ આઠ વર્ષની બાલિકાને જો સમ્યક્ થયું હોય, સાતમી નરકના નારકીને સમ્યગ્દર્શન છે અને વ્યંતર ભૂતડાને કો'કને પણ જીવને સમ્યગ્દર્શન છે. વૈમાનિક દેવોમાં તો ઘણાને છે, પશુમાં થાય એ પણ અંદરમાં એ કર્મનો જડ ઉદય અને વિકારનું વિપરીતપણું-વિભાવ એનો ધર્મી જ્ઞાતા-દ્રષ્ટા છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'(પરંતુ પરદ્રવ્યરૂપ જાણીને રંજિત નથી).' એ શાતાના ઉદયથી મળેલી ચક્રવર્તીની સંપદા, ઇન્દ્રના ભોગ એ પરદ્રવ્ય સ્વરૂપ જાણીને સમ્યગ્દૃષ્ટિ રાગ – એકત્વપણે પ્રેમ કરતો નથી, રંગાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'પરદ્રવ્યરૂપ જાણીને...' એ પૂર્વના પુણ્યના ઉદય કે પાપના ઉદય હો, બેય, હોં! એકલો નહિ. પ્રતિકૂળ સામગ્રી હો કે અનુકૂળ સામગ્રીના ઢગલા હો પણ પરદ્રવ્ય જાણીને તેમાં તેની રુચિ અને રંગપણું, રંજિતપણું થતું નથી. આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ જેણે અનુભવ્યો છે અને આનંદ આવ્યા કરે છે. આહા..! સમજાય છે કાંઈ? એને આ પુણ્ય-પાપના વિકલ્પો, હરખ-શોકની વૃત્તિ, એ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ એમાં રંગાતો નથી. રંગ લાગ્યો ચૈતન્યનો એ રાગમાં રંગાતો નથી. રંગ લાગ્યો આત્માનો એ પરદ્રવ્યમાં રંગાતો નથી. આહા..! સમજાણું કાંઈ?

'કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ?' 'स्वतः एव तृप्तः' 'શુદ્ધ સ્વરૂપને અનુભવતાં થાય છે જે અતીન્દ્રિય સુખ, તેનાથી તૃપ્ત અર્થાત્ સમાધાનરૂપ છે;...' આહા..! સમ્યગ્દર્શન એટલે આત્મા અખંડ આનંદનો, અખંડનો અનુભવ ને પ્રતીતિ (થઈ) એવા આનંદના ભાનમાં સમ્યગ્દૃષ્ટિ પોતાના સુખથી જ તૃપ્ત છે. સમજાણું કાંઈ? સમાધાન કર્યું છે ને અંદર! સમાધાન છે. તૃપ્તિ.. તૃપ્તિ આમ લાડવા ખાયને તૃપ્તિ નથી થાતી એને? એમ આનંદથી એને તૃપ્તિ છે. અતીન્દ્રિય આનંદ, પોતાનો શાંતરસ એનાથી એને સમાધાન વર્તે છે, સુખ વર્તે છે, સુખ વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા..! છે ને?

'તૃપ્ત' શબ્દ પડ્યો છે ને? 'स्वतः एव तृप्तः' પોતાથી સમાધાનરૂપ છે, એમ કહે છે. આત્મા આનંદ અતીન્દ્રિય અનાકૂળ શાંતરસ સ્વરૂપ એના ભાનથી સમકિતી તૃપ્ત છે. એને કોઈ પરપદાર્થનો ભાવ તૃપ્તિ ઊપજાવી શકતો નથી, સમાધાન કરી શકતો નથી, એનામાં સુખ માની શકતો નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

'શુદ્ધ સ્વરૂપને અનુભવતાં થાય છે...' શું? ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ આનંદ સ્વરૂપ પદાર્થ જ એવો છે. એને અનુસરીને આત્માના આનંદને અનુસરતો ભાવ અનુભવ એવો થાય છે, એનાથી થાય છે શું? અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સુખ. 'અર્થાત્ સમાધાનરૂપ છે;...' સમાધાન છે. પુણ્ય-પાપના ભાવ ને કર્મના ફળમાં જેનું જોડાણ પરમાર્થે છે જ નહિ. સમજાણું કાંઈ?

'सः दशान्तरं एति' હવે, આગળ વધીને 'તે સમ્યગ્દૃષ્ટિ જીવ...' પોતાના અતીન્દ્રિય આનંદને અનુભવતો, અનુભવતો શુદ્ધ આનંદના અનુભવમાં રમતો, રમતા–રમતા દશાંતરને પામી જાય છે. દશાંતર એટલે સિદ્ધ દશાને કેવળજ્ઞાનને પામી જાય છે. સમજાણું કાંઈ? એને આ કષ્ટ સહન કરવું પડે ને વ્રત લે ને એ વિકલ્પ ભલે વચમાં આવે પણ એને આદર કરતો નથી. વ્રતાદિના વિકલ્પો તે તો બંધનું કારણ છે, દુઃખરૂપ છે. આહા..! જગતને તત્ત્વની (ખબર નથી). ભગવાન! એ તો કર્મ ચેતનામાં ગયું. વિકલ્પ ઉઠે પુણ્યનો દયા, દાન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્રતનો એ તો શુભરાગના કર્મચેતના દુઃખચેતનામાં ગયું, એ આનંદચેતનામાં નહિ. સમજાણું કાંઈ?

એ આનંદમાં રમતો રમતો કેવળજ્ઞાન લે છે એમ કહે છે. એને દુઃખ સહન કરવા પડે ને આ સહન કરે એમ હોય નહિ. ભગવાનઆત્મા અતીન્દ્રિયનો કંદ પિંડ પ્રભુ છે. અરે..! એ વસ્તુ કોને કહેવી? એને ખબર ન મળે, મહિમાની ભાન (નથી). એની ઝાંય શું છે એની ખબર ન મળે. આહા..! એક સમયનો અનંત ગુણનો પિંડલો પ્રભુ! પુંજ પુંજ અનંત ગુણનો પુંજ પ્રભુ! પુણ્ય-પાપના વિકાર એ તો આસ્રવ તત્ત્વમાં જાય છે, કર્મ, શરીર અજીવમાં જાય છે. આત્મતત્ત્વમાં એ નથી. એવા આત્મતત્ત્વનું સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી થતાં... સમજાણું કાંઈ? એ અતીન્દ્રિય સુખને જ અનુભવતો, મહાલતો, વધતો એમાં દશાંતર (પામે છે). પાછી વાત ભેગી કરી નાખી. કેવળજ્ઞાનને પામવાનો ઉપાય શું? કે, એ આનંદમાં રમતા રમતા સ્થિર થતાં... થતાં... થતાં... કેવળજ્ઞાન થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આવી વાત. જગતને મૂળ પરમાર્થ તત્ત્વની ખબર ન મળે ને બહારથી ફાંફા મારીને કાંઈકથી ધર્મ ગોતવો ને બહારથી જાણે મળી જશે. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! ભિખ માંગવી બહારમાં. ચક્રવર્તી રાજા પર પાસે ભિખ માંગે. આવ્યું નહિ? ઓલામાં નહિ? મૂર્તિ પાસે જઈને શું કીધું? ચક્રવર્તી. 'યોગસાર', 'યોગસાર'માં આવ્યું નહિ? 'ભિક્ષાર્થે ભમે' 'રાજા ભિક્ષાર્થે ભમે એવી જનને ટેવ.' આહા..! સમજાણું? એ પ્રભુ ભિક્ષાર્થે ભમે. મૂર્તિ પાસે જઈને (કહે), હે ભગવાન! મને આનંદ આપજો. (જાણે) ભગવાન પાસે આનંદ પડ્યો છે, ભાઈ! પ્રભુ ભિક્ષાર્થે ભમે. સમજાણું? અરે..! અહીં તો કહે છે કે, શુભનો, પુણ્યનો રાગ થાય ત્યાં માંગે એ ભિખારી છે, એમ કહે છે. ન્યાં ક્યાં સુખ ને ધર્મ હતો એમાં? આહા..! અનંત ગુણનો પ્રભુ! અનંત શાંતરસ ને અનંત આનંદનો કંદ પ્રભુ આત્મા, એનો જ્યાં અનુભવ, સમ્યગ્દર્શન થયું એનો અનુભવ વધતા વધતા સ્થિરતા થઈ તે ચારિત્ર થયું, એનો અનુભવ વધતા કેવળજ્ઞાન થઈ ગયું એનું નામ મુક્તિ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ?

દશાંતર. 'નિષ્કર્મઅવસ્થારૂપ નિર્વાણપદને પામે છે.' લ્યો! અહીં નિર્વાણ અત્યારે નથી માટે બીજો ઉપાય હશે? નથી નથી કરીને જગતે એવું હીણું કરી નાખ્યું. પણ વસ્તુ છે કે નહિ આખી? અખંડાનંદ પૂર્ણ. એવી નિર્વાણની પર્યાય એવી તો અનંતી પર્યાયો તારા પેટમાં ધ્રુવમાં પડી છે. નથી શું પણ? સમજાણું કાંઈ? એવા નિર્વાણ સ્વરૂપ જ ભગવાનઆત્મા છે એનો અંતરમાં અનુભવ સમ્યગ્દર્શનથી થયો એમાંથી એકાગ્ર કરતાં કરતાં ચારિત્ર થઈ જાય છે. વિશેષ એકાગ્રતા થતાં દશાંતર કેવળજ્ઞાન પામી જાય છે, એમ કહે છે. આ બધો વ્યવહાર ક્યાં ગયો? લોકોને ઇ નડે છે. કહે છે ને વચ્ચે વ્યવહાર વિકલ્પ હોય એનો જાણનાર રહે છે, એમાં રમનાર નથી. કહો, સમજાણું કાંઈ? દશાંતર. 'નિષ્કર્મઅવસ્થારૂપ નિર્વાણપદને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામે છે.' સિદ્ધપદને પ્રાપ્ત દશાંતર થઈ, સંસાર અવસ્થાનો અભાવ થઈ નિર્વાણ મોક્ષ દશા પામી જાય છે. વર્તમાન દશાથી અનેરી દશા સિદ્ધ દશાને પામે છે.

'કેવી છે દશાંતર?' 'आपातकालरमणीयम्' 'વર્તમાન કાળમાં અનંત સુખરૂપ બિરાજમાન છે,...' ભગવાનઆત્મા! અરે..! એની મહિમાની ખબર ન મળે, એના અનુભવની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય, ત્રણકાળમાં ધર્મ છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ એનો અંતરમાં અનુભવ ને પ્રતીત ને જ્ઞાન (થવું) એનું નામ મોક્ષનો માર્ગ (છે). એમાં રમતા ચારિત્ર વિશેષ થાય એ વિશેષ મોક્ષમાર્ગ. પૂર્ણ એકાગ્ર થતાં એ દશામાં રમતા (પૂર્ણ દશા થઈ જાય છે). 'અનુભવ રત્નચિંતામણિ અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષ સ્વરૂપ' વ્યવહાર વચમાં આવે ખરો પૂર્ણ ન હોય ત્યાં પણ એ વ્યવહાર જ્ઞાતા તરીકે જાણી એનો સ્વામી નહિ થઈ એનું મુખ્યપણે અનુભવ નહિ પણ વેદન શાંતિ ને આનંદનું વેદન વેદતો એનો સ્વામી એટલે અહમ્‌પણે ન જાણતો આગળ વધી સ્થિરતા કરીને મોક્ષને પામે છે. સમજાણું કાંઈ?

સંતાણું છે અંદર. ભાન ક્યાં છે હજી તો? હજી તો આ પ્રકાશને કાંઈક ઠીક થાય તો મને ઠીક થાય. આ પ્રકાશને ઠીક થાય તો નહિ. ન્યાં મિથ્યાત્વની ગાંઠ વળગી છે.

છોકરો પણ કે દિ' હતો છોકરો? ક્યાં આત્મા, ક્યાં રજકણ. ત્રણકાળ ત્રણલોકમાં પરદ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી. શેના થઈ ગયા છોકરા ને શેના થઈ ગયા બાયડી? ધૂળમાંય નથી. બાયડી બાયડીમાં રહી ગયો એનો આત્મા, એના રજકણો એના રજકણમાં રહ્યાં, ધૂળ ધૂળમાં રહી, આત્મા આત્મામાં (રહ્યો છે). આહાહા..! ક્યાંય ત્રણકાળમાં કોઈ સપનેય સંબંધ નથી. માન્યું છે કે, આ મારો છોકરો ને આમ થાય તો ઠીક થાય, આ થાય તો ઠીક છે. પણ મને કેમ ઠીક થાય એમ જોયા વિના હેરાન થઈ થઈને આમાં કાળ ગુમાવ્યો છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

મારું શું થશે? હું કોણ છું? અહીં આવ્યો એકલો ને એકલો જવાનો, કોઈ ધૂળેય સાથે આવ્યું નથી. આ શરીર પણ નહિ અને પૂર્વના બાંધેલા કર્મ ફરી જાય ને બીજા સાથે આવશે. એ પરરૂપે, પરરૂપે (આવશે), કાંઈ તારા રૂપે નહિ આવે. શું છે પણ? આબરુ સચવાય, છોકરા સચવાય, આ સરખું સચવાય. મહાપાપને સાચવ્યું છે. આ રહે, ધૂળ રહે, બાયડી રહે, છોકરા ને આ પૈસા પાંચ-પચાસ ધૂળ (રહે). એ તો જડ, માટી, ધૂળ છે, રજકણ છે. ઇ ક્યાં તારા આત્મામાં આવી ગયા ને આત્માના છે ઇ? સમજાણું? 'જેચંદભાઈ'! ક્યાં ગયા 'સેવંતીભાઈ'? પણ હખ નથી આવતો. કાં તો શરીરમાં આમ થાય તો ઠીક કાં તો બાયડીમાં આમ (થાય તો) ઠીક કાં તો છોકરામાં આમ (થાય તો) ઠીક કાં તો મકાનમાં હોય તો ઠીક કાં તો દાગીનામાં હોય તો ઠીક, કાં તો લુગડામાં હોય તો ઠીક. બધામાં ઠીક ઠીક (કરવા જાય છે) પણ તારામાં ઠીક હોય ઇ તો કર. આહા..! મિથ્યાદર્શન ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શ્રદ્ધાના લક્ષણ જગતના પરપદાર્થને પોતાના મનાવી એને માટે ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... (સેવે છે). સમજાણું કાંઈ?

કોણ ઉજાગરા કરે ને કોણ આશ્વાસન ધૂળેય આપતું નથી. મૂઢ મફતનો ભ્રમણાથી માનીને બેઠો છે. એ..ઇ..! 'નેમિદાસભાઈ'! પણ બે જણા હોય તો આશ્વાસન કોણ આપે બીજો? આહા..! એ પણ કોઈ આપી શકતું નથી ત્યાં. અંદર ભગવાનઆત્મા જ્ઞાનાનંદનો નાથ પોતે પડ્યો છે. આ આત્મા આ મારે ને રાગને સંબંધ નથી. વળી શરીર ને બાયડી-છોકરા ક્યાં ગયા? ધૂળમાંય (સંબંધ) નથી. અનંતવાર એવા સંયોગ આવ્યા ને અનંતવાર ગયા હતા. નવા ક્યાં હતા એમાં? સમજાણું કાંઈ? આહાહા..! કાળે કામ કર્યા નહિ ને પછી પોકારે, દુઃખના કાળે પોકાર કર્યા, હાય.. હાય! અરે..! આવા ક્યાં બાંધ્યા હશે? અરે..! શું હશે? પણ ખરે ટાણે કાળે તો કામ લીધા નહિ.

અહીં તો કહે છે, ભગવાન રાગ ને શરીરથી જુદો (છે). અરે..! દયા, દાનનો રાગ ઉત્પન્ન થાય એનાથી તારી ચીજ જુદી (છે). રાગ તો આસ્રવ તત્ત્વ છે, ભગવાન તો ચિદાનંદ તત્ત્વ છે. એના ભાન વિના રાગની સંભાળ કરી, શરીરની સંભાળ કરી, ધૂળની સંભાળ (કરી). પાપના પરિણામથી સંભાળ કરી હેરાન થઈને ગયો નરક ને નિગોદ. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે ને? ક્રોધ, માન, માયા, લોભનું. એવા પ્રકાર લીધા કે, ક્રોધ થાય. એક તો ઉપાય વિચારે કેમ આનું આમ કરવું? એટલેથી ન રહે તો વાણીએથી વર્તે. ગાળ દેવા. એનાથી ન વર્તે તો વિષ આદિ કરીને મરી જાય. એમ માન, માયા, લોભ. આહા..! ક્રમ મૂક્યો છે ને, ભાઈ! ભારે ક્રમ મુક્યો છે. પહેલા ત્રણ મુક્યા ને પછી ત્રણ મુક્યા. એ ઉપાય છે, વાણીથી આમ કહેવા માંગે ને શરીરથી આમ કરે. એ દુઃખી થાય તો પોતે બળે પછી વાણીથી આમ હાય.. હાય! પછી વિષ પીને મરી જાય. સમજાણું? વિષ ખાઈને ઓહોહો..! 'મોક્ષમાર્ગ પ્રકાશક' પણ ભારે! ક્રમથી એવું સરસ લીધું છે! હવે, એની મહત્તા લોકોને ન રહી. એની એકાગ્રતાનો ક્રમ ભારે છે. આમ ક્રમસર વાત ઉપાડી છે. ભાઈ! તેં મિથ્યાત્વમાં ઊંધી માન્યતામાં ઉપાય તેં બીજા કર્યા અને એ ઉપાયમાં ફળ કાંઈ આવ્યું નહિ. સવળું ન આવ્યું ઊંધુ આવ્યું. આહાહા...!

(અહીંયાં) કહે છે, સમ્યગ્દૃષ્ટિ એક વિકલ્પ થાય એનો સ્વામી નથી થતો, મારો નથી. દેહ ને બાયડી, છોકરા ક્યાંય રહી ગયા. આહાહા..! એ આઠ વર્ષની બાલિકા સમકિત પામે અને પછી વીસ વર્ષની થાય ને લગ્ન કરે. હરામ એમાં એને સ્વામીપણું હોય તો, એમ કહે છે. આહાહા..! એ રાગમાં ધણીપત્તુ નથી ને ધણીમાં ધણીપત્તુ નથી. એ માર્ગ ધર્મના માર્ગ, એ કોયડા જુદી જાતના છે. એ અંતરના ઉકેલ વિના એ માર્ગની ખબર પડે એવું નથી. કહો, સમજાણું? અને મિથ્યાદૃષ્ટિ બાહ્ય સ્ત્રીને છોડે, બાળબ્રહ્મચારી રહે, મનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભિપ્રાયમાં એમ છે કે, મેં આ કાયાની ક્રિયા કરી નહિ, મેં આ છોડી દીધું, મેં આ રાગ ઘટાડ્યો એમાં મને ધર્મ થયો. મૂઢ છે, કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ જોઈ નથી એટલે એની ભાવના નથી. જેને જોઈ છે એની ભાવના કર્યા કરે છે. સમ્યગ્દષ્ટિએ આત્માને જોયો છે, જ્ઞાનમાં જાણ્યો છે, અનુભવ્યો છે (તો) એની ભાવના ખસતી નથી. અજ્ઞાનીને આ જોયું, રાગ ને પુણ્ય ને વિકલ્પ ને સંયોગ ભાળ્યા છે, એની ભાવના ખસતી નથી, એની પ્રીતિ-રુચિ ખસતી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, અહો..! ભગવાનઆત્મા પોતાની ચૈતન્ય સંપદાની ઋદ્ધિનો સ્વામી થતાં એ પુણ્ય-પાપ ને શરીરનું સ્વામીપણું અંતરથી છોડી દેતાં, જેના ફળરૂપે નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે. આહા..! એ સિદ્ધ-ત્રણલોકનો નાથ સિદ્ધ થઈને રહે છે, કહે છે. અને આ બીજાનું સ્વામીપણું રાગનું ને શરીરનું ને ધૂળનું સ્વામીપણું કરતા એ હલકી દશા થઈ અને બીજા જીવ છે કે નહિ કબૂલાતના કાળ પણ એની પાસે રહેતા નથી. એને ખબર રહેતી નથી કે, અરે..! અમે આત્મા છીએ. સમજાણું? પુણ્ય-પાપના રાગ અને એના ફળો ને સામગ્રીના સ્વામી થતાં મૂઢપણું પ્રગટ થતાં ચૈતન્યનું સ્વામીપણું છોડી દેતાં જેની જ્ઞાનદશામાં હીણપ દશા થઈ એક શરીરમાં અનંતા જીવ (રહે છે) ત્યાં ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? જેને મોટા ક્ષેત્રની પણ જરૂર નથી. આહાહા..! ક્ષેત્ર આવડુ નાનું છે એમાં સમાઈ ગયું,

અહીં કહે છે, અરે..! બધાના સ્વામીપણા ધર્મીએ છોડી દીધા. આહા..! હું ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છું એના ભાનમાં ચૈતન્યનો સ્વામી સમ્યગ્દષ્ટિ થયો અને રાગાદિનું સ્વામીપણું અંતરમાંથી ગયું. એ સ્વામી થઈને સિદ્ધ થશે ઈ, એમ કહે છે. ભગવાનઆત્માના આનંદનો સ્વામી અનુભવી એ સિદ્ધપદને પ્રાપ્ત કરશે. સમજાણું કાંઈ?

'વર્તમાન કાળમાં અનંત સુખરૂપ બિરાજમાન છે,...' દશાંતર થઈ ગઈ, પૂર્ણાનંદ દશા (થઈ ગઈ). વસ્તુને... વસ્તુને સચ્ચિદાનંદ પ્રભુ! એના આનંદના અતીન્દ્રિય સ્વાદને સ્વાદતો એ આગળ વધીને દશાંતર-સિદ્ધ દશા થઈ ગઈ. વર્તમાન આનંદ અને 'उदर्करम्यं' 'આગામી અનંત કાળ સુધી સુખરૂપ છે.' જેનું પરિણામ પણ વર્તમાન આનંદ ને ભવિષ્યમાં (પણ) એમ ને એમ આનંદ, આનંદ ને આનંદ, આનંદ, આનંદ ને આનંદ (રહે છે). સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિમાં પુણ્ય-પાપ મારા, શરીર મારા (માનીને) વર્તમાનમાં દુઃખી અને જેના પરિણામ પણ નરક, નિગોદ આદિમાં જાવા એ દુઃખી છે. આહાહા..! સમજાણું આમાં?

'उदर्करम्यं' એનું ભવિષ્યકાળનું પરિણામ. અનંતકાળ એકરૂપ આનંદ રહેશે, કહે છે. વર્તમાન આનંદ, ભવિષ્ય અનંતકાળ એમ ને એમ આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આહા..! એ સમ્યગ્દર્શનના અનુભવના સ્વસ્વામીપણાના પરિણામરૂપ સિદ્ધ-પદને પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આહા..!

આમ કરી કરીને ખોઈ બેસશે. આ રાગ ને પુણ્ય ને પાપ ને ફળ ને કહે છે, કર્મચેતના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને કર્મફળચેતના એનો અનુભવ તો ભગવાન તું ખોવાઈ જઈશ હોં! એ ચોરાશીના અવતારમાં ખોવાઈ જઈશ. ક્યાંય આ મારા મા-બાપ એમ તને ગોતવા કોઈ નહિ આવે ન્યાં. આહાહા..! આવશે કોઈ? 'ધર્મચંદભાઈ'! શું હશે? ન આવે? પણ જેના માટે પાપ કર્યા હોય એ તો આવે કે નહિ? આહાહા..! કીધું નહોતું? શાસ્ત્રમાં દાખલો આપે છે. નાના ભાઈને રોગ થયો ને મોટાભાઈ ખૂબ માંસ લાવ્યા, ઓલા લાવ્યા. નાનાને ખબર નહિ. રોગ બે, ચાર, છ મહિના ચાલ્યો. માંસ ને દારૂ ને આ ને ખાનગી ખવરાવ્યું. એને કહે નહિ કે, આ માંસ છે. ઇ ખવરાવનારો મરીને ગયો નરકમાં અને પેલો જે છે એને કાંઈક પરિણામ ઠીક રહ્યા ત્યાં થયો પરમાધામી. એ પરમાધામી એને મારે. એમાં કાંઈક જાતિસ્મરણ થયું, પૂર્વનું સ્મરણ થાય છે ને? કોઈ અજ્ઞાનીને. અરે...! ભાઈ! પણ તારા માટે મેં પાપ કર્યા, તને ખબર પાડ્યા વિના અને તું મને માર અત્યારે? કોણે કહ્યું તને? એ 'નેમિદાસભાઈ'! પેલો ખવરાવનારો થયો નારકી, ખાનગી ખાનગી માંસ ને દારૂ ને ઈંડા ને ખવરાવ્યા. પેલો મરનારો દેવ થયો. અહીં પરમાધામી થયો.મારફાડ (કરે). અરે..! પણ ભાઈ તું તો ભાઈ હતો ને? મેં તો તારા તારા માટે (કર્યું હતું). મારા માટે કે દિ' હતા? અહીં તારા-મારા છે જ ક્યાં? 'જયચંદભાઈ'! આ શું કરવું પણ? પડદો પડ્યો ત્યાં થઈ રહ્યું. પેલો થયો દુશ્મન ને પેલો થયો એનો વેરી. માર મારે. અરે..! ભાઈસા'બ! મેં તારા માટે પાપ (કર્યા). ભાઈ! મારા ને તારા કે દિ' હતા? અમે તો જેલર છીએ, પરમાધામી છીએ, મારીએ. અમારી ફરજ છે, મારીએ, કાપો. શું કરશે ન્યાં? ન્યાં આવે કે નહિ મદદ કરવા? એમ જેણે મિથ્યાત્વ તત્ત્વને સેવ્યું એ મરીને નિગોદમાં જાય. કોઈ શરણ નથી, બાપા! ત્યાં કોઈ શરણ નથી. અને આવા સમ્યગ્દર્શનના સેવનમાં સિદ્ધપદ થાય, અનંત શરણ પોતામાં (છે). આહા..! સમજાણું કાંઈ?

'વળી કેવી છે અવસ્થાન્તર?' કેવી દશાને પામે છે સમ્યગ્દષ્ટિ? 'निष्कर्मशर्ममयम्' 'સકળ કર્મનો વિનાશ થતાં પ્રગટ થાય છે...' નિષ્કર્મ એમ. પણ 'शर्ममयम्'. કેવી દશા પ્રગટ થાય? આત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ સમ્યક્ (થયો). બીજું ભલે કાંઈ ન આવડતું હોય. સમજાણું કાંઈ! એ લોકમાં પણ કહેવાય મૂર્ખ, લોકમાં એવો હોય. આને તો લૌકિક કંઈ આવડતું નથી, બોલતાય નથી આવડતું. સમજાણું કાંઈ? વ્યવસ્થા આમ કરવી, ફલાણું કરવું, આમ હોશિયારી (કરવી), આમ કાંઈ ન આવડે. કહે છે કે, એ નિષ્કર્મ દશાને પામવાના છે. આહાહા..! એ 'ભિખાભાઈ'! શું કરવું આમાં? 'હીરાભાઈ'નું કરવું કે બંગડીનું કરવું કે કોનું કરવું આમાં? આહાહા..!

ભાઈ! કાળ આવ્યા, આવ્યા ને પ્રભુ! અરે..! ભવના અભાવ કરવાના ભવ મળ્યા એમાં ભવના વધારા કરીને જાય એ તો કાંઈ કાળ છે? આહા..! વસ્તુ... વસ્તુ... વસ્તુ... એવું વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું પ્રતીત થઈ ભાન થયું. એટલે કે સ્વરૂપ એ છે કે, આનંદ મારામાં છે, મારો આનંદ પરમાં નથી. એટલે મારો આનંદ મારામાં (છે) એવી વસ્તુ છે, એવું ભાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયું. એટલે રાગમાં ને પરમાં આનંદ છે નહિ, એ વસ્તુમાં આનંદ છે જ નહિ. એટલે આનંદમાં આતમભાન થતાં, એમાં એકાગ્ર થતાં થતાં કર્મ વિનાની અવસ્થા (પામે છે). કર્મ વિનાની અવસ્થામાં જ આ સમ્યગ્દર્શનમાં ભાન થયું છે. પણ એના ભાન થતાં નિષ્કર્મઅવસ્થા (થાય છે), પણ કેવી? એ તો નિષ્કર્મ એટલું કહ્યું.

'દ્રવ્યના સહજભૂત અતીન્દ્રિય અનંત સુખ...' એમ. દ્રવ્ય એટલે વસ્તુ ભગવાનઆત્મા, એનો સહજભૂત, અંતર જ ભરેલો આનંદ, સહજ–સાથે રહેલો આનંદ, દ્રવ્ય નામ પદાર્થની સાથે રહેલો આનંદ, એવું જ અતીન્દ્રિય અનંત સુખ પ્રગટ થઈ ગયું. સમજાણું? અહીં તો આ સંયોગ આટલા હોય તો ઠીક ને આટલા હોય તો ઠીક. ધૂળમાંય સંયોગમાં સુખ નથી, મરી ગયો અનંતકાળથી.

દ્રવ્ય સહજ નિષ્કર્મ દશા થઈ, દશાંતર થઈ, સમ્યગ્દષ્ટિને અલ્પકાળમાં દશાંતર થઈ ગઈ. સમજાણું? અને નિષ્કર્મ થતાં થયું શું? એ તો કર્મ રહિત થઈ ગયું, એ તો નાસ્તિ થઈ. 'शर्ममयम्' અતીન્દ્રિય સહજ આનંદમય. 'દ્રવ્યના સહજભૂત..' જુઓ! આ વસ્તુ ભગવાનઆત્મા એનો સ્વાભાવિકભૂત સ્વભાવરૂપ અતીન્દ્રિય અનંત સુખ પ્રગટ થઈ ગયું. જે દ્રવ્યનો સ્વભાવ હતો એ પર્યાયમાં પ્રગટ થઈ ગયો.

'સુખ તે-મય છે...' છે ને? 'शर्ममयम्' 'मयम्' એટલે તે મય છે. 'તેની સાથે એક સત્તારૂપ છે.' એમ કહે છે. આહાહા..! વિભાવના વિકલ્પો કર્મની સત્તા તો સ્વભાવ ચૈતન્યથી ભિન્ન સત્તા છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો ચૈતન્યનથી ભિન્ન સત્તા છે. કર્મ, શરીર, બાયડી, છોકરા એની ભિન્ન સત્તા છે. પણ અભિન્ન ચૈતન્ય સ્વભાવની અંતર દષ્ટિ અનુભવ કરતાં નિષ્કર્મ દશા થઈને અભિન્ન સત્તાવાળી આનંદ દશા પ્રગટ થઈ. સમજાણું કાંઈ? માળે! ભાષા કેવી કરી જુઓને! 'निष्कर्मशर्ममयम्' 'शर्ममयम्' આમ કીધું ને? મય. એક સત્તા થઈ ગઈ. એક જ સત્તા છે. દ્રવ્ય, ગુણ અને આનંદ. અંતર નિર્મળ અનુભવ થતાં થતાં એવો આનંદ પ્રગટ્યો કે, મય–આનંદમય એટલે એક સત્તા થઈ. એક સત્તા છે. દ્રવ્યમાં આનંદ, ગુણમાં આનંદ ને (પર્યાયમાં) આનંદ. એવી અતીન્દ્રિય આનંદમય દશા તે સમ્યગ્દષ્ટિ સિદ્ધદશાને માપે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? આહા..!

ભગવાનઆત્મા કર્મની ભિન્ન સત્તાના સંયોગને સ્વીકારીને રહ્યો તો એના પુણ્ય-પાપના સંયોગી ભાવને સ્વીકારીને રહ્યો તો સંયોગી ચીજો રહી, એમાં તો ક્યાંય સુખ છે નહિ. એક સત્તાનું સુખ એમાં નથી. ભિન્ન સત્તામાં માનેલું સુખ તે સુખ છે નહિ. આહાહા..! એ ભિન્ન સત્તાવાળા પદાર્થમાં સુખ માન્યું તે માન્યતા ખોટી ને એમાં સુખ નથી. કહો, સમજાણું આમાં? ભગવાનઆત્મા આ ધૂળથી ભિન્ન છે, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન છે. એવો ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ કંદ ધ્રુવ ગુણ છે. એનો જ્યાં અંતર અનુભવમાં સ્વીકાર થઈને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આનંદનું વેદન થયું, કહે છે કે, વેદતા... વેદતા... વેદતા...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વેદતા... કર્મ રહિત આનંદની એક સત્તારૂપ અવસ્થા થઈ ગઈ. આનંદની એકરૂપ સત્તા થઈ જશે, એક સત્તારૂપ આનંદ રહેશે. આહાહા..! સમજાણું કાંઈ?

પરિણમી ગઈ છે, એમ છે ને? છેલ્લી ગાથામાં, ૪૧૫. 'સમયસાર'. પરિણમિત થઈ ગઈ, સુખરૂપ થઈ ગઈ. સુખ થાશે, આવશે ક્યાંથી આવે? આવે ક્યાંથી? પોતે સુખરૂપ પરિણમી જશે. એક સત્તારૂપે (પરિણમી જશે). દ્રવ્યમાં સુખ, ગુણમાં સુખ, પર્યાયમાં સુખ. ઇ પૂર્ણ સુખ. અપૂર્ણ આનંદથી અનુભવ કરતાં કરતાં પૂર્ણ આનંદ જે પડ્યો છે એ પર્યાયમાં પૂર્ણ આનંદમય એક સત્તારૂપ દશા થઈ જશે, એક સત્તારૂપ. એનું નામ નિષ્કર્મ સિદ્ધદશા (છે). આહા..! કથનની પદ્ધતિ પણ (એવી), ટીકા કરનારની પણ (પદ્ધતિ પણ એવી). સમજાણું કાંઈ?

'निष्कर्मशर्ममयम्' આચાર્યના શબ્દો છે ને અંદર? આ તો ભિન્ન સત્તામાં ગોતી રહ્યો, ધૂળમાં. પુણ્ય-પાપના પરિણામ એ વિભાવ સત્તા છે, ઇ સ્વભાવ સત્તા નથી. ત્યાં શોધે છે સુખ. મિથ્યાદૃષ્ટિ પુણ્ય-પાપમાં સુખ શોધે છે, એના ફળમાં સુખ–આ વિષકર્મ કર્મફળ કહે છે ને? એમાં સુખ શોધે છે. ધૂળમાંય નથી. હેરાન થઈને મિથ્યાત્વના પરિણમને હીણી દશાનું (પરિણમન થશે). એમ મિથ્યાત્વમાં રમતા રમતા હીણી દશાનું પરિણમન થઈ જશે. સમજાણું? છતાં એ દુઃખની દશારૂપ સ્વભાવ નથી. પર્યાયમાં તન્મય ભલે થયો, દ્રવ્ય-ગુણમાં નથી. અને આ તો પર્યાય પણ અનંત આનંદમય, ચૈતન્યમય થઈ ગઈ, એમ કહે છે. એક ધારા થઈ ગઈ, એક પ્રવાહ થઈ ગયો. વસ્તુ જેવી અનંત ગુણ આનંદનો કંદ હતો, આત્મા આનંદ ગુણ હતો એનો અંતર અનુભવ, સમ્યગ્દર્શન પ્રગટ કરી એમાં રમતા રમતા 'शर्ममयम्' થઈ ગયો. એકલા એક સત્તાનો આનંદ પ્રગટી ગયો, એક સત્તારૂપ આનંદ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..!

એણે આત્મા કેવો ને કેમ છે એમ એણે અંદરમાં પ્રેમથી સાંભળ્યો નથી. સમજાણું કાંઈ? એની કિંમત કોડી જેવી જાણે અને અહીં ક્યાંક મળે ત્યાં આહા..! હરખ... હરખ... હરખ... હરખ... છોકરો એક પરણાવે ને હરખ-જમણ થાય ને એમાં પાંચ લાખ ખર્ચવા હોય, બે કરોડની, પાંચ કરોડની મૂડી હોય... જુઓ! હું પહોળો ને શેરી સાંકડી. ફાલ્યો માય નહિ, ફુલ્યો માય નહિ. સમજાય છે કાંઈ? એમાં પાંચ-દસ લાખના મકાન કર્યા ને એમાં રાજાને જમણ કરાવ્યા હોય, ખુલ્લામાં જમતા હોય, પાંચ હજાર તો માણસ ભેગા થાય અને સોનાની થાળીઓ બધાને. શું છે પણ? વાસ્તુ કર્યું મિથ્યાત્વનું. ભ્રમણામાં ભમ્યો ભગવાન. ભમ્યો તે કેવો પણ હોંશથી પાછો એમ. હોંશ કરીને પડ્યો, આમ અંદરથી કૂદે. આહાહા..! આવે છે ને? ઇન્દ્રો પણ વિષયમાં રમે છે. વિષયની ઇચ્છાવાળા ભોગની ભાવનામાં આનંદને નહિ ભાળતા ફૂ.. ફૂ.. થઈને પડે છે. માંસ ને હાડકા ને ચામડા, પૈસા ને ધૂળ-ધમાહા. જીવન ગુમાવી નાખે છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે આ જીવનને લેખે કર્યું. એ જીવન એવું થઈ ગયું, કર્મ વિનાની શર્મ નામ આનંદ દશા (થઈ ગઈ). નિષ્કર્મ કર્મ, કર્મ ને શર્મ બે શબ્દ સરખા આવ્યા. કર્મ-શર્મ. કર્મ વિનાનો શર્મમય. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની અંતર રુચિ દૃષ્ટિના અનુભવથી વધતા વધતા કર્મ વિનાનો શર્મવાળો થઈ ગયો. શર્મ એટલે આનંદ. શર્મ એટલે આ શરમ નહિ, હોં! કર્મ રહિત ને શર્મસહિત. શર્મ એટલે શું? આનંદ. શર્મ એટલે સુખ થાય છે. બિલકુલ કર્મ રહિત ને પૂર્ણ આનંદ સહિત. આહાહા..! અશર્મ એટલે દુઃખ. કર્મ એટલે દુઃખ કહો કે અશર્મ કહો કે દુઃખ કહો બધું એક જ છે. સમજાણું કાંઈ? આહા..!

'તે-મય છે...' એની વ્યાખ્યા કરી. 'તેની સાથે એક સત્તારૂપ છે.' તે-મયની વ્યાખ્યા કરી. તેની સાથે એકસત્તારૂપ છે. ભગવાનઆત્મા પોતાના દ્રવ્ય-ગુણના અનુભવની પર્યાય પ્રગટ કરી અને એ પર્યાય-દશા એવી થઈ ગઈ, એકલો આનંદમય, એક સત્તારૂપ થઈ ગઈ. આનું નામ મુક્તિ ને આનું નામ સિદ્ધપદ કહેવાય છે. સમજાણું કાંઈ? ૪૦ (કળશ પૂરો) થયો. હવે, કહે છે કે, અરે..! એવા આનંદને સર્વકાળ પીવો. આવો જેણે પુરુષાર્થ કરીને પરમાત્મ દશા પ્રગટ કરી, એવા શાંતરસને અનંત કાળ હવે પીવો.

---

( સ્ત્રગ્ધરા )

अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च
प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसञ्चेतनायाः।
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसञ्चेतनां स्वां
सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु।।४१-२३३।।

ખંડાન્વય સહિત અર્થ :- 'इतः प्रशमरसम् सर्वकालं पिबन्तु' ( इतः ) અહીંથી શરૂ કરીને ( सर्वकालं ) આગામી અનંતકાળ પર્યંત ( प्रशमरसम् पिबन्तु ) અતીન્દ્રિય સુખને આસ્વાદો. તે કોણ ? 'स्वां ज्ञानसञ्चेतनां सानन्दं नाटयन्तः' ( स्वां ) પોતાસંબંધી છે જે ( ज्ञानसञ्चेतनां ) શુદ્ધ જ્ઞાનમાત્ર પરિણતિ, તેને ( सानन्दं नाटयन्तः ) આનંદ સહિત નચાવે છે અર્થાત્ અતીન્દ્રિય સુખ સહિત જ્ઞાનચેતનારૂપે પરિણમે છે, એવા છે જે જીવ તે. શું કરીને ? 'स्वभावं पूर्णं कृत्वा' ( स्वभावं ) સ્વભાવ અર્થાત્ કેવળજ્ઞાન તેને, ( पूर्णं कृत्वा ) આવરણ સહિત હતું તે નિરાવરણ કર્યું. કેવો છે સ્વભાવ ? 'स्वरसपरिगतं' ચેતનારસનું નિધાન છે. વળી શું કરીને ? 'कर्मणः च तत्फलात् अत्यन्तं विरतिम् भावयित्वा'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( कर्मणः ) જ્ઞાનાવરણાદિ કર્મથી ( च ) અને ( तत्फलात् ) કર્મનાં ફળ સુખ-દુઃખથી ( अत्यन्तं ) અતિશયપણે ( विरतिम् ) વિરતિને અર્થાત્ શુદ્ધ સ્વરૂપથી ભિન્ન છે એવો અનુભવ થતાં સ્વામિત્વપણાના ત્યાગને ( भावयित्वा ) ભાવીને અર્થાત્ એવો સર્વથા નિશ્ચય કરીને; 'अविरतं' જે પ્રકારે એક સમયમાત્ર ખંડ ન પડે તે પ્રકારે સર્વ કાળ. વળી શું કરીને? 'अखिलाज्ञानसञ्चेतनायाः प्रलयनम् प्रस्पष्टं नाटयित्वा' સર્વ મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિનો ભલા પ્રકારે વિનાશ કરીને. ભાવાર્થ આમ છે કે-મોહ-રાગ-દ્વેષપરિણતિ વિનશે છે, શુદ્ધ જ્ઞાનચેતના પ્રગટ થાય છે, અતીન્દ્રિય સુખરૂપે જીવ પરિણમે છે;-આટલું કાર્ય જ્યારે થાય છે ત્યારે એકીસાથે જ થાય છે. ૪૧-૨૩૩.

---

अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च<br>
प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसञ्चेतनायाः।<br>
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसञ्चेतनां स्वां<br>
सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु।।४१-२३३।।

એ આનંદને પીવો, શાંતરસને પીવો, કહે છે. ઇ શું હશે? આહાહા..! એ ભગવાનઆત્મામાં શાંતરસ પડ્યો છે. એનો અનુભવ કરીને હવે સદાકાળ શાંતરસને પીવો. પીવો એટલે અનુભવો, એમ. તૃષા લાગી હોય ને પછી મોસંબીના પાણી ને એમાં નાખ્યા હોય બરફ, મોસંબીના પાણી ને એમાં નાખ્યા બરફ. થોડા કાળ પછી ના પાડે. શેર-બશેર ઢીચ્યું, શેર-બશેર ઢીચ્યું પછી કહે, હવે નહિ. કેમ કહેતો ને મજા છે? કહે છે કે, આ આત્માનો આનંદ શાંતરસ સદાકાળ રહેશે, પીવો. એમાં કોઈ દિ' અતૃપ્તિ નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? સંસારમાં ગમે તેવા કલ્પનાના સુખો (હોય) પણ હવે નહિ, એમ થાય કે નહિ? હવે નહિ, હવે નહિ. શરીર સડ્યા, વૃદ્ધાવસ્થા થઈ હવે તો મૂક. સુખ હતું ને? સુખ મૂકાય? મૂઢે માન્યું હતું, હતું કે દિ' ધૂળમાં? કહે છે કે, આનંદ જે આત્માનો શાંત અકષાય સ્વભાવ એ અંતર સ્વભાવ છે એવું ભાન થઈને પ્રગટ્યો.

'इतः प्रशमरसम् सर्वकालं पिबन्तु' અરે..! 'અહીંથી શરૂ કરીને...' એવો ભગવાન અકષાય વીતરાગ સ્વરૂપ. પોતાનું સ્વરૂપ જ શાંતરસનો પિંડ છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ' પ્રશમરસ શાંત... શાંત... શાંત... ભગવાનઆત્મા અકષાયરસથી ભરેલો શાંતરસ છે. એને અનુભવ કરીને સમ્યગ્દર્શનથી ચારિત્ર પ્રગટ કરીને જે શાંતરસ પ્રગટ્યો... આહા...! નિર્વાણપદ શાંતરસ, એ જ્યારથી પ્રગટ્યો ત્યારથી 'આગામી અનંત કાળ પર્યન્ત...' આહા..! અનંત કાળ. સંસારના પર્યાયનો કાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થોડો, મોક્ષના પર્યાયનો કાળ અનંતગણો. સમજાણું કાંઈ? સ્વભાવ શુદ્ધ ચૈતન્ય પ્રભુ! એની દૃષ્ટિના અનુભવમાં મોક્ષનો કાળ થાય તો અસંખ્ય કાળ, અસંખ્ય સમય જોઈએ. એના ફળ તરીકે કહે છે કે, આગામી અનંત કાળ પીવો હવે,. આહા..! સમજાણું કાંઈ? શું કહ્યું? સમજાણું નથી.

આત્મા પુણ્ય-પાપના વિકલ્પને મારા માનીને અનંત કાળ રખડ્યો. અનંત કાળથી દુઃખ થયા એની પર્યાય થોડી અને મુક્તિની પર્યાય આનાથી અનંતગુણી પણ એ પર્યાય પ્રાપ્ત (કરવા) માટે આત્માના અનુભવનો કાળ જ અસંખ્ય સમયનો છે. સમજાણું કાંઈ? એને સાધવા માટે અનંત કાળ ન લાગે, સિદ્ધપદને સાધવા અનંત કાળ ન લાગે.

અહીં કહે છે કે, અહો! તે કામ મોટા કર્યા, ભાઈ! હવે, સર્વ કાળ, આગામી અનંત કાળ. ત્રિકાળવર્તી. ત્રિકાળવર્તી નહિ (એમ કોઈ) કહે છે. એ સર્વજ્ઞ ત્રિકાળવર્તી નહિ. આમાં પણ આવે છે હોં! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. સર્વજ્ઞ થાય એ ત્રિકાળવર્તી જાણે એવું આમાં – 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. ત્રિકાળવર્તીને જાણે, ત્રિકાળવર્તી. સર્વજ્ઞ ત્રિકાળવર્તી શબ્દ લીધો. આ કાળ ભવિષ્યની વાત છે. સમજાય છે? ત્રિકાળવર્તીમાં ત્રણે કાળ આવી જાય છે.

કહે છે કે, ભગવાનઆત્મા પોતાના આનંદના પ્રેમ વિના એણે પુણ્ય-પાપ ને શરીરના પ્રેમે મિથ્યાત્વે દુઃખની દશાનો કાળ અનંત ગાળ્યો. આ આત્માના અનુભવના કાળની દૃષ્ટિ થઈ, વસ્તુનું ભાન થયું અને ભાન થઈને કેવળજ્ઞાન પામવા માટે ફક્ત એને અસંખ્ય સમય જ અનુભવ માટે જોઈએ. હવે એના ફળ તરીકે... સમજાણું કાંઈ?

'અનંત કાળ પર્યન્ત 'પ્રશમરસમ્ પિબન્તુ' 'અતીન્દ્રિય સુખને આસ્વાદો.' આહાહા..! 'આશા ઔરન કી ક્યા કીજે' આવે છે ને 'આનંદઘનજી'માં? 'જ્ઞાન સુધા રસ પીજે, આશા ઓરન કી ક્યા કીજે' જ્ઞાન સુધા રસ--ચૈતન્યનો આનંદ સુધા અમૃત રસ, એને પીવો. એ સિવાય ક્યાંય સુખ છે નહિ. આહાહા..! કહે છે, 'પ્રશમરસમ્ પિબન્તુ' એ પ્રશમનો અર્થ અકષાય પરિણામ ન કરતા અતીન્દ્રિય સુખને આસ્વાદો. ચારિત્ર અકષાય શાંતરસ જે પરિણમ્યો છે એમાં અતીન્દ્રિય આનંદ સાથે છે. સમજાણું કાંઈ?

આત્માના અંતરમાં અકષાય રસ છે એ શાંતરસ છે. આનંદ છે ઇ સુખ છે. જ્યારે આત્મા પોતાના અકષાય સ્વભાવ ને આનંદ સ્વભાવમાં પ્રતીત અને અનુભવમાં રમતા જ્યારે અકષાય સ્વભાવ પૂર્ણ થયો એટલે શાંતરસ પૂર્ણ થઈ ગયો અને એની સાથે આનંદ પણ પૂર્ણ થઈ ગયો. સમજાણું કાંઈ?

અહીં સાંઈઠ વર્ષનું, એંશી વર્ષનું આયુષ્ય. દાખલો. હવે એંસી વર્ષમાં પાછા ચાલીશ તો ઊંઘમાં જાય. ચાલીશ રહે એમાં કાંઈક રોગમાં ને રળવામાં ને એમાં જાય, વીસ વર્ષ રહ્યા એમાં પણ કાંઈક પાછા કો'કની સાથે વાતું હવે, એમાં ભોગ ભોગવવાનો કાળ તો એને બહુ થોડો. સમજાણું કાંઈ? આ ભગવાનઆત્માના અનુભવની દૃષ્ટિ કહે છે કે, અસંખ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયનો સાધક જો થા (તો) ભવિષ્યનો અનંત કાળ આનંદ રહે એવું એનું ફળ છે. કહો, સમજાણું આમાં?

'આગામી અનંત કાળ પર્યન્ત....' અનંત કાળ સુધી. પછી છેડો આવતો હશે ને અનંત કાળ પર્યન્ત છે એટલે? અનંત કાળ પર્યન્ત એટલે અનંત કાળ સુધી એમ ને એમ. 'प्रशमरसम् पिबन्तु' અહો! ભગવાન! એ તેં આત્માના અતીન્દ્રિય આનંદની ખાણનો અનુભવ કર્યો. હવે એના પરિણામમાં અતીન્દ્રિય આનંદને પીવો, અનુભવ કરો. આહા..! કેટલો કાળ? કે, અનંત કાળ. આહાહા..! કોઈ દિ' દ્રવ્ય ખૂટે તો આનંદની પર્યાય ખૂટે. ભવિષ્ય આટલું.. નજરું જ્યાં પહોંચે નહિ એટલું રહેનારું દ્રવ્ય, નજરું જ્યાં પહોંચે નહિ એટલો રહેનારો કાળ. આમ પર્યાયનો, હોં! આવા સમ્યગ્દર્શનના અનુભવમાં ફળ! સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશમાં આવ્યું ને અષ્ટ પાહુડની ગાથા– સમકિતથી પરિણમતો પરિણમતો જ આઠ કર્મનો નાશ કરી નાખે છે, સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ?

કહે છે 'અતીન્દ્રિય સુખને આસ્વાદો.' એવા ભગવાન મહિમાવંત પદાર્થને તેં અનુભવ્યો એ અનુભવના ફળમાં અનંત કાળ આનંદનો અનુભવ કર એ એનું ફળ છે, કહે છે. 'તે કોણ?' 'स्वां ज्ञानसञ्चेतनां सानन्दं नाटयन्तः' 'स्वां' 'પોતાસંબંધી છે જે શુદ્ધ જ્ઞાનમાત્ર પરિણતિ,...' સમજાણું કાંઈ? આત્મા વસ્તુ જ્ઞાનાનંદ, એની જે જ્ઞાનચેતના પ્રગટ કરી, ઇ જ્ઞાનચેતના એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન ને આનંદ આદિ, એ સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ્ઞાનચેતના પ્રગટ થઈ એટલે ભેગો આનંદ પ્રગટ્યો 'શુદ્ધ જ્ઞાનમાત્ર પરિણતિ,...' એ આત્મ વસ્તુની જે શુદ્ધ નિર્મળ પરિણતિ. 'ज्ञानसञ्चेतनां' એ જ્ઞાનની વ્યાખ્યા કરી. શુદ્ધ જ્ઞાનમાત્ર 'सञ्चेतनां' પરિણતિ, પરિણમવું, શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમવું. 'તેને 'सानन्दं नाटयन्तः' આનંદ સહિત નચાવે (પરિણમાવે) છે...' સમજાણું?

કહે છે કે, જ્ઞાનનું પરિણમન આનંદ સહિત પરિણમે છે. એ પુણ્ય-પાપનું પરિણમન દુઃખ સહિત પરિણમે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત, એની જ્ઞાનચેતના શુદ્ધ જ્ઞાનનું વેદન (થતાં) કહે છે કે, 'सानन्दं नाटयन्तः' 'એ આનંદ સહિત નચાવે છે...' પરિણમે છે, એમ. વસ્તુ... વસ્તુ... ભગવાનઆત્મા એનું જે સમ્યગ્જ્ઞાન થયું એ જ્ઞાનચેતના, પોતા સંબંધી જ્ઞાનચેતના એ પરિણતિ કેવી થઈ? કે આનંદ સહિત પરિણમી રહ્યું છે. અતીન્દ્રિય આનંદની ભેગું રહીને જ્ઞાન પરિણમે છે.

'અર્થાત્ અતીન્દ્રિય સુખ સહિત જ્ઞાનચેતનારૂપે પરિણમે છે,...' લ્યો! સમજાણું કાંઈ? પોતાના આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન સુખરૂપે જ્ઞાન પરિણમ્યું, આનંદરૂપે પરિણમ્યું. સમજાણું? આ કોઈ રાત્રે સૂવે ત્યારે કહે છે ને? શુભરાત્રી. સાંભળ્યું છે? સૂઈ જા, એમ ન કહે.. શુભરાત્રી. સાંભળ્યું છે કે નહિ? અહીં તો બધું ઘણું અમારે છે. અમારે 'દામોદર' શેઠ હતા ને? એક કલાક ચર્ચા થાય પછી ઉઠે ત્યારે બોલે, શુભરાત્રી. કલાક ચર્ચા થાય. છે તમારે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે નહિ ક્યાંય? નહિ હોય? હોય તો ખરું ક્યાંક, ખબર ન હોય. શુભરાત્રી. એ..ઇ..! સુઈ જાવ કદાચ મરી જાય ને એમ કહેવાય નહિ, શુભરાત્રી એમ કહે. મીઠી ભાષા. એમ અહીં આત્મામાં સુખાનંદની દશા પરિણમે છે, કહે છે. જાગતી પરિણમે છે, પેલી રાત્રીમાં સુખ કરો એમ અજ્ઞાનમાં કહે છે. આત્મા પોતાના આનંદના જ્ઞાને પરિણમતો, જાગતો સિદ્ધ દશા પામે છે. એનું સમ્યગ્દર્શન ને જ્ઞાનનું પરિણામનું આ ફળ છે. વિશેષ કહેશે...

( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ! )

---

માગશર સુદ ૨, ગુરુવાર તા. ૨૫-૧૧-૧૯૬૫.
કળશ-૨૩૩, ૨૩૪ પ્રવચન-૨૫૦

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' 'કળશ-ટીકા', ૪૧ કળશ. શરૂઆત ફરીને, જુઓ!

'इतः प्रशमरसम् सर्वकालं पिबन्तु' 'અહીંથી શરૂ કરીને...' એટલે શું કહ્યું? જેણે આત્માના શુદ્ધ આનંદ સ્વભાવને સંચેતન કરીને જ્ઞાનચેતના પ્રગટ કરી છે અને અજ્ઞાનચેતના એટલે પુણ્ય-પાપના ભાવ ને હરખ-શોકના ભાવ એવી બે અજ્ઞાન ચેતના છે, એનો જેણે નાશ કર્યો છે. અંદર છેલ્લે આવશે. 'अखिलाज्ञानसञ्चेतनायाः प्रलयनम्' આત્મા અનાદિથી પુણ્ય-પાપના રાગરૂપી આકુળતા અને એનું વેદન-હરખ-શોકનું વેદન એ અનાદિથી અજ્ઞાનનું વેદન એને હતું. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક ગયો પણ એને વેદન એ હતું. પરનું વેદન નહિ, સ્વભાવનું નહિ. સમજાણું કાંઈ? ફક્ત એ શુભ-અશુભભાવ અને હરખ-શોકનું વેદન, બસ! આ એણે સંસારમાં અનાદિથી આકુળતાનું કાર્ય કરીને આકુળતાને વેદી છે. એ અજ્ઞાનચેતનાને જ્ઞાનચેતના દ્વારા નાશ કરી. અરે..! હું આત્મા આનંદ ને જ્ઞાનમૂર્તિ છું. મારો આનંદ શુદ્ધ સ્વભાવ ત્રિકાળ ત્રિકાળ એવો ને એવો છે. એમ અંતરનું ભાન કરી આનંદ ને જ્ઞાનચેતનાને પ્રગટાવી અને એ અજ્ઞાનચેતનાનો નાશ કર્યો.

કહે છે 'અહીંથી શરૂ કરીને 'सर्वकालं' આગામી અનંતકાળ પર્યન્ત 'प्रशमरसम् पिबन्तु' અતીન્દ્રિય સુખને આસ્વાદો.' હવે એને આસ્વાદ રહ્યો અનુભવ અતીન્દ્રિય આનંદનો. સમજાણું કાંઈ? જે વેદન હતું અજ્ઞાનમાં પુણ્ય-પાપ ને હરખ-શોકનું, એ ભાન (થયું કે) આત્મા ચિદાનંદ સચ્ચિદાનંદ મૂર્તિ આત્મા છું, એવું સમ્યગ્દર્શન થતાં જ્ઞાનચેતના જાગી અને એની જ્ઞાનચેતનાનું વિશેષ ઘોલન કરતા સર્વથા રાગ-દ્વેષનો નાશ થયો.

હવે, આગામી અનંતકાળ-ભવિષ્યનો અનંતકાળ 'प्रशमरसम् पिबन्तु' એ આત્માનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અતીન્દ્રિય આનંદ રસ (પીવે છે). જે આકુળતાનો રસ હતો એ અનુભવતો (હતો) એને અભાવ (કર્યો). સ્વભાવના ભાન દ્વારા પ્રગટ કરીને સ્વભાવનું (વેદન પ્રગટ કર્યું). હવે એવા અતીન્દ્રિય આનંદનું વેદન (થયું), અનાદિનું સંસારનું અજ્ઞાન વેદન શાંત થઈ ગયું અને આત્માનું ભાન થઈને અતીન્દ્રિય આનંદનું વેદન શરૂ થઈને અનંતકાળ રહેવાનું છે. સમજાણું કાંઈ? શું આમાં કરવાનું આવ્યું? એ આત્મા કરે છે શું? કીધું ને પહેલું. કરે છે શું એ અનાદિનો? એ શુભ-અશુભભાવ ને હરખ-શોકનો ભાવ કરે ને વેદે આ એણે કર્યું છે. બીજું કાંઈ એક ફોતરું ફેરવ્યું નથી. હશે? શું હશે?

કાપ્યા, ધૂળમાંય કાપતો નથી. પરદ્રવ્યને કરે શું ઈ? રજકણો, પુદ્ગલો, પરમાણુ આ માટી છે, જગતનું તત્ત્વ છે. એ તત્ત્વો પોતાનું અસ્તિત્વ રાખીને બદલો થાય છે. એ તો એને કારણે થાય. આત્મા એને કરે એ ત્રણકાળ, ત્રણલોકમાં બનતું નથી. એનું અભિમાન કર્યું એ તો કર્મચેતના કીધી. મેં આ કર્યું ને મેં આ ભોગવ્યું એવો મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મોહનો રાગ-દ્વેષભાવ એણે કર્યો અને એને એણે વેદ્યું. એ દુઃખી થઈ રહ્યો છે. 'જમુભાઈ'! શું કર્યું હશે? આ ચોપડીઓ કરીને આ બધા છપાવ્યા ને બધા બહાર પાડ્યા ને? અહીં મોટું લઠ જેવું શરીર હોય ને અને આમ... થઈ જાય. ઘડીકમાં આમ થઈ જાય. એ તો જડની અવસ્થા છે. શું આત્મા એને કરે છે? ને આત્મા એને રાખે છે? અને આત્માની સંભાળથી રહે છે? કેમ હશે ડૉકટર? આ દવા આપીને રાખતા નથી? તો શું કરવા આવો છો ન્યાંથી? આહાહા..!

આ તો જડના પોટલા પરમાણુના છે. પરમાણુનું પોટલું માટી અને આ બધા બહાર દેખાય એટલી બધી રજકણના પોટલા, બધી ધૂળ છે. એ જગતના અજીવ તત્ત્વો છે અને અજીવ તત્ત્વમાં રહેલો આ બીજો શરીરમાં આત્મા હોય એ જીવ તત્ત્વ છે. એ બધા આત્મા સિવાય અનંત તત્ત્વો જીવ અને એથી અનંતગુણા રજકણો, એની કોઈ પણ અવસ્થા જીવ ત્રણકાળમાં કરે એ ત્રણકાળમાં બનતું નથી. આહા..! એણે કર્યું અભિમાન (કે) મેં આ કર્યું, મેં આ ન કર્યું, આણે આ કર્યું, એવા રાગ ને દ્વેષ કરે અને મિથ્યાત્વ અને એના ફળ તરીકે તે જ ક્ષણે દુઃખની આકુળતાને વેદે. બસ! આ એક એની દશા. એ સિવાય એણે અનંતકાળમાં કાંઈ કર્યું નથી. બસ! બે કહ્યું, ભાવને કર્યાં. આહાહા..! છે ને? છેલ્લે આવશે. 'अखिलाज्ञानसञ्चेतनायाः प्रलयनम् प्रस्पष्टं नाटयित्वा' એમાં છે. આ તો આની સાથે મેળવ્યું ને કે હવે આ અહીંથી લઈને. પણ અહીંથી શું થયું? સમજાણું કાંઈ?

જ્યારથી આત્મા (જાણ્યો કે) અહો! મારું સ્વરૂપ આનંદ સ્વરૂપ છે. મારે કોઈની સાથે કાંઈ સંબંધ નથી. ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ રજકણ સાથે સંબંધ નથી અને આ પુણ્ય-પાપના વિકલ્પોનો સંબંધ એક સમયનો હતો એ પણ મારા આનંદના સ્વરૂપના ભાન દ્વારા એ મારું સ્વરૂપ નહિ એમ જાણ્યું. સમજાણું કાંઈ? આહા..! શરીર, કર્મ બીજાની સાથે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક સમય પણ સંબંધ નહિ. અસ્તિત્વમાં રહેવું એ. એના અસ્તિત્વમાં ઉત્પન્ન થયેલી વિકારી દશા એટલે એક સમયનો સંબંધ પર્યાયમાં સંબંધ હતો, વસ્તુ સ્વભાવની દૃષ્ટિએ જોતા એ પણ સ્વભાવમાં સંબંધ છે નહિ. આનંદ, જ્ઞાનાનંદની મૂર્તિ પ્રભુ ગુણસ્વરૂપે ભગવાન, એ ગુણસ્વરૂપ ત્રિકાળ એમાં એ વિકારનો સંબંધ છે જ નહિ. સમજાય છે કાંઈ? પરના સંબંધની તો ક્યાં વાત કરવી? ઓહોહો..!

ચોવીસ કલાક પણ સળગી ઉઠ્યો હોય. આ કર્યું ને આ મુક્યું ને આ દીધું ને આ લીધું, આણે મારું ભૂંડુ કર્યું ને આણે મારું ભલુ કર્યું ને મેં આનું ભૂંડુ કર્યું. કરી શક્યો નથી કાંઈ, એનાથી તારામાં એ કાંઈ થયું નથી. ચિંતા ઉભી કરી અને રાગ-દ્વેષને કરે અને હરખ-શોકને ભોગવે. બસ! આ એણે અનાદિકાળથી એક સમયના વિરહ વિના, એક સમયના આંતરા પાડ્યા વિના આવું અનંત કાળથી કરે છે. કરે છે શું? ભાવ કર્યા જ કરે મફતનો. આ ડાચા હલવા કે આમ થવા એ કાંઈ આત્માના અધિકારની વાત છે? આ તો જડ-માટી-ધૂળ છે. એને કેમ રહેવું તે એની પર્યાયથી ઇ રહે છે. એનું પરિણમન એનો સ્વકાળ છે એના પ્રમાણે રહે છે. ફક્ત અંદર પરિણામમાં ઘાલમેલ કરી કે મેં આને આમ રાખ્યું, મેં આને ન રાખ્યું, મેં આમ કર્યું, મેં આમ કર્યું, આનું આમ કર્યું, આનાથી આમ થયું, મેં આમ કર્યું ને આનાથી અહીં થયું. એવા મિથ્યા અભિપ્રાય અને મિથ્યા સ્વભાવમાં નથી એવા વિચારની લાગણીઓને કરતો ને ભોગવતો અનંતકાળ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક જૈન દિગંબર મિથ્યાદૃષ્ટિ સાધુએ આ કર્યું છે.

હવે ગુલાંટ ખાય છે. હવે સાદિ અનંત સિદ્ધપદની પ્રાપ્તિના આ ભણકાર વાગ્યા. પહેલું તો આત્મા જ્ઞાન સ્વરૂપ છું ને શુદ્ધ ચૈતન્ય છું. એનું અંતરમાં જ્ઞાન ને ભાનમાં સ્વભાવનો સ્વામી થયો. વિકાર ને દુઃખના વેદનનો સ્વામી ગયો એટલે એમાં એકપણું ગયું. સ્વભાવ શુદ્ધ ચૈતન્યની સાથે એકપણું થયું. એકપણાને ઘૂંટતા રટણ કરતાં કરતાં એ અજ્ઞાન એટલે રાગ-દ્વેષની અસ્થિરતા ને સુખ-દુઃખ બિલકુલ નાશ થઈ ગયા. આહા..!

હવે, 'આગામી અનંતકાળ પર્યન્ત અતીન્દ્રિય સુખને આસ્વાદો.' બસ! આ તારી દશા. આ સિદ્ધ દશા એટલે આ. અતીન્દ્રિય આનંદની પૂર્ણ દશાનો અનુભવ કરવો એ સિદ્ધ દશા. સમજાણું કાંઈ? 'તે કોણ?' 'स्वां ज्ञानसञ्चेतनां सानन्दं नाटयन्तः' દેખો! 'પોતાસંબંધી છે જે 'ज्ञानसञ्चेतना' શુદ્ધ જ્ઞાનમાત્ર પરિણતિ,...' જ્ઞાનનું જ્ઞાનમાં વેદન. ભગવાન જ્ઞાનમૂર્તિ જેનું સ્વરૂપ જ જ્ઞાનનો પુંજ, એ જ્ઞાનના પુંજનું એકાગ્રપણાનું વેદન, એનું નામ જ્ઞાનસંચેતન કહેવામાં આવે છે. જ્ઞાનનો સમ્યક્ પ્રકારે અનુભવ. એ સમ્યગ્દર્શનથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? અહીં તો પૂરાની વાત કરી છે. સમજાણું કાંઈ?

અનાદિથી વેદન (રાગ-દ્વેષનું હતું), હવે જ્યારે આત્મભાન થયું ત્યારે આત્મા જ્ઞાનાનંદ છે એની જ્ઞાનચેતના અપૂર્ણ પ્રગટી. સાથે થોડો રાગ-દ્વેષ અને હરખ-શોકનો વિકલ્પ રહો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ એનું હુંપણું એમાં રહ્યું નથી. એ પણ સ્વરૂપના હુંપણાના સ્વરૂપમાં સ્થિર થતાં થતાં એ બધું ગયું અને એકલો અતીન્દ્રિય આનંદ રહી ગયો એનું નામ સંચેતના-જ્ઞાનનો અનુભવ, એનું નામ મુક્તિ કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા, ભાઈ! શું આ કર્યું પણ ત્યારે અત્યાર સુધી ત્યાં 'મુંબઈ'? પરમાં તો કર્યું નથી, ભાવમાં કર્યું. આહાહા..!

હવે તો કહે છે કે, જે પર વિકાર દુઃખ હતું એ સ્વ સ્વભાવ નહોતો. સ્વ 'પોતાસંબંધી છે જે શુદ્ધ જ્ઞાનમાત્ર પરિણતિ,...' ભગવાનઆત્મા પોતાનું નિધાન ચિદાનંદ ભગવાન, એમાં એકાગ્ર થઈને શાંતિ ને જ્ઞાનની શુદ્ધ પરિણતિ પ્રગટ કરી. પરિણતિ એટલે પર્યાય. શુદ્ધ એટલે નિર્મળ. જ્ઞાનના આનંદની દશા, જ્ઞાનના આનંદની દશા સ્વભાવમાં પ્રગટ કરી. 'તેને આનંદ સહિત નચાવે છે...' એને આનંદ સહિત જ્ઞાનનું પરિણમન થાય છે. સમજાણું? 'અતીન્દ્રિય સુખ સહિત જ્ઞાનચેતનારૂપે પરિણમે છે,...' કાલે અહીં સુધી આવ્યું હતું. આહાહા..!

ભગવાન મોટો બાદશાહ અનંત આનંદનો કંદ છે એ શું એને બેસતું નથી. આમ કાંઈક આમ બહાર દેખે ને આ.. આ.. આ.. એ બધાના અસ્તિત્વને સ્વીકારનારનું અસ્તિત્વ મહાન છે (એને જોતો નથી). મહાન પદાર્થ, મહાન પદાર્થ. ઓહોહો..! જેમાં કેવળજ્ઞાનની પર્યાયો એકલી ભરેલી એવો મહાન પદાર્થ દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો, બસ! ત્યારથી ધર્મની શરૂઆત થઈ. એ થતાં જ્યાં પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ એકલી જ્ઞાનની પરિણતિ આનંદ સહિત નાચે છે, નાચે એટલે પરિણમે છે. જ્ઞાન આનંદ સહિત પરિણમે છે. અનાદિનું આમ જ્ઞાન પરને જાણતાં એકમેક થઈને રાગ-દ્વેષ ને સુખ-દુઃખરૂપે પરિણમતું હતું. આ જ્ઞાન સ્વને જાણતું આનંદમય છે માટે જ્ઞાનનું પરિણમન આનંદ સહિત પરિણમે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! શું કીધું?

મુમુક્ષુ :- મહાન અસ્તિત્વ છે તે છૂપું કેમ રહી ગયું?

ઉત્તર :- પણ મહાન અસ્તિત્વ છે પણ પોતે જોવે ત્યારે ને! નજર કર્યા વિના (દેખાય)? નજર કરતો નથી. એને હજી વસ્તુ શું છે, કેવડી, કેમ છે એની કાંઈ કિંમત નથી. કારણ કે, જે જ્ઞાનનો વર્તમાન અવસ્થા છે એ આમ ઇન્દ્રિય તરફ અનાદિથી ઝુકી ગયો છે. આમ જોવા મથ્યો એટલે આ શું ચીજ છે એણે કોઈ દિ' જોઈ નથી. શ્રદ્ધામાં લીધી નથી, પ્રતીતમાં લીધી નથી, એની મહત્તતાની મહંતતા એને બેઠી નથી. આહાહા..!

'એવા છે જે જીવ તે. શું કરીને?' ભગવાનઆત્મા પોતાના ચિદાનંદઘનમાં એકાકાર થઈને રમતો 'શું કરીને?' 'स्वभावं पूर्ण कृत्वा' પહેલું સ્વભાવ ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયક ચિદાનંદ આનંદની મૂર્તિ પ્રભુ (છે) એવું સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રના અંશમાં એનું ભાન થયું. એ રમતા રમતા, અંદરમાં રમતા રમતા. આવ્યું હતું કે નહિ ઉપર? સમજાણું? 'दशान्तरं एति' આવ્યું હતું ને એમાં? 'सः दशान्तरं एति' એમાં રમતા રમતા, આનંદમાં રમતા રમતા 'दशान्तरं एति' સિદ્ધ દશાને પામી જાય છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે કે, 'स्वभावं पूर्ण कृत्वा' 'સ્વભાવ અર્થાત્ કેવળજ્ઞાન તેને, આવરણ સહિત હતું...' જુઓ! ખૂબી શું કહે છે? પાઠ તો 'पूर्ण कृत्वा' છે. પણ 'कृत्वा' છે ને, કર્યું ત્યારે કાંઈક કર્યું એમ ખરું ને? જે જ્ઞાન આવરણ સહિત હતું, રાગ-દ્વેષ પુણ્ય-પાપના વિકલ્પમાં અટકતું હતું, નિમિત્તનું આવરણ બહારનું (હતું). 'તે નિરાવરણ કર્યું.' અનાદિનો ભગવાન જ્ઞાન મહિમાવંત પ્રભુ! એનું જ્ઞાન રાગ-દ્વેષ, હરખ-શોકમાં અટકતું હતું, જાણીને અટકતું હતું એ ભગવાનનું આત્માનું જ્ઞાન અંતરમાં વળીને પૂર્ણ નિરાવરણ કર્યું. એ અટકવું છૂટી ગયું. જ્ઞાન જ્ઞાનમાં અટક્યું એટલે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. આ બધાને શુભઉપયોગથી કાંઈક થાય (એ નથી કહેતા) એ માટે ખળભળાટ થઈ ગયો છે. પેલા કહે, ચોથાથી બારમા સુધી શુભઉપયોગ જ છે. હરામ પહેલા શુદ્ધોપયોગ હોય તો. પહેલા શુદ્ધોપયોગ નહિ. શુભઉપયોગ ચોથેથી બાર સુધી છે. (શુદ્ધ) ઉપયોગ તો બારમે, તેરમે (હોય).

મુમુક્ષુ :– એ બાર સુધી આવ્યું?

ઉત્તર :– હા, બાર સુધી આવ્યું. એ તો એને ક્યાં મગજ (છે). જેણી કોર હાલ્યું, તે હાલ્યું. આ લોકો એમ કહે છે, શુભ ઉપયોગ દયા, વિશુદ્ધ ધર્મ છે. આવા આવા પાઠો છે, તમે શું લખો છો? 'કૈલાસચંદજી' કહે, તમે આવાને તમે મદદ આપો છો એનો શું અર્થ? આવા ધર્મના પાઠ છે એને ઇ કહે છે કે, ધર્મ નહિ. શું કરવું? સમજાણું? અમને તો આશ્ચર્ય થાય છે કે આ રીતે કેમ? અને તે એ પોતે 'કાનજીસ્વામી' તો ભદ્રિક છે. પણ આવા વિદ્વાનોએ ખોસી રાખીને ટેકા આપ્યા એટલે એને.. એ 'હિંમતભાઈ'! ઠીક! એમ કરીને લખ્યું છે, હોં! એમ લખ્યું છે આમાં. ભદ્રિક છે પણ મારા તમે ઊંધા વિદ્વાનોએ ટેકો આપીને આ બધું હેરાન કરી નાખ્યા. અરે..! ભગવાન! આહાહા..! સમજાણું?

એવું લખ્યું છે અંદર, હોં! શું કહેવાય? 'જૈન ગેજેટ'. 'ગલત માન્યતાકો પ્રસારકા સમર્થન કરતે હૈં, સિદ્ધાંતીક જ્ઞાનકા અપમાન કરતે હૈં, સમાજ કો અસત્ પ્રદર્શન કરતે હૈં. ઇતના નહિ અપિતુ જે ભદ્ર પરિણામી શ્રી કાનજીસ્વામીકા ભી બહુત ભારી અહિત કરતે હૈં.' આને તમે હા પાડો છો? અરે..! ભગવાન! શું કરે?

આ વસ્તુ આત્મા શુદ્ધ આનંદઘન છે એના ભાન વિના શુભ ક્રિયાકાંડ કરીને મરી જાય નહિ. ઇ ક્યાં એના ઘરની ચીજ છે? આહાહા..! વ્યવહાર ધર્મ કહ્યો છે દયા, દાન આદિ રાગ મંદ. પણ કોને? શુદ્ધનું ભાન ને અનુભવ દૃષ્ટિ સ્થિરતા થઈ ત્યાં ઓલાને વ્યવહાર કહ્યો છે, વ્યવહાર ધર્મ એને હોય છે ખરો ને? હોય છે ખરો ને? આહાહા..! કહો, ભાઈ! એ રીતે પહેલેથી મનાઈ ગયું છે પણ આ વિદ્વાનોએ ટેકા આપ્યા પાછા. એ 'રાજમલજી'! ઠીક ને? આ પણ ટેકો આપે છે. એલ.એલ.બી. થયેલા, લ્યો! આહાહા..!

કહે છે, અહો! ભગવાનઆત્મા! આત્મા એકલું જ્ઞાનમૂર્તિનું અંતર ભાન કરીને જે આવરણ ટાળીને નિરાવરણ કેવળજ્ઞાન પ્રગટ કર્યું. કહે છે ઇ 'આવરણ સહિત હતું તે નિરાવરણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્યું. કેવો છે સ્વભાવ?’ કેવો સ્વભાવ પ્રગટ કર્યો? એ ‘स्वरसपरिगतं’ પોતાના આનંદરસમાં પર્યાય વ્યાપ્ત થઈ ગઈ. જે વર્તમાન દશા વિકાર ને દુઃખની દશામાં વ્યાપ્ત હતી એ દશા-પર્યાય આનંદમાં વ્યાપ્ત થઈ ગઈ. સમજાય છે? એકલા સ્વરસમ, સ્વરસ એટલે જ્ઞાનનો આનંદરસ ને ચૈતન્યની નિર્મળ પર્યાય એવો રસ, એમાં વ્યાપ્ત થઈ ગઈ. પર્યાય આનંદમાં વ્યાપ્ત થઈ ગઈ. આહા..! જે પર્યાય અનાદિથી દુઃખ અને રાગ-દ્વેષમાં વ્યાપ્ત હતી એ વ્યાપ્તને છોડીને ભગવાનઆત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપમાં પરિણમતો એની પર્યાયમાં આનંદ ને જ્ઞાન વ્યાપ્ત થઈ ગયું, એમ કહે છે. અભેદ થઈ ગઈ. સમજાણું કાંઈ? એનો શું કર્યો અર્થ?

‘ચેતનારસનું નિધાન છે.’ એની પર્યાયને ચેતનારસનું નિધાન છે એમ કીધું છે. આહાહા..! ભગવાનઆત્મા પોતે તો ચેતનારસનો નિધાન ત્રિકાળી અખંડ આનંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ પણ એમાં જ્ઞાનચેતના જે પૂર્ણ પ્રગટ કરી, અંતરમાં એકાગ્ર થઈને વિકારનો નાશ કરીને વસ્તુ શુદ્ધ ચિદાનંદના પ્રવાહમાંથી પૂર્ણ જ્ઞાન, આનંદ ને ચેતના પ્રગટ કરી એ ચેતના પણ પરિપૂર્ણ નિધાન છે, કહે છે. ‘ચેતનારસનું નિધાન છે.’ એ પર્યાયમાં પણ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા આદિ અનંતુ ભર્યું છે. આહાહા..! શું કીધું? શેની વાત ચાલે છે આ ‘ભીખાભાઈ’? ગુણની? પર્યાયની? ઇ પર્યાય અનંત ચેતનાનું નિધાન છે. ચેતનરસનું અનંત નિધાન (છે). કેમકે ચેતના એવી નિર્મળ પર્યાય પ્રગટ થતાં એ નિર્મળમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવા અનંત ગુણની નિર્મળ દશા અનંત અનંત પરિપૂર્ણ સાથે પ્રગટ થઈ. ઓહોહો..! સમજાણું કાંઈ? આ ધૂળના નિધાન ગણવા હોય તો સારું લાગે, લ્યો! હેં? પાંચ લાખ ને દસ લાખને ધૂળ લાખ જો મળ્યા હોય ને. ધૂળ એટલે પચાસ કે કરોડ, બે કરોડ, પાંચ કરોડ ધૂળ. મૂઢ મારો ન્યાં જાણે આહા..હા..! આ..હા..! શું છે આ? ગાંડો છો?

દુનિયા એમ કહે છે, ભાઈ! પૈસાવાળાના છોકરા હોય મૂર્ખ તોય ડાયા કહેવાય. નિર્ધનના છોકરા હોય ડાયા તોય (મૂર્ખ કહેવાય). આબરુ બહારમાં બહુ ન હોય ને બોલે એટલે બહુ એની કિંમત ન હોય, એમ મૂઢ લોકો માને. એ... ‘ધર્મચંદજી’!

અહીં તો કહે છે કે, ભગવાનઆત્મા.. ઓહો..હો..! જેના સ્વભાવમાં તો અનંત... અનંત... અનંત... એક એક ગુણમાં અનંત, અનંતની શક્તિનું નિધાન ભર્યું છે. એમાં તો એક એક ગુણનું અનંતુ અનંતુ નિધાન પડ્યું છે. એક એક ગુણ એવા અનંત ગુણનું નિધાન. પણ અહીં પર્યાય પ્રગટ થઈ એમાંય અનંતા નિધાન છે. આહા..! સમજાણું કાંઈ? એક સમયની કેવળ દશા અંતર અનુભવના રટણથી પ્રગટ થયેલું કાર્ય. એ કાર્ય સ્વભાવ પૂર્ણ ચેતનારસનું નિધાન. એ બધા ચેતનાની પર્યાયના રસનું નિધાન છે. આહા..! સમજાણું કાંઈ? એવડો આત્મા એને હજી આમ જાણે આ હું? પણ આ બીજાની મોટપ દેવી હોય તો પાધરો હોશિયાર લાગે. પોતાની મોટપ(નું ભાન ન મળે). એવડો હશે? એવડો હશે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કહે છે અહો..! 'स्वरसपरिगतं' સ્વરસમાં પરિગત થઈ ગયો, પર્યાય વ્યાપી ગઈ, એકાકાર થઈ ગઈ. નિધાન... નિધાન... નિધાન. 'વળી શું કરીને?' 'कर्मणः च तत्फलात् अत्यन्तं विरतिम् भावयित्वा' 'જ્ઞાનાવરણાદિ કર્મથી...' સમજાણું? 'અને કર્મનાં ફળ સુખ-દુઃખથી...' એ રાગ-દ્વેષ આદિ કાર્ય અને એનું ફળ સુખ-દુઃખ. 'અતિશયપણે...' અત્યંત છે ને? 'અતિશયપણે વિરતિને...' ભગવાનઆત્મા જે બહારચલો થઈને રાગ ને દ્વેષ ને હરખ-શોકમાં ભમતો (હતો) એને ભગવાનઆત્માના ઘરમાં એ પરિણતિને વાળી. સમજાણું કાંઈ? આહાહા..! ઘરે આવ્યો ઘરે. ચિદાનંદનું નિધાન એને ઘરમાં જઈને પરિણમ્યો એ પરિણતિ થઈ ગઈ નિધાનમય. શું કરીને? જ્ઞાનાવરણાદિ આઠ કર્મનો નિમિત્તનો અભાવ અથવા પુણ્ય-પાપના કાર્યનો અભાવ અને એના ફળનું સુખ-દુઃખની કલ્પનાનો પણ અભાવ (કરીને).

'અતિશયપણે...' અત્યંત વિરતિ. અહીં તો પૂર્ણ લેવું છે ને? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં એની વિરતિ છે. પુણ્ય-પાપની, કર્મના ફળની વિરતિ છે (પરંતુ) અત્યંત વિરતિ નથી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો આદર થઈને નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટી એ અપેક્ષાએ પુણ્ય-પાપ ને હરખ-શોક ને કર્મની વિરતિ છે, નિવૃત્તિ છે, સ્વભાવમાં એ નથી પણ હજી અસ્થિરતામાં થોડો વિકલ્પ આદિ ભાગ રહી ગયો અને નિમિત્તપણું કર્મનું રહ્યું એ અત્યંત વિરતિ કરીને એકદમ સ્વભાવમાં સમાઈને. 'અર્થાત્ શુદ્ધ સ્વરૂપથી ભિન્ન છે...' વિરતિ, વિરતિની વ્યાખ્યા આ પાછી.

'શુદ્ધ સ્વરૂપથી ભિન્ન છે એવો અનુભવ થતાં સ્વામિત્વપણાના ત્યાગને...' અંશે પણ રાગ એને રહ્યો નહિ. એનું સ્વામિપણું, અહમપણું એમાં રહ્યું નહિ. 'भावयित्वा' એ રીતે 'ભાવીને...' રાગ-દ્વેષના વિકલ્પમાં અહમપણાનો અભાવ ભાવીને, અહમપણાનો અભાવ ભાવીને 'અર્થાત્ એવો સર્વથા નિશ્ચય કરીને;...' એમ. ભાવીનો અર્થ એમ છે. ભાવીને એટલે નિર્ણયરૂપ સ્થિર થઈને. ઓહોહો..! સમજાણું કાંઈ? 'अविरतं' 'अविरतं' આંતરા વિના નિરંતર, એમ. 'જે પ્રકારે એક સમયમાત્ર ખંડ ન પડે તે પ્રકારે સર્વ કાળ.' નિરંતર. 'अविरतं'નો અર્થ નિરંતર. એટલે? આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપમાં એકલો રમતા રમતા લીન થતાં જે પરમાત્મ દશા પ્રગટી એ નિરંતર એક સમયના ખંડ વિના એ પરિણતિ ચાલુ રહે છે. સમજાણું કાંઈ?

સંસાર દશામાં ભગવાનઆત્માની પરિણતિ વિકાર ને વેદન વિનાની એક સમયમાત્ર રહી નથી. ચિદાનંદ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ એણે પુણ્ય-પાપ ને હરખ-શોકનો સ્વામી થઈ એનું વેદન કર્યું એમાં એક સમયનો વિરહ પાડ્યો નહોતો. અહીં એક સમયનો વિરહ પાડતો નથી હવે. ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ! અનાકૂળ નાથ ચૈતન્ય પ્રભુ! એની શુદ્ધ પરિણતિ કરી, વિકારથી અત્યંત વિરતિ કરી, એનાથી છૂટી, એનાથી ભિન્ન થઈ પોતાનો અનુભવ પૂર્ણ કરી 'अविरतं' એક સમયનો પણ ખંડ ન પડે તેમ નિરંતર ધારા પરિણતિની વહે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એમ કહે છે. સિદ્ધ પરમાત્માને કેવળજ્ઞાનની પર્યાય નિરંતર નિરંતર દરેક ગુણની પર્યાય આમ ધારા વહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'એક સમયમાત્ર ખંડ ન પડે તે પ્રકારે સર્વ કાળ.' એક કાળમાં એક સમય પણ ખંડ ન પડે. અખંડધારાએ કેવળજ્ઞાન, કેવળદર્શન, સ્વચ્છતા, પ્રભુતા, અનંત આનંદ, અનંત દર્શન, અનંત વીર્ય એવું જે નિધાન, એક સમયની શક્તિ વ્યક્તિ થઈ ગઈ. નિરંતર એમાં ક્યાંય ખંડ (નહિ), ઓછું નહિ, ખંડ નહિ, આંતરો નહિ. એ પૂર્ણ દશામાં ઓછું નહિ, આંતરો નહિ. પૂરું અને એમ ને એમ નિરંતર. જુઓ! આ સિદ્ધ દશાની સ્થિતિ. આહાહા..! સમજાણું કાંઈ? 'સર્વ કાળ.' સર્વ કાળ એટલે હવેનો સર્વ કાળ, એમ.

'વળી શું કરીને?' 'अखिलाज्ञानसञ्चेतनायाः प्रलयनम् प्रस्पष्टं नाटयित्वा' અર્થ આવો કર્યો છે 'સર્વ મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિનો ભલા પ્રકારે વિનાશ કરીને.' એનો અર્થ એ અજ્ઞાન સંચેતના. એટલે કર્મ–રાગ-દ્વેષના પરિણામ કર્મ એ અજ્ઞાનચેતના છે અને હરખ-શોક એ જ્ઞાનના ચૈતન્યના અંશના અભાવરૂપ છે. શું કીધું? ભગવાનઆત્મા ચૈતન્યનું નૂર, તેજ પ્રભુ ચૈતન્ય સૂર્ય, એમાં જે પુણ્ય-પાપના પરિણામ (થાય) એ જ્ઞાનના તેજના પ્રકાશના અભાવરૂપ છે. પુણ્ય-પાપના ભાવ એ જ્ઞાનના ચૈતન્યના પ્રકાશના અભાવરૂપ છે અને હરખ-શોકનો ભાવ એ જ્ઞાનના આનંદના પ્રકાશના અભાવરૂપ છે. સમજાણું કાંઈ? એને નાશ કરીને. એકલો ચૈતન્ય પ્રકાશ રહી ગયો બસ!

જે અંદર રાગ-દ્વેષ ને હરખ-શોકના પરિણામ હતા એમાં એકત્વબુદ્ધિ હતી પહેલી ટાળી પછી એમાં જે રાગમાં અસ્થિરતા હતી, એ અજ્ઞાન હતું એટલે એમાં જ્ઞાનના પ્રકાશનો અભાવ હતો. એ સ્વરૂપમાં સ્થિર થઈને એને ટાળ્યું. અખિલ અજ્ઞાનચેતના, એમ. તેથી એનો અર્થ અખિલનો અર્થ સર્વ કર્યો. સમજાણું? અજ્ઞાનચેતનાનો અર્થ મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ કરી. સમજાણું આમાં? આ બહુ સરસ ટીકા છે. લોકોના ભાગ્ય અત્યારે કે આ વસ્તુ બહાર આવી. સમજાણું કાંઈ? આવી ઘરગથ્થુ ભાષામાં આવા શાસ્ત્રો બહાર આવ્યા. સમજાણું કાંઈ? જગતના નિધાન મળવા સહેલા છે, બાપુ! પણ આ મળવું મહા દુર્લભ છે. એના શ્રવણ ને સાધન મળવા પણ મહા દુર્લભ છે. આહા..!

એકલો 'अखिलाज्ञानसञ्चेतनायाः प्रलयनम् प्रस्पष्टं' એમ. વિશેષે લય કરી 'प्रस्पष्टं नाटयित्वा' પ્રગટ આત્માને પરિણમાવીને. એનો નાશ પરિણમાવીને, આત્માના સ્વભાવની પરિણતિને પરિણમાવીને. સમજાણું કાંઈ? 'प्रस्पष्टं नाटयित्वा' એમ. નાશનું પરિણમન કરીને. પુણ્ય-પાપને હરખ-શોકના વિકાર અજ્ઞાન ચેતનાનો 'प्रलयनम् प्रस्पष्टं नाटयित्वा' એનો નાશ સ્પષ્ટ કરીને પરિણમાવીને આહાહા..! સમજાણું કાંઈ?

'ભાવાર્થ આમ છે કે – મોહ-રાગ-દ્વેષ પરિણતિ વિનશે છે,...' એટલે કે ભગવાનઆત્મા જે હરખ-શોક ને રાગ-દ્વેષના પરિણામનો સ્વામી થઈને અહમપણે વર્તતો હતો એ પોતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવનો સ્વામી થઈને અહમપણે પોતાના સ્વભાવમાં વર્ત્યો (તો) હરખ-શોક ને પુણ્ય-પાપનો નાશ થાય છે. સમજાણું કાંઈ? આ બધી અંદરની રમતું છે. બહારની સાથે સંબંધ કાંઈ નથી. એ બધા ગોળા બહારના કર્મના રજકણ ને શરીરના ગોળા બધા બહાર પરિણમ્યા, એના કારણે પરિણમી રહ્યા છે, ભગવાનને (અને) એને કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, 'મોહ-રાગ-દ્વેષ પરિણતિ વિનશે છે,...' એટલે કે વિકારનો અભાવ થઈ શકે છે ને થઈ જાય છે. અને 'શુદ્ધ જ્ઞાનચેતના પ્રગટ થાય છે,...' ઉત્પાદ ને વ્યય કહ્યો. શું કીધું? ભગવાનઆત્મા આનંદની મૂર્તિ ધ્રુવ. એને આ વિકાર, હરખ-શોક ને પુણ્ય-પાપના પરિણામનું અહમપણું નાશ પામે છે અને એ પરિણતિ વિનાશ થઈ જાય છે. ભગવાનઆત્મા ધ્રુવપણે કાયમ રહે છે અને એને આશ્રયે શુદ્ધ પરિણતિનો ઉત્પાદ થઈ શકે છે, એમ કહે છે. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ. શું હશે ઉત્પાદ, વ્યય ને ધ્રુવ? સમજાણું કાંઈ?

'શુદ્ધ જ્ઞાનચેતના પ્રગટ થાય છે,...' અશુદ્ધ ચેતના નાશ થાય છે. 'અતીન્દ્રિય સુખરૂપે જીવ પરિણમે છે;...' શુદ્ધ જ્ઞાનચેતના પ્રગટ થઈ એટલે શું થયું? જ્ઞાન એકલું પ્રગટ્યું? એ શુદ્ધ જ્ઞાન પ્રગટ થયું એટલે આત્મા અતીન્દ્રિય સુખરૂપે પરિણમી ગયો. પુણ્ય-પાપ અને હરખ-શોકનું પરિણમન હતું એ દુઃખરૂપ હતું, જ્ઞાન હતું એ એના તરફના લક્ષવાળું હતું, એ અજ્ઞાનચેતના (હતી). ભગવાનઆત્મા શુદ્ધ ઘન જ્ઞાનસ્વરૂપ (છે).

જુઓને! સવારે તો મોટું આવ્યું હતું. જેમાં ભાવલિંગ પણ નથી. ભાવલિંગ એક કૃત્રિમ ક્ષણિક છે, અધૂરો ભાવ છે ને પૂરો ભાવ પણ એક ક્ષણિક પર્યાય છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, સિદ્ધ પર્યાય એ કાંઈ એનું દ્રવ્યસ્વરૂપ નથી. ઓહોહો..! એ..ઇ..! એને ઠેકાણે આ તો પછી કંઈક મારું સ્વરૂપ (માને છે). લ્યો! શરીર મારું ને બાયડી મારી ને છોકરા મારા ને કર્મ મારા ને રાગ-દ્વેષ મારા. કેટલામાં ગરી ગયો પણ? માન્યતાથી, હોં! મહાન બાદશાહ! અંદર આત્મામાં સમાજ પડ્યો છે. આહાહા..!

'મૈસૂર' ને? નથી કેટલા ઓરડામાં ને જુદી જુદી ચીજો ભરી છે? એને શું કહે છે? 'મૈસૂર'? 'હૈદ્રાબાદ'માં, 'હૈદ્રાબાદ'માં. 'મૈસૂર' નહિ. જુદા જુદામાં. એકમાં કાંઈક ને એકમાં કાંઈક ને એકમાં કાંઈક ને એકમાં કાંઈક. 'મૈસૂર'માં એ નથી. આ નિઝામનું છે. જોવા ગયા હતા નહિ? તલવારો ને ફલાણું ને ઢીંકણું કાંઈક ચાકળા ને એ બધું. જનાવરની વાત નથી. પણ ઇ તો જુદા જુદા છે. અહીં તો એક સમયની પર્યાયમાં બધું નિધાન ભર્યું છે. અહીં તો ભગવાનઆત્મા પોતાના શુદ્ધ આનંદઘનનો અનુભવ કરીને પૂર્ણ પર્યાય પ્રગટ કરે તો એની પર્યાયમાં એટલા અનંતા ઓરડા પડ્યા છે. ભિન્ન ભિન્ન એક જ્ઞાન ને એક દર્શન ને આનંદ ને જેમાં અનંતી અનંતી ઋદ્ધિ પડી છે. એવો આત્મા અનંત આનંદપણે પરિણમી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'અતીન્દ્રિય સુખરૂપે જીવ પરિણમે છે;...' એમ કહે છે. પરિણમી જાય છે, એમ. સુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ આવતું નથી, ક્યાંયથી આમ લાવવું નથી. આ બહારનું સુખ પણ કાંઈ બહારથી નથી આવતું. માને છે. આ ધૂળમાં સુખ છે, આ બાયડીમાં સુખ છે, આ હોળીમાં સુખ છે. આ હોળી આ શરીર આદિ બધું. એવી એક કલ્પના કરે છે. ઇ કલ્પના કાંઈ બહારથી આવતી નથી અને એ સુખ પણ બહારથી કલ્પાણું નથી, એણે માન્યું છે અંદરમાં, માન્યતા ઉભી કરી છે. બરાબર હશે આ? 'ભગવાનભાઈ'! એ.. 'પ્રાણભાઈ'! શું હશે આ? સારા છોકરા હોય ને એમાં પેદાશ સારી થતી હોય ને ભાઈ! કાળજા ઠરે કે નહિ? હોળી સળગે છે, કાળજા ક્યાં ઠરતા હતા ન્યાં? રાગ-દ્વેષની હોળી સળગે છે, કહે છે. આહાહા..! કહે છે એના ખેલ ખેલવામાં જુઓ તો એકલી કષાયની અગ્નિ ભરી છે. આ ભગવાનઆત્માના શ્રદ્ધા, જ્ઞાનથી પરિણમતો પરિણમતો સ્થિરતા કરતો પૂર્ણાનંદની પર્યાયનો નાથ પૂર્ણાનંદ થઈ ગયો. અતીન્દ્રિય આનંદથી ઠરી ગયો, કહે છે ઇ ઠર્યો પોતે. અતીન્દ્રિય આનંદરૂપ થઈ ગયો, પરિણમી ગયો એ.

'આટલું કાર્ય જ્યારે થાય છે ત્યારે એકીસાથે જ થાય છે.' આ બધું જે કીધું ને માથે? નાશ કરે છે ને ઉત્પન્ન કરે છે ને અતીન્દ્રિયપણે પરિણમે છે ને એ બધું એક સમયમાં થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતે બાદશાહ મોટો છે ને! પણ એની એને ખબર નથી, પોતાની પોતાને કિંમત ન મળે. એક જણો કહેતો મને તો આણે ઓળખાવ્યો. મને મારી ખબર નહિ. એમ કે હું કાંઈ જાણું છું મને કાંઈ આવડે છે ઇ તો આ લોકોએ મને ઓળખાવ્યો. આવડે તો આ લૌકિકનું, હોં! ભાન કાંઈ ન મળે. આ તો આત્મા પોતે પોતાને ઓળખ્યો કે, અરે..! આ આવડો! આ..! જેની ખાણમાં અનંતા પરમાત્મા, જેને પરમાત્મા પેટમાં ધ્રુવમાં પડ્યા. એક ગુણમાં અનંતા પરમાત્મા, હોં! એક જ્ઞાન ગુણમાં અનંતા પરમાત્મા. શું હશે ઇ?

મુમુક્ષુ :- એક જ્ઞાન ગુણની પર્યાય....

ઉત્તર :- એમ નહિ. આ તો જ્ઞાન ગુણમાં અનંતા પરમાત્મા કહ્યા. એક સમયમાં અત્યારે. એક જ્ઞાન ગુણ અંદર શક્તિએ છે ને? એમાં અનંતા કેવળજ્ઞાનની પર્યાય (છે), એવા અનંતા પરમાત્મા એક ગુણમાં છે. એવા એક દર્શનમાં આવ્યા, એક આનંદમાં આવ્યા. એક સ્વચ્છતામાં (આવ્યા). એવા અનંતા પરમાત્માની આખી ખાણ પોતે છે. આહા..! આ તો એક સમયનો પરમાત્મા પ્રગટ્યો એની અહીં વાત ચાલે છે અત્યારે તો. અને તે પ્રવાહ પાછો એમ કહે છે ને સર્વ કાળ ચાલુ જ છે એ પ્રવાહ, થયા જ કરે છે, એમાંથી થયા જ કરે. અતીન્દ્રિય આનંદનું પરિણમન ધામ ચૈતન્યરસ એ સમય... સમય.. સમય... સમય... થયા જ કરે છે. મોટી ખાણ ભગવાન પ્રવાહ ચાલ્યા જ કરે છે. કહો, સમજાણું?

જુઓને! ઓલા કહે છે ને અમને એવું મળ્યું છે કે, સો પેઢી ખાય તોય ખૂટે નહિ કહે છે. એ વાતું કરે છે અત્યારે. પણ કોને પેઢી? તું ક્યાં રહેતો હતો ત્યાં? સમજાણું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પેલી જમીન મળી છે ને ભાઈને? 'ગોવા'. 'શાંતિલાલ ખુશાલદાસ' એવી વાતું કરે. અમારે સો પેઢી (જાય તોપણ ખૂટે નહિ). કારણ કે, દરરોજ એક એક લાખની પેદાશ. દરરોજ એક લાખની પેદાશ. ચાલીસ કરોડ તો અત્યારે થઈ ગયા. હજી કેટલા થશે. દસાશ્રીમાળી વાણિયા. એટલે અમારે તો કુટુંબ... ઘરની જમીન બધી, બાવીશ માઈલ. હવે મરી જશે કે લઈ જશે કોને ખબર છે? શું થયું? તું ક્યાં અહીં રહેવાનો છો પણ. ખૂટે નહિ એવું નિધાન મળી ગયું છે. દરરોજ લાખની પેદાશ, દરરોજ લાખની પેદાશ.. કેટલી જમીન બાવીસ માઈલમાં. કેટલા માઈલની? ઝાઝી કહેતા હતા. નીકળ્યા જ કરે. મેંગેનીઝ કહેવાય છે ને શું કહેવાય? હા, એવું નીકળ્યા જ કરે. આ ધૂળ નીકળ્યા કરે એમાં ખૂટે નહિ. કહે છે.

આ આત્મામાં આનંદ નીકળ્યા જ કરે, અનંત કાળ ખૂટે નહિ એવી આ ખાણ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સર્વ કાળ કીધું ને? જુઓને! પહેલેથી ઉપાડ્યું, 'सर्वकालं पिबन्तु'. 'આટલું કાર્ય જ્યારે થાય છે ત્યારે એકીસાથે જ થાય છે.' આહાહા..! એવા આત્મદ્રવ્યની કિંમત નહિ, એના અંક અંક અમૂલ્યાંક જેના મૂલ્ય નહિ, એના મૂલ્ય ટાંકવા નહિ અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ધૂળ ને બહારના કાંઈક પાંચ-પચાસ લાખ ધૂળ ને શરીર સુંદર ને આ બાયડી આ ને આ એના મૂલ્યાંકન, એના મૂલના આંક કરવા. આ બહુ સારા, આ બહુ સારા. સમજાણું કાંઈ? મૂઢતાના લક્ષણ કાંઈ જુદા હશે?

બધી જાતના હોય. ગાંડાની ઇસ્પિતાલમાં બધા ગાંડા જ હોય. ભેગા થાય ને જલસા ઉડાવે ને! આહાહા..! એમાં પચાસ-પચાસ કરોડની મૂડી અને એમાં લાખ-લાખની પેદાશ હોય ને આહા..! ઓ..હો બાપા! તમે તો ભાગ્યશાળી, બાપા! તમે. ધૂળમાં ભાગ્યશાળી. સમજાણું કાંઈ? આહા..! તારું નિધાન તને ખબર પડે નહિ. એ ઉલેચ્યા કર ખૂટે નહિ એવું છે ઇ. અતીન્દ્રિય આનંદનું પરિણમન છે એ અનંત કાળ ખૂટે નહિ, કહે છે. આવા નિધાન ભગવાનની શ્રદ્ધા, જ્ઞાન કર્યા નહિ અને એમાં રમણતા કરી નહિ તો આ રખડી રહ્યો છે. સમજાણું કાંઈ? આહા..! ૪૧ (કળશ પૂરો થયો). આમ સળંગ ૨૩૩ થયો. ૪૨, 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'નો ૪૨ કળશ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( વંશસ્થ )

इतः पदार्थप्रथनावगुण्ठनाद् विना कृतेरेकमनाकुलं ज्वलत्।
समस्तवस्तुव्यतिरेकनिश्चयाद् विवेचितं ज्ञानमिहावतिष्ठते।।४२-२३४।।

ખંડાન્વય સહિત અર્થ :– 'इतः इह ज्ञानम् अवतिष्ठते' ( इतः ) અજ્ઞાનચેતનાનો વિનાશ થવા ઉપરાન્ત ( इह ) આગામી સર્વ કાળ ( ज्ञानम् ) શુદ્ધ જ્ઞાનમાત્ર જીવવસ્તુ ( अवतिष्ठते ) બિરાજમાન પ્રવર્તે છે. કેવું છે જ્ઞાન ( –જ્ઞાનમાત્ર જીવવસ્તુ ) ? 'विवेचितं' સર્વ કાળ સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન છે. શા કારણથી આવું જાણ્યું ? 'समस्तवस्तुव्यतिरेकनिश्चयात्' ( समस्तवस्तु ) જેટલી પરદ્રવ્યની ઉપાધિ છે તેનાથી ( व्यतिरेक ) સર્વથા ભિન્નરૂપ એવી છે ( निश्चयात् ) અવશ્ય દ્રવ્યની શક્તિ, તેના કારણે. કેવું છે જ્ઞાન ? 'एकम्' સમસ્ત ભેદ–વિકલ્પથી રહિત છે. વળી કેવું છે ? 'अनाकुलं' અનાકુલત્વલક્ષણ છે અતીન્દ્રિય સુખ, તેના સહિત બિરાજમાન છે. વળી કેવું છે ? 'ज्वलत्' સર્વ કાળ પ્રકાશમાન છે. આવું કેમ છે ? 'पदार्थप्रथनावगुण्ठनात् विना' ( पदार्थ ) જેટલા વિષય, તેમનો ( प्रथना ) વિસ્તાર–પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ, શરીર–મન–વચન, સુખ–દુઃખ ઇત્યાદિ–તેની ( अवगुण्ठनात् ) માળારૂપ ગુંથણી, તેનાથી ( विना ) રહિત છે અર્થાત્ સર્વ માળાથી ભિન્ન છે જીવવસ્તુ. કેવી છે વિષયમાળા ? 'कृतेः' પુદ્ગલદ્રવ્યના પર્યાયરૂપ છે. ૪૨–૨૩૪.

---

इतः पदार्थप्रथनावगुण्ठनाद् विना कृतेरेकमनाकुलं ज्वलत्।
समस्तवस्तुव्यतिरेकनिश्चयाद् विवेचितं ज्ञानमिहावतिष्ठते।।४२-२३४।।

આ પેલા બોલ છે ને એનું છે. જ્ઞાન તે આત્મા એનો ઉપોદ્‌ઘાત છે, આ ઉપોદ્‌ઘાતની વાત છે. સમજાય છે?

'इतः इह ज्ञानम् अवतिष्ठते' 'અજ્ઞાનચેતનાનો વિનાશ થવા ઉપરાન્ત...' શું અજ્ઞાનચેતના? એના ઘણા બોલ છે. પંદર ગાથા આપણે લખાય ગયું છે ને? શું કહેવાય એ? ભેદ. 'ભેદવિજ્ઞાન' પુસ્તક છપાઈ ગયું છે. એ શ્રુત તે જ્ઞાન નથી, આ પાના તે જ્ઞાન આત્મા નથી. આ શબ્દ એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? ક્યાં આવ્યું? 'पदार्थप्रथनावगुण्ठनाद् विना' 'જેટલા વિષય, તેમનો વિસ્તાર - પાંચ વર્ણ,...' છે ને એમાં લખ્યું છે, જુઓ! નીચે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. જુઓ! આ શાસ્ત્ર તે જ્ઞાન નથી. જ્ઞાન તો આત્માનું સ્વરૂપ છે. આહાહા..! આ શબ્દ તે જ્ઞાન નથી. આ તો વાણી જડ માટી છે. જ્ઞાન તો આત્માનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તે આત્મા નથી. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ જડ છે, એ આત્મા નથી, જ્ઞાન નથી એમ અહીં તો કહેવું છે. જ્ઞાન એટલે આત્મા. 'પાંચ વર્ણ,...' કાળો, ધોળો આદિ, 'પાંચ રસ,...' મીઠો, કડવો એ જ્ઞાન નહિ, એ જ્ઞાન નહિ, આત્મા નહિ. 'બે ગંધ,...' એ આત્મા નહિ, એ જ્ઞાન નહિ. સુગંધ, દુર્ગંધ તો જડ, માટીની છે, એ આત્મા નહિ. 'આઠ સ્પર્શ,...' ટાઢો, ઉનો, સુંવાળો એ બધા જડ છે એ આત્મા નહિ, જ્ઞાન નહિ. જ્ઞાન કહો કે આત્મા કહો.

'શરીર-મન-વચન,...' એ આત્મા નહિ. આ તો ધૂળ છે, શરીર તો માટી છે, અજીવ તત્ત્વ છે. પુદ્ગલ... પુદ્ગલ... પુદ્ગલ... માંસના લોચા જડ, એ આત્મા નહિ, આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ તે આત્મા છે. વાણી તે આત્મા નહિ, ભગવાન જ્ઞાનમૂર્તિ તે આત્મા. એ મન આત્મા નહિ. આ વિચાર કરવાનું અહીં મન છે એ આત્મા નહિ. આહાહા..! એમ 'સુખ-દુઃખ ઇત્યાદિ...' સમજાણું? સુખ-દુઃખની કલ્પના એ પણ આત્મા નહિ.

'અજ્ઞાનચેતનાનો વિનાશ...' એ મારા મારા એવો જે અજ્ઞાનભાવ, એનો નાશ કરીને. ઉપરાંત શું થયું? કહે છે. 'ઉપરાંત' શબ્દ આવ્યો હતો ને? ઉપરાંત આવ્યું હતું, પહેલા આવ્યો હતો. 'આગામી સર્વ કાળ શુદ્ધ જ્ઞાનમાત્ર જીવવસ્તુ...' આગામી સર્વ કાળ શુદ્ધ જ્ઞાનમાત્ર જીવવસ્તુ. એ સમ્યગ્દર્શન તે આત્મા, સમ્યગ્જ્ઞાન તે આત્મા. એ સૂત્ર ને અંગ ને એ આત્મા. એવી આત્માની પર્યાયમાં એ આત્મા છે. આ શાસ્ત્ર-બાસ્ત્રનું જ્ઞાન એ (આત્મા) નહિ. એ અંતરમાં ઉઘડેલું આત્માને આશ્રયે જે સમ્યગ્જ્ઞાન તે આત્મા. આહા..! સમજાણું કાંઈ?

ત્યાં તો પુણ્ય-પાપ ને આત્મા કહ્યું. અપેક્ષાએ કહ્યું છે ને? એની પર્યાયમાં પુણ્ય-પાપ વર્તે છે ને? એ કાંઈ જડમાં નથી. એટલી અપેક્ષા વર્ણવીને વાત છે. સમજાણું કાંઈ? અધ્યવસાય આદિ આત્મા નહિ. આત્મા તો જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ આત્મા. એની શ્રદ્ધા, એનું જ્ઞાન તે આત્મા. એની રમણતા, સ્થિરતા તે ચારિત્ર ને પ્રવર્જ્યા. પ્રવર્જ્યા દીક્ષા એ આત્મા. પણ કઈ દીક્ષા? ભગવાનઆત્મા પોતાના આનંદનું પરિણમન કરવાની જે દશા એનું નામ પ્રવર્જ્યા, એનું નામ દીક્ષા. સમજાણું કાંઈ? બહારથી શરીરનું મૂંડાવું ને એ દીક્ષા નહિ, આત્મા નહિ. આહાહા..! પ્રવર્જ્યા ને સંયમના બે ભેદ પાડ્યા છે.

ભગવાનઆત્મામાં પાંચ ઇન્દ્રિય, મન અને છ કાય એના રહિત આત્માની શુદ્ધ પરિણતિ તે સંયમ તે આત્મા. એ સંયમ આત્માની પર્યાયથી એક પ્રદેશે એક સમય પણ જુદો હોય નહિ. સમજાણું કાંઈ? એવા અનંત પદાર્થથી ભિન્ન અને પોતાના અનંત ગુણની પર્યાયથી અભિન્ન. 'व्यतिरेक' એમ કહ્યું છે ને આમાં? પછી આવશે ને? આમાં જ આવે છે ને 'समस्तवस्तुव्यतिरेकनिश्चयात्' પરથી જુદો ને પોતાથી એકમેક અભેદ. એવા પરથી જુદાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવને પોતાના માન્યા એના ભાવનો નાશ (કર્યો).

'આગામી સર્વ કાળ શુદ્ધ જ્ઞાનમાત્ર જીવવસ્તુ...' એકલો જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય પ્રભુ! અનંત અનંત નિર્મળ પર્યાયના કિરણથી શોભતો આત્મા. સમજાણું? 'अवतिष्ठते' 'બિરાજમાન પ્રવર્તે છે.' લ્યો! શું પ્રવર્તે છે? વસ્તુ. કઈ વસ્તુ? જીવવસ્તુ. ભગવાનઆત્મા જીવ પદાર્થ, જીવ પદાર્થ. જીવ જેને કહીએ, જેને આત્મા કહીએ એમાં અનંત અનંત ગુણોનો ભંડાર ભગવાનઆત્મા, એનો અંતરમાં અનુભવ કરીને ધર્મ પ્રગટ કર્યો અને વિશેષ સ્થિરતા થઈ ને પૂર્ણ દશા પ્રગટ કરી (તો) કહે છે, એવી વસ્તુ પોતાની પર્યાયની નિર્મળતાથી બિરાજમાન છે. એને મુક્ત કહીએ, એને ધર્મીના ધર્મના પરિણામ કહીએ. ઓહોહો..! સમજાણું કાંઈ?

એવી 'જીવવસ્તુ બિરાજમાન પ્રવર્તે છે.' શેમાં? શુદ્ધ જ્ઞાનમાત્ર જીવવસ્તુ અજ્ઞાન, રાગાદિનો નાશ કરી આગામી સર્વ કાળ જીવવસ્તુ પ્રવર્તે છે. પોતાના શુદ્ધ આનંદમાં આત્મા પ્રવર્તી રહે છે. એનું નામ મોક્ષ અને સિદ્ધપદ કહેવાય છે. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' આવે છે કે નહિ? કોણ જાણે શું હશે? કાંઈ ખબર ન મળે. હાંકે રાખે છે ગાડા. 'લોગસ્સ ઉજ્જોઅગરે... સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' હે સિદ્ધ ભગવાન! તમારું પદ મને દેખાડો. એ કેવળજ્ઞાન વિના ન દેખાય એમ કહે છે. સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનથી બિરાજમાન વસ્તુ સર્વ કાળ એમ ને એમ વર્તે છે.

'કેવું છે જ્ઞાન ( -જ્ઞાનમાત્ર જીવવસ્તુ )?' 'विवेचितं' 'સર્વ કાળ સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન છે.' 'विवेचितं' છે ને પુણ્ય જુદું. સર્વ કાળ આત્માનો પૂર્ણ સ્વભાવ દ્રવ્ય તો સર્વ કાળ શુદ્ધ ભિન્ન જ છે પણ અહીં પર્યાય નિર્મળ થયે સર્વ કાળ પરથી ભિન્ન વર્તે છે. પર્યાય એટલે હાલત, હાલત એટલે દશા. સમજાણું કાંઈ?

આમ ધૂળ ઉખેડતા જ્યાં હેઠેથી હીરા નીકળે ને તો એ કેટલો રાજી થતો હશે? ક્યાંક ગયો હોય ખેતરમાં આમ જરીક (ઉખાડીને જોવે તો) આ શું? આ શું? આમ જ્યાં ઉખેડવા જાય ત્યાં તો મોટા ચરુના ચરુ (દેખાય). હરખ માય નહિ, હોં! કાં તો ગાંડો થઈ જાય. આ શું? શું દેખું છું આ? કોઈ એવા પડ્યા હોય, કોઈ રાજા-મહારાજાના પડ્યા હોય ને એમ ને એમ ખેતરમાં દબાઈ ગયેલા હોય. અને કાંઈક ધૂળ ઉડતા ઉડતા નીકળતા, નીકળતા ... રહી ગયું હોય અને ન્યાં જોતા આમ કરે તો.. આ! બધે હીરા.

એમ ભગવાનઆત્મામાં એક રાગની એકતાબુદ્ધિને ટાળીને જોવે તો બધા હીરા જ ભર્યા છે, કહે છે. ફક્ત રાગની એકતાની બુદ્ધિ પડી છે ધૂળ આડી (પડી છે). આહાહા..! પેલો કેટલો હરખ પામે? એમ અહીં કહે છે, એની એકતા તૂટતા, હીરા દેખતા આનંદ પામે. અને એ આનંદની પરિણતિ જ્યાં પૂર્ણ થઈ ગઈ (એ) એમ ને એમ રહેશે. સર્વ કાળ સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન રહેશે. ભગવાનઆત્માની પરિણતિ... આહાહા..! પર્યાય સર્વ કાળ 'विवेचितं' એટલે પૃથક. પરદ્રવ્યથી તદ્દન ભિન્ન રહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'શા કારણથી આવું જાણ્યું?' 'समस्तवस्तुव्यतिरेकनिश्चयात्' જુઓ! આવ્યું. 'જેટલી પરદ્રવ્યની ઉપાધિ છે...' જેટલા શરીર, શબ્દો, વાણી, મન, વાણી, દેહ, કર્મ, રાગ-દ્વેષ આદિ બધું. 'તેનાથી સર્વથા ભિન્નરૂપ એવી છે...' વસ્તુ સર્વથા ભિન્નરૂપ. ભગવાનઆત્મા પુણ્ય, પાપ, વિકલ્પ, દેહ, વાણી, મનથી સર્વથા સર્વથા (ભિન્ન). કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન એમ અનેકાંત કરવું પડશે કે નહિ એમાં? સર્વથા ભિન્ન. ભગવાનઆત્મા એ રાગાદિ, દેહાદિથી સર્વથા ભિન્ન એવો છે.

કહે છે, 'निश्चयात्' 'અવશ્ય દ્રવ્યની શક્તિ, તેના કારણે.' એ દ્રવ્યની શક્તિ જ એવી છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્માની શક્તિ જ એવી છે કે પર્યાય પરથી તદ્દન ભિન્ન છે. આહાહા..! એ પોતાની શક્તિને કારણે ભગવાનઆત્મા જ્ઞાનાનંદ આનંદ આદિની પરિણતિ પરથી તદ્દન વ્યતિરેક–તદ્દન જુદી છે. 'અવશ્ય દ્રવ્યની શક્તિ, તેના કારણે. કેવું છે જ્ઞાન?' 'एकम्' 'સમસ્ત ભેદ-વિકલ્પથી રહિત છે.' કેવું છે આત્માનું જ્ઞાન પૂર્ણ થયું ઇ? નિશ્ચયે પણ આત્માનો સ્વભાવ થયો સમ્યગ્દર્શન-જ્ઞાન બધા વિકલ્પથી પૂર્ણ ભિન્ન જ છે પણ આ તો પૂર્ણ સ્વભાવ જ્યાં પ્રગટ્યો, એકલો પૂર્ણ થયો. સમજાણું? એ 'સમસ્ત ભેદ-વિકલ્પથી રહિત છે.' ભેદ-બેદ, વિકલ્પ-બિકલ્પ વસ્તુમાં નથી. એવી દ્રવ્ય શક્તિનું સત્વ છે. પર્યાય પ્રગટે ત્યારે પણ એવી પ્રગટે. હવે કેવો આનંદ સાથે છે એટલી વાત વિશેષ કહેશે...

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ )

---

**માગશર સુદ ૩, શુક્રવાર તા. ૨૬-૧૧-૧૯૬૫.**
**કળશ–૨૩૪, ૨૩૫ પ્રવચન–૨૫૧**

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' 'સમયસાર-કળશ', ૪૨મો (કળશ) ચાલે છે. શું બતાવે છે? કે, આત્મા જ્ઞાન સ્વરૂપ છે એ બધા પરદ્રવ્યથી ભિન્ન છે. 'જેટલી પરદ્રવ્યની ઉપાધિ એનાથી સર્વથા ભિન્નરૂપ...' એવો આત્મા છે. શરીર, વાણી, મન, કર્મ, પુણ્ય-પાપના વિકલ્પ, રાગ આદિ જેટલા પરદ્રવ્યની ઉપાધિ, એનાથી સર્વથા ભિન્નરૂપ એવી 'અવશ્ય દ્રવ્યની શક્તિ, તેના કારણે.' પ્રગટરૂપ દશા પણ એવી છે. સમજાય છે કાંઈ? દ્રવ્ય આત્મા ચૈતન્ય ધ્રુવ વસ્તુ પરદ્રવ્યની અનેક વિકલ્પ રાગાદિની અવસ્થાથી વ્યતિરેક, વ્યતિરેક એટલે ભિન્ન. છે ને 'વ્યતિરેક' શબ્દ અંદર? અને એક સમસ્ત ભેદ વિકલ્પથી રહિત. ભગવાનઆત્મા વર્તમાન અંતર એનું સ્વરૂપ પુણ્ય-પાપના શરીર, વાણી, મન, કર્મથી રહિત અને એક જ્ઞાનસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ભેદના વિકલ્પથી પણ રહિત છે. સમજાણું કાંઈ? એનું નામ આત્મા અનુભવ્યો અને આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'સમસ્ત ભેદ-વિકલ્પથી રહિત છે.' 'एकम्' છે ને? એકરૂપ ચૈતન્ય તત્ત્વ જ્ઞાયક સ્વભાવપણે એક છે અને રાગાદિથી તદ્દન અનેક સ્થિતિ ભિન્ન છે અને સ્વરૂપથી તે રાગથી ભિન્ન એકરૂપ છે. સમજાણું કાંઈ? આહા..! 'વળી કેવું છે?' 'अनाकुलं' 'અનાકુલત્વલક્ષણ છે અતીન્દ્રિય સુખ, તેના સહિત બિરાજમાન છે.' ભગવાનઆત્મા પોતાનું જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પરથી પૃથક વ્યતિરેક જુદું પાડી અને પોતાના જ્ઞાન, આનંદરૂપે પરિણમ્યું એ જ્ઞાન અને આનંદના લક્ષણે પરિણમીત થયેલો એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દ્રવ્ય તો ક્યારેય પરિણમે નહિ.

ઉત્તર :– એ દ્રવ્યની વાત છે અત્યારે અહીં પર્યાય સહિતની, પરિણામની વાત છે. વર્તમાન આત્મા વસ્તુ તરીકે અંદર એકરૂપ ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ (છે) પણ એની પર્યાયમાં જે રાગ અને શરીર ને કર્મનો સંબંધ દેખાય છે એનાથી ભિન્ન, જુદો અને પોતાના જ્ઞાન, આનંદ સ્વભાવથી અભિન્ન (છે) એમ કહેવું છે. સમજાય છે કાંઈ? અહીં વર્તમાન પર્યાયમાં પ્રગટ સ્વસંવેદનની અપેક્ષાની વાત છે. શું કહ્યું?

આ ચૈતન્ય વસ્તુ જ્ઞાનમૂર્તિ ત્રિકાળ ચૈતન્ય જ્ઞાયક જ્યોત (છે). એની વર્તમાન દશામાં પુણ્ય, પાપ, શરીર, વાણી, મન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધું આવી ગયું છે, પહેલા કહી ગયા હતા. સમજાણું? શરીર, મન, વચન, સુખ, દુઃખ, કલ્પના એ કાલે કહેવાય ગયું. એનાથી ભિન્ન પાડીને પોતાના જ્ઞાનાનંદ અને અતીન્દ્રિય આનંદથી અભિન્ન એવો જે આત્મસ્વભાવ એને અંતરમાં પરથી જુદો પાડીને આત્મામાં આનંદ ને જ્ઞાનથી એનું વેદન કરવું એનું નામ સ્વસંવેદન આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીં તો નિર્મળ વીતરાગી પર્યાય સહિતનો આત્મા તેને આત્મા કહે છે. આહાહા..! સમજાણું? પેલી બીજી વાત છે, એ તો દ્રવ્ય ત્યાં કહેવું છે. એમ થયું.

અહીં તો વર્તમાનમાં વસ્તુ જે જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ છે જ્ઞાનની જ્યોત, પ્રકાશની મૂર્તિ એ પરથી ભિન્ન પાડતા પોતાના સ્વભાવ–સ્વરૂપથી અભિન્ન છે એવું અંતરમાં ભાન થવું તેને જ્ઞાનનું–આત્માનું સ્વસંવેદન, આત્માના આનંદનો અનુભવ એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. સમજાણું આમાં?

'અનાકુલત્વલક્ષણ છે અતીન્દ્રિય સુખ, તેના સહિત બિરાજમાન છે. વળી કેવું છે?' 'ज्वलत्' 'સર્વ કાળ પ્રકાશમાન છે.' વર્તમાન પ્રગટ જેવું જ્ઞાન થયું એવું જ સર્વ કાળ પ્રકાશમાન છે. હવે એ પાછું હટે નહિ. સમજાણું કાંઈ? આ માર્ગ બહુ ઉગ્ર પુરુષાર્થની ક્રિયાનો છે. આ કાંઈ સાધારણ બહારની વાત નથી અને બહારનું પણ ક્યાં કરી શકતો હતો ઇ? ધૂળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એ પરમાણુને ફેરવી શકતો નથી, આંખની પાપણને ફરવું કે ન ફરવું જડનું કાર્ય છે. અંદર જે મારા ને તારા એવા વિકલ્પોનો ખદબદાટ (ચાલે છે) એમાં ભિન્ન ભિન્ન ચીજ ને ભિન્ન ભિન્ન વિકલ્પથી મારા માનતો એ વિકલ્પ રહિત ચૈતન્ય છું. અનેક પ્રકારના વર્ણવ્યા છે ને? પંદર બોલ. '...' આપણે આવ્યું છે, 'ભેદવિજ્ઞાન' પુસ્તક છપાઈ ગયું છે. શાસ્ત્ર કાંઈ જાણતું નથી કે, જે શાસ્ત્ર આત્મામાં હોય. અહીં વાંધો કાઢે. એને ઘરે રહ્યો. વાંધો ક્યાં હતો અહીં?

ભગવાનઆત્મા જ્ઞાનથી છલોછલ ભરેલો પદાર્થ, એનું પરિણમન એકલું જ્ઞાનમય છે. એના શાસ્ત્રથી જ્ઞાન છે ને શાસ્ત્ર તે જ્ઞાન છે એમ ત્રણકાળમાં નથી. આહા..! એથી તો બધી મોટી પંદર ગાથા લીધી છે. વાંચ્યું છે કે નહિ? 'ભેદજ્ઞાન' નહિ? આ શું કુંડલાથી છપાણું છે ને? 'જગજીવન બાવચંદ'. ઇ અગિયાર ગાથાનો આ શ્લોક ઉપોદ્ઘાત છે.

ભગવાનઆત્મા જેવો સમ્યગ્દર્શન, જ્ઞાનના ચારિત્રમાં ભાસ્યો અને રાગ આદિથી ભિન્ન ભાસ્યો એવો પ્રગટ્યો એવો આત્મા એમ ને એમ સદાકાળ રહે છે. દ્રવ્ય જેમ સદાકાળ એકરૂપે રહેનારું છે એમ રાગ ને વિકલ્પથી એકરૂપે એની દશા નિર્મળ પ્રગટ થયેલી પણ એકરૂપ રહેનારી છે. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આવો પણ જુઓને 'अवगुण्ठनात्' આવ્યું હતું ને? શું કીધું ત્યાં?

'पदार्थप्रथनावगुण्ठनाद् विना' એ આવશે, જુઓ! 'જેટલા વિષય, તેમનો વિસ્તાર...' 'प्रथना' છે ને? ભગવાનઆત્મા એકરૂપ આનંદ, જ્ઞાન અને અનેક પ્રકારના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, જડ, શરીર, વાણી, મન, કર્મ, આ તે, આ તે, આ તે, વિકલ્પ, પુણ્ય, પાપ, અધ્યવસાય એવો જે વિસ્તાર, પદાર્થની વિસ્તાર દશા એ વિનાનો આત્મા (છે). 'તેની માળારૂપ ગુંથણી,...' દેખો! 'अवगुण्ठनात्'. ઇ પદાર્થની, વિકલ્પની માળા એનાથી જાણે ગુંથાયેલો હોય એમ દેખાય છે, એમ છે નહિ.

એ 'ગુંથણી, તેનાથી 'विना' રહિત છે...' ચૈતન્ય જ્યોત, ચૈતન્ય સૂર્ય ભગવાનઆત્મા અનેક પદાર્થને વિકલ્પ જાળ અને પરની સાથે જાણે ગુંથાયેલો એકમેક હોય એમ અજ્ઞાનીને ભાસે છે. એ ભગવાન ચિદાનંદ સ્વરૂપ સચિત સ્વરૂપ ચૈતન્ય એ પરથી બિલકુલ નિરાળો, એકલા જ્ઞાનથી, આનંદથી ગુંથાયેલો એવો એનો સ્વભાવ છે એ પરથી ભિન્ન ત્રિકાળ છે. સમજાણું કાંઈ?

'તેનાથી રહિત છે અર્થાત્ સર્વ માળાથી ભિન્ન છે...' દેખો! ભગવાન ચૈતન્ય જ્યોત એ ગુણ-ગુણીનો ભેદ એવો રાગ પણ જેનામાં નથી. સમજાણું કાંઈ? 'જીવવસ્તુ, સર્વ માળાથી ભિન્ન છે જીવવસ્તુ. કેવી છે વિષયમાળા?' આ લક્ષ કરવાની માળા. એટલે અનેક ધારા-શ્રેણી. 'कृतेः' એ 'પુદ્ગલદ્રવ્યના પર્યાયરૂપ છે.' ઇ શાસ્ત્ર, વિકલ્પ, દયા, દાન, રાગ, શરીર, વાણી, મન એ બધી પુદ્ગલ દ્રવ્ય જડની પર્યાય છે, ભગવાનઆત્માની એ નથી. આહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે ને? એકલો જ્ઞાનનો પિંડ પરિણતિ નિર્મળવાળો એ આત્મા છે. સમજાણું કાંઈ?

વિષયમાળા બધું પુદ્‌ગલદ્રવ્યની પર્યાયો છે. ભગવાન ચિદાનંદ સ્વરૂપ સચેત જ્યોત, સચેત જ્યોત, એ અચેત પ્રકારની વિષયની માળા એનાથી તદ્દન ભિન્ન છે. શું સમજાણું આમાં? કોઈ દિ' એણે અભ્યાસ કર્યો નહિ. કારણ કે, વસ્તુ આખી મહાન પદાર્થ અને અનાદિથી એનું ઇન્દ્રિયવાળું જ્ઞાન અને ઇન્દ્રિયથી જોતા તો રૂપી દેખાય. એટલે એ એમ જ માને કે, આ ઇન્દ્રિયો મારા અવયવો છે. ઇન્દ્રિય મારા અંગ છે અને અંગ વડે હું આ બધું જોવાનું કામ કરું છું. બસ! એટલો હું. પણ ભગવાનઆત્મા પોતે અતીન્દ્રિય છે, ઇન્દ્રિય ગ્રાહ્ય નથી, રાગથી ગ્રાહ્ય નથી. સમજાણું કાંઈ?

એ અંતરમાં જ્ઞાનની દશા દ્વારા ચૈતન્ય ભગવાન જણાય, વેદાય એવો એ આત્મા છે. ઇન્દ્રિયથી, વિકલ્પથી જણાય એવો નથી. અને અનાદિથી અભ્યાસ એ કર્યો છે. આ જ્ઞાનનો પર્યાય પ્રગટ એ ઇન્દ્રિય ઉપર લક્ષ કરીને આ આમ કામ કર્યા. આખો ભગવાનઆત્મા અંદર પૂર્ણાનંદનો નાથ એકલો કેવળજ્ઞાનનો સૂર્ય છે. એની સામું કોઈ દિ' નજર કરી નહિ, જોયું નહિ, એને અનુભવમાં લીધો નહિ. આ બધું, આ બધું હોળી. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, સંકલ્પ, વિકલ્પથી બહાર લક્ષ કરી આ બધામાં હું ગુંથાઈ ગયો હોઉં જાણે. દોરડીમાં દોરડી ગુંથે છે ને આમ બધી? વણાઈ જાય છે ને સાથે? એમ ભગવાનઆત્મા જાણે વિકલ્પ, રાગ, શરીર, વાણી, મન, ઇન્દ્રિયો, જડ એની સાથે ગુંથાઈ ગયો હોય, વણાઈ ગયો હોય એમ અનાદિથી પર્યાય અંશ દૃષ્ટિવાળાને અથવા બહિર્બુદ્ધિવાળાને એનાથી ગુંથાએલો ભાસે છે.

અહીં કહે છે 'अवगुण्ठनात्' રહિત. એકલો જ્ઞાનમય ભગવાનઆત્મા બધાના ભેદથી, વિકલ્પથી, પરથી તદ્દન રહિત ભિન્ન છે એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. સમજાણું અહીં? અને એ આત્માની દશા પરથી ભિન્ન, સ્વભાવથી અભિન્ન પ્રગટી એવી ને એવી સદાકાળ રહે છે એનું નામ મોક્ષ કહેવાય છે. આમાં ૪૩ (કળશ) આવ્યો ને?

---

( શાર્દૂલવિક્રીડિત )

अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-
मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम्।
मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः
शुद्धज्ञानघनो यथाऽस्य महिमा नित्योदितस्तिष्ठति।।४३-२३५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખંડાન્વય સહિત અર્થ :– ‘एतत् ज्ञानं तथा अवस्थितं यथा अस्य महिमा नित्योदितः तिष्ठति’ ( एतत् ज्ञानम् ) શુદ્ધ જ્ઞાન ( तथा अवस्थितम् ) તે પ્રકારે પ્રગટ થયું કે ( यथा अस्य महिमा ) જે પ્રકારે શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ ( नित्योदितः तिष्ठति ) આગામી અનંતકાળ પર્યંત અવિનશ્વર જેવો છે તેવો જ રહેશે. કેવું છે જ્ઞાન? ‘अमलं’ જ્ઞાનાવરણકર્મમળથી રહિત છે. વળી કેવું છે જ્ઞાન ? ‘आदानोज्झनशून्यम्’ ( आदान ) પરદ્રવ્યનું ગ્રહણ, ( उज्झन ) સ્વસ્વરૂપનો ત્યાગ, તેમનાથી ( शून्यम् ) રહિત છે. વળી કેવું છે જ્ઞાન ? ‘पृथक् वस्तुताम् बिभ्रत्’ સકળ પરદ્રવ્યથી ભિન્ન સત્તારૂપ છે. વળી કેવું છે ? ‘अन्येभ्यः व्यतिरिक्तम्’ કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે. વળી કેવું છે ? ‘आत्मनियतं’ પોતાના સ્વરૂપથી અમિટ ( –અટળ ) છે. કેવો છે જ્ઞાનનો મહિમા? ‘मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः’ ( मध्य ) વર્તમાન, ( आदि ) પહેલો, ( अन्त ) આગામી –એવા ( विभाग ) વિભાગથી અર્થાત્ ભેદથી ( मुक्त ) રહિત ( सहज ) સ્વભાવરૂપ ( स्फारप्रभा ) અનંત જ્ઞાનશક્તિથી ( भासुरः ) સાક્ષાત્ પ્રકાશમાન છે. વળી કેવો છે? ‘शुद्धज्ञानघनः’ ચેતનાનો સમૂહ છે. ૪૩–૨૩૫.

---

अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-
मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम्।
मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः
शुद्धज्ञानघनो यथाऽस्य महिमा नित्योदितस्तिष्ठति।।४३-२३५।।

‘एतत् ज्ञानं तथा अवस्थितं यथा अस्य महिमा नित्योदितः तिष्ठति’ ભગવાનઆત્મા ‘શુદ્ધ જ્ઞાન’ ‘एतत् ज्ञानम्’ આ શુદ્ધ જ્ઞાન ચૈતન્યમૂર્તિ ભગવાન. ‘શુદ્ધ જ્ઞાન’ શબ્દે જે આત્મા વર્ણવ્યો તે. ‘तथा अवस्थितम्’ ‘તે પ્રકારે પ્રગટ થયું...’ જેવો હતો એવો પ્રગટ થયો. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... પ્રકાશ સૂર્ય એવો પર્યાયમાં એવો જ પ્રગટ થયો. જેવો ચૈતન્ય સૂર્ય સ્વભાવમય હતો, વસ્તુપણે આખું ચૈતન્યનું નૂર તેજરૂપ આત્મા હતો એ પર્યાયમાં એવો પ્રગટ જ્ઞાનરૂપે પ્રગટ્યો. સમજાય છે કાંઈ? ‘તે પ્રકારે પ્રગટ થયું...’ જેવો હતો એવો પ્રગટ થયો. પુણ્ય-પાપ સહિત કર્મવાળો નહોતો. સમજાય છે કાંઈ? દયા, દાન, કામ, ક્રોધ, વિકલ્પ, શરીર, કર્મવાળો નહોતો, એ હતો શુદ્ધ જ્ઞાનમય. એવો જ અંદરમાં પરથી પૃથક કરીને પોતાના સ્વભાવના વેદનથી આત્મા જેવો હતો એવો પ્રગટ પર્યાયમાં આવ્યો. હું જ્ઞાનાનંદ જ્ઞાતાદૃષ્ટા છું. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'तथा अवस्थितम्' 'તે પ્રકારે પ્રગટ થયું...' જેવો અંદર શુદ્ધ જ્ઞાનઘન છે એવો જ અંતર દૃષ્ટિમાં એકાગ્ર થતાં એવો છે એવો જ્ઞાનમય પ્રગટ્યો. લ્યો! એનું નામ ધર્મપર્યાય, જ્ઞાન પર્યાય ને ધર્મપર્યાય કહેવાય છે. 'यथा अस्य महिमा' 'જે પ્રકારે શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ...' જુઓ! મહિમાનો અર્થ પ્રકાશ કર્યો. 'यथा अस्य' જે પ્રકારે 'यथा' શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ-મહિમા. એનો જ્ઞાનનો જ મહિમા છે કહે છે. એ જ્ઞાનનું પ્રકાશવું શક્તિરૂપે હતું એનું નિર્મળપણે પ્રકાશવું એ જ એનો પ્રકાશ ને એની મહિમા છે. રાગાદિ, પુણ્ય-પાપ આદિનું પ્રગટવું એ કાંઈ આત્માની મહિમા નથી. સમજાણું કાંઈ?

'यथा अस्य महिमा' 'यथा' જેમ છે તેમ એની મહિમા એટલે પ્રકાશ. 'જે પ્રકારે શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ...' એનું નામ અહીં મહિમા કીધું. એ પ્રકાશને જ મહિમા કીધી. ભગવાનઆત્માની મહિમા એટલે શું? એ જ્ઞાનમૂર્તિ ચૈતન્યનો અનુભવ થતાં જે જ્ઞાન પ્રગટ્યું, દર્શન પ્રગટ્યું, શાંતિ પ્રગટી એ પ્રકાશ એ જ્ઞાનનો જ પ્રકાશ છે. એ રાગાદિ, પુણ્ય-પાપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ જ્ઞાન ચૈતન્ય-સૂર્યનો પ્રકાશ પ્રગટ થયો એ જ એની મહિમા છે. મહિમા કહો કે એનું સ્વરૂપ કહો કે એ પ્રકાશ તે તેનો ભાવ છે. એની મહિમા કાંઈ શરીરથી રહેવું, પુણ્ય-પાપથી (રહેવું) એ કાંઈ એની મહિમા નથી, એ તો અમહિમા છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેવો સચ્ચિદાનંદ પ્રભુ! સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનો નાથ એવો જ અંતર પર્યાયમાં, પર્યાયમાં પરિણમન પરથી ભિન્ન કરીને પ્રગટ્યો એ જ એની મહિમા છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! દુનિયામાં તો કંઈક મહિમા લાગે છે, ભાઈ! બાયડી, છોકરા, પૈસા મળે, મકાન મળે તો ઓહોહો..! હાલો જોવા, હાલો જોવા.. મહિમા (આવે). મકાન-બકાન સારા કરે તો જોવા આવે કે નહિ? વાસ્તુ-બાસ્તુ લેવા હોય તો આ શેઠિયાઓ બધાને બોલાવે. ભગવાનઆત્માની મહિમા-પ્રકાશની મહિમા છે, કહે છે. ઇ પ્રકાશનો પુંજ પ્રભુ ચૈતન્ય નૂર છે, આ એની પર્યાયમાં એવો છે એવો પ્રકાશનો પુંજ પ્રગટ્યો. શક્તિમાંથી વ્યક્ત થતાં પર્યાયમાં (પ્રગટ્યો) એ જ એની મહિમા ને એ એનું સ્વરૂપ ને એ એનો પ્રકાશ છે. નો સમજાણું આ? આ બહારનો પ્રકાશ નહિ.

'नित्योदितः तिष्ठति' ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્યની જ્યોત છે. એને અંતરથી રાગ ને પુણ્યથી ભિન્ન પાડીને અનુભવ્યો એ જેવો એનો સ્વભાવ હતો એવી એની પર્યાયમાં, દશામાં જ્ઞાનનો પ્રકાશ, જ્ઞાનનું નૂર, જ્ઞાનનું તેજ પ્રગટ્યું. એ પ્રગટ્યું એ એની મહિમા (છે). એ આત્માની મહિમા કહો, એ આત્માની ૠદ્ધિ કહો, એ આત્માની લક્ષ્મી કહો, એ આત્માની સંપદા કહો. આ ધૂળ-બૂડ, આ પૈસા-બૈસા ધૂળ ને પુણ્ય-પાપ એ એની મહિમા નહિ, ઇ એની સંપદા નહિ, એની લક્ષ્મી નહિ, એની ૠદ્ધિ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે, 'શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ...' મહિમા. વિશુદ્ધ છે ને? સર્વવિશુદ્ધ જ્ઞાન. એ રીતે 'આગામી અનંત કાળ પર્યંત અવિનશ્વર જેવો છે તેવો જ રહેશે.' ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ છે એવો અંદરમાંથી પર્યાયમાં પ્રગટ થયો, એવો ને એવો સદાકાળ રહે એનું નામ મોક્ષ દશા ને સિદ્ધ દશા ને મુક્ત દશા કહે છે. કહો, સમજાણું કાંઈ? જેમ દ્રવ્ય એવું ને એવું રહેતું, વસ્તુ એવી ને એવી અનાદિ છે, શાશ્વત ચિદ્ સત્ ચિદાનંદ આત્મા વસ્તુ, એ વસ્તુનું પરથી ભિન્નપણાનું ભાન થઈને શક્તિમાંથી પ્રગટ જ્ઞાન ને આનંદ જે પ્રગટ્યો એવી ને એવી દશા (રહે) એ દશાને પ્રકાશ કહે છે, એની મહિમા કહે છે, એની સંપદા કહે છે, એની ઋદ્ધિ કહે છે. એ સર્વકાળ રહેશે તે એની સ્થિરતા થઈ. એ દશા સદાકાળ આનંદમય રહેશે. કહો, સમજાણું આમાં?

જેવી અવિનશ્વર વસ્તુ છે, પદાર્થ છે આત્મા એ કાંઈ ઘડેલો છે, કરેલો છે, કોઈએ કરેલો છે? વસ્તુ સત્ બિંબ છે, સત્નું બિંબ છે, સત્ બિંબ શાશ્વત (છે). અણકરાયેલું અવિનાશી સત્ બિંબ આમ ધ્રુવ સ્વરૂપ છે. એ અવિનશ્વર છે એવું જેનું ભાન થઈને દશા (પ્રગટી), શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન ને આનંદની દશા વીતરાગી પ્રગટી (એ) અવિનશ્વર રહેશે. આ છે એવી એ રહેશે, કહે છે. આ ચાર ગતિમાં રખડ્યા કરે છે, પરિભ્રમણ (કરે છે). માણસમાં ને દેહમાં ને ઢોરમાં ને સ્વર્ગમાં ને રખડ્યા રખડ (કરે છે). એ બધું એને મટી જઈ ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદનો અનુભવ પરથી ભિન્ન પાડીને એકાકાર થઈ જે દશા પ્રગટે (એ) અવિનશ્વર (રહેશે). વસ્તુ જેવી અવિનશ્વર, પર્યાય પણ-અવસ્થા પણ નાશ ન થાય એવી થઈ જશે. સમજાણું કાંઈ? વાત સમજવી કઠણ પડે. વાર્તા હોય તો કાંઈક સમજાય. આ વાર્તા શું કહે છે? આ તો કહે છે શું (એ) કાંઈ સમજાય નહિ.

આ તો સમજાય એવી તો વાત કહેવાય છે. કેમ 'જેચંદભાઈ'! સમજાય છે કે નહિ? પેલો પ્રકાશ-બ્રકાશ નહિ એમ આવ્યું. એ પ્રકાશ મારો, એણે જીવમાં કર્યા અંધારા, એમ કહે છે. સમજાણું કાંઈ? આ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, શરીર ને વાણી આ ધૂળ-માટી ભગવાન ચૈતન્યસૂર્ય બિરાજમાન પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યસૂર્ય (છે). એમાં આ મારા એમ માનીને કર્યા અંધારા. એ અંધારાનો નિષેધ કરી અને ચૈતન્ય પ્રકાશના તેજ દશામાં પ્રગટ થવા એનું નામ પ્રકાશ ને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'કેવું છે જ્ઞાન?' 'अमलं' દેખો! આ મળ, મળ આવ્યું ને? એ 'જ્ઞાનાવરણ આદિ કર્મમળથી રહિત છે.' ભગવાનઆત્મા...! સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય આદિ જે કર્મ જડ માટી છે એનાથી આ જુદો છે. ચૈતન્ય તત્ત્વ જે છે આત્મા, જેને ચૈતન્ય તત્ત્વ, જ્ઞાનાનંદ તત્ત્વ કહીએ એવો જે આ આત્મા એ કર્મના, જડના સંબંધમાં, મેલના સંબંધમાં હતો, મેલના સંબંધમાં હતો, પુણ્ય-પાપના વિકાર પણ મેલ છે એના સંબંધમાં હતો એને આમ જુદો પાડીને ભેદજ્ઞાન કરીને ચૈતન્યના તેજ-નૂરવાળો હું આત્મા છું એમ અંતરમાં ભાન કરીને જે આત્મા શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદપણે પ્રગટ્યો એ કર્મના મળ અને પુણ્ય-પાપનો મેલ એનાથી રહિત પ્રગટ્યો. એથી તેને અમળ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'વળી કેવું છે જ્ઞાન?' 'आदानोज्झनशून्यम्' શું કહે છે? કે આ 'પરદ્રવ્યનું ગ્રહણ સ્વસ્વરૂપનો ત્યાગ, તેમનાથી રહિત છે.' એના આત્મામાં સ્વભાવ કેવો છે? કે રાગનું, પરપદાર્થનું ગ્રહવું ને પરપદાર્થનું છોડવું એના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? આ વિભાવની વ્યાખ્યા છે ને અંદર? એ છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ પરવસ્તુને જ્ઞાનના સામર્થ્ય દ્વારા પણ ગ્રહણ કે ત્યાગ કરી શકતો નથી. પણ એમાં વિભાવ થાય કદાચિત્ વિકલ્પ, રાગ (થાય) એ રાગથી પણ પરદ્રવ્યને ગ્રહણ અને ત્યાગ કરી શકવાની એનામાં શક્તિ નથી. શું કીધું સમજાણું આમાં?

ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્યબિંબ પ્રભુ! આત્મા એટલે ચૈતન્યના પ્રકાશનું નૂર-તેજ. એ આત્મા એકલો જ્ઞાન સ્વભાવથી ભરેલો પ્રભુ. એ જ્ઞાન સ્વભાવમાં એવી શક્તિ છે, કે પર એક રજકણને પણ ગ્રહે ને છોડે એવો એનામાં ગુણ છે નહિ. ઓહોહો..! સમજાણું કાંઈ? એની વર્તમાન પર્યાયમાં ભલે વિકારરૂપે પરિણમે પણ પરને પોતે ગ્રહી શકે કે છોડી શકે એવું એના સ્વરૂપમાં નથી. હવે એ વિકારરૂપે પરિણમે એનાથી ભિન્ન પાડ્યો અહીંયાં તો. એટલે વિકારનું પણ ગ્રહવું ને છોડવું એના સ્વરૂપમાં છે નહિ. આહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! મોક્ષના માર્ગની વાત ઝીણી ને સૂક્ષ્મ ઘણી. (આ) કર્યા વિના છૂટકો નથી. આ કરે તો એનો.. એ છપ્પનીયાના ઢોરને સાંગડા નાખીને ઉભા કરે પણ કસ ન મળે તો પડતા. ખબર નથી? ઇ તો એની મેળાએ કસ આવે ત્યારે ઉભા થાય એમ કહે છે અહીં તો. કોઈના લીધા-દીધા કામ આવે એવું નથી. કહો, સમજાણું આમાં?

અહીં તો કહે છે ને જુઓ! શું કહે છે? એ આત્માનો સ્વભાવ જ ભગવાનઆત્માનો એવો છે કે, એક પણ શરીર, વાણી, મન, કર્મ, રજકણો એને ગ્રહવા કે એને છોડવા એના સ્વરૂપમાં ત્રણકાળમાં નથી. એવા સ્વરૂપનું એણે ભાન કર્યું નથી. હા, એની દશામાં વિકલ્પનો વિકાર ભલે પરિણમે, જો કે એનું સ્વરૂપ નથી, પણ એ વિકારપણે પરિણમે શુભાશુભ રાગ થાય એથી એ પરવસ્તુને લઈ મૂકે, છોડે મૂકે, કરે એવું વિકારની શક્તિમાં પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઇ ગ્રહણ-ત્યાગ ન કરે પછી કરે શું? ધૂળ કરે.

એણે ચૈતન્ય તત્ત્વના નૂર ને પ્રકાશ શું સ્વભાવ છે એની કોઈ દિ' એણે કસોટી કરી જ નથી. જગતના પદાર્થની કસોટીઓ કરી પણ ધૂળની કસોટી કરીને મરી ગયો એમ ને એમ અનંતકાળથી. 'પરખ્યા માણેક મોતીયા, પરખ્યા હેમ-કપૂર, એક ન પરખ્યો આત્મા' એ તે શું ચીજ છે? ત્યાં મૂંઢ.. મૂંઢ.. મૂઢ.. મૂઢ.. જાણે કાંઈ (ખબર ન પડે). કોની વાત ચાલે છે? કોની ચાલે છે? આ તે શું છે આ? 'જમુભાઈ'! આહા..!

કહે છે કે, ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાનનો પિંડ એકલો આત્મા તે જ્ઞાનનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સૂર્ય ને આનંદનો કંદ સચ્ચિદાનંદ છે. સત્ એટલે શાશ્વત હોવાપણું. જ્ઞાન અને આનંદનું હોવાપણું એનામાં છે. જાણવું ને આનંદનું હોવાપણું સત્ ચિદ્‌માં આત્મામાં છે. એ વસ્તુ છે એ વસ્તુમાં કોઈ પણ જગતની કોઈ ચીજ ઉપાડવી, લેવી, ગ્રહવી, છોડવી એની કોઈ દ્રવ્ય-ગુણની શક્તિમાં કોઈ ગુણ નથી. સમજાણું કાંઈ? પણ એની વર્તમાન દશામાં વીર્ય પ્રગટ થાય, જ્ઞાન પ્રકાશનું નૂર પ્રગટ થાય તોપણ એના બળથી કોઈ વસ્તુને લે-ઉપાડે, ગ્રહણ-ત્યાગ કરે, પરનો કર્તા થાય એ એના સ્વરૂપમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેયમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે કામ આકરું.

એ વિકારપણે પરિણમે ભલે તોપણ તે પરવસ્તુના રજકણો શરીર, વાણી, મનના કે પરપદાર્થના કામ કરી શકે, ઉપાડીને મૂકે ને ઉપાડે ને છોડે એવી એની વર્તમાન વિકારી પર્યાયમાં પણ તાકાત નથી. સમજાણું કાંઈ? આહા..! કોઈ દિ' એની વિકારી અવસ્થા નિર્વિકારી દશા, નિર્વિકારી ગુણ ને એનો પિંડ દ્રવ્ય એનું કેટલું સામર્થ્ય ને કેટલી મર્યાદા છે એની એણે કોઈ દિ' કિંમત કરી નથી. એના મૂલ્યાંકન તે કોઈ દિ' કર્યા નથી. મૂલ્ય ટાંક્યા જ નથી કોઈ દિ'. એમ ને એમ મૂઢ થઈને (રખડે છે). સમજાણું કાંઈ? વિચાર જ કર્યો નથી એણે, હાલ્યો જ ગયો મૂઢની (જેમ). ભગવાન અંતર ચૈતન્ય હીરો (છે). કહો, સમજાણું?

આજે આવ્યું છે ને ક્યાંક? પેલામાં ક્યાંક આવ્યું હતું. બતાવતો હતો ને ભાઈ, ક્યાં ગયો? આપણો 'પ્રદીપ' આવ્યો હતો. રત્નની ખાણ નીકળી છે. એવું છાપામાં લાવ્યો હતો. રત્નના થર પડ્યા છે, કહે છે. એ લાવ્યો હતો. એ તો પડ્યા હોય એવી નીકળવાની શક્તિ (હોય). તો એમાં શું? અહીં અબજો અબજો રૂપિયાની ખાણ મોટા ભંડાર ભર્યા છે. લાવ્યો હતો આ શું નામ? 'ફૂલછાબ' ને? લાવ્યો હતો. રત્નની ખાણું નાકળી. મેં કીધું વાત તો સાચી. સવારમાં કહેવાનો હતો કે, ધૂળ આમ ખસેડે તો રત્ન નીકળે. એમાં તો બહુ લખ્યું છે. 'ફૂલછાબ' છે ને? 'જમ્મુ'માં રત્નોની ખાણ. 'નવી દિલ્હી' 'જમ્મુ'ની 'તીરતવાર' ટેકરીઓમાં અખૂટ પ્રમાણમાં રત્નો ભંડારાયેલા પડ્યા છે. એમાં વિસ્તારમાં તાજેતરમાં પૂરા કરવામાં આવેલા ભૂસ્તર શાસ્ત્રી પરિક્ષણ આવ્યા એમાં જણાવ્યું છે. આમાં ટુ બી અને સર્ફ ટાઈમ પ્રકારના રત્નોના થર હોવાનો નિર્દેશ થયો છે. થર હોવાનો. રત્નોના થર પડ્યા છે અહીં આત્મામાં, હોં! આપણે ધૂળનું કાંઈ કામ નથી. આ તો બહારનો દાખલો (છે).

'થર' શબ્દ પડ્યો હતો ને. ભગવાનઆત્મા! એ રત્નની ખાણું ધૂળની. એ તો નીકળે, અનંત વાર આવીને ગઈ. એમાં આત્માને કાંઈ છે નહિ. ધૂળેય લાભ નથી મફતના હેરાન થઈને મરી જાય છે. અબજોના થર અંદર પડ્યા છે, હોં! કહે છે, આમાં લખ્યું છે. શબ્દ પડ્યો (છે) ને? પેલા રજકણોનું પરિણમન ધૂળનું પરમાણુનું એવું થયું હોય. મોટું મોટું માઈલ-માઈલ, બબ્બે માઈલમાં હોય. એમાં શું? ભંડાર ખૂટે નહિ.

આ તો મોટો આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદનો નાથ અનંતા રત્નની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખાણના થર પડ્યા છે એમાં. સમજાણું કાંઈ? જેને અંદરમાં પુણ્ય ને પાપના વિકલ્પ રહિત, પરના ગ્રહણ-ત્યાગ વિનાનો હું આત્મા (છું). પરના ગ્રહણ-ત્યાગ વિનાનો. મારા સ્વરૂપમાં અખંડાનંદ અનંત ચૈતન્ય રત્ન, આનંદ રત્ન, જ્ઞાન રત્ન, શ્રદ્ધા રત્ન, શાંતિ રત્ન, ચારિત્ર રત્ન, પ્રભુતા રત્ન, સ્વચ્છતા રત્ન, વિભૂતા રત્ન, કર્તા રત્ન, કર્મ રત્ન. એવા અનંત ગુણના રત્નના થર એક સમયે સાથે પડ્યા (છે). પેલા તો એક પછી એક આમ હોય, આ તો એકસાથે (છે). સમજાણું કાંઈ?

એવી રત્નની ખાણ નીકળે તો આમ થઈ જાય ઓહોહો..! એવું કહેશે, જુઓ! શાસ્ત્રીના વખતમાં રત્નની ખાણ નીકળી. ભાગ્યશાળી, એમ કરીને વાતું કરશે. સમજાણું કાંઈ? પણ આ રત્નની ખાણ ભગવાન તારામાં (છે). એ બધાનું જ્ઞાન કરનાર કોણ પણ? આટલા રત્નો આમ એક માઈલમાં એમ કે ઊંડા ઊંડા રત્ન ભર્યા છે. એનું જ્ઞાન કરનાર કોણ એને ખબર છે? એ જાણનારો તો આ ચૈતન્ય રત્ન છે. એ ચૈતન્ય રત્નમાં એક એક ગુણની એક એક શક્તિ અનંત રત્નના સામર્થ્યથી ભરેલી છે. ખબર ન મળે ચૈતન્ય હીરો તે કોણ છે. સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ ભગવાનને ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન થયું. (એમની) વાણીમાં આવ્યું કે, અરે..! આત્મા તું કોણ છો? ભાઈ! એક રજકણને આમ ઊંચું કરવું કે લેવું કે દેવું એ તારી કોઈ દ્રવ્ય, ગુણ ને પર્યાયમાં અવસ્થાની શક્તિમાં તાકાત નથી. આહાહા..! તારી પર્યાયની તાકાત બધા ત્રણકાળ, ત્રણલોકને જાણવાની તાકાત છે, જાણવાની તાકાત છે. સમજાણું કાંઈ? એ કર્તૃત્વબુદ્ધિના અભિમાન છે ને? અમે આ કર્યા, અમે આ કર્યા, અમે આ કર્યા. ધૂળમાં કરી શકે? અહંકાર કરી શકે છે.

પેલો કહે છે કે, અહંકાર (ન થાય તે) માટે ના પાડી છે (બાકી) કરી તો શકે છે. અરે..! ભગવાન! શું કરે છે તું? હું કરી શકું, અહં–હું કરી શકું એનું નામ અહંકાર છે. કરી શકતો નથી ને કરી શકવું માને છે. પેલામાં આવ્યું છે. આ બંધના અધિકારમાં આવે છે ને? બીજાને જીવાડી શકું. ઇ તો અહંકારનો ત્યાગ કરાવ્યો છે. કરી શકતો નથી એમ નહિ. ગજબના અર્થ કરનારા છે. ઊંધે તે ઊંધા. ભાઈ! તને ખબર નથી. આ શરીર પાંગળુ થઈ જાય ને પક્ષઘાત આવે (તો) એં..એં..એં.. (થઈ જાય છે). કાંઈ છે નહિ હવે. કરને! તું આત્મા તો એનો એ છો અંદર. આમ જાગતો ખબર છે એને કે, આ... આ... આ... આ... અંગ આમ થઈ ગયું, એમ બોલે પાછો. એ આ અંગ જામી ગયું. આ શું થયું? શું કહેવાય? બ્લડપ્રેશર થાય ને બહુ? આમ જામી ગયું. હવે આ આંગળો આમ થાતો નથી. કેમ કરને! તું તો છો ને આત્મા અંદર. થઈ રહી, પુદ્ગલની પર્યાયનું એ કાર્ય છે, તારું છે જ નહિ. આહા..! પણ એને બેસે કેમ?

મુમુક્ષુ :– મારું જોર વધે તો મારું થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :- જોર ધૂળમાં ક્યાંના? જોર એનું વધે તો જ્ઞાતાદૃષ્ટામાં જોર વધે. વધારે જાણવાનું વધે. એ જોર વધે તો કરી શકે નહિ. કેમ હશે? 'ભીખાભાઈ'! આહા..! સમજાણું કાંઈ?

અહીં તો (કહે છે), 'आदानोज्झनशून्यम्' અર્થ ચાલે છે. ભગવાનમૂર્તિ ચૈતન્યનો નૂર દેહ દેવળના રજકણ માટીમાં ભિન્ન પ્રભુ આત્મા (બિરાજે છે). આ તો માટીના-ધૂળના પિંડલા છે, પુદ્‌ગલની જડ દશા જે દાળ, ભાત, રોટલાથી બની ને પાછી રાખ થઈને મસાણમાં ફૂ થઈને ઉડી જવાની. એ કાંઈ આત્મા-બાત્મા નથી.

ભગવાન અંદર આત્મા જે ચૈતન્યના નૂરથી ભરેલો પ્રકાશમૂર્તિ પ્રભુ, એ સત્ છે, સત્ નામ શાશ્વત સત્, શાશ્વત સત્. શાશ્વત અનંત સત્. એનો અંત નહિ. શાશ્વતનો અંત શો? એમાં અંદર એક જ્ઞાન પ્રકાશ, આનંદ પ્રકાશ, શાંતિ પ્રકાશ એવા અનંતા ગુણથી ભરેલો ભગવાન, એની વર્તમાન દશાની અવસ્થા પરિણમવાની થાય, બદલે પણ એ અવસ્થાની તાકાત નથી કે આ હાથને ઊંચો કરે કે છોડે, કોળીયો લે ને મૂકે. એ આત્માની પર્યાયની શક્તિનું સામર્થ્ય જ નથી. કહો 'ગોકળદાસભાઈ'! શું હશે આ? અભિમાન પણ પરના અભિમાન ગરી ગયા હોય એને બેસે? એમાં જુવાન શરીર હોય જરી ૨૦-૨૫ વર્ષનું, સાંઢડા જેવું શરીર. સાંઢડાને આમ શીંગડાની ઓલી હોય ને? અણી પકડીને આમ ઉભો રાખે (તો) આમ થઈ જાય. એ પાછા મરતા ટાણે હેં... હેં... થઈ ગયા છે. ધૂળમાંય નથી. તારી શક્તિ ક્યાં (હતી)? તારી શક્તિ તો આત્માના ખેતરમાં, આત્માના ગુણની અવસ્થામાં તારી શક્તિ રહે. શું તારી શક્તિ પરમાં ગરી જાય? સમજાણું કાંઈ? આહા..!

કહે છે, ભગવાનઆત્મા ચૈતન્યસૂર્ય પ્રભુ એવો એનો સ્વભાવ છે. ભાન થયું એટલે એવો પ્રગટ્યો. હવે પરવસ્તુને ગ્રહવી કે છોડવી (એવું રહ્યું નહિ). પહેલા પણ એ ગ્રહવી, છોડવી કરી શકતો નહિ પણ માન્યતામાં ભ્રમમાં-ભ્રમણામાં પ્રેરાયેલો, આ બધા કામ કરું છું ને આ કરું છે ને આ કરું ને મોટા ડુંગરા તોડું છું ને ફલાણા કામ કરું, દુકાનની થેલીયું ફેરવું છું. થેલીયું શું કહે? કોથળીયું. ના. ના. આ તો જેને અનાજનો વેપાર હોય ને. કોથળા ફેરવે, આમથી આમ ફેરવે ને આમથી આમ (ફેરવે). કોણ ફેરવે? સાંભળને! તને ખબર નથી. એ ધૂળના થેલા એના કારણે ફરે, તારે કારણે નહિ. આહાહા..!

એ થપ્પીઓ થઈ થપ્પીને કારણે, એમ અહીં કહે છે. તારી તાકાત નથી કે, તું થપ્પી કરી શક, એમ અહીં કહે છે. નોટુ હોય ને આમ? એક હજારની, બે હજારની, ત્રણ હજારની. કહે છે કે ઇ આમ કરવી કે આમ લેવી એવી તારી કોઈ દ્રવ્ય-ગુણમાં તો તાકાત નથી પણ તારી અવસ્થામાં તાકાત નથી. તેં અજ્ઞાનીએ ભ્રમ કરીને માન્યું છે. વિકાર અવસ્થામાં એ તાકાત નથી, એ તો કીધું ને પહેલું? ભલે રાગરૂપે થાય, વિકલ્પરૂપે પરિણમે પણ એ વિકલ્પની, રાગની તાકાત નથી કે પરચીજને ઊંચી-નીચી કરે ને ગ્રહે ને કર્તા થાય, ત્રણકાળમાં કરી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પર માટે પાંગળો, પોતામાં પુરુષાર્થે શૂરવીર પૂરો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મ કાંઈ પાંગળું નથી, કર્મ એને ઘરે રહ્યું. એ તો વાત થઈ ગઈ ને આપણે? પાંગળાની આવી ગઈ હતી ને? આવી હતી? ક્યાં? એને ખબર નથી, ઇ મૂંઝાઈ જાય છે. 'પરમાત્મ પ્રકાશ'માં.

કહે છે કે, પ્રભુ! તું કોણ છો? ભાઈ! આત્મા આત્મા. આ શરીરની પાંસળીઓ આ ક્ષયમાં થાય ને પછી તૂટે અને અંદર (પીડા) થાય અને આ મહિનો મહિનો, પંદર દિ' પંદર દિ' સુધી આમ (રાખે). ડૉક્ટર કહે, આમ પડ્યા રહેજો, હોં! જો આમ હલશો તો ટાંકા તૂટી જશે. એક તો માંડ માંડ હોય એમાં પંદર દિ' કાઢ્યા હોય આમ ને આમ. રાતે ઊંઘ ન આવે, ન્યાં પરુ થાતા હોય. જો ફરશો તો પાછું (ટાંકા તૂડશે). એમ ને એમ રહેશો તો કદાચ રૂઝાવાનો પ્રસંગ છે. હેં? ક્યાં સુધી? ભાઈ! મેળ નહિ. પાંચ-દસ દિ' પણ કાઢે. આમ ને આમ? હાય.. હાય! અમસ્તો પણ ક્યાં એ ફેરવી શકતો હતો? પગ ફરે નહિ તો હખ નો આવે એને. 'ભીખાભાઈ'! આમ પાંસળો આમ ફરે તો હખ આવે એને. એ ફરે એને કારણે, હોં! અને આ માને કે, હા..શ, ફર્યું એટલે ઠીક થયું. અરે..! પણ શું થયું તને? સમજાણું કાંઈ?

બાપુ! ચૈતન્યની સત્તાના સામર્થ્યનું જ્ઞાન એ અલૌકિક છે. ભગવાનઆત્મા પરવસ્તુના એક પણ રજકણ આદિના ભાવને, કોઈ રજકણને, એક રજકણ આ થૂંક આવ્યું એ થૂં કરવાની શક્તિ આત્મામાં નથી એમ કહે છે. એ તો જડની અવસ્થા રૂપાંતર થઈને તે કાર્ય જડમાં થાય છે. ભગવાનઆત્મા એનો જાણનાર-દેખનાર છે. એમ જાણનાર-દેખનાર ઉપરાંત ખોસે કે, મેં આ કર્યું. એ મિથ્યા ભ્રમણાના પાપ સેવે છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

'आदानोज्झनशून्यम्' ભારે વાત, ભાઈ! અરે..! પ્રભુ! તું કોણ છો? ભાઈ! આમ એને નક્કી કરે પછી ભલે વિકલ્પ આવે તો એનાથી પણ ગ્રહણ-ત્યાગ નથી. તોપણ વિકલ્પ એ મારું સ્વરૂપ નથી. જ્યારે હું પરને છોડું, ગ્રહવાની જ મારી (શક્તિ નથી). શુદ્ધિ પ્રગટે તોય ગ્રહણ-ત્યાગની શક્તિ નથી. છોડું કે લઉં. અને અશુદ્ધિ પ્રગટ કર તોપણ પરવસ્તુને ગ્રહણ ને ત્યાગ કર એ તારામાં શક્તિ નથી. આહા..! સમજાણું કાંઈ?

'પરદ્રવ્યનું ગ્રહણ, સ્વસ્વરૂપનો ત્યાગ, તેમનાથી રહિત છે.' પોતાનો ત્યાગ છે એ એનાથી રહિત છે. અહીં તો પેલા વિકલ્પનું બતાવ્યું પાછું. પેલામાં તો એમ કહ્યું, પરદ્રવ્યનું ગ્રહણ ત્યાગ. પણ અહીંથી વિશેષ કહ્યું કે, પરમાં ગ્રહણ કરવું ને સ્વરૂપનો ત્યાગ એનામાં નથી. એવી શૈલી લીધી. શું સમજાણું આમાં?

ભગવાનઆત્મા પોતાના સ્વરૂપને છોડે અને પરને ગ્રહે એવું કોઈ દિ' ત્રણકાળમાં બને નહિ. પહેલી વાત તો આમ કહી, પરદ્રવ્યના ત્યાગ-ગ્રહણની. હવે એનો સ્વભાવ પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપને છોડે અને પરને ગ્રહે એવું ત્રણકાળમાં નથી. આહાહા..! સ્વરૂપ છોડે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ? પોતાની જાતને છોડે? પોતાની ભાતને છોડે? ચૈતન્યબિંબ ભગવાનઆત્મા જ્ઞાનનો સૂર્ય પ્રભુ એ પોતાના સ્વભાવને છોડે? સ્વભાવને છોડે તો તો વસ્તુ(નો) અભાવ થઈ જાય. સમજાણું કાંઈ? એ ચૈતન્ય સ્વભાવ પોતે પોતાના સ્વરૂપને કોઈ દિ' છોડતો નથી અને કોઈ દિ' એણે રાગને, પરને ખરેખર ગ્રહ્યો નથી. આહા..! એવા સ્વરૂપનું અંદર પરથી ભિન્ન થઈને ભાન કરવું અને વેદન કરવું આ એનું નામ ધર્મ ને મોક્ષનો માર્ગ કહેવાય છે. આહા..! સમજાણું કાંઈ?

'વળી કેવું છે જ્ઞાન?' એટલે આત્મા. જ્ઞાન કહો કે આત્મા. ચૈતન્ય પ્રકાશ છે ને એનો? એ પ્રકાશને જ આત્મા કીધો છે, બસ! ગળપણને જેમ ગોળ કહેવો, ગળપણને ગોળ કહેવો એમ જ્ઞાન ને આત્મા (કહો). પ્રકાશ જે છે, આમ જાણે છે બધાને આ આ છે... આ છે... આ છે... આ છે... આ છે... એવી જે જાણવાની સત્તા, જાણવાના હોવાપણામાં જે આ બધું જણાય એ જાણવાનું હોવાપણું એ જાણવું એ જ આત્મા. સમજાણું કાંઈ?

એક છોકરો નહોતો? છ વર્ષનો ને? સાત વર્ષનો. 'જામનગર'માં સાત વર્ષનો છોકરો હતો પછી અહીં વ્યાખ્યાનમાં સાંભળવા બેઠો. પછી ઉભો થઈને પૂછ્યું, પ્રભુ! આત્મા જુઓ એમ કહો છો પણ અહીં આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. બહાર દેખીએ તો આ દેખાય છે તો આત્મા ક્યાં જોવો? એમ બિચારાએ પ્રશ્ન કર્યો હતો. એ..ઇ..! આત્મા છે કે નહિ? પૂછવાનો પ્રશ્ન ઉઠ્યો એવો, લ્યો! સાત વર્ષનો નહિ? સાત વર્ષનો ને? આ તમે કહો કે આત્મા આવો, આત્મા આવો, આત્માને જોવો. આંખ મીંચીએ તો અંદર અંધારું દેખાય છે. બહાર દેખીએ તો આ દેખાય. હવે આત્મા જોવો ક્યાં? બાળકને શું કહેવું?

ભાઈ! એ અંધારું દેખાય છે શેમાં દેખાય છે? અંધારામાં અંધારું દેખાય છે? અંધારામાં અંધારા દેખાય? કે ચૈતન્ય પ્રકાશમાં પ્રકાશમાં એ અંધારું દેખાય છે, પણ કોઈ દિ' વિચાર કર્યો નથી. પ્રકાશમાં એ અંધારું દેખાય છે. ચૈતન્યના નૂર પ્રકાશમાં આ અંધારું (છે એમ જણાય છે). આમ આંખો મીંચીએ એટલે અંધારું લાગે ને બધું? ... પણ એ દેખનાર પોતે અંધારાસ્વરૂપ નથી. એ દેખાય આમ જે અંદર આ (અંધારું), એ જ્ઞાનસ્વરૂપની સત્તા હોવામાં બધું દેખાય છે. આહાહા..! જે મોટા બેરીસ્ટર થયા હોય તો એણે ક્યાં વિચાર્યું છે આવું અંદર? એક જણો પછી પૂછતો હતો કે, આવું તો છોકરો પૂછે (છે). અમારા પ્રશ્ન જ આવા બધા છે.

આ ચૈતન્ય એટલે આત્મા, એટલે જ્ઞાન પ્રકાશનું નૂર. ચૈતન્ય શી રીતે આમ જોવો? આ જોવે તો આ બહારનું દેખાય, આંખ (મીંચે તો) અંધારું (દેખાય). પણ અંધારાનો દેખનાર કોણ? અંધારાનો દેખનાર કાળું અંધારું છે? અંધારામાં અંધારું દેખાય? આહાહા..! એ ચૈતન્યના પ્રકાશની સત્તામાં એ અંધારા દેખાય છે. એ ચૈતન્યનો પ્રકાશ તે આત્મા અને તે વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ કોઈ દિ' એ તરફના વિચાર નહિ. સંપ્રદાયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાતું ચાલે તો આ કરો ને આ મૂકો, આ લ્યો ને આ કરો. એમાં મરી ગયો મિથ્યાત્વ ભ્રમણામાં. વસ્તુની ચીજ આ તે કોણ છે? આ શું છે પણ? નજરું નાખતા જેમાં નજર ટકે એવું ટકતું તત્ત્વ શું છે કે જેમાં ટકે થંભી જાય? સમજાણું કાંઈ?

આ નજર કાંઈ કામ કરે ત્યાં? આ તો હાડકા ને માટી છે. આમ જોવે તો આ બધું ધૂળ દેખાય. દેખનારો પોતે પણ દેખાય આ. દેખનાર પોતે. એની સત્તામાં આ દેખાય એમ માને છે, દેખાય છે ખરેખર જ્ઞાનની પર્યાય. જ્ઞાનની અવસ્થા દેખાય છે પણ માને છે શું? આ પરપદાર્થ દેખાય છે. એમ માને છે, હોં! છે નહિ. પોતાની જ્ઞાન દશા દેખાય છે. ઇ સત્તા સામું જુએ તો ખબર પડે ને! સમજાણું કાંઈ?

કહે છે, ભાઈ! તું આત્મા કોણ છો એને સમજ્યા વિના ચોરાશી લાખમાં મરીને મરી ગયો. ક્યાંય તારા આરા આવ્યા નહિ. દુનિયાના અભ્યાસ ને દુનિયાના ડહાપણ ને બધા ખોટા કરી કરીને મરી ગયો.

કહે છે, કેવું છે ભગવાન સ્વરૂપ આત્માનું જ્ઞાન? 'પૃથક્ वस्तुताम् विभ्रत्' 'સકળ પરદ્રવ્યથી ભિન્ન સત્તારૂપ છે.' બધી પરવસ્તુ જે છે એના હોવાપણાથી ભગવાન ચૈતન્ય ભિન્ન સત્તા છે, હોવાવાળી ચીજ છે, હોવાવાળી ચીજ છે. જેની મુખ્યતા ન હોય તો આ ચીજ છે એમ શેમાં જાણ્યું? જેની સત્તાની મુખ્યતા ન હોય, જેના હોવાપણાની મુખ્યતા ન હોય તો આ શરીર આ... આ... આ... આ... એમ જાણ્યું કોણે? એ જાણનાર ભગવાન ચૈતન્યસત્તા પરથી ભિન્ન છે. કહો, સમજાણું આમાં? અરે..! આ કઈ જાતની આત્માની વાત છે? કહો, 'જેચંદભાઈ'! આ વિચાર્યું નથી. નહિતર નવરાશનો વખત ઘણો છે અત્યારે, લ્યો! વેપાર-ધંધા બંધા કાંઈ ન મળે. શરીરે અટકાવી દીધા બધા કરવાના ભાવ હતા તોય. પણ માનતો હતો ને આમ કર્યા અમે. અમે કર્યા. 'અમેરીકા' ગયા હતા અને હોળીમાં ગયા હતા. ધૂળમાંય ગયા નથી કહે છે. એમ અહીં કહે છે. તું તારી પર્યાયથી, અવસ્થાથી એક ક્ષેત્રે, એક પ્રદેશે બહાર નીકળ્યો નથી. આહાહા..! તે એને ખબર ક્યાં છે પણ? કહો, સમજાણું આમાં?

'પૃથક્ वस्तुताम् विभ्रत्' 'સકળ પરદ્રવ્યથી ભિન્ન સત્તારૂપ છે. વળી કેવું છે?' 'अन्येभ्यः व्यतिरिक्तम्' 'કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે.' જેટલા કર્મના ઉદયથી વિકલ્પો આદિ ઉઠે છે બધા વિકારથી પણ ભગવાન સત્તા ચૈતન્યની ભિન્ન છે. એમ આત્માનું પરથી ભિન્ન ભાન કરવું એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ધર્મ કહેવાય છે.

આ છોડી જેને જોવા આવ્યા હોય, એ છોડીને આ બધા ઘણા જોવા આવ્યા છે. જુઓ! આ 'રાજુલ'. જેને જાતિસ્મરણ થયું છે. ઊભી કરો, ઊભી કરો. ઊભી થઈ, બસ! જુઓ! આને આ પાંચ વર્ષની ઉંમર છે અત્યારે. એ 'જુનાગઢ'માં લુહાણાની દીકરી હતી. 'ગીતા' નામની. એ બધું એણે યાદ કર્યું છે એની મેળાએ. અત્યારે પાંચ વર્ષની છે પણ અઢી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્ષની ઉંમરે એણે બધું યાદ કર્યું. આ અમારા બધા હોશિયાર પંડિતો ત્યાં જઈને 'હિંમતલાલ પંડિત' છે ને આપણા અહીંના? ઇ છે એમના પિતાશ્રી, પિતા છે. બધાએ જઈને નક્કી કર્યું. એ અઢી વર્ષે પોતે કહે, હું 'ગીતા' છું, 'જુનાગઢ'ની રહેવાવાળી. મારે 'જુનાગઢ' ઘર છે, મકાન છે એવા બાવીસ મુદા કીધા હતા. બધી સાચી વાત નીકળી. ઇ અઢી વર્ષે કહે. આ 'ગીતા'. પૂર્વ ભવની 'ગીતા', આ ભવની 'રાજુલ'. એ છાપામાં આવ્યું છે આ બધું. છાપામાં છે ને?

આ 'રાજુલ' જુઓ! આ છાપામાં છે 'રાજુલ' કહે છે કે, આવું તો બધાયને યાદ હોય. આ છાપુ આવે છે. ત્રણ વાર આવ્યું. આ પોતે છોડી એમ કહે છે કે, તમે શું પૂછ પૂછ કરો છો મને? એ તો તમને બધાને ખબર છે કે, ક્યાંથી આવી? બાળક છે ને, એને કાંઈ ખબર ન હોય કે, આ બધાને (યાદ) ન હોય. છે ને? આ બધું આવ્યું, જુઓ! એ વાત સાચે સાચી નીકળી. અઢી વર્ષની ન્યાં ગુજરી ગઈ છે. અહીં બોલી હતી કે મને તાવ આવ્યો એમાં ગુજરી ગઈ છું. એ બધું બોલી હતી ન્યાં. ન્યાં જઈને બધા નક્કી કરી આવ્યા. આ પર ભવમાંથી અહીં આવી, છોડી મરીને છોડી થઈ સીધી. એ પ્રત્યક્ષ જેને ને બેસતું હોય એને આ પ્રત્યક્ષ દાખલો છે. શું સમજાણું?

કો'ક આવ્યા હતા ને જોવા? કોણ? પાંચ વર્ષ થયા ને? કેટલા થયા? સવા પાંચ વર્ષ થયા છે. એ અઢી વર્ષની હતી ત્યારથી બોલે છે. અઢી વર્ષની ઉંમરે, ન્યાં અઢી વર્ષની ગુજરી ગઈ. 'જુનાગઢ'માં 'ગોકુળદાસ' લુહાણાની દીકરી. એની માનું નામ 'કાન્તા'. એ ન્યાં જઈ આવ્યા, બધું નક્કી કર્યું. આ મારી દીકરી 'ગીતા' હતી અને પાંચ વર્ષ પહેલા ગુજરી ગઈ છે. એ નામ ઠામ બધું આ જે કહેતી એ બધું ન્યાં નીકળ્યું. બે ઓરડા હતા, મારે ત્યાં આ હતું. સમજ્યા ને? મારે આટલું દૂધ આવતું, આટલું રાખતા, મારા કાકા પેંડા આપતા. ત્યાં મારી બા હતા. એની બાને કહે કે, બા તમારા જેવા અમારે ભાભી ત્યાં હતા, ભાભી કહેતા ને? બાને ભાભી કહે. એ બધી વાતું આ છોડીએ (કહી). આ સમાચારમાં ત્રણ વાર આવી ગયું છે. આ ત્રીજીવારનું છે. વિશેષ કહેશે... ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## માગશર સુદ ૪, શનિવાર તા. ૨૭-૧૧-૧૯૬૫.
## કળશ-૨૩૫, ૨૩૬ પ્રવચન-૨૫૨

'કળશ-ટીકા'. અહીં સુધી આવ્યા. જુઓ! આ આત્મા જ્ઞાનાનંદ એનું શુદ્ધ સ્વરૂપ છે એવું ભાન થતાં એના સ્વરૂપમાં પરદ્રવ્યને ગ્રહવું કે પરને છોડવું એના સ્વરૂપમાં નથી. અથવા એ આત્મા પોતાનો જે સ્વભાવ શુદ્ધ જ્ઞાનાનંદ છે એને કોઈ દિ' છોડતો નથી અને રાગાદિ ને શરીરાદિને કોઈ દિ' ગ્રહતો નથી, એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ ચૈતન્યનો પુંજ પ્રભુ વસ્તુ નિર્મળ પર્યાય સહિત રાગાદિથી પૃથક થયો અને પોતાના શુદ્ધ સ્વભાવથી અપૃથક અભેદ થયો એ આત્મા પરને ગ્રહતો નથી, સ્વને છોડતો નથી ને પોતાના સિવાય પરને છોડતો પણ નથી. ગ્રહતો નથી એટલે છોડતો નથી. સમજાણું કાંઈ?

'કેવું છે જ્ઞાન?' એટલે આત્મા શુદ્ધ પરિણમન થયેલું એની વાત છે, હોં! અત્યારે. 'પૃથક્ વસ્તુતામ્ બિભ્રત્' 'સકળ પરદ્રવ્યથી ભિન્ન સત્તારૂપ છે.' ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, સ્વભાવથી ભરેલો પદાર્થ એ રાગ-દ્વેષ અને પરથી તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? કર્મ ને શરીરથી જુદો તેમ પુણ્ય-પાપના રાગથી પણ જુદો, એને આત્મા કહીએ ને! એ આત્મા પોતાની શુદ્ધ પરિણતિવાળો ભલે હો પણ એ તો પોતાની નિર્મળ પરિણતિની અવસ્થા છે. પણ વિકાર ને સંયોગવાળો એ આત્મા નથી, એને આત્મા કહેતા નથી. આવો આત્મા આત્મા કરે પણ કહે છે એમાં ધર્મ શું આવ્યો? એ આત્મા વસ્તુ છે એ શરીર, વાણી, મનથી પૃથક (છે) એમ અંતરમાં ભાન થવું અને પુણ્ય-પાપના રાગથી રહિત એમ સ્થિરતા થવી એનું નામ જ ધર્મ છે, ધર્મ કોઈ બીજી ચીજ નથી. સમજાણું કાંઈ?

કહે છે, 'પૃથક્ વસ્તુતામ્ બિભ્રત્' 'સકળ પરદ્રવ્યથી ભિન્ન....' ભગવાનઆત્માની સત્તા છે. રજકણથી માંડીને રાગના અંશથી પણ એ ભગવાન ચૈતન્ય ભિન્ન છે. એવું એનું દ્રવ્ય ગુણ ને પર્યાયનું પરિણમન (થાય) એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું? એણે આત્મા જાણ્યો, એણે બધું જાણ્યું. આવો આત્મા જાણ્યો એણે જગતના વિકાર આદિ, શરીરાદિ શું છે એ પણ જાણ્યું અને જગતના બીજા પદાર્થો ભિન્ન છે એનું પણ જ્ઞાન થઈ ગયું.

મારા સ્વરૂપમાં આ છે ને પરવસ્તુ એમાં નથી એમ ભાન થતાં આખા પરિપૂર્ણ પ્રભુ ચૈતન્ય પરમાત્માનો સ્વભાવ તે જ હું એમ નિર્મળ દશાની શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિ દ્વારા પરિણમ્યો એટલે પરથી ભિન્ન ને પોતાથી અભિન્ન થઈ ગયો. આ એનું નામ આત્મકલ્યાણ ને મોક્ષમાર્ગ કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'વળી કેવું છે?' 'अन्येभ्यः व्यतिरिक्तम्' 'કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે.' લ્યો! પહેલું પરદ્રવ્યથી જુદું કહ્યું, હવે, આત્મા – વસ્તુમાં કર્મના સંગથી પુણ્ય ને પાપ, દયા ને દાન વિકલ્પ ઉઠે આસ્રવ એનાથી પણ ભિન્ન છે. પોતે પણ ભિન્ન છે તો ભાસ કેમ દેખાતો નથી? પણ માને પરમાં એમ શી રીતે દેખાય એને? 'છોટાભાઈ'! શરીર હું, વાણી હું, આમાં કાંઈ થાય તો મને કાંઈક થાય. હવે, આવી એની ભ્રમની માન્યતા (હોય ત્યાં) આત્મા એનાથી ભિન્ન કેમ એને બેસે? અને પુણ્ય ને પાપના ભાવ થતાં એમાં આકુળતા છે એ એને ભાસતી નથી. એ દુઃખરૂપ દશા છે, શુભાશભ રાગ એ દુઃખરૂપ (દશા છે), આનંદ સ્વરૂપ ભગવાન એનાથી વિરુદ્ધ ભાવ છે એમ ભાસે નહિ ત્યાં સુધી આત્મા ભાસે શી રીતે? સમજાણું કાંઈ? એથી અહીંયાં કીધું, પરદ્રવ્યથી ભિન્ન એને પરદ્રવ્યવાળો માનવો એને પરદ્રવ્યથી ભિન્ન જાણી શી રીતે શકે ઈ? કર્મના ઉદયથી ભિન્ન એને આકુળતાવાળો માનવો એને આકુળતા વિનાનો આત્મા ભાસે કેમ? બરાબર છે?

ભિન્ન સત્તારૂપ છે. 'સકળ કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે.' જુઓ! બે વાત લીધી. વસ્તુ ભગવાનઆત્મા કેમ ભાસતો નથી? કે એના સિવાય કર્મ, શરીર આદિ જડ પદાર્થ; આમાં–આમાં કાંઈક ઠીક ન થાય ત્યાં મને ઠીક નથી એટલે એનો અર્થ જ ઇ શરીરને જ પોતાનું માને છે. હવે એને જ્યાં માને કે આ એક આખો પદાર્થ જડથી ભિન્ન છે એને કેમ ભાસે અંદર? સમજાણું કાંઈ? પરદ્રવ્યની સગવડતા-અગવડતામાં પોતાનું હીણાપણું-અધિકપણું જ્યાં કલ્પે એને પરદ્રવ્યથી ભિન્ન માને શી રીતે? ન સમજાણું? 'ભીખાભાઈ' શું કીધું?

આત્મા સિવાય શરીર, કર્મ, વાણી, આ પૈસા, લક્ષ્મી એની અનુકૂળતાએ મને ઠીક ને પ્રતિકૂળતાએ–એની પ્રતિકૂળતાએ મને ઠીક નહિ. હવે, એમ માનનારને એનાથી ભિન્ન ભાસે શી રીતે? પરને લઈને અનિષ્ટપણું કે ઇષ્ટપણું જીવમાં છે જ નહિ. કોઈ વસ્તુ ઇષ્ટ-અનિષ્ટ છે જ નહિ. જગતની ચીજ છે. શરીર, વાણી એ તો જાણવાલાયક છે. એમાં આ હોય તો ઠીક ને આમ ન હોય તો ઠીક નહિ એવું વસ્તુમાં તો છે નહિ. સમજાણું કાંઈ? પછી શરીર નિરોગ હોય તો ઠીક, એનો અર્થ શું? 'મોહનભાઈ'! શું કહેવો એનો અર્થ? પણ સંબંધ શું છે કે નિરોગ હોય તો ઠીક? એ તો જડ છે. અને સરોગ હોય તો ઠીક નહિ. એ તો જડ છે. જડમાં રોગની દશા (હોય) એમાં જીવને અઠીક એમ આવ્યું ક્યાંથી?

મુમુક્ષુ :– બેભાન અવસ્થા ...

ઉત્તર :– ભાન ન મળે. હવે ભાન ન મળે ત્યારે આત્મા છે એમ ભાસે ક્યાંથી? બેભાન જ્યાં પડ્યો છે આમ... આમ... આમ... આહાહા..! આખો મોટો પોટલું શરીર, વાણી આદિ સંયોગ કંઈક અનુકૂળતાએ ઠીક ને પ્રતિકૂળ (અઠીક) એમ જ્યાં આમ શોધવા જાય ત્યાં એનો અર્થ જ પરમાં પોતાનું હોવાપણું માને છે, ભિન્ન છું એ તો એને ખબર નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહો, સમજાણું આમાં?

અહીં 'સકળ કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે.' બીજો બોલ લીધો ને? પછી થયા અંદર વિકલ્પો શુભ ને અશુભભાવ. એ શુભ-અશુભભાવમાં શુભ તે ઠીક ને અશુભ તે ઠીક નહિ એમાં જે પડ્યો હોય એને આત્મા એનાથી રહિત કેમ ભાસે? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા તો કર્મના, નિમિત્તના, સંગના વિકલ્પોથી પણ જુદો (છે). હવે એ વિકલ્પમાં જ્યાં અટક્યો કે, આ... આ... આ... આ ઠીક, આ ઠીક નહિ, આ ઠીક, આ ઠીક નહિ, આ ઠીક. વિકલ્પમાં અટક્યો. એનાથી તો જુદો છે. હવે જ્યાં અટક્યો એનાથી જુદો એને કેમ ભાસે? સમજાણું કાંઈ? ઇ એને કરે તો થાય, સાંભળવાથી નહિ. ઇ સાંભળવાથી નહિ અને રાગથી પણ નહિ ને વિકલ્પથી પણ નહિ.

ઇ ન્યાં ગરતા થાતું નથી. ત્યાં જ્ઞાનની પર્યાય પરિણમે છે. કહો, સમજાણું આમાં? આહાહા..! એ પરલક્ષી જ્ઞાન એને પણ જ્યાં સુધી પોતાનું માને ત્યાં સુધી જુદો પડવાનો પ્રયત્ન કરે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વળી બે બોલમાં સમાડ્યું. વળી ત્રીજો આવ્યો પાછો. સમજાણું આમાં?

એના જ્ઞાનનું અસ્તિત્વ તો સ્વને જાણવાના પર્યાયપણે પરિણમે એ એનું અસ્તિત્વ છે. એને ઠેકાણે એનું હોવાપણું આ સંયોગથી કે આ વિકલ્પથી અને કાં એના પરલક્ષી ઉઘાડના ભાવથી કાંઈક મને આત્મા જણાણો એમ થયું એ વાતેય ખોટી છે. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે, એ પરલક્ષી જ્ઞાનનો ઉઘાડ એ વાસ્તવિક આત્માની પર્યાય જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એની જો યથાર્થ (પર્યાય) હોય તો પછી ઘટે કેમ? નાશ થાય કેમ? પછી નિગોદમાં ચાલ્યો જાય છે, એનો અર્થ શું? 'છોટાભાઈ'! આહા..! એનો કણ અંદર જાગે, સ્વરૂપ આ ચિદાનંદ પ્રભુ એની અંતરની દૃષ્ટિ, અંતરનું જ્ઞાન ને એની સ્વરૂપ આચરણની દશા (થાય) એ આત્મા. એ આત્મા થયો એ આત્મા રહેવાનો એમ ને એમ. સમજાય છે? અહીં પડવા-ફડવાની વાત નથી.

એટલે કહે છે, કે કર્મના ઉદયથી જેટલા ભાવ કરે ભલે પોતે પણ એ વિકલ્પો છે એ મૂળતત્ત્વ ચૈતન્યની ગુણ, દ્રવ્ય, પર્યાય છે જ નહિ એ. સમજાણું કાંઈ? આહાહા..! 'વળી કેવું છે?' 'आत्मनियतं' 'પોતાના સ્વરૂપથી અમિટ ( -અટળ ) છે.' દેખો! કેવો છે ભગવાન? પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રના પર્યાયથી પ્રગટેલો અમિટ છે–એ મટે એવો નથી. પેલું બધું તો મટી જાય એવું છે. સમજાણું આમાં? ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ (છું) એમ જ્યાં પરલક્ષને છોડી સ્વલક્ષે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ થયા (તો) કહે છે કે, જેમ દ્રવ્ય અમિટ છે (એમ) હવે એ પર્યાય અમિટ થઈ ગઈ. એ પર્યાય ભૂંસાય નહિ, મટે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'आत्मनियतं' 'नियतं' કીધું જોયું? 'પોતાના સ્વરૂપથી અમિટ ( -અટળ ) છે.' શરીર, કર્મ, રાગ એનાથી ભિન્ન જે ભગવાન, એમ ભિન્ન જાણ્યો ત્યારે પર્યાયમાં પરિણમન થયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે નહિ? પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન આદિ પરિણમ્યા (કે) આ આત્મા, આ આત્મા. આમ શરીરાદિ છું, વાણી છું એમ જે પરિણમતો એ મિથ્યાત્વરૂપી પરિણમન હતું. આ આત્મા જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ (છે) એમ દૃષ્ટિ, જ્ઞાન થતાં એનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું થયું. દ્રવ્ય અને પર્યાય અભેદ થઈ ગયા, અમિટ છે. એ પર્યાય હવે મટે નહિ. એ આત્મા થઈને જાગ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

'કેવો છે જ્ઞાનનો મહિમા?' એ પ્રગટ્યું. જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા તો દ્રવ્ય-ગુણે તો અભિન્ન છે પણ એનું ભાન પરથી ભિન્ન જ્યાં કર્યું 'मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः' 'એ વર્તમાન પહેલો, આગામી એવા વિભાગથી અર્થાત્ ભેદથી રહિત...' શુદ્ધ જ્ઞાનઘન ચૈતન્ય પ્રભુ! વસ્તુ... વસ્તુ... વસ્તુ... મહા સમજાય છે? વજ્રને જેમ ભૂંસાયા ભૂંસે નહિ છતાં એ અનિત્ય વસ્તુ છે. આ ભગવાનઆત્મા... કહે છે કે, શાશ્વત ચૈતન્ય જ્યાં અંતર દૃષ્ટિમાં પરથી પૃથક જાણ્યો એને આદિ શી? મધ્ય શી? ને અંત શી? જે છે ઇ છે ઇ. સમજાણું કાંઈ? આહાહા..!

ચક્રવર્તીઓ ચક્ર સાધે છે ને? પછી ન્યાં પર્વત ઉપર લખે છે. ક્યો પર્વત? હેં? એ પર્વત છે ને વૈચાકને ઓલી કોર? છ ખંડ સાધે છે. નામ લખે છે. કેટલા ચક્રવર્તી થઈ ગયા તો નામ લખવાની જગ્યા રહી નહિ. વજ્રની મણિરત્ને લખેલા, હોં! મણિરત્નની એક હજાર દેવ સેવા કરે છે. એક મણિરત્ન એક થાય એની હજાર દેવ સેવા કરે. એ ચક્રવર્તી જ્યારે છ ખંડ સાધીને જે સોળ હજાર દેવ ને આમ લખે. હું આનો પુત્ર અને મેં છ ખંડ સાધ્યા છે. હું ચક્રવર્તી મહારાજા. મેં મારી ભૂજાએ છ ખંડમાં રહેલા દેવ, દેવીઓ, મનુષ્ય સર્વને સાધ્યા. એ બધા મારા સેવક છે, હું એનો સ્વામી છું. એ જ્યાં પાછળના ચક્રવર્તીઓ થાય ભૂંસાડે પેલાને. ક્યાં એટલા ક્યાં લખાણ .. ? ... આહાહા..! આ ભૂંસાય નહિ એવી ચીજ છે. સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપ વજ્રમય ચૈતન્ય પ્રભુ! એની અંતરમાં રાગ ને વિકલ્પથી ભિન્ન, પોતાના સ્વભાવથી અભિન્નનું ભાન થયું, કહે છે કે આદિ-મધ્ય-અંત જે છે તે છે એ તો. સમજાણું કાંઈ?

(ભેદથી) 'રહિત સ્વભાવરૂપ અનંત જ્ઞાનશક્તિથી સાક્ષાત્ પ્રકાશમાન છે.' અહીં છેલ્લી વાત પછી કરી ને? કેવળજ્ઞાન આદિ 'સ્વભાવરૂપ...' 'સ્ફારપ્રભા' પ્રગટ થઈ ગઈ છે પ્રભા જેની, શક્તિ જેની. કેવળજ્ઞાનમય જ્યોત પ્રગટ થઈ ગઈ. અસંખ્ય પ્રદેશે અનંત સૂર્ય ઊગી ગયા. અનંત જ્ઞાનશક્તિ અનંત. પણ એ વસ્તુ અનંત મહાપદાર્થ જેના પદાર્થની (મહિમા) વાણીએ પૂરું ન પડે, વિકલ્પે પૂરું ન પડે એવી એ જાત છે. એનો મહિમા અંતર્મુખમાં આવતા કહે છે કે, એ ક્રમે ક્રમે જ્યાં કેવળ પામ્યો (તો) સર્વથી રહિત થઈ ગયો. ખલાસ! અનંત જ્ઞાનશક્તિ 'સ્ફાર' છે ને? 'સ્ફારપ્રભા'. 'સ્ફારપ્રભા' નું શું કર્યું છે? 'સ્ફાર' નો અર્થ અનંત? 'સ્ફાર' એટલે અનંત, એમ. બેહદ સ્વભાવ એવો કેવળજ્ઞાન આદિ પર્યાય પ્રગટ થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'भासुरः' 'સાક્ષાત્ પ્રકાશમાન છે.' 'વળી કેવો છે?' 'शुद्धज्ञानघनः' 'ચેતનાનો સમૂહ છે.' એ ચેતનાનો સમૂહ ભગવાન પર્યાયે પરિણમીને એકલો ચેતના... ચેતના... ચેતના... ચેતનાનો સમૂહ રાગનો સંબંધ વિકાર ને ફિકાર કાંઈ રહ્યું નહિ. એવા ભાનથી જે પરમાત્મા પ્રગટ્યો એ એવો ને એવો અનંતકાળ રહેશે. એને ફરીને પાછું પડવાનું નથી. અહીંયાં ભિખારી કલ્પ્યો ને રાંકો કલ્પ્યો, રાંકો. એક જરીક બીડી સરખી પીવામાં આવે ત્યાં કોણ જાણે અંદર શું થઈ જાતું હશે? બાયુંને એક છાણનો પોદળો સરખો મળ્યો હોય ને એક ભેંસ નીકળી હોય ને એક શું કહેવાય? સુંડલો ભરાય એવો, આખો સુંડલો ભરાય એવો પોદળો (મળે તો) ઓહોહો..! (થઈ જાય). શું છે પણ આ બધું? અને રાંધણું-બાંધણું સરખું થયું હોય ને આ કપડા-બપડા ને છોકરાને આમ મખમલના આમ ને આમ. શું છે પણ? આ બધા ભેખ જડના. એની મહિમા અને આ ચૈતન્ય પ્રભુની મહિમા નહિ. એણે હવે અંદરથી વીતરાગપણાનો ભેખ ધાર્યો. મોક્ષ પણ પર્યાય પણ ભેખ છે, હોં! પર્યાય છે ને? આહા..! ભગવાન જ્ઞાનરૂપી દ્રવ્ય-ગુણ એનું પરિણમન દઈને જ્ઞાનનો ભેખ સાદિ અનંત ભાસુરમાન પ્રગટ થયો. એવા આત્માને આત્મા તરીકે કહેવામાં આવે ને એને કેવળજ્ઞાન તરીકે પ્રકાશમાન થયેલો આત્મા પૂર્ણપણાને પ્રાપ્ત થયો. કહો, સમજાણું?

---

( ઉપજાતિ )

उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत् तथात्तमादेयमशेषतस्तत्।
यदात्मनः संहृतसर्वशक्तेः पूर्णस्य संधारणमात्मनीह।।४४-२३६।।

ખંડાન્વય સહિત અર્થ :- 'यत् आत्मनः इह आत्मनि सन्धारणम्' ( यत् ) જે ( आत्मनः ) પોતાના જીવનું ( इह आत्मनि ) પોતાના સ્વરૂપમાં ( सन्धारणम् ) સ્થિર થવું છે 'तत्' તે જ માત્ર, 'उन्मोच्यम् उन्मुक्तम्' જેટલું હેયપણે છોડવાનું હતું તે બધું છૂટ્યું, 'अशेषतः' કાંઈ છોડવાને માટે બાકી રહ્યું નહિ; 'तथा तत् आदेयम् अशेषतः आत्तम्' ( तथा ) તે જ પ્રકારે ( तत् आदेयम् ) જે કાંઈ ગ્રહવાનું હતું ( अशेषतः आत्तम् ) તે સમસ્ત ગ્રહ્યું. ભાવાર્થ આમ છે કે, શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વ કાર્યસિદ્ધિ. કેવો છે આત્મા ? 'संहृतसर्वशक्तेः' ( संहृत ) વિભાવરૂપ પરિણમ્યા હતા તે જ થયા છે સ્વભાવરૂપ– એવા છે ( सर्वशक्तेः ) અનંત ગુણ જેના, એવો છે. વળી કેવો છે ? 'पूर्णस्य' જેવો હતો તેવો પ્રગટ થયો. ૪૪–૨૩૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत् तथात्तमादेयमशेषतस्तत्।
यदात्मनः संहृतसर्वशक्तेः पूर्णस्य संधारणमात्मनीह।।४४-२३६।।

૪૪. બહુ ટૂંકું શ્લોકમાં ટૂંકું સાર, બહુ ટૂંકો છે ને? એ છે પણ ટૂંકો, બહુ થોડો, થોડો એટલે થોડા કાળમાં પમાય એવો, એમ. સમજાણું કાંઈ? થોડા અક્ષરમાં સમજાય એવો, થોડા ભાવે સમજાય એવો મોટો.

'यत् आत्मनः इह आत्मनि सन्धारणम्' 'જે પોતાના જીવનું...' જ્ઞાનાનંદ ભગવાન! સમજાણું? 'પોતાના સ્વરૂપમાં 'सन्धारणम्' સ્થિર થવું છે...' જુઓ! અનાદિથી જે વિકલ્પ ને દયા-દાન, પુણ્ય-પાપના અસ્થિરતામાં, રાગમાં સ્થિર હતો એને ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ ચિદાનંદ જ્યોતિમાં સ્થિર કર્યો. એ આત્માએ આત્માનું 'सन्धारणम्' કર્યું. 'सन्धारणम्' શું આવે છે બહારમાં? 'सन्धारणम्' લોકમાં વપરાય છે ને પ્રશ્ન એવો? સમજાણું? સ્થિર થવું. 'सन्धारणम्' .. કે આખો શબ્દ છે? સમ્ 'सन्धारणम्' સમ્યક્ પ્રકારે, એમ. સમ્યક્ પ્રકારે. શું કહ્યું?

ભગવાનઆત્મા...! આ છેલ્લા શ્લોકો છે ને? એટલે એનું રૂપ પ્રગટપણે પૂર્ણ એની વિશેષ વ્યાખ્યા કરી છે. શક્તિરૂપ તો વસ્તુ પૂર્ણ જ છે. પણ એનું અંતર પરથી પૃથક થઈને ભાન થયું, ભાન એટલે એ પોતે પોતાને 'सन्धारणम्' પોતે પોતાને આમ બરાબર સ્થિરપણે ધારી રાખ્યો. સમજાણું? 'પોતાના જીવનું પોતાના સ્વરૂપમાં સ્થિર થવું છે...' 'तत्' 'તે જ માત્ર,...' બસ! કહે છે એ બધું 'उन्मोच्यम् उन्मुक्तम्' 'જેટલું હેયપણે છોડવાનું હતું તે બધું છૂટ્યું,...' છે? ભગવાનઆત્મા શુદ્ધ આનંદઘનના સ્વભાવમાં ઠરતાં પોતે પોતાના સ્વરૂપમાં – સ્વરૂપમાં, સ્વભાવમાં, ધ્રુવતામાં ઠરતા કહે છે કે, જે કંઈ છોડવા યોગ્ય (હતું) એ છૂટી ગયું. રાગાદિ, વિકલ્પ આદિ છોડવાયોગ્ય વસ્તુ છૂટી ગઈ. સમજાણું?

'उन्मोच्यम् उन्मुक्तम्' એમ. 'उन्मोच्यम् उन्मुक्तम्' એટલે છૂટવાયોગ્ય છૂટી ગયું, એમ કહે છે. બે શબ્દ છે ને? છૂટવાયોગ્ય છૂટી ગયું, રહેવાયોગ્ય રહી ગયું. સમજાણું આમાં? ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ! એનું અંતરમાં એકાકાર થતાં આત્માએ આત્માને 'सन्धारणम्' સ્થિર કર્યો અંદરમાં, સ્વરૂપમાં, સ્વરૂપમાં સ્થિર કર્યો. આ ચારિત્રની વ્યાખ્યા સહિતની બધી વ્યાખ્યા છે ને અહીં? મોટી વાતું. આ જગતની મીઠાશમાં કાંઈ પડ્યો હવે, આને સૂઝ, સૂઝ પડે નહિ અંદર. છે એવડો ને એવડો અનાદિનો એમ ને એમ છે. સાતમી નરકે ગયો કે નિગોદમાં રહ્યો એ એવો ભગવાન પરિપૂર્ણ અનંત ગુણની ખાણ, ખાણ તે ખજાનો એવો ને એવો છે. એવા અંતર્મુખની દૃષ્ટિ ને જ્ઞાનમાં પોતે પોતાને ઠાર્યો, પોતે પોતાને ધાર્યો, પોતે પોતામાં સ્થિર થયો, બસ! થઈ રહ્યું, કહે છે. આ છૂટવાયોગ્ય છૂટી ગયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'उन्मोच्यम्' એટલે જે છૂટવા યોગ્ય હતું રાગાદિ, વિકલ્પ આદિ 'उन्मुक्तम्' છૂટી ગયું. 'अशेषतः' 'કાંઈ છોડવાને માટે બાકી રહ્યું નહિ;...' સમજાણું કાંઈ? પોતાના શુદ્ધ સ્વરૂપમાં ઠરતાં, પોતે પોતામાં પોતે ઠરતાં, છૂટવા યોગ્ય વિકલ્પો છૂટી ગયા. અલ્પજ્ઞપણું છૂટી ગયું. હવે, અશેષ કાંઈપણ છોડવાને બાકી રહ્યું નથી. આહાહા..! સમજાણું?

'तथा तत् आदेयम् अशेषतः आत्तम्' લ્યો! 'तथा तत् आदेयम् अशेषतः आत्तम्' સમજાણું? આતમ શું કીધું? જુઓ! બે સામે સામે કર્યા. વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો પ્રભુ! એની અંતરમાં દૃષ્ટિ જ્ઞાન કરીને ઠર્યો, કહે છે કે પોતે પોતામાં ઠર્યો, પોતે પોતામાં સ્થિર થયો. જે કાંઈ છૂટવાનું હતું એ છૂટી ગયું અને જે રહેવાનું હતું એ રહી ગયું. 'જે કાંઈ ગ્રહવાનું હતું તે સમસ્ત ગ્રહ્યું.' શું? પોતાનું પવિત્ર શુદ્ધ સ્વરૂપ જે જ્ઞાન ને દૃષ્ટિમાં ગ્રહ્યું, પૂર્ણ ગ્રહ્યું એ ગ્રહ્યું. ગ્રહવા યોગ્ય તે ગ્રહ્યું અને છોડવા યોગ્ય તે છૂટી ગયું. સમજાણું કાંઈ? ભારે ટૂંકી વાતું.

આ પર વસ્તુ છોડવી ને ગ્રહવી કે દિ' હશે આત્મામાં? એની તો અહીં વાત જ નથી. સમજાણું? અંદરમાં વિકલ્પ આદિ ને અલ્પજ્ઞતા જે હતી (એ છૂટી ગઈ). પૂર્ણ પ્રભુનો અંતર આશ્રય કરીને દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થઈ એટલે આત્મા આત્મામાં રહ્યો. છૂટવાનું જે છૂટી ગયું, ગ્રહવાનું તે પૂરું ગ્રહાય ગયું. પૂર્ણ ભગવાનઆત્મા હતો એ દૃષ્ટિ, જ્ઞાનમાં, સ્થિરતામાં ગ્રહવા યોગ્ય એ ગ્રહાય ગયો. સમજાણું કાંઈ? બહુ ટૂંકી ભાષા અને ભાવની મોટી મહિમા.

'તે જ પ્રકારે...' તે જ પ્રકારે એટલે જેમ છૂટવાનું હતું એ છૂટ્યું એમ 'જે કાંઈ ગ્રહવાનું હતું તે સમસ્ત ગ્રહ્યું.' હવે, કાંઈ ગ્રહવાનું બાકી રહ્યું નહિ ને છોડવાનું કાંઈ બાકી રહ્યું નહિ. એ આત્માનો અનુભવ સ્થિર થતાં હવે કહે છે જે કાંઈ આવ્યું એ આવ્યું ને ગ્યું એ ગ્યું, ખલાસ. સમજાણું આમાં? પરમાત્માના જ્યાં ભેટા થયા, એક સમયનો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ! એના દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતામાં ભેટા થયા, એ થયા એ થયા કહે છે. ગ્રહવાનું હતું એ આખું ગ્રહાય ગયું ને છોડવાનું હતું એ બધું છૂટી ગયું, હવે ગ્રહણ-ત્યાગ કાંઈ રહ્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા..! બહારની વાત નથી, હોં! ફક્ત વિકલ્પ આદિ, અલ્પજ્ઞપણું આદિ છૂટી ગયું ને પૂર્ણાનંદનું જે માપ છે એ ગ્રહવા યોગ્ય પૂર્ણ ગ્રહાય ગયું એમ કહે છે અહીં તો. બહારની સાથે કાંઈ સંબંધ નથી. બહારનો ગ્રહણ-ત્યાગ સ્વરૂપમાં છે જ નહિ. ઉપાદાન, ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ શક્તિ. સમજાણું? 'સમસ્ત ગ્રહ્યું.'

'ભાવાર્થ આમ છે કે, શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વ કાર્યસિદ્ધિ.' દેખો! જુઓ! જુઓ! આવ્યું ન્યાં પાછું. શું કીધું? એ 'શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વ કાર્ય સિદ્ધિ.' બરાબર ગોઠવ્યું છે ને! ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો પ્રભુ આ જ્યાં અનુભવમાં–અંતરમાં અનુભવમાં આવ્યો (ત્યાં) સર્વ કાર્ય સિદ્ધિ (થઈ ગઈ). સમજાણું કાંઈ? એ કૃત્યકૃત્ય થઈ ગયો એમ કહે છે અહીં તો. 'ભીખાભાઈ'! આ જુઓ! નાખીને પાછું અહીં નાખ્યું. જુઓ! ઇ વસ્તુ જ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોં! એમ જ કીધું છે ત્યાં, કહેવાનો આ જ આશય છે ત્યાં. આમ પરમાનંદનો નાથ અનંત ગુણ ચૈતન્ય રત્નાકર એક એક ગુણની અનંત સામર્થ્ય શક્તિવાળું આખું તત્ત્વ, જ્યાં આમ સમ્યગ્દર્શનના અનુભવમાં બેઠું, બેઠું કે, આ આત્મા નિર્વિકલ્પ આનંદ પ્રભુ છે. એવો શુદ્ધ સ્વરૂપનો અનુભવ (થયો). ખલાસ, સર્વ કાર્યસિદ્ધિ (થઈ ગઈ). એ સર્વ કાર્યસિદ્ધિ મુક્ત થઈ ગયો, મુક્ત, એમ કહે છે. સમજાણું કાંઈ?

પૂર્ણ છે એ તો મુક્ત છે પર્યાયમાં, આ તો આ જ્યાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ (થયો). વિકલ્પ આદિનું જ્ઞાન રહી ગયું, જ્ઞાનનું ગ્રહણ થઈ ગયું ને વિકલ્પ આદિનો ત્યાગનો ત્યાગ જ્ઞાનમાં રહી ગયો. સમજાણું આમાં? આહા..! 'શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વ કાર્યસિદ્ધિ.' ભગવાનઆત્મા પરમાનંદનો નાથ શુદ્ધ સ્વરૂપ, એને અનુસરીને અંતરમાં અનુભવ દશા થઈ (તો) સર્વ કાર્યસિદ્ધિ (થઈ). સમજાણું કાંઈ? હવે કાર્ય કાંઈ કરવાનું બાકી ન રહ્યું, એમ કહે છે. ભગવાન મળ્યા પછી શું કામ બાકી હોય એને?

મુમુક્ષુ :– ઘણાં બધા કામ કરવાના હોય ને!

ઉત્તર :– બધા સિદ્ધ થઈ ગયા. આત્માના કરવાના, બહારના ક્યાં કરવાના ધૂળના (કરવાના) હતા? મફતનો મૂઢ થઈને માને છે. આ કર્યા ને આ કર્યા ને આ કર્યા. હવે અમે વૃદ્ધ થઈ ગયા. ઘણા કામ કર્યા. બાપુ! શેના ધૂળના કર્યા? મૂઢતાના કર્યા. એ મૂઢતાના કર્યા, બધા કાર્ય બાકી રહી ગયા. અહીં તો આ ભાનના કામ કર્યા (તો) બધા કાર્ય સિદ્ધ થઈ ગયા. સમજાણું કાંઈ? જડના કોણ કરતો હતો? આ કર્યા ને આ કર્યા ને મોટરુંમાં ગયા ને ફલાણામાં ગયા ને ધૂળમાં ગયા ને ક્યાંય ગયો નથી. ત્રણકાળમાં ક્યાંય, પોતાની પર્યાય છોડીને ક્યાંય ગયો નથી. મૂઢતામાં હતો. એણે બધા કામ, કાંઈ કર્યા નથી એણે. કરવાના હતા તે કર્યા નથી ને નહિ કરવાના માન્યા ને મૂઢતા કરી છે, એમ કહે છે ઇ. આ જે કરવાનું હતું કર્યું, થઈ ગયું, જાવ!

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! એનો અનુભવ. વસ્તુનો, ગુણનો, ગુણનો, વસ્તુનો વસ્તુ મહાન પ્રભુનો અનુભવ (થયો ત્યાં) થઈ ગયું. બધું છૂટી ગયું, છૂટવાનું છૂટ્યું ને ગ્રહવાનું ગ્રહાય ગયું. એ સર્વ કાર્યસિદ્ધિ એમાં થઈ. સમજાણું કાંઈ? એ કરવાનું આ છે. શું હશે આ બધા? તમે તો ન્યાં બહુ કામ કરો છો. સંસ્થાઓ નભાવવી જોઈએ, એમ કહે છે. જુઓ! 'કલકત્તા'માંય કરતા, અહીં કરતા ને પાછા 'પોરબંદર'માં. ત્રણ ઠેકાણે કરે છે, લ્યો!

... પાછો ન્યાં એમ કહે છે, જુઓ! પાછું કર્મ પણ એ જાતનું ત્યાં હોય ને ખરી જાય. કર્મ પણ ન્યાં ખરી જાય. આમ રોગ થાય, આમ રોગની દવા કરે તો અશાતા પણ ખરી. એને લઈને અશાતા કરતી હશે. ભારે ગપ માર્યા છે ને! અશાતા વેદનીયનો ઉદય હોય ને જો રોગમાં દવા-બવા લાવે .... શું કટકા થઈ ગયા છે દેણાના? દેણું અપાઈ ગયું. આ માંગતો હતો પાંચ હજાર, લઈ જા. એમ આયુષ્યના પરમાણુની સ્થિતિ પૂરી થઈ ગઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનું નામ તૂટ્યું કહેવાય બાકી આઘું-પાછું થાય (એમ છે નહિ). આહાહા..! ભારે પણ. હજી ઔષધથી દેહની અવસ્થા પલટાવવી છે ને દેહની અવસ્થા પલટતા અશાતા વેદનીયના રજકણો ખેરવી નાખવાના છે. એવું મિથ્યાત્વરૂપે, વિભાવરૂપે પરિણમનનું કાર્ય એનું હતું એમ કહે છે અહીં તો. કેમ હશે? 'દેવશીભાઈ'! ભાઈ! તમે તો બહુ ઘણાં ઓરડા કરીને તોડો છો ને ભાંગો છો ને ઘણું કરો છો કે નહિ? એમ કરતા હશો કે નહિ? અહીં એક કોર મોટું ઊંચું કર્યું છે. લાંબા હોય તો વળી પાછું તૂટ્યું. કીધું, કાંઈક થયું વળી પાછું. અમારે તો આ દિશાએ જવાનું ને ન્યાં એટલે દેખાય દરરોજ. એ તો એના કાળે તૂટવાનું જ હતું, હોં! એમાં કોઈએ તોડ્યું-ફોડ્યું નથી. એના પરમાણુંનો કાળ કાર્યનો એવો જ ઊંચે થવાનો હતો અને પડવાને કાળે એ જ પર્યાયની એ જ દશા થવાની હતી. કોઈ 'દેવજીભાઈ'ને કારણે થાય, 'મગનભાઈ'ને કારણે થાય, હરામ વાત પરમાં હોય તો, કહે છે. 'દેવજીભાઈ'!

અહીં તો એટલું કહ્યું, જુઓ! શું કીધું? 'संहृत'ની વ્યાખ્યા શું કરી 'संहृतसर्वशक्तेः' 'વિભાવરૂપ પરિણમ્યા હતા...' એ પોતે સ્વભાવરૂપ અનંત શક્તિરૂપે પરિણમી (ગયો). 'અનંત ગુણ જેના છે, એવો છે.' અનંત અનંત ગુણનું વિપરીત પરિણમન એમાં જેટલું, કેટલુંક હતું, બધા ગુણનું તો ક્યાં છે. સમજાણું કાંઈ? આત્મદ્રવ્યમાં અનંત ગુણ છે એ અનંત ગુણના કેટલાક (ગુણનું) વિકારરૂપ પરિણમન હતું. પરના અભિમાનના કાર્યનો ભાવ, વિભાવરૂપ ભાવ. વિકલ્પ પુણ્ય-પાપના ભાવરૂપ પરિણમન જે હતું એ વિભાવરૂપ પરિણમન હતું એ ગયું, એ સ્વભાવરૂપ થઈ ગયું, વિભાવરૂપ ગયું ને પર્યાયમાં સ્વભાવરૂપ થઈ ગયું. સમજાણું કાંઈ? ભારે વાતું આ.

'सर्वशक्तेः' 'અનંત ગુણ જેના,...' એટલે શું કીધું? જેટલા ગુણો છે એ બધા સ્વભાવરૂપે પરિણમી ગયા, એમ કહે છે અહીં તો. ભાઈ! વિભાવરૂપ તો અમુક પરિણમ્યા હતા. સમજાણું કાંઈ? ભગવાન અનંત ગુણ સંપન્ન પ્રભુ! એમાં વિકારરૂપ તો અમુક ગુણ જ હતા, કાંઈ બધા ગુણ વિકારરૂપે નહોતા. પણ જે વિકારરૂપે અભિમાનમાં અજ્ઞાનપણે રાગ-દ્વેષરૂપે વિભાવ, વિકાર હતો, એ ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ (છું) એમ દૃષ્ટિ ને અનુભવ કરતા જેટલા ગુણ છે એટલા બધા સ્વભાવરૂપે પરિણમી ગયા. સમજાણું કાંઈ?

તે દિ' સમ્યગ્દર્શનને એમ કીધું ને? 'સર્વગુણાંશ તે સમકિત' એમાં હેતુ છે ને? દ્રવ્ય છે કે નહિ વસ્તુ? દ્રવ્ય છે કે નહિ વસ્તુ? તો દ્રવ્ય છે એનું પરિણમન થતાં, દ્રવ્ય છે એના અનંતા ગુણો જે છે એના સમ્યક્પણે પરિણમન થતાં અનંતા ગુણોનું પરિણમન સમ્યક્ થઈ ગયું છે. સમજાણું કાંઈ? આખી ચીજ છે કે નહિ? એમાં સંખ્યાએ અનંત ગુણ પડ્યા છે. એવા દ્રવ્યની પ્રતીત ને અનુભવ થતાં અનંતાગુણનો પિંડ પોતે જે છે એ બધા ગુણો સમ્યક્પણે, શુદ્ધપણે પરિણમ્યા. સમજાણું કાંઈ? આહાહા..! એવું જે દ્રવ્યનું, વસ્તુનું અનંત-ગુણ સ્વરૂપ હતું પ્રભુ આત્માનું (તેનો) અંતર અનુભવ થતાં, અંતરના જ્ઞાન ને આનંદમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની દૃષ્ટિમાં ઠરતા અનંતાગુણો, કેટલાક વિભાવરૂપે હતા, ભલે સમુચ્ચય વાત લીધી છે, પણ એ ત્યાં ને ત્યાં એ જ ઠેકાણે અનંતાગુણો સ્વભાવરૂપે પરિણમી ગયા. સમજાણું કાંઈ?

'વળી કેવો છે?' 'पूर्णस्य' 'જેવો હતો તેવો પ્રગટ થયો.' એમ કહે છે. પૂર્ણ એટલે હતો ને પૂર્ણ? પૂર્ણ હતો એવો દશામાં પૂર્ણ થયો, એ અંદર પૂર્ણ થઈ ગયો. આહાહા..! શું કહે છે? આમાં ક્યાંય મોં, માથું સૂઝે નહિ. લોકોને ભગવાનઆત્માનો અભ્યાસ જ ઘટી ગયો. જે 'હિન્દુસ્તાન'ની મૂળ વિદ્યા છે. આર્યવિદ્યા–અધ્યાત્મવિદ્યા. જે અધ્યાત્મવિદ્યા મૂળવિદ્યા, મૂળ કેળવણી. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ! અનંત અનંત ગુણરાશિ એક આત્મા, એ પોતે ભૂલ્યો ને વિકારી કાર્યમાં પરિણમ્યો હતો, બસ! એટલી દશા હતી, બીજું કાંઈ નહોતું. એ સ્વભાવના અંતર ભેટા સ્વરૂપના થતાં વિભાવ પરિણમન હતું એ સ્વભાવરૂપે થઈ ગયું એટલે પરિણમનમાં સ્વભાવ આવી ગયો. સમજાણું કાંઈ?

'અનંત ગુણ જેના, એવો છે.' 'पूर्णस्य' 'જેવો હતો તેવો પ્રગટ થયો.' જેવી વસ્તુ હતી, ભગવાન વસ્તુ દ્રવ્ય, દ્રવ્ય તત્ત્વ અનંત ગુણરત્નાકર, એ અનંત ગુણરત્નાકર આત્મા અનંત ગુણરત્નાકર જેવો હતો એવો પર્યાયમાં અનંત ગુણરૂપે પૂર્ણ પરિણમી ગયો. કહો, સમજાણું કાંઈ? આહા..! એ સમ્યગ્દર્શનમાં એ પૂર્ણ એ જાતની પર્યાય પૂરી, પૂરી થઈ. ભલે પર્યાય ઓછી છે પણ અનંતા ગુણનું પરિણમન આખું થયું છે એ રીતે તો પૂર્ણ જ છે. પર્યાય અધૂરી, પૂરી થઈ રહેશે. સમજાણું કાંઈ? 'જેવો હતો તેવો પ્રગટ થયો.' વિકલ્પરૂપે નહોતો ઇ, પુણ્ય-પાપના વિભાવરૂપે નહોતો. એકલો સ્વભાવનો પિંડ હતો. એવો ભગવાનઆત્મા એનો અનુભવ કરતાં, એની સામું જોઈને ઠરતાં જેવો સ્વભાવ છે તેવી પર્યાયમાં પૂર્ણતા થઈ જાય એનું નામ ધર્મ ને એનું નામ મોક્ષનો માર્ગ કે એનું નામ મોક્ષ. લ્યો! સમજાણું કાંઈ?

'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂંપ,
અનુભવ માર્ગ મોક્ષનો, એ અનુભવ મોક્ષ સ્વરૂપ'

સમજાણું કાંઈ? આહાહા..! ૪૪ શ્લોક થયા. બધા નાના નાના છે, હોં! આ બધા બહુ નાના. પછી સ્યાદ્વાદ (અધિકારના) મોટા આવશે. આ તો થોડું, થોડું છે કે નહિ?

---

( અનુષ્ટુપ )

व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य सङ्क्यते।।४५-२३७।।*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્લોકાર્થ :– 'एवं' આમ ( પૂર્વોક્ત રીતે ) 'ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्' જ્ઞાન પરદ્રવ્યથી જુદું અવસ્થિત–( નિશ્ચળ રહેલું ) છે; 'तत्' તે ( જ્ઞાન ) 'आहारकं' આહારક ( અર્થાત્ કર્મ–નોકર્મરૂપ આહાર કરનારું ) 'कथम् स्यात्' કેમ હોય 'येन' કે જેથી 'अस्य देहः शङ्क्यते' તેને દેહની શંકા કરાય? ( જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને કર્મ–નોકર્મરૂપ આહાર જ નથી.) ૪૫–૨૩૭.

---

व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य सङ्क्यते।।४५-२३७।।*

છેલ્લી ગાથાયું છે ને આ? ૪૦૬નું ગયું. વિભાવ હોય છતાં ગ્રહી શકતો નથી. એમાં આમાં હતું, નીચે આવી ગયું. સમજાણું કાંઈ?

શ્લોકાર્થ :– 'एवं' 'આમ ( પૂર્વોક્ત રીતે )' 'ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्त अवस्थितम्' ભગવાનઆત્મા જ્ઞાનાનંદ મૂર્તિ એ 'જ્ઞાન પરદ્રવ્યથી (પૃથક) જુદું અવસ્થિત ( -નિશ્ચળ રહેલું ) છે;...' ભિન્ન પડેલું જ્ઞાન પુણ્ય-પાપના વિકલ્પના વિભાવથી, શરીરથી, કર્મથી ભિન્ન પડેલું જ્ઞાન એકલું જ્ઞાન પોતે પરદ્રવ્યથી જુદું સિદ્ધ થયું. જ્ઞાન જ્ઞાનમાં સ્થિત થયું. સમજાણું? જ્ઞાન એટલે આત્મા, હોં! ન્યાં જ્ઞાન એટલે આત્મા.

'ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्' જ્ઞાન એટલે ભગવાનઆત્મા રાગ, શરીર, કર્મ આદિથી ભિન્ન પાડીને–ભેદજ્ઞાન કરીને, પરથી ભેદજ્ઞાન કરીને ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એ પુણ્ય-પાપના વિકલ્પો, શરીર કર્મ અસ્તિ એનાથી ભિન્ન છું. એમ અંદરમાં સ્વરૂપમાં પરથી ભિન્ન પાડીને જ્ઞાન, જ્ઞાનમાં અવસ્થિતપણાને પામ્યું, એનું નામ આત્મા ને એનું નામ ધર્મ ને મોક્ષ કહેવાય છે. આહાહા..! ભારે વ્યાખ્યા, ભાઈ! સમજાણું કાંઈ? 'પૂર્વોક્ત રીતે...' એમ કીધું છે ને? આમ. 'एवं' લાગ્યું ને? પેલાની સાથે લગાડ્યું. 'एवं' 'परद्रव्यादेवं' એમ છે ને? વચમાં બીજા શબ્દમાં.

એ પ્રકારે ભગવાનઆત્મા 'परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्' વસ્તુ, વસ્તુ ભગવાન શાશ્વત અનંત ચૈતન્યજ્યોત એવો આત્મા શરીર, વાણી, મનથી ભિન્ન પડી, જે એમાં નહોતું એમાંથી નીકળી અને પુણ્ય-પાપના ભાવ પણ વિકારી છે એનાથી છૂટો પડી પોતે વસ્તુ વસ્તુમાં ઠર્યો એને આત્માનો મુક્તિ અને આત્માનો ધર્મ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ?

'(–નિશ્ચળ રહેલું) છે;...' 'तत्' 'તે ( જ્ઞાન )...' 'आहारकं' 'આહારક ( અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું )...' 'कथम् स्यात्' ઓહો..! શું કહે છે?, ભગવાન! તું ચૈતન્યમૂર્તિ પ્રભુ! નિરાહારી, રાગ વિનાની ચીજ (છો). એવી ચીજને આહાર કરવો કે ન કરવો એ વસ્તુમાં છે ક્યાં? આહાર તો જડ છે, માટી-ધૂળ છે. એ..ઇ..! ડૉક્ટર! શું હશે આ? મોસંબી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને આહાર ને દાળ-ભાત ને શાક ને રોટલા ને રોટલી ને.. કહે છે કે, એ તો માટી, જડ, ધૂળ છે. ભગવાનઆત્માને આહાર કેવો? આહાહા..! ભારે વાત, ભાઈ! ત્યારે કહે, આહાર કરે છે ને? આહાર કોણ કરે? એ તો જડની અવસ્થા છે. અજ્ઞાનીને વિકલ્પ થતાં એમ માને છે કે, હું આહાર કરું છું. આહાર તો રજકણોની, માટીની દશા છે. માટીના કોળીયા, ધૂળના કોળીયા દાળ-ભાત, રોટલી-શાક, મોસંબી પાણી, લાડવા-દાળ એ માટી છે ને એનું પરિણમવું પુદ્ગલ છે. પૂરાય અને ગળાય એવી દશા એના સ્વભાવથી થાય. મૂઢ ત્યાં વિકલ્પ કરીને એમ માને છે કે, હું આહાર કરું છું. આહાર તો માટી જડ છે ને ભગવાન તો આત્મા અરૂપી છે. એ અરૂપી રૂપીને ખાતો હશે? ગરી ગયો છે અંદરમાં? શું છે? 'જેચંદભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- લાડવા ખાય..

ઉત્તર :- કોણ ખાય પણ? લાડવો એટલે શું? ને આત્મા એટલે શું એણે કોઈ દિ' વિચાર્યું છે? આત્મા એટલે શું ને લાડવો એટલે શું? ભગવાનઆત્મા અરૂપી જ્ઞાનઘન, જેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શનો અભાવ. જેમાં રાગ ને વિકલ્પ વિકારી પર્યાયનો અભાવ. સિદ્ધને નથી. અમસ્તો પણ અજ્ઞાનીને આહાર નથી પણ અહીં તો કહેવું છે કે, જ્ઞાન સ્વરૂપનું ભાન થયે એને આહારનો વિકલ્પ પણ એને નથી એમ કહેવું છે. આહાહા..!

મુમુક્ષુ :- આહાર તો ખાય છે પણ.

ઉત્તર :- ખાય છે. હોળી કરે છે, ખાય છે શું?

મુમુક્ષુ :- ખુલાસો તો કરવો જોઈએ ને.

ઉત્તર :- કીધું ને આ. એ વખતે મૂઢ થઈને હું એક અરૂપી આનંદકંદ જ્ઞાનાનંદ છું એને ભૂલીને જડની ક્રિયા થાય તેને હું કરું છું એમ મૂઢ માને છે.

મુમુક્ષુ :- આપની બધી દલીલ બરાબર છે પણ કાલે ખાવું કે ન ખાવું?

ઉત્તર :- કોણ ખાય ને કોણ ન ખાય? આહાહા..! સમજાણું કાંઈ? આ તો બાપુ! બીજી જાત છે.

ચૈતન્ય ભગવાનઆત્મા રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. એ તો અરૂપી પણ વસ્તુ છે કે નહિ? અનંત અનંત ગુણનો પિંડ આત્મા છે. એ આત્માને આહાર કેવો? એમ અહીં સિદ્ધ કરે છે. આહાર તો શું પણ આહારનો વિકલ્પ પણ એને નથી એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધને વળી આ વિકલ્પ કેવા? ને આહાર કેવા એ અજ્ઞાનીએ અનાદિથી ચૈતન્યની જાત આનંદકંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એને આ આહારની ક્રિયા મારાથી થાય ને હું કરું છું, એ મૂઢ ભ્રમમાં, મિથ્યાભ્રમમાં માની બેઠો છે. આહા..!

મુમુક્ષુ :- આનંદ આવતો હશે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :- શું ધૂળમાં આનંદ આવતો હશે ન્યાં? ભેંસના ઘીમાં આવતો હશે આનંદ? ભઈ કો'ક કહેતું હતું, વાત કરતું હતું, હોં! કો'ક કહેતું હતું. ગામમાં શેઠિયા માણસ. ભેંસુ આવે ને સારા કુરિયા જેવા ઘી આવે. એ મૂકીને અહીં નથી આવતા, એમ કહેતા હતા. હવે વળી અહીં પડ્યા છે. કો'ક કહેતું હતું, હોં! ગમે એમ. કો'ક કહેતું હોય એ અમે સાંભળ્યું આપણે ક્યાં જોવા ગયા છીએ તમારા ઘરે. ઘી તો હોય. અમસ્તા 'પોરબંદર'ના ઘી બહુ વખણાય. ધૂળમાં ઘી તો માટી, એ માટી છે, માટી ધૂળ અને તે ઘી અહીં મોઢામાં નાખો તે તરત જ એની લાળ થાય છે. લાળ થયા પછી પેટમાં હેઠે ઉતરે છે. નહિ તો જોવું કોક દિ' મોઢામાં જોવું હોય તો. સમજાણું? એ માવાના જાંબુ હોય પણ એ અહીં પડે ત્યારે કાંઈ આખો ગરે? થૂંક અડે. લાળ થાય, કુતરાની એંઠ, હોં! આમ મોઢામાં જુએ તો ખબર પડે કે, આ શું ઉતારું છે હેઠે. પણ મૂઢને ભ્રમણાના પ્રેમ છે ને! આ આવી સુંવાળી ચીજ હું ખાઉં છું એમ માને છે. અંદર ઉતરે ત્યારે તો કૂતરાની એંઠ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, પ્રભુ! તું તો ચૈતન્ય છો ને! તારે આહારના રજકણોની ક્રિયા એ તારે ક્યાંથી આવી? એ તો ઠીક પણ આહારનો વિકલ્પ પણ તારે ક્યાં છે અંદર? અનાહારક આનંદકંદમાં એ ક્યાંથી આવ્યો? કહે છે. આહા..! સમજાણું કાંઈ? 'आहारकं' 'कर्म-नोकर्म...' જોયું ને? આઠ કર્મનું ને નોકર્મનું એ બેયનું કહે છે, હોં! જુઓ! ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનું જ્યાં રાગથી, પરથી ભિન્નનું ભાન ભગવાનઆત્મા છે એવું ભાન (થયું ત્યાં) હવે કર્મનું ગ્રહવું એવો વિકલ્પ પણ ક્યાં ને કર્મ ગ્રહે એવો સ્વભાવ ક્યાં રહ્યો? અને આહાર ગ્રહવાનો વિકલ્પ નહિ તો આહારનું ગ્રહવું તો એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..!

અરે..! ધર્માત્માને તો ચૈતન્યના આનંદના અનુભવના ખોરાક હોય છે, એમ કહે છે. એને વળી આ આહારના ખોરાક (કેવા?) એ ખાતો નથી એ જોવે છે કે, આ ખાય છે. આહાહા..! અમૃતભોજી. એ પરને જાણે છે, એ પોતે ખાતો નથી. એ અજ્ઞાનીને ભ્રમણા છોડાવવા વાત કરી છે ને! (અજ્ઞાની) આહારની ક્રિયા હું કરું છું એમ માને છે, બાપુ! તું તો અરૂપી છો ને, ભાઈ! અખંડાનંદ પ્રભુ! એને અજ્ઞાનપણે રાગ હો, પણ વસ્તુમાં આહાર ખાવો અને છોડવો એ વસ્તુમાં ક્યાં છે? એ તો જડની ક્રિયા છે. એવું જેને અંતરમાં ભાન થાય એને આહારનો વિકલ્પ હોવા છતાં એ અનાહારી એમ કહે છે. આહાહા..! આ એનું નામ આત્માની દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ કહેવામાં આવે છે.

( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માગશર સુદ ૫, રવિવાર તા. ૨૮-૧૧-૧૯૬૫.
કળશ–૨૩૭ થી ૨૩૯ પ્રવચન–૨૫૩

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' ૪૫ કળશ છે એનો અર્થ નહિ હોય એમ ને? 'રાજમલજી'ની ટીકામાં (નથી). એમ? જુઓ! શું કહે છે? 'एवं' 'આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન...' આ જ્ઞાન એટલે આત્મા. જ્ઞાનસ્વરૂપ એવો ચિદ્ઘન આત્મા એ 'परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्' એ પરવસ્તુથી જુદો નિશ્ચળ રહ્યો (છે). એ આત્મા... આમાં છે ને? એની ઉપરમાં જ બધી ગાથાઓ છે ને? સમજાણું કાંઈ?

આ આત્મા છે એ પરદ્રવ્યને ગ્રહી, મૂકી શકતો નથી. આત્મ પદાર્થ એ ભિન્ન પદાર્થ આત્માથી જુદા જે છે, કર્મ હો, શરીર હો, વાણી હો, લાડવા, દાળ, ભાત, શાક બહારની ચીજ કોઈ પણ મકાન, પથરા, દાગીના, લુગડા... દાગીના સમજતે હૈં? જેવર, જેવર. એ બધી ચીજને આત્મા ગ્રહી શકે નહિ, છોડી શકે નહિ, ઉપાડી શકે નહિ, તોડી શકે નહિ, રાખી શકે નહિ. કેમકે પરદ્રવ્યનું ગ્રહણ કરવું કે છોડવું એ આત્માના અધિકારની વાત નથી, આત્મામાં એ શક્તિ જ નથી. કદાચિત્ આત્મા રાગ અને દ્વેષપણે થાય, ઇચ્છાપણે પરિણમે પણ ઇચ્છાને કારણે પરદ્રવ્ય ગ્રહી શકે કે ઉપાડી શકે એમ છે નહિ. સમજાણું કાંઈ? ઇચ્છા થઈ કે તલવાર લઉં. એટલે ઇચ્છા થઈ માટે તલવાર લઈ શકે છે એમ નથી.

મુમુક્ષુ :– લઈ તો શકે છે ને?

ઉત્તર :– લઈ શકતો જ નથી એમ કહ્યું છે. અહીં ઇચ્છા છે તે વિભાવરૂપ પરિણમન છે પણ એ તલવાર લે કે હાથ ઊંચો કરે એ આત્માની ઇચ્છામાં એ તાકાત નથી. પરદ્રવ્યને ગ્રહવું, મૂકવું એ આત્માના વિકાર પરિણામમાં પણ નથી અને આત્મા શુદ્ધ સ્વભાવે શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદપણે થાય તોપણ પરદ્રવ્યને ઉપાડે, ગ્રહે, છોડે એ એની પર્યાયમાં પણ એ છે નહિ. સમજાણું કાંઈ? લ્યો! આ કાંઈ કરી શકે નહિ? આ કોળીયો ઉપાડી શકે કે નહિ આમ? હાથ કરી શકે કે નહિ આમ? ના. એ જડ પરમાણુની પર્યાયનો સ્વકાળ એને કારણે ઊંચા-નીચા થાય. આત્માની ઇચ્છાને કારણે એ થાય એ વાત ત્રણકાળ, ત્રણલોકમાં છે નહિ.

ઇ તો હલે. અમસ્તો પણ ચાલે ત્યારે ક્યાં એનાથી ચાલે છે? ચાલે ત્યારે એને લઈને આમ ચાલે છે આ આત્માને લઈને છે જ નહિ, બિલકુલ ત્રણકાળમાં એમ નથી. વિભાવપણે આત્મા પરિણમો કે સ્વભાવપણે જીવ થાવ પણ પરવસ્તુને ગ્રહી, મૂકવી, છોડવી, રક્ષા કરવી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તોડવી એ તો ત્રણકાળમાં કરી શકતો નથી. કહો, બરાબર હશે આ? ઇચ્છા થાય તો ઇન્જેકશન લઈ શકે કે નહિ? પ્રત્યક્ષ થાય છે ને?

નથી. એક તરણાના બે કટકા કરવાની આત્મામાં, વિકારમાં કે સ્વભાવમાં શક્તિ છે જ નહિ. જગતના પદાર્થ એને કારણે પરિણમીને બદલે એ આત્મા કરે એ માન્યતા એની મિથ્યા ભ્રમ અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ? સ્વભાવ શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદના અનંત બળરૂપે આત્માની પર્યાય થાય તોપણ એનામાં એ શક્તિ ન હોય કે પરપદાર્થને પોતે સ્વભાવમાં બહુ બળવંત થયો એટલે પરપદાર્થને તોડે, ફોડે, ટાળે એમ બની શકતું નથી.

એક જણો ઇ કહે કે, આત્મામાં શક્તિ છે, અનંત શક્તિ છે પણ સર્વ શક્તિ નથી. એ..ઇ..! લેખ આવ્યો હતો હમણાં. આત્મામાં અનંત શક્તિ ખરી, સર્વ શક્તિ નહિ. જો સર્વ શક્તિ હોય તો જડનું કામ કરી શકવું જોઈએ. સમજ્યા ને? ભગવાનમાં જો સર્વ શક્તિ હોય તો બીજાના કર્મ તોડી નાખવા જોઈએ. 'ધર્મચંદજી'! હાય.. હાય! આવા ને આવા તે એવા તર્કવાળા ઊંધા નીકળ્યા છે ને. ભગવાનને સર્વ શક્તિમાન ન કહીએ, અનંત શક્તિમાન કહીએ. લેખ આવ્યો છે ને? 'દિલ્હી'થી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે ભગવાનઆત્મા સર્વ શક્તિમાન અનંત બળ છે આત્મામાં. એ અનંત બળના પરિણમનપણે આત્મા પરિણમે, અનંત બળપણે (પરિણમે) છતાં એનામાં હાથ ઊંચો કરી શકે એ તાકાત એના અનંત બળમાં અંદર છે નહિ. આહા..! સમજાણું કાંઈ? પરનું જો કરે ને કર્મ બીજાના કર્મને તોડે તો ભગવાન સર્વ શક્તિમાન કહેવાય. આહાહા..! ધૂળમાં પણ સર્વ શક્તિમાન એને કહેતા જ નથી. સર્વ શક્તિ એટલે અનંત સ્વરૂપની શુદ્ધની રચના કરે એવું આત્મામાં... સમજાય છે? બળ પડ્યું છે. પોતાના શુદ્ધ સ્વરૂપની પર્યાયને પરિણમે પણ બીજાના એક રજકણને પણ છોડે, ગ્રહે એવી શક્તિ આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? આકરી વાત છે કે નહિ?

'(-નિશ્ચળ રહેલું)...' એ તો જ્ઞાનથી પર પૃથક વસ્તુ જે છે એનાથી જુદું પણ એ પોતામાં નિશ્ચળ રહ્યું છે. બસ! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન હો કે મિથ્યાદર્શન હો, સમ્યગ્જ્ઞાન હો કે મિથ્યાજ્ઞાન હો, સમ્યક્ચારિત્ર હો કે મિથ્યાચારિત્ર હો. પણ રજકણ, આત્મા સિવાયની કોઈ પરપદાર્થની આત્મા ક્રિયા-ગ્રહણ-ત્યાગ કરે એ છે નહિ. આ મોઢું આમ હલવું એ આત્માની ક્રિયા નથી, આત્મા કરી શકતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભગવાન બોલી શકે?

ઉત્તર :- બોલી શકતો નથી ભગવાન. ભગવાન બોલે? ભાષા બોલે, ભગવાન શું બોલે. ભગવાન ભાષાની પર્યાય કરવાને માટે શક્તિમાન નથી. યોગ આવે છે ભાષા. પાઠમાં તો એવું આવે છે, ૩૭૨માં. સમજાણું કાંઈ? ('સમયસાર') ૩૭૨ (ગાથામાં) આવે છે ને? એમાં તો એવું છે કે, અયોગ્ય છે, આત્મા અયોગ્ય છે, પરને માટે અયોગ્ય છે. સમજાણું? જુઓ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'વળી જીવને પરદ્રવ્ય રાગાદિ ઉપજાવે છે એમ શંકા ન કરવી; કારણ કે, અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરવાની અયોગ્યતા છે;...' અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરવાની અયોગ્યતા છે. એટલે? સર્વજ્ઞ પરમાત્મા પણ ભાષાની પર્યાય ઉત્પન્ન કરે એવી ભગવાનમાં અયોગ્યતા છે. ભગવાનને યોગ્યતા કહેવાય? અયોગ્યતા એમ માણસને લાગે. શું આવ્યું આ જુઓ! 'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ...' એટલે પર્યાય કરવાની કોઈ દ્રવ્યમાં યોગ્યતા નથી. ભગવાન પણ વાણી કરી શકે એવી આત્માની અનંત વીર્યમાં પણ લાયકાત નથી. આહાહા..! આ નહિ. ઇ કરે, કરે એમ કહે. સમજાણું કાંઈ?

'કેમકે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.' સિદ્ધાંત આ છે આખો. દરેક આત્મા ને દરેક પરમાણું વર્તમાન એની પર્યાયના ઉત્પાદપણે પરિણમે છે. એને બીજો દ્રવ્ય એનો ઉત્પાદ કરે એવી કોઈ દ્રવ્યમાં એની લાયકાત હોઈ શકતી નથી. કહો, સમજાણું આમાં? આત્મા રાગ કરે તોપણ કર્મની પર્યાયને ઉત્પન્ન કરે એવી આત્મામાં લાયકાત છે જ નહિ. આહાહા..! આત્મા દયાનો શુભભાવ કરે એથી એ પરજીવના શરીર ને આત્માનો યોગ રાખી શકે એવી આત્મામાં લાયકાત છે જ નહિ. આહા..! ભારે કઠણ. ભગવાને દયા કીધી છે. અરે..! સાંભળને. એ તો શુભભાવની દયાનો ભાવ કહ્યો છે. બીજા જીવને ન મારવાનો અહિંસાનો શુભભાવ વિકલ્પ વ્યવહાર હોય છે પણ એથી પરજીવને બચાવી શકે એવી લાયકાત આત્મામાં આવે એ ત્રણકાળમાં છે નહિ.

મુમુક્ષુ :– કરી તો શકે છે પણ અહંકાર ન કરવો.

ઉત્તર :– અરે..! એ વાત ખોટી, બચાવી શું ધૂળ શકે? અહંકાર ન કરવો. પણ કરી શકતો નથી પછી વળી અહંકાર ક્યાંથી આવ્યો? કરી શકતો નથી ને! આસક્તિ રાખ્યા વિના બીજાના કામ કરવા એ વાત જ ખોટી છે. સમજાણું કાંઈ? મોટો વાંધો છે. 'શશીભાઈ'! અનાસક્તિ યોગ છે ને? ના. અનાસક્તિનો અર્થ તો આત્મામાં પુણ્ય ને પાપ ન થાય ને નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન થાય એનું નામ અનાસક્તિ. પણ અનાસક્તિ દ્વારા પરના કાર્ય કરી શકે એ ત્રણકાળમાં દ્રવ્યની અંદરમાં વસ્તુમાં લાયકાત–યોગ્યતા છે નહિ. માન્યતા ઊંધી (કરે). સમજાણું આમાં?

તો કહે છે 'આહારક ( અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું ) કેમ હોય...' તો ભગવાનઆત્મા શરીરને ને કર્મને લાવી શકે, કર્મને બાંધી શકે, કર્મનો આહાર લે અને નોકર્મ કોળીયા, દાળ, ભાત, પાણી લે એ ત્રણકાળમાં બનતું નથી. મૂઢ જીવે મિથ્યાદૃષ્ટિમાં મિથ્યાત્વભાવથી માની રાખ્યું છે. ખબર ન મળે કાંઈ તત્ત્વ (શું છે). વાડામાં જન્મ્યા, અમે જૈન છીએ, પેલા કહે, અમે અન્ય છીએ. સમજાણું? પણ વસ્તુની યોગ્યતાની સીમા, સીમા એની મર્યાદા કેમ છે અને બીજા તત્ત્વની સીમા એના ઉત્પાદના કાળે એની મર્યાદા એનામાં છે. બીજો દ્રવ્ય એની સીમાથી આઘો જઈને બીજાના દ્રવ્યની ઉત્પાદરૂપી દશાને કરે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાયકાત કોઈ દ્રવ્યમાં હોઈ શકે નહિ. કેવળજ્ઞાનીમાંય એ લાયકાત નથી. આહાહા..! કેવળજ્ઞાનીમાં લાયકાત નથી? અરે..! ભગવાન! અનંત વીર્યના ધણી એ પોતે ન કરે? કરે. કોનું? પોતાનું. પોતાની પર્યાયનું પરિણમન કરે પણ પરનું કાંઈ કરી દે (નહિ). બીજાને તારી દેવાની કેવળજ્ઞાનીમાં પણ લાયકાત નથી, એમ કહે છે. એ..ઇ..! 'ભીખાભાઈ'!

ભગવાનઆત્મા પોતાના અનંત ગુણનું પરિણમન કરવાની એનામાં લાયકાત છે પણ બીજા દ્રવ્યની કોઈની પર્યાય કરી દે એવી લાયકાત કોઈ દ્રવ્યમાં નિગોદથી માંડીને સિદ્ધ કે કેવળજ્ઞાની ત્રણકાળમાં કોઈની લાયકાત છે નહિ. બધા પદાર્થો વર્તમાન પોતાના પર્યાયથી ઉત્પાદ થતાં જોવામાં આવે છે. પરથી ઉત્પાદ થાય તે જોવામાં આવતું નથી.

મુમુક્ષુ :- ભગવાનના ભામંડળમાં સાત ભવ દેખાડવાની તાકાત છે.

ઉત્તર :- એ એની યોગ્યતા હોય તો દેખે છે. ન્યાં ભામંડળમાં શું કરે? ન્યાં એવો હોય ઇ ન્યાં હાજર હોય, બીજો હોય શેનો ત્યાં? ઠીક કહે છે ઇ. ભગવાનનું ભામંડળ હોય ને! તેજ. કેવળજ્ઞાન થાય. એની સામું અંદર જોવે ત્યાં સાત ભવ દેખે. પણ એ ઊભો હોય, તે લાયક (હોય), જેની દેખવાની લાયકાત ક્ષયોપશમભાવ હોય એ દેખે. એ ભામંડળમાં લાયકાત નથી કે એના સાત ભવ દેખાડી દે. સમજાણું કાંઈ? આહાહા..! મોટો વાંધો, મૂળ તત્ત્વનો જ વાંધો આખો.

કહે છે. ભગવાનઆત્મા એ તો ચિદ્‌ઘન, જ્ઞાનઘન છે ને! અહીં તો વિકાર રહિત જ સિદ્ધ કરવો છે. સમજાય છે? એને આહાર ને કર્મનો પણ વિકલ્પ એને છે નહિ. એ વસ્તુમાં છે જ નહિ. તેથી કહે છે કે, આ 'કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું કેમ હોય...' આત્મા આહાર કરે કેમ બને? દૂધ પીવે કેમ બને? ચા પીવે કેમ બને? એમ કહે છે. શું હશે? વકીલ! એ 'જેચંદભાઈ'! ઇ ઠીક આવ્યું. એ એની દેખત ભૂલ છે. મૂઢપણે માને છે કે, હું આનું કરી દઉં, હાથનું કરી દઉં, પગનું કરી દઉં, પગનું કરી દઉં ને આનું કરી દઉં.

કહે છે કે, હાથના હલાવવાની આત્મામાં કેવળીની ને કોઈ આત્માની લાયકાત છે જ નહિ. કેમકે દ્રવ્યે દ્રવ્ય ભિન્ન ભિન્ન છે તેનું ભિન્ન ભિન્ન વર્તમાન તેનું ઉત્પાદરૂપી કાર્ય થયા કરે છે. તે કાર્યને બીજો કરે એ ત્રણકાળમાં હોઈ શકતું નથી. કહો, સમજાણું આમાં? આહાર કરતા નથી. આહાર નથી એટલે શરીર નથી એમ સિદ્ધ કરવું છે, હોં! શરીર જ નથી ત્યાં વળી આહાર કેવો? સમજાણું કાંઈ? શરીર વિનાની ચીજ આત્મા. શરીરને ધારે ને બાંધે એ આત્મામાં છે નહિ.

'કેમ હોય 'येन' કે જેથી 'अस्य देहः शङ्क्यते' તેને દેહની શંકા કરાય?' દેખો! આહાર જ ગ્રહી શકવાની લાયકાત નથી તો આહારનો પિંડ એવું જે શરીર એને કેમ હોઈ શકે? આત્માને શરીર જ નથી. આહાહા..! સવારે પૂછ્યું હતું, હોં! આ જે દેહ ને આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એક છે કે નહિ? જરીક વિચાર કર્યો હતો. શરીર ને આત્મા જુદા છે. ખબર નથી ત્યાં આત્મા હતો. પેલું શરીર બળી ગયું અને આ અહીં આવ્યો છે. આત્મા જુદો છે ને આ તો ખોળીયું બીજું છે. બીજા દેહનું ખોળીયું ત્યાં બળી ગયું, આ ખોળીયું નવું થયું. આત્મા નવો થયો છે? આત્મા ત્યાં હતો એ અહીં છે. આત્મા શું કરે? કહે છે કે, આત્માને દેહ જ નથી. દેહ નથી તો પરમાણુંને ગ્રહીને દેહનો પિંડ થાય એ આત્માને હોઈ શકે નહિ.

'જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ,...' લ્યો! આ તો કહે, નિશ્ચયથી ઇ વાત છે. પણ 'ગોમ્મટસાર'માં બીજે આવે કે, આત્માને ત્રણ શરીર હોય, પેલાને બે શરીર હોય, કો'કને પાંચ હોય એવું આવે છે ને? એ તો નિમિત્ત કેવું છે એની પાસે એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એમ આવે કે નહિ? નારકીને વૈક્રિયક, તૈજસ ને કાર્મણ ત્રણ શરીર હોય. આવે છે? શેમાં આવે છે? 'જૈન સિદ્ધાંત પ્રવેશીકા'. અને દેવને પણ વૈક્રિયક, તૈજસ ને કાર્મણ અને મનુષ્યને ઔદારિક, તૈજસ ને કાર્મણ. એ તો જડ સંબંધરૂપે બતાવ્યું છે, આત્મામાં એ છે નહિ, આત્માને દેહ નથી. આહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એ દેહ દેહમાં છે પણ જોડે આત્મા છે એને નિમિત્તપણે કહે છે કે, આવા આત્માને આવા સંબંધમાં સંયોગ હોય, પણ એ સંયોગમાં સંયોગ છે આત્મામાં નથી. આત્માને દેહ નથી ને દેહમાં આત્મા નથી. આત્મા આત્મામાં ને દેહ દેહમાં છે. સમજાણું કાંઈ?

'જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને...' આ માણસને (નથી બેસતું). નિશ્ચય સત્ય, નિશ્ચય એટલે સત્ય. વ્યવહારના કથન અસત્ય એટલે નિમિત્તનું જ્ઞાન કરાવવાના છે. એ વસ્તુ એમ કહે છે એમ વસ્તુ નથી. એ મહા સિદ્ધાંત (છે). પણ અભિમાન અભિમાન. 'ધવલ'ના જ્ઞાન થયા માટે અમને, ધવલ પણ આ 'સમયસાર', 'પંચાસ્તિકાય', 'નિયમસાર', 'સર્વાર્થસિદ્ધિ' આ બધા શાસ્ત્રો હતા કે નહિ? એમાં નહોતી વાત? એનાથી વિરુદ્ધ એમાં હશે? 'તત્ત્વાર્થસાર'. આ શાસ્ત્રો છે કે નહિ? સેંકડો શાસ્ત્ર છે. 'સર્વાર્થસિદ્ધિ', 'દ્રવ્યસંગ્રહ' આ શું? 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' અનેક ગ્રંથો છે. 'ગોમ્મટસાર', 'લબ્ધિસાર', 'ક્ષપણાસાર' બધા શાસ્ત્ર નથી? એ શાસ્ત્રમાં કાંઈક હશે અને પેલા શાસ્ત્રમાં બીજું હશે એમ છે? કેમ હશે? આહા..! એટલા બધા શાસ્ત્રમાં એ નહિ, એનાથી આ બીજી વાત કરે છે, એમ કહે છે. આહાહા..! અહીં તો ત્રણકાળમાં એક જ સિદ્ધાંત છે કે, આત્મા ભગવાન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, એને શરીર ગ્રહવું કે મૂકવું એ વસ્તુમાં છે નહિ. તેથી એને આહાર હોઈ શકે નહિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( અનુષ્ટુપ )

एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।
ततो देहमयं ज्ञातुर्न लिंग मोक्षकारणम्।।४६-२३८।।

ખંડાન્વય સહિત અર્થ :– 'ततः देहमयं लिंग ज्ञातुः मोक्षकारणम् न' ( ततः ) તે કારણથી ( देहमयं लिंग ) દ્રવ્યક્રિયારૂપ યતિપણું અથવા ગૃહસ્થપણું ( ज्ञातुः ) જીવને ( मोक्षकारणम् न ) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષનું કારણ તો નથી. શા કારણથી ? કારણ કે 'एवं शुद्धस्य ज्ञानस्य' પૂર્વોક્ત પ્રકારે સાધ્યો છે જે શુદ્ધસ્વરૂપ જીવ તેને 'देहः एव न विद्यते' શરીર જ નથી અર્થાત્ શરીર છે તે પણ જીવનું સ્વરૂપ નથી. ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ દ્રવ્યક્રિયાને મોક્ષનું કારણ માને છે તેને સમજાવ્યો છે. ૪૬–૨૩૮.

एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।
ततो देहमयं ज्ञातुर्न लिंग मोक्षकारणम्।।४६-२३८।।

આ હવે આવ્યું. 'ततः देहमयं लिंग ज्ञातुः मोक्षकारणम् न' 'તે કારણથી...' ભગવાનઆત્માને દેહ જ નથી તો દેહના ભેખ એ આત્માને છે જ નહિ. નગ્નપણું ને કોપિનપણું ને સ્ત્રીના આ પુરુષનું અને મુનિનું. એ વાત છે અહીંયાં. એ લીંગ-બીંગ ભેખ એ આત્માને નથી. સમજાણું કાંઈ? નિમિત્તપણે મુનિને નગ્ન દેહ જ હોય. મુનિ દશા સાચી હોય તેને તો નગ્નપણું જ હોય પણ નગ્નપણું એ લીંગ એ મુનિપણું નથી. સમજાય છે કાંઈ? ક્ષુલ્લક હોય, ભાવલિંગી ક્ષુલ્લક, હોં! સમ્યક્ અનુભવ દૃષ્ટિ સહિત તો એને કોપિન લંગોટી કે મોરપીંછી વગેરે. પણ એ કાંઈ આત્મા નથી અને એ આત્મામાં નથી. એવું નિમિત્તપણું હોય એનું જ્ઞાન કરાવવા ક્ષુલ્લકને લંગોટી આદિ કહેવામાં આવે છે પણ એ ભેખ કાંઈ આત્માનો નથી. સમજાણું કાંઈ?

'તે કારણથી દ્રવ્યક્રિયારૂપ યતિપણું...' જુઓ! અહીં તો અંદરનો વિકલ્પ ઉઠે છે ને! અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ જે છે, પંચમહાવ્રતનો અહિંસા આદિ વિકલ્પ જે છે એ 'દ્રવ્યક્રિયારૂપ યતિપણું...' એ આત્મા નથી, મોક્ષનું કારણ નથી. આહાહા..! 'અથવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગૃહસ્થપણું...' અને ગૃહસ્થના બાર વ્રતના વિકલ્પો અને લંગોટી આદિ એ કાંઈ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ ભગવાનઆત્માની નિર્મળ પર્યાય છે. સમજાણું આમાં? સવારમાં તો ઘણું આવી ગયું છે.

'દ્રવ્યક્રિયારૂપ યતિપણું...' 'देहमयं लिंग' એ દેહમય લિંગ, હોં! દેહની લિંગ ને વ્રતાદિની ક્રિયા, રાગાદિ એ બધુંય બંધનું કારણ છે. એ આત્માને મોક્ષની ક્રિયા નથી. એમ ગૃહસ્થને બાર વ્રતના વિકલ્પો દયા, દાન, ભક્તિના, પૂજાના પરિણામ એ એનું વ્યવહાર લિંગ છે. એ મુક્તિનું કારણ નથી. બેય વાત છે, હોં! ગૃહસ્થ ને મુનિ બેય. એમ નહિ કે મુનિને માટે આ અને ગૃહસ્થને માટે બીજો માર્ગ હશે. તેથી બે વાત છે. પાઠમાં છે મૂળ એમાંથી ઉતાર્યું છે ને? ગૃહીત લિંગો, પાખંડી લિંગો. બે છે ને? શ્રાવક હો કે મુનિ હો અંતરમાં જેને આત્માનો અનુભવ છે, શુદ્ધ ચિદાનંદનો અનુભવ નિર્વિકલ્પ વીતરાગ દશા (છે) એ મુક્તિનું કારણ છે.

જેટલે અંશે... સમજાણું? શ્રાવકને જેટલે અંશે વીતરાગ દશા થઈ છે, એટલું જ મુક્તિ અને સંવર-નિર્જરાનું કારણ છે. મુનિને પણ જેટલી આત્માને આશ્રયે શુદ્ધ ચિદાનંદ શ્રદ્ધા, જ્ઞાન ને વીતરાગતા નિર્દોષ પર્યાય, નિર્વિકલ્પ, નિર્વદ્ય પર્યાય થઈ છે એટલું જ મોક્ષનું કારણ છે. જેટલો અંદર શુભરાગનો વિકલ્પ ઉઠે છે ને દેહની ક્રિયા (થાય છે), બેય મોક્ષનું કારણ છે નહિ. કહો, સમજાણું આમાં? કોઈ કહે કે, એ તો મોક્ષનું કારણ એ નથી એટલે કે જ્યારે ઉપર જાય ત્યારે મોક્ષનું કારણ શુદ્ધ છે. પણ નીચે તો છે ને? એની માટે તો આ ગૃહસ્થપણું લીધું છે. સમજાણું?

પહેલેથી સત્ ચૈતન્યમૂર્તિ ભગવાન અંદર નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને નિર્વિકલ્પ સ્વરૂપની રમણતાનો જેટલો અંશ છે તે જ સંવર ને નિર્જરાસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ સિવાય મોક્ષનું કારણ કોઈ છે નહિ. મોટો વાંધો અત્યારે ઇ (છે). ક્યાંથી ચોપડી આવી? આવી ક્યાંથી?

'દ્રવ્યક્રિયારૂપ યતિપણું અથવા ગૃહસ્થપણું...' સમજાણું કાંઈ? 'જીવને સકળકર્મક્ષયલક્ષણ મોક્ષનું કારણ તો નથી...,..' 'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષનું કારણ તો નથી.' આહાહા..! ભારે વાત, ભાઈ! અહીં શ્રાવકના બાર વ્રત (પાળે). સમ્યગ્દર્શનનું ભાન ન મળે એના બાર વ્રત મુક્તિનું કારણ (માને). એ.. 'છોટાભાઈ'! નહિ? આ બધું હલવ્યું છે ને બધાએ? કેમ 'અમૂલખભાઈ'! ખોટું એટલું ચાલે કે નહિ શાહુકારને ઘરે? ન ચાલે? ખોટા રૂપિયાના લાકડા આપતા હશો? ન આપે. અરે..! ખરો શેઠિયો તો ત્યાં ચોડી દે. રખડવા દ્યે નહિ. ઉંબરામાં ચોડી દે, ઉંબરામાં. બીજે ઘરે ચાલવા ન દે. છોડી દે અહીંયાં. પેલો ના પાડે તો પોલીસને કહી દે, ખોટો રૂપિયો છે. પહેલા શાહુકારની એવી રીત હતી, હોં! એના ઉંબરામાં બે-ચાર-પાંચ એવા ખોટા પડ્યા જ હોય. ઉંબરો સમજ્યા? લાકડાને શું કહેવાય? क्या कहते हैं?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉંબરો નથી સમજતા? આ બારણમાં જે લાકડાનું નીચે (હોય ઇ). એને ઉંબરો કહે છે. શાહુકારને ઘરે આ ઘણા દેખ્યા છે, હોં! ન્યાં ચોડ્યા જ હોય, ચાલવા ન દે. ઘણા જોયા છે ને! શાહુકારને વેપાર જેને હોયને મોટો ઝવેરાતનો કે એવા.. બહાર ચાલવા ન દે. પેલો ના પાડે જરીક .. સાધારણ ... ચાલવા નહિ દઈએ. ચોડી દે. જા ફરિયાદ કરવી હોય તો સરકારમાં પોલીસમાં. ખોટો રૂપિયો છે ચાલવા દેશું અહીંયાં? ચોડી દે, માર ખીલી લાકડામાં. સમજાણું એમ?

એમ અહીંયાં ભગવાન કહે છે કે, આત્મા શુદ્ધ ચિદાનંદની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા સિવાયનો રાગથી મુક્તિ માને (એ) ખોટો રૂપિયો (છે), ચોડી દે. નિષેધ કર ઇ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? કોઈ એને મોક્ષનું કારણ કહેતું હોય તો એ છે નહિ.

'શા કારણથી?' સકળકર્મક્ષયલક્ષણ. સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ છે, એમ. પણ થોડા કર્મનો ક્ષયલક્ષણ થાય... એ સકળનો અર્થ શુદ્ધતાથી વિરુદ્ધ ભાવ છે એ બિલકુલ રાગના ક્ષયનું કારણ નથી. અને શુદ્ધ સ્વરૂપ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ સર્વથા જેટલે અંશે શુદ્ધતા એટલી સર્વ અંશે રાગના નાશનું જ કારણ છે ઇ. સમજાય છે કાંઈ?

'एवं शुद्धस्य ज्ञानस्य' 'પૂર્વોક્ત પ્રકારે સાધ્યો છે જે શુદ્ધસ્વરૂપ જીવ...' ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એને 'देहः एव न विद्यते' 'શરીર જ નથી અર્થાત્ શરીર છે તે પણ જીવનું સ્વરૂપ નથી.' તો પછી શરીરની ક્રિયા ને રાગની ક્રિયા એ જીવનું સ્વરૂપ છે નહિ. આસ્રવ તત્ત્વ થયું. રાગાદિની ક્રિયા તો આસ્રવ તત્ત્વ છે, શરીરની ક્રિયા તો અજીવ તત્ત્વ છે, બેય મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ ચિદાનંદનું સ્વભાવ પરિણમન... સ્વભાવ પરિણમન... સ્વભાવ પરિણમન (છે). શુદ્ધ આનંદકંદની પરિણતિ નિર્મળ, નિર્દોષ વીતરાગી પરિણતિ એક જ મોક્ષનું કારણ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' બીજો કોઈ પંથ હોઈ શકે નહિ. જે ઘરનું ઊંધું નાખે એ આખા જૈનદર્શનને ફેરવવા માંગે એની દૃષ્ટિ ફરીને જાશે નિગોદમાં. સમજાણું કાંઈ? માર્ગ આવો છે. કોઈની લાજ રાખવાની અહીંયાં ચીજ છે? ઓહોહો..!

'શરીર છે તે પણ જીવનું સ્વરૂપ નથી.' આસ્રવ છે તે પણ જીવનું સ્વરૂપ નથી. એ તો બેય બંધનું કારણ છે, મોક્ષનું કારણ છે નહિ. 'ભાવાર્થ આમ છે કે, કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ દ્રવ્યક્રિયાને મોક્ષનું કારણ માને છે તેને સમજાવ્યો છે.' લ્યો! મિથ્યાદૃષ્ટિ જીવ એ શુભભાવ આદિ આસ્રવની ક્રિયા અને અજીવની જડની પર્યાયને મોક્ષનું કારણ માને એને સમજાવ્યું છે. ઓહોહો..! 'પ્રવચનસાર'માં અધિકાર લીધો છે. જુઓ! કેવળીને ઉદયભાવ જડની પર્યાય મોક્ષનું કારણ થાય છે. કહો. એ..ઇ..! 'મણિભાઈ'ના ઘરમાં હતા ત્યારે માથે ઇ મેં વંચાવ્યું હતું. ન્યાં ઇ ચોપાનીયું આવ્યું હતું. આ બેમાં આમ લખે છે. 'પ્રવચનસાર'નો આધાર (છે). આ એક ૪૫મી ગાથા ને કેટલામી છે? ઉદયનો ક્ષાયિક. જુઓ! જડનો પર્યાય કેવળીને ક્ષાયિકનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ છે માટે જડનો પર્યાય મોક્ષનું કારણ છે. અરે..! ભગવાન! ગજબ કરી વાત તેં. 'પ્રવચનસાર'માં એવું આવે એ તો બીજી વાત છે, કે જેટલી દેહની ક્રિયા છે એ બધી ખરી જાય છે હવે. એ ઉદય પણ એટલો ખરી જાય છે, ક્ષાયિક થઈ જાય છે. ખરી જઈને ક્ષાયિક થાય છે. ક્ષાયિક એટલે એ કારણે ક્ષાયિક નથી. ટળી જાય છે એટલે ક્ષાયિક થાય છે.

જડની ક્રિયા પણ મોક્ષનું કારણ થાય એ વાત સિદ્ધ કરી હતી અને જડની ક્રિયા પણ બંધનું કારણ થાય એ 'ચરણાનુયોગ'માંથી સિદ્ધ કર્યું હતું. આહા..! છે ને ઇ? 'ચરણાનુયોગમાં' નથી (આવતું)? મુનિ ચાલતા પ્રમત્તભાવ છે પણ છતાં અપ્રયત્ન નથી. પ્રયત્ન છે બરાબર છતાં શરીરથી કંઈ થઈ જાય અંદર તો એનું પણ એણે આલોચન કરવું, આલોચન કરવું ત્યારે કહે, જુઓ! આલોચન કર્યું ને! ત્યારે એને દોષ થયો ને? માટે એ દોષ થયો એ બંધનું કારણ છે. એમ છે જ નહિ. એના પરિણામ શુભાશુભ (થાય) તે બંધનું કારણ છે. શુદ્ધ પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ છે. એ સિવાય ત્રણકાળમાં બીજી વાત છે નહિ. એ તો એ નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે.

'કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ દ્રવ્યક્રિયા...' નામ પુણ્યની ક્રિયા ને શરીરની ક્રિયા. કહો, આ ભગવાન પાસે જાય ને આ હાથ જોડે ને આમ આમ? એ મોક્ષનું કારણ થાય કે નહિ? 'ભગવાનભાઈ'! આજ સુધી થાતું, કહે છે. પહેલા માનતા હતા એમ કહો, થાતું નહોતું, માનતા હતા. 'કાયં પાણં જાણેણં માણેણં અપ્પાણં ઓસરી' આમ શરીર આમ થાય તો એ મોક્ષનું કારણ. આ તો જડ છે. 'હિંમતભાઈ' નથી આવ્યા? સમજાણું કાંઈ? ત્યાં સુધી 'કાયં ઠાણેણં માણેણં વચન જાણેણં - મન-ભાવ કાયં ઠાણેણં માણેણં જાણેણં' મન, વચન ને કાયા ત્રણ જડને સ્થિર રાખવા. તે સ્થિર રહી શકે આત્માથી? સ્થિર રાખવું પડે છે કે નહિ? જડને સ્થિર રાખી શકતો હશે આત્મા?

મુમુક્ષુ :- ગજબની વાત.

ઉત્તર :- ઇ જ કહે છે અહીંયાં. 'તસ્સૂતરી' આવે છે. 'પ્રવિણભાઈ' નહિ શીખ્યા હોય. ક્યાં શીખ્યા? સમજાય છે કાંઈ? બીજા આવડે. સામાયિક પાઠ શીખ્યા હોય ને એમાં આવડે. તરસૂતરી કરણેણં કાર્યસૂત્ર કરણેણં તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં આ શરીર સ્થિર થયું, એ હલવા દેશો નહિ. એ હલવા ન દેવું એનું નામ કાયોત્સર્ગ. 'પ્રવિણભાઈ'! પણ દેહ હલે, ન હલે એની સાથે આત્મા આમ કરે એ ક્યાં આત્માની ક્રિયા હતી? એ... 'મોહનભાઈ'! કર્યું હતું કે નહિ કેટલી વાર? અભિમાન. હલવા દેશો નહિ. કહે છે હલવું, ન હલવું જડની ક્રિયા. એ તો નિમિત્તથી વાત (છે). વિકલ્પ થવા દઈશ નહિ. અંદર અસ્થિરતાનો રાગ થવા દઈશ નહિ, વાત એમ છે. એને ઠેકાણે કહે, આને હલવા દઈશ નહિ. જુઓ! અભિમાન આનું. સમજાણું કાંઈ? જે કોઈ અજ્ઞાની એવી ક્રિયાને ધર્મનું કારણ માને છે એવા મિથ્યાદૃષ્ટિ જીવને મોક્ષનું કારણ એને સમજાવ્યા છે, એને સમજાવ્યા છે કે, ભાઈ! એ દેહની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્રિયા એ કાંઈ મોક્ષનું કારણ નથી.

આવે છે ને? એવું આવે છે. આમાં હશે કે નહિ? એમ કે, દેહ જાય તો ભલે જાય પણ મન જવા દઈશ નહિ. સમજ્યા ને? એમ કરીને દેહથી પાપ લાગે છે. દેહ ન્યાં અટકાવીશ તો પાપ નહિ લાગે એમ. દેહને અટકાવીશ તો પાપ નહિ લાગે. પણ દેહને અટકાવવું, છોડવું આત્માના અધિકારની વાત જ ક્યાં છે. ભારે જગતને કઠણ. આ પરમાણુના પિંડ જડ છે. એનું હલવું, આમ થવું (એ) ક્રિયાવતી શક્તિથી એનો પર્યાય થાય છે. આત્મા એને શું કરે? પક્ષઘાત વખતે ખબર નથી પડતી? ઇચ્છા થાય પણ છતાં એને ચાલે છે? ચાલી શકે છે? ત્યારે પહેલો ચાલતો એ પોતે ઇચ્છાથી ચલાવતો? તદ્દન ખોટી વાત છે. કેમ 'હરિભાઈ' કેમ હશે? આ વૈદો કરી દેતા હશે કે નહિ શરીરનું? નહિ?

મુમુક્ષુ :- દવા દઈને ...

ઉત્તર :- કર્યા. જે કોઈ અસત્ય દૃષ્ટિ, પાપ દૃષ્ટિ દ્રવ્યક્રિયાને મોક્ષનું કારણ સંવર-નિર્જરા માને છે, એમ. મોક્ષનું કારણ એટલે સંવર ને નિર્જરા માને છે એને સમજાવ્યું છે. દ્રવ્યક્રિયા સંવર-નિર્જરા મોક્ષનું કારણ છે નહિ. શું સમજાણું? હવે, આવ્યો ૪૭.

( અનુષ્ટુપ )

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।४७-२३९।।

ખંડાન્વય સહિત અર્થ :- 'मुमुक्षुणा एकः एव मोक्षमार्गः सदा सेव्यः' ( मुमुक्षुणा ) મોક્ષને ઉપાદેય અનુભવે છે એવો જે પુરુષ, તેણે ( एकः एव ) શુદ્ધસ્વરૂપનો અનુભવ ( मोक्षमार्गः ) મોક્ષમાર્ગ છે અર્થાત્ સકળ કર્મોના વિનાશનું કારણ છે એમ જાણીને ( सदा सेव्यः ) નિરંતર અનુભવ કરવા યોગ્ય છે. તે મોક્ષમાર્ગ શું છે ? 'आत्मनः तत्त्वम्' આત્માનું તત્ત્વ અર્થાત્ શુદ્ધ જીવનું સ્વરૂપ છે. વળી કેવું છે આત્મતત્ત્વ ? 'दर्शनज्ञानचारित्रत्रयात्मा' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, તે ત્રણ સ્વરૂપની એક સત્તા છે આત્મા ( -સર્વસ્વ ) જેનો, એવું છે. ૪૭-૨૩૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।४७-२३९।।

અહીં તો જાણે પહેલો 'મુમુક્ષુ' શબ્દ વાપર્યો છે. એટલે મુમુક્ષુ માટે આઠમેથી લાગુ પડે એમ નથી. પહેલો શબ્દ અહીંથી ઉપાડવો છે, અહીં છેલ્લેથી. મુમુક્ષુ એ આઠમેથી લાગે પડે ને ચોથેથી લાગુ ન પડે એમ છે નહિ. 'मुमुक्षुणा', 'मुमुक्षुणा' જુઓ! શબ્દ પણ પહેલો પડ્યો છે એમાં – શબ્દાર્થમાં. 'मुमुक्षुणा एकः एव मोक्षमार्गः सदा सेव्यः' 'મોક્ષને ઉપાદેય અનુભવે છે એવો જે પુરુષ,...' જેને આત્મા(ની) પરમાનંદની પૂર્ણ દશાની પ્રાપ્તિ એનું નામ મોક્ષ. મોક્ષ એટલે? આત્મામાં જે અતીન્દ્રિય આનંદ પડ્યો છે એના પૂર્ણ આનંદની પ્રગટ પર્યાયમાં પ્રાપ્તિ એનું નામ મોક્ષ. સમજાણું કાંઈ?

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ' ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વરે નિર્ગ્રંથ આત્માએ 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. મોક્ષ એટલે શું? સંસાર એટલે શું? સંસાર એટલે મિથ્યાદૃષ્ટિ સહિતની રાગ-દ્વેષની દશા તેને સંસાર કહે છે. સંસાર કોઈ બાયડી, છોકરા, પૈસામાં રહેતો નથી. ભગવાનઆત્મા પૂર્ણાનંદ શુદ્ધ, એની મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામ એને ભગવાન સંસાર કહે છે, કે જે શુદ્ધ સ્વભાવમાંથી સંસરી–ખસીને મિથ્યા માન્યતા ને રાગ-દ્વેષમાં ટક્યો એને સંસાર કહે છે.

મોક્ષ એટલે આત્માની પૂર્ણ શુદ્ધ દશા. મિથ્યાત્વ રહિત, રાગ-દ્વેષ રહિત વીતરાગતા. એવી પૂર્ણ સમ્યગ્દર્શન સહિતની પૂર્ણ આનંદની, ચારિત્રની દશાની રમણતાને ભગવાન મોક્ષ કહે છે. સમજાણું કાંઈ? મોક્ષ એટલે કે પરથી મૂકાવું. પોતાની નિર્મળ પૂર્ણ દશા થઈ એનું નામ મુક્તિ. અલ્પજ્ઞથી પૂર્ણ થઈ ગયો, રાગ રહિત થઈને વીતરાગ થયો. એ પૂર્ણ દશા આત્માની મુક્તિ.

એવા 'મોક્ષને ઉપાદેય અનુભવે છે...' દેખો! એવી મોક્ષની નિર્મળ પૂર્ણ પર્યાય તે પ્રગટ કરવા લાયક છે એમ જે અનુભવે છે એવા જે પુરુષ. મુમુક્ષુની વ્યાખ્યા કરી. આત્માની પૂર્ણ નિર્મળ દશા, શુદ્ધ વીતરાગી કેવળજ્ઞાન આદિ દશા પ્રગટ કરવાનો કામી છે એ મોક્ષને ઉપાદેય અનુભવે છે એવો પુરુષ. સમજાણું કાંઈ? જે વિકલ્પ આદિ રાગને ઉપાદેય તરીકે વર્તમાનમાં સ્વીકારતો નથી. પૂર્ણ પરમાનંદની દશા ઉપાદેય નામ પ્રગટ કરવા લાયક છે એવી જેની દૃષ્ટિ છે એ વર્તમાનમાં જ પુણ્ય-પાપના રાગને મોક્ષના કારણમાં સ્વીકારતો નથી. સમજાણું આમાં?

'મોક્ષને ઉપાદેય અનુભવે છે...' એ આદરણીય છે એટલે કે બંધભાવ આદરણીય નથી, નિમિત્ત પણ આદરણીય નથી. પૂર્ણાનંદનો સ્વભાવ પ્રગટ કરવો એ આદરણીય છે એમ જે અનુભવે છે. એનો અર્થ, કે સ્વભાવની શક્તિમાંથી પૂર્ણ પર્યાય પ્રગટ કરવાનો કામી (છે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ પૂર્ણ સ્વભાવ તરફના અનુભવની દૃષ્ટિમાં પડેલો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિરંતર?

ઉત્તર :- નિરંતર. જુઓને! 'મોક્ષને ઉપાદેય અનુભવે છે એવો જે પુરુષ,...' એમાં ક્યાંય કોઈને બંધને અનુભવતા પુરુષ, બંધને આદરણીય માનતા અનુભવ પુરુષ એમ આવે છે કોઈ સમયે?

ભગવાનઆત્મા અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ! મહા ચૈતન્ય રત્નાકર નાથ, એની પૂર્ણ શક્તિ પડી છે મુક્ત સ્વરૂપ એની, એને પર્યાયમાં પૂર્ણ પ્રગટ કરવાનો અભિલાષી અનુભવી જીવ. એટલે કે પૂર્ણ પ્રગટ કરવું છે એટલે પૂર્ણ દ્રવ્ય સ્વભાવની તેની દૃષ્ટિનો અનુભવ છે. એને રાગ ને પુણ્યના વિકલ્પનો આદર છે નહિ. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! આઠ આઠ વર્ષના બાળકો કેવળજ્ઞાન પામતા હશે! હેં! આહાહા..! રાજાના કુંવરો, હોં! આમ ચક્રવર્તીના રાજકુમાર, લ્યો!

મુમુક્ષુ :- ગરીબના દીકરા ન નીકળે?

ઉત્તર :- ગરીબના દીકરા તો નીકળે એની વાત શું? આ તો એમ કે, લોકો ઓહોહો..! ગરીબ ભિખારી આઠ વર્ષના છોકરાઓ નીકળીને કઠિયારાના દીકરા કેવળ પામે. આત્મા ક્યાં ગરીબ ને તવંગર છે? સમજાય છે કાંઈ? કાલનો કઠિયારો આઠ આના લઈ આવ્યા હોય, ઘરે છોકરો રોટલા ને દાળ ખાતો હોય. ઇ છોકરો અંદરથી ફાટીને પ્યાલા અંદર આવ્યા હોય, આમ સંત પાસે ગયો. આહા..હા..! અરે..! તારું નિધાન તો અંદર છે ને, ભાઈ! અખંડાનંદ પ્રભુ કેવળજ્ઞાનનો કંદ પડ્યો છે ને! સાંભળ્યા ભેગા અંદર ઉતર્યો! ફડાક વીજળી અંદર (પડી)! દૃષ્ટિ પડી અંદર ચૈતન્યમાં, ભગવાનની સમીપ ક્ષાયિક સમકિત પ્રગટ કર્યું, ફડાક! સમજાય છે કાંઈ? આહાહા..! અને કેવળ લેવાને અંતર્મુહૂર્ત. આમ ઘોલન... ઘોલન.. ઘોલન... ઘોલન... ઘોલન... ઘોલન... આમ અમૃતના-અમૃતના ઝરણા પડ્યા છે આખા ભગવાનઆત્મામાં. અતીન્દ્રિય દૃષ્ટિ અને એકાગ્રતા મારી છે. અંતર્મુહૂર્તે કેવળ (પામે). આવે છે ને નહિ? આમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. આઠ વર્ષે સબ અવસર આ ગયા હૈ. આઠ વર્ષે મોક્ષ જાય. અનાદિ નિગોદનો નીકળ્યો, કોઈ દિ' નિગોદથી નીકળ્યો ન હોય અને પહેલો વહેલો જ માણસ થયો હોય. આવે છે કે નહિ? આઠ વર્ષ. ભલે એકાદ ભવ કોઈપણ (થયો હોય). એ આઠ વર્ષની ઉંમરે આમ થાય. કોઈ દિ' એણે દેવપણું, નરકપણું ભાળ્યું ન હોય. આત્મા છે ને અંદર! આ..હા..! એ વીજળીના ઝબકારા જેમ પડે એમ ભગવાન અંદર ઉતર્યો અંદર હડાક દઈને અંદરથી. સમજાણું કાંઈ?

શૂન્ય.. શૂન્ય.. શૂન્ય.. પરથી શૂન્ય, પોતાથી પૂરો. એવી વસ્તુની દૃષ્ટિમાં ગયો ને સ્થિરતામાં જામ્યો. સ્થિર થતાં અંતર્મુહૂર્તે કેવળ (પામ્યો). અને કદાચિત્ દેહની સ્થિતિ થોડી હોય તો દેહ છૂટી જાય ત્યાં. આઠ વર્ષે મોક્ષ, આઠ વર્ષ પહેલા નિગોદ, વચલો આટલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આટલો આઠ વર્ષનો કાળ. આહાહા..! સમજાણું કાંઈ? આમ અનાદિ કોઈ દિ' માણસ નહિ થયેલો. એમાં આઠ વર્ષે માણસ થઈને આ ભવ કરીને અંદર (ઊતરી ગયા). નથી આવતા? 'ભરત' ચક્રવર્તીના આવે છે ને કેટલા? દસ હજાર, દસ હજાર. દસ હજાર રાજકુમારો. 'ભરત'ના રાજકુમારો. પુણ્યના પોટલા. એટલા બધા પુણ્ય ક્યાં? શુભભાવ છે તે ગમે ત્યાં બાંધે. નિગોદમાં નથી બાંધી શકતો? એમાં શુભભાવ છે એ શુભભાવનો .. બોલે નહિ, બોલે નહિ, હોં!

'ઋષભદેવ' ભગવાન પધાર્યા અને સમવસરણમાં ગયા. ચક્રવર્તી ને રાણીઓ ને કુંવરો. 'ભરત' પૂછે છે, પ્રભુ! આ રત્ન જેવા છોકરાઓ આ મારે ઘરે પુણ્યવંત થઈને આવ્યા. આ બોલે નહિ કેમ? ભગવાનની દિવ્યધ્વનિમાં આવે છે કે, હમણાં બોલશે. એ હમણાં બોલશે ને હમણાં મુનિપણું લેશે, બોલશે ને મુનિપણું લેશે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા ન મળે. આહાહા..! રાજકુંવર ચક્રવર્તીને ઘરે અવતરેલા! એટલી તૈયારી બોલ્યા જ નહિ. બોલતા નથી, પ્રભુ! ભગવાન કહે, હમણાં બોલશે. ત્યાં જ ઉભા થયા. પ્રભુ! દિગંબર દીક્ષા અમને આપો. એલા બોલ્યા ત્યારે આ! બોલ્યા ત્યારે ઇ (બોલ્યા). સમજાય છે? મોક્ષ જ અંદર પડ્યો છે. એની દૃષ્ટિ થઈ એટલે મુક્ત જ છે આત્મા. પર્યાયે મુક્ત થવાને થોડી વાર લાગે એની કાંઈ (ગણતરી) નથી. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા આમ પૂર્ણાનંદનો નાથ (બિરાજે છે). બોલ્યા તો એમ બોલ્યા, પ્રભુ! આપ જે નિધાન બતાવો છો એ નિધાન લેવા માટે આપ દિગંબર દીક્ષા આપો. પોતે ગ્રહણ કરે, પોતાની મેળે ગ્રહણ કરે. એ અંદર ઉતરે છે ફડાક દઈને અંદર! કેવળ થઈને મોક્ષ (પામે છે). એના એ ભવમાં કેવળ થઈને મોક્ષ! આહા..! આત્મામાં પુરુષાર્થની ક્યાં કચાશ છે કે એને ક્યાંય ગોતવા જોવું પડે એમ છે. પણ માળો પામર થઈને... આહા..! એ હું એવડો? હું આવડો? આવો? એવડો ને આવડો તું પોતે (છો), સાંભળને! પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ બળ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્થિરતા, પૂર્ણ વીર્ય, પૂર્ણ પ્રભુતા એ બધી તારામાં પડી છે. આમ તળાવમાં જેમ પાણી ભર્યું હોય ને? તળાવમાં પાણી (ભરાઈ ગયું હોય) હવે, કોની કોર કાઢવું? બહુ પાણી ભરાય ત્યારે એવું થાય ને? આ બાજુ ગામ કોર ન આવે. ઓલી કોર માણસ દોડીને જાય લીટી કરે. જાય પાણી ઓલીકોર ચાલ્યું. એમ અંદર છલોછલ જ્ઞાનાનંદ, વીર્ય પડ્યા છે. એકાગ્રતાની લીટી માર એટલે પ્રવાહ તૂટે એવો નથી. પણ એની એને પ્રતીત (નથી). આવું મારું દ્રવ્ય છે, આવો હું એની પ્રતીત નથી. એને તો કાંઈક કો'કનું કરી દઉં ને આનું આ કરી દઉં ને કાં તો રાગ કરું ને કાં તો ધૂળ કરું ને કાં તો પાપ કરું ને કાં તો પુણ્ય કરું ને... સમજાય છે?

અહીં કહે છે કે, અહો! આ વ્યાખ્યા ચાલે છે-'મુમુક્ષુણા'. 'મોક્ષને ઉપાદેય અનુભવે છે એવો જે પુરુષ,...' આહાહા..! આ મુમુક્ષુની વ્યાખ્યા. એમાંય તકરાર કરે છે. એ મુમુક્ષુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને બીજા અમુમુક્ષુ હશે? અરે..! ભગવાન! સાંભળને ભાઈ! જે પરમાનંદની પૂર્ણ પવિત્ર દશાને આદરણીય માનીને પુરુષાર્થ કરે તે મુમુક્ષુ કહેવામાં આવે છે. એની તકરાર કરે છે. ઇ તો તકરાર કરનારા કર્યા જ કરશે.

કહે છે, અહો! અનંત આનંદના ચૈતન્યનો ઢીમ પ્રભુ ભગવાન અંદર આખો (છે), જેને શરીરને કર્મ અડ્યા જ નથી. ત્રણકાળમાં શરીર ને કર્મ આત્મદ્રવ્યના પિંડને અડ્યું જ નથી. અડ્યા સમજે? છુઆ નહિ. છુઆ નહિ હૈ. ભાષા અમારી ગુજરાતી છે. છુઆ હી નહીં હૈ. જડને આત્મા કદી અડ્યો જ નથી અને એ જડ આત્માને અડ્યું નથી. ફક્ત એની વિકલ્પની દશામાં વિકારની ઉત્પત્તિ કરી અને એમાં હિત છે એમ મિથ્યા તરીકે માને, બસ! આટલી વાત. એ આમ ગુંલાટ ખાય છે ત્યારે... અહો! આ તો પૂર્ણ શુદ્ધ પ્રગટ કરવાનું આ ધામ છે. પૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરવાનું આ સ્થાન છે. એવા મોક્ષને ઉપાદેયપણે અંગીકાર કરવા, પ્રગટ કરવાના કામીને મુમુક્ષુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'एकः एव' જુઓ! શુદ્ધસ્વરૂપ. એકની વ્યાખ્યા કરી. એકની વ્યાખ્યા શુદ્ધસ્વરૂપનો અનુભવ. વિકાર આદિ અનેક છે ને? વિકલ્પ આદિ અનેક છે એટલે આમ શુદ્ધ વસ્તુ એક શુદ્ધ 'एव'. એમ તો કહેવું છે 'एकः एव मोक्षमार्गः'. પાઠ તો 'एकः एव मोक्षमार्गः' શબ્દ છે. ભાઈ! એ..ઇ..! 'एक एव सदा सेव्या मोक्षमार्गो मुमुक्षुणा' છેલ્લો શબ્દ એમ છે. એક પ્રકારે જ મોક્ષનો માર્ગ મુમુક્ષુએ સેવવો. પણ વ્યાખ્યા એવી કરી, કે 'एकः एव' એટલે 'શુદ્ધસ્વરૂપનો અનુભવ...' એ જ, એમ.

ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, પવિત્ર ધામ, એનો અનુભવ એને 'एकः एव' કહ્યું. એટલે એનો અનુભવ એ જ એક જ મોક્ષનો માર્ગ છે. એકની વ્યાખ્યા કરવાનો હેતુ શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે મોક્ષનો માર્ગ છે. એનો અર્થ કર્યો કે, 'एकः एव' એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે મોક્ષનો માર્ગ છે. 'શશીભાઈ'! સમજાણું કાંઈ?

'एकः एव' સમજાણું? એટલે શું કરવા કહ્યું? કે, આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યની અંતરની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ શુદ્ધતા છે. એ શુદ્ધતા અભેદ એકરૂપ છે. એ શુદ્ધતા, વસ્તુ દ્રવ્ય એકરૂપ છે, એવી અંતરની અભેદતા એકરૂપ છે. ઇ એકરૂપ એવો જે શુદ્ધ અનુભવ એને અહીંયાં મોક્ષનો માર્ગ કહ્યો છે. અનેક પ્રકારના પેલા વિકલ્પ ભિન્ન ભિન્ન ભિન્ન કાળે ઉઠે છે ને? અહીં તો એક જ પ્રકારના શુદ્ધ સ્વભાવની એકતાની શુદ્ધતા તે જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

વસ્તુ શુદ્ધનો પિંડ પ્રભુ! એની સન્મુખની એકતા એ એકતા ઇ એક જ શુદ્ધરૂપ દશા છે. ભલે શુદ્ધતાના અંશો (હોય) પણ એ શુદ્ધરૂપ એકપણું છે. એ જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. પુણ્યના વિકલ્પો આદિને અશુદ્ધ ગણીને, અનેક ગણીને અનેક પ્રકારની ભિન્ન ભિન્ન અવસ્થા એ બંધના વિકાર છે ને? એક પ્રકારનો વિકાર ન હોય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન... ભિન્ન... ભિન્ન... અનેક (છે), એ મોક્ષનો માર્ગ નથી. એક ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનની મૂર્તિ પ્રભુ! એની સેવા એટલે એકાગ્રતા એ જ શુદ્ધ સ્વરૂપનો અનુભવ ઇ એક જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. બે મોક્ષના માર્ગ નથી. આહા..! (એક હોય) ત્રણકાળમાં પરમાર્થનો પંથ કહો મોક્ષનો પંથ કહો.

'શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે અર્થાત્ સકળ કર્મોના વિનાશનું કારણ છે...' છે ને? શુદ્ધ સ્વરૂપનો અનુભવ એ સકળ કર્મોના નાશનું કારણ (છે). (આ) સિદ્ધાંત (થયો). મોક્ષમાર્ગ એ શુદ્ધ સ્વરૂપનો અનુભવ એ સકળ કર્મોના નાશનું કારણ. વચ્ચે કોઈ પણ વિકલ્પ ઉઠે (એ) અંશે રાગના નાશનું કારણ છે એમ છે નહિ. સમજાણું? 'સકળ કર્મોના વિનાશનું કારણ છે એમ જાણીને' 'સદા સેવ્યઃ' જોયું? 'નિરંતર અનુભવ કરવા યોગ્ય છે.' નિરંતર એક જ અનુભવ કરવા લાયક છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ! એનો જ અંતર અનુભવ, એને અવલંબીને એક જ અનુભવ કરવા લાયક છે અને એ એક જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ સંવર-નિર્જરા (માર્ગ) છે નહિ. સમજાણું કાંઈ?

'સદા સેવ્યઃ' કેમ કહ્યું? કોઈ વખતે વળી થોડા અનેક એવા વિકલ્પને પણ સેવવું (એમ નથી). મુખ્યની નિશ્ચયતા, મુખ્યનો નિશ્ચય કાયમ રહે. વસ્તુ... વસ્તુ... વસ્તુ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અખંડ આનંદ. એ મુખ્ય તે નિશ્ચય અને એનો નિર્ણય કર્યો, એનું જ્ઞાન કર્યું, એની સ્થિરતા કરી એ નિરંતર એક જ સેવવા લાયક છે. દૃષ્ટિમાંથી એની મુખ્યતાનું નિશ્ચય તત્ત્વ છે એ કોઈ દિ' ખસતું નથી. એટલે એની એકાગ્રતામાં મુખ્યપણું કોઈ દિ' ખસતું નથી. અને વિકલ્પને આદિની મુખ્યતા કોઈ દિ' એની દૃષ્ટિમાં આવતી નથી. માટે કહ્યું કે 'સદા સેવ્યઃ'. તો સદા આ આઠમા ગુણસ્થાનથી 'સદા સેવ્યઃ' ની વાત છે? સકળ કર્મનો ક્ષય તે ત્યાં થાય ને હેઠે ઓછું માટે (નીચેના ગુણસ્થાને) બીજી રીત છે. નીચે શુદ્ધ ભગવાનઆત્મા જે શુદ્ધની એકતાનો અનુભવ એટલે અંશે તે સકળ કર્મ જેટલો કર્મનો ઉદય અમુક છે એને ક્ષય જ કરે છે ઇ. સમજાય છે કાંઈ?

દર્શનમોહ અને રાગાદિ, ભગવાનઆત્માના શુદ્ધ સ્વરૂપની અનુભવ દૃષ્ટિ, અનુભવ સ્થિરતા એટલે અંશે તો જે અંશો કર્મના આદિ રાગ, એનો ક્ષય જ કરે છે. આગળ વધતા પૂર્ણ એકાગ્ર થતાં, પૂર્ણ નાશ કરી નાખે છે. શરૂઆત અહીંથી થાય છે એમ કહીને સકળ કર્મોનો વિનાશ (આ રીતે થાય છે એમ કહે છે). રાગની મંદતા એ કારણ નથી પણ રાગનો અભાવ થવો એ કારણ છે એટલે એમાં સકળ નાશ થઈ ગયો, એનો અર્થ એમ (થયો). સમજાણું કાંઈ? પહેલેથી, હોં!

એક જ આ માર્ગ, એમ પાછો. શુદ્ધ ચિદાનંદ ભગવાન ઉપર દૃષ્ટિ નાખી અને જે એકાગ્ર જ્ઞાન કર્યું અને સ્થિરતા કરી એ એક જ શુદ્ધતા તે એક જ પ્રકારનો માર્ગ છે. બીજો કોઈ માર્ગ ધર્મીને સેવવા લાયક છે નહિ. કહો, સમજાણું આમાં?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'सदा सेव्यः' 'सेव्यः' ની વ્યાખ્યા 'અનુભવ કરવા યોગ્ય છે.' એમ. સેવવા લાયક છે એટલે શું? સેવવા લાયક છે એટલે શું? કે, આત્મા શુદ્ધ ચિદાનંદની સેવા કરવા લાયક છે, એટલે એનો અનુભવ કરવા લાયક છે. અનાદિથી રાગ ને પુણ્યની સેવા કરતો. પુણ્ય ને પાપના ભાવની સેવા કરતો એટલે અનુભવતો. પુણ્ય ને પાપ વિકલ્પોને સેવતો એટલે અનુભવતો. એ બંધ માર્ગ છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ એને એકરૂપે સેવવો, સદા એકરૂપે સેવવો. એ સેવવાની વળી આત્મામાંય સેવા થાતી હતી હશે? કે પરની સેવા? સમજાણું આમાં? પર ભગવાનની સેવા આમાં ન કીધી.

મુમુક્ષુ :– સેવાની વ્યાખ્યા કરી કે, સેવવો એટલે અનુભવવો.

ઉત્તર :– ઇ સેવવુંનો અર્થ જ ઇ. આત્માની સેવા એટલે અરાગી પરિણતિ થાય તે. સમજાણું કાંઈ? 'એમ જાણીને નિરંતર અનુભવ કરવા યોગ્ય છે.' હવે, મોક્ષમાર્ગ કેવો છે એનું થોડું સ્પષ્ટીકરણ કરશે. ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ )

---

**માગશર સુદ ૬, સોમવાર તા. ૨૯-૧૧-૧૯૬૫.**
**કળશ–૨૩૯, ૨૪૦ પ્રવચન–૨૫૪**

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' ૪૭મો કળશ ચાલે છે. આમ ૨૩૯ છે. જુઓ! 'તે મોક્ષમાર્ગ શું છે?' ત્યાંથી શરૂ કરે છે, જુઓ! પહેલું કહ્યું ને કે, મુમુક્ષુએ શુદ્ધ સ્વરૂપનો અનુભવ (એવો) મોક્ષમાર્ગ સકળ કર્મોના નાશનું કારણ જાણીને નિરંતર સેવવો, એમ આવ્યું હતું. એ મોક્ષમાર્ગ છે શું? મોક્ષમાર્ગ કહેવો કોને? એમ પ્રશ્ન ઉઠ્યો. 'आत्मनः तत्त्वम्' જુઓ! મોક્ષનો માર્ગ એ આત્માનું સ્વરૂપ છે. 'શુદ્ધ જીવનું સ્વરૂપ છે.' સમજાણું આમાં? મોક્ષનો માર્ગ એ આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની અંતરમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન–શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર એ જીવનું શુદ્ધ સ્વરૂપ, એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

'વળી કેવું છે આત્મતત્ત્વ?' કે, 'दर्शनज्ञानचारित्रत्रयात्मा' 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે ત્રણ સ્વરૂપની એક સત્તા છે આત્મા...' જુઓ! આ મોક્ષમાર્ગ. આત્મા... પેલો વિકલ્પ છે એ કાંઈ આત્મા નથી એમ અહીંયાં સિદ્ધ કરવું છે. વ્યવહાર મોક્ષમાર્ગ જેને કહીએ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રત આદિના શુભભાવ અને શાસ્ત્ર સંબંધીનું જ્ઞાન એ પરાલંબી વસ્તુ છે, એ આત્માનું તત્ત્વ નથી એમ અહીં સિદ્ધ કરવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ 'પરમાત્મ પ્રકાશ'માં આપણે આવી ગયું. સમજાણું કાંઈ? એ.. 'છોટાભાઈ'! એ આત્મતત્ત્વ નહિ. આત્માનો સ્વભાવભાવ, પર્યાય, હોં! અત્યારે પર્યાયની વાત ચાલે છે. આ પર્યાયની વાત છે, આત્મદ્રવ્યની વાત નથી. દ્રવ્ય તો શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ જ્ઞાયક છે એ તો વસ્તુ, એની આ વાત નથી.

અહીં તો મોક્ષનો માર્ગ શું છે? કે, શુદ્ધ જે આત્મા જ્ઞાન, ચૈતન્ય, દ્રવ્ય વસ્તુ, એની શુદ્ધ નિર્મળ પર્યાય, વીતરાગી પર્યાય એ આત્મતત્ત્વ–એ આત્માનું સ્વરૂપ, એ આત્માની નિર્મળ પર્યાય તે જ મોક્ષનો માર્ગ છે. કહો, 'છોટાભાઈ'! છે એમાં? જુઓ! જુઓ! પેલો વિકલ્પ વ્યવહાર-બ્યવહાર મોક્ષમાર્ગ નથી એમ આમાં કહ્યું. નથી લખ્યું? એ..ઇ..! દેવાનુપ્રિયા! આ છે એનો અર્થ ન આવ્યો કે બીજું નથી. એમ આવ્યું કે નહિ એમાં?

આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ આનંદકંદ સ્વરૂપ છે. વસ્તુ–જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ આત્મા વસ્તુ. એ વસ્તુની સન્મુખના શુદ્ધ સમ્યગ્દર્શન–નિર્વિકલ્પ શ્રદ્ધા વીતરાગી પર્યાય, નિર્વિકલ્પ આત્માનું સ્વસંવેદન, સ્વસંવેદન જ્ઞાન અને એ આત્મામાં સ્વરૂપની આચરણરૂપ સ્થિરતા–વીતરાગી પર્યાય, એ ત્રણ તે આત્મતત્ત્વ છે અને એ આત્મતત્ત્વ એટલે સ્વરૂપ તે જ મોક્ષનો માર્ગ છે. કહો, એમાં આવ્યું કે નહિ સંસ્કૃત પ્રમાણે? 'છોટાભાઈ'! આ સંસ્કૃતમાં ભણેલા ને હોય ને એની સાથે, છે કે નહિ? ભાઈ! તેમાં છે, જુઓ!

'તે મોક્ષમાર્ગ શું છે?' એમ શબ્દ છે. પહેલો શબ્દ. પહેલા તો કહી દીધું 'मुमुक्षुणा एकः एव मोक्षमार्गः सदा सेव्यः' એ. હવે પહેલી લીટીનો અર્થ થાય (છે). બીજી (લીટી) પહેલી કહી દીધી. ત્યારે કીધું કે, 'दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः'. ભગવાનઆત્મા શુદ્ધ અખંડાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ વસ્તુ, એની નિર્વિકલ્પ શુદ્ધ, શુદ્ધ વીતરાગી સમ્યગ્દર્શનની પર્યાય, શુદ્ધ વીતરાગી સમ્યક્ ચૈતન્યનું સ્વસંવેદનજ્ઞાન અને શુદ્ધ રાગરહિત સ્વરૂપનું આચરણરૂપ ચારિત્ર–એ ત્રણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર 'त्रयात्मा'. એ 'ત્રણ સ્વરૂપની એક સત્તા...' ત્રણનું એકરૂપ એવો જે આત્મા, એવો જે આત્મા એટલે એ આત્માનું જે તત્ત્વ એવી જે શુદ્ધ સ્વરૂપની પર્યાય, એ 'જેનો, એવું છે.' એ મોક્ષનો માર્ગ છે. કહો 'જમુભાઈ'! છે?

આમાં આવ્યું, શું આ કીધું? 'તે મોક્ષમાર્ગ શું છે?' એમાં ને એમાં પ્રશ્ન ઉઠાવ્યો કે, 'आत्मनः तत्त्वम्' ભગવાનઆત્મા શુદ્ધ અખંડ આનંદકંદ વસ્તુ, એની સન્મુખની શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ચારિત્ર એટલે વીતરાગ પરિણતિ એ ત્રણે શુદ્ધ, એ શુદ્ધ એ દર્શન, જ્ઞાન, ચારિત્રત્રય–આત્મા ત્રણ સ્વરૂપ. એ આત્માનું સ્વરૂપ, તે આત્માનું તત્ત્વ, તે મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? કોઈ બીજી શરીર-બરીરની ક્રિયા કે અંદર દયા, દાનના વિકલ્પ શુભરાગ એ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! છે કે નહિ? આ છે તો બીજો માર્ગઃ નથી એમ એમાં આવી ગયું કે નહિ? સ્પષ્ટ જ આવી ગયું. આ જ માર્ગ છે પછી પ્રશ્ન ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? આહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષસ્વરૂપ એવો આત્મા, વસ્તુ તે મોક્ષસ્વરૂપ જ છે વસ્તુ, એની નિર્મળ પર્યાય તે વર્તમાન પૂર્ણ વ્યક્ત મોક્ષનું કારણ છે. શું કીધું સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાન, જ્ઞાનનો–જ્ઞાનનો પિંડ પ્રભુ! જ્ઞાન પુંજ પ્રભુ! ચૈતન્યસૂર્ય એકલો આત્મા આનંદકંદ એ શુદ્ધ વસ્તુ. એ શુદ્ધનો પર્યાયમાં–અવસ્થામાં મોક્ષ થવો એનું કારણ કોણ પર્યાયમાં? પર્યાયમાં. પર્યાયની વાત ચાલે છે ને આ? કે, જે પર્યાય–અવસ્થા શુદ્ધ આત્માને અવલંબીને નિર્વિકારી પરના આશ્રય વિનાની શુદ્ધ સમ્યક્, નિશ્ચય સમ્યગ્દર્શન, શુદ્ધ નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને નિર્વિકલ્પ સ્વરૂપમાં રમણતા, એ મુક્ત સ્વરૂપ દ્રવ્યની આ નિર્મળ શુદ્ધ વીતરાગી પર્યાય એ પૂર્ણ વ્યક્ત મોક્ષનું કારણ છે. કહો, સમજાણું આમાં? 'ગોપાળદાસભાઈ'! આકરું લાગે. પણ એ તો એના ઘરની વાત છે આ. કહો, 'ધર્મચંદજી'! આહાહા..!

આ મોટો મહાપ્રભુ છે ચૈતન્ય, એ તો અનંત ગુણનો સાગર. એવા ગુણના સાગરનું શુદ્ધરૂપે પરિણમન થવું, વીતરાગ પર્યાયરૂપે થવું, નિર્દોષ દશારૂપે શ્રદ્ધા-જ્ઞાન-શાંતિનું થવું એને અહીંયાં આત્મતત્ત્વ કહેવામાં આવે છે. દ્રવ્ય નહિ, એનો શુદ્ધ પર્યાય તે આત્મભાવ કહેવામાં આવે (છે). તત્ત્વ એટલે એનો ભાવ, ભાવ. એ ભાવ તે પૂર્ણ મોક્ષ દશા જે પ્રગટ થાય એનું એ કારણ છે. કહો 'ગોકુળદાસભાઈ'! છે એમાં? જુઓ! એમાં છે. આહાહા..!

આમાં પાછા બે મોક્ષમાર્ગ છે, ચોથે બીજો માર્ગ છે ને આઠમે બીજો છે એમ નથી. તેથી તો ભાઈએ ખુલાસો કર્યો છે ને 'ટોડરમલ્લે'. એક નિશ્ચય મોક્ષમાર્ગ છે ને એક વ્યવહાર એમ શબ્દ વાપર્યા છે. ઓલામાં એક નિશ્ચય મોક્ષમાર્ગ છે ને એક વ્યવહાર મોક્ષમાર્ગ છે, એમ (શબ્દ) વાપર્યો છે. એક એક કેમ વાપર્યો? કે, એક મોક્ષમાર્ગ બીજો ને એક નિશ્ચય મોક્ષમાર્ગ બીજો, એમ બે નથી. છે ને એમાં ઇ? એક એક, હોં! શબ્દ વાપર્યો છે. કારણથી વાપર્યો છે. આ બધા ગોટા વાળશે. (બે મોક્ષમાર્ગ છે) એમ નથી. સમજાણું? માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો. એમ છે ને? પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે. એક વ્યવહાર મોક્ષમાર્ગ તથા એક (નિશ્ચય) મોક્ષમાર્ગ એમ. એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે. એ આમાં નિરૂપણમાં એ આવ્યું છે ને? ક્યાંક આપણે .. નિરૂપણ આવ્યું હતું ને? આમાં 'સમયસાર'માં, 'કળશ-ટીકા'માં સમજાણું કાંઈ? આહાહા..! 'નિરૂપણ' શબ્દ વાપર્યો છે ને? આ ૪૧૨ ગાથાનો આખો સાર કીધો છે. 'मोक्खपहे अप्पाणं ठवेहि' આવે છે ને? ઇ એની આ વાત છે.

અહીં તો કહે છે કે, વસ્તુ–વસ્તુ જે આખી શુદ્ધ સ્વરૂપ એના શુદ્ધનું પરિણમન, શુદ્ધનો પર્યાય, શુદ્ધ દ્રવ્યનું શુદ્ધ પરિણમન કે જે આત્મતત્ત્વ એને કહેવામાં આવે છે. કે જે નિશ્ચય સમ્યગ્દર્શન; નિશ્ચય એટલે સ્વતત્ત્વનો સ્વઆશ્રય થયેલો સત્ય નિશ્ચય સમ્યગ્દર્શન પર્યાય, એને સ્વતત્ત્વને આશ્રયે થયેલું સ્વસંવેદન નિશ્ચય સત્ સમ્યગ્જ્ઞાન અને એમાં સ્વરૂપમાં રમણતા, લીનતા એ આત્મતત્ત્વ, આત્મભાવ, આત્મસ્વરૂપ, શુદ્ધ સ્વરૂપનું પરિણમન એને આત્મસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પહેલું તો કીધું, એક શુદ્ધ સ્વરૂપનો અનુભવ સકળ કર્મના વિનાશનું કારણ છે. ત્યારે હવે શુદ્ધ સ્વરૂપ એટલે શું? એ મોક્ષમાર્ગ શું? 'આત્માનું તત્ત્વ અર્થાત્ શુદ્ધ જીવનું સ્વરૂપ છે.' એમ કહ્યું ને? શુદ્ધ સ્વરૂપનો અનુભવ એટલે અહીં કીધું શુદ્ધ જીવનું સ્વરૂપ છે. કોણ? 'आत्मनः तत्त्वम्' શુદ્ધ જીવનું સ્વરૂપ છે ઇ. વિકલ્પ ઉઠે છે જે રાગ એ શુદ્ધ જીવનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? શુદ્ધ જીવ સ્વરૂપ આવ્યું.

'વળી કેવું છે આત્મતત્ત્વ?' 'दर्शनज्ञानचारित्रत्रयात्मा'. સમ્યગ્દર્શન. જુઓ! આ નિશ્ચય સમ્યગ્દર્શન. વ્યવહાર-ફેહવાર સમ્યગ્દર્શન છે જ નહિ, એ તો વિકલ્પ રાગ છે. નિશ્ચય સમ્યગ્જ્ઞાન. એ શેની વ્યાખ્યા ચાલે છે? શુદ્ધ જીવના સ્વરૂપની અને 'સમ્યક્ચારિત્ર, તે ત્રણ સ્વરૂપની...' 'त्रयात्मा' 'त्रयात्मा' 'એક સત્તા છે...' જોયું? 'त्रयात्मा' એટલે ત્રય સ્વરૂપ, ત્રય સ્વરૂપ એમ ને? 'त्रयात्मा' છે ને? 'त्रयात्मा' એટલે ત્રયસ્વરૂપ. એનું ત્રયનું એક સ્વરૂપ, ત્રયનું એક સ્વરૂપ. સમજાણું કાંઈ? ત્રણનું એકરૂપ. શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય પરમાત્મા પોતે સ્વરૂપ એની નિર્વિકલ્પ શ્રદ્ધા, વીતરાગ શ્રદ્ધા–સમ્યગ્દર્શન. એટલે વસ્તુની શ્રદ્ધા, વસ્તુનું સમ્યગ્જ્ઞાન વીતરાગી સ્વસંવેદનજ્ઞાન અને વસ્તુમાં રમણતા એ વીતરાગી ચારિત્ર એ ત્રયસ્વરૂપ, એમ. ત્રણસ્વરૂપ એ આત્મતત્ત્વ, એ મોક્ષનો માર્ગ છે. કહો! આમાં કાંઈ બીજો અવકાશ નથી આમાં બીજું કાંઈ રહેવાનો.

ઇ આ મોક્ષમાર્ગ, આ શુદ્ધ પર્યાય તે. એમાં વિકલ્પ આવે ખરો. છ દ્રવ્ય, પંચાસ્તિકાય, તત્ત્વ.... એનો વિકલ્પ આવે. એ એનું શુદ્ધ સ્વરૂપ નથી અને શુદ્ધ સ્વરૂપ નથી માટે તે મોક્ષમાર્ગ નથી. ફક્ત આરોપથી નિરૂપણના કથનમાં નિમિત્તની એવી વ્યવહારે અનુકૂળતા દેખીને આરોપથી કથન કર્યું છે, વસ્તુ એ નથી. સમજાય છે કાંઈ? પેલા તો કહે, ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર દર્શન ને જ્ઞાન ને ચારિત્ર. કારણ કે, તત્ત્વાર્થ શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન એ વ્યવહાર છે. અને વ્યવહાર દર્શન છે ત્યાં ચારિત્ર નિશ્ચય કેમ હોય? માટે વ્યવહાર ચારિત્ર. આહાહા..! જે અશુદ્ધ તત્ત્વ છે, જે આત્માનું સ્વરૂપ નથી એને મોક્ષમાર્ગ ઠરાવવો છે. આહાહા..! ભારે ભાઈ! એને આત્માની મહિમા જ આવતી નથી. સમજાણું કાંઈ? રાગની મહિમા આવે છે, રાગ... રાગ... રાગ... રાગ... રાગ...

છતાં એને પહેલો વિશ્વાસ (આવવો જોઈએ). આવો ભગવાન મહાન પ્રભુ એ પોતે પરિણમીને આમ ઝરે. વસ્તુ... વસ્તુ... વસ્તુ... શુદ્ધપણે (પરિણમે). પરાશ્રયનો વિકલ્પ તો પરમાં ગયો, એ તો પરમાં (ગયો). સમજાણું કાંઈ? પૂર્ણાનંદ પ્રભુ આત્મા એનું પરિણમન શુદ્ધનું પરિણમવું, શુદ્ધનું શુદ્ધરૂપે પર્યાયમાં થવું એ જ આત્મતત્ત્વ અથવા ત્રય એકરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્રનું એકરૂપ, એક સત્તા તે આત્મા. '(–સર્વસ્વ) જેનો, એવું છે.' છે ને પાછું લખ્યું છે પેલું આત્મા એટલે સર્વસ્વ. એટલે વસ્તુ સ્વરૂપ. એ જેનું સર્વસ્વ. ત્રણનું એક જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વસ્વ છે. બીજો વિકલ્પ-ફિકલ્પ ને નિમિત્ત-ફિમિત્ત એમાં છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? એણે પણ કોઈ દિ' આત્માની શું ચીજ છે, કેમ આત્મા કોને કહેવો કોઈ દિ' એણે વિચાર્યું, મનન કર્યું નથી અને આ બહારથી આ થોથા કર્યા ને આ કર્યા ને આ કર્યા. ભક્તિ, દયા, દાન, વ્રત પાળો આ કરો એ મુક્તિનો માર્ગ. હવે એ તો રાગ છે. શુભરાગ છે પુણ્ય બાંધે, મિથ્યાત્વ સહિત.

મુમુક્ષુ :– પછી શું થાય?

ઉત્તર :– ભવ મળે ધૂળનો, આ શેઠિયાનો, દેવનો. જન્મ-મરણનો અંત આવે નહિ. સમજાણું? બહુ સરસ શ્લોક છે, જુઓને! ઓહોહો..!

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।४७-२३९।।

ઓહોહો..! એક જ આ છે, ભાઈ! ભગવાનઆત્મા મહાન ચૈતન્યનો મોટો પ્રભુ પડ્યો છે ઇ, ચૈતન્ય પ્રભુ છે. એની સામર્થાય શક્તિમાં ઈશ્વરતા, ચૈતન્યની ઈશ્વરતા છે એમાં. રાગ ને પુણ્ય ને એમાં ઈશ્વરતા નથી. એવા ભગવાનઆત્માના અંતર્મુખ થઈને શુદ્ધના પરિણમનની પર્યાય (થાય) એ જ એક નિશ્ચય, એ જ એક સત્ય ને એ એક જ મોક્ષનો માર્ગ. એ ૪૭ (કળશ) થયો. ૪૭ થયો ને?

---

( શાર્દૂલવિક્રીડિત )

एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-
स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।
तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।।४८-२४०।।

ખંડાન્વય સહિત અર્થ :– 'सः नित्योदयं समयस्य सारम् अचिरात् अवश्यं विन्दति' ( सः ) એવો છે જે સમ્યગ્દષ્ટિ જીવ તે, ( नित्योदयं ) નિત્ય ઉદયરૂપ ( समयस्य सारम् ) સમયના સારને અર્થાત્ સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થયું છે જે શુદ્ધ ચૈતન્યમાત્ર તેને ( अचिरात् ) ઘણા જ થોડા કાળમાં ( अवश्यं विन्दति ) સર્વથા આસ્વાદે છે. ભાવાર્થ આમ છે કે, નિર્વાણપદને પ્રાપ્ત થાય છે. કેવો છે ? 'यः तत्र एव स्थितिम् एति' ( यः ) જે સમ્યગ્દષ્ટિ જીવ ( तत्र ) શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં ( एव ) એકાગ્ર થઈને ( स्थितिम् एति ) સ્થિરતા કરે છે, 'च तं अनिशं ध्यायेत्' ( च ) તથા ( तं ) શુદ્ધ ચિદ્રૂપને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( अनिशं ध्यायेत् ) નિરંતર અનુભવે છે, 'च तं चेतति' ( तं चेतति ) વારંવાર તે શુદ્ધસ્વરૂપનું સ્મરણ કરે છે ( च ) અને 'तस्मिन् एव निरन्तरं विहरति' ( तस्मिन् ) શુદ્ધ ચિદ્રૂપમાં ( एव ) એકાગ્ર થઈને ( निरन्तरं विहरति ) અખંડ ધારાપ્રવાહરૂપ પ્રવર્તે છે. કેવો હોતો થકો ? 'द्रव्यान्तराणि अस्पृशन्' જેટલી કર્મના ઉદયથી નાના પ્રકારની અશુદ્ધ પરિણતિ તેને સર્વથા છોડતો થકો. તે ચિદ્રૂપ કોણ છે ? 'यः एषः दृग्ज्ञप्तिवृत्तात्मकः' ( यः एषः ) જે આ જ્ઞાનને પ્રત્યક્ષ છે, ( दृग् ) દર્શન–( ज्ञप्ति ) જ્ઞાન–( वृत्त ) ચારિત્ર તે જ છે ( आत्मकः ) સર્વસ્વ જેનું, એવો છે. વળી ( તે ચિદ્રૂપ ) કેવો છે ? 'मोक्षपथः' જેને શુદ્ધસ્વરૂપ પરિણમતાં સકળ કર્મોનો ક્ષય થાય છે. વળી કેવો છે ? 'एकः' સમસ્ત વિકલ્પથી રહિત છે. વળી કેવો છે ? 'नियतः' દ્રવ્યાર્થિકદષ્ટિથી જોતાં જેવો છે તેવો જ છે, તેનાથી હીનરૂપ નથી, અધિક નથી. ૪૮–૨૪૦.

---

હવે ૪૮.

एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-<br>
स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।<br>
तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्<br>
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।।४८-२४०।।

ઇ છે ને ૪૧૨મી? ('સમયસાર') ૪૧૨ (ગાથા) છે ને? (૪૭ મો કળશ) એની ઉપરનો હતો અને આ પછીનો છે. આ બધા પાઠ જ ઇ છે ને! આ ૪૧૨નો બધો પાઠ છે. જુઓ! 'मोक्खपहे अप्पाणं ठवेहि' છે ને? (૪૭ માં) કીધું ઇ એના ઉપરનો ઉપોદ્‌ઘાત હતો. આ છે તે એના પછીનું છે. એ શબ્દ આમાં લીધા.

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय।<br>
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।।४१२।।

આહાહા..! થોડું પણ સત્ય શું છે એને અંતરમાં દષ્ટિમાં, અનુભવમાં લેવું જોઈએ. થોડું ભલે, લાબું મોટું કાંઈ નહિ. સમજાણું કાંઈ? થોડું એટલે આ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એને દષ્ટિમાં લેવું એ થોડું. બીજા ભેદો ન આવડે, બીજા શાસ્ત્રની ખબર ન હોય તો બહુ ખબર ન હોય, લ્યો! સમજાણું કાંઈ? એમ કહે છે.

'सः नित्योदयं समयस्य सारम् अचिरात् अवश्यं विन्दति' 'એવો છે જે સમ્યગ્દષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ તે,...' દેખો! 'એવો છે જે...' 'સઃ' 'સઃ' કીધું ને? 'સઃ' (એટલે) તે. તે કોણ? કે, આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ! એની જ્યાં અંતરમાં દૃષ્ટિ થઈ છે, શુદ્ધ આનંદકંદ છું એવું અનુભવમાં સમ્યગ્દર્શન થયું છે. સમજાણું? ઓહો..! કીધું નહિ? નાની ઉંમરની વાત નહોતી કરી? અમારે ન્યાં એક બ્રાહ્મણ રહેતા. નાની ઉંમરમાં. હંમેશાં બોલતા હતા, દસ વર્ષની ઉંમરની ખબર છે, હોં! બહુ નાની ઉંમરમાં. 'ભૂંભલી'ના બ્રાહ્મણ હતા. ઇ ન્હાય પછી આટલું બોલતા.

'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે,
ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે'

આમ કહેતા. આ તો ૬૫ વર્ષ, ૬૬ વર્ષ પહેલાંની વાત છે. આ ઓલા 'ઉજમબા હોલ' છે ને? ભાઈ! ઇ ત્યાં રહેતા. આ જન્મસ્થાનમાં (છે) ન્યાં રહેતા, 'ઉજમબા હોલ'માં ઇ રહેતા. અમે અહીં રહેતા આ બાજુ. પણ અમારે બાનું મોસાળ હતું 'ભૂંભલી' ને 'ભૂંભલી'ના તો 'મૂળજી ભટ્ટ'. ઉતારામાં નોકરી હતી. એના બૈરાં બૈરાં બહાર રહેતા, અહીં કો'ક દિ' આવે પણ આ પોતે કાયમ રહેતા હતા. પણ હંમેશાં ન્હાય ત્યારે આમ બોલે. એ ખાળ છે પહેલી ખાળ હતી. 'અનુભવીને એટલું રે આનંદ...' સમજે નહિ કાંઈ, હોં! એ તો વાત શબ્દની એ તો અત્યારે લાગે છે. પણ આટલું બોલતા, ત્યારે ખ્યાલ ખરો મારો કે, આ કાંઈક બોલે છે, કીધું આ શું બોલે છે? સમજાણું?

'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે,
ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે'

એમ બોલે. એનું ઓલી ઉનની હોય ને? કામળી પહેરવાની. એ પહેરે ને બોલતા જાય. પછી ઓરડામાં ગરી જાય. 'ઉમરાળા'માં આ 'ઉજમબા હોલ' છે ને? ઇ ત્યાં રહેતા, અમે આમ રહેતા. કહો સમજાણું?

કહે છે કે, એ 'સમ્યગ્દૃષ્ટિ જીવ તે, નિત્ય ઉદયરૂપ સમયસાર...' દેખો! 'સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થયું છે જે શુદ્ધ ચૈતન્યમાત્ર તેને ઘણા જ થોડા કાળમાં સર્વથા આસ્વાદે છે.' શું કહે છે? ધર્મી જીવ આત્મા ભગવાન પૂર્ણાનંદ ઉપર જ્યાં અનુભવની દૃષ્ટિ પડી છે, ભગવાનઆત્મા, આ પુણ્ય ને પાપના વિકારનો જે અનુભવ છે અનાદિનો એ દુઃખ દાયક અનુભવ (છે) અને એ સંસારના પરિભ્રમણનું કારણ છે. સમજાણું કાંઈ? બીજો તો અનુભવ એ કરતો નથી કાંઈ દેહ, વાણી, હાડકા, લાકડા, લાડવાનો (અનુભવ કરી શકતો નથી). કાં રાગ ને દ્વેષનો કરે, કાં વીતરાગી અનુભવ કરે, બસ! બે સિવાય એ કાંઈ બીજું કરી શકતો નથી.

અહીં કહે છે કે, 'સમ્યગ્દૃષ્ટિ જીવ તે, નિત્ય ઉદયરૂપ સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થયું છે જે શુદ્ધ ચૈતન્યમાત્ર તેને ઘણા જ થોડા કાળમાં...' 'अचिरात्' અલ્પકાળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'સર્વથા આસ્વાદે છે.' જરૂર આસ્વાદે છે. જરૂર પૂર્ણપદને પામશે. કોણ? એ પછી કહેશે. સમ્યગ્દષ્ટિ જીવ. 'अवश्यं विन्दति' સર્વથા (આસ્વાદે છે). જોયું? અલ્પ કાળમાં તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાની, નિર્વાણપદની પ્રાપ્તિ થવાની અને તે 'अवश्यं विन्दति' 'विन्दति' ની વ્યાખ્યા પાછી. આત્માની પૂર્ણ આનંદ દશારૂપી મુક્તિ. પૂર્ણાનંદની દશા પૂર્ણઇદમ્ આત્મા છે એની દશામાં પૂર્ણ અતીન્દ્રિય આનંદનું પ્રગટ થઈ જવું એનું નામ મુક્તિ, મુક્તિ કોઈ બીજી ચીજ નથી. આનંદમૂર્તિ ભગવાન એની પર્યાય–અવસ્થામાં પૂર્ણાનંદ પૂર્ણ કેવળજ્ઞાન ને આનંદની દશા (પ્રગટે) એને 'विन्दति' કહે છે. જોયું? સર્વ 'विन्दति' એટલે 'સર્વથા આસ્વાદે છે.' પૂર્ણ આનંદ ને અનુભવ અલ્પકાળમાં છે. કોણ? સમ્યગ્દષ્ટિ. શું કરીને? ઇ હવે કહેશે. સમજાણું કાંઈ?

'ભાવાર્થ આમ છે કે નિર્વાણપદને પ્રાપ્ત થાય છે.' અલ્પકાળમાં મોક્ષને પામશે. કોણ? સમ્યગ્દષ્ટિ. 'કેવો છે?' એમ કહે છે હવે. 'अवश्यं विन्दति' ની વ્યાખ્યા તો જુઓ! 'अवश्यं विन्दति' જરૂર જાણશે એમ જોઈએ નહિતર. છે. જરૂર જાણશે. 'अचिरात्' તો ઠીક હવે. 'अवश्यं' એટલે સર્વથા 'विन्दति' એટલે આસ્વાદશે. ભાષા જુઓ! ભાષા તો એનો અર્થ (કરે છે). 'अवश्यं' 'अवश्यं' એટલે સર્વથા. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ! એની મુક્ત દશા સમ્યગ્દષ્ટિને થશે. કેવી? કે, સર્વથા પૂર્ણ આનંદનો અનુભવ, એમ. સર્વથા (કહ્યું). થોડો આનંદ ને થોડું દુઃખ એમ નહિ હોય? અનેકાંત નહિ હોય? અનેકાંત. મુક્ત પરમાત્મ દશા આત્માની થાય ત્યારે થોડો આનંદ અતીન્દ્રિય આત્માનો ને થોડું દુઃખ, એમ (ન હોય). એકલો ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ જ્યાં પરિણમીને દશા પૂર્ણાનંદની પ્રગટ કરી એને તો સર્વથા એકલો આનંદ છે. એકલો પૂર્ણ આનંદનો અનુભવ એનું નામ સિદ્ધપદ, મુક્તપદ કહેવામાં આવે છે. આહાહા..! એને મુક્તિ કહે છે. મુક્તિ કોઈ બહારની ચીજ નથી. સમજાણું કાંઈ? 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' ભાષા એમ લીધી છે. એનો અર્થ કે, સર્વથા આનંદનો અનુભવ એ શુદ્ધતા, એ નિજ શુદ્ધતા.

'કેવો છે?' 'यः तत्र एव स्थितिम् एति' 'જે સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં એકાગ્ર થઈને સ્થિરતા કરે છે,...' કોણ? કે, જે સમ્યગ્દષ્ટિ એને પૂર્ણ જરૂર સર્વથા આનંદનો પૂર્ણ મુક્ત દશા થશે. કોને? કે જે સમ્યગ્દષ્ટિ, શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘાતુ, શુદ્ધ ચૈતન્ય પ્રભુ! એમાં–એ વસ્તુમાં 'एव' એવ એટલે નિશ્ચય એને ઠેકાણે 'એકાગ્ર થઈને...' ભાષા જુઓ! 'तत्र' એટલે આ વસ્તુમાં. શુદ્ધ ચૈતન્ય પદાર્થ મહાન આનંદકંદ પ્રભુ! 'एव' 'એકાગ્ર થઈને...' નિશ્ચયથી એટલે 'એકાગ્ર થઈને સ્થિરતા કરે છે,...' ભગવાન શુદ્ધ સ્વરૂપમાં અંતર સ્થિરતા કરે છે, એ અલ્પકાળમાં પૂર્ણાનંદને સર્વથા આનંદને આસ્વાદશે. પૂર્ણ આનંદનો અનુભવ એની પર્યાયમાં પ્રગટ થશે. સમજાણું કાંઈ? આમાં એની સ્થિરતા કરશે, એમ કહે છે, જુઓ! રાગાદિ, વિકલ્પ આદિ નહિ. ભગવાનઆત્મા શુદ્ધ પ્રભુ! એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરમાં દૃષ્ટિ કરી ને એમાં સ્થિરતા... સ્થિરતા... સ્થિરતા... શુદ્ધ ચૈતન્ય પદાર્થમાં સ્થિરતા પામશે, સ્થિરતા કરશે, 'एति' સ્થિરતા કરે છે, એમ પાછું. એ સ્થિરતા પોતે કરે છે. વળી કર્મ-ફર્મ માર્ગ આપે ને સ્થિરતા (કરે), એમ નહિ. સમજાણું કાંઈ?

'वस्तु तत्र एव स्थितिम् एति' ભગવાનઆત્મા 'तत्थेव' 'तत्थेव' એમ શબ્દ છે ને મૂળમાં? એમાંથી આ કાઢ્યું. શુદ્ધ ચૈતન્ય પ્રભુ! મહા પદાર્થ ભગવાન, એમાં નિશ્ચયથી એટલે કે એકાગ્ર થઈને. એ નિશ્ચય કહેવાય. 'एव' એટલે એકાગ્ર. એનું નામ નિશ્ચય. પેલો વિકલ્પ છે એ નિશ્ચય નહિ. એટલે એ એકાગ્ર(તા) અંદરની નહિ. સમજાણું કાંઈ? શબ્દાર્થ પણ કર્યા છે ને જોવે એવા ત્યાં, હોં! ગજબ વાત ભારે. 'કળશ-ટીકા' તો કોઈ અલૌકિક ટીકા બહાર આવી. એ ભગવાન એવો છે ઇ. આહાહા..! અનંત અનંત આનંદ જેના પેટમાં- ધ્રુવપણામાં પડ્યા છે. જેના સત્ત્વમાં સત્ત્વ... સત્ત્વ... સત્ત્વ... સત્ત્વ... સત્ત્વ... બેહદ શાંતિ, બેહદ આનંદ, બેહદ જ્ઞાન, બેહદ દર્શન, બેહદ સ્થિરતા એવું એનું સ્વરૂપ છે. એમાં રમશે, એમ કહે છે. એ પર્યાય છે, પેલું તો સ્વરૂપ છે. એવી શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ 'एव' એમાં એકાગ્ર થશે, એમાં એકાગ્ર થશે એટલે સ્થિરતા કરશે. 'च तं अनिशं ध्यायेत्' એક બોલ થયો.

બીજો બોલ. 'તથા 'तं' શુદ્ધ ચિદ્રૂપને નિરંતર અનુભવે છે,...' એ બીજો બોલ. વાત તો એની ને એની છે. હવે નિરંતર અનુભવે છે. એ શબ્દ છે ને? બધા ૪૧૨માં છેને. ભગવાન શુદ્ધ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ આત્મા સ્તંભ, ધ્રુવ સ્થંભ, નિત્યાનંદ ધ્રુવ સ્થંભ સત્ એવો ભગવાન એમાં શુદ્ધ ચિદ્રૂપ એટલે વસ્તુ, નિરંતર અનુભવે છે એ પર્યાય. 'अनिशं, अनिशं' નિરંતર અનુભવે છે, ધ્યાય છે, ધ્યાય છે, ધ્યાન કરે છે. એ શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરે છે એવી પર્યાય. સમજાણું કાંઈ?

'च तं चेतति' 'વારંવાર તે શુદ્ધસ્વરૂપનું સ્મરણ કરે છે...' ચેતે છે, સ્મરણ કરે છે. એટલે એને ને એને યાદ કરીને ઠરે છે. આ આનંદ... આ આનંદ... આ આનંદ... આ અતીન્દ્રિય આનંદ એમ કરીને એમાં ઠરે છે એનું નામ સ્મરણ, હોં! સ્મરણ એટલે એમાં યાદ કરીને ઠરવું. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! 'વ્યવહારે લક્ષ જે લહે તેના ભેદ અનેક રહે, પરમાર્થ પંથ જે કહે તે રંજે એક તંત રે...' ઓ..હો..! 'પ્રભુ સર્વ વાતે પૂરો' આવ્યું નથી? ભજનમાં આવતું હતું ક્યાંક. 'કઈ વાતે અધુરો..' શબ્દ આવતા હતા. પ્રભુ તુમ સર્વ વાતે પૂરો. સમજાણું કાંઈ? એ આત્મા સર્વ વાતે પૂરો છે, પ્રભુ! પણ એની એને ખબર ન મળે. આ રજકણ ધૂળ માટી છે. કર્મ ધૂળ છે અંદર એક પ્રારબ્ધ છે ઇ. પુણ્ય-પાપના વિકલ્પો એ તો અનાત્મસ્વરૂપ છે, એ કાંઈ આત્મા નથી. એના સ્વરૂપમાં શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એમાં 'अनिशं ध्यायेत्' અને એને યાદ કરીને આવો આત્મા આનંદનો અનુભવ કર્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, અનુભવ કર્યો એમ યાદ કરીને અનુભવે છે. એને સ્મરણમાં લે છે. લ્યો! આ સ્મરણ. એ..ઇ..! चेतति લ્યો! આ સ્મરણ. શું (કહ્યું)?

'વારંવાર તે શુદ્ધસ્વરૂપનું સ્મરણ કરે છે...' એટલે કે આ આત્મા આનંદ છે એવો નિશ્ચય અવગ્રહ, ઇહા, અવાય, ધારણા કરી નિશ્ચય કર્યો છે ને? અનુભવ્યો છે ને? આ આત્મા અવગ્રહ–પકડી, અવાય કરી, નિર્ણય કરી ધાર્યો છે કે, આ આત્મા આનંદમય છે. આનંદમય. આનંદના અંશ દ્વારા આનંદમય છે એમ જે ધાર્યું છે એને ને એને વારેવારે યાદ કરીને ઠરે છે. આહાહા..! સમજાણું? પેલામાં આવે છે ને? ચિઠ્ઠીમાં નહિ? આગમથી, અનુમાનથી, સ્મૃતિથી એમાં ઠરે છે. એમ આવે છે ને? ચિઠ્ઠીમાં. સ્મૃતિ કરીને, ... સમજાણું? વસ્તુ જે જ્ઞાનમાં, ભાનમાં આવી હતી (કે) આ વસ્તુ, આ વસ્તુ એની વારંવાર સ્મૃતિ કરે છે, ઠરે છે. ત્યાં પરોક્ષપણું બતાવે છે ને? ત્યાં ચિઠ્ઠીમાં. સમજાણું કાંઈ? વારંવાર ભગવાનઆત્મામાં એનું સ્મરણ કરે. જુઓ! આ સ્મૃતિ.

એ આત્માના શિખર ઉપર જલદી થાય. સવારમાં આવ્યું હતું, નહિ? ગુણ સ્મરણ. એ તો પર ગુણ સ્મરણનું આવ્યું હતું. એ તો તીર્થના પુરુષ જે મોક્ષ પધાર્યા ત્યાં આવી પરમાત્મ દશા અહીંયાં પામ્યા, એના ગુણનું સ્મરણ એ તો વિકલ્પ છે. પરલક્ષી (વિકલ્પ છે). આ સ્મરણ તો નિર્વિકલ્પ છે.

મુમુક્ષુ :– ...'तव गुण लब्धये'...

ઉત્તર :– એ બધી વાતો... 'तव गुण लब्धये'. એ તો વાત કરે કે, અમારે તો આ પ્રાપ્તિ (કરવાની ભાવના છે). પણ એના વિકલ્પથી એ પ્રાપ્તિ થાય છે? આહાહા..!

આ ભગવાનના ગુણો જે અનંત શાંત, આનંદ આદિ જે સમ્યગ્જ્ઞાનમાં જણાણા છે, અનંત ગુણના અંશો જે પર્યાયમાં પરિણમ્યા છે એનાથી આ આત્મા આમ સ્મૃતિ કરીને એમાં ઠરે છે એ મોક્ષનો માર્ગ છે. એ સ્મૃતિ અંદરની એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાણું? એ જાતિની સ્મૃતિ કરતા આ સ્મૃતિ મોક્ષનો માર્ગ છે, એમ કહે છે. આહાહા..!

અરે..! એણે પોતાના માહાત્મ્યને (કર્યા નહિ). ભાવમાં એણે માહાત્મ્ય કોઈ દિ' કર્યા નહિ. અનુભવની વાત એક કોર રહી પણ આ શું ચીજ છે? વીર્યના ઉલ્લાસ દ્વારા આ ભગવાન પરમાત્મા જેને પડખે ચડ્યે આનંદ આવે અને જેના પડખેથી–રાગ ને દ્વેષથી ખસે ત્યાં આનંદ આવે. પેલામાં કાંઈક નથી કહેતા? જેની વાત કહેતા પણ આનંદ આવે. આવે છે, 'અનુભવ પ્રકાશમાં' આવે છે. જેની વાત કરતા આનંદ આવે એવો ભગવાનઆત્મા. જેમ સાકરનું નામ સાંભળતા જેમ આવે છે ને મગજમાં? પાણી છૂટે કે નહિ? આ આત્મા. કહે છે કે, એ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, જે અનુભવમાં લીધો એનું સ્મરણ કરતા જ આનંદ આવે. આહાહા..! ભારે વાતું. સમજાણું?

'तस्मिन् एव निरन्तरं विहरति' એવો જે ભગવાનઆત્મા એ વિહાર કરે, વિહાર. વિહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે વિચરવું. શેમાં વિચરવું? ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ છે. 'तस्मिन्' 'શુદ્ધ ચિદ્રૂપમાં...' 'एव' 'એકાગ્ર થઈને...' લ્યો! અહીંયાં એમ આવ્યું પાછું. જોયું? (પહેલા) 'एव' ને એકાગ્ર કર્યું, અહીં 'एव'ને એકાગ્ર કર્યું. નિશ્ચય છે ને? શુદ્ધ ચિદ્રૂપમાં નિશ્ચયથી. નિશ્ચય એટલે જ એમાં એકાગ્ર એનું નામ નિશ્ચય છે, એમ. આહા..! એનો અર્થ જ ઇ છે. 'एव' નો અર્થ નિશ્ચય. નિશ્ચય એટલે કે શુદ્ધ સ્વરૂપમાં એકાગ્રતા. સમજાણું કાંઈ? રાગમાં એકાગ્રતા એ પર વ્યવહાર છે. અંદરમાં એકાગ્રતા તે નિશ્ચય છે, એમ કહેવું છે. આહા..!

'શુદ્ધ ચિદ્રૂપમાં એકાગ્ર થઈને...' 'निरन्तरं विहरति' 'અખંડ ધારાપ્રવાહરૂપ પ્રવર્તે છે.' નિરંતર. નિરંતરની વ્યાખ્યા-અખંડ. અને 'विहरति' નામ ધારાપ્રવાહરૂપ અખંડ ધારા આખો અને 'विहरति' એટલે પ્રવર્તે. વસ્તુ અખંડ પ્રભુ આત્મા વસ્તુ છે. જુઓને! અહીં આવ્યું હતું ને? જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય. ખૂણામાં છે ને ખૂણામાં છેલ્લું વાક્ય.

આ 'અખંડ ધારાપ્રવાહરૂપ પ્રવર્તે છે.' આ પર્યાયની વાત છે. પેલી દ્રવ્યની વાત છે. ભગવાનઆત્મા એક સમયનો પહેલો જ્ઞાનમાં, આનંદમાં, ભાનમાં લીધો હતો એને અખંડ ધારાપ્રવાહ... દેખો! જેની ધારા વસ્તુ તરફની એકાગ્રતાની અખંડ ધારા જેમાં ખંડ ન પડે, જેમાં વિકલ્પમાં આવે નહિ. આહા..! શુદ્ધ ચૈતન્ય પ્રભુ પૂર્ણ જ્ઞાન ને આનંદ. એની પરિણતિ અખંડ ધારા, એકરૂપ ધારા, ખંડ વિનાની ધારા. પ્રવાહ ધારા ચાલે અંદરમાં એમાં પ્રવર્તવું, આ એનું નામ આત્મામાં વિચરવું કહેવામાં આવે છે. લ્યો! આ બધા વિચરે છે ને દેશ-પરદેશ જાય છે ને અહીં રખડે છે ને અહીં રખડે છે. પુણ્ય-પાપના ભાવમાં રખડે એ વિભાવમાં રખડે છે, એમ કહે છે. એ પુણ્ય-પાપના ભાવમાં એ પરદેશમાં વિભાવમાં-પરદેશમાં ગયો ઇ. ભગવાનઆત્માના શુદ્ધ સ્વભાવમાં આવે એને અખંડ ધારાના આત્મામાં એણે વિહાર કર્યો. પ્રવર્તે તો છે ને? વિહાર તો કરે છે ને અનાદિથી? પુણ્ય ને પાપ, શુભ ને અશુભ રાગ. આ શુભ કર્યો ને અશુભ કર્યો, શુભ કર્યો ને અશુભ કર્યો એમાં વિચરે છે. છોડ (એમાં) વિચરવું, હવે અહીં આત્માના ભગવાન સ્વભાવમાં વિચર, કહે છે. આહાહા..! સમજાણું?

અહીં તો વિચરે છે ને આસ્વાદ પામે છે કોણ? કે, આવા એમ. આવાને પૂર્ણ જરૂર મુક્તિની દશા થાય. સર્વથા આસ્વાદતા એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? 'શુદ્ધ ચિદ્રૂપમાં એકાગ્ર થઈને' 'निरन्तरं विहरति' 'અખંડ ધારાપ્રવાહરૂપ પ્રવર્તે છે.' ઓહોહો..! એક ધારારૂપ પ્રવર્તે છે. એટલે કે અંતરમાં દૃષ્ટિ મૂકીને જે સ્થિરતા એકરૂપ દ્રવ્યને આધારે, દ્રવ્યને અવલંબે, વસ્તુને અવલંબે એકરૂપ ધારા વહે છે એ આત્મા આત્મામાં પ્રવર્તે છે. સમજાણું કાંઈ? 'કેવો હોતો થકો?' 'द्रव्यान्तराणि अस्पृशन्' નકારથી આવ્યું. 'द्रव्यान्तराणि अस्पृशन्' 'જેટલી કર્મના ઉદયથી નાના પ્રકારની અશુદ્ધ પરિણતિ...' જુઓ! અશુદ્ધ પરિણતિ વિકલ્પ. એ શુભરાગ આદિ વ્યવહાર મોક્ષમાર્ગ જે કીધો એ અશુદ્ધ પરિણતિ છે. આહા..!

'द्रव्यान्तराणि, द्रव्यान्तराणि' સ્વદ્રવ્યથી અનેરી, સ્વવસ્તુથી અનેરી. 'द्रव्यान्तराणि' છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને? અનેરી કોણ? કે શુભ-અશુભ પર્યાય. એ શુભ રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ એ 'द्रव्यान्तराणि' એ દ્રવ્યથી અનેરી વિકારી પર્યાય છે. એ 'અશુદ્ધ પરિણતિ તેને સર્વથા છોડતો થકો.' 'द्रव्यान्तराणि अस्पृशन्' છે ને? સ્પર્શતો નથી, એને સ્પર્શતો નથી એટલે એને અડતો નથી. સમજાણું કાંઈ? આ બધું ભાઈ એવું એકાંત લાગે, હોં! એકાંત લાગે. ભાઈ! આ એકાંતનો અર્થ આ જ છે અને રાગથી વ્યવહારથી નથી એનું નામ એનેકાંત છે. વ્યવહારથી મોક્ષમાર્ગ થાય, નિશ્ચયથી તો કથનમાં આ કહેવાય છે વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! પોકાર, પોકાર... ભગવાન સામે પોકાર કર, ભાઈ! એ 'ભીખાભાઈ'! શું કરવું આમાં?

'કેવો હોતો થકો?' 'द्रव्यान्तराणि अस्पृशन्' ભાષા શું છે? એ આત્મા શુદ્ધ સ્વરૂપ ભગવાન, એની પરિણતિ–અવસ્થા તે સ્વદ્રવ્યની પરિણતિ છે અને અશુદ્ધ રાગાદિ વિકલ્પ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ ઉઠે છે એ આ દ્રવ્યથી અનેરી અશુદ્ધ પરિણતિ છે, અશુદ્ધ દશા છે. એને 'સર્વથા છોડતો થકો.' એને નહિ સ્પર્શતોનો અર્થ કર્યો. 'अस्पृशन्' 'द्रव्यान्तराणि'ની વ્યાખ્યા અશુદ્ધ પરિણતિ લઈ લીધી. અસ્પર્શનો અર્થ 'સર્વથા છોડતો થકો.' એટલે કે એને અડતો જ નથી. વિકલ્પ જે શુભ આવે એને અંદર અડતો નથી, છુતો નથી. ભગવાન શુદ્ધ આત્માને સ્પર્શતો–પરિણતિ કરતો મોક્ષપણાને પામે છે. સમજમેં આતા હૈ? થોડી થોડી ગુજરાતી.. આહાહા..! આને પછી ખોટું ઠરાવે. 'રાજમલ્લજી'ની ટીકા. અરે..! ભાઈ! બાપુ! આહા..!

'કર્મના ઉદયથી નાના પ્રકારની અશુદ્ધ પરિણતિ...' શુભ વિકલ્પ છે ને રાગ, એ કર્મના નિમિત્તની ઉપાધિની પર્યાય છે, સ્વભાવની નિરૂપાધિ પર્યાય ક્યાં છે ઇ? સમજાય છે કાંઈ? વ્યવહાર રત્નત્રય જેને કહે છે એ ઉપાધિભાવ છે. એ આત્માના દ્રવ્યથી અનેરા કર્મ દ્રવ્યના કારણે ઉત્પન્ન થયેલો વિકલ્પ છે. રહેલો છે એની પર્યાયમાં પણ એ દ્રવ્યનો સ્વભાવ નથી, એ તો ઉપાધિભાવ છે. એ ઉપાધિભાવને ધર્મી જીવ મોક્ષ પામવાને લાયક નામ પંથમાં પ્રવર્તતો પોતાના દ્રવ્ય શુદ્ધ સ્વભાવને સ્પર્શતો, એને નહિ (સ્પર્શતો), સર્વથા છોડતો. છોડતો એટલે આ બાજુ છે એટલે ત્યાં સ્પર્શતો નથી. તેના વેદનમાં આવતું નથી એટલે સર્વથા છોડતો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'છોડતો થકો.' એટલે આ છોડું એમ નથી. એ તો કથનની શૈલી શું કહે? 'अस्पृशन्' એટલે સ્વરૂપના શુદ્ધ સ્વરૂપને સ્પર્શતો, અનુભવતો રાગ ને સ્પર્શતો નથી એનું નામ સર્વથા છોડે છે એમ કહેવામાં આવે છે. લખ્યા અર્થના પાછા આવા અર્થ કરવા પડશે. પાઠ તો 'સર્વથા છોડતો...' આ છોડે છે, એમ હશે? પણ વસ્તુ ચિદાનંદ ભગવાન, એની અંદરમાં આનંદમાં એકાગ્ર થયો છે એટલે જે કાંઈ વિકલ્પ છે તેને ઉત્પન્ન થતાં નથી એટલે એને સ્પર્શતો નથી એને છોડી દે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'સર્વથા છોડતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થકો.' કથંચિત્ છોડતા ને કથંચિત્ એમ નહિ હોય? સર્વથા તો જિનમાર્ગમાં નથી કોઈ એમ કહે છે. અનેકાંત છે. એ..ઇ..!

મુમુક્ષુ :- અનેકાંત કેવી રીતે થયું?

ઉત્તર :- એમાં જ આવ્યું સર્વથા. સ્વદ્રવ્યને સર્વથા સ્પર્શે છે અને વિકલ્પને સર્વથા સ્પર્શતો નથી. આહાહા..! 'છોડતો થકો.' 'સર્વથા' બે વાર આવ્યું ને? પહેલું 'સર્વથા આસ્વાદે છે.' એમ ન્યાં આવ્યું હતું ને? 'આસ્વાદતો' ન્યાં આવ્યું હતું. ત્યાં સર્વથા આવ્યું હતું. અહીં સર્વથા 'છોડતો થકો.' (આવ્યું). પૂર્ણાનંદની પર્યાય કેવળજ્ઞાન પરમાનંદ પ્રાપ્ત કરવી છે એટલે પૂર્ણાનંદને સ્પર્શતો-સર્વથા સ્પર્શતો આસ્વાદતો આસ્વાદે. કોણ? કે, આવો જીવ. એ પહેલો અહીંયાં સર્વથા છોડતો અને સર્વથા આત્માની શાંતિને વેદતો, એમ.

'તે ચિદ્રૂપ કોણ છે?' પેલા ત્રણ નાખવા છે ને પાછા? ઇ. 'यः एषः दग्ज्ञप्तिवृत्तात्मकः' આહાહા..! આ તો અમૃતની કથા છે. આત્મા કહો, અમૃત કહો, મોક્ષને અમૃત કહેવામાં આવે છે. મોક્ષ એ અમૃત છે, વસ્તુ પણ અમૃત છે અને એનો મોક્ષનો માર્ગ પણ અમૃત છે. સમજાણું કાંઈ?

કહે છે, અહો! 'यः एषः दग्ज्ञप्तिवृत्तात्मकः' 'જે આ જ્ઞાનને પ્રત્યક્ષ છે, જે આ જ્ઞાનને પ્રત્યક્ષ છે, દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે સર્વસ્વ જેનું,...' એ જ્ઞાનનું પ્રત્યક્ષ. 'एषः' કીધું ને? આ. એ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એનું જ્ઞાનનું એ પ્રત્યક્ષપણું પર્યાયમાં થઈ ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? 'જે જ્ઞાનને પ્રત્યક્ષ છે,...' જ્ઞાનને પ્રત્યક્ષ જ, પર્યાય પ્રત્યક્ષ સ્વઆશ્રય થઈ ગઈ છે. કોણ? કે 'દર્શન, જ્ઞાન, ચારિત્ર તે જ છે સર્વસ્વ જેનું,...' જે જ્ઞાનનું જ પ્રત્યક્ષપણું. એકલો ભગવાન ચૈતન્ય પ્રકાશ, એનો પ્રત્યક્ષ પર્યાય થયો. શું (પર્યાય થયો)? દગ્, જ્ઞાન ને ચારિત્ર. 'દર્શન, જ્ઞાન, ચારિત્ર તે જ છે સર્વસ્વ જેનું,...' એ બધું છે, એ પર્યાય તે સર્વસ્વ છે. કઈ પર્યાય? આ નિર્મળ શુદ્ધ જ્ઞાન પ્રત્યક્ષ થયેલી. જ્ઞાનમાં પ્રત્યક્ષ, વેદનમાં પ્રત્યક્ષ છે ને? એવું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર. 'તે જ છે.' 'आत्मकः' 'आत्मकः' એટલે 'સર્વસ્વ...' એટલે આત્મક એટલે સ્વરૂપરૂપ. જેનું સર્વસ્વ એ છે.

એવો 'ચિદ્રૂપ કોણ છે?' એમ. 'ચિદ્રૂપ કોણ છે?' કે, જેનું જ્ઞાન પ્રત્યક્ષ (છે) અને દર્શન-જ્ઞાન-ચારિત્ર જેનું સર્વસ્વ (છે). એવી જેની પર્યાય પ્રગટી છે એ પર્યાય મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? 'વળી કેવો છે?' 'मोक्षपथः' આહા...! 'જેને શુદ્ધસ્વરૂપ પરિણમતાં સકળ કર્મોનો ક્ષય થાય છે.' વાત તો 'मोक्षपथः' કીધું છે ને? મોક્ષનો પથ, મોક્ષનો પથ, પંથ, પંથ-કારણ. કે, 'જેને શુદ્ધસ્વરૂપ પરિણમતાં...' ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ! એ શુદ્ધપણે પરિણમતાં 'સકળ કર્મોનો ક્ષય થાય છે.' આ તો પણ સકળ કર્મના ક્ષયની વાત કરી. સર્વથા એની પણ? હેઠલાની? આ હેઠલાની જ વાત છે બધેથી. સમજાણું કાંઈ? આહાહા..!

'જેને શુદ્ધ સ્વરૂપ પરિણમતા..' ભાષા જુઓ! 'यः एषः दग्ज्ञप्तिवृत्त स्वरूप' ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રત્યક્ષ જ્ઞાનમૂર્તિ એની પર્યાયમાં દગ, જ્ઞાન (પ્રગટ થયા છે). પ્રત્યક્ષ એટલે એ જ થઈ ગયું. શુદ્ધપણાનું દગ, જ્ઞાન ને આત્મા શાંતિરૂપે પરિણમ્યો. એ શુદ્ધ સ્વરૂપનું પરિણમન થતાં 'સકળ કર્મોનો ક્ષય થાય છે.' ભગવાનઆત્માને એ શુદ્ધ ભગવાનઆત્માનું શુદ્ધ પરિણમન થવાથી (સકળ કર્મોનો ક્ષય થાય છે). એ તો એની ને એની ભાષામાં બધા પ્રકાર ભિન્ન ભિન્ન વર્ણવ્યા છે, હોં! એ મોક્ષમાર્ગ કહો, શુદ્ધ પરિણમન કહો, ત્યાં વિહર કહો, તેનું ધ્યાન કહો, તેનો અનુભવ કહો, તેનું સ્મરણ કહો. સમજાણું કાંઈ?

'વળી કેવો છે?' 'एकः' સમજાણું? 'સમસ્ત વિકલ્પથી રહિત છે.' એ મોક્ષપથ જ સકળ વિકલ્પથી રહિત છે. સકળ કર્મ-કર્મ, વિકલ્પ-વિકલ્પ. સકળ વિકલ્પની વૃત્તિઓથી રહિત ભગવાનનો -આત્માનો મોક્ષપંથ છે. ભિન્ન ભિન્નથી નિર્વિકલ્પ પર્યાય લીધી, વિકલ્પથી રહિત છે. 'एकः' 'एकः'ની વ્યાખ્યા કરી. 'एकः' એટલે નિર્વિકલ્પ દશા, એમ. વિકલ્પ તો અનેક પ્રકારના હોય છે ને? સમસ્ત વિકલ્પ નામ રાગથી રહિત છે. વિકલ્પ નામ શુભ વિકલ્પ, ગુણ-ગુણીનો ભેદ એવો પણ વિકલ્પ જ્યાં નથી એવી જે આત્માની અંતર અનુભવ દશા. કહો, સમજાણું? એ મોક્ષમાર્ગ છે. 'વળી કેવો છે?' ઇ તો વળી આત્માનું વર્ણન કર્યું. સમજાણું?

'नियतः' નિયત છે નિયત. એ 'દ્રવ્યાર્થિકદૃષ્ટિથી જોતાં જેવો છે તેવો જ છે,...' ભગવાન વસ્તુ તો જેવી છે તેવી છે. દ્રવ્યાર્થિક-દ્રવ્ય ને પ્રયોજન વસ્તુનું જેમાં છે એવો દેખીએ તો એ ભગવાન સર્વથા વિકલ્પ રહિત જેવો છે તેવો છે. કહો, સમજાણું આમાં? નિયત... નિયત... નિયત... આ નિયત, ક્રમબદ્ધમાં વાંધા ઉઠ્યા ને? અહીં તો કહે છે, નિયત જ જેવું છે એવું છે, એમ. એ ન્યાંય નિયત જેવી છે એવી અવસ્થા થાય છે. અહીં નિયત વસ્તુ છે એવી છે. સમજાણું કાંઈ?

'मोक्षपथः' 'જેને શુદ્ધસ્વરૂપ પરિણમતાં સકળ કર્મોનો ક્ષય થાય છે.' એવા શુદ્ધ દ્રવ્યનું આત્મનમ્. એ ભગવાનઆત્મા પંથ એવો ને વસ્તુ પણ એવી. દ્રવ્યાર્થિકદૃષ્ટિથી જોતાં જેવો છે તેવો ભગવાન એવો ને એવો છે આમ. ટંકોત્કીર્ણ ચિદ્ઘન આત્મા, એના આશ્રયનું પરિણમન એ જ મોક્ષનું કારણ છે. 'તેનાથી હીનરૂપ નથી, અધિક નથી.' વસ્તુ તો વસ્તુરૂપ છે. એમાં હીણાપણું, અધિકપણું છે નહિ. એવા ચિદ્રૂપનું અંતર શુદ્ધનું પરિણમન, અંતરની રમણતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની (થવી) એ જ મોક્ષનું કારણ (છે), બીજો કોઈ છે નહિ.

કહો, હવે આટલી તો મોક્ષની વ્યાખ્યા (કરી). હવે આમાં વ્યવહાર મોક્ષ ક્યાં આવ્યો આમાં? એ... 'ધર્મચંદજી'! શ્લોકમાં તો કેટલો ખુલાસો (કર્યો છે)! 'एको मोक्षपथो' એમ લીધું છે કે નહિ? 'एको मोक्षपथो' ક્યાં આવ્યું? 'एकः'ની વ્યાખ્યા 'एकः' એ જુઓ! 'एकः' 'સમસ્ત વિકલ્પ રહિત...' આવ્યું. ન્યાં છેલ્લું આવ્યું. એકની વ્યાખ્યા કરી. નહિતર તો 'एको मोक्षपथो' છે. એક મોક્ષપંથ છે, એક મોક્ષપંથ, હોં! સમજાણું કાંઈ? છેલ્લો શબ્દ છે ને? 'एकः' ન્યાં એની આવી વ્યાખ્યા. નહિતર તો ઓલામાં પહેલાં લખે 'एको मोक्षपथो य

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एष नियतो दग्ज्ञप्तिवृत्त्यात्मक-' લ્યો! સમજાણું કાંઈ? એક મોક્ષનો પંથ એટલે ભેદ વિનાનો, સમસ્ત વિકલ્પ રહિત આત્માની દશા તે એક જ મોક્ષનો પંથ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! હજી માર્ગ કેવો ઇ ક્યાં (ખબર છે). 'ભગવાનભાઈ'! સાંભળ્યો નહોતો ત્યાં 'ભાવનગર'માં.

મુમુક્ષુ :– માર્ગ સાંભળ્યો નહોતો પણ હાલતા'તા.

ઉત્તર :– ઊંધે, ઊંધે માર્ગે ચાલતા હતા ને માનતા હતા કે, મોક્ષમાર્ગે છીએ, ધર્મમાં છીએ એમ. જાવ તાવકાયાણં .... લ્યો! પથરણું ખંખેરીને ચાલો સામાયિક, પોષા થઈ ગયા. અરે..! સામાયિક, પોષા કોને કહેવા? ભગવાનઆત્મા પૂર્ણ આનંદનું ધામ (છે) આ એને અંતરમાં શુદ્ધ પરિણમનમાં અંતર નિર્વિકલ્પ થવું, જેમાં ભેદ જ નથી એમ કહે છે એક એટલે. એવો અભેદ મોક્ષનો માર્ગ એક જ છે, બીજો કોઈ માર્ગ છે નહિ. આહાહા..! એક વ્યવહાર મોક્ષમાર્ગ ને એક નિશ્ચય મોક્ષમાર્ગ. અહીં કહે કે, એક જ નિશ્ચય મોક્ષમાર્ગ, બીજો કોઈ છે જ નહિ. વળી, બીજો એક વ્યવહાર મોક્ષમાર્ગ. બીજે કાળે બીજો એક, પછીને કાળે બીજો એક. તેથી તો બે એમ લીધું. એક મોક્ષમાર્ગ એક, એક વ્યવહાર માર્ગ. એમ બે. એ તો સાથે સાથે નિમિત્તનું કથન કર્યું છે. એક અહીં ને એક અહીં એમ નહિ. એટલું તો સ્પષ્ટ કહ્યું છે.

અહીં ઇ કીધું છે 'एक:' છેલ્લો શબ્દ લીધો. પહેલો હતો ને અહીંયાં? 'एको मोक्षपथो' એક (અર્થાત્) સમસ્ત વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ. દ્રવ્યાર્થિક દ્રવ્ય એટલે વસ્તુ એની દૃષ્ટિને જુઓ (તો) જેવો છે તેવો વસ્તુ અને એની પરિણતિ એવી ને એવી થઈ ગઈ. એમાંથી નિર્વિકલ્પમાં હીનાધિકતા નથી ને વસ્તુમાં પણ કાંઈ હીનાધિકતા નથી. એવી વસ્તુના સ્વભાવના અવલંબનનું શુદ્ધ પરિણમન–વીતરાગી દશા, નિશ્ચય મોક્ષમાર્ગ એ એક જ મોક્ષમાર્ગ છે. એનાથી પૂર્ણાનંદનો–મોક્ષનો અનુભવ થાય છે, બીજો કોઈ (માર્ગ) છે નહિ. ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ )

---

## માગશર સુદ ૭, મંગળવાર તા. ૩૦-૧૧-૧૯૬૫.
## કળશ–૨૪૦, ૨૪૧ પ્રવચન–૨૫૫

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' આમ ૪૮મો કળશ છે ને? પૂરો થયો. એનો એક શબ્દનો વિસ્તાર રહી ગયો છે. ત્યાં 'अचिरात्' શબ્દ છે ને? જુઓ! ચોથી લીટી છે. ૪૮ કળશ છે ને? આમ સળંગ ૨૪૦. 'अचिरात्' શબ્દ છે ને? 'ઘણા જ થોડા કાળમાં સર્વથા આસ્વાદે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે.’ શું છે એનો અર્થ? જુઓ! જરી એ વખતે વિસ્તાર ખ્યાલમાં નહોતો આવ્યો. પહેલા વાત થઈ ગઈ હતી. જુઓ! થોડુંક પહેલેથી એનો થોડોક સાર (લઈએ).

‘सः नित्योदयं समयस्य सारम् अचिरात् अवश्यं विन्दति’ એ ને એ કળશ. ‘એવો છે જે સમ્યગ્દષ્ટિ જીવ તે,...’ એટલે કે સમ્યગ્દષ્ટિ જીવ એવો છે કે. સમ્યગ્દષ્ટિ એટલે શું? કે જે આ આત્મા શુદ્ધ અખંડ આનંદ જ્ઞાયકમૂર્તિ વસ્તુ છે એનું અંતરમાં જ્ઞાન, ભાન કરીને અંદર પ્રતીત કરવી. વસ્તુ આત્મા વીતરાગ ચિદાનંદ અખંડ જ્ઞાયક સ્વરૂપ આત્મા છે. સમજાણું?

આ આત્મા... દેહ, વાણી એ કાંઈ આત્મા નથી, આ તો જડ માટી છે. કર્મ અંદર છે એ પણ જડ છે. પુણ્ય-પાપના ભાવ થાય દયા, દાન, કામ, ક્રોધના એ બધા વિકાર આસ્રવ તત્ત્વ છે. એક સમયની અવસ્થા છે તે વર્તમાન પર્યાય વ્યવહાર છે. વસ્તુ છે તે, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વસ્તુ જે છે–પદાર્થ, એ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ગુણરૂપ એક વસ્તુ, વસ્તુ પદાર્થ આખો છે વસ્તુ, એનો અંતરમાં અનુભવ સમ્યગ્દર્શન એટલે જ્ઞાનનો અનુભવ કરી આ આત્મા આવો છે એમ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન કરી એમાં પ્રતીત થવી કે આ આત્મા આવો છે, એવા સમ્યગ્દષ્ટિ જીવને એવો જે અનુભવ થાય એ અનુભવીને મોક્ષ થાય છે. સમજાણું કાંઈ? કેવો?

‘નિત્ય ઉદયરૂપ સમયના સારને અર્થાત્ સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થયું છે એવો જે શુદ્ધ ચૈતન્યમાત્ર તેને ઘણા જ થોડા કાળમાં સર્વથા આસ્વાદે છે.’ શું કીધું? કે આ આત્મા વસ્તુ અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ પૂર્ણ અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા છે. અનંત અનંત અતીન્દ્રિય આનંદના રસથી તત્ત્વ સત્ત્વ ભરેલો આત્મા છે. અનંત બેહદ જ્ઞાનના સ્વભાવથી ભરેલું એ સત્ત્વ તત્ત્વ છે. એવા ભગવાનઆત્માને પુણ્ય-પાપના વિકલ્પથી હટી, એક સમયની વર્તમાન પર્યાયના લક્ષથી હટી અને વર્તમાન પર્યાય દ્વારા લક્ષથી હટી. સમજાણું કાંઈ? પણ વર્તમાન અંશ દ્વારા અંતર આખી ચીજ ઉપર અનુભવ કરવો અંદર નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ કરવા એને ભગવાન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હેં?

ભગવાનઆત્મા વસ્તુ, વસ્તુ આ પરમાનંદની મૂર્તિ! અહો..! એનું અંતરમાં વસ્તુનું જ્ઞાન. પરનું નહિ, પુણ્ય-પાપનું નહિ, એક સમયની પર્યાયનુંય નહિ, એક સમયની પ્રગટ અવસ્થા એનુંય નહિ. અખંડ પૂર્ણ દ્રવ્ય જે અનંત ગુણનું ધામ એનું અંતરમાં સન્મુખ થઈને નિર્વિકલ્પ નામ રાગરહિત શ્રદ્ધા અંતરમાં અનુભવમાં પ્રગટ કરવી એને સમ્યગ્દર્શન કહે છે. એને ભગવાન સમ્યગ્દર્શન–મોક્ષનો માર્ગ કહે છે.

એ મોક્ષમાર્ગ વડે શું થાય? કે, નિત્ય ઉદય જેનો રહે. પછી પરમાત્મ દશા થાય એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કોઈ દિ' પડે નહિ. 'સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થયું છે જે શુદ્ધ ચૈતન્યમાત્ર...' એવો શુદ્ધ ચૈતન્યમાત્ર પર્યાય નિર્મળાનંદ દશા 'ઘણા જ થોડા કાળમાં સર્વથા આસ્વાદે છે.' એ સમ્યગ્દર્શન, જ્ઞાન એ આ. અહીંયાં કોઈ કહે છે કે, ભાઈ નિશ્ચય મોક્ષમાર્ગ છે એ તો કોઈ આઠમે ગુણસ્થાને ને આઘે થાય. 'છોટાભાઈ'! હોં! એમ કહે છે. એમ નથી.

એથી અહીં નિશ્ચય મોક્ષમાર્ગ જે છે, સ્વભાવનું ભાન પૂર્ણાનંદ પ્રભુ! અંતરની પ્રતીત એનું જ્ઞાન ને રમણતા એવો સ્વઆશ્રય નિશ્ચય મોક્ષમાર્ગ જે પ્રગટ્યો એ જીવ અતિ થોડા કાળમાં સર્વથા પૂર્ણાનંદ દશાના મોક્ષને આસ્વાદે છે. હવે એ થોડા કાળની વ્યાખ્યા એવી કરી છે કે, કોઈ તે ભવે મોક્ષ જાય, કોઈ ત્રીજે ભવે આદિ ચોથે ભવે આદિ મોક્ષ જાય. જો એ નિશ્ચય મોક્ષમાર્ગને આઠમેથી લ્યો તો તો એ ને એ ભવે મોક્ષ જાય છે. ક્ષપકશ્રેણિ કરીને. ઉપશમ શ્રેણિની વાત કરે તો એ વાત ન બેસે. એ અંતર્મુહૂર્તની સ્થિતિની વાત નથી. સમજાણું કાંઈ?

વસ્તુ જે છે એ ચોથે ગુણસ્થાનથી, પાંચમે કે છઠ્ઠે, જે વસ્તુ ભગવાનઆત્મા છે... ઝીણી વાત છે. એણે અનંતકાળથી એને લક્ષમાં લીધું નથી. વાત શું છે સત્યાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાન એ એણે ખ્યાલમાં લીધું નથી. તત્ત્વાર્થ શ્રદ્ધાન વિના એને સમ્યગ્દર્શન થાય નહિ. અને એ સમ્યગ્દર્શન સાથે સમ્યગ્જ્ઞાન સાથે સ્વરૂપની સ્થિરતા એવું જે આત્મતત્ત્વ પૂર્ણાનંદ પ્રભુ! એની અંતર્મુખ નિર્વિકલ્પ વીતરાગી પર્યાય, વસ્તુની વીતરાગી પર્યાયરૂપ શ્રદ્ધા, અરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ પર્યાય વસ્તુનું જ્ઞાન અને વસ્તુ ભગવાનઆત્મામાં સ્થિરતારૂપ ચારિત્ર- એ નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ કરનારને પૂર્ણ મોક્ષ સર્વથા પૂર્ણાનંદનો અનુભવ કરે, પૂર્ણ આનંદને વેદે એ અલ્પકાળમાં વેદશે. એ અલ્પકાળ એટલે કોઈ તે ભવમાં કરશે, કોઈ ત્રીજે ભવે સ્વર્ગાદિમાં જઈને મનુષ્યાદિ (થઈને) અને કોઈ ચોથા ભવ આદિ(માં) પામશે. એનો અર્થ એ થયો કે, એને હજી એક, બે ભવ તો હોઈ શકે. એ આઠમાં ગુણસ્થાનની જો શ્રેણી હોય તો એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

ચોથે ગુણસ્થાનથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. ભલે ચારિત્રની પૂર્ણતા નથી એટલે ઉપચાર... પણ ત્યાંથી જ એની દશા શરૂ થાય છે. એ પાંચ ને છઠ્ઠે ચારિત્ર પૂરું થાય એટલે ત્યાં નિશ્ચય મોક્ષમાર્ગ થઈ ગયો અથવા સાતમે શુદ્ધોપયોગ લ્યો... સમજાય છે ને? શુદ્ધ દશા મોક્ષમાર્ગ તો છઠ્ઠે પણ ચારિત્ર સહિત છે પણ જરી વિકલ્પ પંચ મહાવ્રત આદિના હોય છે એટલે એને આસ્રવ ગણ્યો, પછી શુદ્ધોપયોગ ઠરે છે ત્યારે એને મોક્ષમાર્ગ ખરેખરો અભેદ એને ગણ્યો (છે). એ જીવને પણ કોઈ એક, બે ને ત્રણ આદિ ભવ હોઈ શકે છે. સમજાણું કાંઈ? એ શ્લોકની ટીકામાં છે એ વાત પહેલી થઈ હતી.

એટલે કોઈ એમ કહે, 'પરમ અધ્યાત્મ તરંગિણી'. આ 'अचिरात्'નો અર્થ છે. ઓહોહો..! શું કર્યું છે ને અત્યારે ફેરફાર! એ તો આત્માને મોક્ષ જ છે, કહે છે. આમ સમ્યગ્દર્શન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયું એટલે આત્મા તો મુક્તસ્વરૂપ જ છે. વસ્તુ આમ અનંત ગુણનો પિંડ મુક્તસ્વરૂપ જ છે. અબદ્ધસ્પૃષ્ટ-રાગ ને કર્મ વિનાનું તત્ત્વ જે છે ભગવાનઆત્મા પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ મુક્તસ્વરૂપ છે. એની દૃષ્ટિ થતાં, અબંધ સ્વભાવીની દૃષ્ટિ થતાં એ અબંધસ્વભાવી મુક્તસ્વરૂપ જ છે. પર્યાયમાં પણ મુક્ત જ ભાસ્યો. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં મુક્ત ભાસ્યો, એમ. પર્યાય વર્તમાન પર્યાયમાં ભલે અપૂર્ણ પર્યાય છે. એ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ-ચારિત્ર દ્વારા નિશ્ચય મોક્ષમાર્ગ જે અંદર સ્વઆશ્રય થયો, દ્રવ્ય એટલે વસ્તુનો સ્વ આશ્રય થયો એવો નિશ્ચય મોક્ષમાર્ગ (તેને પામીને) કોઈ આ ભલે કેવળ પામે એટલે કે સર્વથા આનંદને અનુભવે. સર્વથા પૂર્ણ આનંદનો અનુભવ એનું નામ મુક્તિ.

એકલા અશુદ્ધના દુઃખનું વેદન એનું નામ સંસાર. સમજાણું કાંઈ? ભગવાનઆત્મામાં અનંત... અનંત... આનંદ હોવા છતાં એનાથી વિરુદ્ધ ભ્રાન્તિ-ભ્રમણા (અર્થાત્) પુણ્ય-પાપ હું, અલ્પજ્ઞ હું, આ હું એવી મિથ્યાદૃષ્ટિ ને રાગ-દ્વેષના પરિણામ એકલી દુઃખરૂપ દશા એને સંસાર કહેવામાં આવે છે. અને મોક્ષનો માર્ગ એ આનંદ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા થઈ ત્યાં થોડો અતીન્દ્રિય આનંદ આવ્યો, થોડા હજી રાગાદિ બાકી છે. એટલે અતીન્દ્રિય આનંદના વેદન દ્વારા અલ્પકાળમાં એ પૂર્ણાનંદને પામશે. એને એક કે ત્રણ કે ચાર ભવ આદિ પામે એમ કહેતા નિશ્ચય મોક્ષમાર્ગી જીવ બે, ત્રણ ભવ પણ કરી શકે છે. સમજાણું કાંઈ?

એ અહીં 'अचिरात्'નો અર્થ છે. તરત ને તરત જ કેવળજ્ઞાન પામે તો એને નિશ્ચય મોક્ષમાર્ગ કહેવાય, નહિતર એને વ્યવહાર મોક્ષમાર્ગવાળો કહેવાય એમ નથી. વ્યવહાર મોક્ષમાર્ગ-એ વિકલ્પ એ મોક્ષમાર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..! 'एको मोक्षपथो' છે ને પહેલો (શબ્દ)? 'अचिरात् नित्योदयं विन्दति' એક મોક્ષપંથ ભગવાનઆત્મા અંતરમાં પૂર્ણાનંદ પ્રભુ! સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ આત્માનું છે. જેવા સિદ્ધ ભગવાન વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં પ્રગટ પરિણમનના અતિ આનંદમય છે એવો જ આ ભગવાન અતીન્દ્રિય આનંદમય એનું વસ્તુ સ્વરૂપ છે. એના આનંદના વેદનમાં સમ્યગ્દર્શન અતીન્દ્રિય આનંદના વેદનમાં, અતીન્દ્રિય જ્ઞાનના વેદનમાં પ્રતીત થઈ એને નિશ્ચય સમ્યગ્દર્શન, એનું જ્ઞાન એ નિશ્ચય જ્ઞાન, એ સ્વરૂપમાં લીનતા તે નિશ્ચય ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઇ તો આમાંય કાઢ્યું હતું ને? ચરમ શરીરી, સવારમાં. ઇ કાલ યાદ આવ્યું હતું. અચરમ શરીરી. 'પ્રવચનસાર'માં આવે છે ને ૧૯૯ ગાથા. ૧૯૯. કોઈ સામાન્ય કેવળી, કોઈ તીર્થંકર કે બીજા અચરમ શરીરી જીવો એટલે જેને હજી બે, ત્રણ ભવ કરવા હોય એ જીવ. એ પણ નિશ્ચય મોક્ષમાર્ગને સાધે છે. શુદ્ધાત્મતત્ત્વ પ્રવૃત્તિલક્ષણ મોક્ષમાર્ગ. ત્યાં એનું લક્ષણ એવું બાંધ્યું છે. શુદ્ધાત્મતત્ત્વ પ્રવૃત્તિલક્ષણ-વસ્તુ શુદ્ધ ચિદાનંદ પ્રભુ! એની અંતર શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ શુદ્ધાત્મતત્ત્વ પ્રવૃત્તિલક્ષણ મોક્ષમાર્ગ. એ મોક્ષમાર્ગી જીવ કોઈ એ ભવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષ પામે તીર્થંકર આદિ, કોઈ અચરમ શરીરી બે, ત્રણ ભવે પણ મોક્ષ પામે. નિશ્ચય મોક્ષમાર્ગી બે, ત્રણ ભવે પણ મોક્ષ જઈ શકે છે. એટલે નિશ્ચયપણું શ્રેણીની નીચલી દશામાં પણ હોઈ શકે, એમ સિદ્ધ કરવું છે. આહાહા..! શું કર્યું છે, કોણ જાણે કેમ? અરે..! પ્રભુ! કાંઈક આવ્યું હતું હોં! કાંઈક, એક કાંઈક આવ્યું હતું કે, આવો અવસર મળ્યો છે ને 'સમયસાર'માં કંઈક આવ્યું હતું. 'સમયસાર' પ્રાપ્તિનો અવસર મળ્યો છે. એવું છે ક્યાંક, હોં! 'અધ્યાત્મ તરંગિણી'માં ક્યાંક છે. સમજ્યા ને? 'સમયસાર' પ્રાપ્તિનો અવસર છે, એમ કહે છે. ક્યાંક છે ખરું. સમજાણું? આમાં જ હશે? આ શ્લોકમાં? આ શ્લોક આવે છે ને?

'ये त्वेनं परिहृत्य' છે ને આ ૪૯માં. એમાં છે, જુઓ! ત્યાં છે જુઓ! ભાઈ! 'ते पुरुषा अद्यापि इदमपि' 'साक्षात् स्वरूपप्रकाशअवसरेऽपि' છે જુઓ! 'समयसारम् न पश्यन्ति' ભાઈ! એમ છે જુઓ! એ ભાષા જુઓ! આમાં છે. હોં! સંસ્કૃત છે. શું કીધું? 'अद्यापि' શબ્દ છે ને 'न अद्यापि पश्यन्ति' છેલ્લો શબ્દ છે ને 'न अद्यापि पश्यन्ति' એનો અર્થ કર્યો તે પુરુષા 'अद्यापि, अद्यापि' 'આજ પણ...' 'इदमपि साक्षात् स्वरूपप्रकाशन अवसरऽपि' દેખો! છે ને? ભાઈ! શું એનો અર્થ? આ અવસર જ સાક્ષાત્ 'સમયસાર' ચિદાનંદનો અવસર હોવા છતાં દેખતા ને જાણતા નથી. આજે જ કરો, એમ આવે છે ને? 'પ્રવચનસાર'માં છેલ્લા બોલમાં. છેલ્લે આવે છે ને? આજે જ કરો, આજે જ કરો. અહીં 'अद्यापि' નો અર્થ આવો જ કર્યો, હોં! આજ પણ. 'अद्यापि इदमपि' 'इदम' એટલે અત્યારે. 'इदमपि साक्षात् स्वरूपप्रकाशन अवसरऽपि समयसारम् आत्मनं न पश्यन्ति ... सदा प्रकाशमान अखण्ड संपदम्' એ તો પછી આ ગાથાનો શબ્દ છે. સમજાણું કાંઈ? ઇ ને? શું કીધું? આહા..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ! પૂર્ણ જ્ઞાન, શાંતિનો સાગર આત્મા. એવો જે સમય એટલે આત્મા, એ સમય એટલે આત્મા, એનો સાર-વર્તમાન પ્રગટ અનુભવ થઈ શકવાનો આ કાળ છે, કહે છે. આહાહા..! સબ અવસર આ ગયા ને એ ઉપર વળી .... આવે છે ને? ભાઈ! 'ટોડરમલ્લ'માં. અહીં આ નાખ્યું. ઓહો! કહે છે કે, પ્રભુ! આ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ અખંડ આનંદ, એનો પ્રકાશવાનો આ અવસર છે. આહાહા..! આ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને મારા માનીને મિથ્યાદૃષ્ટિ હેરાન થઈ ગયો છે. ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા કહે છે, અરે..! તારો આ અવસર, આ અવસર ચૂકી જા છો તું. આહાહા..! શેનો અવસર હશે આ? 'મલૂકચંદભાઈ'! પૈસા મેળવવાનો? આહાહા..!

ભાઈ! કહે છે, આ શ્લોક કોનો છે? પંચમકાળના મુનિનો છે કે નહિ? અને પંચમકાળને માટે કહે છે ને? આ શ્લોકમાં ઇ આવશે. આ ૪૯ મા શ્લોકનો એ અર્થ છે. ૪૮ મા શ્લોકમાં આ અર્થ છે, લ્યો! સમજાણું? 'अद्यापि' છે ને? 'नाद्यापि पश्यन्ति ते'. કહે છે કે, ભાઈ! આ વસ્તુ પ્રભુ! વસ્તુ પૂર્ણ અનંત ગુણનું ધામ તું પોતે છો અને એ તને અંતર દૃષ્ટિ કરીને વર્તમાન સમયસાર શુદ્ધાત્માની પ્રાપ્તિનો આ કાળ છે, ભાઈ! આહાહા..! કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે, આવા ઉપદેશ મળ્યા.

અહીં 'કુંદકુંદાચાર્ય'ને એમ કહેવું છે, આ અનુભવ પ્રમાણ કરજો, એમ કીધું છે ને ત્યાં? 'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं...'. બસ, એટલું. 'जदि दाएज्ज' પ્રમાણ કરજે, હોં! આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, એ બધું ભૂલી જા એકવાર, ઘડીક તો. આ ભગવાન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ છે ને! એને હું કહું ને તો અનુભવ જ કરજે, હોં! બીજી વાત મૂકી દેજે. આહાહા..! તું હા, ના ન કરીશ, હોં! આમ ન થાય ને આમ (થાય). પહેલી તો વાત કરી હતી કે, 'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण' મારા આત્મ વૈભવથી હું કહીશ, બસ! એટલી વાત તો સાધારણ કહી દીધી. 'जदि दाएज्ज पमाणं'. ભાઈ! જો હું આત્મા અખંડ જ્ઞાયક સ્વરૂપ, ચિદાનંદ ધ્રુવ સ્વરૂપ, એને હું તને બતાવું તો પ્રમાણ કરજે, હોં! અનુભવથી પ્રમાણ કરજે, હોં! એ અનુભવથી પ્રમાણ (કરજે). પણ મહારાજ! અત્યારે આ પંચમકાળમાં આટલી વાત પ્રમાણ કરવાની કેમ કહો છો તમે? આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈ! આ વસ્તુ સ્વરૂપ છે ને પ્રભુ! તું આખો પડ્યો છો ને બાપુ! તારી નજરને આળસે ચૈતન્ય દૃષ્ટિમાં (આવવો) રહી ગયો છે. આ કર્યું ને આ કર્યું ને પુણ્યના ભાવ ને પાપના ભાવ ને શરીરની ક્રિયા ને આ મોટપ કાં તો પરથી ને પરને મોટપ બતાવવી છે ને કાં તો પરથી મોટપ લેવીના ઝંઝટમાં પડીને ભૂલી ગયો ભગવાનને તું. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! વસ્તુ તે પણ વસ્તુ કીધી છે ને! પણ કેવી રીતે! ભાઈ! આમ છે ને, બાપા! હવે તને ભૂખ લાગી છે ને, ખા ને! આહાહા..! આ 'अवश्यं विन्दति' છે. એ પૂરા વેદનની વાત કરે છે. પણ અહીં પહેલો પ્રભુ છે ને! પ્રભુ! પણ આ તું વસ્તુ છો ને, ભાઈ! અનંત આનંદનું ચોસલું પડ્યું છે આખું. આહાહા..! એ આત્મા એટલે અતીન્દ્રિય અમૃતનો રસનો કૂપ આખો આત્મા. આહાહા..! શું કીધું? આત્મા એટલે અતીન્દ્રિય, અતીન્દ્રિય આનંદનો કૂપ, સાગર એને આત્મા કહીએ. બાકી દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ એ બધા આસ્રવતત્ત્વ કહીએ. શરીર, વાણી, કર્મ એ બધા અજીવતત્ત્વ કહીએ. આવું તત્ત્વ તું છો ને! કહે છે કે, અહીં છો ને! એમ કહે છે. અને અમે તને જણાવવા કહીએ છીએ, બતાવીએ છીએ કે, આ આમ, આ આમ. સમજાણું કાંઈ?

એનો અનુભવ કર તને જલદીમાં જલદી કદાચિત્ એ ભવે પણ મુક્તિ થાય. ભલે આ પંચમકાળને પણ એ સામાન્ય વાતમાં લે ને! પણ નહિતર ત્રીજે ભવે સ્વર્ગમાંથી નીકળી ઓલે મનુષ્ય ભવે તારી મુક્તિ થાશે. આ કદાચિત્ એકાદ ભવ કોઈને વધારે હોય તો એને એ પણ બે, ત્રણ ભવમાં મુક્તિ જ છે. આહાહા..! એ નિશ્ચય મોક્ષમાર્ગના ફળ તરીકે આ વર્ણન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઇ કાલે રહી ગયું હતું. આમાં લખેલું નહિ, પછી કાલે લખ્યું. પેલામાં લખેલું હતું. પેલું છે ને? ખાનગી વંચાય છે ઇ. અંદર વંચાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ બીજું ને આ બહાર વાંચીએ (બીજું). આ તમારે શણગારેલું હોય છે ને! શણગારેલું આવું પૂઠું ને આવું રાખે ને! અંદરમાં આવું રાખે છે. એમાં એ પહેલેથી લખ્યું હતું. પણ આમાં કાલે યાદ ન આવ્યું, લક્ષમાં ન આવ્યું. સમજાણું કાંઈ?

કહે છે, તું કોણ છો અને ક્યાં છો એની તને ખબર નથી. સમજાણું કાંઈ? તું ક્યાંય શરીરમાં નથી, વાણીમાં નથી, પુણ્ય-પાપના રાગમાં નથી, આ અલ્પજ્ઞ વર્તમાન પ્રગટ અવસ્થા દેખાય એટલામાં તું આખો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ આખું તત્ત્વ વસ્તુ જેમાં વસેલા અનંતા ગુણો પરિપૂર્ણ. અરે..! ભાઈ! એનો અંતર અનુભવની દૃષ્ટિ કર, અનુભવનું જ્ઞાન કર ને અનુભવમાં ઠર. તને એક, બે ભવે, ત્રણ ભવે મુક્તિ થશે જ થશે. પૂર્ણ અતીન્દ્રિય આનંદને જરૂર વેદીશ અથવા અહીં સર્વથા વેદીશ. આસ્વાદ સર્વથા એટલે આનંદમાં કાંઈ બાકી રહેશે નહિ. આહાહા..! થોડા અનુભવના આનંદના કાળમાં, આ આત્માના આનંદની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતામાં પૂર્ણ આનંદને અનુભવીશ એવું તને થઈ જશે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ નિશ્ચયની વાત છે, અહીં વ્યવહાર-ફેહવારની વાત નથી. શું થાય? જગતને... કહો, સમજાણું આમાં? એવો મોક્ષમાર્ગ એક જ છે અને તે સ્વવસ્તુને આશ્રયે છે. એ આશ્રયે મોક્ષમાર્ગ એક (છે), એ અલ્પ ભવમાં, એક, બે ભવમાં પૂર્ણ કેવળજ્ઞાનને પામશે અથવા પૂર્ણ આનંદના અનુભવની આસ્વાદ દશા તને થઈ જશે. એનું નામ મુક્તિ. કહો. સમજાણું કાંઈ? લ્યો! એ ૪૮ (કળશ પૂરો થયો).

હવે ૪૯, ૪૯ (કળશ).

( શાર્દૂલવિક્રીડિત )

ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना
लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।
नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-
प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।।४९-२४१।।

ખંડાન્વય સહિત અર્થ :– 'ते समयस्य सारम् अद्यापि न पश्यन्ति' ( ते ) આવો છે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ તે ( समयस्य सारम् ) સમયસારને અર્થાત્ સકળ કર્મથી વિમુક્ત છે જે પરમાત્મા તેને, ( अद्यापि ) દ્રવ્યવ્રત ધારણ કર્યાં છે, ઘણાંય શાસ્ત્રો ભણ્યો છે તોપણ, ( न पश्यन्ति ) પામતો નથી. ભાવાર્થ આમ છે કે, નિર્વાણપદને પામતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવો છે સમયસાર ? 'नित्योद्योतम्' સર્વ કાળ પ્રકાશમાન છે. વળી કેવો છે ? 'अखण्डम्' જેવો હતો તેવો છે. વળી કેવો છે ? 'एकम्' નિર્વિકલ્પ સત્તારૂપ છે. વળી કેવો છે ? 'अतुलालोकं' જેની ઉપમાનું દષ્ટાન્ત ત્રણ લોકમાં કોઈ નથી. વળી કેવો છે ? 'स्वभावप्रभाप्राग्भारं' ( स्वभाव ) ચેતનાસ્વરૂપ, તેના ( प्रभा ) પ્રકાશનો ( प्राग्भारं ) એક પુંજ છે. વળી કેવો છે ? 'अमलं' કર્મમળથી રહિત છે. કેવો છે તે મિથ્યાદષ્ટિ જીવરાશિ ? 'ये लिङ्गे ममतां वहन्ति' ( ये ) જે કોઈ મિથ્યાદષ્ટિ જીવરાશિ ( लिङ्गे ) લિંગમાં અર્થાત્ દ્રવ્યક્રિયામાત્ર છે જે યતિપણું તેમાં ( ममतां वहन्ति ) 'હું યતિ છું, મારી ક્રિયા મોક્ષમાર્ગ છે' એવી પ્રતીતિ કરે છે. કેવું છે લિંગ ? 'द्रव्यमये' શરીરસંબંધી છે–બાહ્ય ક્રિયામાત્રનું અવલંબન કરે છે. કેવા છે તે જીવ ? 'तत्त्वावबोधच्युताः' ( तत्त्व ) જીવનું શુદ્ધ સ્વરૂપ, તેનો ( अवबोध ) પ્રત્યક્ષપણે અનુભવ, તેનાથી ( च्युताः ) અનાદિ કાળથી ભ્રષ્ટ છે. દ્રવ્યક્રિયા કરતા થકા પોતાને કેવા માને છે ? 'संवृतिपथप्रस्थापितेन आत्मना' ( संवृतिपथ ) મોક્ષમાર્ગમાં ( प्रस्थापितेन आत्मना ) પોતાને સ્થાપિત કર્યો છે અર્થાત્ 'હું મોક્ષમાર્ગમાં ચડ્યો છું' એવું માને છે, એવો અભિપ્રાય રાખીને ક્રિયા કરે છે. શું કરીને ? 'एनं परिहृत्य' શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ છોડીને. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિ કરતા નથી. ૪૯-૨૪૧.

---

ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना
लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।
नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-
प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।।४९-२४१।।

સમજાણું કાંઈ? ગજબ વસ્તુ છે કાંઈક! લોકો નથી કહેતા? કેટલાક કહે છે અત્યારે તો પૈસાની રેલ ચાલે છે. એટલે મારે પૈસા રળવાનો કાળ છે. કહો, 'મૂલકચંદભાઈ'! નથી? તમારે દીકરાને છે કે નહિ ત્યાં? ધૂળમાંય નથી હવે. ન્યાં ધૂળીયા બે, ત્રણ કરોડ ધૂળ મળી તો ન્યાં ધૂળ તો રજકણ, કાંકરા (છે). એમાં આત્માને શું આવ્યું? એક જણો કહેતો હતો. મહારાજ! અત્યારે રૂપિયાની રેલ ચાલે છે. રેલ ચાલે છે એટલે રળવાનો કાળ (છે). મરવાનો કાળ છે, એમ કહે. રળવાનો કાળ છે. આ કરું, આ કરું, આ કરું... આ તો કહે છે કે, કમાવાનો કાળ છે આ. આત્માના આનંદને કમાવાનો કાળ ભગવાન ચૂક નહિ, એમ અહીં તો કહે છે, લ્યો! 'अद्यापि' આજ સુધી તું ન પામ્યો. કેમ ન પામ્યો એ કારણ કહેશે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'ते समयस्य सारम् अद्यापि न पश्यन्ति' લ્યો! ઇ પહેલો શબ્દ આવ્યો, હોં! સમજાણું? છેલ્લો ઇ પહેલો જ આવ્યો. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યે' તો ગજબ અમૃત રેડ્યા છે, હોં! છોકરાઓ રમે છે એમાં નથી બોલતા? 'અમૃતનો કૂંપો' નહિ? નાના છોકરાઓમાં એવું કાંઈક ચાલે છે. તમને ખબર નથી. એવું સાંભરે છે, મને યાદ આવે છે. એ..ઇ..! ખબર છે? અમૃતનો કૂંપો એમ કાંઈક ભાષા છે. એવી ભાષા હતી, એ રમતમાં હતી કાંઈક. ટૂંપો.. ટૂંપો.. પણ શેનો? એવી હતી ભાષા મને યાદ છે. ઓલા રમતમાં હતું. રમે ને છોકરાઓ શેરીમાં? એ યાદ છે મને. તે દિ' આ તો ઘણા વર્ષની ૬૫ વર્ષ પહેલાની વાત છે. 'અમૃતનો કૂંપો...' એમ ભાષા બોલતા, હોં! બધાય ભૂલી ગયા? અમારે પંડિતજી કહે એ બધું કાંઈ .. તમારાથી મોટા ઘણા છે એનાથી તો. 'અમૃતનો કૂંપો' ફલાણી એવી ભાષા કરતા. આ અમૃતનો કૂંપો તો આત્મા છે. એવી કાંઈક રમત છે. નાના નાના છોકરાઓ રમતા. એમાં બોલતા. શેરીમાં રમે ને? બધું ગયું ને. હવે તો બધી રમતું બીજી થઈ ગઈ ને બધી વાતું થઈ ગઈ જુદી જાતની.

આ કહે છે, અહીં 'સમયસાર' ઉપરથી શબ્દ અત્યારે આવે છે. 'સમયસાર' એ અમૃતનો કૂંપો ભગવાનઆત્મા આનંદકંદ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'સમયસાર' એટલે આત્મા, હોં! સમ અય સાર. સમ્યક્ પ્રકારે ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકાર વિનાની અંતર દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરે, આ એનું નામ 'સમયસાર' કહેવામાં આવે છે. આહાહા..!

'આવો છે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ તે...' અરે..! એવા મિથ્યાદૃષ્ટિ જીવનો ઢગલો એવો છે કહે છે. અનંત જીવો 'સમયસારને અર્થાત્ સકળ કર્મથી વિમુક્ત છે જે પરમાત્મા તેને,...' એ સકળ કર્મથી વિમુક્ત જે પરમાત્મા આત્મા. એ 'अद्यापि' 'દ્રવ્યવ્રત ધારણ કર્યાં છે, ઘણાંય શાસ્ત્રો ભણ્યો છે તોપણ, પામતો નથી.' ઓહોહો..! એ દ્રવ્યવ્રત ધારણ કર્યા. અહિંસા, સત્ય, દત, બ્રહ્મચર્ય, પાંચ મહાવ્રતના વિકલ્પ ધારણ કર્યા. પાંચ મહાવ્રત એ રાગ છે. એ દ્રવ્યવ્રતની ક્રિયા રાગની છે. આહાહા..! એવા દ્રવ્યવ્રત ધારણ કર્યા, પણ મૂઢ એને આત્મા દ્રવ્યવ્રતના રાગથી ભિન્ન છે એવા આત્માને એણે જાણ્યો ને અનુભવ્યો નહિ. સમજાણું કાંઈ? આહા..! હવે અહીં તો અજ્ઞાનીને તો જે વ્રત-બ્રતનો વિકલ્પ છે એ ધર્મ છે. અહિંસા, સત્ય, દત્ત એ ધર્મ. સમજાણું કાંઈ? એ તો વિકલ્પની વૃત્તિની વાસના છે. જીવને ન મારવો, સત્ય બોલવું, બ્રહ્મચર્ય શરીરથી પાળવું એ તો વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે. વૃત્તિ ઉઠે છે એ શુભરાગ છે. શુભરાગ ધારણ કર્યો છે. એવો શુભરાગ ધારણ કર્યો છે પણ રાગ રહિત ભગવાન 'સમયસાર'ને તે દેખતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'દ્રવ્યવ્રત ધારણ કર્યા છે,...' સમજાણું? કહે છે, પંચ મહાવ્રત ધારણ કર્યા છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, પરિગ્રહ રહિત નગ્ન દશા, હોં! નગ્ન મુનિ દિગંબર. 'ઘણાંય શાસ્ત્રો ભણ્યો છે...' શાસ્ત્ર ભણ્યો એ કાંઈ મોક્ષમાર્ગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'ઘણાય'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ પાઠ છે ને? 'ઘણાંય શાસ્ત્રો ભણ્યો છે...' ભણી ભણીને થઈ ગયો વિદ્વાન પણ ભગવાનઆત્મા સમય-શુદ્ધ ચિદાનંદ મૂર્તિ શું છે એને એ અજ્ઞાની દેખતા નથી. આને ભાળે છે કે, આ વ્રત ને શાસ્ત્ર ભણવું એ અમારો ધર્મ, એ અમારો મોક્ષમાર્ગ. સમજાણું કાંઈ?

અહો..! 'अद्यापि' અત્યાર સુધી પણ અનંતવાર 'દ્રવ્યવ્રત ધારણ કર્યા અને ઘણાંય શાસ્ત્રો ભણ્યો છે તોપણ,...' 'न पश्यन्ति'. કોને? જે આ 'સમયસાર', જે સકળ કર્મથી મુક્ત ભગવાનઆત્મા છે અંદર, એ આત્મા એ ક્રિયાકાંડના રાગથી મુક્ત આત્મા છે અંદર. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુ ભગવાનઆત્મા એ જડ કર્મથી તો રહિત છે પણ એ પુણ્યનો વિકલ્પનો રાગ એવા કાર્યથી પણ ભિન્ન આત્મા છે. એવા આત્માને અંદર આવા દ્રવ્યવ્રત ને દ્રવ્યશાસ્ત્ર ભણવા ભણવા ભણ્યા છતાં ભગવાનઆત્મા કોણ છે એને દેખતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યકર્મનો યોગ છે ને.

ઉત્તર :- કોણે કીધું હતું પુણ્યનો યોગ છે? કીધું નહિ આ? એને ધારણ કર્યા, આ ભણ્યો છે પણ ત્યાં એની દૃષ્ટિ પડી (છે). મિથ્યાદૃષ્ટિ કીધો ને પહેલો? દૃષ્ટિ એની વ્રત ને ક્રિયા રાગ, દયા, દાન, વ્રત, પરિણામમાં, શાસ્ત્ર ભણવામાં એની દૃષ્ટિ છે. આ ભણ્યો એ મારો ધર્મ, આ વ્રત ધાર્યા એ મારો ધર્મ. એમ દૃષ્ટિ મૂઢની કરી છે માટે એ આત્માને દેખતો નથી એમ કહે છે. તેથી તો શબ્દ પહેલો પડ્યો હતો. 'તે' એમ શબ્દ છે કે નહિ? આહાહા..! સમજાણું કાંઈ?

આમ પ્રભુ સચ્ચિદાનંદ ચિન્તામણિ રત્ન આત્મા, એને એ આ વ્રત ને શાસ્ત્ર પઢવાના અભિમાનમાં પડ્યો, એ આને જોતો નથી કે આ શું છે? સમજાણું કાંઈ? દ્રવ્યવ્રત ધારણ કર્યા, હોં! પાછા. એમ કે, એકલો નહિ એમ. મહાવ્રત લીધા, બ્રહ્મચર્ય પાળ્યા, જાવજીવનું બ્રહ્મચર્ય, સ્ત્રીને (આખી) જિંદગી સેવી નહિ. એ તો એક શુભરાગ છે, એ કાંઈ વસ્તુ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એ દ્રવ્યવ્રતના વિકલ્પની વૃત્તિનું ઉત્થાન જે આસ્રવ છે એનાથી મુક્તસ્વરૂપ ભગવાન છે. આ આત્મા અત્યારે, હોં! આહાહા..! એ દ્રવ્યના વ્રતના દ્રવ્ય ક્રિયાકાંડમાં રોકાયેલો... આમાં પણ હશે. શું છે આ? શ્લોક છે?

'त्वेनं परिह्रत्य' ને? આમાં પણ એ ક્યાંક છે. 'एको मोक्षपथः'માં. ('સમયસાર નાટક' શ્લોક-૧૧૭) ગુન પરજૈમેં દૃષ્ટિ ન દીજે, નિર્વિકલ્પ અનુભવ રસ પીજે, 'આપ સમાઇ આપમૈં લીજૈ, આપ સમાઇ આપમૈં લીજૈ, તનુપૌ મેટિ અપનુપૌ કીજૈ'. બહારની ક્રિયા મટાડીને અંદરમાં જા. હવે 'ये त्वेनं' માટે (કહે છે). જુઓ! શ્લોક છે. 'તજિ વિભાઉ હૂજૈ મગન, સુદ્ધાતમ પદ માંહિ. એક મોખ-મારગ યહૈ, ઔર દૂસરૌ નાંહિ.' (૧૧૮). ઇ 'एको मोक्षपथः'નું છે. બીજો શ્લોક. હવે આ ત્રીજો આ ચાલે છે. 'કોઈ મિથ્યાદ્રિષ્ટી જીવ ધરૈ જિનમુદ્રા ભેષ,...' જુઓ! જિનમુદ્રા, હોં! નગ્ન વેશ ધારણ કરે, મુનિ થઈને નગ્ન વેશ ધારણ કરે. નગ્ન દિગંબર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ જિનભેખ કહેવાય. આ પેલો ભેખ એ જિનભેખ નથી. સમજાણું કાંઈ?

(૧૧૯). 'કોઈ મિથ્યાદ્રિષ્ટી જીવ ધરૈ જિનમુદ્રા ભેષ, ક્રિયામૈં મગન રહૈં કહૈં હમ જતી હૈં.' જતિ એટલે મુનિ. ક્રિયામાં મગન – અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના વિકલ્પમાં મગન છે. અને કહે 'હમ જતી હૈં'. 'અતુલ અખંડ મલ રહિત સદા ઉદોત, ઐસે જ્ઞાન ભાવસૌં વિમુખ મૂઢમતિ હૈં.' ભારે આકરી વાત જગતને. સમજાણું? અતુલ અખંડ. એમાં પછી અર્થ આવશે, હોં! મળ રહિત સદા ઉદ્યોત ચૈતન્ય પ્રભુ! 'ઐસે જ્ઞાન ભાવસૌં વિમુખ મૂઢમતિ હૈં. આગમ સંભાલૈ દોસ ટાલૈં વિવહાર ભાલૈં,' એ આગમ સંભાળે. શાસ્ત્રમાં આ છે ને આ શાસ્ત્રમાં આ છે ને શાસ્ત્રમાં આ છે. દોષ ટાળે. આ અમારે ખપે નહિ, આ અમને ખપે નહિ, આ અમને ખપે નહિ. અમારે માટે આહાર કરેલો ખપે નહિ, ફલાણું ખપે નહિ. 'વિવહાર ભાલૈ.' વ્યવહાર ભાલૈનો અર્થ કર્યો છે. સમજાય છે? 'શુભાચારમાં લાગ્યા રહે છે...' એમ અર્થમાં લખ્યું છે. 'વિવહાર ભાલૈ' આ એનો અર્થ કર્યો. શુભ પરિણામને ભાળે એટલે આચરણ કરે. વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... છે ને? આ દયા ને આ અહિંસા ને આ સત્ય ને આ એને ભાળે એટલે એને આચરણ કરે.

'પાલૈં વ્રત જદપિ તથાપિ અવિરતી હૈં.' 'પાલૈં વ્રત જદપિ તથાપિ અવિરતી હૈં. આપુકૌં કહાવૈં મોખ મારગકે અધિકારી, મોખસૌં સદીવ રુષ્ટ દુષ્ટ દુરમતી હૈં.' (૧૧૯). આંકરી વાત. સમજાણું કાંઈ? ખોટી બુદ્ધિવાળા. રુષ્ટ, વ્રતરહિત. રુષ્ટ (અર્થાત્) ભગવાનઆત્માથી નારાજ છે અને રાગથી પ્રેમવાળા છે. એ વિકલ્પ દયા, દાન, વ્રત શુભભાવ એ રાગ છે, આસ્રવ છે એમાં પ્રેમવાળા છે એ મૂઢ દૂરમતિ છે કહે છે. સમજાણું કાંઈ? આકરી વાત છે. 'દુષ્ટો મોક્ષમાર્ગથી વિમુખ છે.' જોયું! 'પરંતુ તે દુષ્ટો મોક્ષમાર્ગથી વિમુખ છે અને દુર્મતિ છે.' 'જો કે તેઓ સિદ્ધાંતનું અધ્યયન કરે છે, નિર્દોષ આહાર-વિહાર કરે છે અને વ્રતોનું પાલન કરે છે, તોપણ અવ્રતી છે.' સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચિદાનંદની મૂર્તિ નિર્લેપ શુદ્ધ આનંદકંદ છે ને એને ભૂલી ગયો છે. ભૂલીને ભટકે છે આ ક્રિયાકાંડમાં. આ દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને આ કરી ને આ કરી એમાંથી મારો મોક્ષ થશે. સમજાણું કાંઈ? કહે છે, એવા મિથ્યાદૃષ્ટિ જીવ અત્યાર સુધી પણ એટલે કે આવું કરવા છતાં પણ, એમ. આવું કરવા છતાં પણ, એમ. 'પામતો નથી.' એનાથી કાંઈ આત્મદૃષ્ટિ પ્રગટ થતી નથી. એ આત્માને એનાથી કાંઈ ઓળખતા નથી, એનાથી આત્મા ઓળખાય એવો નથી. ઓહોહો..! આત્મા. ભાઈ! આત્મા ભાઈ! સાધારણ બિચારાને કાંઈક કહો ને. લોકો વળી એમ કહે છે. પણ એ આત્મા એ સાધારણ છે જ નહિ. એ વાત કરે છે એમાં તારા આત્માનું મહા અપમાન થાય છે. ભગવાન મોટો પરમાત્મા પોતે પડ્યો આખો અખંડાનંદ પૂર્ણ પ્રભુ! એને તું સાધારણ કહે કે સમજવાને લાયક નથી. અહીં કહે છે કે, સમયસાર પ્રાપ્તિના કાળને માટે લાયક છે, એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા..! સમજાણું કાંઈ? પોતે પોતાને પ્રાપ્ત માટે નાલાયક કહેવો એ વાત સાંભળવા માટે લાયક નથી. આહા..!

કહે છે, ભગવાનઆત્મા 'પામતો નથી.' પોતાના સ્વરૂપની દૃષ્ટિ અનુભવની કર્યા વિના આવી વ્રત આદિ ક્રિયા કરીને મરી ગયો, સુકાઈ ગયો અનંતવાર. સમજાય છે કાંઈ? અપવાસ કર્યા ને એક અપવાસ ને બે અપવાસ ને માસખમણ... શું કહેવાય એ? માસખમણ. સોળ ભથું ને અઢાર ભથું, મરી ગયો હવે સાંભળને! ક્રિયાકાંડ એ તો બધો રાગ છે. આ બધા એને ધર્મ માને. નહિ. કહે છે, એ તો વિકલ્પ ઉઠ્યો છે પર તરફના આસ્રવનો, એ આત્મા નહિ, એને ધર્મ નહિ. આહાહા..! એ... 'ભગવાનભાઈ'! આ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ ફરમાવે છે, ભાઈ! એ ક્રિયાકાંડનો રાગ વિકલ્પ એ તો આસ્રવ તત્ત્વ છે, તને ખબર નથી. બહિર્મૂખમાં આ છોડું ને આ મૂકું ને આ લઉં એ તો વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે. એમાં અજ્ઞાની ધર્મ માનીને બેઠા. (એનાથી) રહિત, ભગવાન એના(થી) રહિત છે એને જોતા નથી. સમજાણું કાંઈ?

'ભાવાર્થ આમ છે કે નિર્વાણપદને પામતો નથી.' કોણ? એ મિથ્યાદૃષ્ટિ જીવરાશિ. નિર્વાણ એટલે મોક્ષપદને પ્રાપ્ત નથી (કરતા). કોણ? કે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ. એટલે મિથ્યાદૃષ્ટિ જીવરાશિનું લક્ષણ શું કહ્યું? કે ક્રિયાકાંડના દ્રવ્યવ્રત, દ્રવ્ય તપ, બાહ્ય અપવાસ આદિ અપવાસ, ઉણોદરી આદિ બધું બાહ્ય. એ બધા અને શાસ્ત્ર ભણવા, એને ધર્મ માનનારા મિથ્યાદૃષ્ટિ નિર્વાણને-મોક્ષને પ્રાપ્ત કરતા નથી. એનાથી તો બંધ થાય. પુણ્યભાવથી બંધ થાય અને સ્વર્ગ કે આ ધૂળ આદિ મળે. આ પૈસા એટલે ધૂળ. એમાં આત્માની ક્યાંય પ્રાપ્તિ ને ધર્મ છે નહિ. સમજાણું કાંઈ?

'કેવો છે સમયસાર?' 'नित्योद्योतम्' 'સર્વ કાળ પ્રકાશમાન છે.' આહાહા..! સમજાણું? ભગવાનઆત્મા નિત્ય સમયસાર. સમય આત્મા, એનો સાર શુદ્ધ. સર્વ કાળ પ્રકાશમાન ત્રિકાળ, ત્રિકાળ આનંદકંદથી પ્રકાશમાન છે એને પ્રાપ્ત કરતા નથી, એમ કહે છે. આવા વિકલ્પમાં ક્રિયાકાંડમાં ધર્મ માનનારાઓ મૂઢ આવા આત્માને પ્રાપ્ત કરી શકતા નથી. સમજાણું કાંઈ? .. પણ આકરા છે, હોં! 'ભીખાભાઈ'! પણ મીણો ભરે નહિ. છોકરાને વઢે ને જ્યારે? ભૂલ કરી હોય તો મીણો ભર તો .. બંધ કરું. તો કહે, ના. મીણો ન ભરું. અનાદિનો અજ્ઞાની એ પુણ્યના ભલા આચરણ, શુભ આચરણની ક્રિયાકાંડ કરતો કરતો (માને છે કે), અમારે કલ્યાણ થશે, હળવે હળવે થશે. ધૂળમાંય નહિ થાય, સાંભળને! એ તો રાગ છે પુણ્યનો આસ્રવ તત્ત્વ છે. એનાથી હળવે હળવે, કલ્યાણ પછી હળવે હળવે થશે. એવા માનનારા નિત્યોદ્યોતમ્ ભગવાનઆત્માને પ્રાપ્ત કરી શકતા નથી.

'વળી કેવો છે?' 'अखण्डम्' 'જેવો હતો તેવો છે.' લ્યો! જેવો ભગવાન છે એવો જ પર્યાયમાં પ્રગટ થાય છે તો વસ્તુ જેવી છે એવી છે. 'अतुलालोकं' 'જેની ઉપમાનું દૃષ્ટાન્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રણ લોકમાં કોઈ નથી.' સમજાણું? આહાહા..! ભગવાન સમયસાર એટલે આત્મા શુદ્ધ સ્વરૂપ. જેને ત્રણલોકમાં એને ઉપમા કોની આપે? અનુપમ પદાર્થને ઉપમા કોની? એવો ભગવાનઆત્મા સર્વજ્ઞસ્વભાવી બિરાજમાન પૂર્ણાનંદનો નાથ પૂર્ણ પ્રભુ છે. એની (એ) દૃષ્ટિ કરતો નથી. આ રાગની ક્રિયાકાંડને સંભાળે. બરાબર ધ્યાન રાખે. આનું પાપ ન લાગ્યું, આ લાગ્યું, આ કર્યું, આ કર્યું. આ કર્યું ને આ કર્યું. સમજાણું? એ છે ને? એમાં જ છે ક્યાંક. આમાં જ આવ્યું ને? પહેલા એમાં આવી ગયું છે ને? ભેખમાં ને જ્ઞાન ન આવ્યું? 'જ્ઞાન શુદ્ધદેહ' જ્ઞાનને દેહ નથી. કહ્યું છે ને? ('સમયસાર નાટક'-૧૧૨).

ભેષમૈં ન ગ્યાન નહિ ગ્યાન ગુરુ વર્તનમૈં,
મંત્ર જંત્ર તંત્રમૈં ન ગ્યાનકી કહાની હૈ.
ગ્રંથમૈં ન ગ્યાન નહિ ગ્યાન કવિ ચાતુરીમૈં,
બાતનિમૈં ગ્યાન નહિ ગ્યાન કહા બાની હૈ.
તાતૈં ભેષ ગુરુતા કવિત્ત ગ્રંથ મંત્ર બાત,
ઇનતૈં અતીત ગ્યાન ચેતના નિસાની હૈ.

વાણીમાં ક્યાં જ્ઞાન આવ્યું? ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ! આ બધાથી જુદો છે. સમજાણું કાંઈ?

ગ્યાનહીમૈં ગ્યાન નહિ ગ્યાન ઔર ઠૌર કહૂં,
જાકે ઘટ ઘ્યાન સોઈ ગ્યાનકા નિદાની હૈ.

આત્માનું અંતર ભાન થયું તેને જ્ઞાન કહેવામાં આવે છે. આવા બધા. કહે છે, 'વેશમાં જ્ઞાન નથી, મહંતજી બનીને ફરવામાં જ્ઞાન નથી, મંત્ર, તંત્ર, જંત્રમાં જ્ઞાનની વાત નથી, શાસ્ત્રમાં જ્ઞાન નથી.' હેઠે લખ્યું છે, હોં! જ્ઞાન નહિ પણ જ્ઞાનનું કારણ છે એમ કરીને થોડો અર્થ કરવો પડ્યો. ભડકી ન જાય જરી. 'કવિતા-કૌશલ્યમાં જ્ઞાન નથી, વ્યાખ્યાનમાં જ્ઞાન નથી,...' વચન, શબ્દના પ્રકાર, શબ્દ વ્યાખ્યાન તો ભાષા જડ છે. આમાં ક્યાં જ્ઞાન આવ્યું? જ્ઞાન આવતું હશે કે નહિ થોડું અંદર? આહાહા..! આ તો વાણી જડ ઉઠે છે. એમાં ક્યાં આત્મા આવ્યો? ને એ જ્ઞાન ક્યાં હતું? આ તો જડનો ધ્વનિ છે. સમજાણું?

'વ્યાખ્યાનમાં જ્ઞાન નથી, કારણ કે વચન જડ છે, તેથી વેશ, ગુરુપણું, કવિતા, શાસ્ત્ર, મંત્ર-તંત્ર, વ્યાખ્યાન એનાથી ચૈતન્યલક્ષણનું ધારક જ્ઞાન જુદું છે. જ્ઞાન જ્ઞાનમાં જ છે, બીજે નથી. જેમના હૃદયમાં જ્ઞાન ઉત્પન્ન થયું છે તે જ જ્ઞાનનું મૂળકારણ અર્થાત્ આત્મા છે.' આહાહા..! આવા કોઈ કવિતા ને શાસ્ત્ર ને વ્યાખ્યાનથી કાંઈ આત્માનું જ્ઞાન નથી. આહાહા..! સમજાણું કાંઈ? પછી તો ('સમયસાર નાટક' શ્લોક-૧૧૩ માં) કીધું ને?

'ભેષ ધરી લોકનિકૌં બંચે સૌ ધરમ ઠગ,'
ભેષ ધરી લોકનિકૌં બંચે સૌ ધરમ ઠગ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુરુ સો કહાવૈ ગુરુવાઈ જાહિ ચહિયે.
મંત્ર તંત્ર સાધક કહાવૈ ગુની જાદુગર,
પંડિત કહાવૈ પંડિતાઈ જામૈં લહિયે.
કવિત્તકી કલામૈં પ્રવીન સો કહાવૈ કવિ,
બાત કહિ જાનૈ સો પવારગીર કહિયે.
એતૌ સબ વિષૈકે ભિખારી માયાધારી જીવ,
ઇન્હકૌં વિલોકિકૈ દયાલરૂપ રહિયે.

અમને કંઈ વ્યાખ્યાન કરતા આવડે છે, અમને કંઈ મોટપ આપો, અમને સમજાવતા આવડે, અમે ડાહ્યા છીએ. ભિખારી છો વિષયના. આહાહા..! એ..ઇ..! 'જે વેષ બનાવીને લોકોને ઠગે છે, તે ધર્મ-ઠગ કહેવાય છે, જેમાં લૌકિક મોટાઈ હોય છે તે મોટો કહેવાય છે,...' પેલા ગુરુની વ્યાખ્યા કરી, હોં! ગુરુ. 'જેનામાં મંત્ર-તંત્ર સાધવાનો ગુણ છે તે જાદૂગર કહેવાય છે, જે કવિતામાં હોશિયાર છે તે કવિ કહેવાય છે, જે વાતચીતમાં ચતુર છે તે વ્યાખ્યાતા કહેવાય છે.' વ્યાખ્યાનકર્તા. આહાહા..! દાખલા દઈએ... ધૂળ એ તો જડની ક્રિયા, આત્માની ક્યાં આવી એમાં? સમજાણું કાંઈ? 'આ બધા કપટી જીવ વિષયના ભિખારી છે, વિષયોની પૂર્તિ માટે યાચના કરતા ફરે છે,...' અમને કોઈ મોટા કહો, અમને કંઈ આવડે છે એમ કહો. ભિખારી છો, રાંકા. બાદશાહ ચક્રવર્તીનો અંદર પડ્યો છે આખો એને મૂકીને આ માંગણી બીજા પાસે કર ભિખારી છો, ભિખારી.

મુમુક્ષુ :– ઇ માંગે છે કે લોકો કહે છે.

ઉત્તર :– ઇ લે છે. ભિખારી માંગે છે કે, અમને મોટો કહો, અમને કોઈ જાણપણાવાળો કહો, અમને કોઈ હોશિયાર કહો, અમને વ્યાખ્યાન કરતા આવડે એવો કોઈ કહો, અમારું નામ કાંઈક કહો, ક્યાંક તો કાઢો. ભિખારી છો, કહે છે. ભગવાન અંદર આત્મા પડ્યો તને કેની યાચના કરવી છે આ? આહાહા..! સમજાણું? એવી કઠણ ભાષા કરી છે. ઠગ છે કહે છે. વસ્તુ તો જ્ઞાન તો આત્મા સ્વરૂપ ચિદાનંદ ભગવાન એનું સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાન છે. બાકી જ્ઞાન-બાન કેવા? સમજાણું કાંઈ? આહા..!

કેવો છે ભગવાન? 'જેવો હતો તેવો છે.' વસ્તુ તો એવી ને એવી અખંડ છે એને એ જોતો નથી. વળી, 'एकम्' 'નિર્વિકલ્પ સત્તારૂપ છે.' ભગવાનઆત્મા વીતરાગ સત્તારૂપ છે. અભેદ સત્તારૂપ વસ્તુ છે એની અંતર દૃષ્ટિ ને જ્ઞાન કરવું એ સમ્યગ્દર્શન, જ્ઞાન છે. સમજાણું કાંઈ? 'બનારસીદાસ', 'ટોડરમલ્લ', 'રાજમલ' બધાએ ઘણું કહ્યું છે. બધાને ખોટા ઠરાવે છે. ભારે, ભાઈ! અરે..! પ્રભુ! એ હોશિયારી નહિ, બાપા! પાણી ફરી જશે, ભાઈ! એવી હોશિયારી નહિ, ભાઈ! આ પરના ઉઘાડના ક્ષયોપશમભાવ એ આત્મા નહિ, એને અહીં જ્ઞાન નથી કીધું. આહાહા..! એ જ્ઞાનાનંદ ભગવાન એનું વેદનમાં જ્ઞાન થવું એનું નામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન છે. સ્વતંત્ર છે ને! એવું પણ માને છે ને! એ માટે તો અહીં કહે છે. એમાં જ માનીને ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ નિરાળો છે એને એ જોવા નવરો થતો નથી. અહીં સલવાઈ ગયો, અહીં સલવાઈ ગયો, અહીં ક્યાં જોવે? અહીં બધું છે તે (જોનારો) અહીં બધું કાંઈ બીજું છે જોવા ક્યાં નવરો થાય? સમજાણું કાંઈ?

'વળી કેવો છે?' 'अतुलालोकं' 'જેની ઉપમાનું દષ્ટાન્ત ત્રણ લોકમાં કોઈ નથી.' કોની ઉપમા, કોની આપે? ઓહોહો..! પૂર્ણ સ્વરૂપ અખંડ અનંત ચૈતન્ય રત્નાકર એવો ભગવાન આ વિકલ્પની આડમાં ખોવાઈ ગયો. કહે છે કે, એમાં પડ્યો તું આ જોવા માટે કંઈ પ્રતીત કરવા નવરો થતો નથી. સમજાણું? 'વળી કેવો છે?' 'स्वभावप्रभाप्राग्भारं' 'ચેતનાસ્વરૂપ, તેના પ્રકાશનો એક પુંજ છે.' કેવો છે ભગવાન? સમયસાર વસ્તુ અંતર પદાર્થ મહા ચેતનાસ્વરૂપ તેનો સ્વભાવ. સ્વભાવની વ્યાખ્યા કરી. એકલો જ્ઞાયક ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય.. ચમત્કાર ચેતના સ્વભાવ. તેનો પ્રભાવ-એનો પ્રકાશ. 'प्राग्भारं' પુંજ, પુંજ. એ ચૈતન્યનો પુંજ (છે). જેમ રૂનું ધોકડું હોય, જ્યાં હોય ત્યાં રૂ જ રૂ ભર્યું હોય ધોકડામાં. (એમ) ભગવાનઆત્મામાં એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ચૈતન્ય પ્રકાશનો પુંજ છે એકલો. સમજાણું કાંઈ? આહા..!

'વળી કેવો છે?' 'अमलं' 'કર્મમળથી રહિત છે.' એ કર્મ, રાગ-દ્વેષ ને જડથી રહિત છે. એને એ જોતો નથી, એને પ્રાપ્ત કરતો નથી. આવો ભગવાનઆત્મા એની દૃષ્ટિ ને જ્ઞાનમાં એને પ્રાપ્ત કરતો નથી. ફક્ત આમાં પડ્યો છે. આ કરું, આ કરું, આ કરું. સમજાણું કાંઈ?

'કેવો છે તે મિથ્યાદૃષ્ટિ જીવરાશિ?' રાશિ એ 'लिङ्गे ममतां वहन्ति' 'જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવરાશિ લિંગમાં અર્થાત્ દ્રવ્યક્રિયામાત્ર છે જે યતિપણું તેમાં 'હું યતિ છું,...' એમ માને છે. અમે સાધુ છીએ. આ અહિંસા પાળતા હોય ને કોઈ? નગ્ન મુનિની વ્યાખ્યા છે, હોં! બીજા તો મુનિ છે જ નહિ વ્યવહારેય તે. આહાહા..! આ બહારની નગ્ન દશા થઈ છે, હજારો રાણીને છોડી હોય અને અંદરમાં દયા, દાનના, વ્રતના પરિણામ બરાબર કરતો હોય. કહે છે, પણ મિથ્યાદૃષ્ટિ જીવ એનાથી રાગથી રહિત એવા ચૈતન્યને આવો સાર એને જોતો નથી, માનતો નથી, અનુભવતો નથી, પ્રાપ્ત કરતો નથી. સમજાણું કાંઈ?

'लिङ्गे ममतां वहन्ति' આમ અંતર અનુભવ ન કરતા આની મમતા કરે છે, કહે છે. મિથ્યાદૃષ્ટિ જીવનો ઢગલો. એ દ્રવ્ય ક્રિયામાત્ર જે યતિપણું, સાધુપણું. દ્રવ્યક્રિયા અઠ્યાવીસ મૂળગુણ ને એક વાર આહાર કરવો, ઉભા ઉભા આહાર કરવો, એવા અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ. 'હું યતિ છું,...' અમે સાધુ છીએ. 'મારી ક્રિયા મોક્ષમાર્ગ છે' એવી પ્રતીતિ કરે છે.' કહે છે કે, મિથ્યાદૃષ્ટિ જીવરાશિ. આ મિથ્યાદૃષ્ટિ જીવરાશિ તો ભાઈ આ લીધા છે. નહિતર તો મિથ્યાદૃષ્ટિ પેલાની અહીં વાત નથી. આ અહીં તો લિંગની વાત છે ને? નહિતર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પેલા મિથ્યાદ્રષ્ટિ જીવ તો બધાય છે. પણ આ તો દ્રવ્યલિંગી ક્રિયાકાંડીને લીધા છે અહીં તો. એ મિથ્યાદ્રષ્ટિ જીવરાશિ. હજારો, લાખો ક્રિયાકાંડ કરતા હોય છે, સાધુ નામ ધરાવીને અહિંસા, સત્ય, દત્ત, આ પાળ્યું ને આ કર્યું ને આ છોડ્યું ને... યતિપણું એને માની અને એને મોક્ષમાર્ગ માને છે. એ 'મારી ક્રિયા મોક્ષમાર્ગ છે' એવી પ્રતીતિ કરે છે.' સમજાણું?

'કેવું છે લિંગ?' 'દ્રવ્યમયે' 'શરીરસંબંધી છે...' લ્યો! અહીં તો કહ્યું, ''દ્રવ્યમયે'' એટલે શરીરસંબંધી. એ તો 'બાહ્ય ક્રિયામાત્રનું અવલંબન કરે છે.' દેહની ક્રિયા આ થઈ ને અહિંસા ને ફલાણું ને શરીરની ક્રિયા ને અંદર રાગની ક્રિયા એ બધી પોતાની માને છે. હજી તો શરીરની ક્રિયાથી ધર્મ થાય (એમ કહે છે), ગજબ કર્યા છે ને! આવી ખુલ્લી આંખો કરાવનારી વાણી છે છતાં... ઓહોહો..! વસ્તુને ભૂલી 'દ્રવ્યમયે' 'શરીરસંબંધી છે-બાહ્ય ક્રિયામાત્રનું અવલંબન કરે છે.' બાહ્યનું અવલંબન કરે છે. શરીરથી આ પાળી ને મેં દયા પાળી, મેં આ કર્યું ને મે આ કર્યું ને એવો ભાવ ને આ. એનું અવલંબન કરે એ મિથ્યાદ્રષ્ટિ મૂઢ જીવ છે. એને રાગ ને શરીરની ક્રિયાથી રહિત સમયસાર, એની શ્રદ્ધા ને જ્ઞાનનો અનુભવ કરતો નથી. સમયસારને પ્રાપ્ત કરતો નથી એ રખડનારા છે એમ અહીં કહેવા માંગે છે. વિશેષ કહેશે... ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ )

---

માગશર સુદ ૮, બુધવાર તા. ૧-૧૨-૧૯૬૫.
કળશ–૨૪૧ થી ૨૪૩ પ્રવચન–૨૫૬

'કળશ-ટીકા'. અહીં આવ્યું છે, જુઓ! 'કેવા છે તે જીવ?' એટલે કોની વાત ચાલે છે? કે જે કોઈ આ આત્મા છે ને અંદર આત્મા? એ આત્માનો જ્ઞાનાનંદ–જ્ઞાન ને આનંદ એનો સ્વભાવ છે. સમજાણું? શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ એનું સ્વરૂપ છે. એને ભૂલીને એકલા વ્રત, નિયમ, ક્રિયા, તપસ્યા આદિ કરે છે એ શુભભાવને ધર્મ માને છે. એ આત્માના સ્વરૂપથી ભ્રષ્ટ થયેલા મિથ્યાદ્રષ્ટિ છે એમ અહીંયાં બતાવવું છે. સમજાણું કાંઈ?

'કેવા છે તે જીવ?' જુઓ! માથે આવ્યું કે, 'શરીરસંબંધી છે-બાહ્ય ક્રિયામાત્રનું અવલંબન કરે છે.' એ શરીરની ક્રિયા અથવા અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા એવો શુભભાવ એનું જે અવલંબન લઈને અંતર્મુખ ચીજ તત્ત્વ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે એને ભૂલી ગયેલા હોય છે, એને જે ધર્મ માનીને બેઠા છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'तत्त्वावबोधच्युता:' 'तत्त्व' એટલે 'જીવનું શુદ્ધ સ્વરૂપ,...' ભગવાનઆત્મા સચ્ચિદાનંદ શુદ્ધ આનંદ પવિત્ર સ્વરૂપ છે. તત્ત્વ શુદ્ધ આનંદ સ્વરૂપ છે એનું. 'તેનો 'अवबोध' એનું જે જ્ઞાન 'પ્રત્યક્ષપણે અનુભવ,...' અહીં વાત છે જરી ઝીણી. આત્મા અંતર જ્ઞાનની જ્યોત છે, ચૈતન્ય સૂર્ય. એ આત્મામાં અંદર વસ્તુ સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. એવા સ્વભાવમાં એવું જે તત્ત્વ એનાથી એનું જ્ઞાન, જ્ઞાન એટલે એનો પ્રત્યક્ષ અનુભવ થવો જોઈએ. આ આનંદ છે, આ જ્ઞાન છે, આ શુદ્ધ છે એવું પુણ્ય-પાપના વિકલ્પ એટલે રાગ રહિત ચૈતન્ય સ્વરૂપનું અંતર શ્રદ્ધા, જ્ઞાનમાં જ્ઞાનનો પરના અવલંબન વિના પ્રત્યક્ષ અનુભવ થવો જોઈએ. એવા પ્રત્યક્ષ અનુભવથી ભ્રષ્ટ. કહો સમજાણું આમાં?

'तत्त्व' એટલે 'જીવનું શુદ્ધ સ્વરૂપ,...' ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે એ વિકાર છે. આ શરીર, વાણી તો માટી જડ ધૂળ છે, આ કાંઈ આત્મા નથી. અંદર શુભ-અશુભની વૃત્તિઓ ઉઠે છે એ વિકાર (છે). વિકાર વિનાનું જે તત્ત્વ એકલું જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એનો 'अवबोध, अवबोध' અવબોધમાંથી કાઢ્યું નિશ્ચય બોધ એટલે પ્રત્યક્ષ એનું જ્ઞાન. સમજાણું કાંઈ? બરાબર કાઢ્યું છે. બહુ સુંદર. ચૈતન્ય ભગવાન ચિદાનંદ જ્યોત વસ્તુ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એનું અંતરમાં પ્રત્યક્ષ જ્ઞાન થવું; પ્રત્યક્ષ એટલે રાગ, મન વિનાના અવલંબન વિના એકલો ભગવાનઆત્મા શુદ્ધ અંતર જ્ઞાનમાં ભાસવો, પ્રત્યક્ષ અનુભવ થવો એવા ભાન વિનાના જીવો 'અનાદિ કાળથી ભ્રષ્ટ છે.' જુઓ! અહીં એક સિદ્ધાંત છે. શું કહે છે? કે એવો જે આત્મા એ અનાદિથી આ પ્રત્યક્ષ અનુભવથી ભ્રષ્ટ છે. ભાઈ! એક જરીક ન્યાય આમાં છે. પેલા કહે કે, આઠમા ગુણસ્થાને પ્રત્યક્ષ થાય. અહીં ચોથેથી પ્રત્યક્ષ છે. અનાદિથી ભ્રષ્ટ લીધો છે ને? શું કીધું?

ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે એ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયની વાસના એ પાપ છે એ બેયથી તત્ત્વ જુદી ચીજ છે. એ તત્ત્વના સમ્યગ્જ્ઞાનના બોધ વિના એટલે કે એ વસ્તુ શુદ્ધ આનંદકંદ છે એનો અવબોધ – અવ એટલે નિશ્ચય એટલે પ્રત્યક્ષ થવું તેને નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનના વખતની એ વાત છે આ બધી, હોં! ચોથા ગુણસ્થાનની. કારણ કે, અનાદિ ભ્રષ્ટ કીધો છે અહીંયાં. 'च्युता:' ભગવાનઆત્મા આમ જ્ઞાનની જ્યોત ચૈતન્ય છે એનું આમ પ્રત્યક્ષ નામ નિશ્ચય, પ્રત્યક્ષ નામ નિશ્ચય, જેવું સ્વરૂપ છે તેવો અંતરમાં અનુભવ થવો, જ્ઞાનાનંદ આત્મા છે એમ અનુભવ થવો. એવા સમ્યગ્જ્ઞાનના પ્રત્યક્ષ જ્ઞાનથી ક્રિયાકાંડમાં ધર્મ માનનારા અનાદિથી સ્વરૂપના પ્રત્યક્ષથી ભ્રષ્ટ છે. 'દેવશીભાઈ'! આવી ઝીણી વાત. 'છોટાભાઈ'! છે પુસ્તક?

વસ્તુ છે વસ્તુ, તત્ત્વ એટલે આત્મા. દેહ, વાણીથી ભિન્ન વસ્તુ જ્ઞાનાનંદ જ્યોત (છે). એવું જે જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા પોતાનું એનું અંદરમાં પ્રત્યક્ષ રાગ, મન, શરીરના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવલંબન વિના એનો અંતરમાં પ્રત્યક્ષ જ્ઞાનનો નિશ્ચય થવો – આ આત્મા છે એમ અંદર રાગ વિના આત્માનો અનુભવ થવો, જેને સમ્યગ્દર્શન અથવા આત્મજ્ઞાન કહે છે. સમજાય છે? એનાથી અનાદિના ભ્રષ્ટ થયા થકા.

એ 'દ્રવ્યક્રિયા કરતા થકા પોતાને કેવા માને છે?' એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન આદિના ભાવ એ શુભરાગ છે, એ દ્રવ્યક્રિયા છે. સમજાણું કાંઈ? એવી દ્રવ્યક્રિયા કરતા થકા, એવા રાગના પરિણામને કરતા થકા. શું કહે છે? આહાહા..! એક એક ગાથા, એક એક પદે... ભગવાનઆત્માનો અંતર અનુભવ થવો એ અનુભવ તે મોક્ષનો માર્ગ છે.

અનુભવ રત્નચિંતામણિ અનુભવ હૈ રસ કૂપ
અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.

એવો આત્મા અખંડાનંદ પ્રત્યક્ષ જ્ઞાનમાં થવો જોઈએ. એવું પ્રત્યક્ષ વેદન ભાન ન કરતા, દ્રવ્યક્રિયા કરતા થકા. એ વ્રત ને નિયમ ને દયા ને દાન ને ભક્તિ ને પૂજા ને કોમળતા ને સેવા ને રાગની મંદતા. એવું 'કરતા થકા પોતાને કેવા માને છે?' 'संवृतिपथप्रस्थापितेन आत्मना' 'संवृतिपथ' 'મોક્ષમાર્ગમાં પોતાને સ્થાપિત કર્યો છે...' એમ માને છે. 'संवृतिपथ'નું પેલામાં કલ્પિત કીધું છે. કહો, સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એણે અનંત કાળમાં કોઈ દિ' આત્મા શું એનું કોઈ દિ' જ્ઞાન કર્યું નથી. સમજાણું કાંઈ?

પાપના પરિણામ અનંતવાર કર્યા. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ. એના વિના દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિના ભાવ પણ અનંતવાર કર્યા પણ એ બે ભાવથી રહિત આત્મા શું ચીજ છે એના જ્ઞાન વિના, ભાન વિના અજ્ઞાની જીવ આ દ્રવ્યક્રિયા કરી, વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને પૂજા કરી ને દાન કર્યા ને પરની દયાઓ પાળી એવા શુભભાવ, એ ક્રિયામાં મોક્ષમાર્ગને માનતા થકા અમે મોક્ષમાર્ગમાં છીએ (એમ માને છે). 'ભીખાભાઈ'! 'प्रस्थापितेन आत्मना' અમે જાણે મોક્ષમાર્ગમાં છીએ. પણ એ શુભરાગની ક્રિયા તો બંધમાર્ગ છે. પુણ્ય બંધનનું કારણ છે, પુણ્ય બંધ થાય. એમાં આત્માનો કલ્યાણનો પંથ નથી. આ રાડ નાખે છે બધા, પુણ્યવાળાને એવી મીઠાશ છે ને! હાય.. હાય..! પુણ્ય અમારું ચાલ્યું જાય છે. ક્યાં હતું તારે? સાંભળને!

મુમુક્ષુ :– સમ્યગ્દર્શનના પુણ્યની વાત છે.

ઉત્તર :– હા એના સમ્યગ્દર્શનનું પુણ્ય. હોય શેનું? સાંભળ તો ખરો. આહાહા..! એવું પુણ્ય જગતને આમ મીઠુ લાગે છે ને! પૈસા, બાયડી ને છોકરા ને આબરુ ને બે-પાંચ-દસ કરોડ હોય ને ઓહોહો..! મીઠો... મીઠો... મીઠો... ઝેર. 'ધર્મચંદજી'! અને એમાં શુભભાવ કાંઈ થાય અંદર રાગની મંદતાનો દયા, દાન આહાહા..! આપણે તો ધર્મ કર્યો હવે. હવે એ તો શુભભાવ છે, સાંભળને! એ તો પુણ્ય છે. એનાથી તો પાછી આ ધૂળ-બૂળ મળશે આ પૈસા કહેવાય ઇ. કાં દેવ-બેવ થાય. એમાં આત્મા-બાત્માને કાંઈ ધર્મ-લાભ નથી. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ? કેમ હશે આ? આ મોટા પંડિતો વાતો કરે છે કે, પુણ્યથી તો ધર્મ થાય અને આ 'સોનગઢ'વાળા આમ કરે છે. પણ આ–આ અમારું છે કે આ કોના ઘરનું છે આ? સમજાણું કાંઈ?

વસ્તુ ચિદાનંદ ભગવાનઆત્મા મહાન પદાર્થ, જેના એક સમયમાં વિકારમાત્ર એમાં પડયો છે, બસ! શરીર, કર્મ તો જુદા છે, આ તો માટી છે. એની દશામાં–હાલતમાં પુણ્ય-પાપના વિકલ્પની અશુદ્ધતાની દશા છે, બસ એટલું. બાકી આખી ચીજ તો શુદ્ધ આનંદકંદ છે. સમજાણું કાંઈ? પણ ક્યાં આત્મા કોને કહેવો? કોઈ દિ' સાંભળે નહિ, વિચારે નહિ.

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન હતું, થયું. એ ભગવાન ફરમાવે છે કે, ભાઈ! તું તો અંદર જ્ઞાનાનંદની સચ્ચિદાનંદ જ્યોત છો. આ જેટલો વિકલ્પ ઉઠે દયા, દાન, પુણ્ય-પાપની વૃત્તિ એ ક્ષણિક, વિકૃત અવસ્થા ઉપાધિભાવ છે. તે ઉપાધિભાવમાં રહ્યો થકો હું મોક્ષમાર્ગમાં છું એમ માનનારા ભીંત ભૂલ્યા છે એમ અહીં કહે છે. સમજાણું કાંઈ?

'મોક્ષમાર્ગમાં પોતાને સ્થાપિત કર્યો છે અર્થાત્ 'હું મોક્ષમાર્ગમાં ચડ્યો છું'...' સમજાણું કાંઈ? બહુ વાત આકરી, ભાઈ! મૂળ તત્ત્વને સમજવા માટે... પાપથી બચવા માટે એવા શુભભાવ હોય પણ એ શુભભાવ પોતે ધર્મ છે, મુક્તિનો માર્ગ છે એમ નથી. સમજાણું કાંઈ? કે, જેમાં ચૈતન્યનો અંતર સ્વરૂપનો સ્પર્શ ન થાય અને રાગનો સ્પર્શ રહે અને મોક્ષમાર્ગ થાય એ ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? પણ અનાદિના અજ્ઞાની એમ માને છે. સાધુ થાય, વ્રત પાળે, ભક્તિ કરે, દાન કરે, દયા પાળે એવા ભાવ કરે અને એમાં અમે મોક્ષમાર્ગમાં છીએ, એમ અજ્ઞાની તત્ત્વના પ્રત્યક્ષ બોધથી ચ્યુત થયા (થકા) આ ભાવને જ મોક્ષનો માર્ગ (માને છે). આ વસ્તુની ખબર નથી એટલે આ શુભભાવના આચરણને જ મોક્ષનો માર્ગ માને છે. સમજાણું કાંઈ?

'એવું માને છે, એવો અભિપ્રાય રાખીને ક્રિયા કરે છે.' એમ ખુલાસો કર્યો. 'એવો અભિપ્રાય રાખીને ક્રિયા કરે છે.' શુભ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એવો શુભભાવ કરી અભિપ્રાયમાં એમ રાખે છે કે, આ મને આનાથી મોક્ષ થશે. એવો અભિપ્રાય રાખીને એવી ક્રિયા કરે છે એ મૂઢ જીવ છે. તેને આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન હોવું જોઈએ તે છે નહિ. અને એ જ્ઞાન વિના તેની ક્રિયાકાંડ (કરે) એમાં જરીએ આત્માને લાભ નથી, ધર્મનો લાભ નથી. સમજાય છે કાંઈ?

'શું કરીને?' 'एनं परिहृत्य' 'શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ છોડીને.' 'एनं परिहृत्य' એક ભગવાન આમ પૂર્ણાનંદ પ્રભુ! આખો અનંત ગુણનો પિંડ છે એને દૃષ્ટિમાંથી છોડી દીધો. ફક્ત પુણ્યના પરિણામમાં જ પ્રવર્તીને મોક્ષમાર્ગ માન્યો. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા વસ્તુ જ્ઞાનાનંદની મૂર્તિ ધ્રુવ ચિદ્‌ઘન, ચિદ્‌ઘન, જ્ઞાનઘન, આનંદઘન એ અનાદિ અનંત ધ્રુવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તત્ત્વ એને એણે દૃષ્ટિમાંથી છોડી દીધો અને દૃષ્ટિમાં ક્રિયાકાંડના શુભ પરિણામમાં આ દૃષ્ટિ વળગાડી, આમાં-આમાં મોક્ષને માર્ગે છું એવો અભિપ્રાય કરી અને આવી ક્રિયાકાંડ કરે છે. એ સ્વરૂપથી ભૂલેલા છે, મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ચૈતન્ય દ્રવ્ય મહા ભગવાનઆત્મા પૂર્ણાનંદ એનો એને આદર નથી, આદર આ વસ્તુના વિકલ્પમાં છે. સમજાણું કાંઈ?

'एनं परिहृत्य' ભગવાન આખો ચૈતન્ય નાથ અનંત ગુણનો પિંડ એણે છોડી દીધો, સ્વરૂપનો અનુભવ છોડી દીધો. આ અનુભવ રહી ગયો એકલો. શુભભાવ વ્રતના ભાવ, દયા-દાનના વિકલ્પનો અનુભવ (રહી ગયો) અને એ અનુભવ એ મારો મોક્ષનો માર્ગ. કહો સમજાય છે કાંઈ? કહો, 'ભગવાનજીભાઈ'! એમ જ છે ને? આ બધા ૭૫-૭૫ વર્ષના, આમ જ કર્યું છે અત્યાર સુધી. આહાહા..!

અરે..! બાપુ! જન્મ-મરણના નાશ કરવાના રસ્તા અલૌકિક છે. એવી સાધારણ વાતથી મોક્ષ થતો હોય તો એવું તો અનંતવાર કર્યું છે, એ કાંઈ નવી ચીજ નથી. નવમી ગ્રૈવેયક જેને સ્વર્ગનો દેવ કહેવાય ત્યાં અનંતવાર દરેક જીવ ગયો છે. અનાદિનો છે કે અત્યારનો છે? તો કેટલા ભવ કર્યા હશે? આદિ વિનાનો આત્મા (છે). આત્માને આદિ છે? કે પહેલો નહોતો? પહેલો નહોતો? ક્યારનો? અનાદિનો છે. તેથી અહીં કીધું ને અનાદિથી ભ્રષ્ટ છે. અનાદિથી ભ્રષ્ટ છે. નિગોદથી માંડીને, એકેન્દ્રિયથી માંડીને પ્રવૃત્તિના પરિણામમાં પડ્યો અને અનાદિથી સ્વરૂપથી ભ્રષ્ટ થઈ રહ્યો છે એમ કહે છે. આહા..! અનાદિ વાત .. ઇ તો ઓલા અસ્થિરતાની .. એ અસ્થિરતાની વાત ...

અહીં તો કહે છે, વસ્તુ જ અનાદિથી ચૈતન્યમૂર્તિમાં સ્વરૂપ સન્મુખ ગયો જ નથી અને આ વિમુખ (થઈ) બહિર્મુખની ક્રિયાકાંડ કરી અને અમે મોક્ષમાર્ગે છીએ એમ અજ્ઞાની(એ) સ્વરૂપના શુદ્ધ ભાવને દૃષ્ટિમાંથી છોડી દીધો છે. આખી ભગવાન વસ્તુ પોતે છે એને દૃષ્ટિમાંથી છોડી દીધી. આત્મપદાર્થ વસ્તુ છે અનાદિ અનંત ધ્રુવ ચિદ્‌ઘન આનંદઘન (એને) છોડી દીધી. આ પુણ્યની ક્રિયા એ મારો ધર્મ ને મારો મોક્ષનો માર્ગ એમ અજ્ઞાની માને છે.

'ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિ કરતા નથી.' લ્યો! સમજાણું કાંઈ? શુભ ક્રિયા પુણ્ય છે, શુભભાવ છે પણ ભગવાનઆત્મા એ શુભભાવથી રહિત વસ્તુ છે. એનો અનુભવ શ્રદ્ધા, જ્ઞાનમાં એનું વેદન કરવું એવો સ્વરૂપનો અનુભવ એ જ મોક્ષનો માર્ગ એક છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ (નથી). પોતે મુક્તસ્વરૂપ તેનો અનુભવ તે મુક્ત પર્યાયમાં મુક્ત થવાનો રસ્તો. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એને કહીએ, કે જે પુણ્ય-પાપના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ આત્માનો અંદર દૃષ્ટિ ને પ્રત્યક્ષ અનુભવ (થાય) એવી દશા તેને સ્વરૂપનો અનુભવ કહે છે. સમજાણું કાંઈ? એવો સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ (છે) એવી અજ્ઞાનીની પ્રતીતિ કરતા નથી, શ્રદ્ધા કરતા નથી. ના... ના... ના... એ અમે કરીએ એમાં મોક્ષમાર્ગ હળવે હળવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થશે. પણ માનવો જોઈએ ને એને. માનવું કોને? અનંતવાર તીર્થંકર પાસે ગયો હતો. સમવસરણમાં અનંતવાર ગયો પણ એને બેસે નહિ ત્યાં સુધી શું કરે? 'ભીખાભાઈ'! અનંતવાર! અરે..! કેટલીવાર તો ભગવાન હતા તીર્થંકર તોય સામુંય જોયું નહોતું ત્યાં. સમજાય છે? એની વાત તો અહીં ક્યાં કરીએ? એ તો હશે કોઈક ઇન્દ્રજાળીયા જેવા, કોઈ હશે ... બધા કાંઈ ન્યાં સભામાં જાય સાંભળવા? સર્વજ્ઞ હોય, ઇન્દ્રો આવીને મોટા સભા હોય. સામુંય જોવે નહિ. હવે ચાલને, આ કર ને, ન્યાં હશે કાંઈક. એ વાત પણ અહીં તો નથી, અહીં તો ન્યાં ગયો હતો. સાંભળ્યું. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અખંડાનંદ શુદ્ધ (છે). એક સમયનો વિકારમાત્ર તારી દશામાં છે. એ સિવાય આખું તત્ત્વ નિર્મળાનંદ છે. એવી વાત સાંભળેલી.

આ પરમાત્મા એક સમયની વિકૃત દશા એનું નામ સંસાર. એ ક્ષણે... ક્ષણે... ક્ષણે... પલટતી ભલે અવસ્થા હો પણ વસ્તુ છે એ તો આખી પૂર્ણાનંદ વસ્તુ (છે). આ એક અવસ્થા ક્ષણિક વિકાર એ શુભમાં આવ્યો, કોઈ અશુભમાં હતો ને શુભમાં આવ્યો પણ શુભમાં પણ દૃષ્ટિ તો ત્યાં છે, દૃષ્ટિ તો ત્યાં છે કે, આ છે ને આ મારો રસ્તો છે. એટલે એને આખો માર્ગ રાગ રહિત સ્વરૂપ જે વીતરાગ નિર્દોષ તત્ત્વ છે એના સ્વરૂપની એને પ્રતીતિ નથી. આ મોક્ષનો માર્ગ એમ એને પ્રતીતિ થતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! હવે ૫૦. એમાં તો આવ્યું હતું ને બધું કે નહિ? એનું કહ્યું હતું, નહિ? ૪૯માં કહ્યું'તું.

( વિયોગિની )

व्यवहारविमूढदृष्टयः परमार्थं कलयन्ति नो जनाः।<br>
तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तण्डुलम्।।५०-२४२।।

ખંડાન્વય સહિત અર્થ :– 'जनाः' કોઈ એવા છે મિથ્યાદૃષ્ટિ જીવો કે જે 'परमार्थ' 'શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે' એવી પ્રતીતિને 'नो कलयन्ति' અનુભવતા નથી. કેવા છે? 'व्यवहारविमूढदृष्टयः' ( व्यवहार ) દ્રવ્યક્રિયામાત્રમાં ( विमूढ ) 'ક્રિયા મોક્ષનો માર્ગ છે' એવા મૂર્ખપણારૂપ જૂઠી છે ( दृष्टयः ) પ્રતીતિ જેમની, એવા છે. દૃષ્ટાન્ત કહે છે : જેમ લોકમાં–વર્તમાન કર્મભૂમિમાં 'तुषबोधविमुग्धबुद्धयः जनाः' ( तुष ) ધાનની ઉપરના તુષમાત્રના ( बोध ) જ્ઞાનથી–એવા જ મિથ્યાજ્ઞાનથી ( विमुग्ध ) વિકળ થઈ છે ( बुद्धयः ) મતિ જેમની, એવા છે ( जनाः ) કેટલાક મૂર્ખ લોક તેઓ, 'इह' વસ્તુ જેવી છે તેવી જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તોપણ, અજ્ઞાનપણાને લીધે 'तुषं कलयन्ति' તુષને અંગીકાર કરે છે, 'तन्दुलम् न कलयन्ति' ચાવલના મર્મને પામતા નથી; તેમ જે કોઈ ક્રિયામાત્રને મોક્ષમાર્ગ જાણે છે, આત્માના અનુભવથી શૂન્ય છે, તે પણ એવા જ જાણવા. ૫૦–૨૪૨.

---

व्यवहारविमूढदृष्टयः परमार्थं कलयन्ति नो जनाः।
तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तण्डुलम्।।५०-२४२।।

દેખો! 'जनाः' 'કોઈ એવા છે મિથ્યાદૃષ્ટિ જીવો કે જે' 'परमार्थं' 'શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે' એવી પ્રતીતિને અનુભવતા નથી.' શું કહે છે? જે કોઈ અજ્ઞાની અનાદિના મિથ્યા બુદ્ધિ છે, અસત્ય બુદ્ધિ છે, શ્રદ્ધામાં વિપરીતતા છે એ જીવ પરમાર્થ પરમ-અર્થ, શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ (છે). જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા તે જ અંદરમાં એકાકાર થતાં નિર્મળાનંદની ધારા વહે એ એક જ મોક્ષમાર્ગ છે. 'એવી પ્રતીતિને...' 'नो कलयन्ति' 'અનુભવતા નથી.' નથી અભ્યાસતા એટલે નથી અનુભવતા. સમજાણું કાંઈ?

'કેવા છે?' 'व्यवहारविमूढदृष्टयः' 'દ્રવ્યક્રિયામાત્રમાં 'ક્રિયા મોક્ષનો માર્ગ છે' એવા મૂર્ખપણારૂપ જૂઠી છે પ્રતીતિ જેમની, એવા છે...' ભાષા એ તો... સમજાણું? એ આમાં લીધું છે, જુઓ! ('સમયસાર નાટક' ૧૨૦) શ્લોક છે ને? 'જૈસૈં મુગધ ધાન પહિચાનૈ, તુષ તંદુલકો ભૈદ ન જાનૈ.' ચોખા હોયને ચોખા? એની ફોતરી હોયને ફોતરી? અથવા લાલપ લાલપ ઓલી લાલ. ફોતરી તો .. ચોખો છે ને ધોળો? એના ઉપર લાલપ છે ને લાલપ? અને ફોતરી એવી ફોતરી લાલપ, એ ચોખો ને ઉપરની લાલપ કે ફોતરી એનો ભેદ જાણતા નથી.

જૈસૈં મુગધ ધાન પહિચાનૈ, તુષ તંદુલકો ભૈદ ન જાનૈ.
તૈસૈં મૂઢમતી વિવહારી, લખૈ ન બંધ મોખ ગતિ ન્યારી.

એ પુણ્યના પરિણામની ક્રિયા એ બંધમાર્ગ છે. એ તુષ ફોતરું છે. ચોખો અંદર ભગવાનઆત્મા અખંડાનંદ પ્રભુ બિરાજે છે. અનંત ગુણનો પિંડ એવા ચોખાને જાણતો નથી. એ ચોખા ઓલા તંદુલને ફોતરાને (માને છે). પેલામાં દાખલો આપ્યો છે ને? સમજાણું?

એ તો આવી ગયું ને હમણાં અર્થ કર્યો. એનો જ અર્થ છે આ, એનો જ અર્થ છે. અહીં તો ઓલો દાખલો આપે છે ને ઓલો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. કો'ક બાય હતી શેઠાણી, એ ચોખા ખાંડતી હતી. ચોખા ખાંડતી ત્યાં ઓલા ખાંડણમાં ચોખા તો હેઠે જાય ને હેઠે? અને ફોતરા રહ્યા ઉપર અને કોઈ ગરીબ બાઈ નીકળી, આવી. ઠીક! આ કાંઈક ફોતરા ખાંડે છે તે એમાં કાંઈ માલ હશે. પણ એને ખબર નથી કે, ફોતરા ઉપર છે ને ચોખા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો અંદર ગરી ગયા છે હેઠે કુટતા કુટતા. અને ઓલી ઘરે ફોતરા ખાંડવા માંડી, આમાંથી કાંઈક નીકળશે. ગૃહસ્થ ખાંડે તો આપણે ખાંડો. પણ દેખાદેખી કરે એમાં (કાંઈ ન મળે). ઓલા તો ચોખા ખાંડે છે. અંદર માલ છે એમાંથી ફોતરું છૂટું પાડે છે અને તું એકલા ફોતરા ખાંડ એમાં ચોખો ક્યાંથી નીકળતો હતો?

એમ જ્ઞાની આત્મજ્ઞાનના ભાન સહિત કોઈ દયા, દાનના, વ્રતના શુભ પરિણામના ફોતરાને પ્રવર્તે છે એમ દેખીને અજ્ઞાની હું પણ એ ક્રિયા કરું તો મારે એને જેમ ધર્મ થાય એમ મારે થાય. પણ પેલા પુણ્ય પરિણામ સિવાય અંદરમાં આત્માની દૃષ્ટિ ને અનુભવ છે, ચોખો આખો અખંડ (છે) એને જોતો નથી. આમાં દાખલો આપ્યો છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં, 'મોક્ષમાર્ગ પ્રકાશક'. સમજાણું?

'તૈસૈં મૂઢમતી વિવહારી.' જેમ એ ફોતરાને દેખે પણ ચોખાને દેખતા નથી. એમ પુણ્ય-પાપના પુણ્ય પરિણામ જે દયા, દાન, વ્રત ક્રિયા એ બધું ફોતરું છે, કુચો છે. એ કુચામાં તો શરીર આદિ મળે, એમાં કાંઈ આત્માની પ્રાપ્તિ ન થાય. 'લખૈ ન બંધ મોખ ગતિ ન્યારી' જુઓ! શું કહે છે? વધારે કહે છે, હોં! 'જે વિવહારી મૂઢ નર, પરજૈ બુદ્ધી જીવ' શરીર ઉપર લક્ષ ને ક્રિયાના કાંડ રાગ ઉપર જેનું લક્ષ છે. 'તિન્હકૈં બાહિજ ક્રિયાવિષૈ, હૈ અવલંબ સદીવ.' (૧૨૧). અજ્ઞાનીને ક્રિયાકાંડના, દયા-દાનના પરિણામ ઉપર સદાય અવલંબ રહ્યું છે. 'કુમતી બાહિજ દૃષ્ટિસૌં, બાહિજ ક્રિયા કરંત, માનૈ મોખ પરંપરા, મનમૈં હરષ ધરંત.' (૧૨૨). જુઓ! આ પરંપરા પાછી લીધી. સમજાણું કાંઈ? આપણે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિ કરીએ (તો) હળવે હળવે આપણને મોક્ષ પરંપરા મળી રહેશે. એમ કુમતિ બાહ્ય દૃષ્ટિવાળો 'બાહિજ ક્રિયા કરંત' છે ને આમાં? વ્યવહાર મૂઢ, વ્યવહાર મૂઢ કીધું ને? 'દ્રવ્યક્રિયામાત્રમાં ક્રિયા મોક્ષનો માર્ગ છે એવા મૂર્ખપણારૂપ જૂઠી પ્રતીતિ જેમની, એવા છે.' લ્યો! સમજાણું કાંઈ? દાખલો આપશે પછી.

'દૃષ્ટાન્ત કહે છે : જેમ લોકમાં-વર્તમાન કર્મભૂમિમાં 'तुषबोधविमुग्धबुद्धयः जनाः' ધાનની ઉપરના તુષમાત્રના જ્ઞાનથી - એવા જ મિથ્યાજ્ઞાનથી વિકળ થઈ છે મતિ જેમની, એવા છે કેટલાક મૂર્ખ લોક તેઓ.' જેમ પેલા ફોતરા ઉપર જેની દૃષ્ટિ છે એવા અજ્ઞાની જન સંસારના અને ચોખાને જોતા નથી. એમ આ ધર્મમાં દયા, દાનની વ્રતની ક્રિયાના શુભભાવના ફોતરાને ભાળે છે પણ અંદર ભગવાન ચિદાનંદ જ્યોત છે એને જોતા નથી. સમજાણું કાંઈ? 'કુમતી બાહિજ દૃષ્ટિસૌં, બાહિજ ક્રિયા કરંત, માનૈ મોખ પરંપરા, મનમૈં હરષ ધરંત.' લ્યો! મનમાં હરખ કરે છે. ઓહોહો..! અમે હળવે હળવે મોક્ષ જાશું, મોક્ષ જાશું.

'સુદ્ધાતમ અનુભૌ કથા, કહૈ સમકિતી કોઈ. સો સુનિકૈં તાસૌં કહૈ, યહ સિવપંથ ન હોઈ.' (૧૨૩). ના... ના... ના... એવું ન હોય. આ કરતાં કરતાં ચોથે, પાંચમે, છઠ્ઠે તો આ જ હોય. આહા..! ગજબ કરે છે ને! સમજાય છે? 'સુદ્ધાતમ અનુભૌ કથા' શુદ્ધ ચૈતન્યમૂર્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનું જ્ઞાન ને અનુભવ. એ કહે કે, બાપુ! અંતરના સ્વરૂપનો અનુભવ અંતર કરવો એ મોક્ષનો માર્ગ છે. 'કહૈ સમકિતી કોઈ' દેખો! સમકિતી તો શુદ્ધાત્મ અનુભવને જ મોક્ષ કહે. એમ આવ્યું ને ભાઈ! એમાં? મિથ્યાદૃષ્ટિ અશુભ ક્રિયા, શુભ ક્રિયાકાંડ અશુદ્ધ ભાવને મોક્ષમાર્ગ કહે. 'સો સુનિકૈં તાસૌં કહૈ, યહ સિવપંથ ન હોઇ.' મોક્ષનો માર્ગ આવો ન હોય, પુણ્યથી થાય, એ શુભ ક્રિયા કરીએ, દયા પાળીએ, ભક્તિ કરીએ, વ્રત પાળીએ, આ કરીએ, તપસ્યા કરીએ, અપવાસ કરીએ કરતાં કરતાં એ મૂર્ખ મૂઢ મિથ્યાદૃષ્ટિ એવા શુભભાવથી ધર્મને મોક્ષનો માર્ગ માને છે. 'ભીખાભાઈ'! આવી ગાળો દેતા હશે?

બાપુ! ભાઈ! તું ભૂલ્યો છો, પ્રભુ! આવો અનંત કાળે મનુષ્ય દેહ મળ્યો, માંડ માંડ મળ્યો. અનંતા અવતાર કર્યા. આ કાંઈ પહેલો નથી. માણસપણું અનંતવાર થયું. દેવ અનંતવાર થયો મોટો દેવ! નરકમાં અનંતવાર ગયો, પશુમાં અનંતવાર ગયો. દેવ મરીને સ્ત્રી થાતી હશે કે નહિ? એ મોટા દેવપુરુષ હોય. મિથ્યાદૃષ્ટિ મૂઢ આત્માને ઓળખ્યા વિના એ જીવો દેવમાં જાય પુણ્ય ક્રિયા કરીને દેવ થાય, પુરુષ થાય ત્યાંથી મરીને થાય સ્ત્રી, તિર્યંચિણી. તિર્યંચિણી સ્ત્રી ને મનુષ્યણી સ્ત્રી થાય. એવા અનંતા અવતાર થયા. આહા..! એકેન્દ્રિયમાં જાય પછી પ્રશ્ન ક્યાં? દેવ પુણ્ય ક્રિયા કરીને સ્વર્ગ ગયો. આત્માનું ભાન ન મળે હું કોણ છું? એવી પુણ્યને ક્રિયા(થી) સ્વર્ગમાં જાય, મરીને એકેન્દ્રિય પૃથ્વીમાં જાય, ફૂલમાં જાય, પાણીમાં અવતરે. સમજાણું કાંઈ? બરાબર હશે? પુરુષ મરીને સ્ત્રી થાતી હશે? અરે..! અનંતવાર તું થયો હવે સાંભળને! ખબર ક્યાં છે એકેય વાતની? સ્ત્રી મરીને પુરુષ થાય, પુરુષ મરીને સ્ત્રી થાય, પુરુષ મરીને નપુસંક થાય નરકના નારકી. આ મોટા રાજા-મહારાજા છે ને? એ ત્યાં હેઠે જાય છે હેઠે, નરકમાં નારકી થાય છે. અનંત અનંત એવા વારંવાર અવતાર કર્યા અને શુભભાવ પણ અનંતવાર કર્યો. એના ફળમાં આ ધૂળ મનુષ્યમાં થાય કે આ ત્યાં દેવમાં જાય. ત્યાંથી પડ્યો હેઠો હડપ દઈને.

કહે છે, એ વાત અજ્ઞાનીને ગોઠતી નથી. ના... ના... ના... આ મારું સારું, આ મારું સારું એમ કહે છે. સમજાણું? 'મૂર્ખપણારૂપ જૂઠી છે પ્રતીતિ જેમની, એવા છે.' એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવ ધર્મરૂપી હીન ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન.' એક તો જાણે એને દયા, દાન, વ્રતના પરિણામમાં પ્રેમ ને મોક્ષમાર્ગ માને. એના ઉપદેશકો પણ એવા મળી ગયા એને ઝુકાવનાર. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવ ધર્મ...' જ્ઞાનાનંદ સ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાનના વેદનના અભાવ. એના વિના ફક્ત આ ક્રિયાથી મારો મોક્ષ (થશે એમ માને). 'ઉપદેશક પણ તેહવા' એને માથે બેસનારા એવા મળ્યા. 'જહલો જોગી ને માલી મકવાની' બેનો થઈ ગયો મેળ. ઇ કહેવત છે કે નહિ તમારે હશે કાંઈક, હિન્દીમાં કહેવત હશે કાંઈક. એ તો અમારે ગુજરાતીની જેમ હશે. 'જહલો જોગી' એટલે એવો એક જોગી હતો નાકકટ્ટો એને એક મળી ગયેલી બાઈ. બેય ભેગા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


થયા. એને કોઈ રાખતું નહોતું ને ઓલાને કોઈ દેતું નહોતું. હશે, હશે પણ એને ખબર ન હોય. 'હિન્દુસ્તાન'માં કોઈ એવી વાર્તા, કથા છે. એ તો ઘરે ઘરે ધૂળ જ હોય, ચુલામાં કાંઈ કસ્તુરી હોય? એમ ગામે ગામ એવી વાત તો હોય જ. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવના અંતર વેદન, શ્રદ્ધાના ભાન વિના એકલી આવી ક્રિયાકાંડથી જે ધર્મ માને છે કહે છે કે, એની દૃષ્ટિ મૂઢ ને જૂઠી છે. છે ને લખ્યું છે ને? 'ધાનની ઉપરના તુષમાત્રના જ્ઞાનથી – એવા જ મિથ્યાજ્ઞાનથી વિકળ થઈ છે મતિ જેમની,...' મૂઢ થઈ ગયા છે કહે છે. ઓહો..! રાડ નાખી જાય છે અત્યારે. પોકાર... પોકાર... આમ કહો... કહો... કહો... .. ભગવાન! સાંભળને ભાઈ! અરે..રે..! આ પુણ્ય પરિણામને તો બંધનું કારણ કહે છે, શુભભાવ મોક્ષનું કારણ છે એને આમ કહે છે. શુભભાવમાં પણ શુદ્ધતા થોડી છે, એનાથી કર્મનો ક્ષય થાય છે દર્શનમોહનો.

મહેનત શું મજૂરી કરે છે, શું કરે છે? પ્રમાણિક એટલે શું? એણે શું કર્યું છે? કોઈ રાગની મંદતા કરી હોય કદાચિત્. એ મજૂરી છે. સમજાણું? અશુભરાગ પલટીને તે મિથ્યાત્વ તો છે જ સાથે. એ મૂળ અશુભ પાપ જે મિથ્યા અભિપ્રાય, અહીં તો અભિપ્રાય કહ્યું ને? અભિપ્રાયમાં કષાય તો છે, શુભરાગ કરવા જેવો (છે) એવો અભિપ્રાય તો તીવ્ર છે.

જ્ઞાનીને રાગ મંદ આવે પણ કરવા જેવો અભિપ્રાય નથી એટલે એનો મંદ કષાય ઘણો અલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા નિર્દોષ અકષાય સ્વરૂપ નિર્દોષ આનંદઘન એની જ્યાં દૃષ્ટિ છે, એવું ભાન છે ત્યાં જે રાગનો મંદ ભાવ વ્રત, દયા, દાન એવા હો પણ એનાથી મોક્ષમાર્ગ છે એમ નથી માનતો એટલે અભિપ્રાયમાં કષાય નીકળી ગયો છે અને અજ્ઞાનીને આ રાગ મારો ધર્મ છે ને મને આનાથી કલ્યાણ (થશે) એ મિથ્યા અભિપ્રાયનું જોર છે ત્યાં. એ અભિપ્રાયનું જોર એટલે તીવ્ર કષાય છે ત્યાં.

મુમુક્ષુ :– શુભભાવમાં શુદ્ધનો અંશ છે ને ત્યાં.

ઉત્તર :– .. આ બધા ક્યાં રહે એમાં ક્યાં પહેલેથી થાય. છે ને ધર્મ, વ્યવહાર ધર્મ છે ને, વ્યવહાર ધર્મ છે ને, એ પણ ધર્મ છે ને એમ. શુભભાવ એ ધર્મ છે ને શુદ્ધ ભાવ એ ઊંચો ધર્મ છે. બારમાં સુધી શુભભાવ થઈ પછી ઉલટીને ઉત્તર પર્યાય શુદ્ધ થાય છે એમ કીધું. જેટલો મોહ ઘટે એટલી શુદ્ધતા તો ત્યાં છે પણ અખંડ ઉપર વર્ત્યા છે ને? એ તો ખબર છે ને. અખંડ ઉપર ગયો છે ને હમણા. ઉપયોગ શુભ જ કહેવાય, અખંડ એટલે ઉપયોગ શુભ જ કહેવાય. અખંડ કહેવાય. ભલે શુભ તોપણ અખંડ કહેવાય. શુદ્ધ તો બારમે–તેરમે જ હોય. તમારા ભાઈને સમજાવવા આવવાના હતા પણ આવ્યા નથી. આહા..! ભગવાન! દરેકને એવું તો હોય ને! હું કાંઈક છું એવું તો હોય, એ વિના નભે શી રીતે? આહાહા..! અરે..! પ્રભુ! આ કોઈ વાદ-વિવાદની ચીજ નથી, ભાઈ! એ અનંત કાળે એને અંતર દૃષ્ટિ કરવી એમ એને બેઠું નથી. આ જ્યાં બેસે કે, આવા ક્રિયાકાંડથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મ થાય (ન થાય), દૃષ્ટિ કરવા જેવી અંતર છે ને આ નહિ એમ બેસે શી રીતે એને? અને અંતર જે જ્ઞાનાનંદની ખાણ આત્મા તો મહા પ્રભુ છે, ચૈતન્ય પ્રભુ છે આત્મા, એની દૃષ્ટિ કરીને એનું વેદન એનું નામ મોક્ષની ક્રિયા ને મોક્ષના માર્ગની ક્રિયા છે. આ કરવા જેવું છે એમ પણ બેસતુ નથી એને. સમજાણું કાંઈ?

અનાદિકાળના એવા અવતાર ધૂળના કર્યા અને કાંઈ પુણ્યનો ઉદય હોય (તો) દુનિયામાં મોટો ગણાય, મોટો માને. પુણ્યની એવી વાતું છે આ. પાછા પડવાના હેઠે. આ તો બહારના પુણ્યથી ફરી જવાના પાછા. કારણ કે જેને વિકાર ઉપર પ્રેમ ને રુચિ છે એ તો પાપ દૃષ્ટિ છે. પાપ દૃષ્ટિ છે એટલે પુણ્ય પરિણામ પણ પલટીને એને અશુભ થઈ જવાના. આહાહા..! કારણ કે એ તો વિકારનું ચક્ર છે. શુભ-અશુભ... શુભ-અશુભ... શુભ-અશુભ... શુભ-અશુભ... એ શુભનો જેને પ્રેમ છે ને એનું ચક્ર અશુભ થઈ જશે. દૃષ્ટિ મિથ્યાત્વ છે ને? આહા..! ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની અંતરમાં દૃષ્ટિ ને અનુભવ તે મુક્તિનો માર્ગ છે એમ અજ્ઞાનીને બેસતું નથી. મોટા વાદ-વિવાદ (કરે).

(અહીંયાં) કહે છે 'કેટલાક મૂર્ખ લોક તેઓ.' મતિ જેમની ખોટી એવા મિથ્યાજ્ઞાનથી વિકળ થયા. 'વસ્તુ જેવી છે તેવી જ છે તોપણ, અજ્ઞાનપણાને લીધે...' દેખો! વસ્તુ તો ભગવાન જ્ઞાનમૂર્તિ જે છે તે છે. એ વિકલ્પના શુભભાવને ધર્મ માને મોક્ષમાર્ગ માને તો પણ વસ્તુ તો જે છે તે છે. 'અજ્ઞાનપણાને લીધે...' 'तुषं कलयन्ति' 'તુષને અંગીકાર કરે છે,...' એ તુષનો અભ્યાસ કરે છે લ્યો! વિકલ્પ ને રાગનો જ અભ્યાસ કરે છે. શુભભાવનો અભ્યાસ 'कलयन्ति' એટલે અનુભવે છે. શુભભાવ, શુભભાવ એ જ મારું કર્તવ્ય, એ મારા કાર્ય ને એ જ મારી સ્થિતિ ને એ મારો માર્ગ. સમજાણું? પેલામાં તો એમ લખ્યું ને પરંપરા થશે. એમ કરતાં કરતાં પણ અમારે પરંપરા થશે. બાપુ! રાગની ક્રિયા કરતાં કાંઈ આત્માની ક્રિયા પ્રાપ્ત થાય? ચૈતન્ય જ્યોત... સમજાણું? જ્ઞાન સ્વરૂપ આત્મા એ તો ચૈતન્ય જ્યોત છે, એમાંથી ચૈતન્યના કિરણો નીકળે, જ્ઞાનના કિરણ પ્રગટ થાય. રાગ પ્રગટ થાય એ કાંઈ એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

'કેટલાક મૂર્ખ લોક' 'तुषं कलयन्ति' કહે છે કે, એ ફોતરાનો જ અભ્યાસ કરે છે એમ કહે છે. ચોખાના જેમ ઉપરના ફોતરાને ખાંડે છે એમ અજ્ઞાની એ ક્રિયાકાંડનું ફોતરું શુભભાવ, પુણ્યભાવ એનો એને અભ્યાસ છે. એનાથી રહિત મારી ચીજ શું છે એનો અનુભવ તે મોક્ષમાર્ગ એની પ્રતીત કરતા નથી. 'तन्दुलम् न कलयन्ति' 'ચાવલના મર્મને પામતા નથી;...' ભાષા જુઓ! ખરેખર તો 'तन्दुलम् न कलयन्ति' એટલે ચોખાનો અભ્યાસ કરતા નથી, અનુભવ કરતા નથી. સમજાય છે? એ 'तन्दुलम् न कलयन्ति' ચાવલના મર્મને જાણતો નથી. ચોખો ધોળો અખંડ જુદો છે, ફોતરાથી ચોખો જુદો છે એમ એનો અનુભવ કરતા નથી એટલે કે એના મર્મને જાણતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'તેમ જે કોઈ ક્રિયામાત્રને મોક્ષમાર્ગ જાણે છે,...' સમજાણું કાંઈ? 'જે કોઈ ક્રિયામાત્રને મોક્ષમાર્ગ જાણે છે...' શુભરાગ. સમજાણું કાંઈ? ચોખા ઉપરના ફોતરાને ચોખો માને છે. કાઢી નાખવાની ચીજને જ ચોખો માને છે, રાખવાની ચીજ તો છોડી દે છે અંદરથી. એમ જે કોઈ અંદર પુણ્યના પરિણામ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિ ભાવ શુભરાગ છે, પુણ્યભાવ છે. પવિત્રતાના સ્વભાવને રોકીને ઉભો થયેલો છે. એ છોડવા જેવો છે, આદરવા જેવો નથી. છતાં એને જ મોક્ષમાર્ગ જાણે છે. 'ક્રિયામાત્રને મોક્ષમાર્ગ જાણે છે,...'

'આત્માના અનુભવથી શૂન્ય છે,...' પેલામાં એમ લીધું કે, ચાવલના મર્મને જાણતો નથી, એમ કીધું ને? વાત તો દાખલો કીધો. એમ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન પ્રભુ આત્મા એના અનુભવને જાણતા નથી. એટલે અનુભવથી શૂન્ય છે એને ધર્મ ને મોક્ષમાર્ગ હોતો નથી. 'તે પણ એવા જ જાણવા.' એ ફોતરા જેવા જાણવા. આવા લખાણ પડ્યા છે સ્પષ્ટ છે પણ શું થાય? અને સમાજને ગોઠે એવું. આવું કહેવાય? ઇ પાપ કરે છે? દુકાને બેઠો છે? દુકાને બેઠો ત્રાજવા તોળે છે ન્યાં? .... એ 'ધર્મચંદજી'! નમો અરિહંતાણં, નમો અરિહંતાણં, નમો અરિહંતાણં, નમો અરિહંતાણં (કરે). ૐ ૐ ૐ ભગવાન. ન્યાં ક્યાં પાપ કરે છે? ભાઈ! સાંભળને બાપુ! એ શુભરાગ છે એ વિકલ્પ છે તને ખબર નથી, ભાઈ! અને એને ધર્મ માનવો એ મિથ્યાત્વનું પાપ છે. મિથ્યાત્વ નામ અસત્ય બુદ્ધિનું પાપ છે એની તને ખબર નથી.

એ ધ્યાન કરે ત્યારે ને? કોઈ દિ' નવરો કે દિ' થયો છે? આ હોળી એક તો જગતની જાણે. આ બાયડી ને છોકરા ને ધંધો ને આ ને ખાવા ને પીવા ને સળગી રહ્યો ત્યાં રાગમાં એક તો. એમાંથી કદાચ નવરો થાય તો આ દયા, દાન ને વ્રતના, ભક્તિના પરિણામમાં માની બેઠો. આ ચીજ કોણ છે જોવાને નવરો કે દિ' છે ઇ? સમજાણું કાંઈ? નથી કહેતા કેટલાક? મરવાનો અમને વખત નથી. તમે બધી વાતું મોટી કરો. મરી જાઈશ ત્યારે તો ઉભો ટાંગો પડશે ખાટલામાં આમ પડશે. મરવા નવરો નથી શું? સમજાણું કાંઈ? પૈસાવાળાને એવું હોય, હોં!

મુમુક્ષુ :- મરવાની ફુરસદ નથી.

ઉત્તર :- મરવાની ફુરસદ નથી. મરશે ત્યારે પડ્યો રહશે આમ. એ શેઠને કાંઈક થયું. શું કહેવાય આ? કંપવા થયો. કાંઈક આંચકા મારે છે, આંચકા મારે છે. નાખને તારી આ હોળી આ પૈસા છે, નાખ, દે ન્યાં. 'મગનભાઈ'! શું થાતું હશે ત્યાં? પૈસા-બૈસા કરોડ, બે કરોડ હોય તો? આને પૂછો ને એને. એના છોકરા પાસે બે કરોડ રૂપિયા છે, લ્યો!

મુમુક્ષુ :- ઇ સુખી કે આ સુખી?

ઉત્તર :- બેય દુઃખી. કોણ સુખો હતો? ધૂળમાંય સુખી નથી. સમજાણું કાંઈ? શું કહેવાય એ? બ્લડ પ્રેશર થાય છે ને? 'પુનમચંદ'ને થાય છે. રૂપિયા ક્યાં બે કરોડ પડ્યા છે? ક્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે ત્યાં? હોળી એની પાસે રહી પૈસામાં.

મુમુક્ષુ :– દવા કરે છે.

ઉત્તર :– ધૂળમાંય નથી દવા કરે તો એં એં કરે છે. ડૉક્ટર કહે કે, ભાઈ! કરીએ છીએ દવા પણ વળતું નથી, હોં! વળતું નથી. એ તો એની જડની પર્યાય વળવાની હોય તો વળે. શું તારી દવાથી વળતી હતી? ઉપાય તો ઘણા કરીએ છીએ, કહે છે. ... પંદરસો રૂપિયાનો પગાર લાવ્યો, એક દિ' ના. મોટો ડૉક્ટર આવ્યો હતો ને 'મુંબઈ'થી? ... પંદરસોનો ડૉક્ટર લાવ્યો હતા ને પાંચસો બીજા. બે હજાર એક બે ત્રણ કલાકના. પૈસા શું પૈસા તો બધા ઢગલા પડ્યા હોય ધૂળના. ન્યાં શું કરે? હવે આઠ દિ' ટ્રીટમેન્ટ કરો. શું કહેવાય તમારી ભાષામાં? ટ્રીટમેન્ટ. થવાનું હશે એ થાશે પછી લાવજો અમારી પાસે. ધૂળમાંય નથી. પૈસા લેવા છે એમ કહે ને પાધરા. આહા..!

મુમુક્ષુ :– ડૉક્ટર હોય તો સંતોષ થાય ને.

ઉત્તર :– માને છે મૂઢ. ન્યાં સંતોષ શેનો છે? ન્યાં અંદરથી આમ થાતું હોય ને! બ્લડપ્રેશર આમ માથુ ફાટતું હોય. એ તો રજકણ ફરતા હોય આત્મા શું કરે એને? જડની દશા ફરે ત્યાં આત્માનો અધિકાર છે? આત્માનો. એ કાં કરે વિકાર અને કાં કરે અવિકારી દૃષ્ટિ, અનુભવ. કરે શું બીજું ઇ?

અહીં કહે છે કે, અજ્ઞાનીને એ દયા, દાન, વ્રતના પરિણામ અને વ્રત, દયા, અહિંસા, સત્ય, દત્ત બસ એ ક્રિયા એને ભાસે છે. પાપથી ખસીને પુણ્યમાં આવ્યો અને એ એને અજ્ઞાનીને ધર્મ ભાસે છે પણ એ ધર્મ છે નહિ. આહાહા..! 'આત્માના અનુભવથી શૂન્ય છે, તે પણ એવા જ જાણવા.' કોના જેવા? પેલા ફોતરાના ચોખા જેવા. ૫૦ (કળશ પૂરો થયો).

---

( સ્વાગતા )

द्रव्यलिङ्गममकारमीलितै- दृश्यते समयसार एव न।
द्रव्यलिङ्गमिह यत्किलान्यतो ज्ञानमेकमिदमेव हि स्वतो।।५१-२४३।।

ખંડાન્વય સહિત અર્થ :– 'द्रव्यलिङ्गममकारमीलितैः समयसारः न दृश्यते एव' ( द्रव्यलिङ्ग ) ક્રિયારૂપ યતિપણું, તેમાં ( ममकार ) 'હું યતિ, મારું યતિપણું મોક્ષનો માર્ગ' એવો જે અભિપ્રાય, તેના વડે ( मीलितैः ) અંધ થયા છે અર્થાત્ પરમાર્થદૃષ્ટિથી શૂન્ય થયા છે જે પુરુષો, તેમને ( समयसारः ) શુદ્ધ જીવવસ્તુ ( न दृश्यते ) પ્રાપ્તિગોચર નથી. ભાવાર્થ આમ છે કે, મોક્ષની પ્રાપ્તિ તેમને દુર્લભ છે. શા કારણથી ? 'यत् द्रव्यलिङ्गम्

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इह अन्यतः, हि इदम् एकम् ज्ञानम् स्वतः' ( यत् ) કારણ કે ( द्रव्यलिङ्गम् ) ક્રિયારૂપ યતિપણું. ( इह ) શુદ્ધ જ્ઞાનનો વિચાર કરતાં, ( अन्यतः ) જીવથી ભિન્ન છે, પુદ્ગલકર્મસંબંધી છે; તેથી દ્રવ્યલિંગ હેય છે; અને ( हिः ) કારણ કે ( इदं ) અનુભવગોચર ( एकं ज्ञानं ) શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ ( स्वतः ) એકલા જીવનું સર્વસ્વ છે; તેથી ઉપાદેય છે, મોક્ષનો માર્ગ છે. ભાવાર્થ આમ છે કે, શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ અવશ્ય કરવા યોગ્ય છે. ૫૧-૨૪૩.

---

द्रव्यलिङ्गममकारमीलितै-दृश्यते समयसार एव न।
द्रव्यलिङ्गमिह यत्किलान्यतो ज्ञानमेकमिदमेव हि स्वतो।।५१-२४३।।

આહા..! અરે..! એને રુચ્યું નહિ, ગોઠ્યું નહિ. ઝાટકો લાગે અંદર. માંડ અમે પુણ્ય કરીએ છીએ, એમાં ધર્મ નહિ, એમ કહે છે. ત્યારે અમારે ન કરવું? હવે કરવા ન કરવાનો કોણ પ્રશ્ન છે? ન કરવા, કરવાનો કોણ પ્રશ્ન છે? એ તો ભાવ આવે. રાગ મંદતાનો ભાવ હો, હોય પણ એને તું આપણો હવે મોક્ષ થશે ને જન્મ-મરણ રહિત થઈ જશું, એ વાતમાં એકેય દોકડો સાચો નથી. સમજાણું કાંઈ? હજી તો નવરો નથી. વળી કેટલાક કહે, હજી તો નવરા થાતા નથી એને એ વાત સંભળાવવી? એ..ઇ..! ઘણી ઘણી જાતના માણસો છે, બાપા! ભાઈ! એ મરવાના ટાણા આવશે ત્યારે ... ફાટી જશે. ભાઈ! કરવાના કાળ છે, ભાઈ! એને ટાણે નહિ કર તો કે દિ' કરીશ? ભાઈ! માંડ પાંચ-પચાસ વર્ષનું આયુષ્ય. અનંત કાળ નિગોદ... નિગોદ... નિગોદ... આહાહા..! ક્યાં મર્યો, ક્યાં જન્મ્યો, ક્યાં રહ્યો? સમજાય છે? 'કહા જન્મે, કહા બિછડે, કહા લડે જો લાડ, નહિ જાણું કે રુખ તલે જઈ પડેંગે હાડ' ક્યાં અનંત કાળથી... અનાદિનો આત્મા એના પરિભ્રમણમાં કોઈ ક્યાંય સહાય થયું નથી. એકલો જન્મ્યો ને એકલો મર્યો, એકલો જન્મ્યો ને એકલો મર્યો. હાય! હાય! સમજાણું?

એને ટાણા મનુષ્યપણાના મળ્યા. કાલે આવ્યું હતું ને 'अद्यापि'. ભાઈ! તું એમ ન કહે, બાપુ! એમ ન કહે. 'अद्यापि' આત્મા પ્રકાશની ચૈતન્યમૂર્તિ એને પ્રાપ્તિનો પ્રભુ! આવો મનુષ્યભવ તે કાળ છે. આહાહા..! ભાઈ! આવા ટાણા મળવા મુશ્કેલ છે. સમજાણું કાંઈ? એમ ન માન કે, આવું આ બધું ઊંચું..! બાપુ! એ તો તારા ઘરની વાત છે ને એને તું બેસાડ નહિ, ત્યારે કે દિ' બેસાડીશ? આહાહા..! એ ગરીબ દુઃખી, સઘન દુઃખી, દીકરાવાળા દુઃખી, વાંઝિયા દુઃખી... બધા દુઃખી હશે? કેમ હશે? 'જેચંદભાઈ'! બધા દુઃખી?

આત્માના સ્વરૂપના આનંદમય પ્રભુ છે. આત્મામાં તો આનંદ ભર્યો છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છે એ તો. સત્ શાશ્વત જ્ઞાનાનંદ. અરે..! એના આનંદની સામું તારે જોવું નથી અને તને સુખ મળે. જ્યાં સુખ છે એને સુખ માનવું નથી. ધૂળમાં પૈસામાં ને પુણ્ય-પાપના ભાવમાં સુખ. એમાં સુખ છે? આ શુભભાવ થયો ને દયા-દાન આદિ ને એમાં સુખ છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ તો રાગ છે, એ તો આકુળતા છે. આનંદનું ઢીમ ચિદાનંદ આત્મા છે.

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે પ્રગટ પર્યાયમાં કર્યો. એ આવ્યો ક્યાંથી પ્રગટ કરેલો? બહારમાંથી આવે છે ક્યાંયથી ચીજ? કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત શુદ્ધ ઉપયોગ પ્રગટ ક્યાંથી કર્યો? અંદરમાં વસ્તુ પડી છે ને! છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે કે ન હોય એમાંથી આવે? હોય એમાંથી આવે કે ન હોય એમાંથી આવે? કૂવામાં હોય એ અવેડામાં આવે (ને). કૂવામાં હોય પેશાબ ને અવેડામાં આવે પાણી એમ હશે? એમ કૂવા ભર્યા છે પાણીના એમાંથી અવેડામાં આવે. એમ ભગવાનઆત્મા ઓહો..! અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો કૂપ, મોટો સાગર છે. એ દૃષ્ટિ ને એકાગ્રતાથી ખેંચ એટલો પ્રવાહ નીકળે એવો છે એમ કહે છે. આહાહા..! અરે..! ભાઈ! આવા કાળ વખતે એવી પ્રતીત કરવાનો પણ તને વખત નથી. ક્યાં તું જાઈશ? ભાઈ! જાઈશ ક્યાં તું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ભગવાન સુખી છે એમ કહે છે.

ઉત્તર :– કોણ કહે છે ભગવાન સુખી છે. આત્મા સુખી છે. અંદર વસ્તુ છે સુખી એમ કહે છે. પણ માને છે. પર્યાયમાં સુખ કે દિ' ધૂળમાં હતું? જૈન સાધુ થયો પંચમહાવ્રતનો પાળનાર, જગતમાં જંગલમાં રહેતો, હજારો રાણીનો ત્યાગ. બીજા દેવલોકની ઇન્દ્રાણી આવે તો ચળે નહિ એવું બ્રહ્મચર્ય (પાળ્યું). પણ એ બધો પરદ્રવ્યના લક્ષે શુભ ક્રિયાનો કાંડ, શુભભાવ (છે). આમ અંદર ચિદાનંદમૂર્તિ પરમાત્મા સર્વજ્ઞ પ્રભુએ કહ્યો એવો આત્મા છું એવું એણે કોઈ દિ' એક સેકન્ડ પણ નજર નાખી નથી. નજર નાખવા જેવું એણે કબુલ્યું પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

પાંચ-પચાસ હજાર પેદા કરવા લાખ, બે લાખ તો માથા ફોડી સગા, કુટુંબ મુકીને બહાર રખડે માથા મૂકીને. ભીખાભાઈ'! રખડે છે કે નહિ ગામ છોડીને ક્યાંક? રખડ્યા રખડ હવે પાંચ-પચાસ હજાર, બે, પાંચ, દસ, લાખ ધૂળ. મરી ગયો કરી કરીને પણ આ આત્મા શું છે (એને) સમજવાની, શ્રદ્ધાની ઓળખાણની દરકાર (કરી) નથી. ત્યાગી થયો તો ન્યાં સલવાઈ ગયો એમ અહીં તો કહે છે. આહાહા..! 'ટાંગો કહે સલાવાણા કઈ ચડ્યા ને કઈ પાણા' એ સલવાયો હવે ત્યાં. અમે દયાઓ પાળીએ છીએ, અમે વ્રત પાળીએ છીએ, અમે ત્યાગ કરીએ છીએ, અમે બ્રહ્મચર્ય પાળીએ (છીએ), અમારે ક્યાં સ્ત્રી સેવન છે? સાંભળને હવે. આ શુભ પરિણતિને પોતાની માનવી એનું નામ પરસ્ત્રીનું સેવન છે. આવે છે ને? નહિ સાતમામાં? શું કહેવાય? જુગાર, વ્યસન–વ્યસન, સાત વ્યસનમાં આવે છે. સમજાણું?

ભગવાનઆત્મા મહાન ચૈતન્યનો આખો જેમ ગોળનો આખો રવો ભર્યો હોય ને? ગોળનો. 'કોલ્હાપુર'નો ગોળ હતો કે નહિ? આ ભાઈએ જોયો હતો કે નહિ? કેવો પેલો અડધા નંબરનો? બહુ ઊંચો હોય છે, અડધા નંબરનો ઊંચો હોય. ધોળો. 'કોલ્હાપુર'માં આપણા છે ને ત્યાં 'લક્ષ્મીચંદભાઈ' 'દડવાવાળા'. 'લક્ષ્મીચંદભાઈ' ઇસ્પિતાલવાળા. હળવે હળવે બધાય ઇસ્પિતાલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખાલી કરશે ને! કેટલો કાળ રહેવું? આ દેહમાં રહેવું કેટલું? આ એક ઇસ્પિતાલ છે. થોડો કાળ રહીને પાછો બીજે ન્યાં રહીને ત્રીજે.

અહીં તો કહે છે ભગવાન! તારા કાળ પ્રભુ આવ્યા છે ને! સ્વરૂપને જાણવાના. આહાહા..! એ નિગોદમાં ક્યાંય પત્તો નહિ ખાય, ભાઈ! એ શરીરમાં અનંતા જીવ છે, હોં! બટાટા, શકરકંદમાં ગયો, ક્યાંય પત્તો નહિ થાય. ત્રસપણું પામવું મુશ્કેલ પડશે. તું એમ ન માન કે અહીં મને હુફ ચડી ગઈ છે માટે આમ થયું. સાધુ થઈને પણ ત્યાગી થઈ નામ ધરાવી અને એ વ્રત ને નિયમ ને ક્રિયાકાંડના પરિણામમાં ધર્મ માને (એ) મૂઢ મિથ્યાદૃષ્ટિ મરીને હળવે હળવે નિગોદ જાઈશ, એમ કહે છે. સમજાણું કાંઈ? એ ત્યાંથી છૂટવા મુશ્કેલ પડશે, ત્રસ થવા (મુશ્કેલ પડશે). એ તું અત્યારે આમ લાલઘૂમ ફરે છે, અમે આમ છીએ, અમે આમ છીએ. બાપા! એ કુદરતાના નિયમના વિરુદ્ધ ભાવ તું કરે છો ને એમાં તું ધર્મ ને મુક્તિનો માર્ગ માને ને મનાવે. માંડ કરતા હોય એને કહે, બરાબર છે. તમારો ધર્મ છે, તમારે ધર્મ છે. આહા..!

કહે છે, એ બધા અજ્ઞાની 'द्रव्यलिङ्गममकारमीलितैः समयसारः न दृष्यते एव' 'ક્રિયારૂપ યતિપણું,...' જોયું? છે ને? ન્યાં લીધું ઠેઠ. 'હું યતિ,...' હું સાધુ છું, અમે સાધુ છીએ, અમે નગ્ન છીએ, અમે જુઓ અહિંસા પાળીએ છીએ. દયાનો ભાવ એ તો શુભ છે. અમે યતિ છીએ. 'મારું યતિપણું મોક્ષનો માર્ગ...' અમારા આ મુનિપણાના પંચમહાવ્રત આદિ ક્રિયા મોક્ષનો માર્ગ. આહાહા..! એ પરદ્રવ્યના ભાવ, ઉપાધિવાળો ભાવ એને તું મોક્ષનો માર્ગ માને 'એવો જે અભિપ્રાય, તેના વડે અંધ થયા છે...' આંધળા છે, અહીં તો કહે છે. આંધળા. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! ચૈતન્ય દિવડો અંદર બિરાજે છે મહા ભગવાન, એને અંતરમાં જોવાને, જાણવાને નવરો થાતો નથી અને આ ક્રિયા આ કરું ને આ કરું, આ કરું ને આ કરું. ચોવીસ કલાકમાં આ મૂક્યું ને આ પ્રાયશ્ચિત લીધું ને આ દીધું... એવા ક્રિયાકાંડથી મારો મોક્ષનો માર્ગ (છે) એવો અભિપ્રાય રાખે છે, ભાઈ! તારી રુચિમાં મોટો ફેર છે.

'मीलितैः' આંખ્યું મીંચાય જશે. આંખો મીંચતા નથી? આત્મા શુદ્ધ સ્વરૂપ એનાથી તારી આંખો મીંચાય ગઈ છે, ભાઈ! આ રાગના, પુણ્યના, વિકલ્પમાં તારી આંખો આંધળી થઈ ગઈ છે. વસ્તુને તું જોવા નવરો થતો નથી. 'અંધ થયા છે અર્થાત્ પરમાર્થદૃષ્ટિથી શૂન્ય થયા છે જે પુરુષો, તેમને શુદ્ધ જીવવસ્તુ પ્રાપ્તિગોચર નથી.' લ્યો! એને ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની શ્રદ્ધા ને જ્ઞાનનું ભાન નથી. એને આત્માની પ્રાપ્તિ નથી પણ પુણ્યની પ્રાપ્તિથી ચાર ગતિમાં રખડશે. આંધળા થયા થકા ભગવાનઆત્માને જોયા વિના, અનુભવ્યા વિના આ પુણ્યની ક્રિયાથી ધર્મ માનનારા ચાર ગતિમાં રખડશે, એમ કહે છે.

( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## માગશર સુદ ૯, ગુરુવાર તા. ૨-૧૨-૧૯૬૫.
## કળશ–૨૪૩, ૨૪૪ પ્રવચન–૨૫૭

૫૧ ચાલે છે. શું કહે છે? જુઓ! ભાવાર્થ છે ને? ત્રીજી લીટી 'ભાવાર્થ આમ છે કે મોક્ષની પ્રાપ્તિ તેમને દુર્લભ છે.' કોને? જે કોઈ વ્રત, નિયમ, ક્રિયાકાંડના શુભરાગ એવા દ્રવ્યલિંગથી જે મોક્ષ માને છે એને માટે દુર્લભ છે. સમજાણું કાંઈ? 'શા કારણથી?' 'यत् द्रव्यलिङ्गम् इह अन्यतः, हि इदम् एकम् ज्ञानम् स्वतः' 'કારણ કે દ્રવ્યલિંગ જે છે ક્રિયારૂપ યતિપણું.' અહીં મુનિની મુખ્યતાથી વાત છે ને? શ્રાવક પણ અંદર ભેગા છે, હોં! અંદર આવે છે, મૂળ પાઠમાં તો બેય આવે છે. ગૃહસ્થ અને પાખંડી એટલે મુનિ બેયની ક્રિયાઓ છે. જેટલા બાર વ્રતના પરિણામ ગૃહસ્થના, મુનિના પંચ મહાવ્રત આદિના શુભભાવ વગેરે ક્રિયા જે શુભભાવની કે દ્રવ્યલિંગ નગ્નપણું આદિ, કે શ્રાવકને કોપિન આદિ ક્ષુલ્લકને હોય ને?

એ 'ક્રિયારૂપ યતિપણું. શુદ્ધ જ્ઞાનનો વિચાર કરતાં,...' એટલે કે આત્મા જ્ઞાન સ્વરૂપ ચૈતન્યસૂર્ય બ્રહ્મ એનો વિચાર કરવાથી એ યતિપણું 'જીવથી ભિન્ન છે,...' ઇ શુભ ક્રિયાકાંડનો ભાવ જીવ સ્વભાવથી જુદો છે. સમજાણું? 'પુદ્ગલકર્મસંબંધી છે;...' લ્યો! એ શરીરનું નગ્નપણું અને શુભભાવ એ બધો ઉપાધિભાવ અન્ય દ્રવ્ય સ્વભાવવાળો છે. હોય છે ખરો, મુનિને વિભાવભાવ મુનિને પણ પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ(નો) ભાવ હોય ખરો. શ્રાવકને બાર વ્રત, ષટ્ કર્મ વગેરે હોય ખરો ભાવ. સમજાણું? પણ એ ભાવ પરદ્રવ્ય આશ્રય છે ઉપાધિ, પુદ્ગલ કર્મને આશ્રયે થયેલ ઉપાધિભાવ (છે). એમાંથી કોઈ મુક્તિ માને તો એની આંખો બંધ થઈ ગઈ છે. એને ચૈતન્ય નેત્રની ખબર નથી. સમજાણું?

શુદ્ધ જ્ઞાનનો વિચાર કરવાથી અત્યંત 'अन्यतः' જીવનો જ્ઞાન સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, આનંદ સ્વભાવ એવો જીવ દ્રવ્યના સ્વભાવથી જોઈએ તો એ વિકલ્પ જેટલો દયા, દાન, વ્રત, ભક્તિનો પરિણામ છે એ બધો અન્ય પુદ્ગલ કર્મના સંબંધે સંયોગી ઉપાધિભાવ ફેર છે. એથી એ મોક્ષનું કારણ નથી. સમજાણું? જેને વ્યવહાર નહિ એને મોક્ષનું કારણ કહે. અઠ્ઠાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત આદિના ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, શાસ્ત્રનું જ્ઞાન એ વ્યવહાર રત્નત્રય વ્યવહારનય કહે કે વ્યવહારે મોક્ષમાર્ગ છે, વ્યવહારે મોક્ષમાર્ગ છે. એનાથી મોક્ષ થાય એમ કહેવાય. વ્યવહાર રત્નત્રય મોક્ષનું કારણ છે એમ કહે. પણ એ નિમિત્ત કારણ તરીકે વ્યવહારનય કહે, વસ્તુ તરીકે એ નથી. કેમકે એ પરદ્રવ્યના સ્વભાવથી ઉત્પન્ન થયેલો ભાવ છે. ભગવાન ચૈતન્યજ્યોત વીતરાગી સ્વભાવની મૂર્તિ આત્મદ્રવ્ય એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યના સ્વભાવે ઉત્પન્ન થયેલો એ વ્યવહાર રત્નત્રય કે પંચમહાવ્રતના ભાવ (છે). એ સ્વદ્રવ્ય સ્વભાવથી ઉત્પન્ન થયેલ નથી. સમજાણું?

કોઈ કહે પણ આ તો બધો વ્યવહારનો લોપ થાય છે. ભાઈ! ત્યાં વ્યવહાર છે ખરો. સમજાય છે? જેની ભૂમિકા હોય છે, જેટલી સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જેટલા પ્રમાણમાં ચોથે હોય છે એટલા પ્રમાણમાં ત્યાં એને વ્યવહાર શુભરાગ હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા (હોય છે) પણ એ મોક્ષનું કારણ છે એમ નહિ. પેલા કહે, વ્યવહાર સર્વથા અસત્ય છે. નથી. એ તો આશ્રય કરવા માટે સર્વથા અસત્ય છે. વસ્તુ નથી? સમજાણું? તો પછી આ શું કરવા મંદિરો બધા જે 'મલૂકચંદભાઈ'ને કરવા છે કેટલા કરવા છે? આ બધું ના પાડે તોય કરવા છે. એ તો શુભભાવ આવે, શુભભાવ હોય છે પણ દૃષ્ટિમાં આત્મસ્વભાવનું ભાન હોય તો એ શુભભાવને વ્યવહાર ધર્મ કહેવામાં આવે, વ્યવહાર સાધક કહેવામાં આવે પણ એ બંધ સ્વભાવી ભાવને વ્યવહાર સાધક કહેવો એ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! ભારે આકરું પડે છે લોકોને. એમ કે, અહીંયાં 'જૈન ગેજેટ' 'જૈન દર્શન' તો બધું ભરી ભરીને ભરે છે પાછું. પેટ ભરીને ભરે છે.

કહે છે ભાઈ! 'द्रव्यलिङ्गम् अन्यतः,' હમણાં જોયું ને? એ તો 'પુણ્ય-પાપ અધિકાર'માં બે ગાથા આવે છે ને? વ્રતની બે ગાથા નથી આવતી? વ્રતમ ચારિત્ર અન્યદ્રવ્ય આશ્રય છે અને એક સ્વદ્રવ્ય આશ્રય છે. એ શૈલી અહીં મૂકી છે. ન્યાં મૂકી છે, બે ગાથા બે નાના શ્લોક છે. 'પુણ્ય-પાપ અધિકાર'. હમણાં કાઢી હતી ને પાનું ઇ નીકળ્યું તાકડે. પુણ્ય-પાપ, જુઓ! એ ૧૦૬ કળશ છે, ૮૭ પાનું છે ને? ૧૦૬ કળશ છે, અહીં નીચે ૮૭ પાનું.

( અનુષ્ટુપ )

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।७-१०६।।

આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો એક દ્રવ્યસ્વભાવી વસ્તુ છે. સમજાણું કાંઈ? નિશ્ચય આત્મા શુદ્ધ જ્ઞાનમૂર્તિ એનું નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો એક સ્વદ્રવ્ય સ્વભાવી વસ્તુ છે માટે એ તો મોક્ષનું કારણ છે. પણ પછી કહ્યું જો.

( અનુષ્ટુપ )

वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वानमोक्षहेतुर्न कर्म तत्।।८-१०७।।

સમજાણું કાંઈ? આ તો એ આ ઓલો ખ્યાલ આવી ગયો, ભાઈ! અહીં 'अन्यतः' શબ્દ છે ને? 'अन्यतः' શબ્દમાં ન્યાં અન્ય દ્રવ્ય કહ્યું છે. અહીં 'પુદ્‌ગલકર્મસંબંધી' કર્યું છે ને? ત્યાં અન્યદ્રવ્ય કીધું આખું. સમજાણું કાંઈ? આ તો ભાઈ! એવો માર્ગ છે વીતરાગનો કે ધીરજથી, મધ્યસ્થથી સમજે તો સમજાય એવો છે. એમ ઝઘડા ને વાદ-વિવાદ કરે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કાંઈ પાર આવે નહિ. વ્યવહાર નથી એમ કોણે કહ્યું? સમજાણું? આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં નિશ્ચય વસ્તુનો અનુભવ એની ભૂમિકાના પ્રમાણમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, શ્રદ્ધા, સ્વરૂપાચરણ તો સ્થિરતા એની સાથે પૂજા, દાન આદિનો ભાવ પણ હોય છે, હોતો નથી એમ નહિ. એને વ્યવહાર કહે છે. એ આશ્રય કરવા જેવો નથી અને એ પોતે ધર્મ નથી. સમજાણું કાંઈ?

અહીં તો નિશ્ચય સ્વભાવ જ્ઞાન સ્વરૂપ વસ્તુ, વસ્તુ એનો આશ્રય કરીને પ્રગટેલી જે નિર્મળ પર્યાય એ પર્યાયનો પણ આશ્રય કરવા જેવો નથી, નહિંતર છે એ ધર્મ. સમજાણું કાંઈ? આ તો આત્મા પોતાનું સ્વરૂપ... ભાઈ! આ તો જેને જન્મ-મરણમાં અંત લાવવા હોય એની વાત છે. આ તો એકલી વાતું કરે ને કાંઈ બહારના પંડિતાઈ સમજે, બહારના વાદ-વિવાદ કર્યે આ કાંઈ પાર આવે એવું નથી. સમજ્યા ને? અને આ કાંઈ કોઈને પોતે સમજે એટલે બીજાનો તીરસ્કાર કરવો (કે) તમને એ ભાન નથી, ફલાણું નથી. એ માટે આ વાત નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ઇ. આવે છે ને? ઇ વાત આવે છે. ક્યાંક આવે છે. પોતે આ કરવાનું છે કો'કને માટે આ નથી. સમજાણું?

એ ક્યાંક આવે છે જુઓ! શી ખબર પડે? કેટલા બોલો (છે). આ આવ્યું આમાં, હોં! છેલ્લે. તેનું પ્રયોજન એટલું તે પ્રકારો ઓળખી પોતામાં કોઈ એવો દોષ હોય તો તેને દૂર કરી સમ્યક્ શ્રદ્ધાનયુક્ત થવું પણ અન્યના એવા દોષ જોઈ કષાયી ન થવું. આત્માનો અધ્યાય. છેલ્લો છેલ્લો. સમજાણું કાંઈ? આત્મઅધ્યાય છે ને? એમાં છેલ્લી વાત છે. પોતાના આત્મામાં પરદ્રવ્યથી ભિન્ન, વિકલ્પથી ભિન્ન એવું ચૈતન્ય સ્વરૂપ એનું યથાર્થ ભાન, શ્રદ્ધા-જ્ઞાન કરવું અને વૃદ્ધિને કરવી અંતર અનુભવ સ્થિરતા કરવી. સમજાણું કાંઈ? પોતા માટે આ વાત છે, પરને માટે તો કોઈ યોગ હોય તો આવે. વાત નીકળે, સમજે. બાકી કોઈ બીજાને (માટે વાત નથી).

અન્યના એવા દોષ જોઈ કષાયી ન થવું. કારણ કે, પોતાનું ભલું બુરું તો પોતાના પરિણામોથી થાય છે. અન્ય રુચિવાન દેખે તો કાંઈક ઉપદેશ આપી તેનું પણ ભલું કરે પણ પોતાના શુદ્ધ પરિણામનો ઉપાય કરવો. સમજાણું? સમજાય છે? ભાઈ! 'ધર્મચંદજી'! આ એવી વાત છે અહીં. કોઈ સાચી વાત પોતાને બેસે ને કોઈની કોઈને ન બેઠી હોય તો કે, તમને ભાન નથી. એ કરવા માટે આ વાત નથી. આ તો સમતા રાખી પોતાના સ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન ને અનુભવ કરવો એમાં કલ્યાણ છે. બાકી કોઈ બહારમાં વાદવિવાદ અને બીજાને (તિરસ્કાર) કરવો એ કાંઈ માર્ગ નથી. આખી દુનિયા પડી છે. પોતાના વિચાર જેવા બધા થઈ જાય એવું કોઈ દિ' બને નહિ. સાંભળી લેવું. કોઈ નિંદા કરે તો સાંભળવું પણ કોઈની નિંદા કરવી કે અપમાન કરવું એમ ન હોઈ શકે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, અહો..! એવું સમજે એને એમ લાગે કે, ભઈ આ આત્મા જ્ઞાનાનંદની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યોત (છે), એક સમયનો વિકાર છે એનામાં. એક સમયનો વિકૃતભાવ છે. એમાં અવિકૃત ચૈતન્ય દ્રવ્યનું ભાન સમ્યગ્દર્શન-જ્ઞાન થવું અને દ્રવ્યને આશ્રયે સ્થિરતા થવી, સ્વભાવ પોતે જ પરિણમીને શુદ્ધપણે થાય એ જ એક મોક્ષનો માર્ગ છે. હવે વચમાં એક રાગ પરના લક્ષે વિકૃતભાવ છે એ પૂર્ણ છૂટ્યો ન હોય એટલે એવો ભાવ આવ્યા વિના રહે નહિ. કારણ કે, પર્યાયની અશુદ્ધતા જો ટળી ગઈ હોય તો કેવળી થઈ જાય. સમજાણું કાંઈ? અને પર્યાયથી અશુદ્ધતાથી મોક્ષ થાય એમ માન્યું હોય તો, તો મિથ્યાદૃષ્ટિ છે. હવે એ પર્યાયમાં અશુદ્ધતા તો છે. વસ્તુની દૃષ્ટિ – ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ છું એવું ભાન હોવા છતાં પર્યાયમાં અશુદ્ધતા છે. તે અશુદ્ધતામાં ભાવ એવો શુભભાવ દેવ-ગુરુ-શાસ્ત્ર ભક્તિ, પૂજા એવો આવે, આવે છતાં આશ્રય કરવા જેવો નથી અને આવે છતાં એ ધર્મ છે એમ નથી.

અને બીજી રીતે, કે આત્મા સ્વદ્રવ્ય આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ કરે તો એવી પર્યાય નિર્મળ પ્રગટી ઇ પર્યાયને આશ્રયે નવો પર્યાય પ્રગટતો નથી, માટે હેય છે. અને એ પર્યાય છે ધર્મ ભલે, છે ધર્મ પણ ધર્મની પર્યાય આશ્રયે ધર્મ પ્રગટતો નથી. એ અપેક્ષાએ આત્માના દ્રવ્યને આશ્રયે તે વ્યવહારને અભૂતાર્થ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

કહે છે કે, ભાઈ! ભગવાનઆત્મા! ઓ..હો..! અનંતકાળે માંડ વખત મળ્યો. આ દેહ માણસનો મળવો એમાં પણ પાછા શરીરનું કાંઈક લાબું આયુષ્ય, એમાં આર્ય ક્ષેત્ર, એમાં ઉત્તમકુળ, એમાં પર્યાપ્ત આદિ ને આ બધી સામગ્રી, એમાં સાચું સાંભળવાનો જોગ. સમજાણું? આહા..! અરે..! ભાઈ! દુનિયામાં થોડી કિંમતી ચીજ હોય તો એને સંભાળીને રાખે છે. એ ફૂટે નહિ, હોં! ધ્યાન રાખજો. મોટું ઝુમ્મરનું નથી લાવતા? આવે છે ને ઝુમ્મર? પચ્ચીસ પચાસ હજારનું. એનો આંકડો પાકો રાખજો, ઓલાથી ખસે નહિ, એ ઉપર રેણ બરાબર લીધેલું છે કે નહિ? હેઠે આમ કરીને (રાખો). નહિતર ફૂ થઈ જશે. હેઠે હોય પથરા પાછા, ધૂળ-બૂળ હોય જુદી. એવામાં ઝુમ્મર શેનો હોય ધૂળમાં? કેમ ધૂળના મકાનમાં ઝુમ્મર હોય કાંઈ? શેઠિયાના મકાન. હેઠે પથરા આમ, એમાં માથે ઝુમ્મર ને આમ ઝાડ-પાન, વચમાં એક આમ લીલા, લાલ ને હવે એમાંથી એનું ધ્યાન રાખજો, કોઈ પડે નહિ, આંકડો તોડે નહિ, કોઈ ખેંચે નહિ. એવી સંભાળ (રાખે). દસ હજારનું, પાંચ હજારનું લાવ્યા (હોય). ઊંચા હોય પાંચ પાંચ હજાર, દસ દસ હજારના હોય છે એની સંભાળ રાખે.

છોકરાને કહે તો બૈરાને સાચવે. ધ્યાન રાખજો, હોં! આ દાગીનો લાવ્યા છે છોકરા માટે. સંભાળીને રાખજો, હોં! સારા પર્વમાં તમારી દેખરેખ હેઠે હોય તો છોકરાને આપજો. એકલા છોકરાને જોખમ થઈ જશે. મારી નાખે. પેંડો દઈને લેજે. પાંચસોનો દાગીનો લઈ લે. અહીં લઈ ગયો હતો ને? ભરતમાં મશ્કરી કરીને લીધું હતું કે નહિ? મશ્કરી કરી હતી. કાંડે ઘડિયાળ હતી ને મશ્કરી ... પણ આ તો કો'ક એવો એક પેંડો ખવરાવે ત્યાં એનું ધ્યાન ન્યાં રહે ત્યાં ઉખાડી લે. કો'ક માણસ કે, ભઈ ધ્યાન દે, છોકરાને ન પહેરાવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એવી ચીજની માટે આટલી સંભાળ! આહાહા..!

અરે..! ભાઈ! આ મનુષ્યદેહ એમાં સાંભળવાની જોગવાઈ. એમાં એને કેવી રીતે જતનાથી આત્માનું જતન કરવું... સમજાણું? અને આત્માનો ધર્મ સાધવો એમાં તો ઘણી સાવધાની જોઈએ. સમજાણું આમાં? એવા કાળમાં માંડ થોડો વખત આંખો મીંચાય. એ બધાય હા ને હો ને વાદ-વિવાદ કરે એ બધા પડ્યા રહેશે અમુક ઠેકાણે. અહીં તો એમ કહે છે કે, તું સમજ. આ આત્મા પોતાનો ચિદાનંદ સ્વભાવ એને અવલંબીને જેટલા નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ થાય એટલો એક જ માર્ગ સ્વદ્રવ્ય આશ્રિત મોક્ષમાર્ગ છે. જેટલી સાધુપણાની ક્રિયાઓ વ્રત આદિની હો, શ્રાવકની ક્રિયા હો, પૂજા, દાન, ભક્તિ હો. હોય તો ખરી, શુભભાવ તો હોય છે પણ એ પરદ્રવ્ય (આશ્રિત છે). શું કીધું અહીંયાં? 'अन्यतः' 'જીવથી ભિન્ન છે,...'

જીવ એટલે જ્ઞાનાનંદ સ્વરૂપ અને એના નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ અહીં જીવ કહેવાય છે. સમજાણું? એનાથી ભિન્ન છે. 'પુદ્ગલકર્મસંબંધી છે; તેથી દ્રવ્યલિંગ હેય છે;...' છે એની વાત કરે છે કે ન હોય એની કરે છે? છે તો ખરું. મુનિ નગ્ન જ હોય, નગ્ન દિગંબર જ હોય, એને વ્યવહાર તરીકે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ જ હોય પણ એ પરદ્રવ્યના લક્ષે કર્મજન્ય એ બધો ઉપાધિભાવ છે. એ વ્યવહાર પોતે ધર્મ નથી અને એને આશ્રયે ધર્મ થતો નથી. આહા..! ભારે વાત! એ લેખ પણ લખ્યો છે. તેરાપંથીનો છે ને? વાંચ્યું છે ઘણું એણે. 'કુંદકુંદાચાર્ય'નું છ પાહુડમાં પેલું ગોઠે ને? 'બોધપાહુડ'માં આવે ને? પ્રતિમા ને એવું. અનેકાંત, અનેકાંત. દેખો! વાંચન કરે પણ પાછળ કહે કે, જુઓ! વ્યવહાર આમ જોઈએ, વ્યવહાર આમ જોઈએ, વ્યવહારનો લોપ ન કરવો. લોપની વ્યાખ્યા જરીક ખૂંચે છે, અહીંની વાત ગઈ છે ને! વ્યવહાર નથી એમ કોણે કહ્યું? સમજાણું?

વ્યવહાર આ બધા બાર વ્રત, બાર પ્રકારના તપ એ બધા બાર એવો વિકલ્પ શુભરાગ વ્યવહાર નથી? ચોથે છે, પાંચમે છે, છટ્ઠે છે, બધેય છે. આ છે ઇ પોતે પરદ્રવ્ય સંબંધી ઉપાધિભાવ છે એમ કહેવું છે અહીં તો. છે એનું કહેવું છે કે નથી એનું કહેવું છે? આહાહા..! એ 'પુદ્ગલકર્મસંબંધી છે;...' આત્મદ્રવ્યસંબંધી નથી એમ વાત છે. પાછો પુદ્ગલકર્મસંબંધીનો અર્થ – એ આમ પરકર્મના સંબંધે ઉપાધિભાવ છે, એમ. શુભરાગ એટલો ઉપાધિભાવ છે કરેલો તો જીવનો છે. કાંઈ કર્મે કરાવ્યો છે એમ નથી. વસ્તુમાં નથી એથી એ કર્મના નિમિત્તની પ્રધાનતાથી આનાથી થયો એમ કહેવામાં આવ્યું છે.

એથી કીધું કે, અન્યભાવ. જેટલો ભગવાનઆત્મા જ્ઞાન જ્યોત અને એની સમ્યગ્દર્શન-જ્ઞાન-નિશ્ચય ચારિત્ર દશા એટલો તો જીવ. સમજાય છે? અને જેટલો એ નગ્ન દશા, બાર વ્રતના શ્રાવકના પરિણામ કોપિન કે મુનિના અઠ્યાવીસ મૂળગુણના (પરિણામ) એ બધો અન્યદ્રવ્ય આશ્રિત પુદ્ગલકર્મસંબંધી ભેદ છે. 'તેથી દ્રવ્યલિંગ હેય છે;...' કહો, સમજાણું આમાં? હવે અડધું સમજે ને અડધું ન સમજે એટલે એ..ઇ..! વ્યવહારને આમ કહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર તો કેટલો નથી લખ્યો? 'કુંદકુંદાચાર્યે' આ ચરણાનુયોગમાં શું લખ્યું બધું? અઠ્યાવીસ મૂળગુણના પ્રયત્નથી ચાલવું ને આ ચાલવું ને આ બધું નથી? નથી ક્યાં?

મુમુક્ષુ :- 'નિયમસાર'માં છે ને.

ઉત્તર :- બધે છે ને પણ. 'નિયમસાર'માં તો આખો અધિકાર લીધો છે. વ્યવહાર ચારિત્ર અધિકાર, આખો અધ્યાય. મોક્ષમાર્ગ. નહિતર 'નિયમસાર' એટલે મોક્ષમાર્ગ. હોય છે એવા વિકલ્પની મર્યાદા, પણ ભગવાન નિર્વિકલ્પ સ્વરૂપને અવલંબે જેટલો પર્યાય પ્રગટ થાય એટલો સાચો ભાવ, એટલો સત્ય. પેલો છે ખરો પણ આ સ્વભાવને માટે, મોક્ષને માટે અસત્ય, વસ્તુની રીતે સત્ય, ભાવ છે.

'અને કારણ કે અનુભવગોચર શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ...' દેખો! જે કારણે 'इदं एकं ज्ञानं स्वतः' બસ. ભગવાનઆત્મા અહો..! ચૈતન્યસૂર્ય એકલો, જેમાં વિકલ્પ ને રાગનો સ્પર્શ ને ગંધ નથી. એવું જે જ્ઞાન સ્વરૂપ ભગવાન ચૈતન્ય ઇ એક જ 'શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ 'स्वतः' એકલા જીવનું સર્વસ્વ છે;...' સમજાય છે કાંઈ? એટલે? એકલા જીવનું સર્વસ્વ એટલે? એ નિર્મળ પર્યાય સહિત. 'તેથી ઉપાદેય છે, મોક્ષનો માર્ગ છે.' એમ. શું કીધું? આ દ્રવ્યની એકલા દ્રવ્યની વાત નથી. 'एकं ज्ञानं' જ્ઞાન એટલે કે ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમૂર્તિ એના સ્વદ્રવ્યની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટી એ તો જ્ઞાનમય જ વસ્તુ છે. એ આત્મામય છે, દ્રવ્યમય છે, જીવમય છે, એ પુદ્ગલમય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'इदं अनुभवगम्य' જોયું? વિકલ્પગમ્ય નહિ, એમ. એ પંચ મહાવ્રતના વિકલ્પ દાન, દયાને એ ચીજ ગમ્ય નથી. પોતાના જ્ઞાન સ્વભાવ ચૈતન્યના જ્ઞાનને ગમ્ય, ચૈતન્યની શ્રદ્ધાને ગમ્ય એ ચૈતન્યની સ્થિરતાને ગમ્ય એ વસ્તુ છે. એ તો બધું જ્ઞાનમય ત્રણેય દશા થઈ, એ રાગમય નથી. 'एकं ज्ञानं अनुभवगम्य' 'શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ એકલા જીવનું સર્વસ્વ છે;...' ભગવાનઆત્મા! ઓહોહો..! શુદ્ધ સ્વરૂપ અને શુદ્ધની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિનું પરિણમન એ જીવનું સર્વસ્વ છે, પેલો રાગાદિ જીવનો નથી. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત આદિના વિકલ્પના પરિણામ એ તો આસ્રવતત્ત્વ છે. એ જીવતત્ત્વ છે? સમજાણું કાંઈ? અહીં તો સંવર-નિર્જરાની પર્યાયવાળો અનુભવ લેવો છે અહીં. એકલો જીવ નહિ. જીવ તો જીવ જ છે પણ આ જીવ છે એમ જે શ્રદ્ધા, જ્ઞાન ને ભાનમાં આવ્યું એ સર્વસ્વ જીવ જ છે. સમજાણું આમાં કાંઈ? આહા..! નિર્ધાર-નક્કી કરવાનો વખત મેળવે નહિ. કોઈ શરણ નહિ થાય, આ દુનિયામાં માન મળશે કે, અહોહો..! ભારે વિદ્વાન! ભારે પંડિત! ઘણા માણસને રાખ્યા હોં! હેં?

મુમુક્ષુ :- ખૂબ છપાવ્યું.

ઉત્તર :- કોણ છાપે ને કોણ લે? ભાઈ! એ અશરણભૂત છે એની સામું ન જો. લાખ વાતું કર ભાઈ! બધાય એ કર્મની ઉપાધિના, સંયોગના બધા ખીચડા છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે, ભગવાનઆત્મા એકલો જ્ઞાન સ્વરૂપ એમાંથી જરતી નિર્મળ પર્યાય. એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એનાથી પરિણમન થતું શુદ્ધપણું એ જીવનું સર્વસ્વ છે. આહા..! 'તેથી ઉપાદેય છે,...' લ્યો! તે માટે તે જ આદરણીય છે. સમજાય છે કાંઈ? નિરાલંબન માર્ગ આલંબનવાળાને એવો લાગે કે, આ તે આ શું બધું ઉથાપે છે? પણ કહે છે ને, ભાઈ! પેલી ચીજ તો છે, કીધી નહિ? સમજાણું? પણ એ ચીજ તો પરના અવલંબે ઉત્પન્ન થયેલો વિકૃત ભાવ છે. એ પુદ્‌ગલદ્રવ્યજન્ય, શરીરજન્ય કહો, કર્મજન્ય કહો એ બધું પર તરફના દ્રવ્યસ્વભાવવાળા છે. સ્વદ્રવ્યનો સ્વભાવ તો અંતર્મુખ ચૈતન્યને આશ્રયે જ્ઞાન, દર્શન, સ્થિરતા થઈ એ એક જ ઉપાદેય છે. 'મોક્ષનો માર્ગ છે.' લ્યો! એ જ મોક્ષનો એક જ માર્ગ છે. બે માર્ગ છે, એક માર્ગ નીચે ને એક માર્ગ ઉપર, એક માર્ગ હેઠે ને એક માર્ગ આઘો. અહીં તો કહે છે બેય માર્ગ એકસાથે, એક માર્ગ સાચો અને એક માર્ગ ખોટો. ભારે વાત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માર્ગ કહેવો ને ખોટો કહેવો?

ઉત્તર :- કેવો કહેવો? ઉપચાર આરોપ ન દેવાય? કોથળાને સાથે તોળે ત્યારે શું કહેવાય? ચોખા તોળે ચાર મણ ને અઢી શેર. કોથળો આવી ગયો કે નહિ ભેગો? એ ચાર મણ ચોખા ખવાય ને અઢી શેર કોથળો રંધાતો હશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પૈસા એને કોથળાના ભેગા દેવા પડે.

ઉત્તર :- હા હા બધાય દેવા પડે. ન્યાં મગમાં કાંકરા કેટલી ધૂળ હોય? ન્યાં બાજરામાં જોઈ છે? એ તોળીને દે તો એના બધા પૈસા દેવા પડે. ખાવામાં કામ આવે? કહો, સમજાણું? એ બાજરાના હિસાબે હ્વે કેટલા રૂપિયાનો મણ છે અત્યારે? તેર, સત્તર? કોણ કહેતું હતું કાલે કો'ક? સત્તર. કો'ક કહેતું હતું. અમે તો સાંજે આહાર કરીને ફરીએ ને! આ 'ચંદુભાઈ' મેનેજર મળે. ઇ (કહે) સત્તરનો બાજરો (છે). આપણને ક્યાં સત્તર કે તેરની ખબર હોય. ઇ કહે, સત્તરનો બાજરો મણનો. (કીધું) હશે. એના પ્રમાણમાં સૌને એમ કે મોંઘવારી થાય ને આ મજુરોને. હવે એ સત્તરના બાજરામાં કાંકરી મણે બશેર હોય તો સત્તરમાં જાય કે નહિ? ઢેફી ધૂળની ઢેફી થોડી હોય. ધૂળની ઢેફી કાંઈ ખવાય નહિ.

એમ ભગવાનઆત્મા એકલો દાણો ચૈતન્ય રત્ન... આહાહા..! એ રત્નની કિંમતની અંદર શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ બધો મોક્ષનો માર્ગ એ રત્નમાં જાય છે આત્મામાં. બાકી જેટલા વિકલ્પો એ બધા કાંકરામાં જાય છે. કહો, સમજાણું કાંઈ? અરે..! સાચો માર્ગ સાંભળીને સમજણ કરવાની જ્યાં દરકાર નથી એને અંતર્મુખ દૃષ્ટિ કરીને અનુભવવો, તે વિના તો ત્રણકાળમાં ક્યાંય છૂટકારો નથી. એ જ મોક્ષનો માર્ગ એક જ છે. 'ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ અવશ્ય કરવા યોગ્ય છે.' લ્યો! રાગાદિ હોય પણ એ અનુભવ કરવા લાયક નથી. સમજાણું આમાં? છેલ્લો શ્લોક આનો, આનો, હોં! બીજા બે આવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

( માલિની )

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।।५२-२४४।।

ખંડાન્વય સહિત અર્થ :– 'इह अयम् एकः परमार्थः नित्यम् चेत्यतां' ( इह ) સર્વ તાત્પર્ય એવું છે કે ( अयम् एकः परमार्थः ) ઘણા પ્રકારે કહ્યો છે તથાપિ કહીશું આ એક પરમાર્થ અર્થાત્ શુદ્ધ જીવના અનુભવરૂપ એકલું મોક્ષનું કારણ તેને ( नित्यम् चेत्यता )– અન્ય જે નાના પ્રકારના અભિપ્રાય તે સમસ્તને મટાડીને આ એકને–નિત્ય અનુભવો. તે શો પરમાર્થ ? 'खलु समयसारात् उत्तरं किञ्चित् न अस्ति' ( खलु ) નિશ્ચયથી ( समयसारात् ) સમયસાર સમાન અર્થાત્ શુદ્ધ જીવના સ્વરૂપના અનુભવ સમાન ( उत्तरं ) દ્રવ્યક્રિયા અથવા સિદ્ધાન્તનું ભણવું–લખવું ઇત્યાદિ ( किञ्चित् न अस्ति ) કાંઈ નથી અર્થાત્ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ સર્વથા છે, અન્ય સમસ્ત મોક્ષમાર્ગ સર્વથા નથી. કેવો છે સમયસાર ? 'स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रात्' ( स्वरस ) ચેતનાના ( विसर ) પ્રવાહથી ( पूर्ण ) સંપૂર્ણ એવા ( ज्ञानविस्फूर्ति ) કેવળજ્ઞાનનું પ્રગટપણું, ( मात्रात् ) એવડું છે સ્વરૂપ જેનું, એવો છે. હવે, આવો મોક્ષમાર્ગ છે, આનાથી અધિક કોઈ મોક્ષમાર્ગ કહે છે તે બહિરાત્મા છે, તે વર્જવામાં આવે છે–'अतिजल्पैः अलम् अलम्' ( अतिजल्पैः ) અતિ જલ્પથી અર્થાત્ બહુ બોલવાથી ( अलम् अलम् ) બસ કરો, બસ કરો; અહીં બે વાર કહેવાથી અત્યંત વર્જવામાં આવે છે કે ચુપ રહો, ચુપ રહો. કેવા છે અતિ જલ્પ ? 'दुर्विकल्पैः' જૂઠીથી પણ જૂઠી ઊઠે છે ચિત્તકલ્લોલમાળા જેમાં, એવા છે. વળી કેવા છે ? 'अनल्पैः' શક્તિભેદથી અનન્ત છે. ૫૨–૨૪૪.

---

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।।५२-२४४।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ! આ એના છેલ્લા શબ્દો. 'न किञ्चित् अस्ति' છે ને? આહાહા..! શું કહે છે? ભાઈ! 'इह अयम् एकः परमार्थः नित्यम् चेत्यतां' 'સર્વ તાત્પર્ય એવું છે કે...' આખું સમયસાર મહા સાતિશય શાસ્ત્ર. સમજાય છે? આત્માને બતાવનાર અલૌકિક અદ્વિતિય ચક્ષુ. ઇ કહેશે ને? હવે આવશે ને એ? અદ્વિતિય ચક્ષુ. હવે આવશે. અજોડ સમયસાર છે. આ 'હિન્દુસ્તાન'માં અત્યારે ભરતક્ષેત્રમાં સર્વજ્ઞની વાણીનો સાર... સાર... સાર... દોહન થઈને એકલું પરમાર્થ માખણ મૂક્યું છે એમાં. સમજાણું કાંઈ? ચૌદ પૂર્વ, બાર અંગ. અરે..! કેવળજ્ઞાનનો કંદ એનો સાર. એવું આ 'સમયસાર' (છે). વસ્તુ પોતે તો 'સમયસાર' આત્મા, આ વાણીને વાચક તરીકે સમયસાર કહેવાય. સાકરને શબ્દો કહીએ સાકર. સાકરનો ગાંગડો એમાં શબ્દ નથી ને શબ્દમાં ગાંગડો નથી. એમ ભગવાનઆત્મા સમયસાર શુદ્ધ આનંદકંદ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ સમયસાર સિવાય આ જગતમાં કોઈ સાર નથી. આહાહા..! એમાં આ ટીકા કરી છે. હતા મર્મ ને ખોલ્યા છે એણે. જે ભાવ કહેવાના છે એ ભાવનો જ અર્થ કર્યો છે. સમજાણું? જુઓ!

'इह' 'સર્વ તાત્પર્ય એવું છે કે `अयम् एकः परमार्थः' જુઓ! ન્યાં પરમાર્થની વ્યાખ્યા પાછી કરી. ભાઈને કીધું હતું ને? 'કૈલાસચંદજી'. કે, ભાઈ! પરમાર્થધર્મ ખરો તો એ છે. એની ટીકા કરી છે. એમ કે પરમાર્થ તો બધાય પરમાર્થ પરમાર્થ કરે છે એમ કરીને કહ્યું હતું. પરમાર્થ માર્ગ છે. ધર્મ તો પરમાર્થ માર્ગ છે. આ બધું છે એ વ્યવહાર પણ ધર્મ પરમાર્થ તો એણે સમજવો જોઈએ. આ પરમાર્થ શબ્દ આવ્યો ને?

'સર્વ તાત્પર્ય એવું છે કે ઘણા પ્રકારે કહ્યો છે તથાપિ કહીશું આ એક પરમાર્થ અર્થાત્ શુદ્ધ જીવના અનુભવરૂપ એકલું મોક્ષનું કારણ તેને...' 'अयम् एकः परमार्थः' શુદ્ધ ભગવાન આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ, એના અનુભવરૂપ. એનો અનુભવ. એવા શુદ્ધ સ્વરૂપની અંતરની દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા એકલું મોક્ષનું કારણ, એકલું મોક્ષનું કારણ, એકલો જ મોક્ષનું કારણ (છે). શુદ્ધ જીવ છે એ દ્રવ્ય છે. અનુભવરૂપ એ પર્યાય છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્માની અવસ્થા છે. જ્ઞાન ચૈતન્યજ્યોતિ એવો શુદ્ધ પ્રભુ! એનો અનુભવ, એને અનુસરીને શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું ભવવું-થવું, સ્વભાવને અનુસરીને થવું એવો જે આત્મ અનુભવ એકલો મોક્ષનું કારણ, એકલો મોક્ષનું કારણ છે. હવે આમાં ક્યાં બીજી વાત છે?

મુમુક્ષુ :- એક જ છે.

ઉત્તર :- એક જ છે. એકો એકો શું કહેવાય? રમવામાં એક્કો, દૂડો. એક્કો ચડે નહિ બધા કરતા? બાદશાહ ને બધાયથી ઇ એક જ ચડે?

મુમુક્ષુ :- 'નારણભાઈ' બહુ કહેતા.

ઉત્તર :- નારણભાઈ કહેતા. સાચી વાત છે. રાણી, રાણી. બાદશાહથી રાણી ચડે ને રાણીથી બાદશાહ ચડે. ગોલો ને પછી રાણી ને પછી બાદશાહ ને પછી એક્કો, આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક્કો છે આ. તમારે છે કે નહિ એમાં? ન્યાં હતા ને તમે? અહીં અમારે ‘ઉમરાળે’ મારા મામા હતા ને? .. ચોકઠા બાજી રાખતા, બધું રાખતા ત્યાં ઘરે, હોં! ‘નાનચંદ’, ‘નાનચંદ’. એ પૈસા સાધનવાળા હતા ને! રાખતા. અમે જન્મ્યા પછી ... ઘરમાં બધું હતું. (આ) તો નાની-નાની ઉંમરની વાતું છે, આ તો દસ-દસ, બાર-બાર (વર્ષની). એ વખતે બધું કરેલું, જોયેલું. કહે છે કે, અહીં તો આત્મા. આહાહા..! એકલો એકલો એક્કો છે. એવો ભગવાનઆત્મા એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ જ્ઞાન ને નિર્વિકલ્પ સ્થિરતા એ આત્માનો અનુભવ એક, ઇ એકલો એક જ મોક્ષનો માર્ગ છે.

‘એકલું મોક્ષનું કારણ તેને...’ ‘नित्यम् चेत्यतां’ દેખો! ‘અન્ય જે નાના પ્રકારના અભિપ્રાય...’ અનેરા જેટલા અભિપ્રાય હોય, આ રાગથી વ્યવહારથી થાય ને આ નિમિત્તથી થાય. નિમિત્ત ઉપાદાનના વિશેષાંક લખવાના છે. બસો પાનાના. જૈન દર્શન આવ્યું હતું ને? એમાં. બસો પાનાનો. દર્શનનો વિષય. જૈન દર્શનકા એક સુંદર સચિત્ર નિમિત્ત ઉપાદાન વિશેષાંક પ્રકાશન હોગા. લગભગ ૨૦૦ પૃષ્ઠોં કા. ૨૦૦ પાનાનો વિશેષાંક. એટલે અહીંયાં યાદ આવી ગયું ને આ. ૨૦૦ પાનાનો અંક. અરે..! ભગવાન! તને નિમિત્ત વસ્તુ નથી? નિમિત્ત ક્યાં નથી? સમજાણું? પણ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ કરે ત્યારે પંચ મહાવ્રતના વિકલ્પો અને સંઘયણ આદિ નિમિત્ત હો, નિમિત્ત નથી કોણે કહ્યું? પણ એ નિમિત્ત છે માટે અહીં કાર્ય છે એ વાતમાં કાંઈ માલ નથી. સમજાણું કાંઈ? લખશે. એને ઓલા ૪૭ દોહરા ખોટા કર્યા હવે એમાં શું કરશે. ચર્ચા થાશે એમાં કાંઈક ચાલશે. .. સમજાણું?

અહો! એકલો ‘नित्यम्’ નામ જગતના ‘અન્ય જે નાના પ્રકારના અભિપ્રાય...’ જગતના કે, આ શરીર સારું હોય તો ધર્મ થાય, આ રાગની મંદતા હોય તો ત્યાં કલ્યાણ થાય. એવા અનેક પ્રકારના અભિપ્રાય હોય બધાને મટાડી દે. ‘તે સમસ્તને મટાડીને આ એકને - નિત્ય અનુભવો.’ ‘नित्यम्’ છે ને, એનો અર્થ તો આટલો જ છે. ‘આ એકને - નિત્ય અનુભવો.’ ભગવાનઆત્મા જેમાં ખામી ક્યાં છે? ખજાને ખોટ ક્યાં છે અંદરમાં? પૂર્ણાનંદનો નાથ અનંત અનંત શક્તિનું સંપન મોટું દળ ચૈતન્ય મહા! પેલા મોટા ચીભડા કાપે તો એમાંથી રસ દળે આમ મોટા. જુઓને! આ તરબુચ આવડા મોટા અધમણના તરબુચ હોય. છરી મારે ને આમ ચોતરફ કાપે છોકરા તાજું પીવે, અધમણ અધમણના તરબુચના થાય છે મોટા. અમારે ‘ઉમરાળે’ તો બહુ મોટા થાય છે. પાણી બહુ રહે ને! આવડા આવડા, મોટા મોટા! તે દિ’ તો સોંઘા (હતા). બે આનાનું તરબુચ મોટું આવડું કહેવાય.

અહીં ભગવાનઆત્મા એકલા આનંદરસથી ભરેલો મોટો તરબુચ છે. આહાહા..! સમજાય છે? એમાં ક્યાં રસની ખામી ને ઓછપ છે. કહે છે, એના અંદરમાં અંતર શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિથી મોક્ષમાર્ગ છે, બાકી હરામ બીજી વાત હોય તો. કહો ‘સોગનચંદજી’ શું કરવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે? આ બધું વ્યવહાર ક્રિયાકાંડનું કરવું શું? જાણવું. પછી આ રાડુ પાડે, અરે..! ‘સોનગઢ’વાળાએ આમ કર્યું, ‘સોનગઢ’વાળાએ આમ કર્યું. ‘સોનગઢ’નું નામ સાચું કહે છે.

‘અનેક પ્રકારના અભિપ્રાય...’ શબ્દ લખ્યો  છે ને? કોઈ કહે કે, આ નિમિત્ત સારા મળે તો આત્માને સમ્યગ્દર્શન થાય. અરે..! શુભ મંદ રાગ હોય તો સમ્યગ્દર્શન થાય આદિ અનેક અભિપ્રાય જગતમાં છે. છોડ અભિપ્રાય, કહે છે. ‘આ એકને – નિત્ય અનુભવો.’ ‘नित्यम् चेत्यतां’ છે ને? ભગવાન આનંદકંદ પ્રભુની સેવા કર, એને અનુભવ. બાકી બધું સાર કાંઈ છે નહિ. આહાહા..! ‘તે શો પરમાર્થ?’ ‘खलु समयसारात् उत्तरं किञ्चित् न अस्ति’ ‘खलु’ ‘નિશ્ચયથી (ખરેખર) સમયસાર સમાન અર્થાત્ શુદ્ધ જીવના સ્વરૂપના અનુભવ સમાન...’ જોયું? સમયસાર એટલે પેલું દ્રવ્ય નહિ, અહીં તો અનુભવની પર્યાય સહિત. અહીં એનું લેવું છે ને?

ભગવાનઆત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ, એનો અનુભવ. એ શુદ્ધને અનુસરીને શુદ્ધપણે થવું, અશુદ્ધનું અનુસરણ છોડવું. એ અહીં તો છોડવાની વાત નથી. અહીં તો શુદ્ધ સ્વરૂપને અનુસરે. ‘સમાન...’ ‘उत्तरं’ અનેરું. ‘દ્રવ્યક્રિયા અથવા સિદ્ધાન્તનું ભણવું-લખવું ઇત્યાદિ...’ આ સિવાય બીજું, એમ. ‘समयसारात्’ શુદ્ધ ભગવાનઆત્મા એનું જ્ઞાનનો અનુભવ, જ્ઞાનની અંતર પ્રતીતિ એનો અનુભવ, જ્ઞાનની સ્થિરતા એ પણ જ્ઞાનનો અનુભવ. એવા શુદ્ધ જીવના સ્વરૂપના અનુભવ સમાન, અનુભવ ‘समयसारात्’ ‘उत्तरं’ ‘દ્રવ્યક્રિયા અથવા સિદ્ધાન્તનું ભણવું-લખવું ઇત્યાદિ કાંઈ નથી...’ કાંઈ નથી એમ કહે છે અહીં તો, લ્યો! શું કીધું?

ભગવાનઆત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ, એના અનુભવ સિવાય એ રાગાદિ સિદ્ધાંત શિખવું, પઢવું, ભણવું, ભણાવવું, કહેવું, કહેડાવવું અને દ્રવ્યની બધી રાગાદિ ક્રિયા કાંઈ નથી, કાંઈ નથી. ભઈ છે તો ખરીને! એ..ઇ..! અનુભવ સિવાય મોક્ષમાર્ગ કાંઈ નથી, એમ. વસ્તુ છે, એ વસ્તુ નથી ક્યાં? સમજાણું કાંઈ? ‘किञ्चित् न अस्ति’ એટલે શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ સિવાય મોક્ષમાર્ગ કિંચિત્ જરીયે નથી. જરીએ પણ નથી એનો અર્થ કે, જરીએ પણ રાગ નથી કે વિકલ્પ નથી એમ નહિ. એ છે, પણ મોક્ષમાર્ગ એ નથી. સમજાણું કાંઈ?

‘કાંઈ નથી...’ કિંચિત્ નામ કાંઈ નથી. દ્રવ્ય ક્રિયા, સિદ્ધાંતનું ભણવું, શાસ્ત્રની આગળ વગેરે શ્રદ્ધા બહારનો રાગ. ઇત્યાદિમાં બધું આવે ઇ. પંચ મહાવ્રતના પરિણામ, સમિતિ, ગુપ્તિ વ્યવહારના વિકલ્પો, વ્યવહાર વિકલ્પ, હોં! સમજાણું? બધા વિકલ્પની જાત ભણવાની અને રાગની તે કાંઈ નથી. કાંઈ નથી. કાંઇ નથી એટલે મોક્ષમાર્ગ નથી. ઉત્તર એટલે આના સમાન બીજું કાંઈ નથી, એમ. ઉત્તર એટલે અનેરું. પહેલો અર્થ કર્યો હતો ઇ. ઉત્તર એટલે અનેરું કાંઈ નથી. ભગવાનઆત્મા... ‘લાખ વાતની વાત નિશ્ચય એક ઉર આણો’ નથી આવતું? ‘છ ઢાળા’માં આવે છે. ‘નિશ્ચય ઉર આણો’ એ વાત છે. ‘છ ઢાળા’માં એમ કહ્યું છે.

મુમુક્ષુ :– વ્યવહાર છે જ નહિ એવું છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :– વ્યવહાર છે ને. વ્યવહાર કોણે નથી કીધો? વ્યવહાર નથી? એને નિમિત્ત તરીકે કહેવાય છે. હેતુ નિમિત્ત તરીકે, કારણ તરીકે કહેવાય છે.

મુમુક્ષુ :– કારણ ક્યાં? નથી કહેતા.

ઉત્તર :– પણ કહ્યું ને, વ્યવહાર કારણ કહ્યું ને, હમણાં આવ્યું નહોતું, સવારે નહોતું આવ્યું? બહિરંગ સહકારી કારણ નિમિત્ત તરીકે, હેતુ તરીકે કહેવાય પણ મોક્ષમાર્ગ કિંચિત્ નથી. સમજાણું? મોક્ષમાર્ગ બે છે એમ નથી. આરોપે કહ્યો હતો એ કિંચિત્ મોક્ષમાર્ગ નથી એમ કહે છે અહીં તો. આહાહા..!

ભાઈ! વસ્તુ સત્ય હશે તો શરણ મળશે, ગોટા વાળીશ તો શરણ નહિ મળે. આહા..! વસ્તુ જેવી રીતે છે એ રીતે શ્રદ્ધા, જ્ઞાનમાં નહિ લે તો અંદર નહિ જાય, જઈ શકે. સમજાણું? ન્યાં કાંઈ પોપાબાઈનું રાજ નથી. ન્યાં તો પ્રયત્ન જ્યાં અંતરમાં વાળવો એ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ? આમ શીખી લેવું, ભણી લેવું, કહી દેવું, દયા, વ્રત આ ફલાણું એ તો આમ ફટ... ફટ... ફટ... ફટ... .. એને જટ સહેલો પડી જાય છે. પણ ભગવાનઆત્મા જેમાં પોતાની દૃષ્ટિને અંતર સ્થાપવી કે જે સ્વરૂપનો અનુભવ (થાય) એ સિવાય કોઈ વિકલ્પ માત્ર કિંચિત્ મોક્ષનો માર્ગ નથી. વસ્તુ છે, વસ્તુ છે. વ્યવહાર વિકલ્પો લિંગ (છે). એને ભોગવી શકે છે? એના તરફનું લક્ષ કરે છે ને રાગ થાય છે એને ભોગવે છે. રાગ તો વિકાર છે, ઝેર છે. સમજાણું?

વિષતરુ ન આવ્યું? ૧૪૮ પ્રકૃતિ ઝેરના ઝાડ છે. એમાંય ક્યાંય એમ ન કહ્યું કે, એક વળી અમૃતનું ઝાડ છે. અમૃતનું ઝાડ તો આત્મા છે. અરે..! એના માહાત્મ્ય ન આવે ને બીજા માહાત્મ્ય ખસે નહિ, એને આકરું, બહુ આકરું લાગે. આહા..! પુણ્યને વિષ્ટા (કહે છે), જ્યાં હોય ત્યાં એ જ મૂકે છે બધાય. આમાંય મૂક્યું છે. લોકોમાં એમ થાય કે, આહાહા..! પ્રેમ છે ને જગતને! પૈસાનો, પુણ્યનો આ મોટરુંમાં ફરે. માથે શું કહેવાય? બલુન. એ રૂપિયાવાળા ફરે, આમ માથે હાલે એક કલાકમાં ત્રણસો માઈલ, ચારસો માઈલ, છસ્સો માઈલ અને આમ ડોક્યા કરતા જાય ને જોતા જાય ને મજા તો કેટલી પુણ્યમાં! મરી જાઈશ, ન્યાંથી હેઠા પડે ને હાય! હાય! પાણીમાં પડે કેટલાક. આ મોટો મરી ગયો હમણાં કો'ક નહિ? આ મોટો ન્યાં 'મુંબઈ'માં. પંદર દિ' સુધી આમ રહ્યો. મોટરમાં ભટકાણો ને આ તુંબડી.. પંદર દિ' અબોલ રહ્યો મરી ગયો, હમણાં બે દિ' પહેલા. શું કરે લાખ વાર કરે નહિ? આયુષ્ય વિના શું કરે? એ ન્યાં મોટરુંમાં ફર્યા. ધૂળમાંય નથી ત્યાં હવે.

જીવાડ્યા. ધૂળ જીવાડે. આયુષ્ય હતું તે રહ્યો છે. આહા..! અબોલા થઈને મરી ગયા. 'જવાહરલાલ' પોતેય અબોલા થઈને મરી ગયા ને છેલ્લે! મોટા મોટા ડૉક્ટર શું કરે? ભગવાનઆત્માની રહેવાની સ્થિતિ ત્યાં દેહમાં પૂરી થઈ ચાલી નીકળો, ભાઈ! રહેવામાં એક સમય પણ રહી શકશે નહિ, ધૂળમાંય હખ નથી ત્યાં. આહાહા..! ન કીધું. હાથમાં લાકડીઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રત્નની હોય નાની, આમ ટોપી પહેરે. ઓહોહો..! શું છે પણ આ બધું. સમજાણું? અને એ બંગલા સાડા ત્રણ કરોડ કરોડના. 'જ્યોર્જ' હતો ને? 'જ્યોર્જ' નહિ? એમાં મરી ગયો ને સાડા ત્રણ, રાતમાં મરી ગયો રાતે સુતો ને સવારે મરી ગયો. એને ડૉક્ટર કેટલા હશે! અને પાછુ જાવું છે હેઠે, હોં! એમાં કાંઈ બીજી ગતિ ન મળે એની તો. આહાહા..! આ ક્ષણે ખાટલા ને ઓલે ક્ષણે નરક. એ... કાળા કેર કુદરતની ચીજ તો જુઓ! ભાઈ! એ આ ધોળા, ધોળા, રાતા, પીળા ને આમ મલાળા એ વિકારના છે. ભગવાન! એ ઝેર છે, ભાઈ! પણ એની એને મીઠાશ, મીઠાશ (આવે છે).

અહીં તો કહે છે કે, રાગનો વિકલ્પ વ્રતના વિકલ્પની મીઠાશ છોડી દે. આહાહા..! જે શુભભાવ છે એ કિંચિત્ મુક્તિના માર્ગ માટે બિલકુલ કામ કરનાર નથી. બાધક છે એ જ બંધનો સાધક છે એમ શબ્દ છે ને? એમાં .'મોક્ષમાર્ગ પ્રકાશક'માંથી કાઢ્યો છે. જે મોક્ષનો બાધક છે એ જ બંધનો સાધક છે. આહાહા..! 'ટોડરમલ્લે' ઘણું ઘણું વિચાર્યું પણ કદર કરનારા એવા નીકળ્યા. અત્યાર સુધી તો ચાલતું હતું હવે વળી નીકળી આ વાત. અહો..! 'જયપુર'માં સ્મૃતિ હો, એ ખટકે છે કેટલાકને. અરે..! ભગવાન! એમ કે આવા આવા આચાર્યો થઈ ગયા, ફલાણા થઈ ગયા. એને એ ભાવ થયો. આવું શાસ્ત્ર સાધારણ જન પાસે સંસ્કૃત વ્યાકરણમાં બુદ્ધિ ન હોય. ચાર ચોપડીનો ભણ્યો હોય તોય એમાંથી વાંચીને આત્માનું તત્ત્વ પડ્યું હોય કાઢવું કરી શકે, એવું એવું સહેલું છે. એનો સાતમો એક અધ્યાય. અહોહો..! માખણ! ચૌદ પૂર્વના સાર કાઢી મૂક્યા છે. સમજાણું કાંઈ? અરે..! બહુ વાંચવાનો વખત ન હોય પણ રોજ તો વાંચવાનો વખત હોય કે નહિ એટલો? આઠ દિ', પંદર દિ' વાંચે ધીમે... ધીમે... ધીમે... ધીમે... બધા શાસ્ત્રો કેટલા! બાપા! વખત થોડા પ્રયોજનભૂત કામ કરવા છે જેને... સમજાય છે? તો એને ઉપકારભૂત જાણીને એને પણ માને. એમાં શું છે? વાંધો શું છે? ભૂલ્યા ફર્યા. શું એવો શબ્દ છે હતો નહિ કાંઈક? ભૂલે બિસરે. ભૂલાઈ ગયા ને વિસરાઈ ગયા ને વળી પાંચ પાંચ લાખના હોલ કરે છે. એવું ખટકે કો'કને. હવે ઓલા તો 'ગોદીકા'ને બિચારાને ભાવ હતો ને પછી ખબર પડી. પહેલો તો ભાવ અમથો થયો હતો. એ તો ત્યાં 'ટોડરમલ્લજી' થઈ ગયા માટે આપણે 'જયપુર'માં એની પ્રસિદ્ધિ થાય એમ ઠીક ને એક સ્વાધ્યાય થાય તો લોકો .. પછી તો ખબર પડી કે, આ 'ટોડરમલ્લજી' તો અમારા કુટુંબનો માણસ છે. એ તો ગૃહસ્થ માણસ એને ક્યાં ન્યાં પાંચ લાખ ... એને કાંઈ પૈસાની કાંઈ એમ નથી કે પાંચ, દસ કરોડ હોય તો પાંચ લાખ ખર્ચી નાખો. એવા ઉદાર છે. એ તો જ્યાં નાખવાનો વિચાર થયો ત્યાં લાખ, બે લાખ, ત્રણ લાખ ખર્ચી નાખે. એવો ખુલાસો. સમજાણું કાંઈ? કહે છે, એણે એક જ મોક્ષમાર્ગ કહ્યો છે. ઇ ઉપર અત્યારે ચાલે છે આ. વિશેષ કહેશે...

( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## માગશર સુદ ૧૦, શુક્રવાર તા. ૩-૧૨-૧૯૬૫. કળશ-૨૪૪ થી ૨૪૬ પ્રવચન-૨૫૮

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. 'સમયસાર કળશ', નીચે ૫૨ મો કળશ છે. 'આવો મોક્ષમાર્ગ છે, આનાથી અધિક કોઈ મોક્ષમાર્ગ કહે છે તે બહિરાત્મા છે,...' ત્યાં સુધી આવ્યું હતું. છે નીચે? એટલે શું? કે, આત્માનો શુદ્ધ સ્વરૂપનો અનુભવ. પુણ્ય પરિણામ દયા, દાન, વ્રત પરિણામ એ પરિણામ હો, પણ એ મોક્ષમાર્ગ નથી. હવે એમાં એને મોક્ષમાર્ગ ને આને મોક્ષમાર્ગ એમ બે નય એવી રીતે કેવી? તો નય વિરુદ્ધ શી રીતે થઈ? તો આનો, આનો વિરોધ શી રીતે થયો? 'આવો મોક્ષમાર્ગ છે, આનાથી અધિક કોઈ મોક્ષમાર્ગ કહે છે...' આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ, એને અનુસરીને આત્માના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું થવું ઇ એક જ મોક્ષનો માર્ગ છે. વચ્ચે વ્યવહાર, વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામ આદિ હોય છે પણ એ મોક્ષમાર્ગ નથી. સમજાણું?

'તે વર્જવામાં આવે છે...' દેખો! 'બહિરાત્મા છે, તે વર્જવામાં આવે છે...' કહે છે, તારી ઇ શ્રદ્ધા છોડ. સમજાણું કાંઈ? શરીરના રજકણે રજકણ જ્યાં છૂટા પડશે, બાપા! એ કાંઈ તારા છે નહિ. હાડકા બધા (છે).

મુમુક્ષુ :- જીવતું હોય ત્યાં સુધી..

ઉત્તર :- જીવતા સુધી કે દિ' એના ધૂળમાંય નથી. મોટા ફોડલા પડે, ઓલા પડે, અંદરથી કંઈક નીકળે, હાડકા તૂટે આહાહા..! જુઓને! શું કહેવાય એને? બ્લડપ્રેશરનું ૨૫૦ થાય ત્યાં આ..આ.. કાલે વધારે થયું હતું. પૈસા કેટલા થયા? કે, બે હજાર વાપર્યા. શું ધૂળ કરે? પૈસા શું કરશે ત્યાં? આહા..! આ હાડકે હાડકાના રજકણ જુદા તત્ત્વ છે. આ રજકણ દ્રવ્ય અત્યારે જુદું છે, એની પર્યાય પણ અત્યારે તારા અધિકારની વાત જ નથી.

હવે રહી તારી દશામાં તારા અધિકારથી અનાદિથી અજ્ઞાનમાં શુભ ને અશુભભાવ કરવાનો અધિકાર ખરો. શુભ ને અશુભભાવ એ તો આસ્રવતત્ત્વ છે. એ તો આત્માને બંધનું કારણ છે. હવે અહીં તો મોક્ષનો માર્ગ સિદ્ધ કરવો છે. ભાઈ! દેહની ક્રિયાઓ, તે શુભ પરિણામ એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. કારણ કે, તત્ત્વ જુદું છે. સમજાણું કાંઈ? પણ નિરોગતા હોય, શરીરમાં કાંઈક (ઠીક હોય) એટલે જાણે કે, મને આ છે, આમ મને છે, હું બોલું છું, બોલી શકું છું, બીજાને પાછા પાડી શકું છું, બીજાને ભાષા દ્વારા સમજાવીને આવો કરી શકું છું. ભાઈ! એ બધી ક્રિયાઓ જડની છે, કંઈ તારી છે નહિ. આહાહા..! સમજાણું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પ ઉઠાવે. શુભ-અશુભભાવ એમાં અશુભભાવ તો પાપ છે. એ કાંઈ આત્માને હિતકર નથી અને એમાં શુભભાવ થાય એ પુણ્ય છે. દયા, દાન, વિકલ્પ આદિ જે છે વ્યવહાર જે કહેવાય એ તો શુભભાવ છે, પુણ્ય છે. એ પુણ્યતત્ત્વ કાંઈ આત્મતત્ત્વ છે? અને એ પુણ્યતત્ત્વથી કાંઈ સંવર-નિર્જરા એટલે મોક્ષનો માર્ગ એનાથી પ્રગટે? (પ્રગટે) તો બે તત્ત્વ એક થઈ જાય છે. છે ને? નવતત્ત્વ છે કે નહિ? અજીવતત્ત્વથી કાંઈ પુણ્ય-પાપ પેદા થાય? અને પુણ્ય પરિણામથી કાંઈ સંવર-નિર્જરા થાય?

એથી કહે છે કે, ભાઈ! વસ્તુ જે છે આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ, એની અંતરમાં એકાગ્ર થઈને શુદ્ધતા જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે એ શુદ્ધતા જ મોક્ષનો માર્ગ છે. મોક્ષમાર્ગ બીજો આનાથી અધિક કહે તો એ બીજા તો પરિણામ પુણ્યના છે. જે અધિક કહે તો પુણ્યના છે એને મોક્ષમાર્ગ કહે (તો) એમ નથી, ભાઈ! સમજાય છે કાંઈ?

એ શરીરમાં આમ સાંધે સાંધા તૂટતા હોય અને અંદરથી નીકળવા છૂટવું હોય, એકાકાર થઈ ગયો હોય. એને એ ભગવાન સ્મરણ કરે ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં એ પણ નહિ શરણ પડે. એ તો રાગ છે. સમજાણું? નમો અરિહંતાણં... નમો અરિહંતાણં એ તો વિકલ્પ છે, રાગ છે એથી કાંઈ શાંતિ નહિ વળે. શાંતિ તો ચૈતન્ય સ્વભાવને શરણે જા તો શાંતિ મળે. એને શરણે તો શુદ્ધ પર્યાય પ્રગટે ત્યારે થાય એ સિવાય કાંઈ બીજો મુક્તિનો માર્ગ નથી. સમજાણું કાંઈ? અરે..! આના આ ભવમાં પણ એ આવશે કે નહિ દેહ છૂટવાનો? કે બીજે ભવે આવશે? આહાહા..! જુદી ચીજ છે તે જુદા પડવાનો કાળ તો આવશે ને? હેં! કે, આમ ને આમ રહેશે? આહા..!

કહે છે, ભાઈ! તારે શરીર સામું જોવાનું નથી. શરીર સામું શું થાય એ જોવાનું નથી. એ તો જડનું છે. પર તરફના લક્ષે શુભભાવ થાય એમાં પણ તારે જોવાનું નથી. કારણ કે, એમાં તો બંધનું કારણ છે, છૂટવાનો એ ઉપાય નથી. છૂટવાનો ઉપાય તો ભગવાનઆત્મા જ્ઞાન અને અનાકૂળ શાંતિની, આનંદની મૂર્તિ પ્રભુ છે ને ભાઈ! એનું અંતર લક્ષ ને રુચિ–દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરીને ઠરવું એ એક જ છૂટવાનો પંથ અને રસ્તો છે. એથી કોઈ અધિક કહે તો બહિરાત્મા બાહ્ય બુદ્ધિમાં મોક્ષમાર્ગ માને છે એ વર્જનીય છે. સમજાણું કાંઈ?

અંતર્મુખના સ્વભાવના અવલંબે જે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટે એ છૂટવાના રસ્તા છે. મોક્ષનો કહો, છૂટવાનો રસ્તો છે. એ સિવાય બીજો કોઈ અધિક કહે, એના સ્વભાવના આશ્રય વિનાની દશા કોઈ બીજી કહે, ભાઈ! એ (ઉપાય) નથી, હોં! વસ્તુ છે પણ એ ધર્મ–મોક્ષનો માર્ગ સત્ય નથી. વ્યવહાર પણ સત્ય ને નિશ્ચય પણ સત્ય તો બે નય કેમ રહે? તો વિરોધ કેમ હોય? બે નયનો તો વિરોધ છે. ઇ કહે છે રાગ તે ધર્મ આ કહે કે અરાગ તે ધર્મ. વિરુદ્ધ છે. (પેલા) કહે છે કે, વ્યવહાર શુભભાવ તે ધર્મ. આ કહે કે નહિ, નહિ. શુભભાવ એ પુણ્ય છે, ધર્મ નહિ. વ્યવહારે ધર્મ કહેવાય. વસ્તુના સ્વભાવમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મ પ્રગટ્યો છે એનો આરોપ એને દેવાય પણ આ પણ સત્ય ને આ પણ સત્ય, બેય મોક્ષના માર્ગ છૂટવાના રસ્તા એમ (નથી). જરી જો અંદર તો તને ખબર પડે કે, આ તો તત્ત્વ આખું રજકણનો જેને સ્પર્શ નથી. આખો દેહમાં પડ્યો પિંડ ભગવાનઆત્મા એકલો જુદો. હવે આનું જેને કંઈ શરણેથી આમ થાય કે આમ થાય કે આમ થાય કે આમ થાય એમાં વિકલ્પ ઉઠે એનાથી તું છૂટકારો માંગતો હોય તો એ કાંઈ સત્ય નથી.

એક જ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એક જ મોક્ષનો માર્ગ છે. પણ હવે એમાં વાંધા ઉઠાવે. શું થાય? ભાઈ! સ્થળે ખબરું પડશે અત્યારે તને ખબર નહિ પડે. જરી પુણ્યનો ઉદય હોય, શરીર ઠીક હોય અને કાંઈક બોલે ચાલે કરીને બીજાને જડબાને શક્તિ સમજાવે કે આમ થાય એનું આમ થાય, એનું આમ થાય, આમાં આમ લખ્યું છે, આમાં આમ લખ્યું છે. ભાઈ! એ ખરે ટાણે શરણ નહિ થાય, હોં! હેં!

'તે વર્જવામાં આવે છે...' અરે..! 'अतिजल्पैः अलम् अलम्' 'અતિ જલ્પથી અર્થાત્ બહુ બોલવાથી...' આહાહા..! આચાર્ય કહે છે જુઓ! બહુ કહેવાથી શું? બહુ બોલવાથી 'બસ કરો, બસ કરો;...' અરે..! ભાઈ! વિશેષ બોલીને શું કામ છે? બોલીનો અર્થ કે વિકલ્પ કરીને શું કામ છે? સમજાણું? અહો..! શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે ને, ભાઈ! પરમાનંદની મૂર્તિ તું. આત્મા તો એને કહીએ. શુભાશુભ રાગ ઉઠે એને આત્મા કહેવાય? તો એ તત્ત્વ જુદું કેમ પડ્યું? તો તો આત્મામાં નાખે છે ભેગું. સમજાણું કાંઈ? શુભ પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના એ તો આસ્રવતત્ત્વ છે. જો આત્મતત્ત્વ હોય તો આ આસ્રવ ને આ આત્મા બે જુદા કેમ પડે? એટલે આત્મતત્ત્વને અવલંબે જ આત્માને શાંતિ ને શ્રદ્ધા ને મોક્ષનો માર્ગ છે. એની મુક્તિ કરવી છે ને? તો એના અવલંબે પરિણામ થાય એનાથી મુક્તિ થાય. બાકી વિશેષ શું કહીએ? આચાર્ય એમ કહે છે. આહાહા..! અરે..! બહુ બોલવું, બોલવું મૂકી દે, ચુપ રહે, ભાઈ! બસ, બસ થઈ જા હવે.

'અહીં બે વાર કહેવાથી અત્યંત વર્જવામાં આવે છે...' અત્યંત વર્જિત કરે છે, રહેવા દે, ભાઈ! બીજો મોક્ષમાર્ગ છે શુભભાવ એમ કહેવું રહેવા દે, રહેવા દે. હવે બસ થાઓ. કહો, સમજાણું? 'ચુપ રહો, ચુપ રહો. કેવા છે અતિ જલ્પ?' 'दुर्विकल्पैः' 'જૂઠીથી પણ જૂઠી ઊઠે છે ચિત્તકલ્લોલમાળા...' અહો..! આ આમ થાશે ને વ્યવહારથી આમ થાશે પછી નિશ્ચય આમ થાશે પછી આ થાશે એવા વિકલ્પની વૃત્તિઓનો કલ્લોલ, કલ્લોલમાળા. જૂઠીથી પણ જૂઠી ચિત્તની કલ્લોલમાળા. જોયું? ચિત્તના સંગથી ઊઠે છે ને ઇ? એ હવે બસ થઈ, હવે બસ રાખ, બસ રાખ. ટાણા આવ્યા, બાપા! આહાહા..! એ અંતર આત્મામાં ઢળવાના કાળ (આવ્યા). બાપુ! હવે બસ કર. કહો 'જમભાઈ'! શું કહે છે?

'વળી કેવા છે?' 'अनल्पैः' 'શક્તિભેદથી અનન્ત છે.' વિકલ્પના ભેદો તો અનંત પડે. આ દયા ને આ ભક્તિ ને વ્રત ને પૂજા ને આ ને આ ને આ ગુણગુણીનો ભેદ ને એટલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પની શક્તિરૂપે અનંત ઊઠે છે પણ એનાથી શું છે? ભાઈ! આખો ભગવાન શુદ્ધ ચૈતન્ય છે ને, પ્રભુ! અરે..! તું પ્રભુ છો ને તને પ્રભુના શરણ લેતા આવડતા નથી? અને આ પામર રાગાદિના શરણે તું છૂટકારા માંગે છે? બસ થઈ હવે. રહેવા દે, એમ કહે છે. આહાહા..! કહો, 'ભીખાભાઈ'! આહાહા..! ઇ આખે રુંવાટે રુંવાટે આમ રોગ થાય. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' શાસ્ત્રમાં કહે છે ને? એક તસુમાં છન્નું રોગ, શરીરના એક તસુમાં છન્નું રોગ. 'ચીમનભાઈ'! છન્નું. આ પિંડલા જેવું દેખાય આમાં ક્યાં રોગ દેખાય છે? એક તસુમાં આટલામાં છન્નું રોગ. એવું આખા શરીર પ્રમાણે. એ ફાટે ત્યારે એને ખબર પડે. નહિતર તો જાણે આ.. આમાં આ છે, સોનાના પિંડલા જેવું એ ધૂળ ....

ક્યાં આઘા? પાકે ત્યારે એને ભાન ન હોય, અસાધ્ય થઈ જાય. ચૈતન્યનું તો ભાન ન મળે આહા..! કંઠમાળ, ભગંદર શું કહેવાય સમજ્યા ને? આ ઓલું તમારે કેન્સર ને, એમાં છાતીના કેન્સર તે સડે. આહા..! હવા લાગે નહિ. કેમ રહ્યો હશે ગર્ભમાં? કોઈ દિ' વિચાર્યું છે એણે? સવા નવ મહિના ઊંધે માથે, એવા તો અનંતવાર કર્યા. એક અહીં સરખી બારી બારી બંધ હોય ને માણસ આડો ઉભો હોય તો (કહે), એઇ! આઘો વયો જા, હરખો હા આવશે. ત્યાં ઊંધે માથે સવા નવ મહિના. ચૈતન્ય તો છે ચૈતન્ય જ છે સત, આત્મા એની ખબર ન મળે ને ભગવાનનો આત્મા તો પેટમાં હોય તો ત્રણ જ્ઞાન ને ક્ષાયિક સમકિત હોય છે. આહાહા..!

એ વસ્તુ છે એને છૂટી દૃષ્ટિમાં પાડી ગમે ત્યાં હોય એ છૂટો છે. એ છૂટો દૃષ્ટિ(માં) પાડવો એ જ મુક્તિનો માર્ગ (છે), બાકી કોઈ મુક્તિનો માર્ગ નથી. છૂટો કહો કે મુક્તિનો માર્ગ કહો. બીજી શોધ રહેવા દે એમ કહે છે અહીં તો. 'अनल्पैः' શક્તિભેદથી અનંત પ્રકારના વિકલ્પો ઊઠે, વૃત્તિઓ ઊઠે ત્યાં શોધવું રહેવા દે, ભાઈ! એમાં કંઈ પણ રુચિ કરવી છોડી દે. ભગવાનઆત્મા છે એની દૃષ્ટિ કર, એની રુચિ કર, એની એકાગ્રતા કર એ જ તારે દુઃખથી મુક્ત થવાનો એક જ પંથ ને રસ્તો છે, બીજો કોઈ રસ્તો છે નહિ. કહો, સમજાણું આમાં? હવે એ 'સમયસાર'ની વ્યાખ્યાના વખાણ કરે છે.

( અનુષ્ટુપ )

इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।
विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।।५३-२४५।।

ખંડાન્વય સહિત અર્થ :– 'इदम् पूर्णताम् याति' શુદ્ધ જ્ઞાનપ્રકાશ પૂર્ણ થાય છે. ભાવાર્થ આમ છે કે જે 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'નો આરંભ કર્યો હતો તે પૂર્ણ થયો. કેવું છે શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન ? 'एकं' નિર્વિકલ્પ છે. વળી કેવું છે ? 'जगच्चक्षुः' જેટલી જ્ઞેયવસ્તુ તે બધાનું જ્ઞાતા છે. વળી કેવું છે ? 'अक्षयं' શાશ્વત છે. વળી કેવું છે ? *'विज्ञानघनम् अध्यक्षतां नयत्' ( विज्ञान ) જ્ઞાનમાત્રના ( घनम् ) સમૂહરૂપ આત્મદ્રવ્યને ( अध्यक्षतां नयत् ) પ્રત્યક્ષપણે અનુભવતું થકું. ૫૩-૨૪૫.

---

इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।
विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।।५३-२४५।।

'इदम् पूर्णताम् याति' 'શુદ્ધ જ્ઞાનપ્રકાશ પૂર્ણ થાય છે.' 'સમયસાર' પૂર્ણ થાય એટલે શુદ્ધ જ્ઞાનપ્રકાશ પૂર્ણ થઈ ગયો. ભગવાન ચૈતન્ય સૂર્યનો પ્રકાશ આત્મા છે એને પૂર્ણ કહેવાની વ્યાખ્યા પૂરી થઈ ને પોતે પૂર્ણ થઈ ગયો. સમજાણું કાંઈ? 'શુદ્ધ જ્ઞાનપ્રકાશ પૂર્ણ થાય છે.' 'इदम् पूर्णताम् याति'. 'इदम्' એટલે શુદ્ધ જ્ઞાનપ્રકાશ. 'पूर्णताम्' એટલે પૂર્ણ, 'याति' એટલે થાય છે. ભગવાન 'इदम्' કહ્યું ને? આ પ્રત્યક્ષ. સમજાણું? પેલો શ્લોક છે, હોં! જૂનામાં છે. 'इदम् पूर्णताम् याति' ચૈતન્યસૂર્ય પ્રકાશમૂર્તિ પ્રભુ! એના કથનોની રીત હવે પૂરી થઈ ગઈ અને એ રીતે સમજે એને પણ શુદ્ધ જ્ઞાનપ્રકાશ પૂર્ણ પામી જાય. આહાહા..! 'શુદ્ધ જ્ઞાનપ્રકાશ પૂર્ણ થાય છે.'

'ભાવાર્થ આમ છે કે જે સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનો આરંભ કર્યો હતો...' સર્વવિશુદ્ધનું કર્યું હતું ને? 'તે પૂર્ણ થયો.' પૂર્ણ એકલો જ્ઞાન સૂર્ય ચૈતન્યસ્વરૂપ એમાં આનંદ, શાંતિ પૂર્ણ સ્વરૂપ છે. એવો જે આત્મા એનું કથન ઘણું કર્યું, પૂરું કર્યું. સમજનારને એ જ્ઞાન સ્વરૂપનું ભાન થઈ પૂર્ણ થઈ ગયું, સર્વવિશુદ્ધજ્ઞાન પ્રગટ થઈ ગયું. 'કેવું છે શુદ્ધ જ્ઞાન?' 'एकं' 'નિર્વિકલ્પ છે.' 'एकं' એટલે નિર્વિકલ્પ, એમ. એક સ્વરૂપ છે, ભેદ નથી એમાં. જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ ચૈતન્ય એટલે સર્વને જાણવા સ્વભાવની સત્તાવાળી વસ્તુ તે એક છે, એક છે, નિર્વિકલ્પ છે, ભેદ-બેદ નથી.

'વળી કેવું છે?' 'जगच्चक्षुः' કેવી છે ચીજ ભગવાનઆત્મા? 'જેટલી જ્ઞેયવસ્તુ તે બધાંનું જ્ઞાતા છે.' ચૈતન્ય સ્વભાવ (તેનું) પહેલેથી ભાન થયું ત્યારથી તે જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાણું? પણ પૂર્ણ થતાં તો પૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. એકલો ભગવાનઆત્મા તો સર્વનો જાણનાર-દેખનાર જ છે. અત્યારે પણ એ જ છે. શુભ વિકલ્પ, રાગ, દેહ આદિની ક્રિયાનું કરવું એ સ્વરૂપમાં નથી. એ ચૈતન્યસૂર્ય ભગવાન સચ્ચિદાનંદની મૂર્તિ છે. સમજાય છે? દેહ પ્રમાણે અણઘડેલી મૂર્તિ (છે). ભગવાન દેહના પરમાણુથી જુદો અણઘડેલી મૂર્તિ અકૃત્રિમ અનાદિઅનંત (છે). એ સર્વનો જાણનાર જ છે. શરીર હો, વાણી હો, બધું હો. હો એને જાણે છે એ તે પણ એને લઈને નહિ. જાણવાના સ્વભાવને લઈને જાણે છે. સમજાણું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'તે બધાંનું જ્ઞાતા છે.' દાખલો આપશે ને? સવારમાં નહિ ઓલા તારાનો. પાણીમાં પાણીને જોતા માથેના તારા પાણીમાં દેખાય જાય છે. પાણીને જોતા, જળને જોતા તારાઓના પ્રતિબિંબ પડે છે ને અંદર? જળ જોતા તારા જણાય જાય છે. એમ ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપે જ્ઞાતા-દૃષ્ટા (છે) એને જોતા એમાં બધી ચીજો એમાં જણાય જાય છે, એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? એણે આત્મા જાણ્યો છે એમ અનંતવાર અભિમાન કર્યા હતા. સમજાય છે? પણ શું છે એને જાણવાનો એણે પ્રયત્ન પણ કર્યો નથી. એ ભગવાન ચૈતન્યજ્યોત કહે છે કે, અહીંયાં જાગ્યો ને જાગીને જોયું તો એ સર્વ જ્ઞાતા, સર્વનો જાણનાર છે. સમજાણું કાંઈ? એવો બધાનો જ્ઞાતા પ્રગટ થઈ ગયો. એવા ચૈતન્યના ભાન દ્વારા અંતરમાં સ્થિર થતાં ભગવાન જેવો જ્ઞાને પૂર્ણ પૂર્ણ છે એવો પર્યાયે પરિપૂર્ણ પ્રગટ થઈ ગયો. બસ! એ 'સમયસાર'નું પૂર્ણ થઈ ગયું.

'વળી કેવું છે?' 'अक्षयं' 'શાશ્વત છે.' એ ચૈતન્ય સ્વરૂપ શાશ્વત છે ને જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય પણ પ્રગટ થઈ ગઈ એ શાશ્વત રહેશે એમ ને એમ. સમજાણું? જાણનાર-દેખનાર સત્ છે ને સત્. સત્ છે તે શાશ્વત છે. અણકરાયેલું, અણ નાશ પામે એવું જ્ઞાનનું મૂર્ત સ્વરૂપ એકલું ચૈતન્યઘન મૂર્તિ. શાશ્વત પ્રગટ થઈ ગઈ. જેવું શક્તિમાં શાશ્વતપણું છે એ પર્યાયમાં પણ શાશ્વત થઈ ગયું. એ પર્યાય હવે પાછી પડે એવી નથી. સમજાણું કાંઈ? આહાહા..! મકાન પૂરું થાય તો નથી કહેતા હવે પૂરું થયું ભાઈ મકાન. બધું પૂરું કર્યું. આ બધું ચણતર પૂરું થઈ ગયું, કહે છે. આહાહા..! ભગવાન જ્ઞાન સ્વરૂપે છે એવો અંતરમાં એકાગ્ર થઈને પર્યાયની પૂર્ણતા થઈ ગઈ, પૂર્ણ થઈ ગયું.

અક્ષય ભગવાન એમ ને એમ. વસ્તુ જેમ શાશ્વત (છે) એની પર્યાય એવી ને એવી શાશ્વત થઈ ગઈ. એમ એનું નામ 'સમયસાર'ની પૂર્ણતા. 'વળી કેવું છે?' 'विज्ञानघनम् अध्यक्षतां नयत्' 'જ્ઞાનમાત્રના...' એ ભગવાન ચૈતન્ય સ્વરૂપ. અહીં તો આત્માને જ્ઞાન જ્ઞાન જ વર્ણવ્યો છે. ચૈતન્યની પ્રધાનતા એ આત્મા છે. એમાં બીજા ભલે ગુણો અનંત છે. એ જાણક જાણક જે સત્તા, જાણવાની હયાતીનો ભાવ એ આત્મા. એવી 'विज्ञानघन, घन' એટલે સમૂહરૂપ આત્મદ્રવ્ય, એમ. 'જ્ઞાનમાત્રના સમૂહરૂપ આત્મદ્રવ્યને...' ભગવાન ચૈતન્ય દ્રવ્ય છે, ચૈતન્યનો સમૂહ તે આત્મદ્રવ્ય છે. કોઈ એમાં પુણ્ય-પાપનો સમૂહ કે શરીર કે એમાં છે નહિ. એકલો જ્ઞાનાનંદ સ્વરૂપ શક્તિએ જ્ઞાનનો સમૂહ એવી પર્યાય પણ પ્રગટ થઈ, કહેશે જુઓ!

'अध्यक्षतां नयत्' એ 'अध्यक्षतां नयत्' ભાષા જુઓ! એ 'પ્રત્યક્ષપણે અનુભવતું થકું.' 'अध्यक्षतां' પ્રત્યક્ષથી 'नयत्' પ્રાપ્ત થયો. અનુભવ થયો. આ પર્યાય કીધી છે. ભગવાન સ્વરૂપ આત્મા.. સમજાણું? અજ્ઞાનમાં પણ કેટલી શક્તિ! અજ્ઞાનમાં પણ જ્યાં એક સમયની અમુક પર્યાયમાં-આ છોડીની વાતમાં કે જ્યાં અજ્ઞાન છે ગ્રહિત મિથ્યાત્વ છે ત્યાં. એમાં પણ જ્ઞાનનો એક સમયનો પર્યાય છે, ધારણાનો હોં! ધારણાનો. ગુણ-દ્રવ્યની વાત ત્યાં છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ. ઇ ધારણાના સંસ્કારમાં પણ આ.. આ.. આ.. બીજાને એમ લાગે અજાણ્યું લાગે. કાલ એક જણો કહેતો, એવું કેમ બને? બને શું પ્રત્યક્ષ છે ને બને કેમ પ્રશ્ન (ક્યાં) છે. એક જણો વળી ઓલો નહોતો કાલ સવારે દર્શન કરવા આવ્યો? મોટો છે ને કોઈ મીરા આશ્રિત. ઇ તો કહે, ઓહો..! ભગવાનની મૂર્તિ હતી. જુઓ! આ તમારા ભત્રીજાની દીકરી ભગવાનની મૂર્તિ કહી. આહાહા..! મારે તો શું વિચાર આવ્યો? કે, અરે..! એક અજ્ઞાન ગ્રહિત મિથ્યાત્વમાં પણ એને ત્યાં તો બધું બટાટા, સકરકંદ ખવાતા હશે. ન્યાં તો બધું છે કે નહિ? ન્યાં તો ગ્રહિત મિથ્યાત્વ, ન્યાં તો દેવળમાં જઈને મૂર્તિ ને પૂજા ને બધું કરતા હશે, આરતી-બારતી બધું અને રાતે ખાતા (હશે), આરતી વખતે અંધારા વખતે ખાય.

અહીં તો બીજી વાત છે કે, એના એ જ્ઞાનના એક સમયના મિથ્યાત્વ ભૂમિકામાં પણ તેની પર્યાયની ધારણાના સંસ્કારમાં આમ આવે કે, આ જ છું, બસ એમ. હું 'ગીતા' હતી, એમ કહે છે ને? 'ગીતા' હતી. 'ગીતા', 'ગીતા' ક્યાં છે? હું તો 'રાજુલ' છું અત્યારે. ન્યાં 'ગીતા' હતી.. આમાં શું છે? એ કાંઈ આત્માને મોક્ષનું કારણ કે ધર્મ-બરમ એમાં જરીયે નથી, હોં! સમજાણું કાંઈ? આહાહા..! મિથ્યાત્વ ભાવમાં એક પર્યાયના અંશના ધારણાના સંસ્કારમાં આમ આવે ત્યાં પ્રત્યક્ષપણું નથી એ કાંઈ. પ્રત્યક્ષ આમ દેખાય છે ન્યાં? એની સ્મૃતિમાં આવે આમ ફટ દઈને, આ... આ.. પોતે ભલે બે વર્ષ ને નવ મહિના આ જેને કાંઈ આડ નડતી નથી. અજ્ઞાનભાવમાં પણ એક સમયની પર્યાયમાં પૂર્વના સંસ્કાર એવા પડ્યા કે, જેને સ્મૃતિ માટે આડ નડતી નથી. સમજાણું કાંઈ? એના સમ્યગ્જ્ઞાનના પર્યાયનું શું કહેવું! આહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જે પેલી ધારણાનો વિષય ને ફક્ત અજ્ઞાનમાં ધારેલું એના અંશમાં લોકોને ચમત્કાર થઈ જાય છે. આહાહા..! એમ થઈ જાય. શું છે? ઇ કંઈ જન્મ-મરણના આટાને ફેર પાડે, એ ફેર પાડે એવો આંટો એ વાતમાં માલ એકેય નથી. આહાહા..! આ આત્મા એક સમયમાં જે વસ્તુ સત્ત ચિદાનંદ, એનો પ્રગટ્યો એક મતિજ્ઞાનનો એક અંશ જેણે પકડ્યો કે, આ આત્મા. આહા..! એ મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનના અંશમાં કેટલી તાકાત છે કે, જેણે આખા આત્માને કબુલી લીધો! અનંત ગુણનો પિંડ પ્રભુ! ભગવાન એને જાત આખી જે છે કોઈ દિ' જોઈ નહિ, જાણી નહિ, અનુભવી નહિ... સમજાણું કાંઈ? એ આ જ્ઞાન દ્વારા આ આત્મા છે. આહાહા..! એ જ્ઞાનની પર્યાયની શું કિંમત કરવી! સમજાણું કાંઈ? 'ધર્મચંદજી'! શું થયું! આ તમારા ડૉકટરના જ્ઞાનના મીંડા વળે છે આમાં, મીંડા વળે છે? આહાહા..!

કહે છે કે, એવો ભગવાન 'સમયસાર' જ્યાં પૂર્ણ અધ્યક્ષ 'अध्यक्षतां नयत्' આ પૂર્ણપણાને પ્રાપ્ત થઈ ગયો, પરિણમી ગયો. સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાનની જ્યોત જેમાં, જેના અજ્ઞાનમાં આવી ચમત્કારી જગતને લાગે એના સમ્યગ્જ્ઞાનના ચમત્કારની શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાતું! અને એ સમ્યગ્જ્ઞાનમાંથી પ્રગટેલું કેવળજ્ઞાન (એની તો શું વાત કરવી!) 'अध्यक्षतां नयत्' ભગવાન પૂર્ણ સ્વરૂપ ચૈતન્ય. ઇ આગળ ક્યાંક આવશે. સમજ્યા ને? ભ્રાન્તિ ન કરો, ભ્રાન્તિ ન કરો. 'પરમાત્મ પ્રકાશ'માં. આત્મા જ પરમાત્મા થઈ શકે છે. આત્મામાં ભ્રાન્તિ ન કરો, સંદેહ ન કરો. એમ આવશે. આ શ્લોક આવશે ને? ક્યાંક છે. શ્લોકો .. કોઈ એકમાં જ છે. પહેલો જ બોલ છે. 'अप्पु पयासइ अप्पु परु जिम अंवरि रवि-राउ।' રવિનો રાગ એટલે સૂર્યનો પ્રકાશ એમ કહે (છે). 'जोइय एत्थु म भंति करि एहउ वत्थु-सहाउ।।' ૧૦૧ (ગાથા) કાલ આવશે.

હે જોગી! ભગવાનઆત્મા પરમાત્મા સ્વરૂપ છે, પ્રભુ! એ પોતે જ પ્રકાશ થઈને આખો પરમાત્મા થાય છે. ન ભ્રાન્તિ કર, ભ્રાન્તિ ન કર, ભાઈ! ન કર, સંદેહ છોડી દે. એ વસ્તુ જ એવી છે, કહે છે. 'एहउ वत्थु-सहाउ' એમ કહે છે. આ ૧૦૧માં જ આવશે. એ વસ્તુનો એવો સ્વભાવ છે, ભાઈ! કહો, સમજાણું કાંઈ? ભ્રમ ન કર, ભ્રમ ન કર, ભ્રમણા ન કર. આવી વ્યાખ્યા આવા આત્માની? ઓહોહો..! આવો આત્મા? એ આત્મા એવો છે. ભ્રમ છોડી દે, સંદેહ છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, સમૂહ જ્ઞાનનો ઘન ભગવાન આત્માદ્રવ્ય એ પ્રત્યક્ષપણે અનુભવતા પ્રગટ છે. સમજાણું કાંઈ? એ સંદેહ ન કર, એ થઈ શકે છે, હોઈ શકે છે. વસ્તુનો જ એવો સ્વભાવ છે, એમ કહે છે, પ્રભુ! એમાં છેલ્લો શબ્દ એમ છે. સમજાણું કાંઈ? સમજાણું નહિ? 'જેચંદભાઈ'! આવો આત્મા? લ્યો! કે દિ' પણ ગોત્યો છે તે ખોવાય જાય? ગોતી છે આ ધૂળને. આ શરીર ને વાણી ને ધૂળ ને પૈસા ને બાયડી ને છોકરા ને મકાન ને હજીરા ને રાગ ને દ્વેષ એને ગોત્યા છે, ન્યાં ગોતવામાં આત્મા ન્યાં છે? જ્યાં છે ત્યાં ગોત્યો નથી ને નથી ત્યાં ગોત્યો છે. કેમ હાથ આવતો નથી? પછી કેમ હાથ આવતો નથી ? ખોવાય ગયું ક્યાંક ઘરેણું. અહીં ઘરેણું હું ન્યાં જ હતો એટલામાં જ ખોવાણું છે, બીજે ક્યાંય નથી. અહીંથી હતું ન્યાં ગયા રસ્તામાં ખોવાણું. ગોતવા ગયો નદીમાં. (પછી પૂછે છે કે) કેમ હાથ આવતું નથી? કેમ કાંઠે આવતું નથી? હવે એ રાડ પાડે એનો અર્થ શું કરો? કેમ, 'ભીખાભાઈ'! ખોવાણું નહોતું ત્યાં? 'જોરાવરનગર' ને 'જોરાવર' આહા..! .. ગોતવા મંડ્યા ન્યાં પણ લુગડું પાથરેલું એમાં ગરી ગયેલું. પગમાં વાગી, બહાર નીકળી. આ શું છે? આ કાંઈક છે. શું કહેવાય? લ્યો! પગે ગોતી દીધું. આંખ નહોતી ત્યાં. પણ જ્યાં હોય ત્યાંથી હાથ આવે કે ન હોય ત્યાંથી હાથ આવે? સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મા તો અંદરમાં જ્ઞાનાનંદ સ્વભાવે ભરેલો આત્મા તો ત્યાં છે. આ શોધે આમ શોધ્યો, આમ મળશે, અહીં મળશે, અહીં મળશે, ધૂળમાં મળશે, પુણ્ય-પાપના રાગમાં મળશે. બાયડી-છોકરા આમાં કાંઈક મળશે, ધૂળ મરી ગયો રખડીને. ન્યાં ક્યાં આત્મા હતો? સમજાણું કાંઈ? છે ત્યાં જોવું નથી ને નથી ત્યાં જોવું છે. હવે કહે, હાથ આવતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી કહે છે. 'મલૂકચંદભાઈ'! 'અમૂલખભાઈ'! તમારા ગામમાં થયું હતું ને? એ 'જોરાવર'માં થયું હતું ને? ડૉક્ટરને ઘરે જાતા હતા, ડૉક્ટરને ઘરે, નહિ? બહાર પગમાં વાગ્યું. પણ જ્યાં હોય ત્યાંથી આવે કે ન હોય ત્યાંથી આવે? આહાહા..!

કહે છે, પ્રભુ! વિજ્ઞાનનો ઘન પ્રભુ! તને બેસતું નથી પણ હવે એનું કરવું શું? એમ કહે છે. આવડો હું હઈશ? આવડો હું હઈશ? પામર બીડીમાં જ્યાં વેચાય ગયો, દાળમાં વેચાય ગયો, બાયડીના એક શબ્દ આમ મામણા એમાં વેચાઈ ગયો, માન મળે થોડું ત્યાં વેચાય ગયો, આખો વેચાય ગયો એમાં મળે ક્યાંથી પણ ઇ? આહાહા..! જરીક એક રૂપ સ્હેજ ઠીક દેખાય ત્યાં યા હોમ..! બધી અર્પણતા. કાંઈક બે શબ્દે બોલાવે કાંઈક ઠીક, યા હોમ.. મરી ગયો ત્યાં, યા હોમ. પણ એલા કોણ છો તું? ક્યાં ગોતવા ને ક્યાં યા હોમ થઈ જાય છે? ખબર નથી, એને ખબર નથી. બે શબ્દ જો સારાથી બોલાવે એને, કદર કરી મારી આણે. તારી કદર તું કર કે ઇ કરતો હશે? 'મલૂકચંદભાઈ'! આહાહા..! ધૂળમાં ક્યાં હતું ન્યાં? આહાહા..!

અહીં તો આચાર્ય શું કહે છે? જુઓ તો ખરા. 'विज्ञानघनम् अध्यक्षतां नयत्' બસ! આ છેલ્લો શબ્દ, છેલ્લો પૂર્ણ કરે છે ત્યાં. ભગવાન વિજ્ઞાનનો ઘન છે ને પ્રભુ! આ ન્યાં શોધતા તે પ્રાપ્ત પર્યાયમાં પૂર્ણ થઈ ગયો, એમ કહે છે. સમજાણું કાંઈ? અવસ્થામાં પૂર્ણતા થઈ ગઈ. સર્વજ્ઞ સૂર્ય ઊગી ગયો આખો. જેવો સર્વજ્ઞ સ્વભાવ હતો, વસ્તુએ સર્વજ્ઞ સ્વભાવ હતો (એવો પ્રગટ થઈ ગયો). વિજ્ઞાનઘન કીધું ને? સર્વજ્ઞ સ્વભાવ હતો, સર્વજ્ઞ કહો કે વિજ્ઞાનઘન કહો, પૂર્ણને બધાને જાણનાર કહો, એવો ભગવાનઆત્મા મહિમાવંત સ્વભાવ હતો ત્યાં એની મિટ માંડીને એકાગ્ર થતાં પરિણમી ગયો આખો સર્વજ્ઞપણે. સમજાણું કાંઈ? ભગવાન પરિપૂર્ણતાને પ્રાપ્ત થઈ ગયો આખો. આ એનું નામ સમયસારનું પૂર્ણપણું. સમજાણું કાંઈ? એ ૫૩મો થયો. ૫૪મો છે ને, આમાં છે હોં! અર્થ આમાં છે.

---

( અનુષ્ટુપ )

इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्।
अखण्डमेकमचलं स्वसम्वेद्यमबाधितम्।।५४-२४६।।

ખંડાન્વય સહિત અર્થ :– 'इदम् आत्मनः तत्त्वं ज्ञानमात्रम् अवस्थितम् इति' ( इदम् ) પ્રત્યક્ષ છે જે ( आत्मनः तत्त्वम् ) આત્માનું તત્ત્વ અર્થાત શુદ્ધ જીવનું સ્વરૂપ તે ( ज्ञानमात्रम् अवस्थितम् ) શુદ્ધ ચેતનામાત્ર છે એમ નક્કી થયું;–( इति ) પૂર્ણ નાટક સમયસાર શાસ્ત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેતાં આટલો સિદ્ધાન્ત સિદ્ધ થયો. ભાવાર્થ આમ છે કે 'શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતો થકો ગ્રંથ સંપૂર્ણ થયો. કેવું છે આત્મતત્ત્વ ? 'अखण्डम्' અબાધિત છે. વળી કેવું છે ? 'एकम्' નિર્વિકલ્પ છે. વળી કેવું છે ? 'अचलं' પોતાના સ્વરૂપથી અમિટ ( –અટળ ) છે. વળી કેવું છે ? 'स्वसंवेद्यम्' જ્ઞાનગુણથી સ્વાનુભવગોચર થાય છે. અન્યથા કોટિ યત્નો કરતાં ગ્રાહ્ય નથી. વળી કેવું છે ? 'अबाधितम्' સકળ કર્મથી ભિન્ન હોતાં કોઈ બાધા કરવાને સમર્થ નથી. ૫૪–૨૪૬.

---

इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्।
अखण्डमेकमचलं स्वसम्वेद्यमबाधितम्।।५४-२४६।।

ઓહોહો..! ... શબ્દાર્થ. આમાં મૂળમાં શબ્દાર્થ કર્યો છે. 'इदम् आत्मनः तत्त्वं ज्ञानमात्रम् अवस्थितम् इति' એમ શબ્દ છે. સમજાણું? 'इति' નામ 'इदम्' કહેતા પેલો 'इदम्' પહેલો શબ્દ છે ને? 'इदम्' કહેતા પ્રત્યક્ષ છે ભગવાનઆત્મા. વસ્તુ 'इदम्' આ, એમ કીધું ને? આ, આ રહી. રાગ ને શરીર ને જેમ આ બધું આમ આમ દેખાય છે ને? જાણે પ્રત્યક્ષ. એ પ્રત્યક્ષ ક્યાં છે? એ તો તેં આમ જાણીને નક્કી કર્યું માટે તને પ્રત્યક્ષ લાગે છે, એ પ્રત્યક્ષ ક્યાં છે? આમ પ્રત્યક્ષ છે આ. 'इदम्' કહેતા 'પ્રત્યક્ષ છે...' ભગવાનઆત્મા 'आत्मनः तत्त्व' કહેતા 'આત્માનું તત્ત્વ અર્થાત્ શુદ્ધ જીવનું સ્વરૂપ તે...' શુદ્ધ જીવનું સ્વરૂપ 'आत्मनः तत्त्व' 'आत्मनः तत्त्व' ભગવાન શુદ્ધ જીવનું સ્વરૂપ. તત્ત્વ એટલે સ્વરૂપ. જ્ઞાનમાત્ર ચૈતન્યમાત્ર.

અહીં તો ચૈતન્યમાત્રને જ્ઞાનને જ આત્મા કીધો. જ્ઞાનની સાથે બધા અનંત ગુણો છે આનંદ, શાંતિ બધું છે. શુદ્ધ જીવનું સ્વરૂપ જ્ઞાનમાત્ર. 'अवस्थितम्' કહેતા 'શુદ્ધ ચેતનામાત્ર છે...' શુદ્ધ ચેતનામાત્ર. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. દર્શન-જ્ઞાન સ્વરૂપમાત્ર, ચેતનામાત્ર સ્વરૂપ છે. એ તો 'अवस्थितम्' ચેતના 'પૂર્ણ નાટક સમયસાર શાસ્ત્ર કહેતા આટલો સિદ્ધાંત સિદ્ધ થયો.' લ્યો! એ કહેતા પૂર્ણ નાટક સમયસાર એમ લીધું છે. આ નાટક સમયસાર આને કહેવામાં આવ્યું છે. જુઓ! તેથી કર્યું ને! અર્થ એમાં કર્યો છે. તેથી 'બનારસીદાસે' એમાંથી કાઢ્યું છે ને? 'સમયસાર નાટક' સમજાણું? 'પૂર્ણ નાટક સમયસાર શાસ્ત્ર કહેતાં આટલો સિદ્ધાન્ત સિદ્ધ થયો.' આ આખો સિદ્ધાંત પરમાત્મ સ્વરૂપનો કથનનો પૂરો થયો, પૂરો થયો, પૂરો.

'ભાવાર્થ આમ છે કે 'શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતો થકો ગ્રંથ સંપૂર્ણ થયો.' આ તો આટલું કીધું. એ શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય. વસ્તુ એટલે, આત્મા એટલે શુદ્ધ જ્ઞાનમાત્ર જીવ, બસ! એ પૂર્ણ. શુદ્ધ.. સમજાય છે? જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય, શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય. અહીં શું કહેવું છે? કે, શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમાત્ર જીવદ્રવ્ય બસ 'એમ કહેતો થકો ગ્રંથ સંપૂર્ણ થયો.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમાં જ ગ્રંથ સંપૂર્ણ થઈ ગયો કહે છે. એ જ બતાવવું હતું આખું. આહાહા..! બહુ થોડા શબ્દે પણ મહાન વર્ણવ્યું છે. 'જગત' શબ્દ આવે પણ 'જગત' શબ્દમાં આખું જગત સમાઈ જાય છે કે નહિ?

અહીં કહે છે શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય, બસ! આ લ્યો! રાગાદિ, શરીર આદિ નહિ શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય. જાણનાર... જાણનાર... જાણનાર... એવું શુદ્ધ જ્ઞાનમાત્ર. શુદ્ધ જ્ઞાન કીધું છે ને? શુદ્ધ જ્ઞાનમાત્ર એટલે રાગાદિ નહિ. એમ. જ્ઞાનમાત્ર કહેતા બીજા ગુણ નહિ એમ નહિ. સમજાણું? બીજા બધા ગુણો સાથે છે. શુદ્ધ જ્ઞાનમાત્ર, શુદ્ધ જ્ઞાનમાત્ર એ જીવદ્રવ્ય, એમ કહેતા ગ્રંથ સંપૂર્ણ થયો. લ્યો! આ એક શબ્દમાં કહે છે ગ્રંથ સંપૂર્ણ થયો. આ બધું કહી કહીને આત્મા મળી જશે શું? વાત તો બહુ કરી.

મુમુક્ષુ :– મુદ્દો તો ઊભો રહ્યો.

ઉત્તર :– મુદ્દો તો આ છે. ભગવાન અંદર શુદ્ધ જ્ઞાનમાત્ર પ્રભુ આત્મા એકલો આનંદકંદ શુદ્ધ જ્ઞાનમાત્ર જીવ, બસ! એ પૂર્ણ થઈ ગયું. તારી વાત પૂરી થઈ ગઈ એટલામાં. સમજાણું કાંઈ? કારણ કે, તું એવો છો, એવું કીધું, તારી વાત પૂરી થઈ ગઈ. રાગવાળો ને પુણ્યવાળો ને શરીરવાળો ને કર્મવાળો ને પર્યાપ્તિવાળો ને આ વાળો ને ધૂળ એ કાંઈ નથી કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોની કથનની પદ્ધતિ ગાગરમાં સાગર સમાડી દીધો છે.

કહે છે, ભાઈ! તું પૂરો પડી ગયો હવે, હોં! કેવી રીતે? શાસ્ત્રે પૂરો પડી ગયો અને તારા ભાવે શુદ્ધ જ્ઞાનમાત્ર જીવ પદાર્થ, બસ એ જા. એમાં બીજું કાંઈ છે નહિ એમાં. એકલો શુદ્ધ જ્ઞાનમાત્ર ભગવાન. સમજાણું કાંઈ? એમાં કહે છે કે, આખું 'સમયસાર' પૂરું થઈ ગયું. એક જ શબ્દે બસ છે. 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને? અમારા ગુરુએ અને સર્વજ્ઞે, ભાઈ! એમ આવ્યું ને? પરમ ગુરુ ને અપર ગુરુ સર્વજ્ઞથી માંડીને હેઠે અમારા ગુરુએ અમને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો. આ શુદ્ધ જ્ઞાનમાત્ર તું આત્મા (એનો ઉપદેશ આપ્યો). આહાહા..! 'કર વિચાર તો પામ' બીજું કાંઈ કરવાનું બીજું ન મળે. આ રાગ કરો ને ફલાણું. વિચાર એટલે એના તરફનું જ્ઞાન કર તો પામ, બાકી કાંઈ છે નહિ, બીજું છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! ટૂંકી.. લાંબી કરી નાખી. કેટલા શ્લોકો ને કેટલી ટીકા ને કેટલા કળશો! એક એકના પાંચ પાંચ અર્થો, મૂળ શ્લોક ને પછી એનું સંસ્કૃતનું ને પાછું એના અર્થ એની ટીકા ને વળી એનો ભાવાર્થ વળી એનું સ્પષ્ટીકરણ વ્યાખ્યાન, લ્યો! ઓહોહો..! હવે શું બાકી છે તે સ્પષ્ટીકરણ કરો છો? કેટલાક વળી એમ કહે છે. ભાઈ! આટલું આટલું કહ્યું છે પણ તું એને સમજતો નથી તો હવે... આહાહા..! આટલામાં સમજી જાય નહિ, એમ કહે. રાગ નહિ, ફલાણું નહિ, રાગથી પ્રાપ્ત ન થાય, નિમિત્તથી પ્રાપ્ત ન થાય પણ ઇ આમાં કાંઈ ન આવ્યું.

મુમુક્ષુ :– પહેલું ક્યું પણ ? પહેલું તો આવવું જોઈને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :– પણ પહેલા-ફહેલામાં આમાં કાંઈ આવ્યું જ નહિ. પહેલું કોને કહે પણ? શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય, લે! જો આમાં બધું તું કહે એમ સમાઈ ગયું. રાગ નહિ એમ સમાઈ ગયું. રાગથી પ્રાપ્ત ન થાય એમ સમાઈ ગયું, નિમિત્તથી પ્રાપ્ત ન થાય એમ સમાઈ ગયું. નિમિત્તમાં એ નથી, રાગમાં એ નથી એમાં ઇ સમાઈ ગયું. સમજાણું કાંઈ?

ભાવાર્થ પણ અર્થ કર્યો છે ને! એ આપણે આમાં રહી ગયો, હોં! આહાહા..! કહે છે, એલા! એકવાર તને તત્ત્વ સમજાવીએ. ખુશી તો થા. હું એવો ને એવો રહ્યો. ખુશી તો થા! એમ. તારી ખોડખાપણ ક્યાંય આવી નથી, હોં! તું સાતમી નરકે ગયો કે નરકમાં રહ્યો, અનંતવાર નિગોદમાં (ગયો) એ એવો ને એવો શુદ્ધ જ્ઞાનમાત્ર ભગવાન પડ્યો છે, એવો ને એવો. તું મૂંઝા નહિ, મૂંઝા નહિ. ક્યાં ગયો?

મુમુક્ષુ :– કેમ જડતો નથી?

ઉત્તર :– પણ ગોત્યો છે કે દિ'? ગોતે તો આંખો ઉઘાડીને ગોતે તો જડે, દેખાય. આંખો બંધ કરીને ગોતે ને (પૂછે) કેમ હાથ આવતો નથી? કેમ હાથ આવતો નથી?

મુમુક્ષુ :– ગોતી દીધા પછી રહેતો નથી હાથમાં.

ઉત્તર :– ગોતી લીધો પણ એને ખ્યાલમાં આવતો નથી. આહાહા..!

ટીકા કરનારે પણ ગજબ કરી છે ને! કે, આચાર્ય આમ કહે છે. શું (કહે છે)? 'ज्ञानमात्रम् अवस्थितम्' શું? આત્મતત્ત્વ. એમાંથી બધું કાઢ્યું છે. 'इदम् आत्मनः तत्त्वं ज्ञानमात्रम् अवस्थितम्' બસ જાવ! એ આચાર્યની ટીકા પાઠમાં છે, હોં! ભગવાન આત્મતત્ત્વમ જ્ઞાનમાત્રમ્. આ જીવદ્રવ્ય 'ज्ञानमात्रम् अवस्थितम्' એ છે, બસ. આહાહા..! સમજાણું કાંઈ? 'કેવું છે આત્મતત્ત્વ?' 'अखण्डम्' 'અબાધિત છે.' અખંડ કહેતા અબાધિત–ખંડ નથી જરીએ. ભગવાન પૂર્ણાનંદનું અખંડ આમ તત્ત્વ આખું દળ છે. સમજાણું કાંઈ? એક કોર ઘસાણી નથી, ખંડ પડ્યો નથી. જ્ઞાયક ચૈતન્ય અરૂપી જ્ઞાનઘન સ્વરૂપ અખંડ છે, અબાધિત છે. કોઈ એને બાધા-બાધા આવી નથી. એવો છે ને એવો પર્યાયમાં થા એમ કહે છે. આહાહા..!

એણે એના ગાણા સાંભળ્યા નથી. ગમે એવો છોકરો પરણે તો એના ગાણા ગાય તો એને રાજા જેવો ગણે. એને રાજા શું કાંઈક કહે ને? વરરાજા! ધૂળમાંય કોઈ એને માનતું ન હોય. એ બોલે એ વખતે બે ત્રણ દિ' રાખવું હોય ને! શું કરે? નમાલો હોય તો પણ જેની ને તેની સાથે લાકડા સાથે પરણાવી દે. નહિતર પછી નાના છોકરાને પરણાવવો હોય ને વચલો રહી જાય શું કરવું? એટલે નમાલો હોય તો પણ સરખું કરી દે. એ બધું છે ને બધું જોયું છે ને ક્યાં ખબર નથી? સમજાણું? આ ત્રીજો રહી ગયો ને ત્રીજો પરણ્યા વિના ચોથા પાછળ કરશું તો પેલો રહી જાશે. કોઈપણ રીતે પેલાને વરરાજા ઠરાવે. આ એમ નથી કહે છે. આ તો એવો છે એવો વરરાજા ઠરાવીએ છીએ એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? મલાવવા માટે નથી. ત્રણ દિ' રાજા કરવા માટે નથી આ એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ તો છે. રાજ્યતે શોભતે ઇતિ રાજા. બિરાજમાન ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે ને! બસ! એની પર્યાય(માં) એનો આશ્રય તો પૂર્ણ થઈ ગયો. સમજાણું?

'વળી કેવું છે?' 'एकम्' લ્યો! પેલામાં 'एकम्' આવ્યું. 'નિર્વિકલ્પ છે.' અભેદ છે, ભેદ જરીયે નથી. ગુણ-ગુણીનો ભેદ વસ્તુમાં શું? વસ્તુ તે વસ્તુ જ છે. જુઓ! છેલ્લે બધું સમાડી દીધું આખું. અખંડ એક છે. એક કહેતા પેલા અખંડમાં જ્યારે ખંડ લીધો ને? આત્મતત્ત્વ અખંડમાં, એટલે અહીં પછી નિર્વિકલ્પ લીધો. નહિતર એકરૂપ અખંડ છે. અભેદરૂપ અખંડ છે, જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ વસ્તુ નથી. એક અખંડાનંદ અરૂપી ચૈતન્યદળ વસ્તુ વિજ્ઞાનઘન આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'વળી કેવું છે?' 'अचलं' 'પોતાના સ્વરૂપથી અમિટ ( -અટળ ) છે.' પોતાના સ્વરૂપથી કોઈ દિ' મટતો નથી. એવો ને એવો ભગવાન જ્ઞાનઘન અરૂપી વજ્રની મૂર્તિ પણ ઘસાય, આ ઘસાય એવો નથી. કારણ કે વજ્રની મૂર્તિ તો ઘણા રજકણની બનેલી (હોય). ઘસારો આવે ઘસારો. આ સોનાની નથી કરતા? બંગડી કરે પણ થોડે વખતે ઘસાય છે કે નહિ? ધીમે... ધીમે... ધીમે... ધીમે... ધીમે... ધીમે... હીરાની બંગડી હોય છે ને? હીરાની બંગડી. હીરાની બંગડી હોય છે આમ ઊંચી. એ થોડે... થોડે... થોડે... પાંચ-દસ વર્ષે જરી જરી ઘસાય. આ ભગવાન અરૂપી જ્ઞાનઘન કહે છે કોઈ દિ' ઘસાય નહિ એવો છે. કારણ કે પેલો તો ઘણા રજકણનો પિંડ છે. આ તો એક જ અખંડ વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ એ વસ્તુ જુઓને! કેવા શબ્દ વાપર્યા છે! અચળ છે, ચળે નહિ. એવો ને એવો અમિટ છે પ્રભુ! દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભરેલી આખી વસ્તુ છે. 'વળી કેવું છે?' હવે જરી આવી ગયું. 'स्वसंवेद्यम्' કહેતા 'જ્ઞાનગુણથી સ્વાનુભવગોચર થાય છે,...' ભગવાન એ તો અંતર જ્ઞાનને ગમ્ય જ સ્વાનુભવ હોય છે. સમજાણું કાંઈ? બધી વાત નાખી દીધી. જ્ઞાન સ્વભાવની પર્યાય દ્વારા જ્ઞાન ગુણ એટલે પર્યાય દ્વારા સ્વાનુભવગોચર હોય છે. એ જ્ઞાન દ્વારા જ જ્ઞાન અનુભવ થાય છે. બીજી કોઈ વસ્તુની એમાં જરૂર પડતી નથી. વિકલ્પ ને વ્યવહાર ને નિમિત્ત ને સંઘયણ ને મનુષ્યની કાંઈ જરૂર નથી એમ કહે છે. આહા..! આ પછીની વાત હશે? પહેલું વ્યવહારથી થાતું હશે ને પછી આનાથી થાતું (હશે), એમ હશે? પહેલા શ્લોકમાં કહ્યું હતું ને? 'स्वानुभूत्याचकासते' ઇ અહીં નાખ્યું. અહીં સ્યાદ્વાદ લીધો ને. ભગવાનઆત્મા એ તો જ્ઞાનની પ્રત્યક્ષ પર્યાયથી જ તે જણાય એવો, વેદાય એવો છે. બાકી લાખ ઉપાય કર તો બીજાથી જણાય એવો નથી.

ઇ કહે છે, જુઓ! 'અન્યથા કોટિ યત્નો કરતાં ગ્રાહ્ય નથી.' એ જ્ઞાનથી જ્ઞાન જણાય એ સિવાય ક્રોડ ઉપાય બીજા કર, કરોડો રૂપિયાના દાન દે, અબજોના દાન દે, અબજો કરોડો મંદિર સોનાના બનાવ, હિરાના બનાવ, જાત્રાઓ કાઢ. સમજાણું કાંઈ? આહાહા..!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજા ને ભક્તિ ને વ્રત ને તપ ને એવા લાખ ક્રોડ, અનંત અનંત, અસંખ્ય વિકલ્પ ઉઠાવ એવા ક્રોડ યત્નો કરતાં પણ ગ્રાહ્ય નથી. એવા વિકલ્પના પુરુષાર્થથી કોઈ રીતે ભગવાન ગ્રાહ્ય નથી. સમજાણું કાંઈ? કહો! આમાં કેટલો ખુલાસો (છે), જુઓ! અસ્તિ, નાસ્તિ બધું આવી જાય છે, હોં!

મુમુક્ષુ :- આટલો ખુલાસો છતાં કેમ બેસતું નથી.

ઉત્તર :- .. જ્યાં બેસે ત્યાં જાય. રુચિ અનુયાયી વીર્ય. જેમાં રુચિ હોય ત્યાં વીર્ય સ્ફુરણા કર્યા કરે. જેની જરૂરિયાત જાણે ત્યાં બાથ ભીડ્યા વિના રહે નહિ. ભગવાનઆત્મા આનંદ શુદ્ધ ઓ..હો..! ત્યાં જ વીર્યની સ્ફૂરણા જોડવાની છે. બાકી લાખ કરોડ ઉપાય કર. જુઓ! ભાષા કેટલી કરી છે.

'અન્યથા કોટિ યત્નો કરતાં ગ્રાહ્ય નથી.' આ તો આની સાથે મેળવ્યું. દસમાં પાને છે ને? ભાઈ! સહજ સાધ્ય છે. એનો અર્થ અહીં મેળવ્યો છે. પાનું લખ્યું છે, ૧૦, ૩૩. 'કોટિ યત્નો કરતાં ગ્રાહ્ય નથી.' સમજાણું? આ રીતે ગ્રાહ્ય છે એમ. બીજી રીતે નથી. દસમા પાને છે. (કળશ-૪) 'કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી...' ન્યાં કાળલબ્ધિ પાકશે કહ્યું છે. અહીં આ કહ્યું છે. છે ને? ચોથા શ્લોકમાં છે. 'એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી,...' એટલે કે આવા કરોડ જતન કર તો એનાથી સાધ્ય નહિ (થાય), સ્વસંવેદન સાધ્ય છે એમ લેવું. સમજાણું કાંઈ? આહા..!

કોઈ રીતે આમ જાણે બહારથી કોઈ વિકલ્પ ને પુણ્ય ને આ ને આ ને આ આમ કરે, ખૂબ જાત્રા કરીએ ને ખૂબ 'સમ્મેદશીખર'ની કરીએ ને.. એમાં 'સમ્મેદશીખર'ના મંદિરને પહેલો દેખો તો, આહાહા..! પહેલો દેખ્યો, હોં! ખુશી ખુશી થઈ જાય. શું છે પણ? પહેલો કે પછી એ તો બધો વિકલ્પ છે હવે, એમાં શું થયું પણ તને? પહેલા દર્શન થયા હતા, લ્યો! 'સ્વામીનારાયણ'માં કહે છે વહેલું પાણી, વહેલું પાણી મેં જગાડ્યું હતું. નાહ્યો, એમ. પાણીને વહેલું જગાડે એ વધારે... અહીં કહે કે, વહેલો ને પહેલો પોગ્યો હતો, હોં! પણ શું પહેલો ને પછી અનંતવાર કર્યું છે હવે સાંભળને! 'સમ્મેદશીખર'ના દર્શન ને મૂર્તિ ને એવું અનંતવાર કર્યું છે. પહેલો કોને કહેવો તને? સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! કરોડ જતન કર ને વિકલ્પના ને પરમાં આ ને આ તે એ વડે આત્મા કોઈ રીતે પ્રાપ્ત થાય એવો નથી. એ તો સ્વસંવેદ્ય છે. બસ! જ્યારે જાણે ત્યારે જ્ઞાનથી જણાય એવી જ એ ચીજ છે. પહેલા પછી એમાં બીજું કાંઈ છે નહિ. એમ બધો ખુલાસો બહુ કરે છે, અસ્તિ-નાસ્તિ આદિ. સમજાણું?

'વળી કેવું છે?' 'अबाधितम्' 'अबाधितम्' 'સકળ કર્મથી ભિન્ન હોતાં...' રાગથી અને કર્મથી ભિન્ન થતાં ભગવાનઆત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ (હવે) 'કોઈ બાધા કરવાને સમર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી.’ હવે એને હેઠે પડવું, અવતાર લેવા કે વિકલ્પ થવો કોઈ કરવાને સમર્થ છે નહિ. પૂર્ણાનંદની પ્રાપ્તિ એવી દશા શક્તિરૂપે હતી, પર્યાય પ્રગટ થઈ એને હવે પાછું પડવાનું હોતું નથી. એટલે ફરીને ભવ કરવાનું રહેતું નથી. દુનિયા માટે એને અવતરવું પડે કે કોઈ બાધા થાય, વિઘન થાય એવું એને છે નહિ. એવો આત્મા... સમજાય છે? અનુભવ થઈ જાય, ભલા પ્રકારે કાર્ય કર્યું. એ પૂર્ણ થઈ ગયો. આત્માની શક્તિ પૂર્ણ જ્ઞાનઘનનું જ્ઞાન કરતા, વેદન કરતા પૂર્ણ થઈ ગયું એ ‘સમયસાર’ પૂર્ણ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સર્વ વિશુદ્ધિ દ્વાર

### અજ્ઞાનીઓના વિચારમાં રાગ-દ્વેષનું કારણ (દોહરા)

कोऊ मुरख यौं कहै, राग दोष परिनाम।
पुग्गलकी जोरावरी, वरतै, आतमराम।।६२।।
ज्यौं ज्यौं पुग्गल बल करै, धरिधरि कर्मज भेष।
रागदोषकौ परिनमन, त्यौं त्यौं होइ विशेष।।६३।।

### અજ્ઞાનીઓને સત્યમાર્ગનો ઉપદેશ (દોહરા)

इहिविधि जो विपरीत पख, गहै सद्दहै कोइ।
सो नर राग विरोधसौ, कबहूं भिन्न न होइ।।६४।।
* सुगुरु कहै जगमैं रहै, पुग्गल संग सदीव।
सहज सुद्ध परिनमनिकौ, औसर लहै न जीव।।६५।।
तातैं चिदभावनि विषै, समरथ चेतनराउ।
राग विरोध मिथ्यातमैं,समकितमैं सिव भाउ।।६६।।

### જ્ઞાનનું માહાત્મ્ય (દોહરા)

ज्यौं दीपक रजनी समै, चहुं दिसि करै उदोत।
प्रगटै घटपटरूपमैं, घटपटरूप न होत।।६७।।

---

यदिह भवति रागद्वेषदोषप्रसूतिः
कतरदपि परेषां दूषणं नास्ति तत्र।
स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो
भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः।।२८-२२०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्यौं सुग्यन जानै सकल, ज्ञेय वस्तुकौ मर्म।
ज्ञेयाकृति परिनवै पै, तजै न आतम-धर्म।।६८।।
ग्यानधर्म अविचल सदा, गहै विकार न कोइ।
राग विरोध विमोहमय, कबहूं भूलि न होइ।।६९।।
ऐसी महिमा ग्यानकी, निहचै है घट मांहि।
मूरख मिथ्याद्रिष्टिसौं, सहज विलोकै नांहि।।७०।।

અજ્ઞાની જીવ પરદ્રવ્યમાં જ લીન રહે છે (દોહરા)

पर सुभावमैं मगन ह्वै, ठानै राग विरोध।
धरै परिग्रह धारना, करै न आतम सोध।।७१।।

અજ્ઞાનીને કુમતિ અને જ્ઞાનીને સુમતિ ઊપજે છે (ચોપાઈ)

मूरखकै घट दुरमति भासी।
पंडित हियें सुमति परगासी।।
दुरमति कुबिजा करम कमावे।
सुमति राधिका राम रमावै।।७२।।

(દોહરા)

कुबिजा कारी कूबरी, करै जगतमैं खेद।
अलख अराधै राधिका, जानै निज पर भेद।।७३।।

---

रागजन्मनि निमित्ततां परद्रव्यमेव कलयन्ति ये तु ते।
उत्तरन्ति न हि मोहवाहिनीं शुद्धबोधविधुरान्धबुद्धयः।।२९-२२१।।

---

पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधा न बोध्यादयं
यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।
तद्वस्तुस्थितिबोधबन्धधिषणा एते किमज्ञानिनो
रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।।३०-२२२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### દુર્મતિ અને કુબ્જાની સમાનતા (સવૈયા)

कुटिल कुरूप अंग लगी है परायेसंग,
अपुनौ प्रवांन करि आपुही बिकाई है।
गहै गति अंधकीसी सकति कबंधकीसी,
बंधकौ बढ़ाउ करै धंधहीमैं धाई है।
रांडकीसी रीति लियें मांडकीसी मतवारी,
सांड ज्यौं सुछंद डोलै भांडकीसी जाई है!
घरको न जानै भेद करै पराधीन खेद,
यातैं दुरबुद्धि दासी कुबजा कहाई है।।७४।।

### સુબુદ્ધિ સાથે રાધિકાની તુલના (સવૈયા એકત્રીસા)

रूपकी रसीली भ्रम कुलफकी कीली सील,
सुधाके समुद्र झीली सीली सुखदाई है।
प्राची ग्यानभानकी, अजाची है निदानकी,
सुराची निरवाची ढौर साची ठकुराई है।
धामकी खबरदारि रामकी रमनहारि,
राधा रस-पंथनिके ग्रंथनिमैं गाई है।
संतनकी मानी निरबानी नूरकी निसानी,
यातैं सदबुद्धि रानी राधिका कहाई है।।७५।।

### કુમતિ અને સુમતિનું કાર્ય (દોહરા)

वह कुबिजा वह राधिका, दोऊ गति मतिवानि।
वह अधिकारनि करमकी, वह विवेककी खानि।।७६।।

### દ્રવ્યકર્મ, ભાવકર્મ અને વિવેકનો નિર્ણય (દોહરા)

दरबकरम पुग्गल दसा, भावकरम मति वक्र।
जो सुग्यानकौ परिनमन, सो विवेक गुरु चक्र।।७७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### કર્મના ઉદય ઉપર ચોપાટનું દૃષ્ટાંત (કવિત્ત)

जैसैं नर खिलार चौपरिकौ,
लाभ विचारि करै चितचाउ।
धरै संवारि सारि बुधिबलसौं,
पासा जो कुछ परै सु दाउ।।
तैसैं जगत जीव स्वारथकौ,
करि उद्दिम चिंतवै उपाउ।
लिख्यौ ललाट होई सोई फल,
करम चक्रकौ यही सुभाउ।।७८।।

### વિવેક-ચક્રના સ્વભાવ ઉપર શેતરંજનું દૃષ્ટાંત (કવિત્ત)

जैसे नर खिलार सतरंजकौ,
समुझै सब सतरंजकी घात।
चलै चाल निरखै दोऊ दल,
मौंहरा गिनै विचारै मात।।
तैसैं साधु निपुन सिवपथमैं,
लच्छन लखै तजै उतपात।
साधै गुन चिंतवै अभयपद,
यह सुविवेक चक्रकी बात।।७९।।

### કુમતિ કુબ્જા અને સુમતિ રાધિકાનું કાર્ય (દોહરા)

सतरंग खेलै राधिका, कुबिजा खेलै सारि।
याकै निसिदिन जीतवौ, वाकै निसिदिन हारि।।८०।।
जाके उर कुबिजा बसै, सोई अलख अजान।
जाकै हिरदै राधिका, सो बुध सम्यकवान।।८१।।

### જ્યાં શુદ્ધજ્ઞાન છે ત્યાં ચારિત્ર છે. (સવૈયા એકત્રીસા)

जहाँ सुद्ध ग्यानकी कला उदोत दीसै तहाँ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सुद्धता प्रवांन सुद्ध चारितकौ अंस है।
ता कारन ग्यानी सब जनै ज्ञेय वस्तु मर्म,
वैराग विलास धर्म वाकौ सरवंस है।।
राग दोष मोहकी दसासौं भिन्न रहै यातैं,
सर्वथा त्रिकाल कर्म जालकौ बिधुंस है।
निरुपाधि आतम समाधिमैं बिराजै तातैं,
कहिए प्रगट पूरन परम हंस है।।८२।।

વળી - (દોહરા)

ग्यायक भाव जहाँ तहां, सुद्ध चरनकी चाल।
तातैं ग्यान विराग मिलि, सिव साधै समकाल।।८३।।

જ્ઞાન અને ચારિત્ર ઉપર પાંગળા અને આંધળાનું દ્રષ્ટાંત (દોહરા)

जथा अंधके कंधपर, चढ़े पंगु नर कोइ।
वाके दृग वाके चरन, होंहि पथिक मिलि दोइ।।८४।।
जहाँ ग्यान किरिया मिलै, तहाँ मोख-मग सोइ।
वह जानै पदकौ मरम, वह पदमै थिर होइ।।८५।।

જ્ઞાન અને ક્રિયાની પરિણતિ (દોહરા)

ग्यान जीवकी सजगता[१], करम जीवकी भूल।
ग्यान मोख अंकूर है, करम जगतकौ मूल।।८६।।

---

रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः
पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात्।
दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं
विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम्।।३१-२२३।।

ज्ञानस्य सञ्चेतनयैव नित्यं प्रकाशते ज्ञानमतीव शुद्धम्।
अज्ञानसञ्चेतनया तु धावन् बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः।।३२-२२४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ग्यान चेतनाके जगै, प्रगटै केवलराम।
कर्म चेतनामैं बसै, कर्मबंध परिनाम।।८७।।

### કર્મ અને જ્ઞાનનો ભિન્ન ભિન્ન પ્રભાવ (ચોપાઈ)

जबलग ग्यान चेतना न्यारी[१]।
तबलग जीव विकल संसारी।।
जब घट ग्यान चेतना जागी।
तब समकिती सहज वैरागी।।८८।।
सिद्ध समान रूप निज जानै।
पर संजोग भाव परमानै।।
सुद्धातम अनुभौ अभ्यासै।
त्रिविधि कर्मकी ममता नासै।।८९।।

### જ્ઞાનીની આલોચના (દોહરા)

*ग्यानवंत अपनी कथा, कहै आपसौं आप।
मैं मिथ्यात दसाविषैं कीने बहुविधि पाप।।९०।।

### વળી – (સવૈયા એકત્રીસ)

हिरदै हमारे महा मोहकी विकलताई,
तातैं हम करुना न कीनी जीवघातकी।
आप पाप कीनैं औरनिकौं उपदेस दीनैं,
हुती अनुमोदना हमारे याही बातकी।।
मन वच कायामैं मगन ह्वै कमाये कर्म,

कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।
परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।।३३-२२५।।

१. 'સહજગતિ' એવો પણ પાઠ છે.
૨. એ'જારી' એવો પણ પાઠ આવે છે.
*यदहमकार्षं यदहमचीकरं यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति।*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



धाये भ्रमजालमैं कहाये हम पातकी।
ग्यानके उदय भए हमारी दसा ऐसी भई,
जैसैं भानु भासत अवस्था होत प्रातकी।।९१।।

જ્ઞાનનો ઉદય થતાં અજ્ઞાનદશા દૂર થઈ જાય છે. (સવૈયા એકત્રીસા)

ग्यानभान भासत प्रवान ग्यानवान कहै,
करुना-निधान अमलान मेरौ रूप है।
कालसौं अतीत कर्मजालसौं अजीत जोग-
जालसौं अभीत जाकी महिमा अनूप है।।
मोहकौ विलास यह जगतकौ वास मैं तौ,
जगतसौं सुन्न पाप पुन्न अंध कूप है।
पाप किनि कियौ कौन करै करिहै सु कौन,
क्रियाकौ विचार सुपिनेकी दौर धूप है।।९२।।

કર્મ–પ્રપંચ મિથ્યા છે. (દોહરા)

मैं कीनौं मैं यौं करौं, अब यह मेरौ काम।
मन वच कायामैं बसै, ए मिथ्या परिनाम।।९३।।
मनवचकाया करमफल, करम-दसा जड़ अंग।
दरबित पुग्गल पिंडमय, भावित भरम तरंग।।९४।।
तातैं आतम धरमसौं, करम सुभाउ अपूठ।
कौन करावै कौ करै, कोसल है सब झूठ।।९५।।

---

मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।
आत्मानि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।३४-२२६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## મોક્ષમાર્ગમાં ક્રિયાનો નિષેધ (દોહરા)

करनी हित हरनी सदा, मुकति वितरनी नांहि।
गनी बंध-पद्धति विषै, सनी महादुखमांहि।।९६।।

## ક્રિયાની નિંદા (સવૈયા એકત્રીસા)

करनीकी धरनीमैं महा मोह राजा बसै,
करनी अग्यान भाव राकिसकी पुरी है।
करनी करम काया पुग्गलकी प्रतिछाया,
करनी प्रगट माया मिसरीकी छुरी है।।
करनीके जालमैं उरझि रह्यौ चिदानंद,
करनीकी वोट ग्यानभान दुति दुरी है।
आचारज कहै करनीसौं विवहारी जीव,
करनी सदैव निहचै सुरूप बुरी है।।९७।।

## જ્ઞાનીઓનો વિચાર (ચોપાઈ)

मृषा मोहकी परनति फैली।
तातैं करम चेतना मैली।।
ग्यान होत हम समझी एती।
जीव सदीव भिन्न परसेती।।९८।।

---

न करोमि न कारयामि न कुर्वन्तमप्यन्यं समनुजानामि
मनसा च वाचा च कायेन चेति।

---

मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।३५-२२७।।

न करिष्यामि न कारयिष्यामि न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा च कायेन चेति।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(દોહા)

जीव अनादि सरूप मम, करम रहित निरुपाधि।
अविनासी असरन सदा, सुखमय सिद्ध समाधि।।९९।।

વળી - (ચોપાઈ)

*मैं त्रिकाल करनीसौं न्यारा।
चिदविलास पद जग उजयारा।।
राग विरोध मोह मम नांही।
मेरौ अवलंबन मुझमांही।।१००।।

(સવૈયા તેવીસા)

सम्यकवंत कहै अपने गुन,
मैं नित राग विरोधसौं रीतौ।
मैं करतूति करूं निरवंछक,
मोहि विषै रस लागत तीतौ।।
सुद्ध सुचेतनकौ अनुभौ करि,
मैं जग मोह महा भट जीतौ।
मोख समीप भयौ अब मोकहुँ,
काल अनंत इही विधि बीतौ।।१०१।।

(દોહરા)

कहै विचच्छन मैं रह्यौ, सदा ग्यान रस राचि।
सुद्धातम अनुभूतिसौं, खलित न होहुं कदाचि।।१०२।।

---

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।३६-२२८।।

---

समस्तमित्येवमपास्य कर्म त्रैकालिकं शुद्धनयावलम्बी।
विलीनमोहो रहितं विकारैश्चिन्मात्रमात्मानमथावलम्बे।।३७-२२९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुव्वकरम विषतरु भए, उदै भोग फलफूल।
मैं इनको नहि भोगता, सहज होहु निरमूल।।१०३।।

## વૈરાગ્યનો મહિમા (દોહરા)

जो पूरवकृत करम-फल, रुचिसौं भुंजै नांहि।
मगन रहै आठौं पहर, सुद्धातम पद मांहि।।१०४।।
सो बुध करमदसा रहित, पावै मोख तुरंत।
भुंजै परम समाधि सुख, आगम काल अनंत।।१०५।।

## જ્ઞાનીની ઉન્નતિનો ક્રમ (છપ્પા)

जो पूरवकृतकरम, विरख-विष-फल नहि भुंजै।
जोग जुगति कारिज करंति, ममता न प्रयुंजै।।
राग विरोध निरोधि, संग विकलप सब छंडइ।
सुद्धातम अनुभौ अभ्यासि, सिव नाटक मंडइ।।
जो ग्यानवंत इहि मग चलत, पूरन ह्वै केवल लहै।
सो परम अतींद्रिय सुख विषैं, मगन रूप संतत रहै।।१०६।।

---

विगलन्तु कर्मविषतरुफलानि मम मुक्तिमन्तरेणैव।
सञ्चेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम्।।३८-२३०।।

---

निःशेषकर्मफलसंन्यसनान्मनैवं
सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः।
चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं
कालावलीयमचलस्य वहत्वनन्ता।।३९-२३१।।

---

यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां
भुङ्क्ते फलानि न खलु स्वतः एव तृप्तः।
आपातकालरमणीयमुदर्करम्यं
निष्कर्मशर्ममयमेति दशान्तरं सः।।४०-२३२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધાત્મ દ્રવ્યને નમસ્કાર (સવૈયા એકત્રીસા)

*निरभै निराकुल निगम वेद निरभेद,
जाके परगासमैं जगत माइयतु है।
रूप रस गंध फास पुदगलकौ विलास,
तासौं उदवास जाकौ जस गाइयतु है।
विग्रहसौं विरत परिग्रहसौं न्यारौ सदा,
जामैं जोग निग्रह चिहन पाइयतु है।
सो है ग्यान परवांन चेतन निधान ताहि,
अविनासी ईस जानि सीस नाइयतु है।।१०७।।

શુદ્ધ આત્મદ્રવ્ય અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

जैसौ निरभेदरूप निहचै अतीत हुतौ,
तैसौ निरभेद अब भेद कौन कहैगौ।
दीसै कर्म रहित सहित सुख समाधान,
पायौ निजस्थान फिर बाहरि न बहैगौ।।
कबहूं कदाचि अपनौ सुभाव त्यागि करि,
राग रस राचिकैं न पर वस्तु गहैगौ।

---

अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च
प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसञ्चेतनायाः।
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसञ्चेतनां स्वां
सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु।।४१-२३३।।

---

इतः पदार्थप्रथनावगुण्ठनाद्विना कृतेरेकमनाकुलं ज्वलत्।
समस्तवस्तुव्यतिरेकनिश्चयाद्विवेचितं ज्ञानमिहावतिष्ठते।।४२-२३४।।

---

अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत् पृथग्वस्तुता-
मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम्।
मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः
शुद्धज्ञानघनो यथास्य महिमा नित्योदितस्तिष्ठिति।।४३-२३५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अमलान ग्यान विद्यमान परगट भयौ,
याही भांति आगम अनंत काल रहैगौ।।१०८।।

वળી - (સવૈયા એકત્રીસા)

जबहीतैं चेतन विभावसौं उलटि आपु,
समै पाइ अपनौ सुभाउ गहि लीनौ है।
तबहीतैं जो जो लेने जोग सो सो सब लीनौ,
जो जो त्यागजोग सो सो सब छांड़ि दीनौ है।।
लैबेकौं न रही ठौर त्यागिवेकौं नांहि और,
बाकी कहा उबर्‌यौ जु कारजु नवीनौ है।
संग त्यागि अंग त्यागि वचन तरंग त्यागि,
मन त्यागि बुद्धि त्यागि आपा सुद्ध कीनौ है।।१०९।।

મુક્તિનું મૂળકારણ દ્રવ્યલિંગ નથી (દોહરા)

सुद्ध ग्यानकै देह नहि, मुद्रा भेष न कोइ।
तातै कारन मोखकौ, दरबलिंग नहि होइ।।११०।।
*दरबलिंग न्यारौ प्रगट, कला वचन विग्यान।
अष्ट महारिधि अष्ट सिधि, एऊ होहि न ग्यान।।१११।।

---

उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्तथात्तमादेयमशेषतस्तत्।
यदात्मनः संहृतसर्वशक्तेः पूर्णस्य संधारणमात्मनीह।।४४-२३६।।

---

व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शङ्क्यते।।४५-२३७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્મા સિવાય બીજે જ્ઞાન નથી (સવૈયા એકત્રીસા)

भेषमैं न ग्यान नहि ग्यान गुरु वर्तनमैं,
मंत्र जंत्र तंत्रमैं न ग्यानकी कहानी है।
ग्रंथमैं न ग्यान नहि ग्यान कवि चातुरीमैं,
बातनिमैं ग्यान नहि ग्यान कहा बानी है।।
तातैं भेष गुरुता कवित्त ग्रंथ मंत्र बात,
इनतैं अतीत ग्यान चेतना निसानी है।
ग्यानहीमैं ग्यान नहि ग्यान और ढौर कहूं,
जाके घट ग्यान सोई ग्यानका निदानी है।।११२।।

## જ્ઞાન વિના વેશધારી વિષયના ભિખારી છે (સવૈયા એકત્રીસા)

भेष धरी लोकनिकौं बंचे सौ धरम ठग,
गुरू सो कहावै गुरूवाई जाहि चहिये।
मंत्र तंत्र साधक कहावै गुनी जादूगर,
पंडित कहावै पंडिताई जामैं लहिये।।
कवित्तकी कलामैं प्रवीन सो कहावै कवि
बात कहि जानै सो पवारगीर कहिये।
एतौ सब विषैके मिखारी मायाधारी जीव,
इन्हकौं विलोकिकै दयालरूप रहिये।।११३।।

---

एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।
ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम्।।४६-२३८।।

---

૧. આઠ ઋદ્ધિઓ –
दोहा - अणिमा महिमा गरमिता, लघिमा प्राप्ती काम।
वशीकरण अरु ईशता, अष्ट रिद्धिके नाम।।

૨. આઠ સિદ્ધિઓ – આચાર, શ્રુત, શરીર, વચન, વાચન, બુદ્ધિ, ઉપયોગ અને સંગ્રહ સંલીનતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### અનુભવની યોગ્યતા (દોહરા)

जो दयालता भाव सो, प्रगट ग्यानकौ अंग।
पै तथापि अनुभौ दसा, वरतै विगत तरंग।।११४।।
दरसन ग्यान चरन दसा, करै एक जो कोइ।
थिर ह्वै साधै मोख-मग, सुधी अनुभवी सोइ।।११५।।

### આત્મ-અનુભવનું પરિણામ. (સવૈયા એકત્રીસા)

जोई द्रिग ग्यान चरनातममैं बैठि ठौर,
भयौ निरदौर पर वस्तुकौं न परसै।
सुद्धता विचारै ध्यावै सुद्धतामैं केलि करै,
सुद्धतामैं थिर ह्वै अमृत-धारा बरसै।।
त्यागि तन कष्ट ह्वै सपष्ट अष्ट करमकौ,
करि थान भ्रष्ट नष्ट करै और करसै।
सो तौ विकलप विजई अलप काल मांहि,
त्यागि भौ विधान निरवान पद पर सै।।११६।।

### આત્મ-અનુભવ કરવાનો ઉપદેશ (ચોપાઈ)

गुन परजैमें द्रिष्टि न दिजै।
निरविकलप अनुभौ-रस पीजै।।
आप समाइ आपमैं लीजै।
तनुपौ मेटि अपनुपौ कीजै।।११७।।

### વળી - (દોહરા)

तजि विभाउ हुजै मगन, सुद्धातम पद मांहि।
एक मोख-मारग यहै, और दूसरौ नांहि।।११८।।

---

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।४७-२३९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્મ-અનુભવ વિના બાહ્ય ચારિત્ર હોવા છતાં પણ જીવ અવ્રતી છે
### (સવૈયા એકત્રીસા)

* केई मिथ्याद्रिष्टी जीव घरै जिनमुद्रा भेष,
क्रियामैं मगन रहैं कहैं हम जती हैं।
अतुल अखंड मल रहित सदा उदोत,
ऐसे ग्यान भावसौं विमुख मूढ़मती हैं।।
आगम संभालैं दोस टालैं विवहार भालैं,
पालैं व्रत जदपि तथापि अविरती हैं।
आपुकौं कहावैं मोख मारगके अधिकारी,
मोखसौं सदीव रुष्ट दुष्ट दुरमती[1] हैं।।११९।।

### વળી - (ચોપાઈ)

जैसैं मुगध धान पहिचानै।
तुष तंदुलकौ भैद न जानै।।
तैसैं मूढ़मती विवहारी।
लखै न बंध मोख गति न्यारी।।१२०।।

---

एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-
स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।
तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।।४८-२४०।।

---

ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना
लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।
नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-
प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।।४९-२४१।।

१. ‘दुरगती’ એવો પણ પાઠ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી - (દોહરા)

जे विवहारी मूढ़ नर, परजै बुद्धी जीव।
तिन्हेकौं बाहिज क्रियाविषै, है अवलंब सदीव।।१२१।।
कुमती बाहिज दृष्टिसौं, बाहिज क्रिया करंत।
मानै मोख परंपरा, मनमैं हरष धरंत।।१२२।।
सुद्धातम अनुभौ कथा कहे समकिती कोइ।
सो सुनिकैं तासौं कहै, यह सिवपंथ न होइ।।१२३।।

અજ્ઞાની અને જ્ઞાનીઓની પરિણતિમાં ભેદ છે (કવિત્ત)

*जिन्हके देहबुद्धि घट अंतर,
मुनि-मुद्रा धरि क्रिया प्रवांनहि।
ते हिय अंध बंधके करता,
परम तत्तकौ भेद न जानहि।।
जिन्हके हिए सुमतिकी कनिका,
बाहिज क्रिया भेष परमानहि।
ते समकिती मोख मारग मुख,
करि प्रस्थान भवस्थिति भानहि।।१२४।।

સમયસારનો સાર (સવૈયા એકત્રીસા)

आचारज कहैं जिन वचनकौ विसतार,
अगम अपार है कहैंगे हम कितनौ।
बहुत बोलिबेसौं न मकसूद चुप्प भली,
बोलिये सुवचन प्रयोजन है जितनौ।।

---

व्यवहारविमूढदृष्टयः परमार्थं कलयन्ति नो जनाः।
तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तण्डुलम्।।५०-२४२।।

---

द्रव्यलिङ्गममकारमीलितैदृश्यते समयसार एव न।
द्रव्यलिङ्गमिह यत्किलान्यतो ज्ञानमेकमिदमेव हि स्वतः।।५१-२४३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नानारूप जलपसौं नाना विकलप उठैं,
तातैं जेतौ कारज कथन भलौ तितनौ।
सुद्ध परमातमाकौ अनुभौ अभ्यास कीजै,
यहै मोख-पंथ परमारथ है इतनौ।।१२५।।

વળી - (દોહરા)

सुद्धातम अनुभौ क्रिया, सुद्ध ग्यान द्रिग दौर।
मुकति-पंथ साधन यहै, वागजाल सब और।।१२६।।

અનુભવ યોગ્ય શુદ્ધ આત્માનું સ્વરૂપ. (દોહરા)

जगत चक्षु आनंदमय, ग्यान चेतनाभास।
निरविकलप सासुत सुथिर, कीजै अनुभौ तास।।१२७।।
अचल अखंडित ग्यानमय, पूरन वीत ममत्व।
ग्यान गम्य बाधा रहित, सौ है आतम तत्त्व।।१२८।।

(દોહરા)

सर्व विसुद्धि द्वार यह, कह्यौ प्रगट सिवपंथ।
कुंदकुंद मुनिराज कृत, पूरन भयौ गरंथ।।१२९।।

---

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।।५२-२४४।।

---

इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।
विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।।५३-२४५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### ગ્રન્થકર્તાનું નામ અને ગ્રન્થનો મહિમા (ચોપાઈ)

कुंदकुंद मुनिराज प्रवीना।
तिन्ह यह ग्रंथ इहांलौं कीना।।
गाथा बद्ध सुप्राकृत वानी।
गुरुपरंपरा रीति बखानी।।१३०।।
भयौ गिरंथ जगत विख्याता।
सुनत महा सुख पावहि ग्याता।।
जे नव रस जगमांहि बखानै।
ते सब समयसार रस सानै[1]।।१३१।।

### વળી - (દોહરા)

प्रगटरूप संसारमैं, नव रस नाटक होई
नवरस गर्भित ग्यानमय, विरला जानैं कोई।।१३२।।

### નવ રસોના નામ (કવિત્ત)

प्रथम सिंगार वीर दूजौ रस,
तीजौ रस करुना सुखदायक।
हास्य चतुर्थ रुद्र रस पंचम,
छट्ठम रस बीभच्छ विभायक।।
सप्तम भय अट्ठम रस अद्‌भुत,
नवमो शांत रसनिकौ नायक।
ए नव रस एई नव नाटक,
जो जहं मगन सोइ तिहि लायक।।१३३।।

---

इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्।
अखण्डमेकमचलं स्वसंवेद्यमबाधितम्।।५४-२४६।।

इति सर्वविशुद्धिज्ञानाधिकारः।।१०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નવ રસોના લૌકિક સ્થાન (સવૈયા એકત્રીસા)

सोभामैं सिंगार बसै वीर पुरुषारथमैं,
कोमल हिएमैं करुना रस बखानिये।
आनंदमैं हास्य रुंड मुंडमैं विराजै रुद्र,
बीभत्स तहां चहां गिलानी मन आनिये।।
चिंतामैं भयानक अथाहतामैं अदभुत,
मायाकी अरुचि तामैं सांत रस मानिये।
एई नव रस भवरूप एई भावरूप,
इनकौ विलेछिन सुद्रिष्टि जागैं जानिये।।१३४।।

નવ રસોના પારમાર્થિક સ્થાન (છપ્પા)

गुन विचार सिंगार, वीर उद्यम उदार रुख।
करुना समरस रीति, हास हिरदै उछाह सुख।।
अष्ट करम दलमलन, रुद्र वरतै तिहि थानक।
तन विलेछ बीभच्छ, दुंद मुख दसा भयानक।।
अदभुत अनंत बल चिंतवन, सांत सहज वैराग धुव।
नव रस विलास परगास तब,
जब सुबोध घट प्रगट हुव।।१३५।।

(ચોપાઈ)

जब सुबोध घटमैं परगासै।
तब रस विरस विषमता नासै।।
नव रस लखै एक रस मांही।
तातैं विरस भाव मिटि जांही।।१३६।।

(દોહરા)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


सबरसगर्भित मूल रस, नाटक नाम गरंथ।
जाके सुनत प्रवांन जिय, समुझै पंथ कुपंथ।।१३७।।

(ચોપાઈ)

वरतै ग्रंथ जगत हित काजा।
प्रगटे अमृतचंद्र मुनिराजा।।
तब तिन्हि ग्रंथ जानि अति नीका।
रची बनाई संसकृत टीका।।१३८।।

(દોહરા)

सरब विसुद्धी द्वारलौं, आए करत बखान।
तब आचारज भगतिसौं, करै ग्रंथ गुन गान।।१३९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# વાંચકોની નોંધ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વાંચકોની નોંધ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

